શ્રી

# ચંદ્રપ્રભુ સ્વામી ચરિત્ર.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

શ્રી

# ચંદ્રપ્રભુ સ્વામી ચરિત્ર.

( જેમાં પ્રભુના ત્રણ ભવો, તથા પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું
અલૌકિક ચરિત્ર, દેવે કરેલ પ્રભુના જન્મ મહોત્સવનું
સુંદર વર્ણન, પ્રભુની અપૂર્વ દેશના સાથે આપેલ
અનેક બોધપ્રદ રસિક કથાઓ અને ઉપદેશનું
વિસ્તારપૂર્વક વૃત્તાંત આવેલ છે. )

( શેઠ હરજીવનદાસ દીપચંદે આપેલી
આર્થિક સહાય વડે )

છપાવી પ્રસિદ્ધકર્ત્તા-

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

વીર સંવત ૨૪૫૬. આત્મ સંવત ૩૪ વિક્રમ સંવત ૧૯૮

ભાવનગર-ધી આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ
લલ્લુભાઇએ છાપ્યું.

કીંમત ૧-૧૨-૦. ( પોસ્ટેજ જુદું )

શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા

दृष्टोऽपि हृष्टजनलोचनचंद्रकांत,—
मश्रांतमांतरजलाविलमादधानः ॥
चंद्रप्रभुर्जयति चंद्र इवेशमित्रं,
चित्रं पुनः शुभशताय यदष्टमोऽपि ॥

"જે દર્શન માત્રથી હર્ષ પામતા—જનોના લોચનરૂપ ચંદ્રકાંતને સતત આંતરજળ—પ્રમોદયુક્ત બનાવનાર એવા શ્રી **ચંદ્રપ્રભસ્વામી** શિવમિત્ર—ચંદ્રની જેમ જયવંત વર્તે છે. ચંદ્રમા તો અષ્ટમસ્થાને રહેતાં મિત્રને વિઘ્નકર્ત્તા થાય છે, ત્યારે આ આઠમા જિનેશ્વર છતાં અનેક શ્રેય કરનાર છે."

न्यायांभोनिधि श्रीमद् विजयानंदसूरीश्वरजी.



( શ્રી આત્મારામજી મહારાજ )

'આનંદ' પ્રિ. પ્રેસ—ભાવનગર.

# પ્રસ્તાવના.

મહાન્ પુરૂષના જીવન ચરિત્ર જેવી ઉપકારક વસ્તુ બીજી ભાગ્યે જ હોય છે. તેવા જીવન ચરિત્રો વાંચવાથી મનુષ્યોનો આત્મા તેજસ્વી થાય છે, તેમની આશામાં નવું જીવન આવે છે અને શ્રદ્ધા દૃઢ થાય છે; સાથે મહત્વાકાંક્ષા જાગે છે અને તેવા મહા પુરૂષ થવાની ભાવના સતેજ થાય છે. આવા અપૂર્વ જીવન–ચરિત્રના આ રીતે સહવાસમાં આવવાથી–રહેવાથી અને તે માંહેના ઉત્તમ આત્માઓના દૃષ્ટાંતો જોવા કે વાંચવાથી તે તે પવિત્ર આત્માઓના સમાગમ–સહવાસમાં આવવા બરાબર છે.

ઉન્નત પુરૂષોના ચરિત્રો વાંચવાથી વાચક સામાન્ય મનુષ્ય હોય તો પણ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી પોતાનું જીવન ઉત્તમ બનાવી શકે છે અને તેની સુગંધ જગતમાં પ્રસારી મુકે છે.

શિક્ષણવેત્તાઓ ધાર્મિક શિક્ષણના ક્રમમાં જીવન ચરિત્રોને મહત્વનું પગથીયું માને છે. બાળ, વૃદ્ધ, સ્ત્રી, પુરૂષો સર્વ કોઇને બીજા કરતાં સુંદર ચરિત્ર, વાર્તા, કથાઓ વાંચવી સાંભળવી વિશેષ ગમે છે. શિક્ષણ પદ્ધતિમાં પણ વાર્તા કે કથાદ્વારા શિક્ષણ આપવાની રીત અતિ સુંદર છે. ચરિત્રોની જેમ દ્રવ્યાનુયોગના વિષયોનું શિક્ષણ પણ કથાના રૂપમાં ગોઠવી આપવામાં આવે તો, શરૂઆતમાં બાળકો સહેલાઇથી શીખી શકે છે. શિક્ષણ પદ્ધતિ તરીકે વાર્તા પદ્ધતિ શિક્ષણ લેવામાં અમૂલ્ય સાધન અત્યારે થઇ પડયું છે, ધાર્મિક શિક્ષણ જેવી બાબતમાં આ પદ્ધતિનો આશ્રય બહુ લાભદાયક નીવડે છે એમ શિક્ષણના અનુભવી અધ્યાપકો અત્યારે માને છે.

લઘુવયના બાળકો પાસે પવિત્ર અને ઉત્તમ પુરૂષોના ચરિત્રો વાર્તાદ્વારા રજુ કરવામાં આવે તો ધર્મશિક્ષણોની આપવાની બીજી રીતિઓ, વિષયો અને પદ્ધતિઓ જે કામ ન કરી શકે તે કરતાં આ વિશેષ કામ કરી શકે અને તેની અસર પણ બહુજ થાય છે.

મનુષ્યોના હૃદયને આકર્ષવાની શક્તિ જીવન ચરિત્રોમાં રહેલી છે. મનુષ્યોના જીવન સંબંધમાં કંઇ વિશેષ અનુભવ, આનંદ, પ્રેમ, શૌર્ય, ચાતુર્યાદિક વગેરેના તેમજ વિવિધ રસોના અનેક પ્રસંગોને લઇને મનુષ્યોના હૃદય ત તરફ વધારે ખેંચાય છે, તેથી જ મનુષ્યો અધિકાઅધિક પુસ્તકોના વાંચનદ્વારા વિશેષ અનુભવના પ્રસંગમાં આવે છે. આવા અનેક કારણોની અપેક્ષાથી જીવનચરિત્રો, કથાઓ વાંચવાની ઉત્કંઠા મનુષ્યોની વધતી જાય છે, તેમ બીજા સાહિત્યના વિષયોના ગ્રંથો કરતાં કથાનુયોગના સાહિત્ય વાંચનારા ગ્રાહકો પણ વધતા જાય છે.

જૈન શાસ્ત્રોમાં જીવન ચરિત્રો અનેક પુરૂષોના લખાયેલા છે, તેમાં ત્રેશઠ સલાકા ( ચોવીશ અરિહંત ભગવાન, બાર ચક્રવર્તિ, નવ બળદેવ, નવ વાસુદેવ, અને નવ પ્રતિવાસુદેવ ) પુરૂષોની કથા સમાન અન્ય જીવનચરિત્રોથી વાચકને વિશેષ આનંદ અને સંતોષ થતો નથી. આ ઉત્તમ પુરૂષોના ચરિત્રના વાચન કિંવા શ્રવણથી હૃદયની જે નિર્મળતા થાય છે, તેમજ ચમત્કારિક અલૌકિક, અને ગૌરવશાળી ચરિત્રો અવલોકવામાં આવતાં એવા તાત્વિક પ્રસંગોના વર્ણનદ્વારા તેવા મહાન્ પુરૂષોના મહિમાપૂર્વક નિયમોનું જે ભાન થાય છે, તેમજ પારિણામિક ઉચ્ચકોટીના વિશુદ્ધ જ્ઞાનનો જે બોધ મળે છે, તેવા લાભો બીજા કોઈપણ કથા કે ગ્રંથમાંથી મળવો દુર્લભ છે, તેથી જ જિનેશ્વર ભગવાનનું જીવન યથાગ્રાહી વાચકોને અપૂર્વ લાભદાયક છે. આવો કેટલોક અનુભવ થયેલો હોઈને અમારા તરફથી **શ્રી નેમનાથ પ્રભુનું** ચરિત્ર, તેમજ **શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું** ચરિત્ર અને **શ્રી વિમલનાથ દેવનું** ચરિત્ર એ રીતે પ્રકટ કરવામાં આવેલ છે અને તેનો જૈન સમાજમાં વિશેષ પ્રકારે લાભ લેવાતો જોવામાં આવેલ હોવાથી, તે અનુસાર જ આ પ્રભાવશાળી, અપૂર્વ, અતિ સુંદર અને મનોહર રસપૂર્ણ **શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું** ઉત્તમ ચરિત્રનું ગુજરાતી ભાષાંતર કરાવી જૈન સમાજની સેવામાં મુકીયે છીયે. હજી તેવોજ વિશેષ પ્રબંધ શરૂ હોવા તરીકે **શ્રી મહાવીરદેવનું** અત્યુત્તમ ચરિત્ર તૈયાર થઇ ગયેલ છે, જે ઘણુંજ સુંદર, રસિક, તત્ત્વજ્ઞાનની વિવિધ હકીકતો અને અનેક કથાઓ સહિત બોધપ્રદ

છે; તે પણ કોઈપણ જૈનબંધુ કે બ્હેન તરફથી સહાય મળતાં સત્વર પ્રગટ કરવાનો શુભ પ્રયત્ન આ સભાનો છે.

આવા જૈન કથાનુયોગના પરિશીલનથી બીજા કરતાં કોઇપણ મનુષ્ય ઉપર તે વિશેષ ઉપકાર કરી શકે છે; આ ગ્રંથ પણ તેવોજ હોઇ તેમાં આવેલ **શ્રી ચંદ્રપ્રભુ** સ્વામીના છેલ્લા ત્રણ ભવોની કથા–વર્ણન તથા પ્રભુના પ્રથમ ગણધર **દત્તના** આગલા અજાપુત્રના ભવનું ચરિત્ર અને પ્રભુશ્રીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યાં પછી દેશનામાં આપેલ તાત્ત્વિક બોધ–ઉપદેશ તેમજ ચરિત્રમાં આવેલ બીજી અવાંતર કથાઓ એ વિગેરેની અપૂર્વ રચના એટલી બધી પ્રભાવશાળી છે કે તે વાચકોને–મુમુક્ષોને સર્વ રીતે આત્મોન્નતિ માટે અતિ ઉપયોગી છે.

**ગ્રન્થ રચવાનો હેતુ—**જૈન દર્શનના વિદ્વાન મહાત્માની કૃતિના આવા અનેક ગ્રંથોમાંથી **આ. શ્રી દેવેન્દ્રાચાર્ય મહારાજની** કૃતિનો આ **શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ગ્રંથ** જીવનના શિક્ષારૂપ, ઉપદેશક ગ્રંથ છે. આ ગ્રંથ રચવાનો ગ્રંથકાર મહાત્માનો મુખ્ય હેતુ ભક્તિ અને પુણ્યના માટે હોવા સાથે ભવ્યાત્માઓ ધર્મનું સ્વરૂપ સમજી તેનો પ્રભાવ જાણી આદર કરી મોક્ષ મેળવે તે છે.

**ગ્રંથકાર મહાત્માનો પરિચય—**આ ગ્રંથના કર્ત્તા નાગેંદ્રગચ્છમાં થયેલા **શ્રીદેવેન્દ્રાચાર્ય** છે, કે જે શ્રી ધનેશ્વરસૂરિના શિષ્ય હતા. શ્રી મહાવીર પ્રભુની તેરમી પાટે શ્રી વજ્રસ્વામી થયા, તેમની પાટે મહાવીર સંવત્ ૫૮૫માં શ્રી વજ્રસેનસૂરિ થયા, તેના ચાર શિષ્યોઃ–૧ નિવૃતિ, ૨ ચંદ્ર, ૩ નાગેન્દ્ર, ૪ વિદ્યાધર. તે ચાર શિષ્યોના નામથી પ્રથમ ચાર ગચ્છ થયા અને તે ચારે શિષ્યોને એકવીશ એકવીશ શિષ્યો હતા. તે પ્રત્યેકના ભિન્ન ભિન્ન ચોરાશી ગચ્છો થયા છે. આ ગ્રંથ મૂળ સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં ૫૩૨૫ શ્લોક સંખ્યા પ્રમાણ છે. અને તે સંવત્ ૧૨૬૪ ની સાલમાં શ્રી દેવેન્દ્રાચાર્યજીએ રચેલો છે. આ આચાર્યશ્રીનો વિક્રમ સંવત્ ૧૩૨૭ માં સ્વર્ગવાસ થયો છે. આ સિવાય આ ગ્રંથ માટે કે કર્ત્તા મહાત્માના વિશેષ પરિચય સંબંધે તપાસ કરતાં વિશેષ ઇતિહાસિક હકીકત મળી શકી નથી.

## ( ગ્રંથ સંક્ષેપ. )

## પ્રથમ પરિચ્છેદ.

પ્રથમ **શ્રીચંદ્રપ્રભુ** સ્વામીનું સ્મરણ કરી **શ્રી આદિનાથપ્રભુ;**

**શ્રીપાર્શ્વનાથ જીનેશ્વર**,: **શ્રીમહાવીરપ્રભુ** વગેરે જિનેશ્વરો તથા **શ્રીગૌતમ** પ્રમુખ ગણધરોને નમસ્કાર કરી **શ્રુતદેવી સરસ્વતીનું** સ્મરણ કરતાં ગ્રંથકર્ત્તા મહાત્મા ચારિત્રારંભ કરે છે. પા. ૧--૨.

**પ્રભુનું મહાત્મ્ય.** ગ્રંથની શરૂઆત હવે અહિંથી થાય છે. પ્રથમથી **શ્રીચંદ્રપ્રભુ સ્વામીનું** મહાત્મ્ય બતાવતાં અનાદિ કાળથી કર્મોએ આ સંસારમાં આત્માઓને બાંધી અનંત-કાયરૂપી કેદખાનામાં નાંખ્યા છે, ત્યાંથી વનસ્પતિ-કાયમાં, ત્યાંથી પૃથ્વીકાયાદિમાં, ત્યાંથી વિકલેંદ્રિયમાં, ત્યાંથી પંચેન્દ્રિયમાં, અને ત્યાંથી મનુષ્યપણાને પામે છે, ત્યાંથી પણ કષાયો વગેરેના યોગે કર્મ જીવને નરકમાં નાંખે છે, ત્યાંથી પાછા વાળવાને દાનાદિક પાંગળાની જેમ અસમર્થ બને છે, જેથી દાન, શીલ, તપ અને ભાવ ખેદ પામે છે, અને તેઓ જીવોને પાછા વાળવાને પરસ્પર ખેદ કરવા લાગે છે. દાન કહે છે કે હું કલીબ હોવાથી શું કરી શકું ? મને પોષણ મળે અને જીવો કષાયોને વશ ન થાય તો હું કાંઇ કરી શકું; તે પ્રમાણે શિલાદિક પણ પોતપોતાની ક્ષીણ દશા પરસ્પર કહેતાં હવે **સત્વની** અપેક્ષા કરવા લાગે છે, કારણ કે તે કોઇ સ્થળે હોય છે. સત્ત્વ જેનામાં હોય દાના-દિક તેનો જ આશ્રય કરે. અને તે કષાયોને હઠાવીને ત્યારે જ મોક્ષમાં લઈ જાય છે. ચાર પ્રકારનો ધર્મ સત્ત્વથીજ સબળ થાય છે, અને અન્યત્ર યશ અર્થાદિકમાં પણ સત્ત્વજ મુખ્ય છે. જેમણે સત્ત્વને આશ્રય લઇ દાના-દિકને પોષ્યા અને સર્વ આત્માને મોક્ષ માર્ગ બતાવ્યો તેવા નિષ્કારણ ઉપકારી ત્રણ જગતના નાથ એવા **ચંદ્રપ્રભુસ્વામી** છે તેથીજ તેમનું આ ચરિત્ર કહેવાય છે. આ પ્રમાણે ઘટના કરી ગ્રંથકર્ત્તા સૂરિ મહા-રાજશ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું મહાત્મ્ય બતાવે છે, જે સંક્ષિપ્ત છતાં મનન કરવા યોગ્ય છે. પા. ૨ થી ૩.

આ પ્રથમ પરિચ્છેદમાં પ્રથમ શ્રી **ચંદ્રપ્રભુ** સ્વામીના પ્રથમ ભવ વર્ણન અને સત્ત્વ ઉપર પ્રથમ **અજાપુત્રની** કથા કહેવામાં આવે છે. આ ગ્રંથમાં પ્રભુના છેલ્લા ત્રણ ભવો ( પ્રથમ ભવ શ્રી **પદ્મ** નામે રાજા બીજે ભવે વૈજ્યંવત વિમાનમાં **દેવ** થયા અને ત્રીજે ભવે **શ્રીચંદ્રપ્રભુ**

જીનેશ્વર થયા, અને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં દત્ત ગણધર ( કે જે અજા-પુત્ર થવાના છે, ) તેમના પૂછવાથી પ્રભુ પોતાના પૂર્વના બે ભવો કહી સંભળાવે છે અને આ પ્રથમ સત્ત્વ ઉપર અજાપુત્રની કથા કહેવામાં આવે છે; જેમાં અહિં પ્રથમ અજાપુત્રની કથા શરૂ થાય છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં **ચંદ્રાનના** નામે નગરીમાં **ચંદ્રાપીડ** નામે રાજા છે, ત્યાં શાસ્ત્રમાં વિશારદ **ધર્મોપાધ્યાય** નામે બ્રાહ્મણ હતો, તેને **ગંગા** નામે સ્ત્રી છે, તેને પુત્ર જન્મતાં તેના પિતાએ જન્મ ગ્રહ જોતાં તે આ નગરીનો રાજા થશે, જેથી તે વિપ્રવંશનો શત્રુ અને રાજ્ય નરકને આપનાર છે અને તે રાજા થવાનો હોવાથી મારા બ્રાહ્મણ આચાર નહિં પાળે વગેરેથી તે ખેદ ધરવા લાગ્યો અને પોતાની સ્ત્રીને તે પુત્રને તજી દેવા આજ્ઞા કરી, જેથી ખેદ ધરતી તરતજ તે જન્મેલા બાળકને રસ્તામાં તજી દે છે. ત્યાં એક બકરીનું ટોળું જતાં એક બકરી તે બાળકને જોતાં ઉભી રહી, નીચે નમી, સુતા બાળકના મોઢામાં પોતાનું આંચળ ધર્યું, તેને હાંકવા માટે ત્યાં એક ભરવાડ આવ્યો અને બાળકને જોતાં પોતાને ઘેર લઇ ગયો. પુત્રના અભાવે દુઃખી થતી તેની સ્ત્રીને આપતાં સ્નેહથી તેનું પાલન કરવા લાગી તેને **અજા-પુત્ર** કહી બોલાવતા હતા. એકદા તે અજાપુત્ર એકલો જંગલમાં પશુ-ઓને લઇને ગયો, જ્યાં રાજા **ચંદ્રાપીડ** શિકારથી પાછો ફરતાં ત્યાં ઝાડની છાયામાં બેઠો. ત્યાં અકસ્માત્ એક સૌંદર્યવાન યુવતી પ્રકટ થઇ રાજાને કહેવા લાગી કે હે રાજા ! આ અજાપાલ બાળક બાર વર્ષને અંતે તને મારશે, એમ કહી તે દેવી અંતર્ધાન થઇ; ત્યાં **સુમતિ** મંત્રીએ રાજાને જણાવ્યું કે હે નાથ ! દેવતાની વાણી કદિ મિથ્યા થતી નથી. પછી પ્રધાનની આજ્ઞાથી સેવકો તે અજાપુત્ર બાળકને ગહન વનમાં રોતો મૂકી ચાલ્યા ગયા, છતાં તેનું ભાવિ પુણ્ય અને તે દેવી અદૃશ્ય રહેલ માતાની જેમ તે બાળકને પાછળ પાછળ જતાં વિવિધ સ્થાનોમાં તેને દુર્ઘટ આશ્ચર્ય બતાવતી રહે છે. હવે અજાપુત્ર બાળક પ્રથમ પરો-પકારાર્થે ધગધગતી અગ્નિના ખાડામાં પડી તેમાંથી વૈશ્વાનર વૃક્ષના ફળો પ્રાપ્ત કરી, ચંપાનગરીના કોઇ પુરૂષોના પુત્રને રોગથી બચાવે છે, ત્યાંથી

આગળ ચાલતાં એક દેવકુલિકા જુવે છે, તે દેવકુલિકાના વિવરમાં અજાપુત્ર જાય છે, ત્યાં એક દુર્દશાયુક્ત નગર જુવે છે, છેવટે ત્યાંની હકીકત ત્યાંના લોકોને પૂછતાં ત્યાંનો રાજા એક સરોવરનું પાણી પીતાં વાઘ બની ગયેલ તેને પાછો અસલ સ્થિતિમાં મનુષ્ય ( રાજા ) બનાવવાથી રાજા અજાપુત્રનો સત્કાર કરે છે, પછી તે રાજા સાથે એક દિવસ સરોવર જોવા જાય છે, ત્યાં એક હાથી પ્રગટ થઈ અજાપુત્રને સુંઢવતી ઉપાડી સરોવરમાં પેસી વ્યંતરના આવાસ આગળ મુકે છે, અને અજાપુત્રને સાત નરકો દેવશક્તિથી બતાવે છે, અને નરકની વેદનાનું વર્ણન કરતાં અજાપુત્ર મુર્છિત થાય છે. ત્યારબાદ સરોવરના તીરે તેને વ્યંતર મુકી જાય છે, ત્યાં રાજાને ન જોતાં સરોવરમાં ઝંપલાવે છે અને ત્યાં પછી અનેક ચમત્કારો બને છે અને સોબતી રાજાને મળે છે, ત્યારબાદ તેઓ ચાલ્યા જાય છે, ત્યાં રસ્તામાં એક વાવ પાસે કેટલાક વિમાનો દેવતાના પડેલા જુવે છે, જેથી વાવમાં ક્રીડા કરતી યુવતીઓની પરસ્પર અષ્ટાપદ પર્વત ઉપર જવાની વાતો સાંભળી, વ્યંતરે આપેલ ગુટિકાથી ભ્રમર બની, તે યુવતીઓએ લીધેલ કમળમાં બેસી યુવતીઓ સાથે વિમાનમાં બેસી અજાપુત્ર અષ્ટાપદ આવે છે, ત્યાં યુવતીઓ **શ્રીઋષભાદિક** પ્રભુની પૂજા સ્તવના કરે છે, ત્યાં ભ્રમરરૂપ તજી તુંબરનું રૂપ લઇ અજાપુત્ર દેવાલયના રંગમંડપમાં ગાયન કરવા લાગે છે, જે ઇંદ્ર સાંભળી થંભાઇ જતાં અજાપુત્રને બોલાવી બે દિવ્ય વસ્ત્રો આપે છે. અને ઇંદ્રે પુછતાં અજાપુત્ર અહીં શી રીતે આવ્યો તે જણાવે છે; હવે ઇન્દ્ર કેમ થયા તેમ ઇંદ્રને પૂછતાં સાત ક્ષેત્રે ધન વાપરતાં, હિંસા તજી ચારિત્ર:લેતાં, તેના પ્રભાવથી હું ઇંદ્ર થયો તેમ અજાપુત્રને જણાવે છે. પછી ઇંદ્રની આજ્ઞાથી અજાપુત્રને સ્વસ્થાને એક દેવ પહોંચાડે છે. એવી રીતે ત્યાંથી ચાલતાં અનેક સ્થળોએ પોતે મહાસત્ત્વશાળી હોવાથી અનેક જીવો ઉપર ઉપકાર કરે છે, અને સ્વસ્થાને આવે છે. આગળ જણાવવામાં આવ્યું તેમ ચંદ્રાપીડ રાજાના ઘાત માટે જે દેવવાણી થઇ હતી તેને માટે તે મુદત નજીક આવતાં પોતાના રક્ષણ માટે અનેક ઉપાયો લે છે, છતાં હોણહાર બન્યા સિવાય રહેતું નથી, જેથી અજાપુત્રના હાથે ચંદ્રાપીડ રાજાનો ઘાત થાય છે અને અજા-

પુત્ર રાજ્ય ઉપર બેસી, પોતાની આગલી હકીકત જાણવામાં આવતાં પોતાની માતાની શોધ કરાવી, રાજ્યભવનમાં લઇ જાય છે. અજાપુત્રની પણ સત્તા અને પ્રતિજ્ઞા પાલનની પરીક્ષા નગરની અધિષ્ઠાયક દેવી કરે છે, જેમાં અજાપુત્ર સફળ થતાં તેને આભરણ આપી દેવી વિદાય થાય છે. આ અજાપુત્રની કથા ઘણીજ વિસ્તારપૂર્વક, અદ્‌ભુત સત્ત્વ વર્ણનો સાથે આપવામાં આવેલ છે. જેમાં તેના પુણ્યનો પ્રભાવ જ જણાય છે. જે આખું ચરિત્ર રસિક, આશ્ચર્યો યુકત અને આલ્હાદજનક છે. પા. ૧ થી પા. ૪૩.

હવે **અજાપુત્ર**ના પ્રધાનો જુદા જુદા દર્શનીયોને બોલાવી અલગ અલગ પૂછે છે કે આ રાજા સમાન કોઇ બીજો સત્ત્વશાળી છે? એમ પૂછતાં બીજા દર્શનીયો અજાપુત્રને જ સત્ત્વના મંદિરરૂપ જોકે જણાવે છે; છતાં બૌદ્ધ દર્શનીય કથાઓમાં પ્રકટ થયેલ **જીમૂતવાહન** પણ તેવો દૃષ્ટાંત રૂપ છે એમ કહી તે જીમૂતવાહનની કથા બૌદ્ધ ધર્મગુરૂ અહિં કહે છે.

**જીમૂતવાહનની કથા.**

વૈતાઢ્ય પર્વતના ઉપર શ્રી **કાંચનપુર** નગરમાં **જીમૂતકેતુ** નામનો વિદ્યાધર રાજા અને તેને **કનકાવતી** નામની રાણી હતી. તેના ઉદરથી જન્મેલ **જીમૂતવાહન** પુત્રને ક્રમથી આવેલ કલ્પવૃક્ષ આપી જીમૂતકેતુ તપોવનમાં ચાલ્યો જાય છે. તે કલ્પવૃક્ષનો દારિદ્રયનો નાશ કરવા જગપ્રતે પ્રેરતાં કલ્પવૃક્ષ રહિત થવાથી, પ્રતિપક્ષિ સામંતો રાજ્ય લઈ લેવાનો વિચાર કરતાં જાણવામાં આવતાં, **જીમૂતવાહન** મલયાચલ પર્વત ઉપર પોતાના માતપિતાની સેવા કરવા ચાલ્યો જાય છે, ત્યાં પિતા આજ્ઞાથી પર્વતમાં ભમતાં તેને એક દિવ્ય પ્રાસાદ અને તેમાં એક કન્યાનું ગીત સાંભળતાં, તેનામાં પોતે તન્મય બને છે. પછી તે કન્યા પોતાના આશ્રમના તરૂની લતામાં પાસ ગોઠવી આપઘાત કરવા તૈયાર થાય છે, ત્યાં એક દેવી પ્રગટ થઇ તેમ કરતાં અટકાવે છે. અને **જીમૂતવાહન** ચક્રવર્તિ તારો સ્વામી થશે તેમ જણાવે છે. તેટલામાં જીમૂતવાહન તેના પાસ બંધ કાપી નાંખી તેને પરણે છે. એકવાર જીમૂતવાહન પોતાના સાળા તથા મિત્ર વસુ સાથે વન જોવા જાય છે, ત્યાંથી

આગળ ચાલતાં એક શોકથી વિલાપ કરતી યુવતી સહિત વૃદ્ધ સ્ત્રીને જોઇ તેના વિલાપનું કારણ પૂછે છે, અને તે વૃદ્ધાના પુત્રનું રક્ષણ કરવા પરોપકારી એવો જીમૂતવાહન પોતાનો ભોગ આપવાનું વચન આપે છે, અને તે વૃદ્ધા તેનો પુત્ર શંખચૂડ વગેરે તેને પોતાનો ભોગ આપવા ના પાડે છે; છતાં ગમે તે ભોગે જીમૂતવાહન શંખચૂડને બચાવવા તૈયાર થાય છે. ( આ પ્રસંગનો અરસપરસ નિખાલસ વાર્તાલાપ ખાસ મનન કરવા જેવો છે. ( પા. ૪૮ ) પછી જીમૂતવાહનને ગરૂડ શરીરે અનેક પ્રહારો કરી મરણાંત સ્થિતિ સુધી પહોંચાડે છે, છતાં પ્રાણીના ઉપકારમાં પોતાનું જીવિત વપરાતું જાણી તે આનંદ પામે છે, ત્યાં શંખચૂડ આવી પહોંચે છે અને ગરૂડને સાહસ ન કરવા અને તેનો ભક્ષ પોતે છે એમ કહી સુઇ જાય છે, જેથી હાડકા રહ્યા દેખાતા જીમૂતવાહનને ગરૂડ છોડી દે છે અને ખેદ પામે છે, ત્યાં જીમૂતવાહનના માતપિતા અને મલયવતી તેની સ્ત્રી ત્યાં આવી પહોંચે છે, તેઓ સર્વે રૂદન કરે છે, તેને જીમૂતવાહન થોડા વખત જીવવાની સ્થિતિમાં છતાં માતા વિગેરેને વૈરાગ્યયુકત બોધ આપે છે; પછી તેના સ્ત્રી વરદાન આપનાર દેવીનું સ્મરણ કરે છે જેથી દેવી પ્રગટ થઈ જીમૂતવાહનની પીડા દૂર કરી, ચક્રવર્ત્તિની સમૃદ્ધિ આપી અદૃશ્ય થાય છે. જીમૂતવાહનના સત્ત્વોને દેવો પૂજવા લાગે છે. ત્યારબાદ જીમૂતવાહન પોતાના નગરમાં આવે છે. અહિં આ કથા પૂર્ણ થાય છે. આ એક અન્ય દર્શનની કથા કહેલી છતાં તે સત્ત્વશાળીપણા ઉપર મનોહર દૃષ્ટાંત છે. સત્ત્વશાળી–પરમાર્થી પુરૂષો બીજાના ઉપકાર કરવા માટે પોતાના સર્વસ્વનું બલિદાન આપે છે અને જીવિતની પણ પરવા કરતા નથી, તેનો આવા દૃષ્ટાંતોથી મનુષ્યોએ ધડો લેવા જેવું છે. આ કથા પા. ૪૩ થી ૫૨ સુધીમાં આવેલ છે.

આ કથા સાંભળી **અજાપુત્ર** હર્ષ પામ્યો. પછી તેના **સુબુદ્ધિ** પ્રધાન તાપસ સામે જોતાં તાપસ તે મંત્રીને જણાવે છે–કે જો કે **અજાપુત્ર** સમાન કોઇ સત્ત્વશાળી નહિં હોય, પરંતુ સત્ત્વ એ પુરૂષોનું જીવિત છે અને તે સિવાય પુરૂષો સ્ત્રી સમાન લેખાય છે; છતાં **હરિશ્ચંદ્ર** રાજાનું એક પ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

**હરિશ્ચંદ્ર રાજાની કથા.**

જંબુદ્વીપમાં અયોધ્યા નગરીમાં **હરિશ્ચંદ્ર** રાજા તેને **સુતારા** નામે રાણી અને રોહિતાશ્વ નામે પુત્ર છે. હરિશ્ચંદ્ર રાજા એક સત્યવાદી, પ્રતિજ્ઞાપાલક રાજા હતો. જૈન અને જૈનેતર દર્શનોમાં તેમની કથા થોડા ઘણા ફેરફારો સાથે સુપ્રસિદ્ધ છે. પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા રાજ્ય તજ્યું, અનેક વિટંબણાઓ ભોગવી, પોતે દ્રવ્ય વડે ચંડાલને ત્યાં ખરીદાયો, રાણી–પુત્રસહિત એક વિપ્રને ત્યાં દાસી તરીકે વેચાણી, અને તેવા સંયોગમાં પુત્રનું પણ અકાલે મરણ થાય છે, જેથી રાજા-રાણી બન્ને આક્રંદ કરે છે, છેવટે દુઃખનો અવધિ આવી રહેતાં આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે. **હરિશ્ચંદ્ર**ના સત્ત્વની દેવો પ્રશંસા કરે છે, પુત્ર આળસ મરડી ઉભો થાય છે, આપદા સર્વ દૂર થતાં પાછી રાજ્યલક્ષ્મી રાજા પામે છે. હરિશ્ચંદ્ર રાજાનું સત્ત્વશાળીપણું અદ્‌ભૂત અને બને તેટલે અંશે મનુષ્યે આદરવા જેવું છે, તેનું વૃત્તાંત ઘણુંજ મનનીય છે. પા ૫૨ થી પા. ૮૪.

હવે અજાપુત્રે જૈનાચાર્યને જૈનોમાંના સાત્ત્વિક વૃત્તાંતો સાંભળવા વિનંતિ કરવાથી આચાર્ય મહારાજ દયા, દાન અને ક્ષમાયુકત **વજ્રાયુધ**ની કથા સંભળાવે છે.

**સાત્ત્વિકશિરોમણી વજ્રાયુધની કથા**

પૂર્વ વિદેહમાં **રત્નસંચયા** નગરીમાં **ક્ષેમંકર** નામે રાજા જેને **રત્નમાળા** નામે રાણી ને **વજ્રાયુધ** નામે પુત્ર થયો. તે અવસરે સ્વર્ગમાં ઇંદ્રે દેવતાઓની પાસે **વજાયુધ**ના સત્ત્વપણાની પ્રશંસા કરી જેને નહિં સહન કરતાં એક દેવ ક્રોધાયમાન થઈ તેની પરીક્ષા કરવા મૃત્યુ લોકમાં (પૃથ્વી ઉપર) આવ્યો. અત્રે વસંતઋતુ ચાલતી હોવાથી ક્રીડા કરવા બગીચામાં આવે છે, જ્યાં **વજાયુધ** દેવમંદિરમાં **શ્રીઆદિનાથ** પ્રભુની સ્તુતિ ભાવપૂર્વક કરવા લાગ્યો. સ્તુતિપૂર્ણ થતાં બહાર આવી રાણી સાથે વાર્તાલાપ કરે છે ત્યાં તે દેવ ક્રોધાયમાન થઇ એક પર્વત ઉપાડીને તેના ઉપર ફેંકે છે, જેમાં કુમાર ઔષધિની જેમ પર્વતને મુઠીથી પીસી નાંખી ચૂર્ણ કરે છે, તેથી દેવ રાજાને આધિન

થાય છે, છતાં વજ્રાયુધનાં સત્ત્વશાળીપણાની વિશેષ પરીક્ષા કરવા તે દેવ એક નવો પ્રસંગ ઉભો કરે છે. દર અષ્ટમીના રોજ વજ્રાયુધ ધર્મ-શાળામાં જઇ ધ્યાન કરે છે, તેવે વખતે એક દિવસ એક કબુતર તેની પાછળ આવતાં સિંચાણાથી પોતાનું રક્ષણ કરવા મનુષ્ય ભાષાએ બોલતું આવતાં રાજા તેને પોતાના ખોળાનું રક્ષણ આપે છે, પાછળ આવતો સિંચાણો પોતાનું ભક્ષ આપવાનું કહે છે, જેથી ક્ષત્રીય વંશીય, પુરૂષ શરણે આવેલાને પ્રાણાંત સુધી ન સોંપે તેમ તથા બીજાના પ્રાણથી પોતાની તૃપ્તિ ક્ષણિક થશે અને અંતે તારે નરક વેદના ભોગવવી પડશે, એવી અનેક રીતે રાજાએ સિંચાણાને સમજાવ્યા છતાં સિંચાણો માનતો નથી, જેથી રાજા પોતે વિચાર કરે છે કે પારે-વાનું મારે રક્ષણ કરવાનું છે, સિંચાણાને માંસ વગર તૃપ્તિ થાય તેમ નથી; તેમ વિચારી રાજાએ ત્રાજવા મંગાવી એક ત્રાજવામાં પારેવાને મુકી અને બીજામાં છરીવતી પોતાનું સાથળનું માંસ કાપી મુકવા માંડ્યું; છેવટે સરખા ત્રાજવા ન થવાથી ત્રાજવામાં પોતે બેસી જાય છે, તેનું આવું પરોપકારીપણું જોઇ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ, દેવ દુંદુંભિનાદ થયો, અને વજ્રાયુધના માન, દાન અને સત્ત્વની કોઇ તુલના કરી શકે તેમ નથી તેમ દેવવાણી થઇ. દેવે તે બાજી સંકેલી ત્યાં પોતે પ્રગટ થઇ રાજાને નમસ્કાર કરે છે અને તેમની પરીક્ષા કરવા પોતે કરેલું જણાવી માફી માંગી સ્વસ્થાને જાય છે. આ દૃષ્ટાંત અતિ ચમત્કારિક અને અભયદાન ઉપર હોઇ શ્રેષ્ઠ વાંચવા લાયક છે. પા. ૮૪ થી ૧૦૦.

અહિં અજાપુત્ર ત્યાં રહેલા દર્શનીયોને નારકોની સ્થિતિ પૂછતાં અન્ય દર્શનીયોની સ્વકલ્પિત વાત ન રૂચતાં જૈનાચાર્યને પૂછતાં આચાર્ય મહારાજે મોક્ષસુખ આપનાર ધર્મનું મૂળ સમ્યક્ત્વ જણાવી અને તેના ઉપર આરામનંદનની કથા જણાવે છે. આરામનંદનની આ વિસ્તૃત કથામાં તેના પરદેશ ગમનમાં બનેલા બનાવો અલૌકિક છે તે, તથા ગૃહસ્થોનું દિનકૃત્ય, હાથીને ઉઠાડવાની–વશ કરવાની કળા, સમુદ્ર-માંથી જળપુરૂષો પાસેથી રત્ન સંપાદન કરવાની બુદ્ધિ અને તેવા પુણ્ય પસાયે કષ્ટો વખતે તેની આપદાઓ કેમ દૂર થઇ, છેવટે તેના સમ્યક્ત્વની પરીક્ષા એક વ્યંતરીએ કરતાં કેવી રીતે આરામનંદને દૃઢતા રાખી એ

તમામ વર્ણન અને આખી કથા ચમત્કારિક અને પુણ્યનો મહિમા બતાવનાર છે, અને વાચકને અદ્દભૂત રસ પડે તેવી છે. પા. ૧૦૨ થી ૧૪૩.

હવે આચાર્ય મહારાજ જિનધર્મથી વાસિત વિનયપ્રધાન એવી **હરિષેણ-શ્રીષેણની** સત્કથા કહે છે. આ બન્ને ભાઇઓનું આખું ચરિત્ર અને તેમનો વિનયગુણ કે જેનાથી તેઓ બંને છેવટે મોક્ષ પ્રાપ્ત કરે છે જે વાંચવા જેવું છે. આવી રસપ્રદ, અલૌકિક કથાઓ બાળજીવોને ધર્મસન્મુખ જોડવા માટે સાધનભૂત થાય છે. પા. ૧૪૩ થી ૧૭૩.

એ પ્રમાણે ગુરૂ વચન સાંભળતાં **અજાપુત્ર રાજા** ગુરૂ પાસે શ્રાવકના બારવ્રતો અંગિકાર કરે છે અને પૂર્વે ભવે પોતે કોણ હતો અને કેવી કરણી કરી હતી તેમ પુછતાં ગુરૂ તેના પૂર્વભવનું વૃત્તાંત અહિં જણાવે છે.

**અજાપુત્રનું પૂર્વભવનું વર્ણન.**

**શૈલકપુર** નગરમાં **લક્ષ્મીબુદ્ધિ** નામે રાજા હતો. એકદા તે નિદ્રા લેતો હતો તેવામાં તેણે દૂર કોઇ સ્ત્રીનો રૂદનનો અવાજ સાંભળ્યો, અને તે જાણવા મહેલમાંથી શબ્દાનુસારે ચાલવા લાગ્યો અને ત્યાં આગળ જઇ રોવાનું કારણ સ્ત્રીને પૂછતાં તેણે જવાબ ન આપ્યો, પરંતુ તેની બે સખીઓ અંદર અંદર તે સ્ત્રીનો પતિ ગુણઘાતક બન્યો છે અને પુરૂષો પોતાના થતા નથી તેમ અરસપરસ જણાવી તે રૂદન કરતી સ્ત્રીને પ્રમોદ પમાડવા પરસ્પર કથા કહેવા લાગી, જેથી રાજા મૌનપણે બેસી સાંભળવા લાગ્યો અને તેની કુબ્જા સખીએ કહેવા માંડયું:

**સંકાશપુર** નગરમાં **જયા** નામે રાજા છે. હવે **ચંદ્રચૂડ** નામના રાજાની પુત્રી **અનંગસુંદરી** કે જે પ્રથમ પુરૂષદ્વેષિણી હોવાથી કોઇને પરણતી નહોતી તેને સ્વપ્નામાં જોયેલ હોવાથી તેને વરવા ઇચ્છા થવાથી રાજપાટ મંત્રીને સોંપી, કેવી રીતે તે અનંગસુંદરીને વરે છે અને અનંગસુંદરીને પુરૂષ પ્રત્યેનો દ્વેષ દૂર કરાવી, પોતાના નગરે **જય** રાજા આવે છે તે કથા પા. ૧૭૫ થી પા. ૧૯૫ સુધી આવેલ છે: ત્યારબાદ કુબ્જા દાસી બીજી સખી કામલેખાને કહે છે, સાથે જણાવે છે કે હે સખી ! પુરૂષો

દંભથી જય મેળવે છે અને પુરૂષો ત્યાંસુધીજ દંભમાં જય મેળવી શકે કે જ્યાંસુધી અબળાનો બુદ્ધિવિલાસ ત્યાં પ્રવર્તતો નથી. તેં શું સાંભળ્યું નથી કે **રત્નમાળાએ રત્નાંગદ** રાજા ચાલાક છતાં માથે ઉપાનહ ઉપડાવ્યા ? એમ કહેવાથી કુબ્જા કામલેખા સખીને બુદ્ધિવિલાસ ઉપર **રત્નમાળા**ની કથા કહે છે.

**શ્રી પર્વત** નામે ગિરિ જ્યાં **કીરયુગલ** આનંદ ભોગવે છે; એક દિવસ બંને વચ્ચે કલહ થતાં તેનો પુત્ર કોણે રાખવો ? તે સંબંધમાં વાંધો પડતાં **શ્રી વલ્લભનગરના રત્નાંગદ** રાજા પાસે તેનો ન્યાય લેવાને બંને જાય છે, જેથી પુત્ર પિતાને ( શુકને ) સોંપવાનો ન્યાય રાજા આપે છે, અને રાજા શુકીને પુત્ર શુકને આપવાનું જણાવતાં શુકીએ **“ પુત્ર પિતાનો થાય તેવો નીતિશાસ્ત્રનો જે લેખ છે તે રાજા પાસે લખાવી ”** શુકી ઉડી ચાલી જાય છે. પુત્ર વિયોગથી દુ:ખી થતાં ઉદ્યાનમાં **શ્રી ઋષભદેવ** પ્રભુના મંદિરમાં જઈ પ્રણામ કરી દેવપૂજકને **“ રત્નાંગદ રાજાના આદેશથી શુકીએ પોતાના બાળક શુકને સોંપી અહીં પ્રભુ સમક્ષ અનશન કરી મરણ પામી ”** આવો લેખ તે મંદિરના દ્વારપર લખાવી ત્યાં અનશન કરી મરણ પામી, **નીતિસાર** પ્રધાનને ઘેર મંત્રી પુત્રી તરીકે જન્મે છે, અને તેણીનું **રત્નમાળા** એવું નામ રાખવામાં આવે છે. તે યૌવનાવસ્થા પામતાં તેજ **શ્રી ઋષભદેવ** પ્રભુના મંદિરમાં એક દિવસ પૂજા કરી સમક્ષ બેસતાં ઉપરોક્ત લેખ વાંચે છે, તે વાંચતાં જાતિસ્મરણ જ્ઞાન પામી રાજા ઉપર ક્રોધ લાવી આગલા ભવનું પોતાનું વેર વાળવાના ઉપાયો શોધવા લાગી. કેટલાક વખત પછી રત્નમાળા તેની સાથે લગ્ન કરે છે, “ અને પછી કોઇ પુરૂષ સાથે રમવું નહિં અને પોતાની ચાલાકીથી પુત્ર જ્યાં સુધી પેદા તું ન કર ત્યાંસુધી તારા પિતાને ઘેર રહેવું તેમ રાજાએ રત્નમાળાને જણાવતાં તે કબુલાત સાથે અને તમારા માથે મારા ઉપાનહ ઉપડાવીશ તેવી પ્રતિજ્ઞા સાથેકરી **રત્નમાળા** તેના પિતાને ઘેર જાય છે; અને શીલનું રક્ષણ કરવા અને પ્રતિજ્ઞા પાલન કરવા કૂટપ્રયોગ કરવાની માગણી પિતા પાસે કરવાથી પિતા આજ્ઞા આપે છે. પછી ઉદ્યાનમાં એક જિનમંદિર કરાવી ત્યાં નગર વસાવી રત્નમાળા રહે છે, અને ત્યાં

સંગીત કરી રાજાને મોહ પમાડી, તેની પાસે યુક્તિથી ઉપાનહ ઉપડાવે છે અને તેની સાથે સંબંધ કરી ગર્ભધારણ કરે છે. પુત્ર પ્રસવ થતાં રાજાને જણાવતાં લેખ દ્વારા સંદેહ દૂર કરે છે, પછી સ્ત્રીથી પોતાનો પરાભવ થયેલ જાણી રાજા વૈરાગ્ય પામી ચારિત્ર અંગીકાર કરે છે; અહિંઆ કથા પૂર્ણ થાય છે. જેમાં સ્ત્રીની બુદ્ધિ, શીલનું રક્ષણ કરવા અને પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે કરેલ કૂટનીતિ વગેરેનું આ એક અજબ દૃષ્ટાંત છે. પા. ૧૯૫ થી ૨૧૦

ઉપર પ્રમાણે કામલેખાએ રત્નમાળાની વાત કહ્યા બાદ દૂર બેસીને કથા સાંભળનાર **લક્ષ્મીબુદ્ધિ** રાજાએ તે સ્ત્રીના સંતાપનું કારણ પૂછતાં, આ અમારી સખી ગર્ભવતી થતાં તેના પતિએ ગર્ભ માટે શંકા લાવી તેનો અનાદર કર્યો છે, અને પિતાએ પણ કહાડી મૂકી છે તેથી શું કરે ? એમ જણાવતાં રાજા કહે છે કે તેના પતિનો તેની વિસ્મૃતિ એજ એના અપરાધનું કારણ છે અને તેની નિશાની તથા અલંકારોવડે તેને વિસ્મરણ દૂર કરાવવું જોઇએ, છતાં ન થાય તો કર્મનું કારણ ગણાય, તેમાં સત્પુરૂષોનો દોષ ન કહેવાય; કારણ કે શ્રાપના યોગે દુષ્યંત રાજાએ **શકુંતલાને** પણ વિસારી મુકી હતી, એમ રાજાએ કહેતાં તે કથા રાજાને કહેવાનું જણાવતાં રાજા **શકુંતલાની કથા** કહે છે. આ **શંકુતલાની કથા** સંસ્કૃત સાહિત્યમાં નાટક ( કાવ્ય ) રૂપે અને ગુજરાતીમાં તેના ભાષાંતર થઇ નવલકથા અને નાટકરૂપે પણ પ્રસિદ્ધ હોવાથી અહિં તેનું વિવેચન કરવામાં આવતું નથી. જૈન કથા સાહત્યમાં પણ જૈનેતર સાક્ષરો, વિદ્વાનો, કવિઓ, ગ્રંથકર્તાઓ વગેરેની કૃતિના દાખલા–દૃષ્ટાંતો ઘણે સ્થળે આપવામાં આવેલા જોવાય છે, તે જૈન ગ્રંથકાર મહાત્માઓ હૃદયની વિશાળતા સૂચવે છે. ( આ શંકુતલાની કથા પા. ૨૧૧ થી ૨૨૪ માં આવેલ છે.)

પછી સૂર્યોદય થતાં બુદ્ધિસંધાન નામે તે રાજાનો પ્રધાન તે રૂદન કરતી સ્ત્રીનો પિતા થાય છે તે ત્યાં આવે છે. રાજા તેને રૂદન કરતી સ્ત્રી તે પ્રધાનની પુત્રી અને જેને હું પરણ્યો હતો તે એજ હશે અને ગર્ભના સંદેહથી મેં એને કહાડી મૂકી હતી અને અહિં મરવા આવી છે; વળી ગર્ભ સંબંધી તેને સંદેહ થતાં ત્યાં વનપાલકે ઉદ્યાનમાં

કોઇ જ્ઞાની મહારાજ પધાર્યા છે તેમ જણાવવાથી ગર્ભનો સંદેહ ટાળવા ત્યાં જ્ઞાની મહારાજ પાસે આવી યથાવિધિ નમી બેસે છે, ત્યાં ગુરૂ મહારાજ સદ્ધર્મ દેશના આપે છે, અને છેવટે જ્ઞાની મહારાજ તે મંત્રી પુત્રી, તેની રાણી અને ગર્ભ તેનો છે જણાવી રાજાનો સંદેહ દૂર કરે છે. તે જાણી રાજા **લક્ષ્મીબુદ્ધિને** પશ્ચાતાપ થતાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને રાજ્યતજી દીક્ષા અંગીકાર કરે છે. ચારિત્ર બરાબર પાળતાં આયુષ્ય પૂર્ણ થયે બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે અને ત્યાંથી ચ્યવીને તું રાજા થયો છે. એમ પૂર્વભવ રાજાએ સાંભળી " મારે સમ્યક્ત્વસ્વરૂપ જાણ્યા વિના કોઇ પ્રત્યે રોષ ન કરવો એમ પ્રગટ નિયમ કર્યો અને પોતાને મોક્ષ પ્રાપ્ત થશે કે નહિં તેમ પૂછતાં ગુરૂ કહે છે કે **હે! અજાપુત્ર ભૂપાલ! શ્રી ચંદ્રપ્રભુ જિન** કે જે આઠમા તીર્થંકર થશે તેના તીર્થમાં તું મોક્ષમાં જઇશ. અત્યારે અહિંથી તું સ્વર્ગમાં જઇશ અને ફરી મનુષ્યભવ પામી તે જીનનો પ્રથમ ગણધર થઇશ. એ પ્રમાણે સાંભળતાં પ્રમોદ પામી **અજાપુત્ર** પોતાને સ્થાને આવ્યો અને રાજ્ય ચલાવતાં, દેવ, ગુરૂ ધર્મની અનેક પ્રકારે ભક્તિ કરતાં દીક્ષા લઈ સ્વર્ગમાં ગયો. પા. ૨૨૬. ઉપર પ્રમાણે પૂર્વ ભવ અને પ્રસ્તાવિક વૃત્તાંત સાથે આ ગ્રંથનો પ્રથમ પરિચ્છેદ અહિં પૂર્ણ થાય છે.

---

## ( द्वितीय परिच्छेद. )

આ પરિચ્છેદમાં **શ્રી ચંદ્રપ્રભુસ્વામીના** જન્મ વગેરે પાંચ કલ્યાણકોનું વિસ્તાર પૂર્વક વર્ણન, દેવતા તથા ઈંદ્રોએ કરેલ મહોત્સવો, સમવસરણની રચના, પ્રભુજીને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી આપેલ અપૂર્વ દેશના વગેરેનું વર્ણન આવે છે.

સર્વ સમૃદ્ધિપૂર્ણ **ચંદ્રાનના** નામે નગરીમાં **મહાસેન** નામે રાજા છે, જેને **લક્ષ્મણા** નામે રાણી છે. હવે વૈજયંત વિમાનમાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી **પદ્મ** રાજાનો જીવ ચૈત્ર માસની કૃષ્ણ પંચમીના દિવસે અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો જોગ થતાં, ત્યાંથી ચવી **લક્ષ્મણા** રાણીની કુક્ષીમાં ત્રણ જ્ઞાન સહિત અવતર્યો. રાણી ચૌદ સુપન

જુવે છે, પછી નવ માસ અને સાડા ત્રણુ દિવસો વ્યતિત થતાં પોષ માસની કૃષ્ણુ દ્વાદશીની રાત્રીએ અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં લક્ષ્મણમાતાએ પુત્રને જન્મ આપ્યો. (શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જન્મ્યા) ત્યારે વાયુકુમારે પૃથ્વી શુદ્ધ કરી, મેઘકુમાર દેવોએ ગંધોદકવડે સુગંધમય પૃથ્વી કરી, આકાશમાં દેવોએ દુંદુભી વગાડવા માંડી. આસનકંપથી પ્રભુનો જન્મ થયો જાણી છપ્પન દિક્કુમારીકાઓ, વૈમાનિક દેવો, તેના ઇન્દ્રો, ભવનપતિ અને વ્યંતરાદિ દેવો અને તેના ઇંદ્રોએ પ્રભુનો જન્મમહોત્સવ, ભાવના અને ભક્તિપૂર્વક કરી નંદીશ્વરદ્વીપે અઠ્ઠાઇ મહોત્સવ કરી સ્વસ્થાને તેઓ જાય છે. અહિં દિક્કુમારીઓએ કરેલ મહોત્સવ અને ઇંદ્રે કરેલી સ્તુતિનું વર્ણુન જાણવા જેવું છે. ત્યારબાદ પ્રાતઃકાળમાં રાત્રિનો વૃત્તાંત **લક્ષ્મણા** દેવી પોતાના સ્વામીને કહી સંભળાવતાં, **મહાસેન** રાજા ભારે આનંદ પામી, બાર દિવસ પ્રભુનો જન્મ મહોત્સવ કરી, સ્વજન સમક્ષ, પ્રભુ માતાને ઉદરે આવતાં તેમને ચંદ્ર પાનનો દોહદ ઉત્પન્ન થયેલો, તે ઉપરથી પુત્રનું **શ્રી ચંદ્રપ્રભુ** નામ પાડે છે. અહિં ગ્રંથકાર મહારાજ પ્રભુના દેહનું સુંદર વર્ણુન કરે છે જે જાણવા જેવું છે. ( પા. ૧૩૮ ) અનુક્રમે પ્રભુ યૌવન વય પામતાં અવધિજ્ઞાનથી પોતાના ભોગ કર્મ જાણી, અઢી લાખ પૂર્વ વ્યતિત થતાં માતપિતાના આગ્રહથી રૂપ લાવણ્યયુક્ત સુકન્યા પરણે છે; ત્યારબાદ પ્રભુનો રાજ્યાભિષેક થાય છે. સાડા છ લાખ પૂર્વ અને ચોવીશ પૂર્વાંગ ઉપર સ્વામી રાજ્યનું પાલન કરે છે; પછી દીક્ષાના અવસરના અધિકારી લોકાંતિક દેવો આવી પ્રભુને તીર્થ પ્રવર્તાવવા વિનંતિ કરે છે. પ્રભુ સાંવત્સરિક દાન આપે છે. એક વર્ષમાં ત્રણુશેંઅઠયાસી કોટી અને એંશીલાખ સુવર્ણુનું દાન કરે છે. એમ વર્ષ પૂર્ણુ થતાં વૈમાનિક દેવો અને ઇંદ્રો આવી પ્રભુને તીર્થ જળથી સ્નાન કરાવે છે, પછી શિબિકા ઇંદ્રે તૈયાર કરતાં તે પર પ્રભુ આરૂઢ થયા. દેવદેવીઓથી ગવાતા અને **શ્રી ચંદ્રપ્રભસ્વામી** સહસ્રામ્ર વનમાં પધારે છે, ત્યાં અશોકવૃક્ષ નીચે ઉતરી આભૂષણો વગેરે સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો. તે વખતે પોષ માસની કૃષ્ણુ ત્રયોદશીના દિવસે અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ આવતાં દિવસના પાછલા પહોરે પંચમુષ્ટિ કેશોનો લોચ કરી, છઠ્ઠ તપ કરી, સિદ્ધને નમી પ્રભુ

ચારિત્ર અંગિકાર કરે છે, કે તરત જ પ્રભુને ચોથું **મનઃ**પર્યવ જ્ઞાન **પ્રાપ્ત** થાય છે. સાથે સ્નેહથી એક હજાર રાજાઓ દિક્ષા લે છે અને દેવો **અને** ઇંદ્રો મહોત્સવ કરી સ્વસ્થાને જાય છે. બીજે દિવસે પ્રભુ **પદ્મપુરમાં** **સોમદત્ત** રાજાને ઘેર પરમાન્નથી પારણું કરે છે. રાજાને ત્યાં સુવર્ણની વૃષ્ટિ થાય છે, દેવદુંદુભી વાગે છે. સ્વામી ત્યાંથી નીકળી જે વનમાં દિક્ષા-મહોત્સવ થયો હતો ત્યાં પુન્નાગવૃક્ષ નીચે આવી પ્રતિમાએ રહ્યા, ત્યાં ઇંદ્રિયો તથા ચિત્તને રોકી ધ્યાનમાં વિશેષ પ્રવૃત્ત થતાં અપ્રમત્ત ગુણ-સ્થાનને પામ્યા. અને અપૂર્વકરણે આરૂઢ થતાં, ક્ષપકશ્રેણીએ આવતાં ભગવંત શુકલધ્યાનના પ્રથમ પગથીએ ચડયા, ત્યાંથી અનિવૃતિ બાદર અને સૂક્ષ્મ સંપરાય એ નવમે દશમે ગુણસ્થાનકે આરૂઢ થઇ, ક્ષીણ મોહ ગુણસ્થાનપર આવ્યા એટલે શુકલધ્યાનનો બીજો પાયો ધ્યાયો, અને ક્ષીણ મોહના અંતિમ ક્ષણે જતાં ઘાતિકર્મની પ્રકૃતિ ખપાવી, વ્રત લીધા પછી ત્રણ માસ જતાં ફાગણ મહિનાની સપ્તમીના દિવસે અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં, છઠ્ઠતપમાં વર્તતાં, **શ્રી ચંદ્રપ્રભુસ્વામીને** **કેવળજ્ઞાન** પ્રગટ થયું, ઇંદ્રોના આસન ચલાયમાન થતાં દેવતાઓ સહિત ત્યાં આવી સમવસરણની રચના કરી. પછી પૂર્વદ્વારે તેમાં પ્રવેશ કરી, ચૈત્ય વૃક્ષને પ્રદક્ષિણા દઇ ' नमो तिथ्थस्स, ' કહી સિંહાસન ઉપર પૂર્વાભિમુખે બિરાજ્યા. અહિં સમવસરણની રચનાનું વર્ણન અને ઇંદ્રે કરેલ પ્રભુની સ્તુતિ વાંચવા જેવી છે. ( પા. ૨૪૩ થી ૨૪૬ ) ઇંદ્રે સ્તુતિ કર્યા પછી ભગવંત **શ્રીચંદ્રપ્રભુ** યોજનગામિની અને પાંત્રીશ ગુણયુક્ત **વાણીથી** **દેશના** આપે છે. પ્રથમ **ઔપ**મશિક, **સાસ્વાદાન**, ક્ષાયોપશમિક, **વેદક** અને **ક્ષાયિક** એ પાંચ પ્રકારના સમ્યકત્વનું વર્ણન કરે છે. **સમ્યક્ત્વ** દર્શનના ગુણથી રોચક, દીપક અને કારક ત્રણ ભેદો છે તે સ્વરૂપ જણા-વતાં, યતિ અને ગૃહસ્થધર્મનું મૂળ સમકિત બતાવી, પ્રભાવવંત યતિધર્મ અને ગૃહિધર્મની યથાસ્વરૂપ કથાઓ કહે છે. જેમાં મિથ્યાત્વરૂપી રાજા તેના આઠ કર્મોરૂપી આઠ સામંતોવડે જીવોને કેમ સતાવે છે, હેરાન કરે છે, ધાડ પાડે છે અને ચક્રવર્તિ રાજા તે જિનેશ્વર, તેમની આજ્ઞા તે જિન-વચનનું પાલન, અશ્વ તે યતિધર્મ તથા બાર વૃષભો તે બાર વ્રતો તેના આદરવાથી દુષ્કર્મોનો કેમ નાશ થાય છે, એ વગેરે દષ્ટાંતોને ઉપનયમાં

ઉપર પ્રમાણે ઉતારી કથારૂપે ભગવાને દેશના આપી. એ પ્રમાણે સંસાર તારક પ્રભુની દેશના સાંભળતાં કેટલાકોએ દીક્ષા લીધી, કેટલાએકે બારવ્રત લીધા, કેટલાએકે સમકિત સ્વીકાર્યું. આ વખતે ભગવંતે **દત્ત** પ્રમુખ ઘણાને સાધુ તથા **સુમનસા** પ્રમુખ અનેકને સાધ્વી અને કેટલાકને શ્રાવક શ્રાવિકા બનાવી–વ્રતો આપી એ રીતે ચતુર્વિધ સંઘ સ્થાપ્યો. **દત્તાદિ** ત્રાણું મુનિઓને ગણધરપદે સ્થાપી, "ઉત્પાદ, **વ્યય, ધ્રૂવ.**" એ ત્રિપદી પ્રભુએ તેમને સંભળાવતાં ચૌદ પૂર્વો અને બાર અંગો તેઓએ એક મુહૂર્તમાં રચ્યાં. પછી પોરસીનો સમય થતાં દત્ત ગણધર મહારાજે જિનેશ્વરના પાદપીઠ ઉપર બેસી ધર્મદેશના આપી, તે પૂર્ણ થતાં દેવતા અને લોકો સ્વસ્થાને ગયા. ભગવંતના તીર્થમાં **વિજય** નામે યક્ષ અને **ભ્રકુટી** નામે દેવી અધિષ્ટાયક દેવતા થયા.

એકદા સિંહાસને બિરાજમાન સ્વામીને દત્ત ગણધરે વિનંતિ કરી કે, જેથી ભવ્યાત્માનું મન સ્થિર થાય, તેમને શ્રદ્ધા, સંવેગ ધર્મમાં અનુરાગ પ્રગટે; વળી હે નાથ! આપ કયા ધર્મથી ત્રણ જગતના સ્વામી થયા, પૂર્વભવે શું શું સુકૃત્ય કર્યું, જેથી તીર્થનાથ થતાં લોકો આપને પૂજે છે, તે હે સ્વામીન્ મારા ઉપર અનુગ્રહ લાવી પ્રસન્ન થઇ સંભળાવો. એમ વિનંતિ કરવાથી પ્રભુ પોતાના પૂર્વ ભવનું વર્ણન કરે છે.

**પ્રભુના પૂર્વ ભવનું વર્ણન.**

**ધાતકીખંડ**ના પૂર્વ વિદેહના મંડનરૂપ **મંગળાવતી** નામે વિજય છે, ત્યાં **રત્નસંચયા** નામે નગરીમાં **પદ્મ** નામે રાજા હતો. પોતાની સભામાં બેઠો છે ત્યાં થોડે દૂર એક સ્થાને ચકલાનો રમ્ય માળો જુએ છે, ત્યાં કોઇ પ્રતિપક્ષિ ચકલો આવી તે માળો વીંખી નાંખી તે માંહેના બે ઇંડા જોઇ વૈર સંભારી ચાંચે કરી ઇંડાને નીચે નાખી દે છે, જેથી તે ફુટી જતાં તે ચકલો સંતુષ્ટ થાય છે. એટલામાં તે ઈંડાના માતપિતા ત્યાં આવે છે, તેઓ ઈંડા ફુટેલ જોતાં ક્રોધે ભરાય છે, અને બંને ચકલા લડતાં લડતાં મરણ પામે છે, તેથી ચકલી ક્ષણભર વિલાપ કરી ત્યાંથી ચાલી ગઈ અને અન્ય ચકલા સાથે વિલાસ કરવા લાગી. એ પ્રમાણે પદ્મરાજાએ નજરે જોતાં, તેમને વૈરાગ્ય ઉત્પન્ન

થાય છે. તરતજ ત્યાં તેના ઉદ્યાનમાં **યુગંધર** નામના આચાર્ય પધારે છે. તે હકીકત વિનંતિ પૂર્વક **પદ્મરાજાને** ઉદ્યાનપાલક જણાવે છે, અને તેથી રાજા સર્વ સામગ્રી સહિત ઉદ્યાનમાં આવે છે. ગુરૂ પાસે આવી તેઓશ્રીના ચરણે વંદના કરી બેસે છે, કે તરતજ આચાર્ય મહારાજ કર્મનાશક દેશના આપતા જણાવે છે કે, ધર્મ ભવસાગરથી પાર પમાડી મોક્ષ આપવા સમર્થ છે; કારણકે ધર્મથી પુણ્ય વધે અને તેથી પ્રાણી **મદનસુંદર** ની જેમ મનોવાંછિત પામે છે. અહિં તે કથા કહેવામાં આવે છે.

**ધાતકીખંડદ્વીપમાં મનોરમા** નામે નગરી જેમાં **મદનસુંદર** નામે રાજા છે. તે સભામાં પોતાના મંત્રીઓને " રાજ્ય પુણ્યવડે પામી શકાય કે વિના પણ પમાય " ? આવો પ્રશ્ન પૂછે છે, જેથી પુણ્યવડે જ પામી શકાય તેવો ઉત્તર મંત્રીઓ આપે છે. જેથી રાજા કહે છે કે પૂર્વજોએ ઉપાર્જન કરેલ રાજ્ય ભોગવતાં હું મને પોતાને પુણ્યશાળી કેમ માનું ? માટે હું પુણ્યની પરીક્ષાર્થે દેશાંતર જાઉં, અને જો મારૂં પુણ્ય હશે તો ત્યાં મને રાજ્ય પ્રાપ્ત થશે, એમ કહેતાં રાજ્ય મંત્રીઓને ભળાવી પુણ્યની સહાયતા વડે રાજા એકલો નગરી તજી પશ્ચિમ દિશામાં જાય છે, ત્યાંથી અનુક્રમે **સૌભાગ્યમંજરી** વગેરે સ્ત્રીઓ પરણે છે; પુણ્યયોગે સાથે રાજ્ય સંપત્તિ પણ પામે છે, જેથી **મદનસુંદર** પોતાનો પુણ્ય પ્રભાવ જાણી અધિકાધિક પુણ્ય આચરે છે. પછી તે ગામના મંત્રીઓને રાજ્ય ભળાવી સૌભાગ્યસુંદરી સહિત મનોરમા નગરી ભણી આવે છે. રસ્તામાં મુનિની ધર્મદેશના સાંભળે છે. (પા. ૨૬૫ થી ૨૬૭.) પછી રાજા રાણી શ્રાવકના વ્રત ગ્રહણ કરે છે, અને પોતાના નગરમાં આવી પુણ્ય માટે સંસારી જીવોએ સદા પ્રયત્ન કરવો વગેરે પુણ્ય પ્રભાવ જણાવે છે. અહિંઆ કથા પૂર્ણ થાય છે. જે પુણ્યના અભિલાષિ જીવોને મનન કરવા યોગ્ય છે. પા. ૨૫૬ થી ૨૬૭.

દાનાદિકથી પુણ્ય નહિં ઉપાર્જન કરવા ઉપર **મંગળની** કથા કહેવામાં આવે છે. મંગળનો પિતા મરણ પામતાં તે મોટી ઉમરનો થયો. પછી પોતાના અપુણ્યને લીધે તેણે કેવું દુઃખ ભોગવ્યું, છેવટે આર્તધ્યાનથી બરાડા પાડી ભૂતપણે ઉપન્યો. એ રીતે અપુણ્યથી સપત્તિ, સ્વજન,

સન્માન પ્રમુખ દૂર થાય છે, મનોવાંછના વિચ્છેદ થાય છે, જેથી વિકથા, કષાય, વગેરે તજી પુણ્ય સંચય કરી સમ્યક્‌ત્વધારી ભવ્યો અપુણ્યને દૂરથી પરાસ્ત કરે છે. આ કથા અહિં પૂર્ણ થાય છે. પા. ૨૬૮ થી પા. ૨૭૨.

તેજવંતમાં સૂર્યની જેમ ગુણોમાં વિનય વખણાય છે કે જેના ઉદ-યથી કર્મો બધા આચ્છાદિત થઇ જાય છે. મેઘથકી જળવૃદ્ધિની જેમ વિનયથી સર્વ સંપદાઓ અને છેવટે કેવળ લાભ પણ **વિનિત**ની જેમ પ્રાપ્ત થાય છે. વિનયગુણના સાધનથી સંપત્તિ, સુખ, ધર્મ પામી છેવટે **વિનિત** મોક્ષસુખ પામે છે. અહિં વિનય ઉપર **વિનિત**ની કથા આપ-વામાં આવી છે જે બોધદાયક છે. પા. ૨૭૩ થી પા. ૨૭૭.

જે પુરૂષ વિનયહિન હોય છે તે પ્રભુત્વ, સન્માન, લક્ષ્મી, સુખ કે પુણ્ય **ભોગરાજ**ની જેમ પામી શકતો નથી. અહિં ભોગરાજની કથા દુર્વિનય ઉપર કહેલી તે બોધપ્રદ છે. પા. ૨૭૭ થી ૨૮૨.

આ સંસાર સંગ્રામના ચતુર્ગતિરૂપ ચતુર્વિધ સૈન્યમાં મનુષ્યત્વરૂપ હસ્તી મુખ્ય છે તેનાથી અન્ય કંઇ શ્રેષ્ઠ નથી, તેની ઉપર આરૂઢ થયેલ જીવરૂપ રાજા કર્મરૂપ શત્રુઓને જીતે છે અને અન્ય ત્રણ ગતિરૂપ હસ્તીપર ચડતાં જીવને કર્મ પરાભવ પમાડે છે, તે હસ્તી પણ દાનવડે જ સમર્થ અને પ્રતાપી ગણાય. દાનના પ્રભાવથી તે ભવરૂપ વૃક્ષોને ઉખેડી નાંખે છે. દુધે અંજનપાત્રની માફક સુખાભિલાષિ પુરૂષ ગૃહ–વ્યાપારને પોષી પાપને દાનવડેજ ધોઇ નાખે છે. દાનવડે પ્રાણી ધન પામે, દાનવડે સ્વર્ગ અને **કામકેતુ** રાજા-ની જેમ છેવટ મોક્ષ પામે છે.

અહિં **કામકેતુ** રાજાની સ્ત્રી **ચંદ્રકાંતા** કાષ્ઠના ગરૂડ ઉપર બેસી આકાશમાં ઉડે છે, પછવાડે કામકેતુ શોધવા નીકળે છે. ગરૂડ પર્વત સાથે અફળાઇ ભાંગી જાય છે, ચંદ્રકાન્તા ભૂમિ પર પડતાં મૂર્છા પામે છે, પછી ત્યાંથી ઉઠી ચાલતા જંગલમાં **શ્રી ઋષભ-દેવ** પ્રભુનું મંદિર જોવે છે, ત્યાં નમી ભક્તિપૂર્વક પૂજા કરી અને ત્યાંથી ચાલતા તે ભૂલી પડે છે, તેટલામાં એક જ્ઞાનીને ત્યાં દેખે છે, જેથી મુનિને નમી તેની દેશના સાંભળવા બેઠી. પ્રભુ પૂજા ઉપર ગુરૂ ઉપદેશ આપી રહ્યા બાદ ત્યાં એક મૃગ આવે છે, તેને અહિં કેમ આવ્યો તેમ

વિદ્યાધરોના પુછવાથી જ્ઞાની ગુરૂ હસતા હસતા જણાવે છે કે, **ચંદ્રકાન્તાનો** તે ધણી છે. છેવટે વિદ્યાધરો તેને મૂળ સ્વરૂપમાં લાવતાં કામકેતુને જોઇ બંને પરસ્પર આનંદ પામે છે. પછી મુનિની ધર્મદેશના સાંભળવા બંને બેઠા. જ્ઞાની ગુરૂએ જણાવ્યું કે આ ભવ તથા પરભવમાં સુખને ઇચ્છતાં પ્રાણીએ, દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદે ધર્મ આરાધવો. ગૃહ વ્યવહારના ભારથી પ્રાણી ભવસમુદ્રમાં ડુબે છે, છતાં સંયમના પાત્ર એવા મુનિરાજને ભક્તિએ દાન આપવાથી મહાફળદાયક નિવડે છે, તેમજ ભક્તિ વિના ઉપરોધ કે ભયથી દાન આપતાં પણ સુપાત્રે આપેલ તે ફળદાયક અવશ્ય થાય. ભયથી દાન આપતાં પણ **સોમ** નિશ્ચય સુખ પામ્યો એ અવાંતર કથા **સોમ**ની અહિં આપવામાં આવી છે. ( પા૦ ૨૮૯ થી ૨૯૩, ) તેમજ ઉપરોધથી દાન આપવા ઉપર **સુંદરની** કથા તે પછી આપેલ છે. ( પા૦ ૨૯૩ થી ૨૯૬ ) છેવટ ભાવદાન ઉપર **વણિક્** સુતની કથા દાન ધર્મને પ્રકાશનાર મુનિની સાંભળી **કામકેતુ** તથા **ચંદ્રકાન્તા** દેશવિરતિ સ્વીકારે છે. પછી સુપાત્ર મુનિને દાન આપતાં ભોગ, સામ્રાજ્ય પામતાં અનુક્રમે ગુરૂનો યોગ મળતાં વ્રત લઇ **કામકેતુ**નો જીવ પાંચ ભવમા મોક્ષ પામશે. ઉપરોક્ત દાન ઉપર આવેલ કથાઓ ટુંકી પરંતુ ઉપદેશક છે. પા૦ ૨૮૨ થી ૩૦૧.

દાન નહિં દેવા ઉપર **કુરંગ**ની કથા હવે કહે છે. વસ્તુ વિદ્યમાન છતાં જે પાત્રે દાન આપતો નથી, તે તેનાથી પામવા યોગ્ય સુખો–ભોગો કેમ પામી શકે ? જેમણે પૂર્વે ભવે દાન આપેલ નથી, તેઓ આ ભવે દીન, હીન, અને પરાભવ સહે છે. જળવડે રજની જેમ દાનથી દુષ્કૃત શાંત થાય છે, છતાં પાપાત્મા દાન કરતા નથી તે કુરંગની જેમ અધોગતિ પામે છે. અહિં કુરંગની કથા પા૦ ૩૦૧ થી ૩૦૫ સુધી આપવામાં આવેલ છે.

**બ્રહ્મચર્ય**–શીલવ્રત તે સ્વપરને સર્વ પ્રકારે રક્ષણ કરવામાં તથા આત્માના કર્મ–કાષ્ટને બાળવામાં અગ્નિ સમાન છે. અહિં શીલવ્રત ઉપર **અમાત્ય સુતાની** કથા કહેવામાં આવે છે જે ઉપદેશક છે. પા૦ ૩૦૫ થી ૩૦૮.

તેનીજ વિરૂદ્ધ, શીલના નાશ કરવા ઉપર **શ્રીકાંતાની** કથા. પા૦ ૩૧૧

**થી** પા. ૩૧૬ સુધી આવેલ છે. સ્ત્રીને પરપુરૂષ અને પુરૂષને પરસ્ત્રીનો ત્યાગ તે ગૃહસ્થોનું શીલ ગણાય છે. સર્વથા શીલનો ધ્વંસ કરવાથી આ ભવમાં અનાદર અને મ્લાનિ અને પરભવમાં નરકના દુઃખો **શ્રીકાંતાને** પ્રાપ્ત થાય છે તે આ કથામાં જણાવેલ છે. જેથી દુઃશીલ્યનો દરેક મનુષ્યે ત્યાગ કરવો જોઇએ.

ધર્મરૂપી કલ્પવૃક્ષની ત્રીજી શાખા **તપ** છે. જેનાથી નીચ કુળમાં જન્મ ન થાય, રોગ લાગુ ન પડે, અજ્ઞાન દૂર થાય, પરાભવ અને દારિદ્રયનો લોપ થાય, દુષ્પ્રાપ્ય કંઇ ન રહે અને ઇષ્ટની પ્રાપ્તિ થાય એવો તપનો મહિમા છે. તેના પ્રભાવથી પ્રાણીઓ **નાગકેતુની** જેમ શીઘ્ર શાશ્વત નિર્વાણપદને પામે છે. આ કથા જૈન દર્શનમાં પ્રખ્યાત છે, તેમજ મનન કરવા યોગ્ય છે. પા૦ ૩૧૭ **થી** ૩૨૦.

શકિત છતાં તપ ન કરે તે **માનપુંજ** પુરૂષની જેમ અપમાન પદને પામે તે કથા પા૦ ૩૨૧ **થી** પા. ૩૨૪ સુધીમાં આવેલ છે.

હવે **ભાવના** અધિકાર માટે ગ્રંથકાર મહારાજ જણાવે છે કે, છકાયની હિંસારૂપ વૃક્ષને તજી, ભાવનારૂપ માલતી પ્રત્યે ગયેલ આત્મા રૂપ મધુકર રસાસ્વાદવડે શાંતિને પામે છે. હજારો ભવો કરતાં ભ્રમણ રજથી ખરડાયેલ આત્મા ભાવના નદીમાં સ્નાન કરવાથી શુચિ-પાવન થાય છે, જ્યારે આત્મા પોતાના પર પ્રસન્ન થઇ ભાવનાને સ્વીકારશે ત્યારે **અસંમત** પુરૂષની જેમ સ્વાર્થને મેળવશે જેથી ભાવના ઉપર **અસંમતની** કથા કહેલ છે. પા૦ ૩૨૫ **થી** ૩૨૮. ભાવના વિના પ્રાણી દાન દેતાં, તપ આચરતાં, દેવ પૂજતાં, ગુરૂને નમતાં પણ ફળ પામતા નથી જેથી, ભાવવિના ધર્મ ચિત્રવત્ નિષ્ફળ છે. જેમ **વરૂણને** નિષ્ફળ થયો તે **વરૂણનું** દૃષ્ટાંત અહિં આપેલ છે. પા૦ ૩૨૯ **થી** પા.૩૩૩

વર્ષાકાળ ઋતુમાં ધર્મારાધન શા માટે કરવું ? તેને માટે શાસ્ત્રકાર મહારાજ કહે છે કે મન એ કાષ્ઠની જેમ વક્ર છે, તેને તપના તાપથી હળવે હળવે ભાંગે નહિ તેમ સીધું કરવાનું છે. વિવેકી જનોએ સ્વલ્પ આરંભથી સર્વદા મનનો નિરોધ કરવો: તેમાં પણ શુભને ઇચ્છિતા ભવ્યોએ વર્ષાકાળમાં જીવાકુળ સ્થાનો વિશેષ હોવાથી વધારે ઉપયોગથી

વર્તવાનું છે, તેમાં ન્યાયોપાર્જિત દ્રવ્યથી ધાર્મિક જનોએ બાકીના આઠ માસ વ્યવસાય કરી વર્ષાકાળમાં આરાધેલ ધર્મ **સિદ્ધચોર**ની જેમ ઇષ્ટ સુખ આપનાર થાય છે, અહિં તે **સિદ્ધચોર**ની કથા ખાસ પઠન પાઠન કરવા યોગ્ય છે. પા૦ ૩૩૩ થી પા૦ ૩૩૮.

હવે એ પ્રમાણે દેશના સાંભળતાં **પદ્મ** રાજાએ શ્રી **યુગંધર** ગુરૂ પાસે સંસારથી તારનાર પ્રવ્રજ્યા અંગીકાર કરી, અભિગ્રહ લેતાં ક્ષમા ધરતાં, ઈંદ્રીયો દમતા, ચારિત્ર પાળવા લાગ્યા. પછી વીશ સ્થાનક સેવતાં **પદ્મ** મુનિએ નિકાચિત તીર્થંકર નામકર્મ 'ઉપાર્જન' કર્યું. અહિં વીશ સ્થાનક કયા કયા છે અને **પદ્મ** મુનિએ કેવી રીતે તે તપ આરાધ્યો તે વર્ણન આપવામાં આવેલ છે. પા૦ ૩૩૭.

એમ અનુક્રમે આયુપૂર્ણ કરી **પદ્મ**મુનિ વૈજયંત વિમાનમાં ગયા, ત્યાંથી આયુ પૂર્ણ કરી આ ભવમાં હું તીર્થંકર થયો છું, એમ શ્રી **ચંદ્રપ્રભુ** સ્વામીએ પોતાના પૂર્વભવોનું વર્ણન કર્યું.

પછી પ્રભુ **ચંદ્રપ્રભાસ** નામના ક્ષેત્રે દરીયા કાંઠે પધાર્યા, ત્યાં દેવોએ સમવસરણ રચ્યું. પ્રભુ સિંહાસને બેસી દયા ધર્મ ઉપર દેશના દેતાં જણાવ્યું કે હે ભવ્યો ! બધા ધર્મોમાં દયા પ્રથમ ધર્મ છે કે જેનાથી પ્રાણી નિરોગી અને ધનવાન થાય છે. હૃદયમાં દયા હોય તોજ અન્ય ધર્મો વાંછિત આપે. જીવરક્ષાના યોગે પ્રાણી વસુધામાં ઇષ્ટ સ્થાન તથા **મંત્રીદાસી**ની જેમ નિર્વાણપદ પામી મુક્ત થાય છે. અહીં **મંત્રી**દાસીની કથા જણાવે છે. પા. ૩૩૯ થી ૩૪૩.

એક સત્યજ બોલવું કે જેથી આ લોક તથા પરલોકમાં પ્રાણી પ્રત્યે લોકો દૃઢ અનુરાગ કરે, સત્યવડે દુર્જન તે સજ્જન થાય, જેમ મંત્રબળે વિષ પણ ઉપયોગમાં આવે છે. અસત્ય બોલનાર સ્વજન પણ પરજન થાય અને સત્ય બોલનાર પરજન સ્વજન સમાન બને તે ઉપર **સ્મરનંદનની** કથા પ્રભુ કહે છે. પા. ૩૪૪ થી પા. ૩૪૮.

હવે અદત્તાદાન ઉપર પ્રભુ કહે છે કે, લોભે પ્રાણીઓનું પરધન સેવાથી ધર્મ-સર્વસ્વ લૂંટાય છે. અદત્ત સેવાથી થયેલ દોષ કદિ જતો નથી. ભારે કલેશથી પેદા કરેલ ધન માણસોનું આશાસ્થાન છે, તેનું હરણ કરતાં પરભવમાં જીવને નરક વિના અન્ય ગતિ નથી. સુખે કરીને

ગ્રાહ્ય એવા પરધનનો જે ત્રિવિધે ત્યાગ કરે છે તે **દાનપ્રિયની** જેમ વિશ્વાસપાત્ર થાય છે. ( પા. ૩૪૮ થી ૩૫૨ )

હવે બ્રહ્મચર્ય ઉપર ઉપદેશ આપતાં કહે છે કે–અંગે રોગ પરાભવ ન પમાડી શકે, ઉપદ્રવો સર્વ નાશ પામે, સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય, અગ્નિ શાંત થાય, જળપૂર નિવૃત્ત થાય, ભયવાળા પ્રાણીઓ અને રાક્ષસો જેનાથી વશ થાય, એવા શીલવ્રતનો પ્રભાવ અતુલ છે. જેના યોગે દુષ્કર વ્રતો, અને નિયમો–કષ્ટો ફલિત થાય તે બ્રહ્મવ્રતને સ્થિરતા લાવી સેવો. જે બધા વ્રતોમાં મુગટ સમાન છે અને ભવ્યોને સિદ્ધિદાયક છે. જે ઉપર **મદનમંજરી**ની કથા આપેલ છે. પા. ૩૫૩ થી પા. ૩૫૯

પાંચમાવ્રત પરિગ્રહણ પરિમાણનો પ્રથમ મહિમા જણાવે છે. ધન-ધાન્યાદિક નવવિધ બાહ્ય પરિગ્રહ તથા રાગદ્વેષાદિ વગેરે ચૌદ આંતર પરિગ્રહ છે. વૈરાગ્યાદિ વૃક્ષો પ્રતિષ્ઠા પામ્યા હોય છતાં, પરિગ્રહરૂપી મહા બલિષ્ઠ પવન તેમને નિર્મૂળ કરી નાંખે છે. પરિગ્રહમાં રહી જે મોક્ષને ઇચ્છે છે તે લોહની નાવમાં બેસી સમુદ્ર તરવા ઇચ્છે છે. જેમણે આશા તજી નિરાશાનો સ્વીકાર કર્યો છે **તેજ** પંડિત, પ્રાજ્ઞ, પાપભીરૂ અને તપોધન છે. પરિગ્રહ પરિમાણ કરતાં બધા વ્રતની આરાધના થાય અને **ધર્મમતિ**ની જેમ તેજ સુખાસ્વાદનો અનુભવી થાય. અહિં **ધર્મમતિની કથા** રસયુક્ત અને મનન કરવા જેવી આવેલ છે. પા. ૩૬૦ થી ૩૬૫

હવે બાકી ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતનો અધિકાર આવે છે. **દિશા-પરિમાણ વ્રત** કે જે દશે દિશાની મર્યાદા કરતાં તેનું ઉલ્લંઘન ન કરવું તેનું નામ છે. તપ્ત લોઢાના ગોળા સમાન ગૃહસ્થોને એ વ્રત શ્રેષ્ઠ છે, જેનાથી ત્રસ સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ થાય છે. આ વ્રત ગૃહ-સ્થોને માટે યાવજ્જીવન અથવા ચાતુર્માસાદિકના નિયમથી અલ્પકાલીન પણ હોય. (પા. ૩૬૬) હવે સાતમું **ભોગોપભોગ વ્રત** છે. ભોગોપ-ભોગમાં જે નિયમ કરવો, તે બીજું ગુણવ્રત. એક વાર ભોગવવામાં જે વસ્તુ આવે તે ભોગ, વારંવાર આવે તે ઉપભોગ તે, તથા ચાર મહા વિગય, અનંતકાય અજાણ્યા ફળ, રાત્રિભોજન અને અભક્ષ્ય વસ્તુઓ એ બધાનું વર્જન કરવું તે અધિકાર આ વ્રતમાં છે. (પા. ૩૬૬) ત્યાર

બાદ **અનર્થદંડ વ્રત** કે જે આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, પાપ-વ્યાપાર હિંસાના ઉપકરણ આપવા, પ્રમાદાચરણ અને પોતાના નિમિત્તથી ભિન્ન તે અનર્થદંડ ગણાય, તેનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત કહેવાય. પા. ૩૬૬.

આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનના ત્યાગથી અને સર્વ સાવદ્ય કર્મ તજી એક મુહૂર્ત સમતામાં રહેવું તે **સામાયિક વ્રત** કહેવાય. આ વ્રતથી ગૃહસ્થ પણ તેટલો વખત યતિ ગણાય, અને તેટલો વખત આત્મા સમતામાં રહેવાથી આત્મા આત્મદર્શન પામે. એક મુહૂર્ત કરેલ સામાયિકવડે શ્રાવક અનેક કર્મો તોડી મોક્ષ પણ પામે, તો સ્વર્ગ માટે તો કહેવુંજ શું ? (પા. ૩૬૭) હવે **દેશાવકાશિક વ્રત** તે દિગવ્રતમાં તેનો સંક્ષેપ કરતાં દિવસે કે રાત્રે જે નિયમ કરવો તે દિગ્વ્રત લીધા છતાં ફરી તેનો સંક્ષેપ કરવાથી પ્રાણીઓને અભયદાન મળે છે. પા. ૩૬૭.

**પૌષધ વ્રત**—અષ્ટમી કે પાક્ષિક પર્વના દિવસે કે રાતે ઉપવાસ પૂર્વક બ્રહ્મચર્ય પાળતાં સ્નાન, પાપ વ્યાપાર તજતાં ધર્મને પોષણ આપે તે કે જે ચતુર્વિધ અને દેશથી કે સર્વથી આચરતાં અવશ્ય પુણ્ય વધારે, કર્મ સંચય અવશ્ય ક્ષીણ કરે. તે ભવ્યો ધન્ય છે કે જેઓ ભાવથી પૌષધ આદરે છે કે જેથી કર્મ નષ્ટ થતાં શાશ્વત સુખ પમાય છે. (પા. ૩૬૭) હવે છેલ્લા વ્રત **અતિથિ સંવિભાગ** નામનું છે. ચતુર્વિધ આહાર, પાત્ર, વસતિ પ્રમુખનું અતિથિ-સાધુને જે દાન આપવું તે શ્રાવક અવસરે સર્વ પ્રકારે શુદ્ધ દાન આપતાં અવિચ્છિન્ન ભાવોમાં સુભોગ પામી છેવટે મોક્ષ પામે છે. આ ચાર શિક્ષાવ્રતો શ્રાવકોએ નિત્ય આચરવાના છે. પા. ૩૬૭.

દેવાધિદેવ **શ્રીચંદ્રપ્રભુસ્વામી** હવે **તત્ત્વનોઅધિકાર** જણાવે છે. જેમાં જીવાજીવાદિ સાત તત્વોનું સ્વરૂપ બતાવે છે, કે જેથી ધર્મમાં સૂક્ષ્મક્રિયાનું સ્વરૂપ સમજાય,, શ્રદ્ધાદ્રઢ થાય.

એ પ્રમાણે ચંદ્રપ્રભાસ નામના ક્ષેત્રમાં રહેલ **શ્રીચંદ્રપ્રભુ સ્વામી**એ બાર પર્ષદામાં ઉપર પ્રમાણે ધર્મ પ્રકાશ્યો. પછી અન્યત્ર જીવોને પ્રબોધ પમાડવા અન્ય સ્થળે વિહાર કર્યો.

અઢીલાખસાધુ, ત્રણલાખનેએંશીહજાર સાધ્વીઓ, બે હજાર ચૌદપૂર્વી, આઠહજાર અવધિજ્ઞાની, આઠહજાર મનઃપર્યવજ્ઞાની, દશહજાર કેવળજ્ઞાની, વૈક્રિયલબ્ધિવંત ચૌદહજાર મુનિ, સાત હજાર ને છસેહ વાદલબ્ધિધારી, અઢી લાખ શ્રાવક, અને ચાર લાખને એકાણું હજાર શ્રાવિકા એ પ્રમાણે પ્રભુનો પરિવાર થયો.

ત્રણ માસ ને ચોવીસ પૂર્વાંગે ન્યૂન એક લાખ પૂર્વ વિચરી કેવળજ્ઞાની પ્રભુ સમેત્તશિખર પર પધાર્યા. ત્યાં પોતાનો મોક્ષકાળ જાણી એકહજાર મુનિઓ સહિત પ્રભુએ અનશન કર્યું. શ્રાવણ માસની કૃષ્ણ સપ્તમીએ શ્રવણ નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં કાયોત્સર્ગ રહેલા અને શુકલધ્યાનમાં વર્તતા અનશનધારી મુનિઓ સાથે મોક્ષમાં પધાર્યા. તે વખતે આસનકંપથી ઇંદ્રો ખેદપૂર્વક ત્યાં આવ્યા. પછી પ્રભુનો નિર્વાણ મહોત્સવ ભક્તિપૂર્વક કર્યો. જે હકીકત અહીં આપવામાં આવેલ છે. તેના પઠનથી ભવ્યજીવોના હૃદયમાં ભક્તિ પ્રગટ થાય છે.

**શ્રીચંદ્રપ્રભુસ્વામી** કુમારપણામાં અઢીલાખપૂર્વ, સાડાછ લાખપૂર્વ તથા ચોવીશ પૂર્વાંગ રાજ્યસ્થિતિમાં, તેમજ ચોવીશ પૂર્વાંગ ન્યુન એકલાખપૂર્વ સંયમ પર્યાયમાં રહ્યા. એમ **દશ લાખ પૂર્વનું પ્રભુનું આયુષ્ય હતું.**

ઉપર પ્રમાણે શ્રી **દેવેંદ્રાચાર્ય** મહારાજે બે પરિચ્છેદમાં આ ઉત્તમ ચરિત્ર પૂર્ણ કર્યું છે.

વાચકોની સુગમતાની ખાતર સંક્ષિપ્તમાં ઉપર મુજબ આ ગ્રંથનો સાર અમોએ આપેલ છે. ઉત્તમ પુરૂષોના આવા સુંદર અલૌકિક ચરિત્રો, શ્રદ્ધા તેમજ મનન પૂર્વક વાંચતાં આત્મામાં શાંત રસ ઉત્પન્ન થવા સાથે ત્રિરત્ન ( જ્ઞાનાદિ )ના ગૌરવને, તેમજ ધર્મરૂપી મહામંગળને સંપાદન કરાવનાર સાથે આત્મભાવના, આત્મદર્શન, અને આત્માનંદ પ્રગટાવનાર છે, તેથી જ આ ગ્રંથની આ અનુપમ, પ્રભાવશાળી અને ઉત્તમ રચના છે તેમ વાચક ભવ્યાત્માઓને જણાયા શિવાય રહેશે નહિ. આવા ચારિત્રો મુમુક્ષુઓને અવશ્ય કલ્યાણકારી થાય છે, તેવો અનુભવ હોવાથી આ આઠમા જિનેશ્વર શ્રી ચંદ્ર-

પ્રભુ સ્વામીના ચરિત્રનો ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે. છેવટે આઠમા જિનેશ્વરની પ્રાર્થના કરવા સાથે આ ઉત્તમ ગ્રંથના શ્રવણ, મનન અને પઠન પાઠનથી અનેક ભવ્યાત્માઓ તેવા ઉચ્ચ પદ અધિકારી બને તેવું આ સભા નિરંતર ઇચ્છે છે.

આ ગ્રંથના પ્રુફ તપાસવા વગેરે માટે બંધુ શ્રી **ફતેચંદ ઝવેરભાઇએ** પોતાના વખતનો ભોગ આપ્યો છે માટે આ સ્થળે તેમનો ઉપકાર માનીયે છીયે.

આ ગ્રંથની શુદ્ધિ માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવેલ છે, છતાં દ્રષ્ટિ દોષ, પ્રેસ દોષ કે એવા કોઇ પ્રમાદના નિમિત્તે કોઇ પણ સ્થળે સ્ખલના જણાય તો મિથ્યાદુષ્કૃત પૂર્વક ક્ષમા માગીયે છીએ, અને અમોને જણાવવા વિનંતિ કરીયે છીયે.

**આત્માનંદ ભવન.**
વસંતપંચમી.
સં. ૧૯૮૬—આત્મ સંવત ૩૪

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**
સેક્રેટરી.





સ્વર્ગવાસી

**શેઠ દીપચંદ ગાંડાભાઈ—ભાવનગર.**

'આનંદ' પ્રી. પ્રેસ—ભાવનગર.

# શેઠ શ્રી દીપચંદ ગાંડાભાઇની સંક્ષિપ્ત જીવનરેખા.

પૂર્વ કાઠીયાવાડના ગોહિલવાડ પ્રાંતના મુખ્ય શહેર ભાવનગરમાં શ્રી વીશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં મુખ્ય ગણાતાં કુટુંબમાં સં. ૧૯૦૫ ની સાલમાં **શેઠ દીપચંદભાઇનો** જન્મ થયો હતો. પિતાનું નામ **શેઠ ગાંડાભાઇ** અને માતુશ્રીનું નામ **દુધીબાઈ** હતું. આ કુટુંબ વિશાળ, પ્રખ્યાત અને તેમની જ્ઞાતિમાં અગ્રેસર તરિકે ગણાય છે; સાથે વ્યાપારી તરીકે પ્રસિદ્ધ છે. **શેઠ દીપચંદભાઇ** પોતે સહિત ત્રણ ભાઇઓ હતા જેમાં પોતે મુખ્ય હતા. તે વખતના જમાનાને બંધબેસતું (નામું ઠામું માંડી શકે, લખી વાંચી શકે તેવું) શિક્ષણ તેઓએ મેળવ્યું હતું. વડીલોનું જીવન વ્યાપારી હોવાથી તે કુશળતા જન્મથી પ્રાપ્ત થયેલી હતી. યોગ્ય ઉમ્મરે અનાજના એક મુસલમાન વ્યાપારીની નોકરી સ્વીકારી હતી. પછી વ્યાપારમાં વિશેષ કુશળતા પામતાં સ્વતંત્ર રૂઇ, અનાજ અને કમીશન એજંટનો ધંધો પોતાના જીવનમાં શરૂ કર્યો હતો. તેમના ધંધાની લાઇનમાં વૃદ્ધિ થતાં આર્થિક સ્થિતિ પણ વધવા લાગી, સાથે વ્યાપારી તરીકે પણ ખ્યાતિ વધવા લાગી. જૈનસમાજ (સંઘ)માં પણ શેઠ દીપચંદભાઇ, દેવ ગુરૂ અને ધર્મના શ્રદ્ધાવાન હોવાથી પ્રતિષ્ઠા વધવા લાગી. શેઠ દીપચંદભાઇ ભદ્રિક, સરલ, માયાળુ અને વિવેકી હતા, જેથી જ્યારે જ્યારે જ્ઞાતિ કે સમાજમાં કોઇ વખત મતભેદ કે મમત્વના પ્રસંગો ઉપસ્થિત થતાં તે પ્રસંગે પોતાની સરલતા અને વ્યવહાર કુશળતાનો ઉપયોગ કરી શાંતિ સ્થાપવામાં અગ્રભાગ લેતા; અત્યારે તેવા પુરૂષોનો અભાવ સમાજ અને જ્ઞાતિના ઉત્પન્ન થયેલા કલેશ વખતે યાદ કરાવે છે. ધર્મ ઉપર પૂર્ણ ભકિતને લઇને સંવત ૧૯૪૭ ની સાલમાં સહકુટુંબ શ્રી કેશરીયાજીની યાત્રા કરી અને તેમજ ૧૯૫૯ ની સાલમાં અત્રેના શ્રી દાદાસાહેબની વાડીના મંદિરમાં પ્રતિષ્ઠા કરી પ્રભુ ભકિત કરી.

પોતાની વૃદ્ધાવસ્થા નજીક આવતી જાણી બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરી મનુષ્યજન્મનું પણ સાર્થક કર્યું. વળી પોતાના સ્વામીભાઇઓ પ્રત્યેના પ્રેમને લઈ રૂપીઆ બે હજાર અત્રે શ્રી સંઘમાં થતાં પર્યુષણના સ્વામીવાત્સલ્ય ફંડ ( શ્રી સંઘના જમણ )માં શ્રી સંઘને સુપ્રત કરી મળેલ લક્ષ્મીનો સદ્વ્યય કર્યો. એવી રીતે વ્યવહારમાં જીવન ભોગવી ૭૦ વર્ષની ઉમરે સં. ૧૯૭૫ ના શ્રાવણ વદી ૪ના રોજ શેઠ દીપચંદભાઈ સ્વર્ગવાસ પામ્યા. તેઓશ્રીને સંતતિમાં બે પુત્રો **ભાઇ શ્રી પરભુદાસ** અને **ભાઈ હરજીવનદાસ** હૈયાત છે. અને એક પુત્રી બેન કસ્તુરનો સ્વર્ગવાસ થયેલ છે. **ભાઇપરભુદાસ** અને **ભાઈ હરજીવનદાસે** પિતાનો વારસો લક્ષ્મી અને વ્યાપારી કુશળતા બંને લીધેલ છે. બંને બંધુઓ આ સભાના સભાસદ હોવા સાથે ભાઇ હરજીવનદાસ તો આ સભાના હાલ સેક્રેટરી છે. બંને ભાઇઓએ તેમના પિતાશ્રીના પાછળ અઠ્ઠાઈ મહોત્સવ, સમવસરણની રચના, અને સ્વામિવાત્સલ્ય વગેરે ધાર્મિક કાર્યો કરી પિતાની ભકિત પણ સાચવી લીધી છે.

ભાઇ હરજીવનદાસે કેળવણી અને ધાર્મિક શિક્ષણ સામાન્ય મેળવ્યાં છતાં ધર્મશ્રદ્ધા હોવા સાથે વ્યાપારી કુશળતાના કેટલાક અંશો પિતા કરતાં તેમનામાં વિશેષ પ્રગટતાં આર્થિક સ્થિતિમાં વૃદ્ધિ થતાં આ સભા ઉપરના પ્રેમને લઇને પોતાના પૂજ્ય પિતાના સ્મરણ નિમિત્તે કંઇ જ્ઞાનોદ્ધારનું કાર્ય અને જૈન સાહિત્યનો વિકાસ વિશેષ થાય તેમ ઇચ્છા થતાં રૂા. ૧૦૦૦) એક હજાર પોતાના સ્વર્ગવાસી પિતાના નામથી સિરિઝ (ધારા પ્રમાણે) પ્રકટ કરવા આ સભાને અર્પણ કરવાની ઇચ્છા જણાવતાં, ધન્યવાદ સાથે તે સ્વીકારી બંધુ હરજીવનદાસની ઇચ્છા મુજબ આ અષ્ટમ પ્રભુ શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચરિત્ર શેઠ દીપચંદ ગાંડાભાઇના સીરીઝ તરીકે પ્રગટ થાય છે. સ્વકમાઇવડે સુકૃત લક્ષ્મીનો વ્યય, ધર્મપ્રેમ સિવાય થઇ શકતો નથી. બંધુ હરજીવનદાસ એવી રીતે મળેલી લક્ષ્મીનો વિશેષ વિશેષ પ્રકારે ઉત્તમ માર્ગમાં વ્યય કરે એમ ઇચ્છીયે છીયે.

**પ્રસિદ્ધ કર્ત્તા.**



શેઠ હરજીવનદાસ દીપચંદ—ભાવનગર.
અનાજ તથા રૂના વેપારી અને
( મંત્રી શ્રી જૈન આત્માનંદ સભા. )

'આનંદ' પ્રી. પ્રેસ—ભાવનગર.

## શાહ દીપચંદ ગાંડાભાઇ ગ્રંથમાળા સંબંધી

# બે બોલ.

આ શહેરની જૈન સમાજના અગ્રગણ્ય સ્વર્ગવાસી શેઠશ્રી **દીપચંદ ગાંડાભાઇ**ના પુણ્યાર્થે અને જૈનસાહિત્ય તેમજ જ્ઞાનની અભિવૃદ્ધિ માટે તેના સુપુત્ર ભાઇ **હરજીવનદાસે** પોતાના પૂજ્ય પિતાશ્રીના નામથી સિરિઝ ( ગ્રંથમાળા ) પ્રગટ કરવા માટે આ સભાને એક રકમ ( સભાએ કરેલ ઠરાવ મુજબ ) ભેટ આપેલ છે; જે મુજબ આ ગ્રંથ સ્વર્ગવાસી શેઠશ્રી **દીપચંદ ગાંડાભાઇ**ની ગ્રંથમાળાનાં પ્રથમપુષ્પ તરીકે પ્રકટ કરવામાં આવેલ છે. સ્વર્ગવાસ પામેલાઓની પાછળ આવા ઉપયોગી ગ્રંથો પ્રસિદ્ધ કરી, કરાવી, જ્ઞાનોદ્ધારના ઉચ્ચ કાર્ય કરવા તે પ્રશંસનીય હોઈ, તેવો માર્ગ આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર તે સ્વર્ગવાસી શેઠ દીપચંદભાઇના સુપુત્રે ગ્રહણ કર્યો છે જેથી તેઓ ધન્યવાદને પાત્ર છે.

**પ્રસિદ્ધકર્ત્તા.**



શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત,

## શ્રી ધર્મબિન્દુ ગ્રંથ.

**આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.**

**( મૂળ અને મૂળ ટીકાનું શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )**

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં ચૌદસોને ચુંમાલીશ ગ્રંથોના કર્તા તરીકે પ્રખ્યાત છે, તેની કૃતિમાં અદ્ભુત અને સુબોધક રચનાનું દર્શન થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. તે મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના ધર્મ બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યો છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે, જે વાંચવાથી વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ–સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃતિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજરાતી ટાઇપમાં છપાવેલ છે.

ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઈપથી છપાવી, સુશોભિત પાકા કપડાના બાઇંડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારશેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂા. ૨–૦–૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

# શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર સાથે જૈન મહાભારત-પાંડવ કૌરવનું વર્ણન, અતૂલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્દભુત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્દ-ભૂત જીવન વૃત્તાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પૂણ્યશાળી જનોના ચરિત્રથી ભરપૂર છે. વળી સુંદર ટાઇપ, સુશોભિત બાઈન્ડીંગથી અલંકૃત કરેલ વાંચતા આલ્હાદ ઉપ્તન્ન થાય છે. કિં. રૂા. ૨-૦-૦ પોસ્ટેજ ખર્ચ જુદું.

## ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

# જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિ-હાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીસ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર વગેરે છે. કાવ્યનો રચનાકાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચાર વિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યકિત મહાશયોના રંગથી રંગાએલ હોઇ તેમાંથી અદ્દભૂત કલ્પના ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે.

**કિંમત ૨-૧૨-૦ પોસ્ટેજ જુદું.**

# વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| **પ્રથમ પરિચ્છેદ.** | |
| દેવ, ગુરૂ, સરસ્વતીની સ્તુતિ... ... ... | ૧ |
| શ્રી ચંદ્રપ્રભસ્વામીનું મહાત્મ્ય... ... ... | ૨ |
| સાત્ત્વિકપણા ઉપર પ્રથમ અજાપુત્ર રાજાની કથા ... | ૫ |
| સાત્ત્વિકપણા ઉપર બીજી જીમૂતવાહનની કથા. ... | ૪૩ |
| સાત્ત્વિકપણા ઉપર ત્રીજી હરિશ્ચંદ્રની કથા. ... ... | ૫૩ |
| સાત્ત્વિકપણા ઉપર ચોથી વજ્રાયુદ્ધની કથા ... ... | ૮૫ |
| સમ્યક્ત્વ ઉપર આરામનંદનની કથા. ... ... | ૧૦૨ |
| વિનય પ્રધાન એવી હરિષેણ-શ્રીષેણની કથા ... ... | ૧૪૩ |
| અજાપુત્રના પૂર્વભવનું વૃતાંત... ... ... | ૧૭૪ |
| બુદ્ધિવિલાસ ઉપર રત્નમાળાની ( અવાંતર ) કથા. ... | ૧૯૫ |
| બીજી શંકુતલાની ( અવાંતર ) કથા. ... ... | ૨૧૧ |
| **દ્વિતીય પરિચ્છેદ.** | |
| શ્રી ચંદ્રપ્રભસ્વામીનો જન્મ અને દેવતા તથા ઇંદ્રોએ કરેલા જન્મ મહોત્સવ ... ... | ૨૨૭ |
| પ્રભુના સુંદર દેહનું વર્ણન... ... ... | ૨૩૭ |
| શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું વ્રતગ્રહણ તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ ... | ૨૪૧ |
| પ્રભુની દેશનામાં સમ્યક્ત્વનું વર્ણન. ... ... | ૨૪૫ |
| પ્રભુએ કરેલ ચતુર્વિધ સંઘ સ્થાપના. ... ... | ૨૫૧ |
| શ્રી ચંદ્રપ્રભુસ્વામીના પૂર્વભવનું વર્ણન. ... ... | ૨૫૩ |
| પુણ્યવૃદ્ધિ ઉપર મદનસુંદરની કથા. ... ... | ૨૫૬ |
| દાનાદિકથી પુણ્ય નહિં ઉપાર્જન કરવા ઉપર મંગલની કથા. | ૨૬૮ |
| વિનય ઉપર વિનીતની કથા... ... ... | ૨૭૩ |
| વિનયહીનપણા ઉપર ભોગરાજની કથા. ... ... | ૨૭૭ |

દાન ઉપર કામકેતુની કથા... ... ... ૨૮૨
ભયથી દાન આપવા ઉપર સોમની ( અવાંતર ) કથા. ... ૨૮૯
ઉપરોધથી દાન આપવા ઉપર સુંદરની ( અવાંતર ) કથા... ૨૯૩
ભાવદાન ઉપર વણિક સુતની ( અવાંતર ) કથા. ... ૨૯૬
દાન નહિં દેવા ઉપર કુરંગની કથા. ... ... ૩૦૧
શીલવ્રત ઉપર અમાત્યસુતાની કથા. ... ... ૩૦૫
શીલના નાશ કરવા ઉપર શ્રીકાંતાની કથા. ... ... ૩૧૧
તપ ઉપર નાગકેતુની કથા... ... ... ૩૧૭
શકિત છતાં તપ નહિં કરવા ઉપર માનપૂંજની કથા. ... ૩૨૧
ભાવના ઉપર અસમંત પુરૂષની કથા. ... ... ૩૨૫
ભાવના વિના ધર્મ નિષ્ફળ છે તે ઉપર વણિકની કથા. ... ૩૨૯
વર્ષાકાળમાં ધર્મારાધન કરવા ઉપર સિદ્ધચોરની કથા. ... ૩૩૩

## ( શ્રી ચંદ્રપ્રભુસ્વામીની દેશના. )

દયા ઉપર મંત્રીદાસીની કથા... ... ... ૩૩૯
સત્યવ્રત ઉપર સ્મરનંદનની કથા ... ... ૩૪૪
અદત્તાદાન વિરમણ વ્રત ઉપર દાનપ્રિયની કથા. ... ૩૪૮
બ્રહ્મચર્યવ્રત ઉપર મદનમંજરીની કથા. ... ... ૩૫૩
પરિગ્રહ પરિમાણવ્રત ઉપર ધર્મમતિની કથા... ... ૩૬૦
દિશાપરિમાણવ્રત ભોગપભોગવ્રત, અનર્થદંડવ્રત, સામાયિકવ્રત, દેશાવકાશિકવ્રત, પૌષધવ્રત. અતિથિસંવિભાગવ્રત, ઉપર વિવેચન. ... ૩૬૬
તત્ત્વોનો અધિકાર. ... ... ... ૩૬૮
શ્રી આઠમા જિનેશ્વરનો પરિવાર. ... ... ૩૭૨
શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનું મોક્ષ ગમન અને ઇંદ્રો તથા દેવતાઓએ કરેલ નિર્વાણ મહોત્સવ ... ૩૭૩

॥ श्री चंद्रप्रभस्वामिने नमः ॥

श्री देवेन्द्राचार्य विरचित—

# श्री चंद्रप्रभस्वामीनुं चरित्र.

## મંગળાચરણ.

જે દર્શનમાત્રથી હર્ષ પામતા જનોનાં લોચનરૂપ ચંદ્રકાંતને સતત આંતર જળ–પ્રમોદયુક્ત બનાવનાર એવા શ્રી **ચંદ્રપ્રભસ્વામીઇશ**–શિવમિત્રચંદ્રની જેમ જયવંત વર્ત્તે છે. એ પ્રભુ અષ્ટમ છતાં અનેક શ્રેય કરનાર છે અને ચંદ્રમા તો અષ્ટમ સ્થાને રહેતાં, મિત્રને વિઘ્નકર્ત્તા થાય છે.

સમસ્ત ભરતક્ષેત્રમાં બોધિબીજ વાવવા માટે પૂર્વે જેણે ધુરાને ધારણ કરી, એવા **શ્રી આદિનાથના** ખભે લટકતી કેશાવલિ, કિણકાલિમા–ઘર્ષણશ્યામતાની માફક શોભતી હતી.

અન્ય લોકો તો જે નાગની નજીક જતાં પણ ભય પામે, તે શિરપર આરૂઢ થયેલ જોઇ જાણે ભય પામ્યા હોય તેમ કર્મો જેનાથી દૂર ભાગ્યા; વળી ત્રણે ભુવનના વ્યાધિસમૂહને ટાળવામાં

વૈદ્ય, વિઘ્નોને વિખેરી નાખવામાં પ્રચંડ પવન તૂલ્ય તથા મોક્ષ—કમળ પ્રત્યે ભ્રમરની જેમ ત્વરિત ગતિ કરનાર એવા શ્રી **પાર્શ્વનાથ** તમારૂં રક્ષણ કરો.

જે ચંડકૌશિક રક્તપાન કરવા આવતાં, માત્ર જીતવા લાયક પવનનુંજ પાન કરી શક્યો, એટલે તેના દુઃખે જેમનું મન પીગળી રહ્યું કે જેથી ત્યાં કામને આવવાનું સ્થાનજ ન રહ્યું; વળી પોતે છદ્મસ્થ છતાં, જે કામ અજ્ઞતાને લીધે દેવાંગનાઓનું સૈન્ય લઈને જીતવા આવ્યો, છતાં જે ફાવી ન શક્યો; તેવા દયાળુ અને નિર્વિકારી **શ્રી મહાવીર** તમારા કલ્યાણ નિમિત્તે થાઓ.

વળી બીજા બાવીશ જિનેશ્વરો શ્રેષ્ઠતા આપો, શ્રુતદેવી—**સરસ્વતી** મારી અજ્ઞાનતા દૂર કરો, જેમણે મને સ્નિગ્ધ દૃષ્ટિથી જોયો એવા ગુરૂ તથા **શ્રી ગૌતમ** પ્રમુખ ગણધરોને હું વંદન કરૂં છું.

એ પ્રમાણે વિઘ્ન—વિઘાતક પરમ—આત્માઓને અહીં ત્રિવિધ પ્રણામ કરી, સ્વાભીષ્ટ શ્રી અષ્ટમ તીર્થંકરનું ચરિત્ર રચવાનો પ્રયત્ન કરીશ. હે ભવ્યો! તે તમે અખંડ સુખ નિમિત્તે સાંભળો. જે પ્રાણી ચતુર્વિધ ધર્મને આચરે છે, તેને ચાર ગતિ તજી દે છે અને પ્રશસ્ત એવી પંચમી ગતિ—મુક્તિ પ્રાપ્ત થાય છે, માટે તેમાં પ્રયત્ન કરો.

## શ્રી ચંદ્રપ્રભસ્વામીનું મહાત્મ્ય.

આ સંસારમાં નિષ્કારણ અનાદિકાળના શત્રુ એવા કર્મોએ આત્માઓને બાંધીને અનંતકાયરૂપ કેદખાનામાં નાખી દીધા છે, ત્યાં જાણે અન્યોન્ય સંમર્દથી રહેવાને અસમર્થ થયા હોય, તેમ કોઇ રીતે તે પ્રત્યેક વનસ્પતિમાં જવા પામે છે, ત્યાંથી ભાગી છુટવાની ઇચ્છા છતાં કર્મથી ભય પામતાં તે વિષ્ટા ખાનાર ગાયની જેમ પ્રત્યેક વનસ્પતિમાંજ લાંબો વખત ભમ્યા કરે છે. યથાપ્રવૃત્તિકરણના યોગે તે બંધનથી મુક્ત થતાં તે મંદ ચેતનાયુક્ત જીવો

પૃથ્વીકાયાદિ ગર્ત્તા–ખાડામાં પડે છે, ત્યાં પણ પોતપોતાની કાયને વિષે ઘાત, તાડન અને પીડનવડે સતત અનિર્વાચ્ય કષ્ટદશાને પામે છે. ત્યાં મહાકષ્ટે કર્મરૂપ કલ્લોલથી એકેંદ્રિયત્વરૂપ મહાસાગર થકી વિકલેંદ્રિયરૂપ કિનારે અથડાઇને પહોંચે છે. તેમાં કાળાતલના ઢગલામાં જેમ એકાદ ઉજ્વળ તલ હોય, તેમ દુષ્કર્મ સમૂહમાં સ્હેજ શુભ કર્મનો અંશ હોય છે. એટલે કોઇવાર દૈવયોગે તે શુભ કર્માંશના બળે દુષ્કર્મ–રાશિ ઓળંગીને પંચેંદ્રિયપણાને પામે છે. એ પંચેંદ્રિયરૂપ જળનીકમાં વહેતા પાણીની માફક દુષ્કર્મથી પ્રેરાતાં તે નીચાં નીચાં સ્થાનોમાં જાય છે. ધર્મરૂપ જળયંત્ર વિના ઉંચે ચઢવાને અસમર્થ એવા તે જળની જેમ નીચે નીચે જતાં કર્મ–રજથી ઉદ્ધાર પામે છે. એટલે સત્કર્મરૂપ મેઘવડે પંચેંદ્રિયરૂપ પર્વતપર જતાં પણ દુષ્કર્મ માર્ગદર્શક હોવાથી તેઓ નીચે કર્મ–રજમાં પડે છે. વળી કદાચ સુવર્ણના સ્થાનરૂપ પંચેંદ્રિયત્વરૂપ મેરૂ પર તેઓ જળની જેમ મનુષ્યપણારૂપ કલ્પવૃક્ષના સ્થાને જાય છે. એટલે શ્રેષ્ઠ છાયાયુક્ત મનુષ્યત્વ–કલ્પવૃક્ષ તેમને ઇષ્ટ ફળ આપે છે, જેથી ગુણ–લાભ થાય છે. ગુણવડે જીવો સદાચારી બને છે, છતાં તેઓ ક્રીડા–કંદુકની જેમ દૈવયોગે નીચે પડીને પણ ઉંચે આવે છે. વળી ક્રોધ, માન, માયા અને લોભ, સ્વેચ્છાએ ક્રીડા કરતાં, તે જીવ–કંદુકને તરતજ કર્મરજના ઉંચા ઢગપર નાખે છે, અને પોતાના બળે તેમને નરક પમાડે છે તથા કુવિદ્યારૂપ પ્રચંડ દૃષ્ટિવડે તેઓ જીવ–કંદુકને મારવા દોડે છે, તેમને પાછા વાળવા માટે કષાયના પ્રતિપક્ષી એવા દાન, શીલ, તપ અને ભાવરૂપ અન્ય સૈન્ય સામે થાય છે. તેઓ જીવોને નિર્વાણપદની ભૂમિકાએ પહોંચાડવાના છે અને તેમને ઉંચે કરવા–ચડાવવા માટે શ્રદ્ધારૂપ સરલ દૃષ્ટિને તેઓ ધારણ કરી રહ્યા છે. ત્યાં તે બંને પક્ષ મળી, ડાબી અને જમણી બાજુ ઉભા રહ્યા. જ્યારે કષાયોએ પ્રથમ કુવિદ્યાવડે કંદુકોને મારતાં

એકજ ઘાતથી તેઓને નરકભૂમિકામાં પહોંચાડ્યા, જેથી દાનાદિક અશક્ત થઇને ત્યાંજ ઉભા રહે છે. એમ ક્રમવિના એકવાર દાનાદિકને પરાભવ પમાડી, કષાયોએ પુનઃ જીવ–કંદુકોને રજપુંજમાં નાખ્યા. એટલે વળી પાછા દાનાદિક સજ્જ થઇને શ્રદ્ધાવડે તેમને ઉંચે પ્રેરે છે, પણ ઉંચે જતાં તેમને અર્ધમાર્ગથીજ કષાયો નીચે પાડે છે, અને પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેમને સુખે નરકભૂમિમાં લઇ જાય છે. તેમની પાસેથી પાછા વાળવાને દાનાદિક પંગુની જેમ અસમર્થ થઇ બેસી રહ્યા. એ પ્રમાણે નિત્ય પ્રયત્ન કરતા જીતશાળી કષાયો દાનાદિક આગળથી પણ જીવોને નરકભૂમિમાં લઇ જતા, એમ બળવંત કષાયોથી પોતાને પરાભૂત થયેલ સમજીને દાન, શીલ, તપ અને ભાવ અસમર્થ બની ખેદ પામવા લાગ્યા, અને દરિદ્ર કુટુંબના મનુષ્યોની જેમ અશક્ત બનેલા તેઓ, જીવોને પાછા વાળવાના વિધાનમાં પરસ્પર કલહ કરવા લાગ્યા, ત્યાં દાને કહ્યું કે—'હું કલીબ હોવાથી શું કરી શકું? હું પોષણ પામવાથીજ બધું કામ કરી શકું. પોતાનેજ પુષ્ટ બનાવતા કષાયોએ જીવોને વશ કરવાથી તેઓ મને પોષી શકતા નથી અને તેથી અનુક્રમે હું ક્ષીણતા પામ્યો. એ પ્રમાણે શીલાદિકે પણ પોતપોતાની ક્ષીણ દશા પરસ્પર કહેતાં, પોતે અશક્ત બની, તેઓ સત્ત્વની અપેક્ષા કરવા લાગ્યા. તે સત્ત્વ તો અત્રે દુર્લભ છે અને તે ક્યાંકજ જોવામાં આવે છે. જેનામાં સત્ત્વ હોય, દાનાદિક પણ તેનોજ આશ્રય કરે. સાત્ત્વિકના આશ્રયથી દાનાદિક પોતે પુષ્ટ થઇ, કષાયોને હઠાવીને જીવોને મોક્ષે લઇ જાય છે. માટે ચતુર્વિધ ધર્મ સત્ત્વથીજ સબળ થાય છે અને અન્યત્ર યશ કે અર્થાદિકમાં પણ સત્ત્વજ મુખ્ય છે. જેણે સત્ત્વનો આશ્રય લઇ, દાનાદિકને પોષ્યાં અને સર્વ આત્માઓને પોતે મોક્ષમાર્ગ બતાવ્યો, તથા નિષ્કારણ ઉપકારી અને ત્રણ જગતના સ્વામી એવા તે **શ્રી ચંદ્રપ્રભસ્વામીનું** ચરિત્ર કહેવામાં આવે છે.

# ચરિત્ર પ્રારંભ.

## પ્રથમ ભવવર્ણન અને પ્રથમ સત્વ ઉપર અજાપુત્રની કથા.

પ્રથમ ભવે સ્વામીનો જીવ **પદ્મ** નામે રાજા, બીજે ભવે **વૈજયંત** વિમાનમાં દેવ અને ત્રીજે ભવે **ચંદ્રપ્રભ** જિનેશ્વર થયા. કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં, **દત્ત** ગણધરના પૂછવાથી સ્વામી પોતે પોતાના બંને પૂર્વભવ કહી સંભળાવશે. સ્વામિરાજ્યના પ્રથમ રાજા અને પ્રભુના આદિગણધરના **અજાપુત્ર** નામે રાજાની કથા પ્રથમ સત્ત્વપર કહેવામાં આવે છે.

સદા ફળયુક્ત અને શાશ્વત અહીં જંબૂ નામે વૃક્ષ છે કે જેને દ્વીપો અને સમુદ્રો વાડની જેમ ચોતરફ વેષ્ટિત થઇને રહ્યા છે. શેષનાગના મસ્તકરૂપ ખીલાપર રહેલ અને મેરૂરૂપ માટીના પિંડથી મંડિત એવા કુંભારના ચક્રની જેમ જ્યાં જ્યોતિષીઓ ભાંડ–માટીના વાસણ જેવા લાગે છે. ગ્રહોમાં જેમ સૂર્ય અને અર્થોમાં જેમ ધર્મ, તેમ બધા દ્વીપોમાં અદ્ભુત અને પ્રથમ **જંબૂદ્વીપ** નામે દ્વીપ છે. **જૈન**મતમાં તત્ત્વો, શરીરમાં ધાતુઓ અને આકાશમાં જેમ ઋષિઓ પણ સાત છે, તેમ અહીં સાત ક્ષેત્રો છે;

તેમાં પાંચસેં છવીશ યોજન અને છ કળા–પ્રમિત **ભરત** નામે ક્ષેત્ર છે. ત્યાં સુવર્ણ–ચૈત્યોમાંના જિનબિંબોના સ્નાત્ર–મહોત્સવાદિકથી મેરૂચૂલિકા કરતાં પણ શ્રેષ્ઠ એવી **ચંદ્રાનના** નામે નગરી છે. જળ વડે નદીની જેમ રત્નકિરણોથી પૂર્ણ એવી જે નગરીમાં ગગનાબ્ધિ તરવામાં સમર્થ એવા રવિકિરણો ડૂબી જતા, એજ એક આશ્ચર્ય હતું. જ્યાં ઉપરની અગાશીપર આરૂઢ થયેલ તરૂણીઓના મુખ–ચંદ્રની શ્રેણિ સાક્ષાત્ દેખાતાં, અંગુલિથી બતાવવા લાયક ચંદ્રમા લાંછનથી ઓળખાતો હતો. વળી પાસેના ઉપવનોમાં જ્યાં નીલરત્નોનાં મકાનો તે જાણે પીંછાંયુક્ત મયૂરો જમીનપર બેઠા હોય તેવાં ભાસતાં હતાં. વળી જ્યાં સરિતા, કુવા, સરોવર, વાપી પ્રમુખ વિદ્યમાન છતાં એક મોટું આશ્ચર્ય હતું કે કૂપદેશા એટલે કુ–કુત્સિત ઉપદેશ આપનારા અને જલાશયો અર્થાત જડ આશયના લોકો ત્યાં ન હતા. તે નગરીમાં આકાશમાં ચંદ્રની જેમ **ચંદ્રાપીડ** નામે રાજા હતો કે જેની અસિલતા વૈરીઓના મસ્તકપર પડતાં, તેમના ભાલપરના રાજ્યાક્ષરો લઇ, પોતે ધારણ કરવાને અસમર્થ હોવાથી શોણિત–બિંદુઓથી તે સાક્ષર બની, અને ક્ષત્રીઓમાં છત્ર સમાન એવા જનને તે અક્ષરો ફરી નાયકપણે આપતાં તે રાજાનું ઉપાધ્યાયપણું સુજ્ઞ જનોના હૃદયમાં આશ્ચર્યકારક થઇ પડયું. વળી ઉત્કટ યુદ્ધમાં શુદ્ધ થયેલા શરીરવાળા જે શત્રુઓની કીર્ત્તિ–કમલિનીના કંદને છેદવાના વિનોદમાં પ્રમોદ ધરનાર જે રાજાએ ક્રીડા કરતાં, તેમની સ્ત્રીઓના અશ્રુમિશ્ર કવોષ્ણરૂપ મેઘથી જેના યશરૂપ હંસ આકાશગંગા પ્રત્યે જતાં, સ્વર્ગમાં રહેલા શત્રુઓએ તેને પકડી રાખ્યો. ત્યાં ધર્મમાં નિષ્ણાત, શાંત, દયાવાન્, વેદ અને જ્યોતિષ–શાસ્ત્રમાં વિશારદ એવો **ધર્મોપાધ્યાય** નામે બ્રાહ્મણ હતો. પતિને દેવસમાન માનનાર એવી **ગંગા** નામે તેની ગૃહિણી કે જેને છ પુત્રી પછી સાતમો પુત્ર અવતર્યો. એટલે બ્રાહ્મણે પોતે પુત્રના

જન્મ-ગ્રહનું ફળ જોતાં તેણે જાણ્યું કે 'એ પુત્ર આજ નગરીમાં ઉત્તમ રાજા થશે.' પછી મનમાં વિષાદ પામીને તે દ્વિજ ચિંતવવા લાગ્યો કે—'હા ! આ મારો પુત્ર વિપ્રવંશનો શત્રુ થયો. જો કે રાજા આશ્રમનો ગુરૂ અને વિષ્ણુમૂર્ત્તિ કહેવાય છે, તથાપિ એનામાં મારી પ્રીતિ નથી. કારણકે રાજ્ય નરકને આપનાર છે. આ પુત્રે પૂર્વજન્મમાં એવું પુણ્ય બાંધ્યું છે કે જેથી આ નગરીમાં એ અવશ્ય રાજ્ય કરવાનો છે. જો એ મારા ઘરે રહેતાં દૈવયોગે રાજ્ય પામશે, તો તેમાં વ્યગ્ર થતાં તે વિપ્રકુલાચારનો અનાદર કરશે. વળી એ રાજાને લઇને સુખલંપટ મારા વંશજો બ્રાહ્મણ-આચાર નહિ પાળે, તેથી પણ અમારા કુળમાં તો હીનતાજ આવશે. જે જેના કુળમાં ઉત્પન્ન થતાં તેના આચારથી વર્જિત થાય છે, તે ધનવાન્ છતાં અજ્ઞ યતિની જેમ નિંદાપાત્ર બને છે. અહા ! મને ધિક્કાર થાઓ કે જેને આવો આચારભ્રષ્ટ પુત્ર પ્રાપ્ત થયો. અરે ! ધિક્કાર છે કે એ રાજ્યયોગ્ય છતાં મારે ઘરે અવતર્યો. તો પોતાના કુળથી ઉતરેલ એને તજતાં મને દોષ નથી અને એના પુણ્ય પુષ્ટ હોવાથી મારા તજતાં પણ એ નાશ તો નહિજ પામે. એમ ધારીને તેણે પોતાની ગૃહિણીને જણાવ્યું કે—'હે પ્રિયે ! આ તારો પુત્ર આપણા કુળનો ઉચ્છેદ કરનાર છે, માટે ક્યાંક એને તજી દે. કારણ કે કોઇવાર ઇષ્ટત્યાગ પણ સુખાર્થે થાય છે. સ્નેહથી લાલિત કરેલા કેશ કપાવવાથી રોગીને આરામ થાય છે.' પતિનું એ વચન સાંભળતાં તે ભારે દુઃખ પામીઅને પુત્ર ત્યાગની આજ્ઞા જાણે વિસ્મૃત થઇ હોય તેમ તે મૂર્છા પામી. પછી પ્રથમ પ્રવેશ પામેલ પતિની આજ્ઞાએ તેના મનોદુર્ગમાંથી સપત્નીની જેમ બલાત્કારથી મૂર્છાને દૂર નસાડી મૂકી, ત્યારે વિલાપપૂર્વક રોતાં તે શોક કરવા લાગી. દુઃખથી ઘેરાયેલા માણસ કયા કયા કષ્ટથી પરાભવ પામતો નથી ? કારણ કે ઇષ્ટ નષ્ટ થાય અને અનિષ્ટ પ્રાપ્ત થાય,

તો કષ્ટ અવશ્ય થાય. હે મિત્ર કહે કે એ રીતે સંસારની અસારતા કેમ ન સમજાય? હવે તેવા પુત્રના ત્યાગમાં દુઃખરૂપ ભાલાને દૂર કરવા માટે તે પતિની આજ્ઞારૂપ બખ્તર ચડાવીને ઘરથકી બહાર નીકળી અને પુત્રત્યાગના કર્મથી પોતને નિંદતી ગંગાએ પ્રભાતે તરતના જન્મેલા બાળકને રસ્તામાં તજી દીધો; છતાં વારંવાર પાછી વળી, શિરે ચુંબન કરતાં રૂદન કરતી તે ભર્ત્તાના આદેશના વશે મહાકષ્ટે ઘરે આવી. એવામાં તે વખતે ત્યાંથી એક બકરીઓનું ટોળું ઉતાવળે નીકળ્યું, તેમાં પૃથ્વીપર પડેલ તે બાળક એક બકરીના જોવામાં આવ્યો; એટલે જાણે પૂર્વજન્મની માતા હોય તેમ સ્નેહ ધરતી તેણે રટન કરતા તે બાળકના મુખમાં દુધ આપવા માટે નીચે નમીને પોતાનું સ્તન ધારણ કર્યું એમ તે ઉભી હતી, તેવામાં તેને હાંકવા માટે પશુપાલ ત્યાં આવ્યો અને તે બાળકને જોતાં તે પોતાના ઘરે લઇ ગયો. પછી પુત્રના અભાવે દુઃખી થતી પોતાની ભાર્યાને તે સોંપતાં તેણે કહ્યું કે—'આ બાળક તને દેવતાએ આપેલ છે.' આથી તે પુત્રની જેમ સ્નેહથી તેનું પાલન કરવા લાગી અને અનુક્રમે બાર વરસનો થતાં તે ભારે પુષ્ટ થયો. તે બંને તેને અજાપુત્રના નામથી બોલાવતા અને પશુપાલ પિતાની સાથે તે પ્રતિદિન પશુઓમાં જવા લાગ્યો. એવામાં એકદા પશુપાલને તાવની બાધા થતાં, તે બાળક બકરીઓ લઇને નગરની બહાર ગયો. તેવા સમયે રાજા શિકારથી પાછો ફર્યો અને નગર ભણી જતાં વચમાં અજાપુત્ર જ્યાં બેઠો હતો, તે વૃક્ષની છાયામાં રાજા બેઠો. તેવામાં સર્વાંગે વિભૂષિત કોઇ યુવતિ અકસ્માત પ્રગટ થઇને રાજાને કહેવા લાગી કે—'હે ચંદ્રાપીડ રાજા! આ અજાપાલ બાલક બાર વરસને અંતે એક લાખ સૈનિકને લઇને તને મારશે.' એમ કહી તે યુવતિ જેટલામાં અંતર્ધાન થઇ, તેવામાં ભય અને વિસ્મય પામતા રાજાએ ચિંતવ્યું કે—

'આ તો અવશ્ય કોઇ નગરની અધિષ્ઠાયિકા દેવીએ મારા પ્રત્યે પ્રીતિ ધરાવીને ભાવી અનર્થનું સૂચન કર્યું'--પછી પશુને ચારતા તે બાલકને જોતાં રાજા ગર્વ લાવી દેવતા વચનનો કંઇપણ નિશ્ચય કરી ન શકયો. ત્યાં સુમતિમંત્રીએ રાજાને જણાવ્યું કે--" હે નાથ! પ્રલયકાળે પણ દેવતાની વાણી કદિ અન્યથા થઇ છે? કદાચ તમને એવો ગર્વ હોય કે--' મને એનાથકી મરણની બીક નથી, તથાપિ નગરથી એને કહાડી મૂકવામાં શી મુશ્કેલી છે? ત્યાં ભલે તેમ કરો.' એમ કહી રાજાના ગયા પછી પ્રધાને સેવકોને હુકમ કર્યો કે-' આ બાળકને એવા સ્થાને મૂકી આવો કે જ્યાંથી તે પાછો અહીં આવી ન શકે.' એટલે અજાપુત્રને લઇ, એક ગહન વનમાં તેને એકલો રોતો મૂકીને તેઓ પાછા પોતાના નગરમાં આવ્યા. પછી અજાપુત્ર એક દિશા ભણી ચાલતાં મૂઢ બુદ્ધિ જેમ ભવનો અંત ન પામે, તેમ તે વનનો અંત ન પામ્યો. એમ ઘણા દિવસે ભમતાં છેવટે તે વનનો અંત પામ્યો. કારણકે વ્યવસાયી માણસ કાર્યનો અંત આણે છે. વળી અદૃશ્ય રહેલ માતાની જેમ તે દેવી તેની પાછળ પાછળ જતાં વિવિધ સ્થાનોમાં તેને દુર્ઘટ આશ્ચર્ય બતાવતી રહેશે. હવે ગર્ભાવાસની જેમ અરણ્યથકી બહાર નીકળતાં કંઇક પ્રમોદ લાવી આગળ જતાં જનનીની માફક આઘે એક નગરી તેના જોવામાં આવી. ત્યારે દરિદ્ર જેમ અલ્પ અલ્પ ઋણ આપે, તેમ હળવે હળવે જતાં પણ માર્ગનો છેડો ન આવ્યો. આ વખતે તે અતિ ક્ષુધાતુર હોવાથી પગ આગળ ચાલતા નહિ અને પિપાસા-રૂપ અંધકારથી આચ્છાદિત તેની દૃષ્ટિ જોવાને અસમર્થ થઇ. એમ કષ્ટથી જતાં વૃક્ષ વિનાના માર્ગમાં તેણે એક યક્ષમંદિર જોયું, કે જે રમ્ય અને તેની મૂર્ત્તિથી અલંકૃત હતું. તેની દક્ષિણ દિશાએ જ્વાળા વ્યાપ્ત, દુઃસહ અને ધગધગતી અગ્નિએ પૂર્ણ એવી એક ગર્ત્તા-ખાડ જોઇ અને તેની ચોતરફ જાણે અગ્નિ-જ્વાળાનું પાન

કરવા તૈયાર થયા હોય તેવા ચાર પુરૂષોને લંગોટી પહેરી બેઠેલા તેણે જોયા. તેમની પાસે જઈ અજાપુત્રે પૂછ્યું કે—' અરે ! તમે કોણ છો અને આ અગ્નિગર્ત્તા પાસે કેમ બેઠા છો ? ' એમ તેના પૂછતાં તેઓ પોતાની કથા કહેવા લાગ્યા કે—' અમે ચારે ભાઇ **ચંપા** નગરીના રહેવાસી છીએ. આ અમારા નાના ભાઇનો એકજ પુત્ર છે અને પૂર્વજન્મના મમત્વને લીધે તેજ બધાના જીવિતરૂપ છે. તે બાળકને દુષ્કર્મયોગે અકસ્માત એવો રોગ થયો કે જેથી તે ખાતો કે સુતો પણ નથી. મંત્ર, તંત્ર, ઔષધ કે દેવતાની માનતા કરતાં કરતાં પણ તેનો રોગ શાંત ન થયો, તેના દુઃખે અમે પણ દુઃખી છીએ. એવામાં એક પરદેશી પુરૂષે બતાવ્યું કે—' વૈશ્વાનરવૃક્ષના ફળોથી એ બાળકનો રોગ જશે..' અમે તેને વૈશ્વાનરવૃક્ષની નિશાની પૂછતાં તેણે કહ્યું કે—' તે આ ગર્ત્તાની અંદર છે.' એમ તેના કહ્યા પ્રમાણે જેટલામાં અમે અહીં આવ્યા, તો એ ગર્ત્તામાં ઉછળતી જ્વાળાયુક્ત અગ્નિ જોયો; વળી એની અંદર એક ફલિત વૃક્ષ પણ દેખાય છે, પરંતુ બળતી અગ્નિયુક્ત ગર્ત્તામાં પ્રવેશ કરવાને અમે કાયર છીએ. અમે કષ્ટ વેઠીને આવ્યા અને ફળ લેવાને અસમર્થ થયા, જેથી ચિંતારૂપ રાક્ષસીવડે સ્તંભિત થયેલાની જેમ અમે નિરાશ થઈ બેઠા છીએ. ' એમ સાંભળતાં પરોપકારમાં કૌતુકી એવો અજાપુત્ર ચિંતવવા લાગ્યો કે—' હું તો ક્ષુધાથી અવશ્ય નાશ પામવાનો જ છું, તો આ ચપલ શરીરથી જો એમનું કાર્ય સધાતું હોય તો મારો જન્મ સફળ છે. કારણકે પરોપકારથી પુણ્યજ થાય છે. નિર્મળ સ્વભાવના માણસો પોતાના આત્મભોગે પણ પરોપકાર કરે છે. જળ સંઘરવા માટે સરોવરની ભૂમિ, ખોદવાની પીડા સહન કરે છે. ' એમ ધારી અજાપુત્રે ધૈર્યથી તેમને કહ્યું કે—' તમે વ્યાકુળ ન થાઓ. એ તમારૂં કાર્ય હું કરી આપીશ. ' એમ કહેતાં તે ગર્ત્તામાં પડયો. એવામાં ' હા ! હા ! એ

બળ્યો, નષ્ટ થયો ' એમ બોલતા તેઓ જેટલામાં રૂદન કરે છે, તેટલામાં બે ફળ લઇને તે બહાર આવ્યો એટલે તેની પ્રશંસા કરતાં તેઓ કહેવા લાગ્યા કે—' સાત્વિક શિરોમણિ ! હે નિષ્કારણ-વત્સલ ! તું જય પામ અને અમારા કુટુંબના પુણ્યે લાંબો કાળ જીવતો રહે. જેનું મન પરાર્થ સાધવામાં સદા રમે છે, તેજ પુરૂષ છે. જેની પ્રિય વાણી પરને માટે સદા વપરાય છે, તેજ પંડિત છે. ક્રિયાથી જે પરનું કામ સાધી આપે, તે પ્રશંસનીય અને સ્વીકારેલ વચનને જે બરાબર પાળે, તે સજ્જનોને સદા વંદનીય થાય છે.' એમ આશીર્વાદ આપતા તેમને તેણે બે ફળો આપ્યાં, જે લેતાં અજાપુત્રની સ્તુતિ કરી, તેમણે પૂછ્યું કે—' હે સજ્જન ! બળ્યા વિના ગર્ત્તાથકી તું બહાર કેમ આવ્યો ?' તે બોલ્યો—' તેમાં રહેલ દેવતાએ મને મદદ કરી. મારા સાહસથી સંતુષ્ટ થયેલ તેણે મને આ બે ફળો આપ્યાં અને બળી રહેલ ગર્ત્તાથકી પોતે લાવીને મને બહાર મૂકયો.' એમ સાંભળી તેમણે કહ્યું કે—' તુંજ એક દુનીયામાં સાત્વિક છે કે પરના કાર્યોમાં પ્રાણ તજવા તૈયાર થયો, અમે તો સ્વકાર્યમાં પણ કાયર છીએ, તો એક ફળ તું ગ્રહણ કર. એ કોઇવાર કામ લાગશે. હે મહાભાગ ! અમારા બાળકનો રોગ તો એક ફળથી નાશ પામશે.' એમ કહી તે ફળ અજાપુત્રને આપી, ઈષ્ટાર્થ–પ્રાપ્તિથી સંતુષ્ટ થયેલા તેઓ પોતાની નગરી પ્રત્યે ચાલ્યા. અજાપુત્ર પણ તેમનું કામ કરી આપવાથી સંતોષ પામતાં ફળ લઇ એક નગરી ભણી ચાલ્યો. એવામાં પુત્રો જેમ પિતાને જુએ, તેમ ફલિત વૃક્ષોવડે મનોહર એક સરોવર રસ્તામાં જોઇ, યાચક દાતારને જોતાં હર્ષ પામે, તેમ તે ભારે પ્રમોદ પામ્યો. પછી તેની પાળપર ચડી, માર્ગના અસહ્ય શ્રમથી આકુળ થયેલ તે પછેડીમાં ફળ બાંધી મૂકીને પાણીમાં પડયો, અને દુઃખાર્ત્ત જેમ ધર્મોપદેશ સાંભળે, તેમ પ્રથમ તેણે પાણી પીધું. પછી વ્રતની જેમ તે સ્નાન કરવા

તૈયાર થયો. એવામાં આમતેમ ભમતો અને કંઠે લટકતા હારયુક્ત કોઇ વાનર તે પછેડી આગળ ગયો. ત્યાં ગાંઠે બાંધેલ ફળ સુંઘતાં ખાવાની ઈચ્છાથી પગવતી ગાંઠ છોડી, તે ફળ લઇને ભાગી ગયો. તેવામાં અજાપુત્ર સ્નાન કરીને આવતાં જેટલામાં પછેડી જુએ છે, તો પુત્રશૂન્ય લક્ષ્મીની જેમ તે જોવામાં આવી. એટલે વસ્ત્રને બરાબર જોતાં પણ ફળ ન મળવાથી ભય અને વિસ્મય પામતો તે મૂઢાત્મા ચિંતવવા લાગ્યો કે—'આ નિર્જન અરણ્યમાં અત્યારે સરોવરપર કોઇ આવેલ નથી, તો અકસ્માત મારા પુણ્યની જેમ તે ફળનું કોણે હરણ કર્યું હશે?' એમ ચિંતવી ચોતરફ દૃષ્ટિ ફેરવતાં, વિસ્મય પામી તે જેટલામાં બેઠો છે, તેટલામાં સાક્ષાત મન્મથ સમાન એક પુરૂષ આવ્યો, તે તરત પાસે આવતાં અંજલિ જોડી, અજાપુત્રને નમીને અમૃત સમાન ભાષાથી કહેવા લાગ્યો—હે મહાભાગ! તે તારૂં ફળ લેનાર વાનર હું પોતે, કે જેના બિટ-વૃંતનો રસ ખાવાથી હું ક્ષણવારમાં પુરૂષ બન્યો છું, તો હવે મહેરબાની કરી, તારૂં તે અક્ષત ફળ અને આ મુકતાફળની માળા સ્વીકાર તથા મારાપર અનુગ્રહ કર. હવેથી હું તારો દાસ, ભૃત્ય અને કિંકર છું. અથવા તો તેં મને દુષ્પ્રાપ્ય મનુષ્યભવ આપ્યો. તું જ્યાં જઇશ, ત્યાં હું છાયાની જેમ તારીસાથે આવવાનો છું.' એમ કહી તેણે અજાપુત્રને હારસહિત ફળ આપ્યું. અજાપુત્રે તેનું વચન સાંભળતાં વિચાર કર્યો કે—'મને વ્યંતરીએ આપેલ આ ફળનું પ્રથમ ફળ મળ્યું કે એનું તિર્યંચપણું મટી રમ્ય મનુષ્યત્વ આવ્યું. વળી 'એકલા ન જવું' એ કહેવત પ્રમાણે આ મારો સહગામી સખા થયો. દેવતા-અધિષ્ઠિત મંત્ર, ફળ, ચૂર્ણ, ઔષધ અને જળથી પ્રાણીના રૂપનું પરાવર્ત્તન થાય, તેમાં સંશય નથી.' એમ વિચારી, તેણે આપેલ ફળ અને મુક્તામાળા લઇ, શાખામૃગ પુરૂષની સાથે તે આગળ ચાલ્યો. જતાં જતાં

સૂર્યાસ્તનો સમય જોઇ, અજાપુત્ર તે શાખામૃગ–નર પ્રત્યે ચાતુર્ય-યુક્ત વચન કહેવા લાગ્યો કે—' હે મિત્ર! વિકાસ પામતા કૈરવ-માંથી નીકળતી ભ્રમરીના ધ્વનિરૂપ ગીતિવડે સૂર્યરૂપ નાટ્યાચાર્ય સૂચન કરી, અંધકારરૂપ યવનિકા–પડદો પડતાં તે નીકળી જાય છે. પછી નક્ષત્રરૂપ વિચિત્ર પાત્રોવડે સુભગ એવી તેને ગગનરૂપ એક રંગભૂમિમાં દૂર ઉપાડી, હવે રાજા–ચંદ્રમાનો પ્રવેશ થવાનો છે,' તે વખતે સંધ્યા થતાં જાણે ' હુંજ અહીં ભીષણ છું, અંગુલી ઉંચી કરીને ભૂમિ જાણે એમ બોલતી હોય તેવી એક દેવકુલિકા તેમણે જોઇ. સર્વાંગે તેઓ થાકયા પાકયા હોવાથી ત્યાં રાતવાસો કરવા ગયા. જ્યાં શાખામૃગ–નર સુતો અને અજાસુત જાગતો રહ્યો. તેવામાં યક્ષમંદિરમાં અકસ્માત અંધકારરૂપ અરણ્યમાં દાવાનળ સમાન ભારે ઉદ્યોત થયો. તે જોતાં દક્ષ શિરોમણિ અને કૌતુકી એવો અજાપુત્ર ઉઠીને હળવે હળવે ત્યાં ગયો. ત્યારે અજાપુત્રના આવતાં જ્યોતિ કંઇક નીચે ચાલી. જેથી તે પણ ભયરહિત તેની પાછળ વિવરમાં પેઠો. જેમ જેમ અજાપુત્ર ચાલતો તેમ તેમ જ્યોતિ નીચે નીચે જવા લાગી અને છેવટે સર્વત્ર સરખી પૃથ્વી આવી, ત્યાંસુધી તે ગઇ. ત્યાં જ્યોતિ અદૃશ્ય થતાં એક નગરી પ્રગટ થઇ. ' અહો! આ શું?' એમ સંભ્રાત થઇ અજાસુત વિચારમાં સ્તબ્ધ થયો કે—' અરે! એ તે ચંચલ જ્યોતિ ક્યાં? કે જે મને નીચે લાવી. આ નગરી કઇ? તે વિવર ક્યાં કે જેમાંથી હું અહીં આવ્યો? અરે! તે શાખામૃગનર બિચારો એકલો રહ્યો. મારા વિના તેનું શું થશે? તે તો એક મારાજ શરણે છે. હવે શું કરૂં અને ક્યાં જાઉં? આ તો ભારે કષ્ટમાં આવી પડયો.' એમ ચિંતવતો તે નગરી પ્રત્યે ચાલ્યો, ત્યાં ફળનું પગવતી ચૂર્ણ કરી અને હાર કેડપર બાંધી, પ્રભાતે નગરીમાં પેસતાં તેણે પાદરમાં એક એવી દિશા જોઇ કે જ્યાં શીયાળવા ઉંચા મુખ કરી બરાડા પાડતા, શોકસૂચક શીયાળ

લણીઓ પોકાર કરતી, ઘૂવડો નિઃશંકપણે અવાજ કરતા, કાગડા આકાશમાં કોલાહલ મચાવતા, કબરીઓ પૃથ્વીપર કલકલાટ કરતી, કૂતરાઓ રાડો પાડતા અને બિલાડા લડી રહ્યા હતા. એમ વિસ્મયપૂર્વક જોતાં તેણે નગરીના મુખ્ય દ્વારમાં પ્રવેશ કર્યો. એટલે જેમ બહાર તેમ અંદર પણ નગરીની તેવીજ દુર્દશા તેના જોવામાં આવી, જાણે રસ્તામાં અંગારા પાથર્યા હોય તેમ કોઇ નગરજન રસ્તે ચાલતો નહિ અને મોક્ષમાંના સિદ્ધની જેમ જે જ્યાં તે ત્યાંજ ક્રિયારહિત થઇ બેઠા હતા. વેપારીઓ તૈયાર થઇ બજારમાં બેસતા નહિ, દેવમંદિરોમાં પૂજા થતી નહિ, પાઠશાળાઓમાં પાઠ બંધ થયા અને બાળકો પણ રમતા નહિ. એમ ચોતરફ શૂન્ય જેવી તે નગરી જોઇ, આમતેમ ભમતાં તે રાજભવન આગળ ગયો. ત્યાં દ્વારપર આરક્ષકને જોતાં તેણે પૂછયું કે—'અહીં લોકો બધા શોક. શલ્યથી વ્યાકુળ કેમ દેખાય છે ?' ત્યારે તે બહુજ મંદાક્ષરે બોલ્યો કે—'હે પાંથ ! મને શું પૂછે છે ? નિર્દય દૈવને પૂછ.' 'તો પણ કહે.' એમ અજાપુત્રે આગ્રહથી પૂછતાં તે બોલ્યો કે—'જો તારો એવો આગ્રહ છે, તો સાંભળ અને દુઃખનો ભાગીદાર થા—એકદા અમારા **દુર્જય** નામના રાજાને શિકાર કરવા અરણ્યમાં જતાં ત્રણ પહોર થઇ ગયા. ત્યાં તૃષાથી પીડાતાં તે ચોતરફ વૃક્ષઘટાથી ગહન એવા વનમાં ભમવા લાગ્યો, ત્યાં કોઇ સ્થળે એક મોટું સરોવર તેના જોવામાં આવ્યું, અને જેટલામાં અન્ય કોઇ આવે, તેટલામાં તો અશ્વથકી ઉતરી, તૃષ્ણાક્રાંત રાજાએ પોતે ત્યાં જઇને પાણી પીધું. તે પાણી પીતાં તરતજ રાજા વાઘ બની ગયો. પાછળ દોડી આવતા લોકોએ તેને પાણી પીતો અને વાઘ થતો જોયો. જેમ સાધ્વીઓને આશ્ચર્ય બતાવવા વિદ્યાશક્તિથી સ્થૂલીભદ્ર પોતે તરત વાઘ બની બેઠા, તેમ એ રાજા પાણીથી વાઘ બન્યો. 'અરે ! અનિષ્ટ થયું, રે અનિષ્ટ થયું' એમ બોલતા

સૈનિકો, વન પ્રત્યે જતા તેને અટકાવવાને ચોતરફ દોડ્યા, પણ પરવશ થયેલો એ નૃપવ્યાઘ્ર સૈનિકો પ્રત્યે દોડયો અને નગરમાં રહેલા પોતાના **નરસિંહ** પુત્રને ફાડી નાખ્યો, જેથી ભારે કોલાહલ થતાં અને સૈનિકોના રોતાં, કોઇ મહાસાત્ત્વિક પદાતિ એકલાએ તેને પુંછડે પકડી લીધો. તે નૃપવ્યાઘ્ર પકડાઇ જતાં, ખળામાં બંધાયેલ વૃષભની જેમ તેને ખૂબ ભમાવી લાવીને ગળે પાશ નાખી દીધો. એમ તે નૃપવ્યાઘ્રને ગાઢ બાંધી બધા તેની ચોતરફ ઉભા રહ્યા, પછી અહીં લાવતાં તેને બલાત્કારે વજ્રના પાંજરામાં નાખી દીધો. એ રીતે રાજા વાઘ બની જતાં અને તેનો પુત્ર મરણ પામતાં નગરીના લોકો બધા અનાથ બની, શોકાતુર થઇ રહ્યા છે.' એમ સાંભળતાં વિશાળબુદ્ધિ અજાપુત્રે તેને પૂછયું કે—'અરે ! તમે કાંઇ મંત્ર, ચૂર્ણ કે ઔષધાદિક એને આપેલ છે ?' તે ખેદથી બોલ્યો કે—'વારંવાર ઘણા મંત્ર, ચૂર્ણાદિ આપ્યા, પણ કોઇરીતે તેને ફાયદો ન થયો. પુણ્ય હોય તો બધું સફળતા પામે. કારણ કે લોકો ધન કમાવી જાણે છે, કોઇ શ્રીમંતની સેવા સમજે છે, મિત્રને સ્નેહી બનાવતાં કે રોગને શમાવતાં, સભામાં છુટથી બોલતા કે શત્રુનું નિકંદન કરતાં અને સમુદ્ર તરતાં પણ લોકોને આવડે છે. અથવા તો શું ન કરી શકે ? પરંતુ સ્વેચ્છાચારી કર્મને જો તે સંમત હોય, તોજ તે ફલિત થાય.' ત્યારે અજાપુત્ર હસીને કહેવા લાગ્યો કે—'મને તે વાઘ બતાવો, જો તેનું પુણ્ય હશે, તો મને કીર્ત્તિ પ્રાપ્ત થશે.' આ તેનું પ્રમાણિક વચન સાંભળતાં આરક્ષક પુરૂષના મનમાં કાંઇક વિશ્વાસ આવ્યો. કારણ કે આર્ત્ત-પીડિત તે નાસ્તિક ન હોય. પછી અંજલિ જોડી આરક્ષકે જણાવ્યું કે—'કૃપા કરી રાજભવનમાં ચાલો.' કારણ કે કાર્યાર્થી બહુ મૃદુ હોય. એટલે અજાપુત્રને લઇને આરક્ષક પુરૂષ ગયો કે રાજવ્યાઘ્ર પૃથ્વીપર પુચ્છ પછાડતો ઉભો હતો-ત્યાં તેને બહાર મૂકી, તેણે અંદર જઇ

અમાત્યને નિવેદન કર્યું. ત્યારે મંત્રીએ આજ્ઞા આપતાં આરક્ષક અજાપુત્રને લઇ અંદર દાખલ થયો. તેને આવતો જોઇ, અંજલિ જોડી, સભાસહિત પ્રધાન ઉભો થયો. કાર્ય કરનાર બાળક પણ મોટો ગણાય છે. તેને સિંહાસનપર બેસારી, પોતે તેની સમક્ષ બેસતાં વિનયવાન્ મંત્રીએ તેને પૂર્વ–વૃત્તાંત બધો કહી સંભળાવ્યો. અને કહ્યું કે— વૈશ્વાનર વૃક્ષમાં રહેલ રાજની કુળદેવીએ સ્વપ્નમાં આવી, મને એકાંતમાં તને ઉદ્દેશીને કંઇક કહ્યું કે અજાપુત્ર એ રાજાનું તિર્યંચપણું દૂર કરશે. તેથી જ્યોતિના મિષે તે સાક્ષાત્ તને અહીં લાવી. માટે કૃપાલુ તું પ્રસન્ન થા અને રાજકાર્ય કરી આપ. સંતજનો સ્વભાવે જ કૃપાવંત હોય છે, તો બીજાની પ્રાર્થના થતાં તો કહેવું જ શું ?' એમ મંત્રીએ અભ્યર્થના કરતાં, કૃપાળુ એવા અજાપુત્રે એકાંતમાં નૃપવ્યાઘ્રને અદ્ભુત ચૂર્ણ આપ્યું, જે રાજાએ ખાતાં પૂર્વ આકૃતિ પ્રગટ થઇ અને તે મનુષ્યરૂપ થઇ ગયો. ' ઔષધનો પ્રભાવ અચિંત્ય હોય છે, એમ તે વખતે સત્ય થયું. ત્યાં રાજાને પૂર્વરૂપમાં આવેલ જોઇ, ભારે હર્ષથી રોમાંચ અને આનંદાશ્રુ ધરતા સચિવાદિક બધા નમી પડ્યા, અને કહેવા લાગ્યા કે—' શત્રુ રાજાઓના કાલરૂપ હે પ્રજાપાલ! તું જય પામ. હે નાથ ! આટલા દિવસ તું કેવી દશા પામ્યો હતો ? તમે અત્રે વાઘ થઇને પોતાના રાજ્યમાં અધિષ્ઠિત છતાં પ્રતિપક્ષીરૂપ હરિણો થકી પણ અમે કાયર થઇ બીતા રહ્યા. હે દેવ ! તમે તેવી દશાને પામતાં સૂર્યોદય થતાં પણ તમારા જીવિતે જીવનારા લોકોને તો સદા અસ્ત જેવુંજ હતું.' એમ કહી મંત્રી પ્રમુખ શાંત થતાં, જાણે પુનર્જન્મ પામ્યો હોય તેમ રાજાએ પોતાની પ્રજાને કુશળતા પૂછી. ત્યાં અજાપુત્રને અજ્ઞાત જોઇ, રાજાએ ભ્રૂસંજ્ઞાથી પ્રધાનને પૂછતાં, તેણે રાજાને નિવેદન કર્યું કે—' હે નાથ ! તમારા તિર્યં-ચપણારૂપ દુર્દિનને ટાળવામાં વાયુરૂપ એણે અત્રે તમારા શરીરરૂપ

ભાવને યથાવસ્થાએ પહોંચાડી છે.' એમ પોતાના સ્વરૂપની સમજણ પડતાં રાજા અજાપુત્રને હસ્તી, અશ્વ, સુવર્ણાદિક પારિતોષિક આપવા લાગ્યો, ત્યારે તેણે જણાવ્યું કે—' હે રાજન્! એ વસ્તુઓની કાંઇ જરૂર નથી, સજ્જનો તો એક પ્રીતિજ માગે છે. અન્ય કાંચનાદિકથી શું? કારણ કે જ્યાં ત્યાં સ્નેહ ન કરવો. મંથન દંડદધિપાત્ર સાથે સંબંધ કરવા જતાં ત્રણ ઠેકાણે બંધાય છે. ઉત્તમ જનો સાથે સંગ કરવો. મલ્લિકા–પુષ્પ સાથે સંગ કરતાં તેલ સુગંધિ બની અનેક જનોને આનંદ પમાડે છે.' આથી વિશેષ સંતુષ્ટ થયેલ રાજાએ અજાપુત્રને પોતાના અપર આત્મા સમાન માનતાં, નગરીમાં મહોત્સવ કરાવ્યો. એટલે વર્ષાકાલે દેડકાની જેમ મૃત–જીવિત થયેલા પૌરજનોએ જયજયારવ કરતાં, નગરીમાં મહોત્સવ કર્યો.

એવામાં એકદા રાજા સાથે ભ્રાતાની જેમ અજાપુત્ર આશ્ચર્યથી શિર ધુણાવતાં તે સરોવર જોવા ગયો, ત્યાં કિનારે રહેતાં રાજા જેટલામાં સરોવરની શોભા જુવે છે, તેટલામાં એક જલચર હાથી નજીકમાં પ્રગટ થયો અને રાજાની નજીકમાં લોચન વિકાસી રહેલા અજાપુત્રને સુંઢવતી ઉપાડીને તે પાછો ક્ષણવારમાં તે સરોવરમાં પેઠો. એવામાં એકદમ 'અરે દ્વિપ! એને હરીને તું ક્યાં જવાનો?' એમ બોલતો રાજા તરવાર ખેંચતાં હાથીની પાછળ કુદી પડયો. એમ આગળ હાથી અને પાછળ પડેલ રાજાએ જોયું તો તે હાથી જોવામાં ન આવ્યો, પણ એક દેવીનું મંદિર તેણે જોયું. એટલે તે વિચારમાં પડયો કે—' તે હાથી કયાં કે જેણે મારા મિત્રનું હરણ કર્યું? અને આ દેવી કોણ કે જેનો પ્રાસાદ સુવર્ણથી બનાવેલ છે. પરંતુ પોતાના પ્રાણે મને બચાવનાર તે મારો મિત્ર કે જેનો બદલો હું કંઇ આપી શકયો નથી. અરે! તેનો હું અનૃણી કેમ

થઇશ ?' એમ ધારી રાજાએ હાથીને મારવા માટે જે તરવાર ખેંચી હતી, તેના વતી તે ચંડિકાની સમક્ષ પોતાનું શિર છેદવા લાગ્યો. તેવામાં 'સાહસ ન કર, સાહસ ન કર.' એમ બોલતી દેવીએ પ્રત્યક્ષ થઇને તેનો હાથ પકડી લીધો, અને કહ્યું કે—'અરે! તેં આ શું કરવા માંડયું છે ? શું તેં સાંભળ્યું નથી કે–પરના વધની જેમ આત્મ–વધથી પણ ભારે પાપ લાગે છે.' રાજા બોલ્યો—'હે દેવી ! તે બધું જાણું છું અને સાંભળું છું, પરંતુ તે ઉપકારી વિના હું જીવી શકતો નથી.' દેવીએ કહ્યું—'તથાપિ હે શૂરવીર ! તું એવું સાહસ ન કર. તે મિત્ર તને છ મહિને મળશે.' એમ કહેતાં, કાનમાં કંઇક ગુપ્ત સંભળાવી, તેને ઔષધિ આપી, પ્રસાદપૂર્વક તે સપ્રભાવી દેવી અદૃશ્ય થઇ, રાજા જ્યાં 'ભલે તેમ થાઓ' એમ બોલી અંજલિ જોડી ઉભો છે, તેવામાં સખીઓ સહિત કોઇ યુવતિ ત્યાં આવી ચડી, કે જે રૂપે સર્વાંગે સંપૂર્ણ, દિવ્ય વસ્ત્ર–વિભૂષણથી વિભૂષિત, તથા તેની સખીએ હાથમાં અનેક પૂજા–ઉપકરણો ધારણ કરેલાં હતાં. તે મંદિરમાં પેસી મહાભક્તિથી ચંડિકાને પૂજી, કંઇક વક્રકટાક્ષે રાજાને જોઇને ચાલી ગઇ. પછી ચંડિકાને નમી, તે ઔષધિ લઇ, તે સ્ત્રીમાં અનુરાગી બનેલ રાજા બહાર આવીને બેઠો. એવામાં કેવળ રૂપવડે નહિ પણ નામવડે પણ કુબ્જા એવી તેણીની દાસી આવી, અંજલિ જોડીને રાજાને વિનંતી કરવા લાગી કે—'હે ભદ્ર ! જ્યારથી અમારી તે સખીએ તને જોયો છે, ત્યારથી કામ તેને તીક્ષ્ણ બાણો માર્યા કરે છે. તારા દર્શનથી પ્રગટ થયેલ અનુરાગવડે તે ગાંડી બની છે, જેથી કાયરતા આવતાં પોતાના પ્રાણની પણ તેને ભારે શંકા થઇ પડી છે. વળી તે કહે છે કે–હે રાહુ ! તું ઉદય પામતાં ચંદ્રમાને ગળી જા, હે સર્પો ! તમે દક્ષિણ–પવનને મૂળથી જ પી જાઓ અને અગ્નિ ! તું કોકિલના ધ્વનિને પોષનાર આમ્રવૃક્ષોને

બાળી નાખ. કારણ કે એ ત્રણે અત્યારે મારા પ્રાણ લેવાને તૈયાર થયા છે. તો **સર્વાંગસુંદરી** નામની તે અમારી સખીએ તને બોલાવવા માટે મને મોકલી છે. માટે હે મહાભાગ ! ત્યાં આવવાની મહેરબાની કર ! રાજા પોતે જ તેમાં અનુરાગી હતો અને તેમાં દાસીએ પ્રાર્થના કરી, એટલે આગળ ચાલતી દાસી સાથે રાજા તેણીના આવાસમાં ગયો, તેને આવતો જોઇ ભારે હર્ષથી લોચન વિકસાવી, તે સર્વાંગસુંદરીએ ઉઠીને રાજાને માન આપ્યું, તથા પોતે તેને સ્નાન-ભોજનાદિક કરાવ્યાં. કારણ કે પ્રૌઢ અનુરાગથી ઉપજેલા પ્રેમને શું દુષ્કર છે ? તે પ્રેમવતીની સાથે ભોગ ભોગવતાં, અત્યાસક્તિને લીધે રાજા પોતાનું રાજ્ય અને મિત્રાદિકને ભૂલી ગયો.

હવે અહીં અજાસુતને હરણ કરી હાથીએ તેને વ્યંતરના આવાસ આગળ મૂકયો. એટલે ' આ બિચારા માણસને પૃથ્વીતલથી અહીં કોણ હરી આવ્યું ? ' એમ બોલતો એક વ્યંતર તેને પોતાના સ્વામી પાસે લઇ ગયો. ત્યાં મહર્દ્ધિક વ્યંતરને નમસ્કાર કરી, અંજલિ જોડી, અજાપુત્રે તેને પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી વ્યંતરસ્વામીએ તેને આશ્વાસન આપતાં કહ્યું કે—'તું બ્હીશ નહિ. તને અમે યથાસ્થાને મૂકી આવીશું. અહીં જ્યાંસુધી તને ગમે, ત્યાં સુધી સ્વગૃહની માફક રહે. ' એમ સાંભળી, તેની ઋદ્ધિથી સંતુષ્ટ થતાં અજાપુત્ર ત્યાં રહ્યો. એક વખતે તેણે વ્યંતરેશને પૂછયું કે—' અહીંથી નીચે કંઇ સ્થાન છે ? ' તે બોલ્યો—' હે ભદ્ર ! અહીંથી નીચે સાત નરક છે, જે પાપીને પાપનું પરિણામ ભોગવવાનાં સ્થાન છે. ' જેથી તે નરકની સ્થિતિ નજરે જોવાને ભારે ઉત્કંઠા પ્રગટ થતાં, પ્રભાવશાળી વ્યંતરેશે તેના મસ્તકપર પોતાનો હાથ રાખ્યો. તેના પ્રભાવરૂપ ઇંદ્રજાળથી સાક્ષાત્ નરક જોતાં અજાપુત્રને વ્યંતરેંદ્ર પોતે નરકની વેદના પૃથક્ વર્ણવીને કહેવા લાગ્યો કે—' રાગ, દ્વેષ, મદ અને ઐશ્વર્યાદિકથી

પ્રાણીઓ મર્ત્યલોકમાં સદા પાપ કરતાં, અહીં આવીને તેઓ ભોગવે છે. પૂર્વભવના કર્મ યાદ કરાવી કરાવીને જો ! જીવહિંસા કરનાર તીક્ષ્ણ શસ્ત્રોવડે છેદાય છે, આ અસત્ય બોલનારને ગરમ સીસું પાય છે, આ પરધન ચોરનારને શૂળીપર ચઢાવે છે, આ પરસ્ત્રીલંપટને અગ્નિએ તપેલ તાંબાની પુતળી સાથે રોતા જીવને બલાત્કારે આલિંગન કરાવે છે, અતિલોભ તથા પરિગ્રહમાં પડેલ આ નારકને ભારે પાપને લીધે કરવતી વિદારે છે. દેવદ્રવ્યનું ભક્ષણ, ઉપેક્ષા કે નાશ કરનાર દીનને અનેક પ્રકારની નરક વ્યથા પમાડે છે, આ વિઘ્નસંતોષી કે પરને સંતાપ આપનારને કુંભીપાકમાં પકાવે છે, તથા પરમર્મ બોલનારને વારંવાર ભેદે છે, મિથ્યાવાદીના મુખમાં ખીલા મારે છે, પરકાર્યના ભંજકને કાપ્યા છતાં તે મળી જાય છે, દુર્વાકય બોલનારને તૃષાર્ત્ત થતાં શોણિત પાય છે, એમ પરમાધામી દેવો તેમના કર્મ પ્રમાણે વેદના પમાડે છે. તેમજ પરસ્પર શસ્ત્ર લઈને તેઓ શત્રુની જેમ લડે છે અને પ્રચંડ પાપી તે શાલ્મલીવૃક્ષના કાંટામાં પોતે સુવે છે. ઈત્યાદિ નારકોની દુઃસહ યાતના જોતાં, હૃદયમાં ભારે કંપારી આવતાં અજાપુત્ર મૂર્છા પામ્યો. એટલે જળાર્દ્ર વાયુથી વ્યંતરેશે તેને સ્વસ્થ કર્યો, છતાં ભયથી કંપતાં તે ચિત્તમાં ચિંતવવા લાગ્યો કે—' અહો ! આ સંસાર તો ત્યાજ્ય છે કે જેમાં ઉત્પન્ન થતા પ્રાણીઓ એવાં પાપ કરે છે કે જેથી આવા દુઃખનું ભાજન બને છે. ' ઈત્યાદિ શોકથી કંપતાં, પોતાના સ્થાને જવાની ઈચ્છા થવાથી તેણે વ્યંતરને કહ્યું કે—' મને હવે સત્વર સરોવરના કાંઠે લઈ જાઓ.' એટલે વ્યંતરેંદ્ર. રૂપ પરાવર્ત્ત કરવાની પ્રસાદગુટિકા આપી, તેને સરોવરના તીરે લઈ ગયો. પછી ક્ષણવારમાં પોતાને તે સરોવરના કાંઠે આવેલ જોઈ—' હવે જઈને તે રાજાને જોઉં ' એમ હર્ષ પામતો અજાપુત્ર આગળ ચાલ્યો, અને જેટલામાં તે સરોવરની પાળે ચડ્યો, તેટલામાં કેટલાક પુરૂષો ' સ્વાગત, સ્વાગત ' કહેતા

અજાપુત્ર પ્રત્યે દોડી આવ્યા. તેમણે પાસે આવી નમસ્કાર કરતાં તેને પૂછયું કે—' રાજા કયાં ? ' ત્યારે તેણે સંભ્રાંત થઈ કહ્યું કે—' હું રાજાને જાણતો નથી. ' પછી આકુળ થતાં તેમણે કહ્યું કે—' હાથીએ તને પકડતાં, તેનાથી મૂકાવવાને રાજાએ તારી પાછળજ ઝંપલાવ્યું છે. ત્યારથી નગરજનો શોક અને ભયાતુર થઈ રહ્યા છે. નાસિકા વિના મુખની જેમ રાજા વિના નગરી શોભા વિનાની થઈ પડી છે. ' એમ પ્રાણચ્છેદક તેમની વાણી સાંભળતાં અજાપુત્ર જાણે વજ્રથી હણાયો હોય તેમ મનમાં ચિંતવવા લાગ્યો કે—' અરે ! અવશ્ય કોઈ વ્યંતરે રાજાનું હરણ કર્યું હશે. મારા પ્રાણની ખાતર અહો ! રાજા કેવી દશા પામ્યો ? માટે તે વ્યંતરેશ પાસે જઈ, શોધ, કરાવી રાજાને અહીં લઈ આવું. ' એમ ધારી તેણે પુનઃ સરોવરમાં ઝંપલાવ્યું, પણ વ્યંતરની સ્હાય વિના ત્યાં પાણીમાં બૂડતાં કોઈ મગર અજાપુત્રને કટી સુધી ગળી ગયો. એવામાં તે જળના માહાત્મ્યથી અજાપુત્ર ક્ષણવારમાં વાઘ બની ગયો, જેથી મગર તેને આખો ગળી ન શકયો. ત્યાં જળથી ગાંઠે બાંધેલ ચૂર્ણ ભીંજાતાં–પલળતાં અને તેનો રસ પાણીમાં ભળતાં મગર તરતજ પુરૂષ બની ગયો. પછી મકર–નર તેને ગળવાને કે મૂકવાને સમર્થ ન થયો, પણ તે વખતે તે ચેષ્ટારહિત બની અનુક્રમે તીરે ઘસડાયો. તેવામાં ક્રીડા કરી પૃથ્વીતલથી નિવૃત્ત થયેલ સર્વાંગસુંદરીની એક દાસીએ તેને તેવી અવસ્થામાં જોયો. પુરૂષે ગળેલ તે વાઘને કૌતુકથી જોતાં ' આ સ્વામિનીને બતાવું ' એમ ધારી તેણે ઉપાડયો અને પોતાની શક્તિથી લાવી, સર્વાંગસુંદરી પાસે મૂકતાં તે હર્ષથી બોલી કે—' હે દેવી ! આ આશ્ચર્ય તો જુઓ. ' એવામાં પૂર્વે સ્થિતિ કરી રહેલ અને સર્વાંગસુંદરીના સ્વામીરૂપ એવા **દુર્જય** રાજાએ તે આશ્ચર્ય જોતાં, મનમાં ખિન્ન થઈ, વારંવાર તે પ્રત્યે જોવાથી, કાનમાં કહેલ ચંડિકાનું વચન સંભાર્યું કે—' છ માસ પછી આવી

સ્થિતિમાં તું તારા મિત્રને જોઇશિ.' એ વાત આશ્ચર્ય જોવાથી તેને યાદ આવી. પછી દિવ્ય ઔષધિ સંભારી, તેને ઘસીને પોતે રાજાએ તે વ્યાઘ્રરૂપ મિત્રપર છાંટતાં, તેના પ્રભાવે અજાસુત પુરૂષ થઇને બહાર નીકળ્યો અને મગર તો પુરૂષજ હતો. એમ તે બંને જીવતા રહ્યા. પછી રાજાએ પવન નાખતાં અજાસુત કંઇક સ્વસ્થ થયો અને રાજાને જોતાં શ્રમ વિના તે ઉભો થયો. પછી પ્રમોદાશ્રુ મૂકતાં અજાસુત અને દુર્જય બંને ગાઢ આલિંગનથી ભેટયા અને એક આસનપર બેઠા. ત્યાં હર્ષિત થતા રાજાએ પોતાનો વૃત્તાંત અજાસુતને અને અજાસુતે રાજાને હર્ષથી કહી સંભળાવ્યો. પછી અજાપુત્રે પોતાના અને રાજાના દુઃખાગ્નિવડે બળતા હૃદયને અમૃતતુલ્ય વચનથી શાંત કરતાં રાજાને કહ્યું કે—' હે રાજન્ ! મારે માટે તું પ્રાણ તજવા તૈયાર થયો, તેમાં મારે શું કહેવું ? કારણ કે તું પરોપકારમાં પરાયણ છે, પણ હે ભૂપાલ ! હવે તમે પોતાની નગરી ભણી ચાલો અને ત્યાં સ્વદર્શનથી પોતાના સ્વજનને શાંત કરી, પ્રજાને પાળો. મેં જોયું તો તમારા વિના લોકો શોકથી રોતા રહે છે. હે સ્વામિન્ ! પિતા વિના બાળકોને સુખ કયાંથી ? માટે સત્વર સ્વરાજ્યમાં ચાલો અને સ્ત્રીસંગ મૂકી દ્યો. એકાંતસ્ત્રીની આસક્તિ તે રાજાઓને ભારે દુઃખરૂપ છે.' એમ તેને કહેતાં પોતાનો કુળને સંભારી પ્રતિબોધ પામેલ રાજા, સર્વાંગસુંદરીને કહેવા લાગ્યો કે–'હે પ્રિયે ! હવે અમે સ્વસ્થાને જઇશું. આ મારો ભાઈ આવ્યો છે કે જે મને પ્રાણ કરતાં પણ વલ્લભ છે. હાથીઓની જેમ રાજાઓને પણ વૃદ્ધાજ્ઞા એ અંકુશ સમાન છે.' એમ રાજાનો નિશ્ચય જાણી સર્વાંગસુંદરી બોલી કે—' હે રાજન્ ! સ્ત્રીઓ પરાધીન હોય, પણ પુરૂષો નહિ. તો હું શું કહું ? જો તમારે જવું હોય, તો ભલે જાઓ, તેમાં મને કંઇ પણ ક્ષતિ નથી, પણ આ મારૂં મન તમારી સાથે ચાલશે. વળી હમણાં એક અપરાધ મારે તમને કહેવાનો છે, તે એ કે હા-

થીના રૂપે મેંજ તમારૂં હરણ કર્યું હતું. તારી અનુરાગિરાણી છતાં તને હરવાને અસમર્થ મેં તારા ભ્રાતાનું હરણ કર્યું અને તેના દુઃખના કારણે મેં તારૂં હરણ કર્યું. એ મારો અપરાધ ખ્યાલમાં ન લાવતાં ફરી મને યાદ કરજો. હું વ્યંતરના કુળમાંની **સર્વાંગસુંદરી** નામે દેવી છું.' એમ અતિસ્નેહથી બોલતાં સર્વાંગસુંદરીએ તે બંનેની સાથે રાજાને પેલા સરોવરના કાંઠે મૂકયો. એટલે અકસ્માત મિત્રસહિત રાજાને આવેલ જોઈ, સૈનિકો બધા આનંદથી હિતાશિષ આપતા દોડી આવ્યા. પછી પ્રણામ કરતા તેમને અમૃત તુલ્ય વચનથી આદર આપી, રાજા તાપસોની જેમ તેમના આવાસોમાં ગયો. ત્યાં વિશ્રાંત થયેલ રાજાને તેમણે કહ્યું કે—'હે દેવ! તમારા વિના અમેઅહીં અરણ્યમાંજ રહેવાનું ઉચિત ધાર્યું. નગરીના લોકોને અમે મુખ શું બતાવીએ?' એવામાં રાજાને આવેલ જાણી, નગરજનોસહિત સુમતિ સચિવ રાજાની સન્મુખ આવ્યો અને સાષ્ટાંગ નમસ્કાર કરતા આત્મવલ્લભ પ્રધાન, ક્ષત્રિયો તથા નગરજનોને રાજાએ યથોચિત માન આપ્યું. પછી પાંચ પ્રકારનાં વાદ્યો વાગતાં, વિપ્રવૃંદોએ ઉંચે જયધ્વનિનો ઉચ્ચાર કરતાં, પૌરાંગનાઓએ આશીર્વાદો આપતાં, અંગરક્ષકોએ વસ્ત્રાંચલથી પવન નાખતાં અને સમહોત્સવ નગરીને જોતાં રાજા પોતાના મહેલમાં આવ્યો. પછી મહોત્સવપૂર્વક કૌતુક-મંગલ કરવામાં આવતાં રાજા પ્રથમની જેમ અખંડિત રાજ્ય ચાલાવવા લાગ્યો. તેમજ મકરનર સહિત અજાપુત્ર ત્યાં આત્મવત રાજાના સન્માનપૂર્વક કેટલાક દિવસ રહ્યો. એકદા જંગલમાં એકલા મૂકેલ તે શાખામૃગનરને સંભારી તેણે રાજાને કહ્યું કે—'મારે હવે જવાનું છે.' એટલે રાજાને પ્રાણ આપવાથી તે પ્રાણ કરતાં પણ વલ્લભ છે, તેનું એ વચન સાંભળતાં રાજાએ કંઈ જવાબ ન આપ્યો. ત્યારે ફરી બહુજ સભ્યતાથી અજાપુત્રે રાજાને જણાવ્યું કે—'હું આટલો વખત અહીં રહ્યો, માટે હવે મને વિદાય કરો.'

એમ આગ્રહ કરતાં રાજાએ તેને વિસર્જન કર્યો અને કેટલીક કીંમતી વસ્તુ રાજાએ આપતાં પણ તેણે કંઈ લીધું નહિ, પરંતુ તે સરોવરનું પાણી લઈ, પેલા મકરનરસહિત, તેજ વિવર–માર્ગે તે યક્ષ-મંદિરમાં આવ્યો.

અહીં અજાપુત્રના ચાલ્યા ગયા પછી નિદ્રારહિત થતાં તે મર્કટનર વિચારવા લાગ્યો કે—'સ્વામી કયાં ગયા હશે ? છેવટે સ્વાદિષ્ટ ફળો ખાઇને તે પાછો સુઈ ગયો. એવામાં અજાપુત્રે તેજ પ્રમાણે તેને સુતેલો જોયો અને નિદ્રાધીન તે શાખામૃગનર અજાપુત્રનું આગમન જાણી શકયો નહિ. ત્યારે હસતાં હસતાં અજાપુત્રે, ગાઢ નિદ્રામાં પરવશ થયેલા તેને ઉઠાડતાં, તે કંઈક જાગ્યો, એટલે સંભ્રમથી તે બોલ્યો કે—'અરે ! ઉઠ, ઉઠ આપણે બહુ દૂર નગરીમાં જવાનું છે. વળી આ ત્રીજો પણ આપણો સહગામી થયો છે.' પછી જાણે ક્ષણભર સુઇને ઉઠયો હોય તેમ બગાસાં ખાતો તે બ્હાર આવીને બોલ્યો કે—'ચાલો.' ત્યારે શાખામૃગ અને મકર–નર સાથે અજાપુત્ર નગરી ભણી ચાલ્યો. એવામાં એક વાવ જોવામાં આવી. તેની ચોતરફ ઘણાં સુવર્ણ વિમાનો પડયાં હતાં અને કેટલીક યુવતિઓ વાવમાં જળક્રીડા કરતી હતી. તેઓ પરસ્પર બોલવા લાગી કે 'આપણે અષ્ટાપદે ચાલતાં અસુર થશે. ઇંદ્ર પણ ઇંદ્રાણી સહિત ત્યાં હવે આવી ગયા હશે.' એમ બોલતી તે હાથમાં કમળ લઇને પોતપોતાના વિમાનપર આવી. તેવામાં અજાપુત્ર એક વૃક્ષના મૂલ પાસે છુપાઈ રહેતાં, તે બંનેને પણ તેજ પ્રમાણે ઉભા રાખી, પોતે મનમાં વિચારવા લાગ્યો કે—'મર્ત્યલોક તો મેં જોયો અને નરકો પણ દીઠા. હવે વૈમાનિક દેવો જોવાને મારૂં મન તલપી રહ્યું છે, માટે એ બંનેને અહીં મૂકી, હાર અને જલાદિક પણ એમને આપી, વ્યંતરે આપેલ ગુટિકાના પ્રભાવથી ભ્રમર બની, એ યુવતિઓએ લીધેલ કમળોમાં છુપાઇને અષ્ટાપદપર જાઉં.' એમ ધારી

તેણે એ વાત તે બંને પુરૂષને જણાવી. તેમણે સંમતિ આપતાં, તત્કાળ તરતજ તે ભ્રમર બની, આમતેમ ભમતાં, એક યુવતિના કમળમાં બેઠો. ત્યાં કર્ણપ્રિય ગુંજારવ કરતા તે ભ્રમરને જોતાં તે વિદ્યાધરીઓ કહેવા લાગી કે—' હે ભ્રમર ! અહીં આ કમળપર આવ, આ કમળપર આવ, ' પછી તરતજ પોતપોતાના વિમાનપર ચડી, લીલાથી તેને રમાડતી તે બધી તરત અષ્ટાપદપર આવી, અને પોતપોતાના વિમાનથકી ઉતરી, જળવતી હાથ ધોઇ ચૈત્યને ત્રણ પ્રદક્ષિણા દઈ, ત્રણવાર પ્રગટ નૈષેધિકી બોલી, કેટલાંક કમળસહિત મંદિરમાં પેસતાં મસ્તક નમાવી, ત્યાં આવવાથી પોતાના આત્માને ધન્ય માનતી, મનને નિર્મળ રાખતી યથાવર્ણ અને યથાપ્રમાણ તથા સિંહનિષદ્યાએ બિરાજમાન અને અત્યંત દેદીપ્યમાન એવા **ઋષભાદિક** જિનેશ્વરોની તેમણે પૂજાકરી, પછી રાગ, દ્વેષ, કષાય તથા વિકથા તજી, જિનેશ્વરની ડાબી બાજુ સાઠ હાથને આંતરે બેસી, રોમાંચિત થઈ, પ્રમોદાશ્રુ મૂકતાં, ઉત્તરીયવસ્ત્ર હાથમાં રાખી તેમણે ભગવંતોને વંદન કર્યું અને પ્રાંતે ખીલતા કંઠની મધુરતાયુક્ત પોતે ભક્તિમાં લીન બની સ્તોત્ર બોલી કે:—

" વાંછિત આપનાર હે આદિનાથ ! તમે જય પામો, આંતર શત્રુને જીતનાર એવા હે અજિત ! તમે જયવંત રહો. હે સંભવનાથ! તમે સુખકારી થાઓ, હે અભિનંદન ! તમે આનંદદાયક બનો, હે સુમતિ ! મારી મતિને ધર્મમાં સ્થાપો, હે પદ્મપ્રભ ! મને મુક્તિમાં વાસ આપો, હે સુપાર્શ્વ ! મને વિવેકની પાસે મૂકો, હે ચંદ્રપ્રભ ! તમે વિમોહ–તિમિર પરાસ્ત કરો, હે સુવિધિ ! મને પુણ્ય વિધાનમાં જોડો, હે શીતલ ! તમે કર્માનલને શમાવો, હે શ્રેયાંસ ! મારા ચિત્તને કલ્યાણમાં સાંધો, હે વાસુપૂજ્ય! તમ પ્રત્યે ત્રિવિધ પૂજા હો, હે વિમલ ! મારા મન–જીવને નિર્મળ બનાવો, હે અનંત ! મારાં અનંત કર્મોને કાપી નાખો, હે ધર્મ! તમારો ધર્મ મને પાવન કરો,

હે શાંતિ! તમે દુરિતને ઉપશાંત કરો, હે કુંથુ! તમે દુઃકર્મ–કથાને દૂર કરો, હે અરનાથ! મારી પાપપ્રવૃત્તિને નષ્ટ કરો, હે મલ્લિનાથ! તમે કલ્યાણ–વલ્લિને વિસ્તારો, હે મુનિસુવ્રત! મને સત્ય–વ્રત! આપો, હે નમિનાથ! મારા ભવભ્રમણને ટાળો, હે નેમનાથ! તમે મારા કષાયવૃક્ષોને કાપી નાખો, હે પાર્શ્વ! તમે મારા દુરિત–સાગરનું મથન કરો, હે વીર! હું આપને શરણે છું. સંસાર–માર્ગના ભ્રમણથી તપ્ત થયેલ મને ભારે પુણ્યરૂપ વૃષ્ટિથી અષ્ટાપદે બિરાજમાન અને ભરત રાજાએ પૂજિત એવા જિનેશ્વરોરૂપ જલધરો આનંદ પમાડો.

એ પ્રમાણે ભારે ભાવના સહિત વિદ્યાધરીઓએ સ્તુતિ કરતાં ઇંદ્રાણીસહિત ઇંદ્ર આવી, જિનેંદ્રોને સ્તવી, તે ત્યાંથી ચાલીને રંગમંડપમાં આસનપર બેઠો. પછી દેવોએ ત્યાં નાટ્યોત્સવ શરૂ કર્યો. તેમાં વૈક્રિય રૂપ લઇ, દિવ્ય વેષ–વિલાસ ધરતી **પૌલોમી** અને **ઉર્વશી** પ્રમુખ દેવીયો બહુજ ખુબીથી નાચ કરવા લાગી. તેવામાં ભ્રમરરૂપતજી, તુંબરૂનું રૂપ ધરી, જેટલામાં તુંબરૂ ન આવ્યો, તેટલામાં અજાપુત્ર તરત આવ્યો અને જિનેશ્વરોને નમી, રંગમંડપમાં આવી, આશ્ચર્ય પમાડવા અજાપુત્ર તુંબરૂના સ્થાને બેઠો. દેવોને પણ વિસ્મય પમાડે તેવા સ્વર, ગ્રામ, મૂર્છનાયુક્ત અદ્ભુત આલાપ તે અપૂર્વ ગતિથી કરવા લાગ્યો. જે સાંભળતાં 'આ શું?' એમ સંભ્રાંત થતો તુંબરૂ છુપાઇનેજ બેઠો રહ્યો, તેણે ધાર્યું કે—'એ તો હું પોતેજ છું,' 'જિનેશ્વરોની સમક્ષ હું ગાયન કરતાં પુણ્યશાળી છું.' એમ આનંદ લાવી અજાપુત્ર રસપૂર્વક ગાવા લાગ્યો. ત્યારે દેવો પરસ્પર કહેવા લાગ્યા કે—' અહો! આજે તુંબરૂ કંઈક વિચિત્ર ગતિથી ગાય છે કે જેથી ઇંદ્ર પોતે ચિત્રની જેમ થંભાઈ ગયો છે.' એમ આલાપની લહરીથી કર્ણ પૂર્ણ થતાં, પ્રસાદ બતાવવા ઇંદ્રે પોતે, તુંબરૂ તુલ્ય તે અજાપુત્રને બોલાવ્યો. કારણ કે જુઓ ગંભીર પુરૂષો ગુણથી ગ્રાહ્ય થઇ શકે અને સાધારણ તો ગમે તે રીતે ગ્રાહ્ય

થાય; પૂર્ણ કુંભને કુવામાં ગુણ–દોરીની જરૂર પડે, પણ તળાવમાં તો તે વિના પણ ભરી શકાય. પછી ઇંદ્રે બોલાવતાં તે આવ્યો અને ક્ષણવારમાં પોતાનું રૂપ ધરી બેઠો. એટલે દેવોસહિત વિસ્મય પામતાં ઇંદ્રે વિચાર્યું કે—'આ તો મનુષ્ય છે.' આથી વિશેષ સંતુષ્ટ થતાં ઇંદ્રે તેને પોતાના બે દિવ્ય વસ્ત્રો આપ્યાં અને પૂછ્યું કે—'અરે! તું અહીં આવ્યો શી રીતે?' જવાબમાં તેણે બધું સત્ય જણાવ્યું. ત્યાં દેવોની સમૃદ્ધિ જોતાં અજાપુત્રે ઇંદ્રને પૂછયું કે—'તમો આવા સમૃદ્ધ કેમ થયા?' ઇંદ્રે કહ્યું—'હે ભદ્ર! સાત ક્ષેત્રે ધન વાપરી હિંસા તજી, મેં તીવ્ર પ્રવ્રજ્યા આદરી કે જેના પ્રભાવથી હું ઇંદ્ર થયો છું. વળી ઇંદ્ર–સામાનિક દેવો અલ્પ અલ્પ શુભ કર્મને લીધે અનુક્રમે હીનઋદ્ધિવાળા થઈ દેવત્વ પામ્યા છે.' પછી જિનસમક્ષ આરતી ઉતારી, ઇંદ્ર પોતે શક્રસ્તવ બોલી, સ્વર્ગે જવા લાગ્યો અને જતાં જતાં તેણે એક દેવને આદેશ કર્યો કે—'તું એને યથાસ્થાને મૂકી આવજે.' એમ ઇંદ્રાજ્ઞા થતાં તે દેવે તે પ્રમાણે કર્યું. હવે અજાપુત્ર ત્યાં આવતાં તે દિવ્ય વસ્ત્ર પગના અંગુઠે અટકાવીને તે બંનેની પાસે સુઇ ગયો. પછી જાગ્રત થઇ, વિકસિત કમળ સમાન તથા ચંદ્ર સમાન ઉજ્વળ અને કોમળ તે વસ્ત્ર જોતાં અજાપુત્ર શરદઋતુનું વર્ણન કરવા લાગ્યો કે—'શરદઋતુએ ચંદ્રને નિર્મળ કર્યો, નદી, તળાવનું જળ સ્વચ્છ થયું, વ્યવસાયી લોકો ઉદ્યમે લાગ્યા, કમળમાં શોભા વધી, અગસ્તિ દિશામાં લાંબા વખતે ઉદય પામ્યો, ધાન્ય ફલિત થયું, ગોપાંગનાઓ ગાય છે અને શાલિધાન લોકોને પોતાનું ફળ આપવા તૈયાર છે.' હવે પ્રભાતે તે બંનેની સાથે નગરીભણી જતાં અજાપુત્ર ચિંતવવા લાગ્યો કે—'અહો! દૃષ્ટિથી તો મેં જન્મફળ મેળવ્યું અને ત્રણે ભુવન જોયાં. ચૂર્ણ પામ્યો કે જેનાથી તિર્યંચ મનુષ્ય થાય અને જળવડે મનુષ્ય તે તિર્યંચ બની જાય, તે પણ મારી પાસે મોજુદ છે. ચૂર્ણથી તિર્યંચો મનુષ્ય

થતાં તે મને વશ થશે, વળી સરોવરના પાણીથી મનુષ્ય વાઘ થાય અને તિર્યંચ પણ તેજ પ્રમાણે થાય! પછી નગરીમાં જતાં અજાપુત્ર **બહુબુદ્ધિ** નામના વાણીયાને ઘરે ગયો. તેણે તેની આકૃતિ જોઈ સ્થાન આપ્યું. એટલે તે ત્રણે પોતાના ઘરની જેમ શેઠના ઘરે રહ્યા. ત્યાં અજાપુત્રે બરાબર સંભાળથી રાખવા માટે તે હાર શેઠને આપ્યો અને ચૂર્ણ તથા પાણી શાખામૃગ–નરને આપી, નખશુદ્ધિને અર્થે તે હજામના ઘરે ગયો. ત્યાં નખ ઉતરાવી, તેને પૈસા આપી તે પાછો ઘરે આવ્યો, પણ બંને દિવ્યવસ્ત્ર ભૂમિપર પડેલાં તે હજામે જોયાં. એટલે 'આ કણીયા કેવા?' એમ ધારી તેણે તે હાથમાં લીધાં અને સ્પર્શથકી 'આ દિવ્યવસ્ત્ર ક્યાંથી?' એમ તે સમજી શક્યો. પછી તેણે મૂલ્ય લઇને કોઇ વણિકને તે આપ્યાં અને તેણે **વિક્રમ** રાજાને ભેટ કર્યાં. એવામાં **વસંત** સમય આવતાં તે ઉજ્વળ વસ્ત્ર પહેરી, હાથીપર ચડીને રાજા ક્રીડા–ઉદ્યાનમાં ગયો. ત્યાં દક્ષિણ–પવનના સ્પર્શથી રોમાંચિત થતી સ્ત્રીઓને સાંજે જોઈ, ભારે હર્ષ પામતો રાજા કહેવા લાગ્યો કે—પુષ્પમાળા સહિત અભિમુખ આવતી સિદ્ધાંગનાઓના કુચ–ચંદ્રરૂપ જલયંત્રવડે અભિષેક પામી, અંગનાઓના શરીરનું પ્રસ્વેદ–પય પીને તાપ અહીં એક પગલું પણ આપતો નથી, વળી તે જળ પવન ઉછાળી રહ્યો છે.

હવે અહીં **બહુબુદ્ધિનો** પુત્ર **મતિસાગર** તે કંઠમાં હાર પહેરીને ક્રીડા–ઉદ્યાનમાં ગયો. તેના ગળે લટકતો હાર જોઇ 'આ હાર તો મારો છે' એમ ધારી સીપાઇ મોકલીને રાજાએ તેને તરત બોલાવ્યો અને 'આ હાર તારી પાસે ક્યાંથી?' એમ પૂછતાં જવાબ ન આપવાથી તેને બાંધી, રક્ત વમતાં, ભોંયરામાં નાખી દીધો. એ વાત સાંભળતાં બહુબુદ્ધિ અજાસુતને લઇ, રાજા પાસે ગયો અને બોલ્યો કે—'હે રાજન્! એ હાર આનો છે.' એટલે શ્રેષ્ઠિસુતને છોડાવી રાજાએ અજાપુત્રને પૂછ્યું કે—'આ હાર

તેં ચોર્યો છે ? ' તે બોલ્યો—' હા, ચોર્યો છે. ' ત્યારે રાજાએ હુકમ કર્યો કે—' અરે ! આ ચોરને શીઘ્ર મારો. ' ત્યાં અજાપુત્રે કહ્યું—' હે રાજન્ ! મારૂં એક વચન સાંભળો—' જે પરવસ્તુને લેનાર છે, તે તમારે મારવા લાયક છે. ' એ ક્યાં પણ લખો. કારણ કે બીજો પણ તસ્કર છે. ' તેનું એ વચન જાણી કોપાયમાન રાજાએ લખાવી લીધું. પછી—' એ વાક્યનું બરાબર પાલન કરજો ' એમ કહી અજાપુત્રે રાજાને પુનઃ કહ્યું કે—' હે રાજન્ ! આ વસ્ત્રો મારાં છે, તેથી તું પણ ચોર છે. જો એ વાત તારા માનવામાં ન આવતી હોય, તો પરંપરાની તપાસ કર. ' એટલે પરંપરા જાણી, એકદમ કોપથી રક્ત મુખ કરી રાજાએ જણાવ્યું કે—, અરે ! અમે તો અર્પિતના લેનાર છીએ, પણ લુચ્ચા ! તું તો તસ્કરજ છે.' ત્યારે નિર્ભયતાથી હસતા અજાપુત્રે રાજાને કહ્યું કે—' અર્પિત ગ્રહણ કરવાની રીતે તો હું પણ તસ્કર નથી. ' કારણ કે ધીર પુરૂષ વિપદારૂપ આદર્શમાં નિમગ્ન થયા છતાં અધિક ધીરતા ભજે છે. પાણીમાં પ્રતિબિંબિત થયેલ અગ્નિ શું ઉંચી જ્વાળાએ ઉછળે નહિ ? પછી રાજાએ ભંડારીને બોલાવીને પૂછયું; તેણે કહ્યું કે—'તે હાર મેં કુમારીને આપ્યો છે. ' એટલે તેજ વખતે ઉદ્યાનથકી ઘરે આવી, પુત્રીને બોલાવીને પૂછયું કે—' હે વત્સે ! તે હાર તારી પાસે છે કે નહિ ? ' તેણે રોતાં રોતાં જણાવ્યું કે—' હે તાત ! પૂર્વે ક્રીડાવાપીમાં રમતાં, તે હાર કોઇ વાનર હરણ કરીને તરત ભાગી ગયો. ' એ વાત સાંભળતાં શાખામૃગનર તેણીને જોઇ, તે પાણી પી, વાનર બનીને તરતજ તે રાજકન્યા પાસે ગયો. ' જે કાલ જે પ્રમાણે વર્તતો હોય, તે પ્રમાણે હે સખે ! સેવન કર. મૃગતૃષ્ણિકાથી પરિભ્રષ્ટ થયેલ હરણીની જેમ તું ખેદ કરતો નહિ. એમ પૂર્વે એ ફળથી પુરૂષ થયો અને પાછો જળથી મર્કટ થયો. ' એ અજાપુત્રે વિચારી લીધું. ત્યાં તેજ એ કેલિમર્કટ છે.' એમ

સમજી પોતે કુમારીએ તેને આલિંગન આપ્યું—હૃદયથી સ્વીકાર્યો. પછી રાજાએ તે પોતાનો હાર લઇને તે બંને વસ્ત્રો તેને આપ્યાં. અહીં રાજા અને અજાપુત્રનું સ્તેનત્વ સમાન હતું. તેવામાં પોતાના પર કુમારીનો સ્નેહ જોઇ, મર્કટે અજાપુત્રને નેત્રસંજ્ઞાથી જણાવ્યું કે—' હું તમારી સાથે આવીશ નહિ. ' એટલે અજાપુત્ર પોતાના જળ—ચૂર્ણ લઇ, બહુબુદ્ધિને જણાવી, મકરનર સહિત તે નગરથી આગળ ચાલ્યો. માર્ગે ચાલતાં એકદા મધ્યાન્હ સમય થતાં હાથીએ હરણ કરેલ કોઇ પુરૂષ સન્મુખ તેના જોવામાં આવતાં, તે શિથિલ અને લગભગ અચેતન જેવો થઇ ગયેલ, જેથી તેણે હાથીને ચૂર્ણ સહિત એક મોદક નાખ્યો. તે ખાતાં પેલો હસ્તી પુરૂષ બની ગયો. પછી તેણે બહુજ આશ્વાસન આપતાં પેલા અન્ય પુરૂષને પૂછયું કે—' હે મહાભાગ! તું કોણ છે? ' તેણે જવાબમાં જણાવ્યું કે—' બધા વૈરીનો ઉચ્છેદ કરનાર **વિજય**પુરના સ્વામી **મહાસેન** રાજાનો હું **વિમલવાહન** નામે પુત્ર છું. હાથીને ફેરવવા માટે આરૂઢ થતાં એ મસ્ત કુંજર કાયાથકી જીવ લઇ જનાર કર્મની જેમ ક્ષણવારમાં તે નગર થકી મને હરણ કરી આવ્યો. તે પછી હું બેભાન થવાથી કશું જાણતો નથી, પણ અત્યારે તમે પોતે મને પવન નાખો છો, તે જોઉં છું એટલે અજાપુત્રે તેને પોતાનું ભાતું ખવરાવ્યું અને તે બધા એક યક્ષના મંદિરમાં વનની અંદર રહ્યા. ત્યાં કુમાર બહુ દુઃખી હોવાથી જાગતો રહ્યો અને બીજા સુઇ ગયા. એવામાં શબ્દ આવતાં તે જાણવા માટે કુમાર બહાર નીકળ્યો અને ત્યાં ભમતાં, વૃક્ષપર રહેલ અને ' તું ત્યાં કેમ રહ્યો? ' એમ શુક પ્રત્યે પ્રશ્ન કરતી એક શુકનારી—શુકી તેના સાંભળવામાં આવી. ત્યારે કુમાર ચિંતવવા લાગ્યો કે—' આ વિયોગી શુકયુગલ ભેગા થયા છે અને પરસ્પર કૌશલ પૂછેછે, ઠીક છે, શુક શો જવાબ આપે છે, તે તો સાંભળું. ' એમ ધારી તે છાની રીતે મંદિરપર ચડયો.

ત્યાં શુક બોલ્યો કે—' હે પ્રિયે ! તે વખતે ભીલે મને પકડીને વિજયનગરમાં વેચ્યો, અને એક દાસીએ મને વેચાતો લીધો. તેણે **મહાસેન** રાજાની **શીલમતી** રાણીને આપતાં, રાણીએ મને સુવર્ણના પાંજરામાં ઘાલ્યો. તે મને મીઠું બોલનાર સમજીને વારંવાર ભણાવતી અને મોતીનો હાર, કડાં વિગેરે સ્નેહથી મને પહેરાવતી. એમ લાલન કરતાં પણ હે પ્રિયા ! હું સુખ પામી શકયો નહિ. કારણ કે તારા વિયોગરૂપ અગ્નિ મારા અંતરને બાળતાં વિરામ ન પામ્યો. એવામાં તે રાજાના વિમલવાહન પુત્રને મદોન્મત્ત રાજકુંજર હરણ કરીને તરતજ કયાં ચાલ્યો ગયો. એમ હાથીએ હરણ કરેલ કુમારનો રાજાને કયાં પત્તો ન મળ્યો, તેના શોકને લીધે રાજાએ રાજ્યચિંતા મૂકી દીધી. એ વ્યતિકર સાંભળતાં શત્રુ રાજાઓએ પોતાના તમામ સૈન્યને લાવી, તરતજ નગરને ત્રેવડી રીતે ઘેરી લીધું. મહાસેને તે જાણી બહાર આવી યુદ્ધ ચલાવ્યું, પણ કુમાર અને હાથીની સહાય વિના તેમણે તેનો નાશ કર્યો, એટલે **બુદ્ધિબલ** મંત્રીએ નગરના દ્વાર તરત બંધ કરાવ્યાં અને રાજાના શોકથી કેદી માણસોને મુકત કર્યા. તેવામાં ' અરે શુક ! વિમલવાહન વિના અમે પણ મરણના મુખમાં પડયા છીએ, માટે તું જા અને જીવતો રહે. ' એમ કહી દાસીએ મને પાંજરામાંથી છોડી મૂકયો. એમ હે વ્હાલી ! અમાત્ય નગરની અંદર અને લાખો સૈનિકોયુકત રાજાઓ બહાર પડેલા છે, એવા તે નગરને મૂકીને એક ક્ષણવારમાં હું અહીં આવ્યો. '

એમ શુકવચન સાંભળતાં પોતાના તાતને મરણ પામેલ જાણી તરત હાથ શિથિલ થઇ જતાં, કુમાર મૂર્છા ખાઇને મંદિરપરથી ભૂમિપર પડયો. તેના પડવાના અવાજથી જાગ્રત થતાં અજાપુત્ર, તેને ત્યાં સુતેલ ન જોવાથી તરત બહાર આવ્યો, અને બોલતાં પણ

જ્યારે તે ન બોલ્યો, ત્યારે અજાપુત્રે તેને પવન નાંખતાં પાણી છાંટયું. જેથી થોડીવારે સાવધાન થતાં તે બોલ્યો કે—' અરે ! મારા હાથમાં તરવાર આપો, કે જેથી પિતૃઘાતી શત્રુઓને હણી, તેમના રકતથી પિતાને પાણી આપું.' ત્યારે અજાપુત્ર ભય પામીને બોલ્યો કે—' હે કુમાર ! તારી તરવાર કયાં ? શત્રુઓ કયાં અને પિતા કયાં ? કે આમ વારંવાર બોલ્યા કરે છે.' એમ તેના કહેતાં કુમારને ક્ષણભર ચેતના આવતાં તે બોલ્યો કે—' હે મહાસેન તાત ! તું કયાં ગયો ?' એમ કહેતાં તે પુનઃ મૂર્છા પામ્યો ત્યાં અજાપુત્રે વારંવાર પવન નાખતાં, ' મહાસેન ' એ નામ સાંભળી શુક પોતાના સ્થાનથી તરત બહાર આવ્યો અને ચાંદનીને લીધે ' આ રાજાનો વિમલવાહન પુત્ર અહીં કેમ આવ્યો હશે ?' એમ સમજી તે તેની પાસે આવ્યો અને બોલ્યો કે—' હે કુમાર! ધીરજ ધર.' એમ બંધુની જેમ શુકનું વચન સાંભળતાં કુમાર ઉઠયો અને તેને છાતીપર બેસારી બાષ્પસહિત કહેવા લાગ્યો કે—' અહા ! મારા પિતા અને રાજ્યનું અનિષ્ટ કેમ થયું ?' શુક બોલ્યો—' હે કુમાર ! તારા વિના એ બધું અહિત થવા પામ્યું. માટે તું શોક તજીને શત્રુનો વિજય કરવાને તૈયાર થા.' કુમારે કહ્યું—' અરે ! હું તો બહુ દૂર છું, જેથી કહે શું કરી શકું ? કારણ કે શસ્ત્રથી યુદ્ધ કરતાં શત્રુઓ તો અવશ્ય જીતાયજ.' ત્યારે અજાપુત્ર કહેવા લાગ્યો કે—' હે કુમાર તું બી નહિ અને વ્યાકુળ પણ ન થા. હું તારા શત્રુઓને હણીશ.' એમ કહી તેણે શુકને આદેશ કર્યો કે—' હે શુક ! હનુમાન જેમ સીતાની શુદ્ધિ લાવ્યા, તેમ તું સત્વર જઇને અમાત્યને કુમારની શુદ્ધિ જણાવ કે જેથી પ્રધાનને ધીરજ મળે. વળી હે કુમાર ! તું એક કૌશલ લેખ લખીને શુકને આપ.' કુમારે તેમ કર્યું પછી કુમારના વાત્સલ્યથી અને ત્યાં લાંબો વખત રહેવાના મમત્વને લીધે શુકે લેખ લઇને જતાં તેણે મંત્રીને તે

આવ્યો. તથા કુમારની શુદ્ધિ તેણે કહી સંભળાવતાં અમાત્યે ધીરજથી સભામાં આવી સહર્ષ તે લેખ વાંચવા માંડયો કે—'હું શુકની પાછળ તરત આવીને શત્રુઓને હણીશ માટે હે અમાત્ય ! તારે મનમાં કોઇનો ભય ન રાખવો. એમ વાંચી, વિશેષથી નિર્ભય થઇને તે બોલ્યો કે—'સ્વામી જ્યારે નિર્ભય થઇ ધીરજ આપે, તો સેવકો સદા નિર્ભયજ રહે.' પછી ગુટિકાના યોગે ભારંડપક્ષીનું રૂપ લઈ, પોતાની પાંખમાં તેમને બેસારીને અજાપુત્ર તરત તે નગરમાં આવ્યો. ત્યાં આવતાં, નગરની ચોતરફ સૈન્ય જોઇ, કુમારે અજાપુત્રને અરિવધનો ઉપાય પૂછયો એટલે મૂળ રૂપમાં આવીને તેણે જણાવ્યું કે—"શામથી સાધ્યને દંડ ન કરવો માટે એ તારા શત્રુઓને હું શામથીજ સાધ્ય કરીશ. વળી તું જો એમ માનતો હોય કે—'રિપુવધ વિના પિતૃવધનો બદલો લેવાશે નહિ' તો તારા દેખતાં બધા શત્રુનો નાશ કરૂં." ત્યારે કુમારે તેમ કબુલ કર્યું. પછી અજાપુલ સહિત કુમાર મુખ્યદ્વાર પાસે આવ્યો અને દ્વારપાલને જણાવ્યું કે—'તું મહા પ્રધાનને જઇને કહે કે 'શુકે નિવેદન કર્યા પ્રમાણે તે પુરૂષ દ્વારપર બેઠો છે.' દ્વારપાલે તે પ્રમાણે મંત્રીને જણાવતાં તે ભારે હર્ષથી પોતે ત્યાં આવી, કુમારને નમીને તે બધાની સાથે મહેલમાં લઇ ગયો. ત્યાં વૃત્તાંત પૂછતાં અને કહેતાં મંત્રીએ રાત વ્યતીત કરી અને પ્રભાત થતાં તેણે ભારે ઉત્સાહપૂર્વક કુમારને રાજ્યાસને બેસાર્યો એટલે વિપક્ષ–ગ્રીષ્મથી સંતપ્ત થયેલ તે નગરને તત્કાલ આવી ચડેલ મેઘની જેમ તે રાજાએ શાંતિ પમાડી. તેવામાં મંત્રીએ ઘોષણા કરાવી કે—'આ નગરમાં વિમલવાહન રાજા વિદ્યમાન છે.' આથી શત્રુઓ હાંસી કરતા પરસ્પર કહેવા લાગ્યા કે—'શું એમ કરીને આપણને બીક બતાવે છે ?' આ વખતે નગર અને પિતાના શોકથી અંતરમાં

સંતાપ પામતા વિમલવાહન રાજાએ અજાપુત્રને શત્રુઓનો નાશ કરવાનું કહ્યું, ત્યારે તેણે જણાવ્યું કે હે રાજન્ ! તમે શત્રુઓને દૂતના મુખથી કહેવરાવો કે મંગલવારે પ્રભાતે યુદ્ધને માટે સજ્જ થઇ રહેજો.' એ વચન સ્વીકારતાં રાજાએ દૂતદ્વારાએ તે પ્રમાણે કરાવ્યું. 'પણ તે હાથી વિના મારે આરૂઢ કયાં થવું ? એમ રાજાને ચિંતા થઇ પડી. એટલે પ્રતિપન્નનો નિર્વાહ કરતાં અજાપુત્રે તે સરોવરના જળથી હસ્તિપુરૂષને પાછો હાથી બનાવ્યો. તેથી જાણે પોતાનો પિતા હોય તેમ તે હાથીને જોતાં રાજાએ કહ્યું કે—'હવે શત્રુસૈન્ય ભાગ્યુંજ સમજવું, પછી સર્વ બળપૂર્વક રાજા તે ગજપર આરૂઢ થઇ, દૈત્યો સાથે લડવા જતા ઇંદ્રની જેમ યુદ્ધ કરવા નગરની બહાર નીકળ્યો. તેવામાં શત્રુઓના અશ્વ, હાથી જ્યાં પાણી પીતા, તે સરોવરમાં અજાપુત્રે તે ચૂર્ણ નાખ્યું અને પોતે પાળપર બેસી ગયો. પછી ત્યાં ગજ, અશ્વ પાણી પીવા આવતાં ક્ષણવારમાં તે ચૂર્ણના પ્રભાવથી પુરૂષો બની ગયા. એમ લાખ ગજાશ્વ પુરૂષ બન્યા અને તે ચૂર્ણના મહાત્મ્યથી અજાપુત્રને તાબે થયા. તે પુરૂષોને જોતાં અજાપુત્ર વિચારમાં પડ્યો કે—'હું ધારતો નથી કે આ ઔષધનો પ્રભાવ હોય, પરંતુ એ દુર્ઘટ ઘટના દૈવના પ્રભાવે સંભવે છે. હવે ગજાશ્વના સૈન્ય વિના દાઢ વિનાના સર્પની જેમ મિથ્યા આટોપ બતાવતા શત્રુઓ યુદ્ધ કરવા આવ્યા. તેમનું સ્વરૂપ જાણી વિમલવાહન તેમની સામે ધસ્યો. કારણ કે ઉપાય બળવાન્ હોય છે. ત્યાં પૃથ્વીના અંધકારને આકાશમાં રહેલા સૂર્યની જેમ ગજારૂઢ રાજાએ શત્રુનું સૈન્ય ભાંગી નાખ્યું. મંદ-રાચલની જેમ ગજરાજવડે શત્રુ–સૈન્યરૂપ સાગર વલોવતાં વિમલવાહને શ્રીપતિ–કૃષ્ણની જેમ લક્ષ્મી પ્રાપ્ત કરી કેટલાક શત્રુઓને હાથે પકડ્યા, કેટલાકને જમીનદોસ્ત કરી મારી નાખ્યા, કેટલાક શસ્ત્ર તજી ભાગ્યા અને કેટલાક ગજાશ્વરહિત થઇ ભાગી

છુટયા. એમ અજાપુત્રના ઉપાયથી જયશાળી વિમલવાહન રણાંગણ શોધીને પોતાના આવાસમાં આવ્યો. તેવામાં લોચનની જેમ નગરદ્વાર ચોતરફ ઉઘડ્યાં અને માર્યા ગયેલા શત્રુઓને જોવા માટે નગરીએ કૌતુકથી જાણે આંખો ઉઘાડી હોય. પછી રાજાએ પિતાનું ઔર્ધ્વદૈહિક કર્યું. કારણ કે શત્રુઓનો ઉચ્છેદ કરતાં ક્ષત્રિયોના પૂર્વજો પ્રસન્ન થાય છે. આ વખતે ન વર્ણવી શકાય તેવી નગરની શોભા બની અને રાજાને રાજ્યલાભ તથા જય મળતાં મંગલ ગવાઈ રહ્યાં. વળી લાખ ગજાશ્વ–પુરૂષ સહિત અજાપુત્રને જોઈ, રાજા તેની સન્મુખ આવી, પોતાના પ્રાસાદમાં લઈ જતાં, અંજલિ જોડીને તે કહેવા લાગ્યો કે—'હે મહાસત્ત્વ! તેં મને જીવિત આપ્યું છે. શત્રુઓથી લુંટાતા મારા રાજ્યનું તેં રક્ષણ કર્યું; નહિ તો એ વૈરનો પ્રતીકાર મારા જેવાને તો અશક્યજ છે, તે તમે કરી આપ્યો. એમ અનેક ઉપકારોથી તું મારો ઉપકારી છે, માટે તું આજ્ઞા કર કે જેથી તું મિત્રનો હું અનૃણી થાઉં.' આ તેના વચનથી પ્રસન્ન થયેલ અજાપુત્ર પ્રીતિપરાયણ રાજાને કહેવા લાગ્યો કે—'તારા સમીહિતની સિદ્ધિથી મારૂં સમીહિત સિદ્ધ થયું. પરોપકાર કરતાં અન્ય ઈંદ્રતા પણ મને અભીષ્ટ નથી. તે તારામાં સંપૂર્ણ થયો, તો હવે દ્રવ્યાદિકની કાંઈ જરૂર નથી.' એમ રાજાને કહી તે કેટલોક વખત પ્રીતિથી ત્યાંજ રહ્યો. એવામાં એકદા તે પોતાની નગરી ભણી જવાને ઉત્કંઠિત થતાં ચિંતવવા લાગ્યો કે—'મેં મારી દૃષ્ટિએ ત્રણે ભુવન જોયા અને પરોપકાર પણ કર્યો. તો હવે સ્વસ્થાન તરફ પાછો જાઉં.' એમ ચિંતવી, રાજાની આજ્ઞા લઈને અજાપુત્ર તે ગજાશ્વ–પુરૂષ એક લક્ષ સૈન્ય તથા મકરનરસહિત પોતાની નગરી ભણી ચાલ્યો.

એવામાં તે નગરીના ચંદ્રાપીડ રાજાએ લગભગ પ્રભાતે, પોતાના ઘાતને સૂચવનારી દેવતાની વાણીને યાદ કરી અને

ચિંતવ્યું કે—'તે દેવીએ મને જે કાલ બતાવ્યો, તેમાં હવે માત્ર એક પક્ષજ બાકી છે. માટે આજે આવેલ **સત્ય** નામના દૈવજ્ઞને પૂછું.' એમ ધારી પ્રભાતે રાજાએ તેમ કર્યું. એટલે તેણે પણ ગ્રહબલ જોઇ, નિશ્ચય કરી, રાજાને યથાર્થ કહેતાં જણાવ્યું કે—'હે રાજન્! એક પક્ષને અંતે તારૂં મરણ થવાનું છે.' પોતે ધીર છતાં તેનું એ વચન સાંભળતાં જાણે તે વખતે મૃત્યુએ ઘેરી લીધેલ હોય તેમ તે તરત મૂર્છિત થઇ ગયો, પછી પોતાના રક્ષણને માટે તેણે વિશેષ પ્રકારે ઉપાયો હાથ ધર્યા અને અજાપુત્રને મારવા તેણે ચોતરફ ચરપુરૂષો મોકલ્યા, પણ લક્ષ સૈન્યથી ધસી આવતા અજાપુત્રની વાત કોઇ ચરે રાજાને જણાવીજ નહિ. જેથી રાજા મનમાં કાંઇક સ્વાસ્થ્ય પામ્યો. પણ પ્રતિદિન શુદ્ધિ કરાવતાં ચંદ્રાપીડને સાક્ષાત્ મૃત્યુકાલ સમાન પક્ષનો અંતિમ દિવસ આવ્યો.

હવે અહીં કોઇ અપરાધ થતાં રાજા ચંદ્રાપીડે પૂર્વે પોતાના સુબુદ્ધિ પ્રધાનને કહાડી મૂકયો હતો તે દેશાંતરે ભમતાં, માર્ગમાં પોતાની નગરી ભણી જતા અજાપુત્રને સામે મળ્યો. એટલે કેવલ લાખ પુરૂષોયુક્ત હસ્તીઓવડે યૂથેશની જેમ તેને જોતાં મનમાં હૃષ્ટ થઇ સુબુદ્ધિ ચિંતવવા લાગ્યો કે—'પૂર્વે દેવતાએ જે રાજાને કહ્યું હતું, રાજાને મારનાર તેજ આ પુરૂષ આવે છે. વળી 'ચંદ્રાપીડનો મારે ઉચ્છેદ કરવો' એવી જે મેં પ્રતિજ્ઞા કરી છે, તે પણ એનો આશ્રય લેવાથી પૂરી થશે.' એમ સમજી, પાસે આવીને તેણે અજાપુત્રને પ્રણામ કર્યા. તેણે પોતાનો વૃત્તાંત કહીને જણાવ્યું કે—'હે નાથ! તમારા દર્શનથી મારા મનોરથ સિદ્ધ થયા. રાજ્ય તો તને દેવીએ આપી દીધેલ છે. તો હે સખા! હવે ત્યાં જઇ, તે રાજાથી પીડિત પ્રજા અને રાજ્ય તાબે કરીને સતત પાલન કર.' ત્યારે પ્રધાનને ઓળખી અને પોતાની રાજ્ય–પ્રાપ્તિ સાંભળી, ભારે હર્ષ પામતાં અજાપુત્ર મંત્રીને કહેવા લાગ્યો કે—

'જો પૂર્વ પુણ્યથી રાજ્ય તો મને દેવતાએ આપેલ છે, તોપણ હે મહાઅમાત્ય! તારી બુદ્ધિથીજ તે મને મળશે. પરનો ઘાતી પાસે છતાં અન્ય કોઇ તેનો પરાભવ ન કરે. લોકો દૃષ્ટિ-દોષના ભયથી જુઓ, લોહ પાસે રાખે છે. વળી તેણે મંત્રીને કાનમાં એક વાત કહી કે—આ એક લાખ જે પુરૂષો છે, તે અશ્વ—ગજના મેં માણસ બનાવ્યા છે. એમ ખાત્રીથી સમજી લ્યો.' ત્યાં મંત્રીએ આશ્ચર્યથી કહ્યું કે–' આ તો મોટું અશ્રદ્ધેય વચન લાગે છે કે તિર્યંચો મનુષ્ય થાય અને પાછા તિર્યંચ બને. તેથી મને એમ લાગે છે કે તારા લાખ સૈનિકો ગૂઢ હશે, તે વિના રાજાનો વધ ન થાય અને તેનું રાજ્ય મળે નહિ. અથવા તો એ પણ માની શકાય તેમ છે કે તે દેવી અનુકૂળ રહી, માર્ગ સુગમ કરતાં તને મોટું રાજ્ય આપશે.' એમ પરસ્પર વાત કરી, તે બંને વેગથી તે નગરી પાસે પહોંચ્યા અને તે પુરૂષોને અલગ અલગ કરી, સાથે લઇને સાંજે નગરીમાં પેઠા. ત્યાં મંત્રીએ છાની રીતે પોતાના સંબંધીઓના ઘરે જઇ, પૂર્વે રાજાથી કંટાળેલા રાજલોકોને તરત તાબે કર્યા. તેવામાં મંડલેશ્વરોએ પરના પરા-ભવથી રક્ષા પામવા રાજા સહિત સનાથ સૈન્યને આદેશ કર્યો અને તે નગર થકી બહાર નીકળ્યું. એવા અવસરે મંત્રીએ અજાપુત્રને વિનંતી કરી કે–' આ બધા પુરૂષોને પોતપોતાનું સ્વરૂપ પમાડો.' એટલે તેણે તે પ્રમાણે કરતાં, પોતાના વર્ગના લોકોને તેમનાપર ચડાવી, અજાપુત્રને આગળ કરીને સુબુદ્ધિ પ્રધાન ચાલ્યો. માર્ગમાં કૃતાંતની જેમ નિર્દય બની લોકોને મારતાં, રાજદ્વારે અંગરક્ષકોને મારીને તેણે પ્રવેશ કર્યો. ત્યાં રાજદ્વાર અને પ્રતોલીપર પોતાના પુરૂષોને મૂકી અજાપુત્રસહિત મંત્રી પ્રાસાદપર તરત ચડી ગયો. તે વખતે ચંદ્રાપીડની બધા રાજલોકોએ ઉપેક્ષા કરી હતી, છતાં ધૈર્યથી તરવાર લઇને તે સામે દોડયો, અને પોતાને વિજયી માન-

નાર તે રાજા, મંત્રી વિગેરે સાથે લડવા લાગ્યો. તેવામાં અજાપુત્રે ખડ્ગવતી તેને યમધામમાં પહોંચાડી દીધો. એટલે તરતજ પ્રધાને અજાપુત્રને રાજ્યપર સ્થાપન કર્યો અને પૂર્વપ્રતિજ્ઞા પૂર્ણ થવાના હર્ષાશ્રુ–જળથી પ્રથમ સચિવે તેનો અભિષેક કર્યો, કારણ કે બહુ સમુદાયવાળો હોય તે મોટો અને મોટાને પણ માન્ય થાય. બધી ઇંદ્રિયોને તાબે કરવાથી મસ્તક ઉત્તમાંગ કહેવાય છે. પછી બે હજાર હાથીઓ અને અઠાણું હજાર અશ્વોના સ્વામી બનેલ રાજાએ તે રાત્રિ વ્યતીત કરી, પરંતુ સ્વરૂપને ન જાણતા પૌરજનોને ભય થઇ પડયો અને પૌઢ સપત્ની ( શોક્ય ) પાસે હોય, તેમ તેમને રાત્રિએ નિદ્રા પણ ન આવી. હવે ગૂઢ અને દુષ્કર કાર્યોની સિદ્ધિમાં આદ્ય સહાય કરનાર એવી રાત્રિ તે અજાપુત્રને સહાય કરતાં કૃતકૃત્ય થઇને ચાલી ગઇ અને રાત્રિનો વૃત્તાંત જોવા, ભય અને કૌતુક પામનાર દિવાકર બહુજ દૂર દૂર ઉદયાચલપર આરૂઢ થયો. ત્યારે પ્રધાને પટહ વગડાવ્યો કે—‘ હે લોકો ! તમો બીશો નહિ. **અજાસુત** રાજા થયો છે.’ એમ સાંભળતાં, ચંદ્રાપીડથી સંતાપ પામેલા નગરજનોએ રાજાની આજ્ઞા વિના પણ ભારે હર્ષથી નગરશોભા કરાવી. પછી રાજલોક, નગરજનો, સેવકો અને સામંતોએ :પોતપોતાની યોગ્યતા પ્રમાણે ભેટો ધરતાં, શંખનો ધ્વનિ થતાં, બંદિજનોએ જયનાદ બોલતાં, પાંચ પ્રકારનાં વાજીંત્રો વાગતાં, સ્ત્રીઓએ મંગલગીત ગાતાં, મંત્રી વિગેરેએ પૂર્વાભિમુખ સુવર્ણ સિંહાસનપર બેસારીને અજાપુત્રનો રાજ્યાભિષેક કર્યો, જ્યારે સચિવ સાથે મસલત ચલાવતાં રાજાએ સેવકોને પોતપોતાના અધિકારમાં જોડયા, તેમજ બધા લોકોનો તેણે સત્કાર કર્યો. વળી ચંદ્રાપીડ રાજાના આદેશથી માર્ગ રોકીને બેઠેલા માંડલિકોને સૈન્યસહિત રાજાએ ભારે પ્રસાદથી નગરીમાં પ્રવેશ કરાવ્યો. પછી પૂર્વના રાજાની તમામ સમૃદ્ધિ–પરિગ્રહને પો-

તાને તાબે કરીને અજાપુત્ર, સ્વર્ગમાં ઇંદ્રની જેમ રાજ્ય પાળવા લાગ્યો. ત્યાં પોતે વરવાને આવેલી ઘણી રાજકન્યાઓને અજાસુત પરણ્યો. હવે કોકિલના કલવરથી કામરાજા તરત જાગ્રત થતાં, કેતકી-પરિમલનું પાન કરવા એકઠા થયેલ મધુકરો જ્યાં ગુંજારવ કરતા, દ્રાક્ષામંડપના વિસ્તારમાં જ્યાં સૂર્યકિરણોનો નિરોધ થતો, અરઘટ્ટ-રેંટથી પડતા પાણીના શીતલ કણોવડે જ્યાં ભૂમિ ઠંડક આપતી, દક્ષિણપવનના કલ્લોલથી જ્યાં આમ્રમંજરી ડોલી રહેલ, વારાંગનાઓ અને પૌરાંગનાઓ હીંચકામાં બેસી આનંદ મ્હાલતી, માનિનીના માનનું છેદન કરવા જ્યાં પ્રગટ મશ્કરી થતી, તરૂણીઓ રાસડા લેતાં જ્યાં વિલાસ બતાવતી, એવા શ્રેષ્ઠ ઉદ્યાનમાં વસંત સમયે રામાઓ સહિત અજાસુત ક્રીડા કરવા ચાલી નીકળ્યો. ત્યાં અંતઃપુર સાથે સ્વેચ્છાએ ક્રીડા કરતાં, દૂર રહેલ કોઇ પુરૂષ એક શ્લોક બોલ્યો કે—

" यत्र तिष्ठति नित्यं त्वं वसन्तीं तत्र मातरम् ।
अदृष्ट्वापि हि भुंक्ते चे-त्तत्ते धिग्हंस ! हंसताम् " ॥ १ ॥

**અર્થ**—તું જ્યાં સદા રહે છે, ત્યાં રહેતી તારી માતાને જોયા વિના પણ જો તું ભોજન કરે છે, તો હે હંસ ! એ તારી હંસતાને ધિક્કાર છે !

એ પ્રમાણે શ્લોક સાંભળતાં રાજા મનમાં ચિંતવવા લાગ્યો કે—' આ શ્લોકથી ' મારી માતા આ નગરીમાં છે ' એમ કોઇ સૂચન કરે છે.' પછી તેણે સુબુદ્ધિ સચિવને કહ્યું કે—' હે પ્રધાન ! અમે ત્યારે જ ભોજન લેવાના કે જ્યારે માતાને સાક્ષાત્ નજરે જોઇશું.' એમ કહી તરતજ રાજા પોતાના ભવનમાં આવ્યો અને પોતાના રાજ્યને વૃથા માનતો ' સ્વજનો વિના આ મોટી સંપત્તિ પણ શા કામની ? ' એમ સમજવા લાગ્યો. પછી તેણે એક ગુપ્તચ-

રને બોલાવીને આજ્ઞા કરી કે—' કિલ્લાની બહાર દક્ષિણ ભાગમાં વાગ્ભટ્ટ નામે પશુપાલ રહે છે, તો ત્યાં જઇને તું તેને પૂછ કે-તારો પુત્ર છે કે પૂર્વે હતો ? ' એમ રાજાના કહેતાં ચરે જઇને તેને તે પ્રમાણે પૂછયું. ત્યારે તેણે જણાવ્યું કે—' મારે કાંઇ થયેલ નથી, પણ રસ્તામાં પડેલ, તેને લાવીને પોષ્યો. તે પણ કાંઇક મોટો થતાં કયાંક ચાલ્યો ગયો.' એમ તેનું વચન તેણે રાજાને નિવેદન કરતાં, રાજા પણ ચરના વચનથી તે વખતે સંદેહરહિત થયો; છતાં રાજાએ ઉદ્‌ઘોષણા કરાવી કે—' અહીં રાજાની માતાની હકીકત જે કહેશે, તેને રાજા મનોવાંછિત આપશે.' એમ કરતાં પણ કોઈ કહેવા ન આવ્યો, તેવામાં કોઇ રોગી સ્ત્રી આવીને રાજાને જણાવવા લાગી કે—' હે રાજન્ ! હું તારી માતા બતાવીશ, પણ આ મારા અંગનો રોગ જો અત્યારે કોઇ રીતે દૂર થાય ? ' ત્યારે રાજા હર્ષ લાવી બોલ્યો—' માતાને નજરે જોતાં એ તારો રોગ જો દૂર ન કરૂં, ત્યાં સુધી મારે પાણી પણ ન પીવું.' એમ રાજાએ બોલતાં, તે તરત જઇને ગંગાને લાવીને બોલી કે—'હે રાજન્ ! આ તારી માતા છે.' ત્યાં રાજાને જોતાં પરમ પ્રમોદ પામતી ગંગાના લોચનમાંથી હર્ષાશ્રુની જેમ સ્તનમાંથી દુધ ઝર્યું. દૌઃસ્થ્ય-દુર્ભાગ્યે દગ્ધ થયેલી લોક મળતાં સ્વજનનો તાપ ટાળે છે. શીતલ સલિલ સાથે મળેલ વાયુ અંગદાહને અવશ્ય દૂર કરે છે. પછી ખાત્રી થતાં રાજાએ તેને નમસ્કાર કરીને પૂછયું કે—' હે માતા ! મારો પિતા કયાં છે ? ' તે બોલી-' મરણ પામ્યો. ' ફરી રાજાએ પૂછયું-' અન્ય કોઇ સંબંધી છે ? ' તેણે કહ્યું—' બીજું કોઇ નથી, પણ હે રાજન્ ! તારૂં રાજ્ય જોવાને માટે મને મારાં ભાગ્યોએ ધરી રાખી. તને ભવિષ્યમાં રાજ્ય ચલાવનાર સમજી, તારા જડ ધાર્મિક પિતાએ મારા હાથે તને તજાવ્યો, પણ તું તો સ્વપુણ્યોથી વૃદ્ધિ પામતો જ રહ્યો. '

એટલે પોતાનાં તેવાં ભાગ્યથી પ્રમોદ પામેલ રાજા દેવતાની જેમ માતાને પોતાના ભવનમાં લઇ આવ્યો.

હવે તે રોગી સ્ત્રીને ઘણી દુર્ગંધ તથા મુખથી માંસના કટકા વમતી જોઇ વૈદ્યોએ જણાવ્યું કે—' હે નાથ ! એના આંતરડાં સડી ગયાં છે, જેથી અન્ય અન્ય ઔષધ કરતાં અમો તેને સુધારી શકતા નથી. અરે ! એ તો સ્વર્ગના વૈદ્ય–દેવોને પણ અસાધ્ય છે.' એટલે તેને તેવી સ્થિતિમાં જોઇ, કરૂણા–અમૃતના સાગરરૂપ રાજાએ વૈદ્યોને કહ્યું કે—' જે તમને યોગ્ય લાગે, તે પ્રમાણે કરો. ' એમ રાજાની આજ્ઞા થતાં વૈદ્યોએ તેને પુનઃ ઔષધ આપ્યું કે જેના ઉગ્ર તાપથી તે તરત અચેતન થઇ ગઇ. ત્યારે રાજા કહેવા લાગ્યો કે—' અરે ! શીતલ જળ અને પંખો તરત લાવો. ' એમ કહેતાં કોઇ સેવક તે લાવીને તેને પવન કરવા લાગ્યો. ત્યાં વૈદ્યો ફરી બોલ્યા કે—' હે નાથ ! એ રોગ અમને સાધ્ય નથી. ' એમ કહી ચાલ્યા ગયા; ત્યારે તે રોગી સ્ત્રીની દુર્ગંધની જુગુપ્સા ત્યાં વધી પડી. વળી સંતપ્ત નોળીયાની જેમ તેવી સ્થિતિમાં તેણીને જોતાં રાજાએ ફરી વૈદ્યોને બોલાવી, તેને અન્ય ઔષધ અપાવ્યું. પણ રોગ ન મટતાં રાજાએ પાણી લેવાનું પણ બંધ રાખ્યું. સંતો પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં પોતાના પ્રાણ તજી દે છે. ક્ષણમાં આશ્વાસિત કરતાં પુનઃ મૂર્છા પામતી તેણીને જોતાં રાજાના મનની પણ તેવી જ દુર્દશા થઇ પડી. એવામાં અકસ્માત્ કોઇ પરદેશી વૈદ્યે આવીને પૂછયું કે—' આ શું છે ? ' ત્યારે રાજાએ જણાવ્યું કે—' જુઓ, આ રોગિણી છે.' એટલે વિચાર કરીને વૈદ્યે જણાવ્યું. કે—' એનો રોગ મારાથી ટળી શકે તેમ છે. ' રાજા બોલ્યો–' જો એમ હોય, તો એને સાજી કરો. ' ત્યાં કરૂણા બતાવતાં વૈદ્યે કહ્યું કે—' કેવળ બકરીના દુધથી પોષણ પામેલ પુરૂષની જીભના અગ્રભાગનું માંસ લાવો, તો એ સાજી થાય.. ' એમ સાંભળતાં રાજાએ

વિચાર કર્યો કે—'અરે ! આ શી દશા ? કે જીવ્હાગ્રનો માંસ લેવા જતાં તો તે બિચારો મરણ પામે, અને નહિ તો આ સ્ત્રી મરે છે.' પછી પુનઃ વિચાર કરતાં પોતાને બકરીના દુધથી પુષ્ટ થયેલ જાણી, રાજા હર્ષથી રોમાંચિત થઇ, ફરી ચિંતવવા લાગ્યો કે—'મેં આ જીવ્હાથી પ્રતિજ્ઞા લીધી છે અને તે જો એનાથી જ પૂર્ણ થતી હોય, તો એ કરતાં મને પ્રિય શું છે ? સંતજનો રાજ્ય કે પોતાના શરીરથી અન્યનો ઉપકાર કરે છે, તો આ મરતી સ્ત્રીને જીવ્હાના એક કટકાથી હું કેમ ન બચાવું ? અહો ! આ તો શોધ્યા વિના પણ તેવો પુરૂષ મળી આવ્યો.' એમ ધારી, હાથમાં છુરી લઇ, ધૈર્યથી રાજા કહેવા લાગ્યો કે—'હે વૈદ્ય ! હું પોતેજ જન્મતાં બકરીના દુધથી પોષાયો છું. માટે મારી જીવ્હાના અગ્રમાંસથી એ સ્ત્રીને નીરોગી બનાવો.' એમ કહેતાં એક હાથમાં છરી લઈ અને બીજા હાથે જીભનો અગ્રભાગ પકડી જેટલામાં તે છેદવા જાય છે, તેવામાં આકાશે વાણી થઇ કે—'હે રાજન્ ! જીવ્હા-છેદરૂપ અમંગલથી સર્યું. એ તો અમૃતને ઝરનારી છે. તું ચિરકાલ પ્રજાનું પાલન કર.' એવામાં દિવ્ય અલંકાર ધરતી દેવી પ્રગટ થઇ, અને તે વૈદ્ય તથા રોગિણી સ્ત્રી તરતજ ક્યાં અદૃશ્ય થઇ ગયા. જ્યારે સંભ્રાંત થતો રાજા વિચારવા લાગ્યો કે—'અહો ! આ શું આશ્ચર્ય ? આ દેવી કોણ ? તે રોગી સ્ત્રી ક્યાં અને તે વૈદ્ય ક્યાં ગયો ? એમ ચિંતવતાં બહુજ પ્રમોદ પામેલા રાજાને તે દેવી કહેવા લાગી કે—'હું ચંદ્રાનના નગરીની અધિષ્ઠાયક દેવી છું. આ રાજ્ય આપતાં મેં તારી પરીક્ષા કરી, પણ તું સત્ત્વથી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનાર છે, માટે ચિરકાલ રાજ્ય ચલાવ.' એમ આશીર્વાદપૂર્વક આભરણ આપી તે દેવી સ્વસ્થાને ગઈ અને રાજા પણ પ્રજાનું પાલન કરવા લાગ્યો.

હવે અજાપુત્રનું એ અદ્ભુત સત્ત્વ જોઇ–'શું અન્ય આવા કોઈ સત્ત્વનું ભાજન હશે ?' એમ પૂછવા માટે પ્રધાને કેટલાક

દર્શનીઓને બોલાવ્યા અને તેમને અલગ અગલ પૂછયું કે—'આ રાજા સમાન કોઇ સત્ત્વશાળી છે?' એટલે તેમણે પોતપોતાના દર્શનાનુસારે ભૂત કે ભાવી સત્ત્વના દૃષ્ટાંતરૂપ જો કોઇ પણ પુરૂષ હોય, તો પોતાના ચરિત્રથી અંતરાત્માને આનંદ પમાડનાર આ અજાપુત્ર ભૂપાલજ સત્ત્વના એક મંદિરરૂપ છે.' ત્યારે બૌદ્ધ દર્શની પ્રથમ કહેવા લાગ્યો કે-'હે સચિવ! વધારે તો શું કહું, પણ પોતાના સત્ત્વથી જગતની શ્લાઘા ખરીદી પૂર્ણતા મેળવનાર એક અજાપુત્રજ છે. દેવો, ધીરજનો, સાત્ત્વિકો કે પંડિતોમાં એક અજાપુત્રની તોલે કોઈ આવી શકે એમ લાગતું નથી, તથાપિ કથામાં પ્રગટ થયેલ જો તમે કહેતા હો, તો જીમૂતવાહન અહીં દૃષ્ટાંતરૂપ કહી શકાય. તે વૃત્તાંત આ પ્રમાણે છે—

## સત્ત્વ ઉપર જીમૂતવાહનની કથા.

"**વૈતાઢ્ય** પર્વતના શિખરપર પોતાના રત્નપ્રાકારના કિરણોથી સતત આકાશને ચકચકિત બનાવનાર એવું **શ્રીકાંચનપુર** નામે નગર છે. ત્યાં **જીમુતકેતુ** નામે વિદ્યાધર રાજા કે જેનો યશસમૂહ એક છતાં અનંતતા પામ્યો હતો. વિદ્યાધર રાજાની દુહિતા અને કામના એક ક્ષેત્રરૂપ એવી **કનકવતી** નામે તેની કાંતા કે જે તેને બહુજ પ્રિય હતી. કલ્પતરૂ સમાન તે રાણીને પુત્ર જન્મ્યો, તેનું **જીમૂતવાહન** એવું નામ પાડયું કે જે ગુણના સમૂહરૂપ હતો તેને સર્વગુણ-સંપન્ન જોઇ, રાજાએ તેને પોતાના રાજ્યપર સ્થાપ્યો અને ક્રમથી આવેલ કલ્પવૃક્ષ આપી, તે તપોવનમાં ચાલ્યો ગયો. રાજ્ય અને કલ્પવૃક્ષ મળતાં પણ જીમૂતવાહન પિતાના વિયોગથી દુ:ખાર્ત્ત થતાં અંતરસુખ ન પામ્યો. વળી કાંતાના કટાક્ષવડે ચપળ યૌવન, ધન અને જીવિતને ચપળ સમજી, તે કલ્પવૃક્ષને અચિંત્ય માનવા લાગ્યો. એટલે દારિદ્રયનો નાશ કરવા તેણે કલ્પવૃક્ષને જગત પ્રત્યે પ્રેરતાં, તે સુવર્ણથી સમસ્ત

જગત ભરી, ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગયું. એમ કુલ-ક્રમથી આવેલ કલ્પવૃક્ષનો તે અપૂર્વ ત્યાગી-દાનીએ વ્યય કરતાં, ત્રણે લોક આશ્ચર્ય પામ્યા. તેવામાં પ્રતિપક્ષી સામંતો, તેને કલ્પવૃક્ષ રહિત સમજીને તેનું રાજ્ય લેવાનો વિચાર કરવા લાગ્યા. તેમની એ ચેષ્ટા જીમૂતવાહને વિદ્યાથી જાણી, તેમનો વધ કરવામાં મરજી ન કરતાં, તે નિઃસ્પૃહે રાજ્યનો ત્યાગ કર્યો, અને મલયાચલપર તપસ્યા કરતા પોતાના માતપિતાની સેવા કરવા તે પિતૃભક્તિથી ખેંચાઈને ત્યાં ગયો. કે જ્યાં વિદ્યાધરીઓના મદ્યના કોગળાવડે અત્યંત વિકાસ પામતા બકુલવૃક્ષનાં પુષ્પો માનિનીના મુખસમાન શોભતાં, વળી ઉદ્ધત મધુકરોના સમૂહને મેઘ સમજીને મયૂરો સુવર્ણ-કદલીના કુંજમાં નૃત્ય કરતી, તેમજ કિંનરીઓના કોમળ ગીતો જ્યાં હરણીઓ નિશ્ચળ બની સાશ્રુ નયને સાંભળતી હતી, ત્યાં કોઇ વૃક્ષકુંજના ઝુંપડીમાં તપસ્યાથી કૃશ બનેલા પોતાના માતાપિતાને જોતાં તે તરત હર્ષથી નમ્યો. એટલે સ્નેહથી આશ્લેષ કરતાં પિતાએ તેને કહ્યું કે—'હે વત્સ ! તું કયાં બીજું સ્થાન શોધી લે.' આથી તે પર્વતમાં ભમવા લાગ્યો. તેવામાં અકસ્માત્ પ્રિયા-પ્રાપ્તિને સૂચવનાર તેનું દક્ષિણ અંગ ફરક્યું, જેથી તે વિચારવા લાગ્યો કે—' અહીં અભીષ્ટ પ્રાપ્તિ કયાંથી ? ' ત્યાં સ્હેજ આગળ જતાં વૈતાઢ્ય-શિખરના એક વિલાસરૂપ અને પતાકાથી ગંગાનું સ્મરણ કરાવનાર એક દિવ્ય પ્રાસાદ તેના જોવામાં આવ્યો. તેના ગભારામાં વીણામિશ્રિત ગીત તેણે સાંભળ્યું અને સંસારના સારરૂપ તથા કમળ સમાન લોચનવાળી કન્યા જોઇ, કે જે કામદેવે સ્થાપેલ જાણે સૌભાગ્ય-ભૂપની પ્રશસ્તિ હોય તેવી કેશાવલિને ધારણ કરતી, જે વદનકમળમાં ભૃંગાવલિ જેવી ભાસતી એવી તે કન્યાને જોતાં લોચન વિકાસી વિસ્મય પામતો જીમૂતવાહન તન્મય બની ગયો અને નવાવતારી મન્મથે તેને તરત

ચપળ બનાવી દીધો. એટલે વિસ્તીર્ણ સુકૃતવડે પામવા લાયક તારૂણ્ય-કલ્પવૃક્ષયુક્ત, છતાં શરીરે શાંત, ધનુષ્યરહિત, કામ સમાન, લક્ષ્મીના-વિલાસગૃહરૂપ તથા ભુજ-સ્તંભવડે વિભૂષિત એવા તે રાજહંસને જોતાં તે લાવણ્યવતી લજ્જા પામી, તેને કંપ થયો અને પ્રસ્વેદ-બિંદુઓથી તે સૂત્રરહિત મૌક્તિકમાળા ધારણ કરવા લાગી. પછી જરા લલિત ગતિથી તેની પાસે આવી, દંત-કિરણોવડે જાણે પ્રથમ કપૂરની ભેટ આપતો હોય તેમ જીમૂતવાહન બોલ્યો—' હે ચારૂલોચને ! આચારવડે સુંદર આ તારો ક્રમ કેવો ? કે પ્રથમ સ્વાગતથી પણ પ્રણયી જનને આદર આપતા નથી ? ' એમ કહી તેના મુખ-કમળપર પોતાના નેત્ર-ભ્રમર સ્થાપી, તેણે, કાનના કુંડળથી મુખને દ્યોતિત કરનાર તેની સખીને પૂછ્યું કે—' આ કુળના અલંકાર સમાન અને લલિતાકૃતિ કોની કન્યા છે ? ' એમ રાજાએ પૂછતાં, સખીના સ્નેહને આધીન બનેલ તે કહેવા લાગી કે—' **વિશ્વાવસુ** સિદ્ધપતિના વંશમાં મુકતાલતા સમાન એ **મલયવતી** નામે કન્યા સદા દેવ-સ્તુતિમાં પરાયણ છે.' એમ કહી તરતજ તે સખીએ તેની અન્ય સખીના મુખથી બહુજ અનુરાગયુક્ત જીમૂતવાહનની કથા સાંભળી લીધી. એવામાં ' આ કન્યા દૃષ્ટિથી જોવામાં આવે, એજ આ જન્મનું ફળ છે.' એમ આનંદથી વિદ્યાધર રાજાના કહેતાં, પ્રતિહારીએ હાંક મારતાં ' મન મેં તારામાં સ્થાપ્યું છે, તેનું પાલન કરજે.' એમ જાણે નૂપુરના નાદથી ભલામણ કરતી હોય તેમ તે કન્યા પોતાની માતા પાસે ચાલી, અને સુકુમાર મનથી તે મહાભુજને ધારણ કરતાં, નિસાસા નાખતી, અને વસ્ત્રને શિથિલ કરતી તે પોતાના અંતઃપુરમાં ગઇ. ત્યાં શય્યામાં પડતાં તેને કામે ડંખ માર્યો અને તરતજ કોઇ વિચિત્ર વિરહાનલ તેનામાં વ્યાપ્ત થઇ ગયો. એટલે લજ્જાથી તરલ થતાં, પાસે રહેનાર તે સખીને તેણે જણાવ્યું

કે—'હે સખી! હવે શું કરૂં, ક્યાં જાઉં અને એ વાત કોને કહું? અરે આ તો કન્યાના વિરોધરૂપ કેમ કામે ઉપજાવ્યો છે કે દૂતીના મુખે સંદેશો મોકલાય અથવા પોતેજ જાય. અથવા તો તેને સંદેશો મોકલાય અને પોતે જઇને પણ શું કહી શકાય? આ સર્વથા અનર્થના ઓઘરૂપ હોવાથી મારે તો મરણ જ શરણ છે. વળી એમ પણ મારા સાંભળવામાં આવ્યું છે કે–મારા પિતાએ અનેક રીતે સમજાવ્યાં છતાં તે મારો સ્વીકાર કરતો નથી, તેથી હવે શીઘ્ર મૃત્યુ શિવાય અન્ય મારી ગતિ નથી.' એમ સખીને કહીને તે મૃગેક્ષણા મૌન રહી.

અહીં જીમૂતવાહન પણ તેજ ક્ષણે વિરહથી વ્યાકુળ થઇ ગયો. એવામાં શૂન્ય અને ક્ષામ એવા તે રાજા પાસે તેના મિત્ર મધુકરે આવીને કહ્યું કે—'હે મિત્ર! તારા મનમાં પણ કાંઇ વ્યાકુળતા લાગે છે.' એમ કહી, બાવનાચંદનના પત્રોથી શય્યા રચી અને તેના પર બેસતાં તેનો સંતાપ ઓછો થયો. એવામાં મલયવતીએ આવી, વિરહને સહન ન કરવાથી તેણે આશ્રમતરૂની લતામાં ક્યાંક પાશ ગોઠવ્યો. પછી દેવીને પ્રણામ કરી, હા! તાત! એવા વિલાપ કરી, લોચનમાં અશ્રુ લાવી તે બાળા–મૃગાનના ત્યાં કહેવા લાગી કે—'જીમૂતવાહન અન્ય જન્મમાં મારો પતિ થાઓ' એમ કહી, તે તરત પાશ તરફ ગઇ. એ તેનું વચન સાંભળતાં મિત્રે જીમૂતવાહનને તરત બોલાવતાં તેણે વૃક્ષને આંતરે લતાજાળમાં ઉભા રહી, તે વચન સાંભળ્યું અને તે મૃગાક્ષીને પણ જોઇ. તેવામાં દેવી સંતુષ્ટ થઇને બોલી કે—'હે પુત્રી! તું સાહસ ન કર. જીમૂતવાહન ચક્રવર્તી તારો સ્વામી થશે.' એમ દેવીના વરને મેળવી, તે બાળાએ જીમૂતવાહનને પોતાની સમક્ષ ઉભેલો જોયો, જેથી હર્ષ અને લજ્જા પામતાં તેના લોચન સંકોચ પામ્યાં. પછી તેણીના કંઠમાંના પાશબંધને જીમૂતવાહને કાપી નાખ્યો.

અને અપરાધી કર–પાશમાં તેને પકડી લીધી. એવામાં દાસીએ આવીને તેણીને નિવેદન કર્યું કે—'હે દેવી! સદ્‌ભાગ્યે તને વધામણી છે કે તારો મહોત્સવ શરૂ થયો. પિતાના આદેશથી તારા ભ્રાતાએ આજે વિદ્યાધરેંદ્ર જીમૂતકેતુના પુત્ર જીમૂતવાહન સાથે તારો સંબંધ જોડ્યો છે. માટે ચાલ, તારા પિતાએ વિવાહ માંડ્યો છે.' એમ સાંભળતાં સુંદર હાસ્ય કરતી તે કમળાક્ષી તરત ચાલી ગઇ. તેવામાં જીમૂતવાહન પણ તરત પિતા પાસે આવ્યો અને ઘણા મહોત્સવમાં આનંદ પામતા વિદ્યાધર કુમારોએ પરવર્યો એવો જીમૂતવાહન પ્રિયતમાને પરણીને સંભોગમાં તત્પર થયો!

એવામાં એકદા પોતાના સાળા તથા મિત્ર વસુ સાથે વન જોવા જતાં સમુદ્રની વેળમાં જીમૂતવાહને શિખર સમાન એક હાડકાંનો ઢગલો દીઠો. ત્યારે 'આ શું?' એમ તેણે વસુ મિત્રને પૂછતાં તેણે કહ્યું કે–'અહીં ગરૂડે સર્પોનું ભક્ષણ કરેલ છે. સર્વ ક્ષયના ભયથી વાસુકિ નાગે ગરૂડને વિનંતી કરી, જેથી સદા વારા પ્રમાણે આવતા નાગને તે મારી ખાય છે. પર્વતના કૂટ સમાન એ તેમના હાડકાંનો ઢગ છે.' એમ કહેતાં, પિતાએ બોલાવવાથી તેનો વસુ મિત્ર તરત ચાલ્યો ગયો. એટલે જીમૂતવાહન પણ બધામાં કરૂણા લાવતાં અને બુદ્ધિથી સંસારને અસાર સમજતાં તે ચાલ્યો, તેવામાં કરૂણ આક્રંદથી હોઠ અને મુખને શુષ્ક બનાવતી, વારંવાર શોકથી વિલાપ કરતી અને યુવતિસહિત એક વૃદ્ધ સ્ત્રી તેના જોવામાં આવી અને જાણે સાકાર આનંદ હોય, જાણે જંગમ સંતોષ હોય, સ્ફુરાયમાન ફણાપુંજથી આકાશને પીત બનાવનાર, રક્ત વસ્ત્ર પહેરેલ અને ચંદને ચર્ચિત તથા વૃદ્ધા જેને લઇને શોક કરી રહી છે એવા નાગકુમારને તેણે જોયો. ત્યાં વૃદ્ધા વારંવાર શોકથી બોલતી કે—'હા! નયનાનંદ પુત્ર! હા!

સૌંદર્યવડે ચંદ્ર તુલ્ય! શંખપાલના મહાવંશમાં સાક્ષાત્ મુક્તામણિ સમાન, હા! શંખચૂડ! હા! લાવણ્યના જંગમ નિધાન! તારૂં શરીર ગરૂડની ચાંચના અગ્રભાગરૂપ વજ્રપાતને સહન કેમ કરી શકશે? ભય પામેલા નાગરાજે તને ગરૂડ પાસે મોકલ્યો છે, પણ બે હજાર જીભમાંથી એક જીભે પણ અટકાવ ન કર્યો. હે સુપુત્ર! પૂર્વે કંઇ પણ તને ખેદ ન હતો, તે દુઃખાત્તિ હવે અચાનક આવી પડી. આ તારા સુકુમાર શરીરની રક્ષા કોણ કરશે?' એમ બોલતાં પુત્ર મુખે ચુંબન કરીને તે વૃદ્ધા પુનઃ વિલાપ કરવા લાગી. તેમજ પેલી યુવતિ પણ રૂદન કરતી પોતાનાં અંગોને કહેવા લાગી કે—'હે લોચનો! એ નાથ વિના હવે અંજનથી સર્યું, હે શિર! તને હવે વેણીથી શોભાવીશ નહિ; હે કેશો! તમને હવે પુષ્પશોભાની શી જરૂર છે? હે શ્રવણો! તમે કુંડલ વિના અને હે કંઠ! તું મુક્તાહાર વિના ચલાવી લેજે, હે ભુજાઓ! તમને હવે અંગદની શોભા મળનાર નથી, હે હસ્તો! તમે કંકણ પામવાના નથી, હે પગ! નૂપુરધ્વનિનું કૌતુક તમારૂં ખલાસ થયું, હે અંગ! કસુંબી વસ્ત્રની તારી શોભા હવે દૈવથી સહન થતી નથી, વસંત–મહોત્સવમાં સખીઓ સાથેની ક્રીડા હવે દૂર થઇ અને કેસરના અંગરાગને પણ હવે યાદ કરવાની જરૂર નથી. કારણકે મરણના મુખમાં જતા મારા પ્રાણેશને કોઇ બચાવી શકે તેમ નથી.' એમ રોતી અને લતાકુંજને રોવરાવતી તે યુવતિ મૂર્છા પામી, તેવામાં જીમૂતવાહને પાસે આવી, દયા લાવીને તરત બોલ્યો કે–'હે માત! તારા પુત્રની રક્ષા કરવા આ હું તૈયાર બેઠો છું. આ સાર વિનાના સંસારમાં પરોપકાર ક્યાંથી મળે? સદા ક્ષણભંગુર–નશ્વર દેહ હોવાથી એ પરોપકાર જ તેમાં એક શ્રેષ્ઠ સાર છે. પરનો અપાય–ત્રાસ દૂર થાય અને તેની રક્ષા થાય એજ સત્પુણ્યની પૂર્ણતા છે.' એમ સાંભળતાં ગરૂડની શંકા પામનાર તે વૃદ્ધા ભય પામી, અને

પોતાના પુત્રને વસ્ત્રથી ઢાંકી પુનઃ આશંકા લાવતાં તેણે પ્રણામ કર્યાં. ત્યારે જીમૂતવાહન બોલ્યો કે—' હું મારા પ્રાણના ભોગે પણ તારા પુત્રનું રક્ષણ કરીશ.' ત્યારે વૃદ્ધા બોલી કે—' હે વત્સ! તું મારા શંખચૂડથી અધિક છે. સેંકડો વરસો આ ધન્ય, સૌમ્ય, દેહથી તું સુખ ભોગવતો રહે,' એમ વૃદ્ધાના બોલતાં અતિ વિસ્મય પામેલ શંખચૂડ જરા હાસ્ય કરી અંજલિ જોડીને જીમૂતવાહનને કહેવા લાગ્યો કે—' હે સત્ત્વશાળી! તારા દર્શનથી બહુ આનંદ થયો. અહો! પોતાના પ્રાણના ભોગે તું મને બચાવવા તૈયાર થયો છે, તે તૃણાર્થે રત્નવિક્રય કેમ સહન થાય? સાગરમાં કૌસ્તુભ વિના અન્ય ઉત્તમ રત્ન કયાંથી? પરંતુ આ જે મારી માતા છે તે હે સ્વામિન્! જાણે તમારી માતા પણ તેજ હોય તેમ તને જોતાં ક્ષણવારમાં ચિરકાલના બંધુ જેટલો સ્નેહ પ્રગટે છે.' એમ નાગકુમારનું વચન સાંભળતાં જીમૂતવાહન કુલોચિત કહેવા લાગ્યો કે—' હે ભદ્ર! તું બહુ વિચિત્ર બોલે છે. આ વૃદ્ધ માતા તું કુલાલંકાર પુત્ર વિના કેમ જીવી શકશે? હે મિત્ર! માતાઓને પુત્રનું દુઃખ સદા અસહ્ય હોય છે, તો તું તારા જીવિતથી એ વૃદ્ધાને બચાવ. વળી આ પ્રાણદયિતા શું તારા વિના જીવવાની છે? એમ હે કુશળ! તું બંનેના પ્રાણત્યાગમાં કારણભૂત ન થા. હે મહામતિ! મારા શરીરે એ ત્રણેનું રક્ષણ કર.' એમ કહી તે શંખચૂડને પગે પડયો ત્યારે માતા અને ભાર્યાએ વિનવ્યા છતાં તેણે માન્યું નહિ. તેવામાં રાજાએ કહ્યું કે—' ગરૂડ આવે છે, માટે જા.' એટલે તે બોલ્યો કે—' હું ગોકર્ણ તીર્થના દર્શન કરવા જાઉં છું.' એમ કહી વધૂ–માતા સહિત તેને જતાં અકાળે પ્રચંડ પ્રલયકાળના વાયુ વડે જગત્ વ્યાકુળ થતાં, ઉછળતા મગરોવડે સાગરના તરંગો વિકરાળ ભાસતાં તથા પાંખના પવનવડે ગરૂડને આવતો જાણીને જીમૂતવાહન તરત વધ્ય–શિલાપર ચડી બેઠો. ત્યાં વિવાહના વસ્ત્ર

થી પ્રચ્છન્ન થઇને તે ચિંતવવા લાગ્યો કે—' મારૂં જીવિત પ્રાણીના ઉપકારમાં જ વપરાઓ. ' પછી દિગ્દાહ સમાન દારૂણ કાંતિથી આકાશમાં ભયંકર ભાસતા તથા પ્રલય-કાળની અગ્નિશિખા સમાન ચપળ પક્ષનો આક્ષેપ કરતા તે ગરૂડે આવી, ધૈર્યના ભંડાર અને વિદ્યાધર શિરોમણિ એવા જીમૂતવાહનના મુગટ-રત્નથી મંડિત મસ્તકના ખંડ કર્યા અને ફરી તેનું શરીર લઇને આકાશમાં તે વલયકારે ગતિવિભ્રમ કરવા લાગ્યો. એમ ચક્રાકારે ભમતાં, રકત-ધારાથી ખરડાયેલ મુગટરત્ન ભ્રષ્ટ થઇને મલયવતીના ખોળામાં પડયું. તે જોતાં એકદમ શિરીષલતા સમાન કોમળ તે તન્વી રોવા લાગી અને ત્રાસ પામતાં તેણે જીમૂતકેતુને તે વાત નિવેદન કરી. તેણે પોતાની વિદ્યાથી પુત્રનું મરણ જાણી ભાર્યા અને પુત્રવધુ સહિત બળી મરવાને ચિતા રચાવી. તેવામાં ગોકર્ણતીર્થના દર્શન કરી વધ્ય-શિલા તરફ જતાં શંખચૂડે, ચિતામાં પડવા તૈયાર થયેલાં તેમને જોયા અને સ્વરૂપ જાણીને કહ્યું કે—' તમે સાહસ ન કરો. હું તમારા પુત્રને મોકલીશ. ' એમ કહી નમન કરીને તરતજ ચાલી નીકળતાં જનની અને પ્રિયાને પાછા વાળી શંખચૂડ પોતાનું શરીર ગરૂડને આપવા માટે તે વધ્ય-શિલા પાસે આવ્યો, પણ ત્યાં નખ અને મુખથી મુગટ ભાંગી નાખેલ તથા વિદ્યાધરેંદ્રને લઇને આકાશમાં ઉડતા ગરૂડને જોતાં આંખમાં આંસુ લાવી ઘાત વિના પોતાને વિદારિત અને તેના વધમાં પોતાનો વધ સમજતો શંખચૂડ કરૂણ સ્વરે વિલાપ કરવા લાગ્યો કે—' હા ! સત્ત્વ અને વિપુલ ઉદારતાના સાગર, ગુણના પારંગત, પૂર્ણ કરૂણાના આવાસ હા ! નિષ્કારણ બાંધવ ! તું કયાં ગયો ? ' એમ શોક કરતાં, પોતાના જીવિતત્યાગનો નિશ્ચય કરી તે ગરૂડની પાછળ ગયો. તેવામાં તો જીમૂતવાહનના વારંવાર વચન સાંભળતાં શાંત અને વિસ્મયાકુળ થયેલ ગરૂડ વિચારવા લાગ્યો કે-'અહો! આ સાત્વિક

કોઇ ધૈર્યનો ભંડાર છે, કે જેનું શરીર ખવાતાં પણ રોમાંચ પ્રગટ થાય છે. હવે તો એ મરવા જેવો થઇ ગયો છે, છતાં મુખે પ્રસન્ન જણાય છે.' એમ ચિંતવી ગરૂડે તેને પૂછયું કે—'તું કોણ છે?' તે બોલ્યો—'એમ પૂછવાની તારે શી જરૂર છે? તું મારૂં ભક્ષણ કર' એવામાં શંખચૂડે આવીને કહ્યું કે—'હા હા! ગરૂડ! તું એ સાહસ ન કર. શું આ વિદ્યાધરેંદ્રના સ્વસ્તિકયુકત વક્ષઃસ્થળને પણ તું જોતો નથી? અરે! તારૂં ભક્ષ્ય તે નાગ તો હું છું જો આ બે મારી જીભ, પ્રગટતા વિષના કુંફાડા અને રત્નયુકત ચળકતી ફણા' એમ કહી, વક્ષઃસ્થળ પ્રસારી તે ચતો પડીને તરત બોલ્યો કે—'તું સત્ત્વર મારૂં ભક્ષણ કર.' એટલે માત્ર હાડકારૂપ રહેલ જીમૂતવાહનને તજી, ગરૂડ ખેદ પામતાં, તે નાગ વિચારવા લાગ્યો કે—'અરે! તેઓ ચિતાપર ચડી ગયા હશે.' ત્યાં આમ તેમ જોતાં રકતધારાના માર્ગે પોતાના સાસુસસરા સહિત મલયવતી આવી પહોંચી, અને પ્રાણનાથની તેવી અવસ્થા જોઇ, જાણે અપૂર્વ શોકાગ્નિના ધૂમના અંધકારથી છવાયેલ હોય તેમ તે મૂર્છા પામી, તેમજ પોતાના પુત્રને જોતાં ભાર્યાસહિત જીમૂતકેતુ પણ મૂળથી છેદાયેલા ચંદનવૃક્ષની જેમ તે પડી ગયો. તે વખતે ગરૂડે આશ્વાસન આપતાં, જીમૂતવાહનની માતા હાથવતી તેનો સ્પર્શ કરતાં કરૂણ સ્વરે શોક કરવા લાગી. ત્યારે એક મુહૂર્ત્તમાત્ર જીવનાર છતાં તે હળવે હળવે માતાને કહેવા લાગ્યો કે—'હે માતા! વિનાશ પામનાર આ શરીરનો હવે શોક કેવો? પવનથી ઉછળતા ભંગુર તરંગો સમાન આ સંસારમાં ભાગ્યયોગે જ પરાર્થે જીવિત વપરાય છે' એમ કહેતાં તે વેદનાને લીધે મૂર્છા પામ્યો. એટલે પતિના માર્ગે અનુસરીને મલયવતી પણ મૂર્છા પામી. પછી મૂર્છા દૂર થતાં પોતાને વર આપનાર તે દેવીનું તેણે સ્મરણ કર્યું. તેથી તરત સાક્ષાત્ આવીને તેણે તેના વલ્લભને જીવાડયો,

અને ચક્રવર્ત્તીની સમૃદ્ધિ આપીને તે તરત અદૃશ્ય થઇ ગઇ. આથી ગંધર્વો સહિત દેવો તેના સત્ત્વને પૂજવા લાગ્યા. વળી ગરૂડે સંતુષ્ટ થઇ વર આપતાં જીમૂતવાહને યાચના કરી, જેથી બધા નાગોને તેણે પવિત્ર અભયદક્ષિણા આપી. ત્યાં તેને જોતાં માતપિતા હર્ષ પામ્યા; અને પછી જીમુતવાહન સ્વરાજ્યનો ઉદ્ધાર કરવાની અભિલાષાએ દયિતા સહિત આકાશમાર્ગે કાંચનપુર નગરમાં આવ્યો.

એ પ્રમાણે બૌદ્ધનું વચન સાંભળી અજાપુત્ર રાજા બહુ જ હર્ષ પામ્યો. સાત્વિક જનો સત્ત્વ જોવાથી ભારે સંતુષ્ટ થાય છે. પછી સુબુદ્ધિ પ્રધાન તાપસ સામે જોતાં તે બોલ્યો કે—'હે મંત્રિન્! સત્વના એક દૃષ્ટાંતરૂપ અજાપુત્ર સમાન તો કોઇ સત્ત્વશાળી નહિ જ હોય. સત્ત્વ એ પુરૂષોનું જીવિત છે, સત્ત્વથી કીર્તિ મળે છે. સત્વ વિના પુરૂષો સ્ત્રીઓની પંકિતમાં ગણાય છે, છતાં એક પ્રસિદ્ધ દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

જંબુદ્વીપમાં શ્રેષ્ઠ **અયોધ્યા** નામે નગરી કે જ્યાં માણસો સાપત્ન્ય–શત્રુત્વ દુઃખ સાથે ધરાવે છે, પણ સુખ સાથે નહિં. રમ્યક વિજયવડે જંબુદ્વીપની સ્થિતિની જેમ રમણીય આકાશલક્ષ્મીની જેમ વિચિત્ર તથા શ્રેષ્ઠ આયતિ–ભવિષ્યવડે જે પ્રશસ્ય છે. વળી વેદપાઠકની જેમ સદા યજ્ઞોવડે શોભિત તથા વિંધ્યાચલની ભૂમિની જેમ જે વિવિધ વંશ–વાંસ કે કુળવડે સેવિત છે. વળી આમતેમ અવસ્થાન અને સંચાર પામેલ લક્ષ્મી, યાચકોને આપવામાં આવતાં પણ જ્યાં લક્ષ્મી પુનઃ સ્વયમેવ ચાલી આવે છે. ત્યાં **હરિશ્ચંદ્ર** નામે મહાભુજ રાજા કે જેની નીતિરૂપ દૂતીએ કીર્ત્તિ અને ધર્મનો સંગમ કરાવી આપ્યો. જેના ન્યાયરૂપ કોમળ કરના સ્પર્શે નગરીરૂપ તરૂણી બહાર રત્નગૃહોના પ્રભાંકુરોના મિષે

રોમાંચિત થઇ ગઈ. એકદા લગભગ પ્રભાતે સુખે સુતેલ રાજાએ સ્વપ્નમાં સત્ત્વસમુદ્રને કૌમુદીરૂપ એવો એક શ્લોક સાંભળ્યો કે—

" सत्त्वं प्रतीभूः संपद्–मर्पयितुं सन्न तच्छ्लथं कार्यम् ।
सुख–सौरभकारि यतः कर्पूरं रक्ष्यते यत्नात् " ॥ १ ॥

**અર્થ**:—સંપદાને આપવા માટે સત્ત્વ એ એક પ્રતીભૂ–સાક્ષીરૂપ છે. માટે શ્રેષ્ઠ સત્ત્વથી પાછા ન હઠવું. સુખ અને સૌરભ–યશ આપનાર કપૂરની યત્નથી રક્ષા કરવી ઉચિત છે.

એ શ્લોક સાંભળતાંજ રાજા નિદ્રા તજી, પુનઃ પુનઃ યાદ કરતાં તેના અર્થ–ગૌરવની તે પ્રશંસા કરવા લાગ્યો, અને જેટલામાં તેમાં લીન થતાં તે પઢતો હતો, તેટલામાં આકાશમાં રહેલ કોઈ ભયાતુર તાપસ બોલ્યો કે—' હે હરિશ્ચંદ્ર મહારાજ ! તમે પૃથ્વીના પાલક થતાં પ્રાણીઓના સ્વચ્છ હૃદયમાં ભયને અવકાશ પણ નથી. પરંતુ શ્રેષ્ઠ તાપસો, પઢતા લઘુ છાત્રો અને ફલિત વૃક્ષોના સ્થાનરૂપ અમારા આશ્રમમાં અકસ્માત્ કોઈ વરાહ ક્યાંકથી આવી, વિકરાલ આકૃતિયુક્ત તે આમતેમ ભમી અમારા લતા–વૃક્ષોને ચુંથી નાખે છે. તો શસ્ત્રરહિત અને તપ કરતા એવા અમોને તેના થકી બચાવો. કારણ કે નગરીની જેમ આશ્રમોના પણ તમેજ રક્ષક છો. ' એમ ઉંચેથી તે તાપસના બોલતાં, રાજા એકદમ ઉઠ્યો અને ' આ હું અત્યારેજ આવીને તે દુષ્ટ વરાહનો નાશ કરૂં છું. ' એવી તેણે પ્રતિજ્ઞા કરી લીધી. તેવામાં તાપસ અદૃશ્ય થયો. પછી પ્રભાતકૃત્યથી પરવારી અશ્વારૂઢ થતાં સૈન્યની દરકાર વિના પોતાના હાથે વરાહને મારવાની ઇચ્છાથી રાજા નગરીથી બહાર નીકળ્યો, અને મનોવેગી અશ્વને દોડાવતાં જાણે વન સામે આવ્યું હોય તેમ તે વનમાં પહોંચ્યો. ત્યાં કોઈ શલ્લકે કરતાં હંસોને પુત્રોની જેમ કમલાકરાપૂર ઉર્મિરૂપ હાથવડે જાણે લક્ષ-

વતી હોય તેવી **સરયૂ** નદી તેના જોવામાં આવી. એવામાં પાસે રહેલા **કપિંજલ** અને કુંતલને તેણે પૂછયું કે—' અરે ! તે દુષ્ટ વરાહ કયાં છે ? ' તેમણે કહ્યું—' હે નાથ ! તે આ સમક્ષજ ઉભો છે. ' એટલે તે વચન સાંભળતાં ભારે ક્રોધમાં આવી, ધૈર્ય ધરી તે રાજા પ્રત્યે દોડ્યો. ત્યારે રોમાંચિત થતા રાજાએ પોતાના હસ્ત–લાઘવથી તેનું માન ખંડન કરવા શૌર્યવડે ધનુષ્ય તૈયાર કર્યું અને ટંકારથી આકાશને પૂરતાં, શરપ્રહારવડે પર્વતપક્ષોને ઇંદ્રની જેમ તેણે વરાહને પાડી નાખ્યો, અને કપિંજલને તેણે કહ્યું કે—' આગળ આવીને જો કે તે લક્ષ્ય કેટલું દૂર છે તથા તે ચાલતાં ભેદાયું કે કેમ ? ' ત્યારે કપિંજલે આવી તેમ કર્યું અને તેણે રાજાને જણાવ્યું કે—' હે મિત્ર ! તમે પોતે આવીને જુઓ. ' તેમ કહેતાં રાજાએ તરતજ જોયું તો વીજળીયુક્ત મેઘની જેમ તે રૂધિરવડે ઓતપ્રોત હતો. પછી રાજાએ કહ્યું કે—' એ આકૃતિમાં તિર્યંચ જણાતો નથી, તેથી મને લાગે છે કે એ કોઇ દેવછળ છે, પણ વરાહ નથી, તેવામાં કુંતલ બોલ્યો કે—' હે મિત્ર ! આ તો તમે બાણોવડે ચિતરાને માર્યો. તેથી તો એ વ્યાજે લાવેલ દ્રવ્યનું વ્યાજ ભરવા જેવું થયું. ' ત્યારે રાજા બોલ્યો કે—' એ વળી શું ? ' એમ કહી પોતે જાતે જઇને જોયું તો ત્યાં મૃગલી હણાતાં તેનો ગર્ભ તરફડતો હતો, તેથી રાજાને પશ્ચાત્તાપ થતાં વિચાર આવ્યો કે—' આટલા બધા પાપની શુદ્ધિ મારે શું કરવાથી થશે ? અને દુષ્ટ વ્યાપાર કરનાર મારે મુનિઓ વિના અન્ય આશ્રય શો છે ? માટે જ્યાં તપોધન મહાત્માઓ વિદ્યમાન છે તેવા આશ્રમ પ્રત્યે જાઉં. તેઓ મોક્ષ પામવાને માટે ધર્મ–કર્મમાં સદા પરાયણ છે. વળી કમળ વાસમાં વસવાથી જાણે ભગ્નકંટક થઇ અસ્થિર ક્રમવાળી થઇ હોય, જળ–જડ સંસર્ગથી જાણે નીચ–નીચે ગમન કરવાને તત્પર બની હોય, હાથીના કુંભસ્થલે વસતાં

જાણે ત્યાં આરોહકથી રાગ પામેલ હોય તથા સુભટ–કૃપાણના સહવાસથી મરણાંત આપદાને આપનાર એવી એ લક્ષ્મી કુલટાની જેમ રાગ પામતાં કોને આશ્લેષ કરતી નથી, અને વિરાગ પામતાં તે કયા માનવને વિડંબના પમાડતી નથી ? એ લક્ષ્મી તેવી છતાં વિવેક–લોચન ખેંચી, અંધતુલ્ય બનાવી, કૃત્યાકૃત્યથી ભ્રષ્ટ કરતી, તે અધમોને પતિત કરે છે. મુનિઓએ વખાણેલ માર્ગને તજી, લક્ષ્મીને ઇચ્છતા મૂઢ જનો તેના ઉપાયની જેમ અન્યાયને આગળ વધારે છે.' એ પ્રમાણે મૃગલીના ઘાતે લોકમાર્ગથી વિરક્ત રાજા, પોતાના બે મિત્રો સાથે આશ્રમ પ્રત્યે ગયો, કે જ્યાં અભ્યાસ કરતા લઘુ છાત્રોના ઘોષથી પાપ પરાસ્ત થયેલ છે અને પક્ષીઓના પુણ્યથી ફલિત આશ્રમને જોતાં રાજા હર્ષ પામ્યો. ત્યાં કુલપતિને જોઈ રાજા તેને નમ્યો, એટલે આશીર્વાદ આપતાં મુનિએ રાજાની પીઠપર પોતાનો હાથ મૂકતાં કહ્યું કે—ક્ષત્ર–શસ્ત્ર કે ખાતરવડે ભરેલ, પ્રતાપરૂપ મેઘવડે પ્રગટતા યશરૂપ જળવડે પૂર્ણ, કંટક–શત્રુરહિત, પોતાના દેશરૂપ ક્ષેત્રમાં, રાજ્ય–લક્ષ્મીરૂપ શાલિ–ડાંગર જે ખલ–દુર્જન કે મૂળ ભૂમિમાંથી મૂળને ઉખેડી, પોતાના હાથે આરોપતા એવા હે રાજન્ ! પંડિતોએ કરેલ શ્લાઘારૂપ ગોપિકા તારા એ ક્ષેત્રની રખવાળ બનો.'

એ પ્રમાણે મુનિએ આશીર્વાદ આપતાં રાજાએ આદરથી પૂછયું કે—'હે મુનિ ! તપસ્વીઓને શાંતિ છે ? મૃગો અને વૃક્ષો આબાદ છે ?' મુનિએ જણાવ્યું—'હે રાજન્ ! તું આશ્રમનું રક્ષણ કરતાં, વિઘ્ન છેજ નહિ. સૂર્યોદય થતાં શું અંધકાર જગતને સતાવી શકે ?' એવામાં ક્યાં મોટો કોલાહલ જાગ્યો. જ્યારે મુનિએ કહેવાથી શિષ્ય તે જાણવા માટે ગયો. ત્યાં દૂરે 'અરે ! બહુ અમંગળ થયું, અમંગળ થયું' એ વચન સાંભળતાં મુનિ અને રાજા બોલ્યા—'આ શું ?' એટલે ફરી સ્ત્રીનો શોકયુક્ત

આર્ત્તશબ્દ થયો કે—'હે માતા ! જો મારી મૃગલી મુઇ હશે, તો હું અનશન કરીશ.' માતા બોલી—'હે વત્સે ! જો તું અનશન કરીશ, તો હું પણ તેમ કરીશ. તારા વિના જીવિતથી શું ?' એ હૃદય–સ્ફોટક વચન સાંભળતાં કુલપતિ બોલ્યો—'અરે ! અમારી પ્રાણપ્રિય પુત્રી **વંચના** અનશન કરવા માગે છે અને એ ધર્મચારિણી **નિકૃતિ** પોતાની પુત્રીને અનુસરે છે એ શું અસમંજસ સંભળાયું ?' તેવામાં શિષ્યે તે વાત જાણી, પાસે આવીને મુનિના કાનમાં છાની રીતે જણાવ્યું. જેથી 'આ ! એ શું ?' એમ બોલતાં તેણે તે બંનેને બોલાવી. એટલે પ્રવેશ કરતાં વંચના બહુજ રોતી અને વારંવાર રાજાને રોવરાવતી, જ્યારે નિકૃતિ તેને શાંત કરતી હતી. પછી માયામુનિએ વંચનાને પૂછયું કે—'હે પુત્રી ! કેમ રોવે છે ?' તે બોલી—'કોઇ દુષ્ટાત્માએ મારી મૃગલી સખીને મારી નાખી.' કુલપતિ આંસુ લાવતો બોલ્યો કે—'અરે ! એ તો સગર્ભા હતી. હા ! હા ! તેનો ઘાત કરતાં તો તેણે આપણા કુળનો ક્ષય કર્યો. તે મૃગલી વિના તેના જીવતાં જીવનાર એ પુત્રી કેમ જીવશે ? અને પુત્રી વિના અમારી પ્રણયિની પણ કેમ જીવી શકશે ? વળી સધર્મચારિણી વિના મારૂં તપોવિધાન કેમ થાય અને તે વિના મારે નિર્દોષતા કયાંથી ? અરે ! કોણ જાણે હજી શું થવાનું છે ? આ પૃથ્વી અનાથ બની છે. મૃગયા–શિકારના વશે પાપાત્માઓએ સગર્ભા મૃગલીને મારી નાખી. તેવામાં ખેદ કરતા રાજાને કુલપતિએ કહ્યું કે—'હે રાજન્ ! કોઇ રીતે તે મારનારની શોધ કરાવો. કારણ કે તમે રક્ષક છો.' ત્યારે વંચના બોલી કે—'હે તાત ! મને ચિતામાં બળવા દ્યો. શું તમે જાણતા નથી કે મારી મૃગલીનું મરણ તે મને કરવતી સમાન લાગે છે.' પછી રાજાએ ભારે ખેદ બતાવતાં કહ્યું કે—'હે મુનિ ! અહીં હું પણ શું કરૂં ? પરને દંડ આપવાને હું સમર્થ છું, પણ પોતાને દંડ કરવા અસ-

મર્થ છું.' ત્યાં મુનિએ ઉત્સુકતા બતાવતાં કહ્યું—'હે રાજન્! તું શું કહેવા માગે છે?' રાજા બોલ્યો—'તમારી તે મૃગલીને મેં તીક્ષ્ણ બાણોથી મારી છે.' એમ પશ્ચાત્તાપથી પોતાના આત્માને નિંદતા રાજાએ વસ્ત્રવતી મુખ ઢાંકીને પોકાર કર્યો. ત્યારે મુનિએ ભારે ક્રોધ લાવીને કહ્યું કે—'અરે! શસ્ત્રરહિત તાપસોને મારવા માટે શું આ ધનુષ્યને તું ધારણ કરે છે?' રાજા પગે પડી વિનયપૂર્વક મુનિને કહેવા લાગ્યો—'હે ક્ષમાનિધાન! એ મારો એક અપરાધ તમે ક્ષમા કરો.' એટલે મુનિએ વિમુખ થઈ, રાજા પ્રત્યે ભારે આક્રોશ બતાવતાં કહ્યું કે—'અરે! ભરતના કુળ-ચંદ્રના કલંક સમાન! તું મારા આશ્રમમાંથી ચાલ્યો જા. તારા જેવા નિર્દયોનું વચન સાંભળતાં પણ પાપ લાગે. તો હે કર્મચંડાળ! હે વાચાલ! તારો સમાગમ કેવો?' રાજાએ વિનયથી જણાવ્યું—'હે મુનિ! કહો, શું કરૂં? અગ્નિમાં પેસું? પૃથ્વીનો ત્યાગ કરૂં? કે વ્રત આચરૂં?' ત્યારે ક્રોધસહિત મુનિએ કહ્યું—'હે માયાવી! હજી પણ મૃગલી અને ગર્ભહત્યાના પાતકથી પંકિલ વાણી મને સંભળાવ્યા કરે છે?' એટલે રાજાએ શ્યામમુખે કહ્યું કે—'હે મહાત્મન્! પ્રસાદ કરો, રોષ ન લાવો. હે તપતેજના નિધાન! આ રાજા અપમાનને લાયક નથી, પરંતુ દુષ્કર્મીઓમાં મુખ્ય હોવાથી શાસ્ત્રાનુસારે પવિત્ર કરવાનું જે કાંઇ અનુષ્ઠાન હોય, તે સત્વર બતાવો.' મુનિએ કહ્યું—'હે અંગારમુખ! એની શુદ્ધિ ત્યારેજ થવાની કે એ સર્વસ્વ આપી દે. કારણ કે દાનથી પાપનું નિવારણ થાય છે.' આથી આશ્વાસન પામતાં રાજા બોલ્યો કે—'હે ભગવન્! તમે મારાપર પ્રસન્ન થઇને મારૂં સર્વસ્વ ગ્રહણ કરો કે જેથી મારૂં પાપ નાશ પામે. એ પાપથી શુદ્ધ થતાં મને શું ન મળ્યું? ગામ, અશ્વ, હાથી, ભંડારસહિત આ સાગરસુધીની પૃથ્વી મેં તમને આપી.' પછી પ્રણામ કરી, અંજલિ જોડી,

અંગારમુખે કહ્યું કે—' આ રાજા જે કાંઈ કહે છે તે સ્વીકારો.' એવામાં બંને મિત્રોએ રાજાને અટકાવીને કોમળ વચનથી જણાવ્યું કે—' હે રાજન્ ! અકાળે આ ઉત્પાત શો ? વિચાર કર, વ્યામોહ ન પામ.' આ તેનું વચન અવગણીને રાજા બોલ્યો કે—' હે ભગવન્ ! હું બોલ્યો, તે પ્રમાણે તમે આ વસુધાનો સ્વીકાર કરો.' ત્યારે મુનિએ બહુજ મંદાક્ષરે કહ્યું—' તેં અમોને પૃથ્વી આપી દીધી છે, તો તે ભોગવવાને તું હવે લાયક નથી.' તેણે એ વાત કબૂલ કરી. પછી કુલપતિએ **કૌટિલ્ય** મુનિને ઉદ્દેશીને કહ્યું કે— ' હરિશ્ચંદ્ર રાજાએ મને પૃથ્વી આપી, એ બાબતમાં તમે અને આ વાણારસી સાક્ષી છે.' કૌટિલ્ય બોલ્યો—' હે રાજન્ ! એ સંબંધમાં અમે સાક્ષી છીએ.' રાજાએ તે માન્ય કરતાં કૌટિલ્ય સ્વસ્થાને ગયો અને રાજા પ્રમોદ પામ્યો.

એવામાં એક શિષ્યે આવીને નિવેદન કર્યું કે—' હે કુલપતિ ! જ્યાંસુધી એ મૃગલી મુઈ પડી છે, ત્યાં સુધી કાંઇ પાઠ થતા નથી, તો શું કરવું ?' કુલપતિએ સખેદ જણાવ્યું કે—' તેને અગ્નિસંસ્કાર કરો.' વંચના બોલી—' તેનો અગ્નિસંસ્કાર મારી સાથે થશે.' ત્યારે રાજાએ વિનયથી જણાવ્યું કે—' મારો એ દુર્વિનય સહન કરો. હું તમને એક લાખ સોનામ્હોર અવશ્ય આપીશ.' એમ મહાકષ્ટે તેણે કબૂલ કરતાં મુનિએ કહ્યું—' તો તે હેમ–સુવર્ણ આપો.' રાજા બોલ્યો—' ચાલો, મારા નગરમાં ' મુનિએ જણાવ્યું—' સંધ્યાવિધિ કરીને અમે આ આવ્યા.' એમ સાંભળી અયોધ્યામાં આવતાં રાજાએ એવું સાંભળ્યું કે—' સર્વભક્ષી અગ્નિના મુખમાં પોતાનું તેજ મૂકી અને અર્થીઓને પોતાનું પદ આપી પ્રતાપરહિત થયેલ ગોપતિ–સૂર્ય અથવા રાજા અસ્તાચલ પ્રત્યે જાય છે.' રાજાએ જાણ્યું કે—' એ વચન તો અમંગલિક છે, પરંતુ જે થયું તે હવે અન્યથા થનાર નથી.' એમ નિશ્ચય

કરી રાજા સત્વર પોતાને સ્થાને આવ્યો. પછી કુંતલથકી એ વૃત્તાંત જાણવામાં આવતાં **વસુભૂતિ** પ્રધાન વિચારવા લાગ્યો કે–'અહો ! વિના વિચાર્યે કામ કરનારા રાજાઓ પોતાનાજ ઘાતક બને છે. તે દુષ્ટ તાપસને વસુધા આપતાં રાજાએ પોતે દેશોદેશ ભમવાનું સ્વીકાર્યું. કોઇના જાણવામાં પણ ન આવેલ એવા વરાહની વાત રાજાને કોઇએ નિવેદન કરી, પણ મને તો એ દેવતાનું છળ લાગે છે. ભવિષ્યનો વિચાર કર્યા વિના ન્યાયવાન્ રાજા પણ ક્ષય પામે છે. એટલા માટેજ તેમણે સુવિચારક મંત્રીઓને પાસે રાખવા જોઇએ. પણ અમે દુર્બુદ્ધિ શું કરીએ કે રાજા પોતાને ગમે તેમ કરી નાખે છે. તેમાં પ્રતિક્રિયા કરવા જતાં પ્રધાનો ક્લેશ પામે છે.' એમ ચિંતવી, સશલ્યની જેમ નિસાસા નાખતો અમાત્ય ચિંતાતુર બની તરત વિલાસમંડપમાં રાજા પાસે ગયો અને પ્રણામ કરી યથાસ્થાને મંત્રીનાં બેસતાં, રાજાએ તેને જણાવ્યું કે—'વરાહના પરાભવની વાત કરનાર પાસે મેં પ્રતિજ્ઞા કરી છે.' પ્રધાને કહ્યું—'હે રાજન્ ! તે વૃત્તાંત મારા જાણવામાં આવ્યો. પરંતુ મારૂં કહેવું એટલુંજ છે કે કાર્યકુશળ રાજા કોને હર્ષ ન ઉપજાવે ? કે જ્યાં સેવક કૃત્યને જાણનાર છતાં અકૃત્યને કોઇવાર પ્રશંસે છે, છતાં અત્યારે તો કંઇક કર્ણકટુક પણ કહેવાને હું તૈયાર થયો છું.' રાજાએ કહ્યું—'હે મંત્રી ! તારે જે ઇચ્છામાં આવે તે કહે.' ત્યારે નીતિમાન્ મંત્રીએ જણાવ્યું કે—'હે નાથ ! તમે આ વસુધાનો જે ત્યાગ કર્યો, તે મને સારૂં લાગતું નથી' રાજા બોલ્યો—'હે સચિવ ! તારૂં કહેવું સત્ય છે, પરંતુ એ વિચાર તો પ્રારંભ પહેલાં કરવાનો હોય છે. આદર્યા પછી તો તેનો નિર્વાહજ કરવો જોઇએ. કારણ કે પ્રતિજ્ઞાનો નિર્વાહ કરતાં લક્ષ્મી ભલે નાશ પામે, કુળ ક્ષીણ થાય અને ભલે પરદેશનો પ્રવાસ મળે. માટે અત્યારે એ મિમાંસા કરવી વૃથા છે. હમણાં એ મુનિ આવે,

તેને એક લાખ સોનામ્હોર તું તારા હાથે આપી દેજે.' તેવામાં શિષ્યસહિત મુનિ રાજાની સ્તુતિ કરતાં ત્યાં આવ્યો—'અહો! આ રાજાનું મહત્ ચરિત્ર તો વાણીને પણ અગોચર છે.' પછી માયાથી કોપ બતાવતાં આગળ આવી, શિષ્યસહિત તેણે રાજા પાસે એક લાખ સોનામ્હોર માગી. એટલે રાજાના આદેશ પ્રમાણે પ્રધાને કુંતલને હુકમ કરતાં, તેણે સુવર્ણ લાવીને રાજા પાસે મૂકયું. ત્યારે રાજાએ પ્રધાનને કહેતાં તેણે તે તાપસ પાસે મૂકયું. તે જોઇ તાપસ બોલ્યો કે—'હે રાજન્! આ શું?' રાજાએ કહ્યું—'એ વંચનાનું સુવર્ણ છે.' મુનિએ જણાવ્યું—'એ કયાંથી?' રાજા બોલ્યો—'ભંડારમાંથી' મુનિએ કહ્યું—'તે પૃથ્વીની અંદર છે કે બહાર?' એમ મુનિના બોલતાં રાજાએ કહ્યું—'તે ભંડાર તો વસુધા સાથે આવ્યો.' મુનિએ કહ્યું—'એ વસુધાનો માલીક કોણ?' રાજા બોલ્યો—'સમસ્ત પૃથ્વીના તમેજ સ્વામી છો.' તાપસે કહ્યું—'અરે રાજન્! આ તારી ચતુરાઇ કેવી? કે મારૂં દેવું મારાજ સુવર્ણથી પતાવે છે! તું એનો સ્વામી થવા માગે છે, માટે અમે જઇશું. તારા સુવર્ણની અમને કાંઇ અપેક્ષા નથી. તારૂં ધૈર્ય અમે જોઇ લીધું.' એમ કહેતાં તાપસ જવા તૈયાર થયો, તેવામાં રાજાએ પાસે આવીને કહ્યું—'હે મુનિ! તમે થોડીવાર બેસો. હું સુવર્ણ બીજે કયાંથી તમને લાવી આપું.' એમ અનેક રીતે પ્રાર્થના કરતાં તાપસ જતો અટકયો. પછી રાજાએ મંત્રીના કાનમાં કાંઇક કહ્યું. ત્યારે મંત્રીએ કોઇ સેવક મોકલીને તરત બધા વેપારીઓને બોલાવ્યા. એટલે તાપસે દિવ્ય શક્તિથી તેમને રાજાના દ્વેષી બનાવ્યા અને એકઠા થઇ વિચાર કરતાં તેમણે નિશ્ચય કર્યો કે—'આપણો સ્વામી તો એ તાપસ-મુનિ છે, જેથી હરિશ્ચંદ્રને વૃથા દ્રવ્ય આપવાથી શું? અત્યારે આ નગરીનો જે સ્વામી થાય, તેને આપણે કર આપવાનો છે.' એમ ચિંતવતા તેમને મંત્રીએ

એકાંતમાં કહ્યું કે—' રાજા મુનિનો દેવાદાર હોવાથી તમારી પાસે સુવર્ણ માગે છે.' ત્યારે એકબીજાના મુખ સામે જોતાં, સુવર્ણ આપવાનો ઉત્તર લેવા હરિશ્ચંદ્રે પોતે આવીને યાચના કરતાં જણાવ્યું કે—' હે નાગરો ! તમે અંજલિમાત્ર સુવર્ણ આપો, તે શું માત્ર છે ? તેટલું ગમે ત્યાંથી માગીને હું તમને લાવી આપીશ.' તેમણે કહ્યું—' અમારી પાસે અલ્પ સુવર્ણ પણ નથી, તો એક લક્ષ કયાંથી આપીએ ?' એમ બોલતા વણિકો રાજાએ વિસર્જન કરતાં પોતાના ઘરે ગયા. પછી વિલક્ષ થઇને રાજા વિચારવા લાગ્યો કે—' અહો ! હવે શું કરૂં અને કયાં જાઉં ? એટલું સુવર્ણ કયાંથી લાવું ? અરે ! ધિક્કાર છે કે આવી સ્થિતિ કયાંથી આવી પડી ?' એવામાં કોપથી અધર કંપાવતો કુલપતિ બોલ્યો—' અરે ! અદ્યાપિ વિલંબ કેટલો ? હે રાજન્ ! મને વિદાય કર.' ત્યાં વસુભૂતિએ મુનિને કહ્યું—' તમે વિશ્વના જોનાર છો, તો હરિશ્ચંદ્ર સમાન કયાં સાત્ત્વિક કોઈ જોવામાં આવ્યો છે ?' એટલે અંગારમુખ બોલ્યો—' તારા જેવો મંત્રી અને હરિશ્ચંદ્ર જેવો રાજા કયાં થવાનો નથી.' પછી મુનિએ રાજાને કહ્યું—' અરે માયાવી ! આમ મૃષાવાદથી શું ? મધ્યાન્હ કાળે કરેલ પ્રતિજ્ઞાનો ભંગ શા માટે કરે છે ? તારૂં સત્ત્વ અને આ સત્ય બધું જોઈ લીધું.' ત્યાં અંગારમુખ રાજાને કહેવા લાગ્યો—' હે રાજન્ ! એક ક્ષણવારમાં પોતાના કુળ, યશ, અને લોકનો અકસ્માત્ ક્ષય શા માટે વાંછે છે ?' જ્યારે રાજા બ્હીતો બોલ્યો—' હે મુનિ ! શું તમારાથી પણ અમારો ક્ષય હોઇ શકે ? જુઓ, ઉદયાચલપર તો ગ્રહોનો ઉદય હોય.' તેવામાં મુનિએ રાજાને પાદપ્રહાર કરતાં, રાજા તેને પગે પડયો. ત્યારે કોપ અને ક્ષમાના તે બંને દૃષ્ટાંતરૂપ થઇ રહ્યા. પછી અંગારમુખે કોપ લાવીને રાજાને જણાવ્યું કે—' હે મૃષાવાદના મહાસાગર નૃપાધમ ! તું અમને હેરાન શા માટે કરે

છે ?' ત્યાં મંત્રીએ અંગારમુખને જણાવ્યું કે—'આ તમારા તપ અને કોપમાં વિરોધ કેટલો ? તપ કયાં અને કોપ કયાં ? માટે બ્રહ્મને કલંકિત ન કરો.' તેવામાં અંગારમુખ કોપથી બોલ્યો કે—'અરે સચિવાધમ ! સ્થાપ્યા વિના મોટાઇનો ડોળ કરી આવનાર તું અમારા બ્રહ્મની ચિંતા કરનાર કોણ ? અરે ! રાજન્ ! આ વચમાં બકવાદ કરનાર બટુકને કેમ અટકાવતો નથી અને અમને સુવર્ણ કેમ આપતો નથી ?' ત્યારે રાજાએ કાનમાં કહેતાં, કુંતલે અલંકારો લાવી આપતાં, તેનો પણ તાપસે અનાદર કર્યો. પછી કુંતલ અને વસુભૂતિ બોલ્યા કે—'હે કુલપતિ ! રાજા જયાંસુધી તમને સુવર્ણ ન આપે, ત્યાંસુધી તમે અમને પકડી રાખો.' મુનિએ જણાવ્યું—'જીર્ણ માર્જાર જેવા તને શું કરૂં અને તુચ્છ કુંતલને સુવર્ણના બદલે કોણ લે ?' તે વખતે રાજાએ કુંતલને કહ્યું કે—'રાણીના દાગીના લઇ આવ.' તેણે જઇને દેવી પાસે તે માગ્યાં. ત્યારે દેવી બોલી—'હું પોતે ત્યાં આવીશ.' પછી તેણે બતાવેલ માર્ગે પોતાના **રોહિતાશ્વ** પુત્રસહિત મર્યાદા સાચવી **સુતારા** રાણી તરત સભામાં આવી અને પ્રણામ કરી મુનિને કહેવા લાગી કે—'હે મુનિ ! મારા અલંકાર લ્યો.' મુનિએ કહ્યું—'એ તારા પિતાના છે કે પતિના ?' તે બોલી—'મને જોઇએ, તે વસ્ત્રાદિક શણગાર આર્યપુત્ર (પતિ) કરાવી આપે છે.' મુનિ બોલ્યો—'તો હે પતિવ્રતા ! તેમાં તારી શી દક્ષતા ?' એવામાં અંગારમુખ બોલ્યો—'હે મહાનુભાવ ! તમે કાંઈ જાણતા નથી કે કૌતુક–સાગરના ચંદ્રમા સમાન હરિશ્ચંદ્રની એ ગૃહિણી છે, કે જે તારૂં ધનજ તને આપવા માગે છે.' એટલે કુંતલ ભ્રકુટી ચડાવીને બોલ્યો કે—'અરે ! તાપસ ! તમે આ સતી રાણીને ઓળખતા નથી. માટે હવે તું નથી,' એમ કહી તે રાજાને કહેવા લાગ્યો કે—'હજી પણ વિચાર કર, વ્યામોહ ન પામ. કંઇ પરિગ્રહ છે ?

કારણ કે આ તો મુનિના મિષે રાક્ષસ છે.' ત્યારે કુલપતિ ક્રોધ લાવી, જળકમંડળ લઇને બોલ્યો—'તું શીયાળ થા' એમ કહી ભૂમિપર જળ છાંટતાં, કુંતલ શીયાળ બની, શબ્દ કરતો કયાંક ચાલ્યો ગયો. ત્યારે રાજાએ મુનિને કહ્યું—'તમે પ્રસન્ન થાઓ, કોપ ન કરો.' તેવામાં પગે હણીને મુનિએ રાજાને જમીનપર પાડી નાખતાં, રોહિતાશ્વે કહ્યું—'મારા પિતાને મારો નહિ; પરંતુ મને ગ્રહણ કરી લ્યો,' એમ બાળકનું વચન સાંભળતાં આંખમાં આંસુ લાવી તેણે હૃદયથી બાળકની પ્રશંસા કરી, પછી તરત ક્રૂર દેખાવ કરીને તેણે સુતારાને કહ્યું કે—'શું તેં આ બાળકને શીખવ્યું છે?' તે બોલી—'એ બાળક કોઇપણ કામમાં શિક્ષાની અપેક્ષા રાખતોજ નથી. કારણ કે સહજ બુદ્ધિના નિધાન પુરૂષો વૃદ્ધની સેવા વિના પણ દક્ષ હોય છે. જે મણિ પોતે વિષને હરનાર હોય, તેને ગારૂડિક મંત્રની શી જરૂર?' એવામાં અશ્રુસહિત રાજા વિચારવા લાગ્યો કે—'જે કાંઇ સજીવ કે અજીવ વસ્તુ છે, તે તો મેં પૂર્વે પૃથ્વી સાથે બધી આપી દીધી. તો હવે સુવર્ણ કયાંથી આપું? કદાચ વિલંબે સુવર્ણ મેળવીને આપી શકીશ.' એમ ધારી, દીનતાથી તેણે મુનિને કહ્યું કે—'એક માસનો મારો વિલંબ સહન કરો' મુનિએ કહ્યું—'શું પછી ભીખ માગીને મને આપીશ?' રાજા બોલ્યો—'ઐક્ષ્વાકુ ભિક્ષા માગતા નથી, પણ આપે છે.' મુનિએ જણાવ્યું—'તો પછી કયાંથી આપીશ?' તે બોલ્યો—'હે મુનિરાજ! હું પોતાની જાતને વેચીને પણ તમને આપીશ.' એમ સાંભળતાં મુનિ અતિવિસ્મય પામ્યો. પછી મુનિએ કઠિન વચનથી કહ્યું કે—'તું હવે મારી પૃથ્વીને મૂકી દે.' રાજાએ જણાવ્યું—'કયાં જાઉં?' તેણે કહ્યું—'જ્યાં તને કોઇ જાણતા ન હોય, ત્યાં જા' રાજા બોલ્યો—'તમે કહો છો કે મારી ભૂમિ મૂકી દે, એ વચન શું માત્ર છે? પોતાની પ્રતિજ્ઞા

પૂરવાને ઇક્ષ્વાકુ–વંશજો તો પ્રાણોનો પણ ત્યાગ કરે છે,' ત્યારે રાજાને દૂર કરીને તાપસો પ્રમોદ પામતા પરસ્પર કહેવા લાગ્યા કે—' અહો ! સત્ત્વ ! અહો સત્ય ! અહો ! સાત્ત્વિકનો શિરોમણિ.' પછી વિચાર કરીને રાજાએ સુતારાને જણાવ્યું—' હે દેવી ! તમે તમારા અંતઃપુરમાં જાઓ. કારણ કે રોહિતાશ્વ માર્ગનો શ્રમ સહન કરી શકશે નહિ.' એટલે ધીરજથી સુતારા બોલી કે—' જે થવાનું હોય તે ભલે થાય, પરંતુ હું તો અવશ્ય છાયાની જેમ તમારી સાથે આવીશ.' જ્યારે મુનિએ કહ્યું–' હે પતિવ્રતા ! ક્યાં ચાલી ?' તે બોલી—' પતિની સાથે પ્રવાસમાં, કારણ કે સ્ત્રીઓ પતિને આધીન રહે છે.' ત્યારે મુનિએ જણાવ્યું—' મને સ્વાધીન થયેલ તને હરિશ્ચંદ્ર લઇ જશે, એ તો મોટું આશ્ચર્ય !' એમ મુનિએ કહેતાં, ક્રોધથી બળતા વસુભૂતિએ કહ્યું—' અરે ! તું તાપસ નથી અને લૌકિક માર્ગ પણ જાણતો નથી. હવે સમજી લે કે સ્ત્રીઓ પોતાના પતિદેવનેજ અનુસરે છે, તે બીજાને આધીન થતી નથી.' તાપસે જણાવ્યું—' વ્યવહારજ્ઞ આ તારો મંત્રી જે કહે છે, તે તને સંમત છે ?' એમ તેના કહેતાં, સર્વસ્વ આપનાર રાજા કાંઈ બોલ્યો નહિ.' પછી રાજાએ નમ્ર થઈ જણાવ્યું કે–' જો તમે દેવીને આવવા દેતા હો, તો તે મારી સાથે આવે.' ત્યાં સુતારા બોલી—' હે મુનિ ! મને જવાની અનુજ્ઞા આપો.' મુનિએ તેને જવાની અનુજ્ઞા આપતાં જણાવ્યું કે—' આભરણો મૂકીને ભલે જા.' એમ મુનિના બોલતાં રાજાએ અલંકારો મૂકાવતાં સુતારા બોલી—' કંઇક કુલોચિત તો મને જોઇએ. મુનિએ કહ્યું—' આવો હરિશ્ચંદ્ર છતાં બીજું તને કુલોચિત શું જોઇએ ?' એમ મુનિના કહેવાથી, અશ્રુ લાવતાં સુતારાંએ બધું મૂકી દીધું. ત્યારે ક્રોધ લાવીને મંત્રીએ મુનિને કહ્યું કે—' હે બ્રહ્મરાક્ષસ ! રાજાએ તો તને પોતાની ટેકથી પૃથ્વી આપી અને તું અલંકાર લેતાં પણ

અટકતો નથી ?' મુનિએ કોપાયમાન થઇ જણાવ્યું કે—' રાજા પણ કામ કરવામાં ચાલાક નથી અને હું પણ કુશળ નથી, પણ તુંજ એક વિઘ્ન છે કે વારંવાર અંતરાય કરે છે.' પછી કોપથી હોઠ દંશતાં, કમંડળમાંથી જળ લઈ, જમીનપર છાંટતાં મુનિએ કહ્યું કે—' જો મારો તપ-પ્રભાવ હોય, તો તું અત્યારેજ શુક થઇ જા.' એટલે પ્રધાન તરતજ શુક બની, આકાશમાર્ગે ક્યાંક ઉડી ગયો. ત્યારે ભય લાવીને રાજાએ કહ્યું કે—' હે મુનિ ! હું હવે જાઉં છું.' પછી રોતા નગરીજનોને નિવારતાં, કુલીન કાંતાઓને આશ્વાસન આપતાં અને અપરાધીઓને ખમાવતાં, રાજાએ પ્રિયા-પુત્રસહિત પ્રયાણ કર્યું. ત્યાં અનુરાગથી અશ્રુ પાડતા પુરીજનો પાછળ આવતાં, તેમને મીઠા વચનથી રાજાએ મહાકષ્ટે પાછા વાળ્યા, અને પુત્ર-કલત્રસહિત તે સાત્ત્વિક જતાં જતાં કેમે કરીને માર્ગનો છેડો પામ્યો, ત્યારે દૂર માર્ગને લીધે થાકી ગયેલ સુતારા રાજાને કહેવા લાગી કે—' હે નાથ ! હજી કેટલે દૂર જવાનું છે ? મારાં ગાત્રો શિથિલ થઇ ગયાં છે.' રાજાએ કહ્યું—' દેવી ! હવે ખેદ ન કર. જો એ મોટાં મકાનોવાળી **વાણારસી** નગરી હવે નજીક છે, છતાં જો તું પુત્રને ઉપાડતાં બહુ થાકી ગઇ હોય, તો ગંગાને કિનારે ચંપકવૃક્ષ નીચે વિસામો લે' દેવીએ તેમ કરતાં, રાજાએ પોતે તેનાં અંગ દબાવ્યાં અને તે કંઇક સુખ પામતાં ચિંતવવા લાગી કે—' અહો ! માણસો પાસે સંપદા થતાં બધા અનુકૂળ થાય છે. અત્યારે આર્યપુત્રની પાછળ કોઇ આવ્યો પણ નહિ. કારણ કે પોતે સ્તુત્ય પુરૂષ છતાં પણ ધનવંતને સ્તવે છે, પોતે નમનીય પણ તેને નમે છે, પોતે માન્ય છતાં તેને માને છે, પોતે કમનીય છતાં તેને વાંછે છે, પોતે અનુગમ્ય છતાં તેને અનુસરે છે. અહો ! વધારે શું કહીએ ? લક્ષ્મીની જેનાપર પ્રસ-

ન્નતા થાય તેને કોણ ન ઇચ્છે ? અરે ! અમને તો તે સંપદા સ્વપ્ન સમાન થઇ કે જેના વિના અત્યારે પગે ચાલવું પડે છે, પૃથ્વીપર સુવું પડે છે. કંદનો આહાર અને માર્ગનો થાક ખમવો પડે છે.' એમ ધારી, મુખ ઢાંકીને સુતારા ઉંચેથી રોવા લાગી, તેને જોઇને રોહિતાશ્વ પણ રોવા લાગ્યો. ત્યારે રાજાએ આંસુ લાવીને કહ્યું કે—' હે દેવી ! તું રૂદન ન કર, ધીરજ ધર, પોતાના સાત્વિક વ્રતને સંભાળ. રખેને ચોતરફ ભમતો શોક પિશાચ આપણને પકડી ન લે.' તેવામાં રોહિતાશ્વે કહ્યું કે—' હે તાત ! મને ભૂખ લાગી છે.' રાજાએ આદેશ કર્યો કે—' અરે ! બાળક માટે મોદક સત્વર લાવો.' પણ કોઇ આવ્યું નહિ. ત્યારે વિલક્ષ થઇ તેણે કહ્યું કે—' આ શું ?' દેવીએ જણાવ્યું કે—' એ તો પૂર્વના અભ્યાસથી તમે બોલ્યા.' પછી રોહિતાશ્વ પુનઃ બોલ્યો કે—' હે માતા ! મને ભૂખ લાગી છે.' એટલે બહુ ઉંચેથી રોતાં સુતારા બોલી કે—' હે વત્સ ! તારૂં શરીર ચક્રવર્ત્તીત્વના લક્ષણ-યુક્ત છે અને ભરતના વંશમાં જન્મ્યો છે, છતાં તારી આ શી અવસ્થા ?' ત્યાં રાજા વિચારવા લાગ્યો કે—' તેવા મહદ્ રાજ્યનું આ ફળ કેવું ? કે રોતા પુત્રને પ્રભાતનું ભોજન પણ હું આપી શકતો નથી. માટે અત્યારે કૌતુક બતાવતાં એને વિનોદ પમાડું.' એમ ધારી રાજાએ કહ્યું કે—' હે વત્સ ! આ તો જો, ગંગામાં પક્ષીઓ રમત કરે છે.' એમ રાજા રોહિતાશ્વને કુતૂહળ બતાવી છેતરી રહ્યો છે, તેવામાં માથે ભાતું લઈ અકસ્માત્ કોઈ વૃદ્ધા ત્યાં આવી ચડી તેણે નગરીનો માર્ગ પૂછતા રાજાને કહ્યું કે—' અંગે તો ચક્રવર્તીનાં લક્ષણ દેખાય છે, છતાં તારી આવી અવસ્થા કેમ ?' ત્યારે રાજા બોલ્યો—' અમારી કથા સાંભળતાં કાયરજનો ભય પામે તેમ છે, માટે તે ન પૂછતાં તું આગળ ચાલ.' એમ રાજાએ કહેતાં તે વૃદ્ધા આગળ ચાલી. ત્યારે રોહિતાશ્વે કહ્યું—' હે માતા !

મને મોદક આપ.' એટલે તે સાંભળતાં વૃદ્ધા પાછી આવીને તેને મોદક આપવા લાગી, પરંતુ તે સાત્વિકનો પુત્ર હોવાથી ક્ષુધિત અને બાલક છતાં તેણે તે મોદક લીધો નહિ, ત્યાં રાજાએ કહ્યું કે—' અમે તારૂં અનુકંપા-દાન લેતા નથી.' એમ રાજાના કહેતાં, તે ક્ષણવારમાં ક્યાંક ચાલી ગઈ. હવે રાજાએ રાણીને પૂછ્યું કે—' દેવી! હવે જો તારો થાક ઉતર્યો હોય, તો ઉઠ, આપણે નગરી ભણી ચાલીએ.' એમ રાજાના બોલતાં, રાણી ગદ્ગદાક્ષરે બોલી કે—' પોતાના રાજ્યના ભ્રંશથી મનમાં ભારે લજ્જા આવતાં, હે આર્યપુત્ર! આ શત્રુ નગરીમાં કેમ જવાશે?' ત્યારે રાજાએ હિમ્મતથી જણાવ્યું કે—' અરે! સાત્વિકોને લજ્જા કેવી? પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા જતાં જો આપદાઓ આવતી હોય તો તે મહોત્સવ સમાન છે.' રાણી બોલી—' દૈવયોગે કદાચ આપદાઓ પણ અણધારી આવી પડે છે, જેથી પોતાને પરાભવ અને શત્રુને મહોત્સવ થાય છે.' ત્યારે રાજાએ કહ્યું—' હે દેવી! તું વિચાર વિના બોલે છે. લક્ષ્મીના બળે જો હીનતા આવી હોય તો પરાભવ ગણાય, પણ આ તો પૂર્વકૃત કર્મનો પરાભવ કોણ વારી શકે? તેના પ્રભાવથી જો અમારી એ દશા થઇ, તો તેમાં શત્રુઓને શું? કારણ કે—વસ્તુ પ્રાપ્ત ન થતાં શોક શો કરવો અને નષ્ટ થતાં પણ ખેદ કેવો? વળી સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં સંતાપ શો તેમજ સ્નેહાનુકૂળતા થાય તેથી પણ શું? શત્રુઓ કાંઇ પ્રાણીઓનું અનિષ્ટ કરી શકતા નથી. એક કર્મજ જે કાંઇ થાય તે કરે છે, અન્ય કોઇ ઇષ્ટ કે અનિષ્ટ કરી શકતું નથી.'

પછી પ્રિયતમા સાથે રાજા નગરી ભણી જતાં કહેવા લાગ્યો—' મુનિની મુદત નજીક છે, તો સુવર્ણ ક્યાંથી મળશે?' રાણી બોલી—' હે આર્યપુત્ર! મને વેચીને તેને સુવર્ણ આપો.' રાજાએ કહ્યું—' આપણ બધાનો વિક્રય થતાં પણ તેટલું સુવર્ણ મળવું

મુશ્કેલ છે.' તેવામાં રોહિતાશ્વે કહ્યું—'હે તાત! મને વેચશો નહિ અને મારી માતાને પણ ધન બદલ નગરમાં વેચશો નહિ. હે માતા! તમે મારા પિતાને તેમ કરતાં અટકાવો.' ત્યારે સુતારા રોતી રોતી કહેવા લાગી કે—'હે વત્સ! તું તો ચક્રવર્ત્તી થઇશ. તું રોતો નહિ, તને કોઇ વેચનાર નથી.' ત્યાં રોહિતકની મર્મભેદક વાણીથી રાજા અટકયો અને ચાકરજનો જ્યાં રહેતા, તેવા સ્થાનમાં જઇને તે રહ્યો. પછી કંઇક વિચાર કરતાં રાજાએ તરત ઘાસ લાવી માથે મૂકતાં, સુતારાએ કહ્યું—'એ તો કિંકરની સ્થિતિ છે.' એવામાં રોહિતાશ્વે શિર ધૂણાવતાં, રાજાએ જણાવ્યું કે—'હે વત્સ! મારૂં એક વચન માન, હું તને હાથી આપીશ.' ત્યાં સુતારા ચિંતવવા લાગી કે—'દૈવને ધિક્કાર છે કે એક ભવમાં સેંકડો ભવ કરાવે છે. અરે! તે લક્ષ્મી કયાં અને આ વેચાવાની હાલત કયાં?' ત્યારે રાજાએ વિચાર કર્યો કે—'પૃથ્વી દાનમાં આપતાં મારી તેવી અપકીર્ત્તિ ન થઇ કે જેવી અકીર્ત્તિ પુત્રને પત્ની વેચતાં થાય. માટે પુત્રસહિત સુતારાને તેના પિતાને ઘેર મોકલી દઉં. પછી જે થશે, તે હું સહન કરી લઇશ.' એમ ધારી તેણે રાણીને કહ્યું કે—'હે દેવી! તું પુત્રને લઇને હવે પીયર જા. હું મુનિને ગમે તે રીતે સુવર્ણ આપીશ.' આથી રાણી આક્ષેપથી બોલી કે—'તમે આ શું બોલો છો? પ્રલયકાળે પણ તમને મૂકી જતાં હું ખરેખરી અસતી કહેવાઉં. વળી સંપત્તિમાં તો બધા આશ્રય કરે, પણ આપદા આવતાં જે નિર્લજ્જા હોય, તે સ્વામીને તજી દે. ફલિત અને શસ્યપૂર્ણ ભૂમિ થતાં અગસ્ત્ય પોતાનું મુખ તેને બતાવે છે. અર્થાત્ અગસ્ત્ય તે વખતે દુનીયાને દેખાવ આપે છે, તેમજ વળી જળપૂર્ણ સરોવરમાં પડવું કે અગ્નિમાં પડવું, ભિક્ષા માગી ભોજન કરવું તે સારૂં, પણ વિપદા આવતાં લજ્જા તજી સ્વામીથી દૂર થવું તે સારૂં નહિ. અગર દૈવયોગે સંપત્તિ

મળતાં કુલાઈ ન જતાં સજ્જનમાં સ્નેહ રાખવો તેજ સારૂં ગણાય. અને વળી કાંત–પતિ વિના સ્ત્રીના મનને અન્ય કોણ આનંદ પમાડી શકે ? ભલે ભ્રમર ગુંજારવ કરતા ફરે, પણ સૂર્ય વિના કમળોને વિકાસ કોણ પમાડે ? '

એવામાં કોઇ બ્રાહ્મણ ચાકરડીને શોધતો, રાજા પાસે આવી ચડયો, અને પગથી મસ્તક સુધી ચક્રવર્તીનાં લક્ષણયુક્ત રાજાને જોઇને તે કહેવા લાગ્યો કે—' તું કોણ છે ? અને આવો સુલક્ષણ છતાં નોકર જેવો કેમ દેખાય છે ? ' એટલે શોકને લીધે રાજા મૌન રહ્યો. જેથી આગળ ચાલતાં સુતારાને જોતાં આખમાં આંસુ લાવીને તે દૈવને નિંદવા લાગ્યો કે—' હે મૂઢ દૈવ ! આવી સ્ત્રી બનાવીને તું એને વિંડબના શા માટે પમાડે છે ? અહો ! એના શરીરમાં રૂપ, ગુણ, લજ્જાદિ જોતાં, એ અદ્ભુત ગુણોથી રતિ પણ લજ્જા પામે.' સુતારાને મૂકી જરા આગળ ચાલતાં, માથે દરભ–તૃણનો ભારો લઈ ઉભેલ, અને સુલક્ષણયુક્ત રોહિતાશ્વને જોતાં તે વિપ્ર શાસ્ત્રને ધિક્કારતાં બોલ્યો કે—' શાસ્ત્ર જે કાંઇ સુલક્ષણો બતાવે છે, તે કરતાં પણ અધિક આ બાળકમાં સુલક્ષણો છે, છતાં આ શી અવસ્થા ? ' ત્યારે રાજા અનુભવપૂર્વક કહેવા લાગ્યો કે—' હે વિપ્ર ! તું એમ બોલતો નહિ. શાસ્ત્ર કાંઇ મૃથ્યા-ભાષી નથી, પણ આ તો મારા કર્મનો પ્રભાવ છે. પૂર્વજન્મમાં આપતાં, ખાતાં કે શુભ કરતાં પોતે જે અંતરાય કર્યો હોય, તે આ ભવે ભોગવાય, અને તેથીજ અમારી આવી અવસ્થા છે, છતાં શોક કરવાથી શું ? કારણ કે બધા લોકો કર્મ ભોગવ્યા પછી તે કર્મથી મુક્ત થાય છે. ' પછી બ્રાહ્મણે પૂછ્યું કે—' આ સ્ત્રીનું મૂલ્ય શું ? ' એમ તેણે વારંવાર પૂછતાં, રાજાએ કોઇરીતે આંસું રોકીને જણાવ્યું કે—' જે યોગ્ય હોય; તે.' ત્યાં વિપ્ર બોલ્યો—' એનું મૂલ્ય પાંચ હજાર સોનામહોર આપીશ.' એમ સાંભળતાં

લજ્જાને લીધે રાજા અધોમુખ થઈ રહ્યો. જેથી ‘ જેનો નિષેધ નહિ, તે સંમત ’ એમ ધારી બ્રાહ્મણે રાજાના છેડે સોનામ્હોરો બાંધી ત્યારે રાજાએ કહ્યું એ કરતાં બમણી સોનામ્હોર આપતાં, એ છુટી શકશે.’ એમ કબૂલ કરતાં બ્રાહ્મણ ચિંતવવા લાગ્યો કે—‘ અહો ! જન્મ અને જીવિતને ધિક્કાર છે ! લક્ષ્મી કે મોટાઇને પણ ધિક્કાર છે, કે જે મનુષ્યપણું પામીને પણ સુખની ખાતર પરવશ થતાં પુરૂષો પોતાના જીવિતને સ્વેચ્છા-રસથી બરબાદ કરે છે.’ એમ ધારતો બ્રાહ્મણ સુતારાને કહેવા લાગ્યો કે—‘તું આગળ ચાલ.’ એટલે તેણીના ચાલતાં રોહિતાશ્વ છેડે લાગ્યો, ત્યારે સુતારા રોતાં રોતાં બોલી કે—‘ હે વત્સ ! તું તારા પિતા પાસે બેસ. હું તારા માટે મોદક લેવા જાઉં છું ’ એમ માતાએ વારંવાર સમજાવ્યા છતાં બાલકે છેડો ન મૂક્યો. તેવામાં બ્રાહ્મણે ક્રોધ લાવીને કહ્યું કે—‘ અરે ! ચાકરડી ! આટલો બધો વિલંબ કેમ કરે છે?’ ત્યારે સભય ચાલતી સુતારાને તેણે મૂકી નહિ, ત્યાં વિપ્રે પાટુ મારીને તેને પૃથ્વીપર પાડી નાખ્યો. જેથી રાજા આંસુ લાવી વિચારવા લાગ્યો કે—‘ અહો ! આ આપદાને ધિક્કાર છે કે જે ઇંદ્રના ઉત્સંગમાં રમવા લાયક છતાં, એક વિપ્રનો પાદપ્રહાર સહન કરે છે. કારણ કે આપદામાં પડેલ પુરૂષને ચોતરફ હજારો પરાભવો નડે છે. કુતરાથી પરાભવ પામેલ ભુંડ શિકારીઓના હાથે હણાય છે.’ પછી રાજાએ વિપ્રને જણાવ્યું કે—‘ એ બાલકને માતા વિના રહેવાનો નથી, માટે એને પણ ખરીદી લે. એ કંઇને કંઈ તારૂં કામ કરતો રહેશે.’ બ્રાહ્મણે કહ્યું—‘ એ તો મને ફોગટ પણ ન જોઇએ.’ એમ વિપ્રે કહેતાં, રાજાએ આગ્રહ કરતાં એક હજાર સોનામહોર આપી બાળકને સાથે લઇ, તે સ્વસ્થાને ગયો. ત્યારે અહીં રાજા વિચારવા લાગ્યો કે—‘ નગરીમાં મને રહેવાનું નહિ મળે, માટે જો મુનિ આવે, તો તેને સુવર્ણ આપીને હું નિર્ભય થાઉં.’

તેવામાં જાણે આજ્ઞા થઈ હોય, તેમ કુલપતિ તરત ત્યાં આવ્યો. અને વિમુખ થઇને કોપથી કહેવા લાગ્યો કે—' પ્રથમ મને સુવર્ણ આપ.' રાજા બોલ્યો–' આ કંઈક ધન છે, તે તમે લ્યો.' મુનિએ કહ્યું—' તારી મુદ્દત પૂરી થયા છતાં હજી સંપૂર્ણ સુવર્ણ આપતો નથી.' રાજાએ કહ્યું—' અરે! દેવાદારને ધિક્કાર છે કે જે લેણદાર ના દુષ્ટ વાકય વારંવાર સહન કરતાં પણ તેને મીઠા બોલથી સંતુષ્ટ રાખે છે.' ત્યાં ક્રોધથી કુલપતિ બોલ્યો—' હું અલ્પ કાંચન લેનાર નથી. સ્ત્રીપુત્રને વેચતાં જે તને ધન મળ્યું છે, તે મને આપ.' રાજાએ તે આપતાં, અંગારમુખ બોલ્યો—' અરે! સ્ત્રી–પુત્રને શા માટે વેચ્યાં ? અહીંના **ચંદ્રશેખર** રાજા પાસે જઇને ધન માગી લે.' રાજા બોલ્યો—અરે ! આવું અનુચિત શું બોલે છે ? સેંકડો વખત પરાભવ પામતાં પણ સાત્ત્વિકો પ્રત્યર્થીરિપુ પાસે માગે નહિ. મુનિએ કહ્યું—' અરે! પ્રતિજ્ઞાભ્રષ્ટ! મારી પાસે પોતાની શ્લાઘા કરે છે ? ' રાજા બોલ્યો—' હે તાપસ તમે કોપ ન કરો. હું દુષ્કર ચંડાલ–કૃત્ય કરીને પણ તમારૂં સુવર્ણ આપીશ.' આથી મુનિ સંતુષ્ટ થયો.

આ વખતે લંગોટીધારી અને માથે કાબરા કેશ ધરનાર તથા હાથમાં દૃઢ યષ્ટિધારી કોઈ ચંડાળ ત્યાં આવી ચડયો. અને રાજાને જોઇ તે બોલ્યો કે—' અરે! તું કર્મકર છે? મારો કિંકર બનીશ?' ત્યારે રાજા વિચારવા લાગ્યો કે—' અહો ! સૂર્ય અસ્ત થયો, મને ખરીદનાર કોઇ ન આવ્યો, તેમ એ મુનિ મૂકશે નહિ. માટે ચંડાળ નું કામ કરવા જાઉં. એમ ધારી રાજાએ જણાવ્યું કે—' હા, હું તારૂં કામ અવશ્ય કરીશ.' તે બોલ્યો—' શું શું કામ કરીશ ?' રાજા બોલ્યો—' જે તું બતાવીશ તે હું કરીશ.' ચંડાળે કહ્યું—' શ્મશાનની રક્ષા કરવી, મૃતકનું વસ્ત્ર લેવું, અને ચિતામાંથી અર્ધદગ્ધ કાષ્ઠ લઈ લેવાં. તેમાંથી ઉપજનો અર્ધોભાગ રાજા લે છે,

અને બીજા અર્ધના બે ભાગ કરતાં એક ભાગ તારો અને એક મારો; વળી હું જે તને આજ્ઞા કરૂં છું, તે કામ તારે સદા સાવધાન થઇને કરવાનું છે. હું ગંગાના દક્ષિણ મસાણનો **કાલદંડ** નામે માલીક છું.' એમ સાંભળતાં રાજા બોલ્યો—' હું તારા કહ્યા પ્રમાણે કરીશ, પણ એમાં જે મારો ભાગ થાય, તે આ મુનિને આપવાનો છે.' ત્યારે મુનિએ વચમાં જણાવ્યું કે—' હે સાત્ત્વિક ! તને નમસ્કાર છે, હે સત્યપ્રતિજ્ઞ, હે ધૈર્યનિધાન ! તને નમન છે.' પછી તે મુનિને આપવાની વાત કબૂલ કરી, કાલદંડ હરિશ્ચંદ્રની સાથે પોતાના શ્મશાનમાં ગયો. એવામાં તે નગરીમાં અકસ્માત્ મૃત્યુ માણસોના દેહરૂપ વાવમાંથી રોગરૂપ દોરડીવડે જીવિતરૂપ જળ લેવા લાગ્યો. તેથી નગરીમાં ચોતરફ જાણે આક્રંદધ્વનિથી જીતાયેલ હોય, તેમ મંગળધ્વનિ કયાંક છુપાઇ રહ્યો એટલે મૃત્યુથી ભય પામતાં લોક જેમ જેમ પોતાની રક્ષા કરવા લાગ્યા, તેમ તેમ જાણે પ્રેરિત થયો હોય તેમ મૃત્યુ હજારો લોકોને પકડવા લાગ્યો. ત્યાં મરણ જન્ય લોકોનો દુઃસહ આક્રંદ સાંભળતાં **ચંદ્ર**શેખર રાજાએ પોતાના **સત્ય**વસુ પ્રધાનને બોલાવ્યો. રાજાના આદેશથી આવતા પ્રધાનને રસ્તામાં હાથે શુકપંજર લીધેલ કોઇ પુરૂષે મળતાં નમન કર્યા. ત્યારે પ્રધાને પૂછ્યું કે—' આ મનોહર શબ્દ બોલનાર શુક તને કયાંથી મળ્યો ?' તે બોલ્યો—' મને એ ચંપાના વનમાં મળ્યો છે. સદા વિદ્વાનોને હેત બતાવનાર એવા ચંદ્રશેખર રાજાને માટે આ સર્વ શાસ્ત્રને જાણનાર ઉત્તમ શુક હું લાવ્યો છું.' એમ તેનું વચન સાંભળતાં તેની સાથે સાથે મંત્રીશ્વર રાજા પાસે આવ્યો અને નમન કરી, યથાસ્થાને તે બેઠો. ત્યારે રાજા સખેદ કહેવા લાગ્યો કે—હે સચિવ ! જુઓ, દુર્દૈવથી સંપડાયેલા નગરીજનો ક્ષણે ક્ષણે મરતા જાય છે; અત્યારે અમે કાંઇ અન્યાય કરતા નથી, તેમ લોકો અધર્મ સેવતા નથી, છતાં અકાલ મરણ

થાય છે, તેનું કારણ શોધી કહાડો. ' એવામાં કોઇ વૃદ્ધ વેશ્યા પુત્રીના મરણથી છાતી કુટતી અને નિસાસા નાખતી આવીને ક્રોધસહિત રાજાને કહેવા લાગી કે—' હે રાજન્ ! તું સદા અન્યાયી અને પ્રજાને પીડનાર છે, તેમજ સદા પાપાસકત છે, તેથી લોકો મરી જાય છે. **અનંગસુંદરી** નામે મારી પુત્રી, કામ ક્રીડા કરી આવતાં, સુખશય્યામાં સુતી કે તરત મરણ પામી.' એમ સાંભળતાં રાજાએ ચિંતવ્યું કે—' અહો એની વાણીમાં કર્કશતા અને નિર્લજ્જતા કેટલી છે ! ' એમ ધારી તેણે મંત્રીને કહ્યું કે—' હવે શું કરવું છે ?' મંત્રી બોલ્યો—' હે ભૂપાલ ! આ બાબતમાં માંત્રિકો બળ બતાવી શકે. ' ત્યારે રાજા બોલ્યો—' અહીં ઉજ્જયિનીથી એક મહાન્ માંત્રિક આવ્યો છે.' મંત્રીએ જણાવ્યું—તો તેને બોલાવો.' રાજાએ તેને તરતજ બોલાવતાં, તે આવીને યથાસ્થાને બેઠો. ત્યાં રાજાએ કહ્યું—' અમારી નગરીમાં શું મરકી જાગી છે કે જે દૂતની માફક બલાત્કારે પુરલોકોને યમધામમાં લઈ જાય છે ? ' ત્યારે માંત્રિકે ધ્યાનથી જાણીને કહ્યું—' હે રાજન્ એ તો રાક્ષસીની ચેષ્ટા છે, બીજુ કંઇ નથી. ' ત્યાં પેલી વૃદ્ધ વેશ્યા બોલી કે—' હે માંત્રિક ! મારી પુત્રી હમણાં જ મરણ પામી છે, ' તે બોલ્યો–' હા, હું તેને જરૂર જીવતી કરીશ. ' પછી તે વૃદ્ધાએ તેના શિરપર પોતાના વસ્ત્રનો છેડો ફેરવી ફેરવી આશિષ આપતાં જણાવ્યું કે—' હે માંત્રિક ! મારી આશિષના પ્રભાવથી તું ચિરકાલ જીવતો રહે. ' એવામાં દાસીએ આવીને કુટ્ટિનીને કહ્યું કે—હે અક્કા ! તને વધામણી છે કે મારી બ્હેન જીવે છે. ' પછી રાજા વધારે ખાત્રી પામવાથી માંત્રિકને કહેવા લાગ્યા કે—' એ રાક્ષસીને અહીં લાવવાને તું સામર્થ છે ? તે બોલ્યો—'હે રાજન્ ! તું શું મને જાણતો નથી ? મહાપ્રભાવી અને તેજસ્વી દેવો બધા મારો આદેશ ઉઠાવનારા છે. જો કહે તો રાક્ષસોના મકાનો સહિત

લંકાને અહીં લઇ આવું, અથવા અપ્સરાઓ યુકત ઇંદ્રને કે નક્ષત્રો સહિત જયોતિષ ચક્રને લાવી આપું, અગર તો કલ્લોલથી ગાજતા સમુદ્રવડે પૃથ્વીને પ્લાવિત કરી દઉં. તને જે કૌતુક હોય તે બતાવું. અડદ, સરસવ, લવણ લોબાન તથા આઠ પુરૂષને લાવો. રાજાએ તરત તે પ્રમાણે કરાવતા માંત્રિકે એક મંડળ–કુંડાળું રચ્યું અને અને તેમાં બેસીને કંઇક ધ્યાન કરતાં, દિક્‌પાલને આહ્‌વાન કરનારા મંત્રોને ઉચ્ચારતાં તેણે આકાશથકી રાક્ષસીને નીચે ઉતારી. એટલે તે આવતાં જ કહેવા લાગી કે—' મારૂં ભક્ષ્ય કયાં છે ? જુઓ હું લાંબા વખતની ક્ષુધાથી બહુ જ ક્ષામકુક્ષિ થઇ ગઇ છું.' ત્યારે મંત્રના બળે માંત્રિકે તેણીને મૂષકોને માર્જારની જેમ મંડળમાં પાડી જેથી બધા લોકો ભય પામ્યા રાજા સાશ્ચર્ય બોલ્યો કે—' અહો ! આ તો મહાસમર્થ માંત્રિક છે કે આપણા દેખતાં રાક્ષસીને બોલાવી.' માંત્રિકે કહ્યું—' બસ અમારે જે કરવાનું હતું તે કર્યું. હવે જે યોગ્ય હોય તે કરો, એનો નિગ્રહ કરવામાં તમે મુખત્યાર છો.' ત્યાં રાજાએ સાક્ષેપ કહ્યું કે—' હે મંત્રિન્ ? ચંડાળને બોલાવો, ' એટલે તેને બોલાવવા માટે મંત્રીએ કલહંસને આદેશ કર્યો. જ્યારે તે કલહંસ ત્યાં શુકપંજર મૂકીને ગયો, તેવામાં રાજાએ કહ્યું કે—' હે સચિવ ! પાંજરામાં શું છે !' પ્રધાન બોલ્યો કે—' હે ભૂપ ! એમાં સર્વ બાબતને જાણનાર શુક રાજ છે. હે શુક ! રાજાનું વર્ણન કરો ' એમ પ્રધાને કહેતાં શુક બોલ્યો કે—' હે રાજન્ ! તમે બાણોથી નીચે પાડેલા રકતવડે પંકિલ રણાંગણમાં પુનઃ હાથીઓએ પાદાગ્રથી હણેલા શત્રુઓ સ્વર્ગે ગયા પણ અહીં તેમનો રણરસ પૂર્ણ ન થવાથી સ્વર્ગમાં ઇંદ્રની પ્રશંસાથી ઉદ્ધત બનતાં ઐરાવણ સાથે સંગ્રામ કરી તેઓ રણરસ પૂર્ણ કરે છે.' તેવામાં માંત્રિકે કહ્યું—' હે રાજન્ ! રાક્ષસી તમને કાયર સમજી પરાભવ પમાડશે, માટે તેનો નિગ્રહ કરવામાં

વિલંબ કેમ કરો છો ! ' ત્યાં હરિશ્ચંદ્ર સહિત ચંડાળ આવ્યો. તેવામાં હરિશ્ચંદ્રને જોતાં મન અને નેત્ર વિકસાવી શુક કહેવા લાગ્યો કે—' હે નાથ ! ભરતના વંશના હે ભૂપ હરિશ્ચંદ્ર ! રાજાઓને મસ્તકે નમવા યોગ્ય હે પૃથ્વીપતિ ! તારૂં કલ્યાણ થાઓ. ' એમ સાંભળતાં રાજા રોષથી બોલ્યો —' અરે ! આવું અસંબદ્ધ કેમ બોલે છે ? અહીં સાકેતપતિ ક્યાંથી ! હે શુક ! તું વ્યાકુળ બન્યો છે શું ! ' પછી મંત્રીએ ચંડાળને કહ્યું કે ' આ રાક્ષસીને વસ્ત્રરહિત કરો. ' એટલે તેણે આદેશ કરતાં હરિશ્ચંદ્રે તેણીને નગ્ન કરી. ત્યાં તેણે ઓળખી લેતાં વિચાર કર્યો કે—' હા ! આ શું **સુતારા** રાણી છે ! અરે ! એ દૈવ શું અમને જ મારવા ધારે છે ! પરંતુ આ કામમાં દેવી તો કહિ કારણરૂપ ન જ હોય, પણ મારા દુષ્કર્મે પ્રેરિત અન્ય કોઇ દેવછળ લાગે છે માટે અગ્નિમાં પેસીને દેવીનો દોષ હું સત્વર દૂર કરૂં. અથવા તો શત્રુસભામાં પોતાનો પ્રકાશ કરવો, તે યોગ્ય નથી. મુનિને મેં પૃથ્વી આપી દીધી, અને પુત્ર સહિત પ્રિયાને વેચી તો હવે દૈવ જે કરશે, તે હરિશ્ચંદ્ર સહન કરી લેશે. પછી બાહ્ય વેશથી તે રાણીને અદૂષિત શરીર ધારી જોઈ રાજાએ પોતાનો વિચાર જણાવતાં મંત્રીને કહ્યું કે—' એનું મુખ ચંદ્રમાને જીતે તેવું છે, નેત્ર કમળની શોભાને જીતે, વચનથી અમૃત જીતાઇ જાય, કેશ ભ્રમરને જીતી લે દેહવર્ણ સુવર્ણને જીતે, એમ એનાં અવયવો અલગ અલગ વસ્તુને જીતી લે છે, તો એ શણગારનો શ્રમ કરીને કોને જીતવાની હતી? એના શરીરનું લાવણ્ય છે, એજ અદ્ભુત મંડન-શણગાર છે. ' એવામાં શુક તેને ઓળખી, મસ્તક નમાવી, પ્રણામ કરીને કહ્યું કે—' હે **ઉશીનર** રાજાની પુત્રી **સુતારાદેવી** તારૂં કલ્યાણ થાઓ. ' એમ સાંભળતા રાજાએ કહ્યું—' અરે શુક ! આમ વારંવાર પ્રલાપ શું કરે છે ? એ ઉશીનર રાજાની પુત્રી અહીં ક્યાંથી ? હે કીર ! તેં મદ્ય પીધું છે શું ? એટલે શુક હિમ્મતથી

બોલ્યો—‘ આ હરિશ્ચંદ્ર રાજા અને આ એની પત્ની, એ વાત બ્રહ્માથી પણ અન્યથા ન થઇ શકે, ’ ત્યારે રાજાએ પૂછતાં હરિશ્ચંદ્ર બોલ્યો—‘ હું હરિશ્ચંદ્ર નથી, પણ આ ચંડાળે દ્રવ્યથી ખરીદેલ નોકર છું. ’ પછી સ્ત્રીને પૂછતાં તે બોલી—‘ હું સુતારા નથી, પણ આ વજ્રહૃદયના વિપ્રની દાસી છું. ’ ત્યાં રાજાએ પુનઃ કહ્યું— ‘ અરે શુક ! તું અમને છેતરે છે. ’ તે બોલ્યો—‘ હે રાજન્ ! શું એ તારી પાસે પોતાનો પ્રકાશ કરે ખરો ? ’ ત્યારે સચિવે જણાવ્યું—‘ આવી લાવણ્યવતી શું રાક્ષસી કર્મ આચરે ? માટે હે સ્વામિન્ ! વિચારીને યોગ્ય લાગે, તેમ કરો. ’ એટલે રાજાએ ચંડાળને પૂછતાં તેણે કહ્યું કે—‘ એ તો મારો નોકર છે. ’ એમ નિશ્ચય કરી, રાજાએ ચંડાળને રાસભ લાવવાનો હુકમ કર્યો. ત્યારે હરિશ્ચંદ્રને તેણે ફરમાવતાં તે તરત ગર્દભ લઇ આવ્યો. સમર્થ અને ઇષ્ટ છતાં પરતંત્ર પુરૂષ શું કરી શકે ? ’ પછી ‘ કામ વિચારીને કરવાનું છે ’ એમ મંત્રી અને શુકે વાર્યા છતાં રાજાએ તેણીને રાસભ–ગધેડા પર બેસારી તેવામાં ‘ અહો ! આ તો મોટું અકાર્ય થાય છે, એમ શુકે કોલાહલ મચાવતાં જણાવ્યું કે—‘ હે રાજન્ ! મારી એક ન્યાયને અનુસરતી વિનંતી સાંભળ. ’ રાજાએ આજ્ઞા કરતાં કીર કહેવા લાગ્યો કે—‘ હે રાજન્ ! એ સુતરારાણી રાક્ષસી હોય, તો હું તમારા દેખતાં અગ્નિમાં પ્રવેશ કરૂં. ’ ત્યાં સભાજનો દીનતાથી બોલ્યા કે—’ હે નૃપ ! એ શુકની વાણી અત્યારે માન્ય રાખો એમ લોકના અનુરોધથી રાજાએ તેમ કર્યું. પછી શુકે ઉત્સુકતાથી જણાવ્યું કે—‘ હે પ્રધાન ! તમે ચિતા તૈયાર કરાવો. ’ મંત્રીએ તેમ કરાવતાં, શુક સ્નાન કરીને ચિતા પાસે આવ્યો અને દિકપાલોને કહેવા લાગ્યો કે—‘ આ સુતારા દેવી રાજસુતા જો રાક્ષસકુળની હોય, તો હે અગ્નિદેવ ! મને દગ્ધ કરજો. ’ એમ બોલતાં, સભા સમક્ષ ભય વિના તે કીર અગ્નિમાં

પેઠો કે તરત અગ્નિ ઓલવાઇ ગયો અને શુક અક્ષતાંગે બહાર આવ્યો ત્યારે ‘ અહો ! આ તો મોટું આશ્ચર્ય ! એમ ઉંચેથી બોલતા લોકો પુનઃ તાલી દેતા કહેવા લાગ્યા કે—‘ આ સતી રાક્ષસી નજ હોઇ શકે. ’ પછી મંત્રીએ જણાવ્યું કે—‘ હે નાથ ! મને તો લાગે છે કે એ બધું માંત્રિકનું ચેષ્ટિત છે, માટે ગમે તે મિષે માંત્રિકને વિદાય કરો અને એ સ્ત્રીને રાસભ થકી નીચે ઉતારો. રાજાએ તેમ કરી પુનઃ કહ્યુ કે—‘ હવે શું કરીએ ? કેમ જાણી શકીએ ? આ મોટું છળ કોનું છે ? આવી સંદિગ્ધ બાબતમાં આપણે શો વિચાર કરીએ ? ’ એમ પશ્ચાતાપ અને કોપસહિત રાજાએ પોતે માંત્રિકને વિદાય કર્યો અને શુકને પાંજરામાં નાખ્યો. તેમજ તે સ્ત્રીને રાસભ થકી નીચે ઉતારી એ બધું કરી રાજા પલંગપર જઇને બેઠો.

તેવામાં સૂર્યાસ્ત થતાં ચંડાળના હુકમથી સ્મશાન ભણી જતાં હરિશ્ચંદ્ર ચિંતવવા લાગ્યો કે—‘ અહો ! દુર્દૈવનું નાટક કેવું ? કે બ્રાહ્મણના ઘરે દાસી બનેલ રાણીને રાક્ષસીનો દોષ આપતાં, શુકે તેનું નિવારણ કર્યું માટે મને તો લાગે છે કે દૈવજ બળવાન્ છે, અન્ય કોઇ પુરૂષ નહિ. કારણ કે તે આપદા લાવે છે અને તેજ નિવારે પણ છે. પછી સૂચિભેદ્ય અંધકારમાં નિર્ભય થઇ પેસતાં હરિશ્ચંદ્રે ચોતરફ ભીષણ સ્મશાન જોયું કે જેમાં કોઇ સ્થળે શીયાળવા બૂમ મારતા, ક્યાંક રાક્ષસો તોફાન કરતા, ક્યાંક ભૂતના ભડકા દેખાતા, ક્યાંક ઘૂવડના અવાજ સંભળાતા, ક્યાં શબનો સંસ્કાર કરવા આવેલ લોકો પ્રેતથી ત્રાસ પામતા, ક્યાંક ડાકણના કિલકિલારવ પ્રગટતા, ક્યાં મૃતકને ચાટતાં કુતરા નિદ્રા કરતા, ક્યાંક યોગીઓ વિદ્યા સાધતાં વર આપતા, ક્યાં કાપાલિકો શ્રેષ્ઠ મસ્તક ગ્રહણ કરતા, સર્વત્ર ઉછળતી દુર્ગંધથી નાક પૂરાઇ જતું, કોઇ સ્થળે ઉપરાઉપરી મસ્તકની ખોપરી

પડેલ હોવાથી લોકો સ્ખલના પામતા, એવા શ્મશાનને ભયાનક જોતાં કંઇ કરૂણ શબ્દ તેના સાંભળવામાં આવ્યો. જેથી તેને વિચાર આવ્યો કે—' અહો ! આ ધ્વનિ તો કોઇ મૃતપતિ સ્ત્રીનો લાગે છે. માટે તેને રોતી અટકાવું.' એમ ધારી હરિશ્ચંદ્રે તેની પાસે જઇને કહ્યું કે—' હે ભદ્રે ! આમ તારે વિલાપ કરવાનું શું કારણ છે ?' તે બોલી—' વટવૃક્ષ પાસે જઇને કારણ જોઇ લે.' એટલે ત્યાં જતાં હરિશ્ચંદ્રે જોયું તો ઉંચે પગ અને નીચે મસ્તક તથા વડની શાખામાં બાંધેલ એક પૂર્ણ લક્ષણ પુરૂષ દીઠો. તેને જોતાં હરિશ્ચંદ્રે વિચાર કર્યો કે—' પૃથ્વી મુનિને આપી અને તેની કન્યાને ધન પૂરવા દયિતા-સુતને વેચ્યા, વળી આ જીવિતથી તો હું પોતે કંટાળ્યોજ છું માટે એને પરકાજે વાપરતાં જો જાય, તો મને શું ફળ ન મળ્યું ?' એમ ધારી, તેણે બાંધેલ નરને કોમળ વચનથી કહ્યું કે—' અરે ! તું કોણ છે અને તારી આવી દુસ્સહ અવસ્થા કેમ થઈ ?' તે બોલ્યો—' હું જાણું છું, છતાં દૃઢ બંધનને લીધે બોલી શકતો નથી, પરંતુ તારી પવિત્ર આકૃતિ મને પૂછવા માટે તને પ્રેરી રહી છે,' તેણે કહ્યું—' તો પછી તું કહી દે, તારી એ દુસ્સહ દશા હું જોઇ શકતો નથી.' આવો તેનો પ્રણય જોઇને તે બદ્ધ પુરૂષ કહેવા લાગ્યો—' હે સજ્જન ! મારી આ હીનાવસ્થા કોઇને પણ કહેતો નથી, જે શ્રોતા મારા થકી આશ્રયની ઇચ્છા કરે, તે અન્યને આશ્રય ક્યાંથી આપે ? પરંતુ ભવસ્નેહ, ઉત્તમતા અને પરોપકારના કારણે તું મને પૂછે છે, તો હું તને કહું છું—હું કાશીપતિ ચંદ્રશેખર રાજાનો મોટો પુત્ર છું. વિદ્યાધરીએ મને સ્ત્રી સહિત પલંગપરથી ઉપાડી ને અહીં મૂક્યો છે.' હરિચંદ્રે પૂછ્યું—' શા માટે ?' તે બોલ્યો—' હવે અહીં માંસવડે તે મહા હોમ કરવાની છે.' તેણે પૂછ્યું—' તે વિદ્યાધરી હમણા ક્યાં ગઈ છે ?' તેણે કહ્યું—' આકાશ માર્ગે ગંગા નદીમાં તે ન્હાવા

ગઇ છે.' ત્યારે હર્ષથી હરિશ્ચંદ્રે વિચાર કર્યો કે—' આ વિનશ્વર દેહથી વિદ્યાધરીની વિદ્યા સિદ્ધ થતી હોય અને આ પુરૂષને જીવિત મળતું હોય, તો તે કરતાં બીજું સારૂં શું ?' એમ ધારી તેણે તે પુરૂષને હેતપુર્વક કહ્યું કે—' મારે તારી પાસે કંઇક માગવાનું છે. તે બોલ્યો—' આવી અવસ્થામાં તું શું માગવા ધારે છે ?' હરિશ્ચંદ્ર કહ્યું—' જે તું આપી શકે, તેવુંજ માગીશ.' તે બોલ્યો—' હે નરોત્તમ ! ભલે, તને જે માગવાનું હોય, તે માગી લે.' હરિશ્ચંદ્રે કહ્યું—' તું જા અને તુરત પોતાનું રાજ્ય સ્વીકારી લે. હું સ્વશરીરથી વિદ્યાધરીનું કામ બજાવીશ.' પુરૂષ બોલ્યો—' અરે ! આ તું શું બોલે છે ? શું એ હિતકર વચન છે ? વળી એવો મૂર્ખ કોણ હોય કે પોતાને કાજે પરના પ્રાણનો વ્યય કરે. માટે તું આ સ્થાનથી ચાલ્યો જા. વિદ્યાધરી હમણાજ આવતી હશે.' આથી ભૂમિ સુધી મસ્તક નમાવીને હરિશ્ચંદ્ર બોલ્યો કે—' હે પુરૂષોત્તમ તું મારી પ્રાર્થનાનો અનાદર ન કર, કારણ કે હું તો પોતેજ કષ્ટથી મરવાની તૈયારી કરી રહ્યો છું તો તારા જેવાની ખાતર મરૂં તો જીવિત સફળ થાય. ઉપકાર એ પરમ ધર્મ છે—એમ આગમો કહે છે.' એમ અનેક પ્રકારે સમજાવી, પોતાના હાથે તેને બંધન મુકત કરી ' બસ હવે ચાલ્યો જા.' એ રીતે હરિશ્ચંદ્રના કહેવાથી તે પુરૂષ પોતાની પ્રિયા સહિત ચાલ્યો ગયો. એવામાં નૂપુરના ધ્વનિ અને પારિજાત પુષ્પમાળાના સૌરભથી તે વિદ્યાધરીને નજીક આવતી જાણી, હરિશ્ચંદ્રે પોતે પોતાને વટશાખામાં અધોમુખ બાંધી, ભય રહિત જાણે તેજ પુરૂષ હોય તેમ તે લટકી રહ્યો. તેવામાં વિદ્યાધરી આકાશ થકી ઉતરી અને અગ્નિના ત્રણ કુંડમાં તેણે અગ્નિ પ્રગટાવી, પછી પૂજાની સામગ્રી તૈયાર કરી, પાસે રહેલા સેવકોને તેણે કહ્યું કે—' હે ચિત્રાંગદ ! એ પુરૂષનાં લક્ષણ જો.' એટલે ચિત્રાંગદે પાસે જઇ, હરિશ્ચંદ્રના અંગલક્ષણ જોઇ, તેણે કહ્યું

—'હે દેવી ! બહુ ખુશી થવા જેવું છે કે એ ચક્રીના લક્ષણયુક્ત છે.' ત્યારે વિદ્યાધરી ઉઠી, તેને સર્વાંગે પૂજીને બોલી કે—'તું તારા ઇષ્ટ દેવને યાદ કરી લે, અને સાત્ત્વિક બની જા કે મને અત્યારેજ વિદ્યા સિદ્ધ થાય. કારણ કે તે તારૂં માંસ હોમવાથી તે પ્રીતિપૂર્વક પ્રસન્ન થશે.' ત્યાં હરિશ્ચંદ્ર બોલ્યો કે—'મેં મારા આત્માનેજ દેવતા બનાવી સંભારેલ છે, કે જેને યાદ કરવાથી આવું કાર્ય સાધનાર સત્ત્વ પ્રગટ થાય માટે હે દેવી ! હવે તું વિલંબ ન કર, હોમમાં ઘણાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. હું તને પોતાના હાથે જ માંસ કાપી આપું, તે લેતી જા.' તે બોલી—'મંત્રની અવશ્ય મંત્રસિદ્ધિ થવાની; કારણ કે હે ઉત્તમ ! તું મારા કરતાં પણ અધિક ઉત્સાહી છે. એવો સંયોગ મળવો દુર્લભ છે.' પછી હરિશ્ચંદ્રે આપેલ માંસને તે વિદ્યાધરી મંત્રપૂર્વક બળતા અગ્નિના કુંડોમાં હોમવા લાગી, અને ચોતરફ તરવાર ઉગામી ઉભેલા મોટા વિદ્યાધરોને તે કહેવા લાગી કે—'અરે ! તમે શ્વાપદ કે કોઈ પુરૂષને અહીં આવવા ન દેશો.' એમ કેટલોક હોમ કરતાં દેવતાનું મુખ પ્રગટ થયું અને જોયું તો હરિશ્ચંદ્ર હર્ષથી પોતાનું માંસ કાપી કાપીને આપે છે અને વિદ્યાધરી તે હોમતી જાય છે. તેવામાં કુંડોની ચો તરફ શીયાળનો શબ્દ થયો ત્યારે ખેદ પામતી વિદ્યાધરી બોલી કે—'એ અવાજ અટકાવો.' આથી બધાએ નિવાર્યા છતાં તે શીયાળ પાસે પાસે આવતો ગયો; એવામાં ક્ષણવારે નજીકના આશ્રમમાંથી તાપસ જાગ્યો એટલે વિદ્યાનું મુખ કંઇકંઇ કુંડોમાં નિમગ્ન થતું ગયું. તેથી વિદ્યાધરીએ કહ્યું કે—'હા ! હું તો મરાણી કે હજી હોમ વિધિ અપૂર્ણ છે શું કરૂં ?' ત્યારે આશ્વાસન આપતાં હરિશ્ચંદ્ર બોલ્યો—'અરે તું ખેદ ન પામ, મારૂં શિર પણ કાપીને લઇ લે અને આહુતિ આપતાં હોમ સમાપ્ત કર.' વિદ્યાધરીએ કહ્યું—'હોમ તો ક્રમથીજ થાય, પણ ક્રમ

વિના ન થાય અને આ ક્રોધ પામતો તાપસ ક્રમ સાચવવા દેતો નથી.' તેવામાં 'અરે ! અમારા આશ્રમની ભૂમિમાં આ શું આરંભ્યું છે ?' એમ ક્રોધ પામી આક્રોશ કરતો તાપસ ત્યાં આવી પહોંચ્યો. ત્યાં કુંડામાં દેવીનું મુખ તરતજ નિમગ્ન-અદૃશ્ય થઇ ગયું, અને વિદ્યાધરી ભય પામતી પોતાના પરિવાર સહિત ક્યાંક ચાલી ગઇ. પછી ક્રોધથી ભ્રમણ કરતાં તાપસ, જ્યાં છેદાયેલ અંગે શાખાબદ્ધ હરિશ્ચંદ્ર શ્વાસ લેતો હતો, ત્યાં આવ્યો અને ક્ષણવારમાં કંઇક ઓળખીને વિસ્મયથી તે બોલ્યો કે—'અરે ! તું હરિશ્ચંદ્ર છે ?' તે બોલ્યો—'હા.' ત્યારે ક્રોધ લાવીને તાપસે કહ્યું—'કુલપતિને તેં સુવર્ણ આપ્યું ?' તે બોલ્યો—'હે પ્રભો ! તે કેટલાક દિવસોમાં પૂરૂં કરી આપીશ.' તું મને ઓળખે છે ?' એમ તેના પૂછતાં હરિશ્ચંદ્રે કહ્યું—'તું કૌટિલ્ય છે અને પૃથ્વીના દાનમાં કુલપતિનો સાક્ષિ થયો છે.' ત્યારે 'આના મરતાં કુલપતિને સુવર્ણ-હાનિ ન થાય' એમ ધારી, તેણે વ્રણસંરોહિણી ઔષધિવડે પોતે તેના અંગે લેપ કર્યો, જેથી તત્કાલ તેના વ્રણ બધા રૂઝાઇ જતાં તે સાજો થયો. ત્યાં તાપસના ગયા પછી તે ચિંતવવા લાગ્યો કે,—અહો ! સર્વસ્વ આપતાં પણ મુનિનું સુવર્ણ પૂર્ણ ન થયું અને વિદ્યાધરીની વિદ્યા સિદ્ધ ન થઇ, એથી બહુ ખેદ થાય છે.' એવામાં ચંડાળ બોલ્યો—'અરે ! ક્યાં ગયો ?' ત્યારે પાસે આવતાં તે બોલ્યો—'હે સ્વામિન્ ! ફરમાવો.' તેણે કહ્યું—'આ કોઇ મૃતક આવે છે, માટે ત્યાં જઇને તું વસ્ત્ર લઇ લેજે.' એટલે હરિશ્ચંદ્ર ત્યાં ગયો, અને સુતમરણથી કરૂણ શબ્દ કરતી તથા 'હા પુત્ર ! તું ક્યાં ગયો ?' એમ કહી વારંવાર મૂર્છા પામતી એક સ્ત્રીને તેણે જોઇ. તે જોતાં હરિશ્ચંદ્રે વિચાર કર્યો કે—'અહા ! નિર્દય દેવે આ અભાગણીના પુત્રને મારતાં, એને પણ સાથે મારી નાખી. અહો !

આ સંસાર અસાર કે જે વચનને પણ અગોચર છે. પ્રાણીઓને જે ઇષ્ટ છે, તે યમના હાથે જે છીનવી લેવરાવે છે. અરે હું એ બાળક પરથી વસ્ત્ર કેમ લઇશ ?' એમ ધારી, મંદ પગલે ચાલતાં હરિશ્ચંદ્રને ચંડાળે કહ્યું કે—' અરે ! સત્વર જા.' એટલે સુતને યાદ કરતાં તે સભય ચાલ્યો, અને વિચારવા લાગ્યો કે— જો દેવીની શુદ્ધિ નહિ મળે, તો બાળક મરણ પામે.' તેવામાં કરૂણ વિલાપ કરતી સ્ત્રીને સાંભળી કે—' અત્યંત અભાગણી એવી મારો પુત્ર મરણ પામ્યો, તેથી હું પણ હણાણી.' એમ અમંગળ વચનથી વાણીને પ્રતિઘાત પમાડતી ડાબી આંખ ફરકતાં હરિશ્ચંદ્રના મનને ભારે શંકા થઇ પડી કે—' અરે ! મુનિને તો સર્વસ્વ આપી દીધું, સુત-સુતારાને વેચ્યા અને હું ચંડાળનો દાસ બન્યો. હજી મારે શું થશે ?' એમ ખેદ કરતાં તે જેટલામાં આગળ જાય છે, તેવામાં ચંડાળના કહેવાથી તે પાછો વળીને બોલ્યો કે—' આ આવ્યો. એ તો બાળક મરણ પામ્યો છે, જેથી તેનું વસ્ત્ર લેતાં મને શરમ થાય છે.' ચંડાળે કહ્યું—' અરે ! એમાં લજ્જા કેવી ? એ તો આપણો આચાર છે, માટે જા, લઇ લે.' ત્યારે પાછા ફરતાં હરિશ્ચંદ્રે વિચાર કર્યો કે—' અરે ! લોભને ધિક્કાર છે કે જેના વશે માણસ કૃત્યાકૃત્ય જાણતો નથી. અથવા તો પુરૂષ દૈવથી હણાયેલ જ છે. વળી સ્વામીનો જે આદેશ છે, તે મારે બજાવવાનો છે. સ્વામીએ પોતે આજ્ઞા કરતાં, સેવકોને તેમાં વિચાર કરવાનો ન હોય.' એમ ધારી આગળ જતાં તેણે સ્ત્રીના વિલાપ સાંભળ્યા કે— ' હા ! હા ! પુત્ર તું મારે એક જ હતો જેથી તારે લીધે મને પણ મરણ જ શરણ છે. હે દૈવ ! તું જ કોપ્યો છે કે મારા પતિને નીચ-ગૃહે દાસ બનાવ્યો અને મને પણ તેવી દશામાં મૂકી, છતાં ભરતના વંશમાં ઉછરેલ આ પુત્રના આલંબને હું જીવતી હતી, તો હવે મારી શી ગતિ ?' એવામાં હરિશ્ચંદ્રે સુતારાને જાણી ઉતાવળે

જતાં આંસુ લાવી આત્માને નિંદતાં કહ્યું કે—' હે દેવી ! આપણે નિર્ભાગ્ય શિરોમણી પર આ કેવો વજ્રઘાત ? ' ત્યાં પતિને જોતાં સુતારા બહુ જ મોટેથી રોવા લાગી, અને હરિશ્ચંદ્ર પણ રોયો. પુત્રના મરણે ધીરજ કોણ ધરી શકે ? પછી પૂર્વની જેમ આલિંગન દેતાં હરિશ્ચંદ્ર રોહિતાશ્વને કહેવા લાગ્યો—' હે વત્સ ! કેમ બોલતો નથી ? ' વળી સુતારાને તેણે કહ્યું કે—' હે દેવી ! તું રોવે શા માટે છે ? આ બાળક મને બોલાવતો નથી, તો શું તેં તેને રોષાવ્યો છે ? કે એને મોદક નથી આપ્યો ? બરાબર ધવરાવ્યો નથી ? રત્નનો હાર દીધો નથી કે મેં હાથી નથી આપ્યો ? હે વત્સ ! એ બધું ક્ષમા કર અને તને રૂચે તે લઇ લે. ' એમ પુત્રને મનાવતાં રાણીએ રાજાને વિલાપમાં નાખ્યો કે—' હે મૂઢ ! તમે જોતા નથી કે આ બાળક તો પ્રાણરહિત છે, તો એ કેમ જુએ, કેમ ભેટે, કેમ બોલે અને કેમ હસે ? ' એવામાં ચંડાળે કહ્યું કે—' અરે ! તે સ્રીની સાથે શી વાતો કરવા માંડી છે ? કેમ ઉતાવળે આવતો નથી ? ' આથી તે ભયને લીધે સાવધાન થયો, અને ચેષ્ટાથી પુત્રને મરણ પામેલ જાણી, આંખમાં આંસુ લાવતાં તેણે સુતારાને પુત્રનો વૃત્તાંત પૂછયો. તે બોલી આજે પ્રભાતે કાષ્ટ અને પુષ્પ લેવા વનમાં જતાં મારા અભાગ્યે એને દુષ્ટ ભુજંગ કરડયો.' ત્યારે હરિશ્ચંદ્રે વિચાર કર્યો કે—' અહો ! સંકટમાં પાડનાર એવા મને ધિક્કાર છે. ' ત્યાં દેવી બોલી કે—' તે વખતે કોઇ સ્વજન ન હોવાથી એનું વિષ કોઇએ ઉતાર્યું નહિ. જેમ ધર્મ વિના આત્મા, તેમ બંધુ વિના જગત્ શૂન્ય ભાસે છે. ' હરિશ્ચંદ્રને વિચાર આવ્યો કે—' અરે એક તરફ ચંડાળ કોપાયમાન થયો છે અને બીજી બાજુ પુત્ર મરણનો શોક પ્રગટયો છે, વળી એના દેહપરથી વસ્ત્ર લેતાં મારા હાથ કેમ ચાલે ? અને સ્વામીનો આદેશ બજાવ્યા વિના મને મગરૂર થતું નથી, અથવા તો અત્યારે મારે પુત્ર

મરણનો વિચાર શો કરવો ? હું તો ચંડાળને આધીન છું, જેથી તે કહે તેમ મારે કરવાનું છે. નહિ તો પ્રતિજ્ઞા ભ્રષ્ટ થતાં સત્ત્વને કલંકિત કરૂ છું. સાત્વિકોને અપત્ય-અનુરાગ કેવો ?' એમ સત્ત્વ પવનથી અપત્ય-સ્નેહ અસ્તવ્યસ્ત થતાં તે સાત્ત્વિક વિમુખ થઇ સ્ફુટ વચનને વસ્ત્ર માગવાને અસમર્થ બનતાં સંજ્ઞાથી આચ્છાદન આપો, એમ કહી, પ્રિયા પ્રત્યે તેણે હાથ પ્રસાર્યો પરંતુ સુતારા તેના અભિપ્રાયને બરાબર ન સમજવાથી તે વારંવાર રોહિતાશ્વ તેના હાથમાં આપવા લાગી, તે હરિશ્ચંદ્રે ન લેવાથી રાણી બોલી—'તું શું કહેવા માગે છે ? હું એ સંજ્ઞા સમજી શકતી નથી, માટે સ્ફુટાક્ષરે બોલ ' ત્યારે ધૈર્યરૂપ સાંડસાથી વચન ખેંચતાં તે સાત્ત્વિક બોલ્યો કે—' એ વત્સ ભલે તારી પાસે રહ્યો, પણ એનું આચ્છાદન-વસ્ત્ર આપ.' એવામાં આકાશથકી કલ્પવૃક્ષનાં પુષ્પોની વૃષ્ટિ થઇ અને ' અહો સત્ત્વ ! અહો સત્ત્વ ! ' એવી વાણી પ્રગટી. વળી રાજાએ પણ પોતાને અયોધ્યામાં પોતાના રાજભવનમાં મહાસિંહાસને સભામાં બેઠેલ જોયો અને રોહિતાશ્વને અપૂર્વ કાંતિ યુકત રત્નોએ રચિત તથા ભારે શોભાયમાન હારસહિત આનંદથી પોતાના ઉત્સંગમાં રમતો જોયો. તેમજ મુનિના શ્રાપથી પૂર્વે શુક અને શીયાળ બનેલ કુંતલ અને વસુભૂતિને સમક્ષ અંજલિ જોડી બેઠેલા તેણે જોયા. તથા પડદાને આંતરે નાટક જોવાને આવેલ સુતારાને તેણે સખીઓ સાથે બોલતી સાંભળી. વળી સમક્ષ સંગીત રસમાં મગ્ન બનેલા રાજા-અમાત્યાદિકની પોતાની સભા પણ તેણે જોઇ. તેમજ નાગરોએ પ્રતિસ્થાને કરેલ તથા નાચતી રમણીઓવડે આનંદ ઉપજાવનાર એવો મહોત્સવ જોયો. વળી પ્રતિહારથી પ્રેરાયેલા, વિજ્ઞપ્તિ કરવાને ઇચ્છતા અને દૂરથી નમતા એવા લોકોને જોતાં રાજાને વિચાર આવ્યો કે—' આ શું ? શું એ સ્વપ્ન મેં જોયું કે મારો મતિભ્રમ છે ? અથવા તો કોઇ દેવતાની એ ઇંદ્રજાળ

છે ? એમ રાજા ચિંતવે છે, તેવામાં તાપસ આશીર્વાદ આપતાં આકાશમાં રહીને બોલ્યો—' હે સાત્ત્વિક ! ઇંદ્રે તને જેવો વર્ણવ્યો તેવોજ તું મારા જોવામાં આવ્યો. મેં જે કર્યું તે બધું તેં અનુભવ્યું પણ ડગ્યો નહિં. હે રાજન્ ! એ તું ક્ષમા કરજે. ચિરકાલ સત્ત્વવડે તું જયવંત રહે વળી બીજાએ આપેલ લક્ષ્મી પ્રત્યે તું નિરપેક્ષ છે, તથાપિ તને કષ્ટ આપતાં ઉપાર્જન કરેલ પાપની શુદ્ધિ માટે હું મારા તપવડે તને આપું છું કે તારા નામે આકાશમાં નગરી થાઓ અને ત્યાં તું અદ્ભુત સામ્રાજ્ય કરે.' એમ કહી તાપસ દિવ્ય શક્તિવડે ક્યાંક ચાલ્યો ગયો, અને હરિશ્ચંદ્ર પૂર્વ પ્રમાણે પોતાની પ્રજાનું પાલન કરવા લાગ્યો. એ પ્રમાણે તાપસે કહેલ હરિશ્ચંદ્રની કથા સાંભળતાં શ્રીમાન્ અજાપુત્ર મહીપતિ પ્રકૃષ્ટ પ્રમોદ પામ્યો.

હવે અજાપુત્ર રાજાએ અંજલિ જોડી જૈનાચાર્યોને નિવેદન કર્યું કે —' જૈનમાંનો સાત્ત્વિક-વૃત્તાંત મને કહી સંભળાવો.' એટલે પોતાના અંતરમાં વિચાર કરતાં તેમને લાગ્યું કે—' રાજા નમ્રતાથી પૂછે છે, માટે એ તત્ત્વાવબોધ પામશે. સમ્યક્ત્વ-મૂળ વિવિધ ચરિત્ર સાંભળવાથી ભાગ્યશાળી.ભવ્યાત્મા લઘુકર્મી હોય તો તે જિનધર્મ સાંભળવાની શ્રદ્ધા સ્વયમેવ પામે છે.' એમ ધારી, આચાર્યોએ કહ્યું કે—' હે રાજન્ ! દયા, દાન અને ક્ષમાયુક્ત વજ્રાયુધની કથા શ્રદ્ધાપૂર્વક સાંભળ.

" પૂર્વ વિદેહમાં **રત્નસંચયા** નામે નગરી કે જે સદ્વિવેક અને સંપત્તિના પાણિગ્રહણની એક વેદિકા સમાન છે. ત્યાં **ક્ષેમંકર** નામે રાજા કે જે પ્રજાને ન્યાય આપતાં, પોતાના જીવિતવડે પૃથ્વીને સંભાળે છે. તેને સતીધર્મરૂપ નરેંદ્રના આસ્થાન મંડપરૂપ તથા જગતના મિત્ર સમાન એવી **રત્નમાલા** નામે રાણી હતી. તેમને

સ્વપ્નસૂચિત, પ્રાજ્ય સામ્રાજ્યની પ્રભુતાના સ્થાનરૂપ અને પ્રતિપક્ષીઓને વજ્ર સમાન એવો **વજ્રાયુધ** નામે પુત્ર થયો, કે જેણે કલાચાર્યને માત્ર સાક્ષી રાખી, બાલ્યાવયમાં જ સત્કળાઓ તથા કર્ત્તવ્યક્રમતા શીખી લીધી. પછી રમ્ય યૌવનનો સ્વીકાર કરતાં તેને રૂપસંપત્તિએ સ્વીકાર્યો, ગુણગ્રામ ગ્રહણ કરતાં તે શત્રુઓને માન્ય થયો, મહાદાન અંગીકાર કરતાં તેને પ્રમોદપૂર્વક યશે સ્વીકાર્યો, દોષ–કુળ તજતાં તેને વ્યસનોએ તજી દીધો, અવસરે પરગુણ ગ્રહણ કરતાં તેને માહાત્મ્યે ગ્રહણ કર્યો, અને પરપ્રશંસા આચરતાં તે પ્રશંસાથી પ્રખ્યાત થયો, પરાક્રમને ભેટતાં તેને વિજય લક્ષ્મી ભેટી પડી અને ઉચ્ચ ન્યાયને પોષતાં તે વિવિધ સંપદાથી પોષાયો, સ્વગુરૂને સેવતાં તે ઉત્તમ જનોથી સેવાયો, ધર્મશાસ્ત્ર સાંભળતાં તે લોકોથી ગવાયો, પરદારાને ન ઇચ્છતાં તે દુર્ગતિને અનિષ્ટ થયો, સર્વ પ્રાણીઓની રક્ષા કરતાં તે દેવતાઓથી પણ રક્ષા પામ્યો, દેવપૂજા આચરતાં તે ધર્મવડે અર્ચિત થયો તથા માન્યોને માનતાં તે શત્રુઓથી આદર પામ્યો, વળી તે સાત્ત્વિકોમાં ચક્રવર્તી, સત્યવાદીઓમાં, મુખ્ય આશ્રિતોને કલ્પવૃક્ષ સમાન અને લીલા–કૌતુકના એક પર્વતરૂપ હતો. તેમજ દોષરૂપ કાંટાના એક ક્ષેત્રરૂપ તથા ગુણ–કમળને હિમરૂપ એવા યૌવનમાં પણ જે અનુક્રમે ત્રણ પુરૂષાર્થને સદા સાધતો હતો. કારણ કે જે યૌવનમાં પણ ધર્મ, અર્થ અને કામ–એ ત્રિપદીને સેવે, તે પુરૂષોત્તમ સમજવો. જે ત્રણ લોચનમાં એકથી હીન હોય, તે શું ઇશ્વર હોઇ શકે ? એ પ્રમાણે ગુણને લાયક રૂપવાન્ લોકના જીવિતરૂપ તે વજ્રાયુધ કુમાર યૌવરાજ્ય પામી અત્યંત યશ પામ્યો.

એવામાં બીજા દેવલોકમાં સામાનિક દેવોથી પરવરેલ, અપ્સરાઓવડે ગવાયેલ તથા ઇંદ્રાણીયુક્ત એવો ઇંદ્ર, પ્રતિષ્ઠાપાત્ર દેવો પાસે સજ્જનો, સાત્ત્વિકો અને સત્યવાદી મનુષ્યોની સંકથા કરત

બોલ્યો કે—' આજે સ્વર્ગ અને પાતાલ કરતાં પણ પૃથ્વી શ્રેષ્ઠ છે, કે જે સાત્ત્વિકનું સ્થાન છે અને સાત્ત્વિકમાં બધા ગુણો હોય છે. જેવું સત્ત્વ મનુષ્યોમાં અસ્ખલિત છે, તેવું દેવ, દૈત્ય, વ્યંતર કે જ્યોતિષીઓમાં પણ નથી. તેમાં પણ ન્યૂનાધિકતા તો હોય જ છે, છતાં આજે વજ્રાયુધમાં જે સત્ત્વ ચકળતું છે, તેવું અન્યત્ર નથી. વજ્રરેખા સમાન તેનું સત્ત્વ, અનિવાર્ય પરાક્રમવાળા દેવો પણ અન્યથા કરવાને સમર્થ નથી.' ત્યાં એ પ્રશંસાને સહન ન કરતો કોઇ દેવ વજ્રાયુધથી પોતાને ન્યૂન ધારી કોપાયમાન થઇ, વિચારવા લાગ્યો કે—' દેવો આગળ મનુષ્યો પ્રશંસા પામે એ જ હાંસી જેવું છે. અહો ! પ્રભુતાને ધિક્કાર છે કે જ્યાં વિચાર જ નથી. એજ ખેદની વાત છે. હું વસુધાને છત્ર અને મેરૂને દંડ બનાવું—તો એને સત્ત્વ-થકી હમણા જ ચલાયમાન કરૂં.' એવા ગર્વ અને કોપથી ઇંદ્રને જોતાં, સભામાં દૃષ્ટિ ફેંકતાં, અને દેવાંગનાઓને ક્ષોભ પમાડતાં તે સભાથી બહાર નીકળી ગયો. પછી એક મિત્ર સાથે ચાલતાં તે બોલ્યો કે—' પ્રથમ એ પુરૂષના શૌર્યની પરીક્ષા કરવી. દૈવયોગે તેમાં સલામત પાર ઉતરતાં, તે વખતસર સત્ત્વમાં શિથિલ થશે, એમ બેવાર પરીક્ષા કરતાં શું કોઇ સલામત પાર ઉતરી શકે ?' એમ મિત્ર સાથે નિશ્ચય કરી, તે પૃથ્વીતળે ઉતર્યો અને વજ્રાયુધની પરીક્ષાનો અવસર જોવા લાગ્યો.

તેવામાં યુદ્ધમાં નિશ્ચળ એવા વજ્રાયુધ કુમારને ઉદ્યાનપાલકે અંજલિ જોડીને નિવેદન કર્યું કે—' હે દેવ ! ત્રણ જગતનો જય કરવામાં મન્મથને મદદ કરનાર મિત્ર અને માનિનીઓના માનભંગ-માં અધિકારી એવો વસંત સમય આવી લાગ્યો છે. અત્યારે યુવાનો કામિનીઓ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરી રહ્યા છે અને મધુર ગીત ગાનમાં મન લગાવી રહ્યા છે. માટે તે જોવાના કૌતુકે, જો કે પોતાના ફળોવડે ફલિત છતાં આરામ–બગીચાને આપ સફલ કરો.' એમ

તેના કહેવાથી કુમાર સંકેત કરી, પોતાની પ્રેમદા તથા પર્ષદાસહિત ઉદ્યાનમાં પેઠો, અને બુદ્ધિનિવાસાદિક પરિવાર સાથે ભારે હર્ષથી ચોતરફ રમણીયતાનું અવલોકન કરી વજાયુધ કુમારે તેનું વર્ણન કરતાં જણાવ્યું કે—' અહો ! જુઓ તો આ ઉદ્યાન નંદન-વન કરતાં અધિક શોભાયમાન લાગે છે—અરે ! ફલિત શાખાઓથી લચી રહેલા વૃક્ષો પાસે આવવા માટે તાપસો હરણોને પ્રેરણા કરી બોલાવી રહ્યા છે, મયૂર—નૃત્ય જોતાં મોરના બાળકો તન્મય થઈ કંઇ ચુણુતા પણ નથી અને શુકો સ્પર્ધાથી નિપુણ સંસ્કૃત ભાષા શીખી રહ્યા છે.' એવામાં ઉદ્યાનપાલકે કહ્યું કે—' હે દેવ ! તમે રાજ્યાભિ-ષેક વિના પણ સર્વ ગુણોએ ઉત્કૃષ્ટ છો, તેથી તમે વચન—શોભાની ખાતર રાજા કહેવરાવાને લાયકજ છો. વળી તમે પાછળથી પણ ચક્રવર્ત્તી થવાના છો, જેથી તમો અહીં પ્રવેશ કરતાં ઉદ્યાનલક્ષ્મી મંગલ નિમિત્તે પ્રેક્ષણક—મહોત્સવ જાણે કરતી હોય કે જે કોકિ-લના કલરવે આરંભેલ ગીતધ્વનીથી વાંસળી વગાડે છે, મધુકરોના ઝંકારવના મિષે કેતકી ગાન કરે છે, વાયરાથી ઉછળતી શાખાઓના મિષે લતા—નર્ત્તકી નાચી રહી છે અને પર્વતથી પડતા જળ પ્રવાહ નો સ્વર તે વાજીંત્ર વગાડે છે.' ત્યારે રાજાએ જણાવ્યું કે—' હે બુદ્ધિનિવાસ ! જે વસ્તુ જોવા લાયક હોય, તે પોતાના અભીષ્ટ જનને બતાવીને પોતે જોવી. અરૂણને જગત બતાવ્યા વિના ભાસ્કર પોતે જોતો નથી.' માટે દેવી—ક્રીડા—ઉદ્યાનમાં જેટલો વખત રહે, તેટલો વખત આપણે આ દેવમંદિરમાં બેસી રાહ જોઇએ. પછી આપણે આરામ—લક્ષ્મીનું અવલોકન કરીશું. ' એમ બધાએ માન્ય કરતાં રાજાએ ચૈત્યાભિમુખ જોતાં ' અહો ! આદિનાથની પ્રતિમા કેવી સુંદર દેખાય છે ? ' એમ ધારી આગળ જઇને તે સ્તુતિ કરવા લાગ્યો કે—' અહો ! જે આદિનાથે પ્રથમ સંપદાના કારણરૂપ કળાઓ તથા અજ્ઞાન જનોના ઉપકાર નિમિત્તે માનવ—

ભવને શોભાવનાર લક્ષ્મી વિસ્તારી અને પછી પરલોકને સુધારવા પવિત્ર વાકયયુકત ધર્મોપદેશથી શાશ્વત મોક્ષસુખ ભવ્યાત્માઓને બતાવ્યું-એવા નાભિનરેંદ્રના સુપુત્ર અમારા કલ્યાણ નિમિત્તે થાઓ.' એવામાં રાણી લક્ષ્મીવતી તે પોતાની ચંદ્રાનના સખીને કહેવા લાગી કે—' જ્યારથી આર્યપુત્રે મારા પુત્ર સહસ્રાયુધને પોતાના યુવરાજ-પદે સ્થાપ્યો છે, ત્યારથી મારા અંગોપાંગ શીતલતાને પામ્યા છે.' ચંદ્રાનના બોલી—' એ તો યુકત જ છે. પૂર્વે રાણીઓ પુત્ર પામવાને પતિની પ્રાર્થના અને નિર્ણય કરતી હતી.' ત્યાં અવાજ કરતો ઉદ્યાનપાલક ઉંચેથી કહેવા લાગ્યો કે—' હે દેવ! હવે ઉતાવળ કરો કારણ કે અહીં નજીકમાં રાણી તમારી રાહ જુવે છે.' એમ સાંભળતાં રાજા દેવી પાસે જતાં બોલ્યો કે—' હે દેવી! બકુલવૃક્ષથી કેતકીપર આવતા ભ્રમરોના મિષે તેઓ અન્યોઅન્ય આલિંગન આપી રહ્યા છે.' રાણી બોલી—' હે દેવ! તમે આ તરફ જુઓ, સર્પોને ભય પમાડી, ચંદ્રમા સમાન નિર્મળ કલા-કલાપથી સંપૂર્ણ આ મયૂર તમારી જેમ સહચરી-સ્ત્રી સાથે વિનોદ કરી રહ્યો છે.' તેવાંમાં અદૃશ્ય રહીને પેલા દેવે વિચાર કર્યો કે—જ્યારથી મને દેવત્ત્વ મળ્યું છે, ત્યારથી બારીક નજરે જોતાં, આ શત્રુ અત્યારે મારા જોવામાં આવ્યો. ઠીક છે, એ દુરાત્મા વજ્રાયુધને મારીને મારી ધારણા પૂરી કરીશ.' એમ ચિંતવી તે દેવ ઉંચેથી કહેવા લાગ્યો કે—' અરે! પૂર્વભવના વૈરી! તું અત્યારે ભલે સ્ત્રી-આલિંગનનું સુખ અનુભવી લે અને તે હું સહી લઇશ. કારણ કે મૃગેંદ્ર પ્રમાદ નિદ્રામાં પડયો હોય અને પોતાના પ્રખર નખવતી ગંડસ્થળને ભેદી હાથીને રાંક બનાવી દીધેલ હોય, છતાં તેની ઉપેક્ષામાં ગજેંદ્ર નિઃશંક થઇને માણસનો પરાભવ કરવા સમર્થ થાય છે. અરે! તું ક્રીડા તજી, સુભટ બની મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થા. કહે એ સંગ્રામની વાણી તને પસંદ ન હોય, તો સ્ત્રી-આલિંગનમાં બ્હાવરે

બનેલ તું યમરાજાનો અતિથિ થા.' એમ સાંભળતાં રાજા એકદમ ઉંચે જોઇ બોલ્યો કે—' હે બુદ્ધિનિવાસ ! આ અવાજ શબ્દાયમાન તેજ કેવું આવે છે ? ' તે બોલ્યો—' હે દેવ ! જે એ કઠિન વચન બોલે છે, તેથી એમ લાગે છે, કે અકાળે કોપાયમાન થયેલ કોઇ દેવ તમારી સાથે લડવાને આવે છે.' એવામાં તેજવડે શરીરે દેદીપ્યમાન એવો **વિદ્યુદંષ્ટ્ર** નામે દેવ દાખલ—હાજર થયો. ત્યાં અવજ્ઞા બતાવતાં રાજા બોલ્યો કે હે દેવી ! આ સાર્વભૌમ વસંતનો તું પ્રભાવ તો જો, કે આ યુવતી માન મૂકીને પોતે પતિચરણમાં ઢળી પડી અને સખીના હાસ્યથી તે ઉંચે નજર પણ કરતી નથી, એટલે પતિ જરા આમતેમ થઇ, હાસ્ય કરતાં દંતકાંતિથી પ્રકાશ પમાડતાં, તે મૃગાક્ષીને ગાઢ આલિંગન આપી રહ્યો છે.' ત્યારે ચંદ્રાનના સંસ્કૃત—વચનથી રાજાને કહેવા લાગી કે—' હે દેવ ! તમે પણ આ તરફ જુઓ કે—પ્રિયાએ દૂરથી પ્રિયતમનું ચિત્ત ભેદીને અચેતન કરી નાખ્યું, તેને બહાર કહાડવાને તેણીની આગળ એ મુખમાં આંગળી નાંખી રહ્યો છે.' તેવામાં પેલો દેવ જરા નજીક આવીને કહેવા લાગ્યો કે—' અરે ! વજ્રાયુધ ! જ્યાં સુધી મારી તરવારરૂપ ગરૂડ પ્રગટ નથી, ત્યાં સુધી અન્ય રાજારૂપ સર્પો ભલે ભારે વિષના ઉદ્ગાર કહાડયા કરે, પણ તે પ્રાપ્ત થતાં તો તેમને પર્વતગુફા કે રાફડાનું શરણ લેવું પડશે. તો હે મૂઢ ! તું મારી અવજ્ઞા શા માટે કરે છે ? વળી એ પણ યુક્ત નથી કે યુદ્ધમાં તું રાજાઓને જીતે છે અને બધા રાજાઓને અવગણે છે, એ તારા ચક્રિત્વનો પ્રભાવ છે, પણ હું દેવ હોવાથી તે મને કંઈ પણ પરાસ્ત કરનાર નથી. વળી જે ચક્રિતાવડે તું જગતને તુચ્છ ગણે છે, તેવો તારો મદ મારી આગળ શું માત્ર છે ? તેમજ બાહુયુદ્ધ કરવાની જો તારામાં શક્તિ હોય, તો ભુજા બતાવ અને નહિ તો તરવાર હાથમાં લઇ લે.' એટલે રાજા કોપસહિત બોલ્યો કે—' અરે ! કાળે તારાપર નજર

નાખી છે કે યમરાજાએ તને પત્ર મોકલ્યો છે ? અથવા દૈવ કે દૃષ્ટિવિષ તને નડયા છે કે તું પોતે મરવા માગે છે ? કે આમ મિથ્યા, બલિષ્ઠ રાજાઓના દોર્દંડની ખરજ દૂર કરવા શસ્ત્રક્રમમાં નિપુણ એવા અમારા જેવા સામે તું યુદ્ધમાં આવવા તૈયાર થયો છે ?' ત્યારે બુદ્ધિનિવાસ રાજાને કહેવા લાગ્યો કે—' રાજન્ ! અન્ય રાજાઓ તમારી અસિધારાનું વ્રત આદરતાં, મનુષ્યત્વથી અધિક દેવપણાની સંપત્તિ લેવા ગયા અને તેથી આ દેવ પણ ઇંદ્રની પદ્વીને ઇચ્છતો હશે, તે તમારા શસ્ત્રે હણતાં ઇંદ્રત્વ પામે, માટે તે એમ કહેવા માગે છે કે હે ભૂપાલ ! તું મારૂં એટલું કામ કર કે જેથી હું ઉન્નતિ પામું અને તારી ખ્યાતિ થાય.' ત્યાં પેલો દેવ બુદ્ધિનિવાસ પ્રત્યે કહેવા લાગ્યો કે—' અરે ! ભૃત્યાધમ ! હું તારો ઉપાય સમજું છું કે તું અમ દેવોને પણ મારવા માગે છે.' એમ કહી, ભારે ક્રોધ બતાવતાં એક ક્રીડા પર્વત ઉપાડીને નાખ્યો, જેથી એક રાજા વિના બીજા બધા કાગની જેમ ભાગી ગયા. ત્યાં લક્ષ્મીવતી રાણી થોડે દૂર રહી કહેવા લાગી કે—' હા ! આર્યપુત્ર ! હા ! વસુધાને ધારણ કરવામાં એક મલ્લ ! મને એક પ્રતિવચન આપો ' એમ બોલતી તે મૂર્છા પામી, અને લાંબા વખત પછી ચૈતન્ય પામતાં તે પોતાના પરિજનને કહેવા લાગી કે—' સ્વામી આપદામાં આવી પડતાં, આપણે જીવીને શું કરવું ? જુઓ—ચંદ્રના ગ્રહણમાં હરિણ તેને તજતો નથી.' વળી પુનઃ વિચાર આવતાં તે બોલી કે—' અહો ! બધા જનોપરના દોષ ગ્રહણ કરવામાં નિપુણતા પામ્યા છે, પણ પોતાના દોષ જોતાં નથી—એ લોકવાક્ય ગ્રાહ્ય થયું, કારણ કે સ્વામીને તજી પરિજન અને હું પણ નાશી છૂટયા, તો હું પરિજનને ઓલંભો કેમ આપી શકું ? પણ સ્વામીના સ્નેહથી વિપરીત કરનાર મારા આત્માનેજ ઓલંભો દઉં.' એમ વાત ચાલે છે, તેવામાં પાછળથી અવાજ આવ્યો કે—' હે દેવી ! તસ્વર

આવાસમાં જાઓ. કારણ કે ઔષધિ લઇ, સ્વમુષ્ટિવતી પર્વતને પીસતાં, તેનું ચૂર્ણ જોઇને તે દેવતા રાજાને આધીન થયો છે.' લક્ષ્મીવતી ચોતરફ ચક્ષુ ફેરવતાં કહેવા લાગી કે—' એ અધમ દેવે તૈયાર કરેલ તપ્ત સીસા તુલ્ય વચનથી તપાવેલ કર્ણપુટને અમૃતના સિંચન સમાન એ વચન કોણે કહ્યું ? અથવા તો ક્ષણવાર પછી તે બધું વિસ્તારથી જાણવામાં આવી જશે.' તેવામાં વસ્ત્ર ધોનાર દાસીએ પ્રવેશ કરીને જણાવ્યું કે—' હે સ્વામિની ! તારો જય થાઓ, તું જય પામ.' લક્ષ્મીવતી જોઇને બોલી કે—' એવો કોણ છે કે જે આર્યપુત્રના કુશળ સમાચાર જાણીને મને કહે. પણ તે જાણી, પાછી પ્રિયવંદા દાસી અહીં આવી છે. તેને હું પૂછીશ.' એમ સમજી રાણી પુનઃ બોલી કે—' હે સખી ! તે દેવ આર્ય પુત્રને વશ થયો, એ વાત કોણે નિવેદન કરી ? તારા સાંભળવામાં એ આવ્યું છે ?' પ્રિયંવદા બોલી—' હે સ્વામિની ! વિવિધ દંડ-યુદ્ધ કરતાં, પરાજિત થયેલ દેવતા, રાજાને વશ થયો, એમ સંભળાય છે. વળી એમ પણ મારા સાંભળવામાં આવ્યું છે.' ત્યાં લક્ષ્મીવતી વચમાં ઉતાવળ કરીને બોલી કે—' હું સાવધાન છું, શું તેં સાંભળ્યું છે, તે કહે.' પ્રિયંવદાએ કહ્યું—' અષ્ટમી પ્રમુખ ધર્મતીથીએ સ્વામી ધર્મસ્થાનમાં નિશ્ચલ મનથી કંઇક ધ્યાન કરે છે. તે તો તમે જાણો છો. સર્વ લોકમાં પ્રસિદ્ધ એવું કંઇક વિશેષ કાર્ય સ્વામી કરતા લાગે છે, આજે અષ્ટમી સમજી, યુદ્ધમાં થયેલ પાપની શુદ્ધિ કરવા, આ સ્થાનથી બારોબાર સ્વામી ધર્મશાળામાં ગયા હશે. ત્યાં રહેતાં, તત્કાલ આકાશ થકી મનોવગે ઉતરતાં, ભયભીત થઇ, સર્વાંગે કંપતાં, સ્કંધમાં સંકોચ પામતાં એક કબુતર મનુષ્ય-ભાષાએ બોલતાં, ત્રણ ભુવનના એક શરણ એવા સ્વામીના ચરણે આવી પડયો. આ વખતે મેં પારેવાને બોલતો સાંભળ્યો કે—' હે ક્ષમાનાથ ! હે પૃથ્વીપતિ ! મારૂં રક્ષણ કર, રક્ષણ

ક્રર. હા ! યમસમાન એનાથી મારૂં જીવિત કેમ રહેશે ?' ત્યારે રાજાએ વિચાર કર્યો કે—'અહો ! આ તો કથારસ અતિ ભયાનક.' એમ સમજી રાજાએ તેને પોતાના ખોળામાં રાખ્યો. તેવામાં સર્પની પાછળ ગરૂડની જેમ એક સીંચાણો તરત આવ્યો અને ક્ષુધાતુર થઇને તે રાજાને કહેવા લાગ્યોકે—' અરે એ મારૂં ભક્ષ્ય મને સોંપી દે.' દાસી કહે છે કે ' એટલી વાત તો મેં સાંભળી, પણ શું થયું તે હું જાણતી નથી.' ત્યાં લક્ષ્મીવતી જરા વિચારીને બોલી કે—' હે પ્રિયંવદા ! પલાયનનાં સ્થાનો તો જગતમાં ઘણાં છે, છતાં ત્યાં ન જતાં એ પારેવો અહીં ધર્મશાળામાં આવી આર્ય પુત્રના શરણે બેઠો, એ હકીકત મને ઠીક ભાસતી નથી. અને વળી એવું પણ કદિ સાંભળ્યું નથી કે પક્ષી મનુષ્યની ભાષામાં બોલે.' પ્રિયવંદાએ કહ્યું—' દેવી ! તમે બરાબર કહો છો. મારૂં મન પણ એજ વિચારમાં વ્યાકુળ થઈ રહ્યું છે. શું એ સત્ય સીંચાણો હશે કે જેના ભયથી પારેવો શરણે આવી પડયો ? અથવા તો નટની જેમ રૂપ બદલાવી કોઇ વિદ્યાધર વિલાસ કરતો હશે કે સત્ત્વની પરીક્ષા કરવા કોઇ દેવ સ્વર્ગથકી ઉતર્યો હશે ? હે મૃગાક્ષી ! એ વાત ભેદભરેલી છે અને કોઇરીતે શુભ તો નથી જ. આથી લક્ષ્મીવતી હાથપર કપોલ રાખીને મૌન બેસી રહી. જ્યારે પ્રિયવંદા મનમાં ચિંતવવા લાગી કે—' અહો ! ઇષ્ટ જનના ઉપદ્રવની આશંકા ઉપજે અને શ્રેષ્ઠ માણસની મતિ પણ વૈપરીત્ય વિપર્યાસ પામે, તો આ તો પ્રણયિની છે અને તેણે પતિના મનમાં સ્થાન મેળવ્યું છે. એટલે એવી સ્થિતિ કેમ ન થાય ?' વળી નિઃશ્વાસ મૂકતાં તે વિચારવા લાગી કે—' હવે સ્વામિનીના મનને હું વિનોદ કેમ પમાડી શકીશ ?' એવામાં ક્ષેમંકરા દાસી આવીને બોલી કે—' હે સ્વામિની ! પારેવો દેવના શરણે પડયો છે અને સીંચાણો થાંભલા પર બેઠો છે, એ દેખાવ જોવાને બધા નગરજનો

એકઠા થયા છે. હે અંબા ! તમને પણ બોલાવે છે.' એમ સાંભળતાં લક્ષ્મીવતી એકદમ ઉઠી, બંને સખીઓ સાથે મહેલ તરફ ચાલી અને પ્રવેશ કરતાં રાજા, પારેવા અને સીંચાણાને તેણે જોયા. ત્યારે દેવ વિચારવા લાગ્યો કે—' અહો ઇચ્છાનુસાર બોલતાં ઇંદ્રનું અપરિમિત પાંડિત્ય.' જગતમાં કેટલાક માણસો તો સોનાની પ્રતિકૃતિ–મૂર્ત્તિ જેવા હશે, અને તે પણ થોડા જ હશે. સ્વર્ગવાસી દેવોના શરીરનો છેદ કરવામાં માન ધરાવનાર તે તો ઉલટા દેવોના પણ શણગારરૂપ છે,' એમ બોલતા ઇશાનેંદ્રનું વચન કોને કોપ ન ઉપજાવે ? વધારે શું કહેવું, પરંતુ આ હું હવે ઇંદ્રનું એ વચન હમણાજ વૃથા કરી દઇશ. અથવા તો કામ સાધ્યા વિના વિદ્વાન્ પોતાને પ્રખ્યાત ન કરે. જુઓ, રાહુ પણ ચંદ્ર–સૂર્યના ગ્રહણ વખતે આકાશમાં દેખાય છે, અન્ય વખતે નહિ.' આ વખતે પુરૂષોત્તમ પ્રધાન, સહસ્રાયુધ બધો પરિવાર ત્યાં રાજાના જોવામાં આવ્યો. તેવામાં પારેવો રાજાને કહેવા લાગ્યો કે—' ક્ષત્રિયોના મુગટ હે રાજન્ ! જેમને આશ્રીને પરાક્રમ ચોતરફ વિજય પામે છે, તે લાખો રાજાઓને સંગ્રામમાં વિલક્ષ બનાવી, આકાશમાં રહેલ સૂર્યની જેમ વિશ્વના એકજ રાજા એવા તમે પોતાના કર–કિરણથી પૃથ્વીને આક્રાંત કરતાં શું અન્યાય અંધકાર ઉદ્ભવ પામી શકશે ?' વળી પુનઃ તે દીનતા બતાવતો બોલ્યો કે—' હે રાજન્ ! તું પ્રતાપનું સ્થાન હોવાથી શૂર–સૂર્ય સમાન છે, લક્ષ્મીને પ્રિય હોવાથી તું વિષ્ણુ છે, ઉમા–મહાલક્ષ્મીને પ્રિય હોવાથી તું મહાદેવ છે, પ્રજાપતિ હોવાથી તું વિધાતા છે, નિધાન–નાયક હોવાથી તું કુબેર છે અને ક્ષમા–પૃથ્વી પક્ષે ક્ષાંતિનો રક્ષક હોવાથી તું અર્હન્ છે. એ રીતે હે દેવ ! તું દેવમય છે, આ અધમ સીંચાણા થકી તું મને બચાવ ! એટલે રાજાએ ધીરજ આપતાં જણાવ્યું–' હે પક્ષી ! તું ભય પામતો નહિ. આ હું યમના મુખ થકી પણ તને

બચાવનાર બેઠો છું.' આથી પારેવો આનંદપૂર્વક પૃથ્વીસુધી મસ્તક નમાવી, રાજાને નમી, 'મહાપ્રસાદ' એમ બોલતો, અપત્યની જેમ રાજાના ખોળે બેસી કાંઇક નિર્ભયતા–શાંતિ પામ્યો. આ વખતે પરિજનો બધા ઉપરાઉપરી ઉભા રહી ભારે કૌતુકથી જોવા લાગ્યા. તેવામાં સીંચાણો ધીરજથી બોલ્યો—'હે રાજન્! એ મારૂં ભક્ષ્ય છે, એ તો જગત્માં પ્રસિદ્ધ જ છે, તો એ મને સોંપી દે કે જેથી ક્ષુધાતુર મારા આત્માને હું તૃપ્ત કરૂં.' ત્યારે રાજા જરા હસીને કહેવા લાગ્યો કે—'હે પક્ષી! પોતાનો નાશ થતાં સુધી પણ ક્ષત્રિયવંશી પુરૂષ શરણે આવેલાને સોંપવાનું મન કદિ ન કરે. અગસ્ત્યે સમુદ્ર પી જતાં પણ મહેંદ્ર સમુદ્ર પાસેથી મેનકાનો પુત્ર મૈનાક પર્વત લઇ ન શક્યો અને વળી હે સિંચાનક! તને યુક્ત નથી કે એના પ્રાણથી પોતાના પ્રાણનું પોષણ કરવું, કારણ કે એનું ભક્ષણ કરતાં તને ક્ષણિક તૃપ્તિ થશે અને એનું મરણ થશે, વળી હે સીંચાણા! તને જેમ મરણનો ભય છે, તેમ બીજાને પણ અવશ્ય હોય જ. તેમજ અન્નભોજનથી પણ તને તૃપ્તિ થતાં ક્ષુધા–બાધા શાંત થશે, અને નરકની પીડા સહન કરવાનો પ્રસંગ પણ નહિ આવે. માટે મોહ ન પામ અને માંસ ખાવાનું એ દુર્વ્યસન તું તજી દે.' એટલે સીંચાણો હસીને બોલ્યો—'હે રાજન્! તું તો જેમ કર્યું, તેમ કહેવા માગે છે, હું પણ જો કે જાણું છું કે પ્રાણિવધથકી જીવ નરકમાં પડે છે, પરંતુ જંતુને જીવાડનાર કુળમાં જે જન્મે, તેને એ કામ દોષરૂપ જ ગણાય, પણ અમારા જેવાને તો પ્રાણિવધમાં જ પ્રધાનતા છે અને માની જનોને તે એક મંડનરૂપજ છે, માટે અમારા કુળની પરવશતાએ અન્ય કુળની અપેક્ષાએ એ નિંદનીય કર્મ છતાં અમને તે દોષરૂપ નથી, તો એ પારેવો મને સોંપતાં તું મારા આત્માને પ્રસન્ન કર.' એમ બોલતો સીંચાણો કાંઇક ઉત્કંઠાથી આગળ આવ્યો, તેવામાં

ભય પામતો પારેવો રાજાના વસ્ત્રમાં પેસીને પોતાને ગોપવી રહ્યો. એટલે હાથવતી તેનો સ્પર્શ કરતાં રાજાએ કહ્યું કે—'અરે! પારેવા! તું આમ વ્યાકુળ કેમ બને છે? અમારૂં શરણ સ્વીકારીને પણ તું ભય કેમ પામે છે? પ્રાણાંતે પણ હું તને સીંચાણાને સ્વાધીન કરવાનો નથી.' ત્યાં સીંચાણો બોલ્યો કે—'હે નૃપતિલક! મોટા પુરૂષો સમાનવૃત્તિ–પક્ષપાતરહિત હોય છે. શરણાર્થીને તેઓ શરણ કરવા લાયક હોય છે. અગ્નિના સ્પર્શથી કયા શીતાર્ત્તની ટાઢ શાંત ન થાય? વળી તમે એને વારંવાર એમ કહ્યા કરો છો કે 'તું ભય પામતો નહિ.' તેમ મને પણ ક્ષુધાથી બચાવવાને તમે લાયક છો. અત્યારે મારા પ્રાણ કાલક્ષેપ સહન કરી શકે તેમ નથી, તે તમારા દેખતાં જ ચાલતા થશે.' ત્યારે રાજા એકદમ બોલ્યો કે—'અરે અહીં રસોયામાંથી કોઇ હાજર છે?' ત્યાં બુંદલક નામે રસોયાએ પેસીને કહ્યું કે—'આ હું હાજર છું, દેવ! આજ્ઞા કરો.' ત્યાં રાજાએ તેના કાનમાં કંઇક કહેતાં, તે તરત જઇ, થાળમાં દિવ્ય મોદક લઇ આવ્યો, એવામાં વિદૂષક મનમાં વિચારવા લાગ્યો કે—'અહો! જન્મકાલથી આજે જ પૂર્વના સુકૃત ફળ્યાં કે મારા ગોત્રીએ પણ પૂર્વે કદિ ન જોયેલ એ મોદક અત્યારે મારા જોવામાં આવ્યા, તે કેવા સુવાસિક ભાસે છે? માટે કોઇ પણ ઉપાયથી રાજા પાસેથી માગીને હું ખાઇશ.' એમ વિચારી તે રાજાને કહેવા લાગ્યો કે—'હે વયસ્ય! આજે તો ભારે કોપાયમાન થઇને ભાર્યાએ મને કૂટયો અને બહાર કહાડી મૂકયો છે.' એટલે રાજાએ જરા હસીને કહ્યું કે—'વખતસર મોદક માગવાની એ યુકિત હશે.' વિદૂષક હસીને બોલ્યો—'તો ક્ષુધાતુર મને મોદક અપાવો.' રાજાએ સ્નેહથી કહ્યું—'એમ કરીશ.' પછી બુંદલકે મોદકની થાળી રાજાને આપી. ત્યાં વિદૂષક સ્પૃહાથી ચેષ્ટા કરતાં, રાજાના હાથમાંથી મોદકની થાળી

છીનવી લઇ, તે તરત ખાઇ ગયો, તે જોઇ બીજા બધા હસવા લાગ્યા, ત્યારે હાસ્ય અને કોપસહિત ભ્રૂભંગી–ભ્રૂકુટી બતાવી તેને ઠપકો આપતાં, રાજાએ તે મોદક ફરી લાવવાનો બુંદલકને આદેશ કર્યો. એટલે તેણે મોદક લાવતાં રાજાએ પોતાના હાથે તેમાંથી એક મોદક લઇ સીંચાણાને આપતાં, તે કૌતુકની જેમ જોઇને બોલ્યો—'હે પ્રિયવાદિ ભૂપાલ ! એ શું છે ?' રાજાએ કહ્યું—'એ મોદક છે.' સિંચાનક અજ્ઞાતની જેમ બોલ્યો—'હે રાજન્! **મોદક** એનો શબ્દાર્થ શો ?' રાજાએ જણાવ્યું—'ક્ષુધાતુરને જે પ્રમોદ પમાડે–તે મોદક.' સીંચાણાએ કહ્યું—'ઠીક સમજ્યો, પરંતુ અમ જેવા પક્ષીઓને બાદ કરતાં, એ વચન સત્યાંશ માની શકાય, કારણ કે અમ જેવા માંસભક્ષીઓને માંસ વિના તૃપ્તિ નજ થાય, માટે એ મોદકની કાંઇ જરૂર નથી, એ પારેવો મને આપો, એ મારૂં ભક્ષ્ય છે.' એમ સાંભળતાં, ભયથી કંપતો પારેવો રાજાના મુખ સામે જોવા લાગ્યો, ત્યાં રાજાને વિચાર આવ્યો કે—'અરે! આ તરફ વ્યાકુળ પારેવાના પ્રાણ બચાવી રક્ષણ કરવાનું છે અને આ બાજુ ક્ષુધાતુર સીંચાણાના પ્રાણનું પણ રક્ષણ થવું જોઇએ.' તેવામાં પુરૂષોત્તમ પ્રધાને કહ્યું—'હે રાજન્ ! સારા ઉપાધ્યાયના સમાગમે કરેલ અભ્યાસથી જણાય છે કે દેવોનો પક્ષી ગરૂડ આવી મનુષ્ય ભાષામાં બોલે છે અને આ બંને તો વારંવાર બરાબર ધીરતાથી બોલ્યા કરે છે, જેથી હે ધરણીધર! મને તો એમ લાગે છે કે આ કોઈ દેવનો વ્યવસાય છે.' રાજા બોલ્યો—હે અમાત્ય ! એ ભલે દેવ કે અન્ય કોઇ હોય, પણ અમારે તો સ્વપ્રતિજ્ઞાનો નિર્વાહ કરવાનો છે.' આ વખતે સીંચાણો સકોપ કહેવા લાગ્યો કે—'હે રાજન્ ! ભક્ષ્ય પ્રાપ્ત છતાં ભૂખથી હું ઘણો આકુળ–વ્યાકુળ થઇ રહ્યો છું, તો હવે કાલક્ષેપ શા માટે કરે છે ?' એમ સાંભળી રાજા ચિંતવવા લાગ્યો કે—'સીંચાણો એના માંસ વિના તૃપ્ત–તુષ્ટ

થવાનો નથી અને પારેવાનું મારે અવશ્ય રક્ષણ કરવાનું છે, તેમ અન્ય પ્રાણીનું માંસ આપતાં પણ દોષજ લાગે, માટે હું પોતાનું માંસ આપું.' એમ ધારી રાજા બોલ્યો—' હે પક્ષી ! જો દાતાર–દેનાર અમુક વસ્તુ આપવાને અસમર્થ હોય, તો તેને બદલે બીજી વસ્તુ આપવાનો વ્યવહાર ચાલુ છે, માટે જો તું કબૂલ કરે, તો હું પારેવાની બરોબર મારૂં પોતાનું માંસ કાપીને તને આપું.' આથી સીંચાણો રોમાંચિત થઈ ચિંતવવા લાગ્યો કે—' ઇંદ્રનું વચન અવશ્ય સત્ય નીવડે, તેમ લાગે છે.' પછી તે મંદાક્ષરે બોલ્યો કે–'ભલે, એમ કરો.' એટલે રાજા ઉત્સાહથી બોલી ઉઠયો કે–' અરે ! અહીં કોઇ છે કે?' ત્યારે રાજ–અધ્યક્ષ નજીક આવીને બોલ્યો કે—' મહારાજ ! આ હું રહ્યો, આજ્ઞા ફરમાવો. ' ત્યાં રાજાએ તેના કાનમાં વાત કહી.' જેથી 'આજ્ઞા પ્રમાણ છે, એમ બોલતા રાજ–અધ્યક્ષે ચાલી નીકળતાં તુલા લાવીને રાજાને આપી. એટલે રાજાએ પોતાના હાથે એક ત્રાજવામાં પારેવો નાખ્યો અને બીજા ત્રાજવામાં સ્વાભિમાનસહિત છૂરીવતી સાથળનું માંસ કાપી કાપીને નાખતાં પાછળ કોલાહલ મચ્યો અને સીંચાણો સાહસપૂર્વક કહેવા લાગ્યો કે—' હે વીર ! હે સ્વાભિમાનમાં ધીર ! તને નમસ્કાર છે. ' એવામાં પ્રધાન તથા સભાજનો સખેદ બોલ્યા કે—' હે દેવ ! આ સાહસોત્કર્ષ અસ્થાને છે. આ શરીરવડે હે નાથ ! તારે જગતનું રક્ષણ કરવાનું છે, તો એક પક્ષીને માટે શું એનો ત્યાગ યુક્ત છે ? વળી એ કોઇ માયાવી દેવ છે, એમ તમને કહેવામાં આવ્યું, અદ્યાપિ એ વાત ધ્યાનમાં લઇ હે માનિન્ ! આ અતિસાહસને તજી દે. ' સચિવના એ વચનની અવગણના કરી, ભારે હર્ષ પામતો રાજા ફરી માંસના કટકા કાપી કાપીને ત્રાજવામાં નાખવા લાગ્યો, ત્યાં લક્ષ્મીવતી આંસુ લાવી બોલી કે—' હે અમાત્ય ! આ અકાળે અમારાપર વજ્રપાત કેમ ? ' અમાત્યે કહ્યું—' હે દેવી ! તમે તો દેવનાં લક્ષણ જાણો

છો કે તે ક્રોધમાં આવતાં જડની જેમ વૃદ્ધાજ્ઞાને અવગણીને કામ કરી નાખે છે.' લક્ષ્મીવતી આક્ષેપ સહિત રાજા પ્રત્યે બોલી—'હે આર્યપુત્ર! સત્વશાળી તમે આ શું આરંભ્યું છે? તમારા અંગે ચાલતી છૂરી મારા હૃદયને ભેદી નાખે છે.' આ વખતે સહસ્રાયુધ દીનતાસહિત વિચારવા લાગ્યો—'રાજા જેમ જેમ સત્ત્વથી પોતાના શરીરને કાપીને માંસ ત્રાજવામાં નાખે છે, તેમ તેમ પારેવાના અંગમાં ભાર વધતો જાય છે. અહીં શું કારણ હશે? અથવા તો ભાવી જાણવાની ઇચ્છાથી શું? કારણ કે પિતૃઋણના વૈરમાં પુત્ર પણ લેવાય છે, માટે સ્વાંગ-માંસના ખંડોએ કરી એક હેલામાત્રમાં પિતાની પ્રતિજ્ઞાને સત્વર પૂરી કરૂં.' એમ ધારી સહસ્રાયુધ જેટલામાં સજ્જ થાય છે, તેટલામાં રાજા ધીરજથી વિચારે છે કે—'આમ વારંવાર શરીર કાપવાની કદર્થનાવડે શું? હું પોતે જ ત્રાજવામાં બેસી એ પક્ષીને પૂર્ણ સંતોષ પમાડું' એમ ચિંતવી તે ત્રાજવામાં બેઠો. તેવામાં પુષ્પવૃષ્ટિ થઇ, આકાશમાં દુંદુભિનાદ થયો અને આકાશવાણી થઇ કે તુલામાં પોતાના શરીરને મૂકતાં શ્રી વજ્રાયુધ ચક્રવર્ત્તીના માન, દાન અને સત્ત્વની કોણ તુલના કરી શકે?' એવામાં ગંગાનાદના વિસ્તાર સમાન નૃત્ય કરતો દેવ દાખલ થયો. તે જોતાં રાજાને વિચાર થયો કે 'આ શું?' ત્યાં દેવ પ્રણામ કરીને બેઠો. રાજા ચિંતવે છે કે—'તે બંને પક્ષી ક્યાં ગયા? આ તુલા કેમ ખાલી જણાય છે? અને માંસ કાપતાં સવ્રણ બનેલ આ શરીર કેમ સાજું દેખાય છે? અને વળી દિવ્ય આભૂષણ વડે સુભગ અને અત્યંત તેજસ્વી આ પુરૂષ કોણ? અથવા તો એ બધું મનનું ઉન્માદપણું પ્રગટ્યું?' તેવામાં દેવ કહેવા લાગ્યો—'હે મહાસત્ત્વાવતંસ! આવા વિસ્મયવડે સર્યું; આ બધું કપટ-નાટક અમે કરેલ છે. ત્રાસ પામતા પારેવાની પાછળ ક્રોધાયમાન સીંચાણો દોડતો આવ્યો—એ દેખાવ તારા

સત્ત્વની પરીક્ષા કરવા મેંજ કરી દેખાડયો.’ એમ સાંભળતાં રાજા લજ્જાને લીધે અધોમુખે બેસી રહ્યો. ત્યારે દેવ પ્રશંસા કરતો બોલ્યો—‘વજ્રાયુધ ચક્રી સમાન સત્ત્વવંતમાં અગ્રેસર અન્ય કોઇ ક્યાં પણ નથી.’ આવી શ્લાઘા ઇંદ્રના મુખથી સાંભળી, ક્રોધથી મેં જે કાંઇ વિપરીત કર્યું, તે હે રાજન્ ! તું ક્ષમા કરજે. કેટલાક ગુણાનુરાગીજનો પશ્ચાત્તાપપૂર્વક ગુણી જનને ભારે વખાણે છે, અને કેટલાક અધમ જનો ગુણને સહન ન કરી શકવાથી તેને નિંદે છે. હે સાત્ત્વિક શિરોમણિ ! તે મહાશય ઇંદ્ર પણ ગુણાનુરાગી કે જેણે સ્વમુખે દેવસભામાં તમારા સત્ત્વની સ્તુતિ કરી, પરંતુ હું એ સત્ત્વનો અનુભવી ન હોવાથી સહન ન થતાં મેં એ અજ્ઞાન-ચેષ્ટા કરી, તે ક્ષમા કરજો. ’ રાજા બોલ્યો—‘ અહો ! ઇંદ્ર પણ અમારી શ્લાઘા કરે છે, એ મહાન્ આશ્ચર્ય છે.’ દેવ બોલ્યો—‘ હે પૃથ્વીંદ્ર ! તું એવી શંકા ન કર, કારણ કે અમો તને બીજો ઇંદ્ર માનીએ છીએ.’ રાજા વિલક્ષ બની સસ્મિત બોલ્યો—‘ તમે **વજ્રાયુધ** એવા નામની સમાનતાથી મને ઇંદ્ર સાથે સરખાવો છો, તે કેમ બને ? ’ દેવ બોલ્યો—‘ હે રાજન્ ! વજ્રાયુધ તો તમેજ છો, પણ સ્વર્ગનો સ્વામી ઇંદ્ર નથી, કારણ કે તમે સપક્ષ રાજાઓને દબાવ્યા છે અને તેણે પર્વતોના પક્ષોને જ રૂંધ્યા છે.’ આથી રાજા વિલક્ષ થઇ સ્મિત કરવા લાગ્યો, ત્યાં દેવ બોલ્યો—‘ હે નૃપતિલક ! તમારા સત્ત્વથી હું રંજિત થયો છું, માટે કહે, તારૂં શું પ્રિય કરૂં ?’ રાજાએ કહ્યું—‘ હે દેવપુંગવ ! અન્યવડે અશક્ય એવું મારૂં સત્ત્વ તમે પૃથ્વીમાં પ્રસિદ્ધ કર્યું અને ઇંદ્રને સત્યવચની કર્યો એ ઉપરાંત બીજું શું પ્રિય હોય ?’ ત્યારે દેવ બોલ્યો—‘ તથાપિ આટલું થાઓ—હે રાજન્ ! આ રાત્રિરૂપ શ્યામા-રમણી પોતાના મસ્તક પર શ્રેષ્ઠ ચંદ્રરૂપ ઘટને ધારણ કરે

છે, પ્રાચી અને પશ્ચિમ દિશાના પર્વતો શશિ–સૂર્યના ઉદયાસ્તને નિયમિત ચલાવે છે, ત્યાંસુધી તમે સંસારમાં આનંદ પામો.'

એ પ્રમાણે સાંભળતાં ભારે આનંદ પામતા અજાપુત્ર રાજાએ ત્યાં રહેલા દર્શનીઓને નારકોની સ્થિતિ પૂછતાં, બૌદ્ધ અને તાપસોએ અજાણપણે સ્વકલ્પિત વાત જણાવી, જે પોતે બરાબર જોયેલ હોવાથી અજાપુત્રે તે અસત્ય કલ્પના માની નહિ. પછી તેણે વિનયથી જૈનાચાર્યોને અંજલિ જોડી પૂછતાં તેમણે અજાપુત્રના જોયા પ્રમાણે યથાર્થ વર્ણન કરી બતાવ્યું. જેથી રાજા, ત્રણ લોકની સ્થિતિને જાણનાર એવા જૈનાચાર્યોમાં શ્રદ્ધા પામ્યો અને તેમને ગુરૂ માની, શ્રદ્ધા લાવી ધર્મનું મૂળ પૂછયું, એટલે તેમણે મોક્ષ સુખ આપનાર ધર્મનું મૂળ સમ્યકૃત્વ બતાવ્યું. અને વિશેષ પ્રતિબોધ આપતાં જણાવ્યું કે—' વિષયો મૃત્યુના સ્હાયક છે, કષાયો નરકના ઉપાયો છે, ગૃહવાસ એ ભવવાસ છે અને સ્નેહ એ સુખ સ્થાનનો ભાગીદાર છે. આયુષ્યરૂપ ઘરના ત્રણ મજલા કે જે બાલ્યવય, યૌવન અને વૃદ્ધાવસ્થા છે અને એ ત્રણ અવસ્થાના અજ્ઞાન, ઉન્માદ અને રોગ એ ત્રણ સ્વભાવ છે. લોભવશે જીવ કુનય, ઉન્માદ અને વ્યથાને ગ્રહણ કરતો રહે છે, પણ તે મહામૂઢ એવો સમય સાધતો નથી કે જેમાં કોઇવાર ન પામ્યો હોય તેવા પદની સ્થિતિ તથા પોતાના ધર્મને કાંઇ પોષણ મળે. વળી તે મૂઢ પ્રાણી જેનાથી લક્ષ્મી પ્રાપ્ત થાય એવા ધર્મમાં અનુરાગ કરતો નથી, જેનાથી અનેક સુખો મળે તેવા દાનમાં સ્પૃહા રાખતો નથી, જ્યાં દુઃખની પરંપરા સાક્ષાત્ છે એવા ગૃહવાસમાં વિરાગ પામતો નથી અને જેનાથી મૃત્યુ પામે છે તેવા દુષ્કર્મપર કોપ ન લાવતાં તે જડ બીજાપર કોપ કરે છે, તો પછી એવો પુરૂષ કોણ હોય કે વિષયાભિમુખ થઇને દુઃખો સ્વીકારી લે. કારણ કે ઉંટ પર ચડનાર પણ થાક, તાપ અને ગાત્રભંગની પીડાને પામે છે. સત્કવિના વચનોની

જેમ વિષયોનો પ્રચાર સર્વત્ર છે; પરંતુ જુઓ, જ્યાં મન જીતાયું છે, ત્યાં કાષ્ઠ વિનાના સ્થાનમાં અગ્નિની જેમ તે વિષયો નિર્બળ બને છે. સંસારના આરંભમાં પરાયણ છતાં અને જ્ઞાન-ચરણ રહિત છતાં સમ્યકૃત્વી જીવ સિદ્ધિ-રમણીને અવશ્ય વશ કરે છે.' પછી અજાપુત્રને પ્રબોધ પમાડવા માટે જૈનાચાર્યો, પુણ્ય સમૂહવડે પ્રથિત અને સમ્યકૃત્વ-રત્નવડે શોભાયમાન એવી કથા કહેવા લાગ્યાઃ—

## સમ્યકૃત્વ ઉપર આરામનંદનની કથા.

"ધર્મ, ન્યાય અને લક્ષ્મીના ધામરૂપ, જૈન ચૈત્યો તથા ધર્મી સાધુઓવડે વ્યાપ્ત એવું **લક્ષ્મીપુર** નામે નગર છે, કે જ્યાં લોકો અત્યંત મર્યાદિત હોવાથી શ્લાઘ્ય છે. કેશવની જેમ જીત મેળવનારા, ગોત્રમાં પ્રતિષ્ઠા પામેલા અને શંકરની જેમ ઈશ્વર-ભારે શ્રીમંત છે, વળી જેઓ બૌદ્ધોની જેમ તત્ત્વાર્થ સાધવાને સાવધાન છે, ક્ષણ-ઉત્સવના અભિલાષી, વિંધ્યાચલની જેમ ઉન્નત અને સદા માન-દાન પક્ષે નર્મદાવડે યુક્ત છે, તેમજ મેરૂની જેમ સુવર્ણવડે સદા દેવોને આનંદ પમાડનાર, કામદેવની જેમ શ્રેષ્ઠ શ્રૃંગારવડે જેઓ લોકોના મનને રંજન કરનારા છે તથા વૈતાઢ્યના રૂપાના શિખરોની જેમ સદા ઉજ્વળ એવા પુરૂષ-રત્નોવડે જે નગર શોભાયમાન હતું, ત્યાં આકાશમાં સૂર્યની જેમ **વિક્રમ** નામે તેજસ્વી રાજા હતો કે જેનો ઉદય થતાં શત્રુ-ઘૂવડો ગિરિ-ગુફાઓમાં ચાલ્યા ગયા. સદા મહાજયમાં શૂર એવો તે રાજાનો પ્રતાપ પણ તેવોજ હતો, તેમજ વેગશાળી અશ્વો અને પદાતિઓ સદા ગાજતા હતા. વળી તેણે મિત્રોને વિવિધ દેશો અને શત્રુઓને નાના પ્રકારની આપદાઓ આપી હતી, તથા જેની ભ્રગુટીરૂપ લતાએ શત્રુઓને અપશોભા અને સંગ્રામમાં ધનુષ્યની શોભા આપી હતી. તેના આરામો બધા તેમજ પદાતિઓ પ્રતાપયુક્ત હતા; અને તેની સેના તથા જનતા પ્રાસાદ-પ્રસાદથી સદા વિરા-

જિત હતી. તે નગરમાં ચાર સહોદર મહા ધનિક વણિક રહેતા, કે જે ધનના સમુદાયથી સમાન ધનવાળા શરીરધારી જાણે ચાર પુરૂષાર્થ હોય તેવા ભાસતા હતા. તેમાં ત્રણ મોટાઓને પુત્ર-પુત્ર્યાદિ સંતતિ હતી, પણ ચોથા વિશાલબુદ્ધિને કંઇજ ન હતું. અન્ય બંધુઓનો ઘણો પરિવાર હોવાથી પ્રતિવર્ષે વિવાહાદિ મહોત્સવો કરવામાં આવતા. એમ વિશાલબુદ્ધિની **પદ્મશ્રી** નામે પત્ની એકદા પોતાની જેઠાણીઓને વિવાહમાં ભારે સુશોભિત જોઇને તે મનમાં ચિંતવવા લાગી કે—' અરે ! હું અભાગણી છું કે મારે પુત્ર નથી. જો તે હોય, તો હું પણ એમની જેમ કૌતુક-આનંદાભિલાષ પૂર્ણ કરૂં. પતિ છતાં સ્ત્રીઓને સર્વ ઉત્સવના કારણરૂપ પુત્ર વિના અવાચ્ય સુખાભિલાષ પૂર્ણ નજ થાય. પુત્ર હોય તો પિતૃપક્ષ અને શ્વશુર પક્ષવાળા વિવાહ મહોત્સવના બ્હાને સ્ત્રીને વિશેષથી આદર આપે છે. ' એમ પુત્રાભાવના દુઃખે ક્યાં પણ રતિ ન પામતી **પદ્મશ્રી** પ્રતિદિન ગૃહોદ્યાનમાં જઇને રોવા લાગી. એકદા તે 'વૃક્ષોને પણ રોવરાવતાં પોતે રોતી હતી, તેવામાં કોઇ વાનરીએ આવીને તેને કહ્યું કે—' હે સખી ! તું શા માટે રોવે છે ? ' ત્યારે **પદ્મશ્રી** બોલી—' હે સખી ! હું અભાગણી, તને શી વાત કરૂં ? મને વંધ્યા-કલંક એક ભારે સંતાપ પમાડે છે. ' એટલે વાનરી મનમાં કંઇ વિચાર કરી, ક્યાંકથી એક ઔષધિ લાવીને **પદ્મશ્રીને** કહેવા લાગી કે—' આ ઔષધિ વાટી ઋતુ સમયે પીજે, તો વિના શંકાએ અલ્પ કાળમાં તને ગર્ભ રહેશે. ' **પદ્મશ્રી** બોલી—' હે બ્હેન ! જો આ ઔષધિથી મને પુત્ર થાય, તો હું તને સાતસરો હાર અવશ્ય આપીશ. પણ તું મનુષ્યની ભાષા કેમ બોલે છે ? તે બોલી—' વાનર વિદ્યાથી ' એમ કહેતાં તે ચાલી ગઇ. પછી ઋતુસ્નાન વખતે પદ્મશ્રીએ તે ઔષધિ વાટીને પીધી તથા દેવોની ઘણી માનતા કરી. એમ અનુક્રમે તેને ગર્ભ રહ્યો અને નવ માસ પૂર્ણ થતાં તેણે

દુઃખે વાનરને જન્મ આપ્યો. ત્યારે 'અહો આશ્ચર્ય છે કે એને વાનર–બાલક જન્મ્યો.' એમ સૂયાણીના કહેતાં પદ્મશ્રી મૂર્છા પામી. પછી મૂર્છા વળતાં તેણે ઉંચેથી વિલાપ કર્યો કે—'હા ! દૈવ !' એમ શોક લાવતાં તેણે તે વાનર–બાળકને ગૃહોદ્યાનમાં તજાવી દીધો. અહીં દીવસ ગણુતી તે વાનરી ત્યાં મૂકતાં જ તે બાળકને ભારે હર્ષથી પોતાના ઘરે લઈ ગઇ, અને ત્યાં વાત ફેલાવી કે–'ગૂઢ ગર્ભ હોવાથી એ અજાણુતાં બાળક અવતર્યો છે.' એમ બોલતાં તે અલ્પ ધાવણુના બ્હાને બાળકને સખીઓ પાસે ધવરાવવા લાગી. એવામાં બરાબર સાજી થતાં પદ્મશ્રી તેજ ઉદ્યાનમાં રોવા લાગી, જ્યારે વાનરીએ આવી અટકાવતાં કહ્યું કે—'હે સખી ! તું રો નહિ અને મારી વાત સાંભળ–આગળનો પુત્ર, વંધ્યા હોવાથી મેંજ પોતાને માટે તારામાં પેદા કર્યો, પરંતુ હવે મર્ત્યજનક અન્ય ઔષધ લે, એનાથી તને અવશ્ય પુત્ર પ્રાપ્ત થશે.' સોગંદપૂર્વક વાનરી બોલતાં, પદ્મશ્રીને વિશ્વાસ બંધાયો અને યથાવિધિ ઔષધ લેતાં અનુક્રમે તેને પુત્ર થયો. પછી આરામમાં રોતાં એ બાળક મને પ્રાપ્ત થયો.' એમ ધારી પદ્મશ્રીએ તેનું **આરામનંદન** એવું નામ રાખ્યું. તે અનુક્રમે લાલન કરાતાં યૌવન પામ્યો અને તે દરમ્યાન તેણે કળાઓ પણ મેળવી લીધી. પછી તે **પદ્માવતી** નામે શ્રેષ્ઠિકન્યાને પરણ્યો.

એવામાં એકદા કુસ્વામીની જેમ અધિકાર મળતાં, દુનીયાને તપાવતી ગીષ્મઋતુ આવી કે જેમાં સૂર્ય પોતાના પ્રખર કિરણોને વિસ્તારવા લાગ્યો. પંખાના વાયુની સમાનતાએ પવન પણ ઉષ્ણ અને રજની–વનિતા સમાનતાની અધિકતાથી જાણે ક્રોધ પામતાં ન્યુન થતી અને દિવસો વધવા લાગ્યા. છાયાનો આશ્રય કરતાં લોકોને પણ રવિ પોતાના ગહન કિરણોવડે પ્રહાર કરવા લાગ્યો અને શ્વાસ–વાયુ દેહમાં રહેવાને અસમર્થ થતાં તે બહાર નીકળવા લાગ્યો.

એવા સમયમાં રૂપ-ગુણે સમાન પોતાની પત્ની સાથે રમતો આરામનંદન એકદા નર્મદામાં જળક્રીડા કરવા ગયો, ત્યાં પોતાની પ્રમદા સાથે ગીષ્માર્ત્ત તે નદીજળમાં ક્રીડા કરે છે, તેવામાં ફુલની ગુંથેલ કંચુકી પ્રવાહમાં તણાતી નજરે પડી. તેને ચિત્રકની જેમ જતી જોઇ પદ્માવતી કૌતુકથી બોલી કે—'હે પ્રાણેશ! જુઓ, જુઓ, આ કંચુકી કેમ આવે છે?' કલ્પવૃક્ષના પુષ્પ-પરિમલયુક્ત, નર્મદાના પ્રવાહમાં તે પુષ્પકંચુકી દૂરથી આવતી જોઈ પદ્માવતી ભારે કૌતુકથી નેત્ર વિકસાવી પુનઃ કહેવા લાગી કે—'હે નાથ! મને ગમે તે રીતે એ કંચુકી લાવી આપો.' તે બોલ્યો—'હે તન્વી! એ બાણની જેમ મહાજળમાં જો, કેમ આવે છે? તો એ હાથ ન આવે! તે બોલી—'તો નર્મદા એજ મારી ગતિ છે.' એવા આગ્રહમાં તણાયેલ તેણે પોતાનું વચન ન ફેરવ્યું, એટલે આરામનંદન નાવપર બેસીને તે પુષ્પ કંચુકીની પાછળ ચાલ્યો. એમ તે જેમ જેમ તેની પાછળ જાય છે, તેમ તેમ ભારે વેગથી હંસની જેમ તે આગળ વધતી જાય છે, તેવામાં નદીમાં ચાલતાં રાત પડવા આવી, ત્યાં દૂર પ્રદેશના કાંઠે તે કંચુકી અટકી. એટલે તેને લેવા માટે આરામનંદને પોતાનો હાથ લંબાવ્યો, તેવામાં તે કંચુકી જેના શિરે છે એવી કોઇ સ્ત્રી પાણી થકી બહાર આવી, ત્યારે આરામનંદન ચિંતવવા લાગ્યો કે—'અહો! આ શું આશ્ચર્ય? પૂર્વે નદીમાં ન દેખાતી અને મગ્ન થઇ રહેલ એ સ્ત્રી ક્યાંસુધી આવી? ઠીક છે. હવે જોઉં તો ખરો કે તે ક્યાં જાય છે?' એમ ધારી નાવિકને નાવમાં મૂકી, તે તેની પાછળ લાગ્યો. પછી નર્મદાના તીરે રહેલ કાળિકા દેવીના મંદિરમાં તે સ્ત્રી અને આરામનંદન ગયા. ત્યાં તેણીએ તે કુસુમ-કંચુકી કાલિકાને પહેરાવતાં અંજલિ જોડી કહ્યું કે—'હે દેવી! મને કલ્યાણ આપનારી થાઓ.' એમ કહી, બહાર નીકળીને તે સ્ત્રી એકદમ વેગથી ચાલી

ગઇ. પછી ' આ નિર્માલ્ય થયું ' એમ ધારી, આરામનંદને તે કંચુકી લઇ લીધી અને પ્રમોદ પામતો તે જેટલામાં નદીકાંઠે આવે છે, તેટલામાં સ્ત્રી. નાવ કે નાવિક ન મળે, એટલે નાવિકને તેણે આમતેમ જોઇ ઉંચેથી બોલાવ્યો, પણ તે જોવામાં ન આવ્યો અને જવાબ પણ ન મળ્યો. ત્યારે તે વિચારવા લાગ્યો કે—' એ દુષ્ટાત્મા શત્રુની જેમ મને તજીને ક્યાંક ચાલ્યો ગયો. હું અત્યારે રાત્રે કંચુકી લઇને ક્યાં જાઉં ? ' એમ ખેદ પામતાં, ત્યાંજ કોઇ નગરની બહાર પરબમાં જઇ, થાકયો પાકયો આરામનંદન સુઈ ગયો.

તેવામાં કેટલાક ચોરો નગરની ચોતરફ સર્વત્ર ભમી રાત્રે તે પરબમાં આવ્યા. તેમાં એક તસ્કર બોલ્યો કે ' અરે! અહીં દિવ્ય ગંધ આવે છે, તેથી સ્ત્રીની સાથે કોઇ ભોગી પુરૂષ હોવો જોઇએ, માટે તમે તૈયાર થાઓ કે એને પકડી લઇએ. કદાચ એની પાસે કંઈ નહિ હોય, તથાપિ આપણે રાતભર વિલાસ તો કરીશું ' એમ એકાંતે વિચારી, તેમાંનો એક તસ્કર પરબમાં ગુપ્ત રીતે પેઠો અને ભૂમિને સુંઘી ભમતાં ભમતાં તે સુતેલ તેના જોવામાં આવ્યો. ત્યાં નજીકમાં જતાં શિથિલ ગાંઠમાં રહેલ પુષ્પકંચુકી તેણે સુંઘી, જે સુંઘતાં જાણે ઘ્રાણેંદ્રિય પુટી જતી હોય તેવી અદ્ભુત ગંધ જોતાં અને અન્ય ધનાદિક તપાસતાં તેણે આરામનંદનના કટી–કરાદિકનો સ્પર્શ કર્યો, પણ બીજું કાંઈ તેણે જોયું નહિ. જેથી ભર નિદ્રામાં સુતેલ આરામનંદનની કંચુકી તેણે જીવિતવ્યની જેમ હરી લીધી. પછી બહાર આવતાં તેણે અન્ય ચોરોને યથાસ્થિત વાત કહી અને અત્યંત પરિમલપૂર્ણ તે કંચુકી તેમને બતાવી, જે જોતાં તેઓ હસીને બોલ્યા કે—' અરે ! આ વિનશ્વર વસ્તુથી શું ? જો બીજું કાંઇ મળ્યું હોય, તો ઠીક એને તો ક્યાંક નાખી દે. ' એમ તેમણે કહ્યા છતાં, આરામનંદન પાસે ન મૂકતાં તેણે પણ તજી નહિ. પછી પ્રભાત થતાં તે બધા ભિન્ન ભિન્ન સ્થાને ચાલ્યા ગયા. અહીં

સૂર્યોદય થતાં આરામનંદન ઉઠયો અને મીંચાયેલી આંખે જ તેણે તે ગાંઠપર હાથ ફેરવ્યો, ત્યાં પોતાને ભાગ્યહીનની જેમ તે ગાંઠ શૂન્ય દીઠી અને નિદ્રા-શ્રમ નષ્ટ થતાં ભય પામતો તે તરત ઉઠયો. જ્યાં વસ્ત્ર ખંખેરતાં તેણે શયનભુમિ જોઇ, છતાં તે હાથ ન લાગવાથી કંચુકીના મોહને લીધે તેને મૂર્છા આવી ગઇ. પછી પોતે સ્વસ્થ થતાં કંપતા હૃદયે નિસાસા નાખી પરબની અંદર અને બહાર શોધતાં કંચુકી તેને હાથ ન લાગી. ધત્તૂરો પીધેલની જેમ તેને પૃથ્વી બધી શૂન્ય ભાસવા લાગી. ખરેખર! બધું હરાઇ જતાં ધીર જન પણ ઘેલો બની જાય, વળી તે ચિંતવવા લાગ્યો કે—'અહો! દૈવ મને જ પ્રતિકૂલ થયું, બીજા કોઇને નહિ. પ્રિયાનો વિયોગ આપતાં તેણે મને આ અવસ્થાએ પહોંચાડયો. નહિ તો આમ નાવિક તરત નાવ લઇ કેમ જાય? અને પ્રિયાને આપવા લાયક કંચુકી પણ કોઇએ હરી લીધી. એમ દૈવથી હણાતાં હું હવે સ્વસ્થાને જવાને પણ ઉત્સુક નથી અને કલ્પવૃક્ષનાં પુષ્પો વિના તેવી બીજી કંચુકી પણ થઇ ન શકે. કદાચ ભ્રમણ કરતાં ક્યાં કંચુકી પામીશ, પરંતુ એ તો દેવનિર્મિત હોવાથી કાલાંતરે પણ વિનાશ ન પામે તેવી હતી, માટે અત્યારે તો દેવનગર સમાન એ નગરમાં જાઉં.' એમ ધારી ચોતરફ તપાસતાં આરામનંદન તે નગરભણી ચાલ્યો. ત્યાં તાપની રક્ષા નિમિત્તે જાણે ઉદ્યાનની પરંપરા લાગી રહી હતી અને જલયંત્રો વહન થતાં જ્યાં અનેક ધ્વનિ એકત્ર થઇ રહ્યા હતા, વળી પોતાના શરીરમાં રહેલ તાપવડે તપ્ત થયેલ સૂર્ય, જ્યાં હિમાલય જેવા તે આરામોને સેવવા ઉત્સુક થયો તથા આકાશ સાથે અડતા મોટા પ્રાસાદોપર કોટિત્વસૂચક ધ્વજાઓ લટકતી અને રાજમાર્ગમાં કસ્તુરીમિશ્ર જળના છંટકાવથી રજ શાંત થઇ ગઇ હતી, મણિની ભીંતોવાળી બજારશ્રેણીમાં જ્યાં અંદરની વસ્તુઓ દેખાતી હતી, મહેભ્ય-શ્રેષ્ઠીઓના આવાસો જ્યાં

સુવર્ણ–શિલાઓવડે બાંધેલ હતા, તેમજ દેવયાત્રાના બાને શૃંગાર ધારણ કરતી આનંદી અંગનાઓ જ્યાં કામીજનોની પાછળ જતી, એવા તે **રમાનિલય** નામના નગરમાં જતાં આરામનંદન જિન મંદિરમાં જિનેશ્વરોને વંદન કરવા ગયો. ત્યાં પૂર્વે **સાગરશ્રેષ્ઠી** આવેલ હોવાથી, આરામનંદનને મધુર વાણીથી યથાવિધિ જિનોને વંદન કરતો, તેણે જોયો. પછી દેવવંદનને અંતે વ્યાખ્યાન કરતા ગુરૂને તે શ્રેષ્ઠીએ ગૃહસ્થોનું દિનકૃત્ય પૂછતાં, તેમણે જણાવ્યું કે—' ન્યાયવંત જન હોય તેવા નગરમાં વસવું, સારા પડોસીઓમાં રહેવું અને શુદ્ધાત્માએ પ્રભાતે ઉઠીને પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું. વળી દ્રવ્યશુદ્ધિપૂર્વક ચતુર્વિધ, ત્રિવિધ, દ્વિવિધ કે એકવિધ જિનપૂજા કરવી તથા ભાવનાથી ભાવિત થઇ યથાવિધિ દેવવંદન કરવું. પછી શ્રદ્ધાલુ શ્રાવકે ગુરૂને વાંદી પ્રત્યાખ્યાન કરવું અને પૂર્વ નિયમના સંકોચપૂર્વક અભક્ષ્યનો ત્યાગ કરવો. વળી પાંચ ઉદુંબર, અને જિનેશ્વરે બતાવેલ અનંતકાયનો ત્યાગ અને પાંચ પર્વતિથિએ વિશેષ બ્રહ્મચર્ય તથા તપ આચરવું. જીવોને અભય આપવા માટે દેશાવગાસિક કરવું અને ધર્મશાસ્ત્ર સાંભળતાં ઉપયોગ રાખવો કે—' આ આગમોક્ત છે કે કલ્પિત છે ? સુજ્ઞજને પ્રતિદિન અપૂર્વ જ્ઞાન ગ્રહણ કરવું અને જિનોક્ત તત્ત્વોને સદ્દહતાં તેનો વિચાર કરવો, દાનમાં શ્રેયાંસ પ્રમુખ, શીલમાં બ્રાહ્મી પ્રમુખ, તપમાં બાહુબલિ વિગેરે અને ભાવનામાં ભરતાદિકને દૃષ્ટાંતરૂપે સંભારવા. જિનશાસનની કુશળતા મેળવી ન્યાયથી ધનોપાર્જન કરવું અને ભોજનમાં લોલુપતા ન રાખતાં સદા અતિથિ–સંવિભાગ કરવો. કદાગ્રહ તજી પોતાનો વ્યાપાર ચલાવવો તથા અતિપાપનું કારણ રાત્રિભોજન તજવું. દિવસના આવક–ખર્ચનો વિચાર કરી, સંતોષ રાખવો તથા કુલ–શીલે ઉત્તમ ધર્મીજનો સાથે વાર્ત્તાલાપ કરવો. સમકિતયુક્ત શ્રાવક બાર વ્રત સહિત સામાયિક આચરે

અને શાંત મને સ્વાધ્યાય કરે. સ્વદારા સંતોષ ધરી, જિનનું સ્મરણ કરતાં રાત્રે શયન કરે. બધા ધર્મકાર્યોમાં ભાવસહિત પ્રવર્ત્તે.' એ પ્રમાણે સંક્ષેપથી દિનકૃત્ય સાંભળતાં, પોતાની આત્મશુદ્ધિ નિમિત્તે આજન્મ ચોમાસાને લગતા ઘણા નિયમો આરામનંદને અંગીકાર કરતાં, સાગર શેઠે તેને સાધર્મિક સમજીને નમસ્કાર કર્યા અને ભોજનને માટે નિમંત્રણ કર્યું—'હે ભદ્ર! સદા મારા ઘરે તારે ભોજન કરવું.' એમ શેઠના આગ્રહથી તે ત્યાં જમતો અને નગરની સ્થિતિ જોયા કરતો.

એવામાં દેહને સંતાપકારી ગ્રીષ્મઋતુનો તાપ શાંત કરવા વર્ષાઋતુ આવી, કે જ્યાં મોરના ટહુકા સાથે મેઘનો ગર્જારવ સંભળાતો, વિરહિણી વનિતાઓના અશ્રુજળ સાથે આકાશ થકી જળધારા પડતી, પથિક લોકોનાં હૃદયો સાથે નદીઓના તટ ભેદાતા અને નગરજનોની જેમ સૂર્ય પોતાના પાદ—પગ કે કિરણ, કાદવને લીધે પૃથ્વીપર સ્થાપન કરી શકતો નહિ.

એકદા ત્યાંના **લક્ષ્મીધર** રાજાનો હાથી, પાણી પીને પાછો વળતાં સરોવરની પાળ પર પડી ગયો. અત્યંત સ્થૂલ શરીરના ભારે તે ઉઠવાને અસમર્થ થતાં પર્વતની જેમ માર્ગ રોકીને તે ત્યાં જ પડયો રહ્યો. એટલે મહાવતે એ હકીકત રાજાને નિવેદન કરતાં, રાજાએ હાથીને ઉઠાડવાના ઘણા ઉપાયો લીધા. તે પગ માંડી શકે તેટલી ભૂમિ નીચે ખોદાવતાં પણ તેણે પગ માંડયો નહિ અને વાધર કે દોરડાવતી ઉપાડતાં પણ તે ચાલ્યો નહિ. વળી પ્રધાનાદિકની બુદ્ધિ પણ રાજાએ પારખી લીધી, જેથી છેવટે નગરમાં તેણે ઢાંડી પીટાવીને ઉદ્દ્ઘોષણા કરાવી કે—'જે સુબુદ્ધિ પોતાની ચાલાકીથી એ હાથીને ઉઠાડે, તેને રાજા માગ્યું આપશે. હે લોકો! એ વાત તમે ધ્યાન દઇ સાંભળો.' ત્યાં નગરજનોએ ધાર્યું કે—'હાથીને ઉઠાડવા માટે રાજાએ ઉપાયો લેવામાં બાકી રાખી નથી.' એમ

સમજી કેટલાક અલ્પબુદ્ધિ પૌરાએ તે ડિંડિમના સ્પર્શ ન કર્યો. એવામાં બુદ્ધિનિધાન આરામનંદને હર્ષથી તેના સ્પર્શ કર્યો અને બુદ્ધિશાળી નગરજના કૌતુકથી જેને જોઇ રહ્યા છે એવા તે રાજા પાસે આવી, પ્રણામ કરીને બાલ્યા કે—'હે વિભા! એ કુંજરને ઉઠાડવામાં જે મારા આદેશ બજાવે, તેવા એક મંત્રી મને સોંપા.' એટલે રાજાએ એક પ્રધાન તેને સોંપ્યા. પછી આરામનંદન સત્વર હાથી પાસે આવતાં, લાબી સુંઢે પુંફાડા મૂકતા તે હાથીને જોઇ, તેના શરીર નીચેની ભૂમિ ખાદાવી, તેમાં બીજી માટી પૂરી દેવાના તેણે આદેશ કર્યો, તથા હાથીની ચોતરફ સો હાથ ભૂમિતલ ઇંટોથી મજબૂત બંધાવવા તેણે અમાત્યને આજ્ઞા કરી અને પ્રધાને તે પ્રમાણે બધું કરાવી આપ્યું. પછી તેણે પુનઃ ફરમાવ્યું કે—'એ બાંધેલ ભૂતલની ચોતરફ મોટી પાળ કરાવા.' એટલે રાજાની જેમ તેના આદેશ મંત્રી એ તરતજ બજાવ્યા. રાજાની આજ્ઞા થતાં શું ન થાય? તેવામાં સુજ્ઞ લોકોને વિચાર થયા કે—'આ શું કરશે?' ત્યાં હાથીને તેણે શલ્લકીના ચારા નખાવ્યા, વળી તળાવની પાળ તોડાવીને તે સ્થાન તેણે પાણીથી પૂરાવ્યું. તેમાં રમતા તે હાથી [1]બકસ્થળ સમાન ભાસવા લાગ્યા. તથા એક હાથણીને શણગારી, રાજપુરૂષોએ તેને પાળપરથી ત્યાં પાણીમાં ઉતારી. એવામાં શલ્લકીના ચારાથી તે મદોન્મત્ત બન્યા અને જળમાં રહેવાથી તેના શરીરના ભાર ઓછો થતાં તેણે ઉઠવાના પ્રયત્ન કર્યો, ત્યાં નીચે ઇંટોથી ભૂમિ દૃઢ બાંધેલ હોવાથી, પગ બરાબર મંડાતાં તે હાથીએ, પેલી હાથણીને જોઇ, ઉઠવાને શરીર ચલાવ્યું, ત્યારે બહાર રહેલા મહાવતોએ તે હાથણીને પ્રેરતાં, તે હાથી પાસે જઇને તેના પર પોતાની સુંઢ ફેરવવા લાગી. તેણીના

૧ વિંધ્યાચલમાં બકસ્થળ નામા સરોવરની વચમાં દ્વીપ છે. તેની અહીં ઉપમા આપેલ છે.

સ્પર્શથી તત્કાલ કામ જાગ્રત થતાં મહાબલ તે હાથી તેની સાથે રમવાની ઇચ્છાથી હળવે હળવે પોતે ઉઠ્યો. જ્યારે ધીમાન્ આરામનંદને મહાવતોને આદેશ કર્યો કે—'અરે ! હળવે હળવે હાથણીને બહાર ખેંચવા માંડો.' તેમણે તેમ કરતાં વાઘરવતી જળ–કોશની જેમ હાથણીની પાછળ લાગેલ તે હાથીને બહાર આણ્યો અને વારંવાર હાથણીને આકૃષ્ટ કરતાં, [2]અયસ્કાંતથી ખેંચાતા લોહની જેમ તેને ગજશાળા સુધી તેઓ લઇ ગયા. એવામાં 'અહો બુદ્ધિ ! અહો બુદ્ધિ !' એમ લોકો રાજાની પાસે આરામનંદનની પ્રશંસા કરવા લાગ્યા. એ બુદ્ધિથી સંતુષ્ટ થયેલ રાજાએ તેને પારિતોષિક આપવાની ઇચ્છાથી ગૌરવ પૂર્વક પોતાની પાસે બોલાવ્યો. એટલે તે રાજસભામાં આવ્યો, ત્યાં પંચાંગપ્રસાદ આપી રાજાએ કહ્યું કે—'હે ધીમાન્ ! વર માગી લે.' ત્યારે સાગર શેઠને સભામાં બોલાવી, તેણે રાજાને નિવેદન કર્યું કે—'હે રાજન્ ! એ વર આ શેઠને આપો.' એમ તેના કહેતાં રાજાએ સાગર શેઠને વર માગવા કહ્યું, તેણે ક્ષણભર વિચારી, રાજા પાસે તે નગરનું શ્રેષ્ઠિપદ સદાને માટે માગી લીધું. પ્રથમ તે નામ માત્રથી શેઠ હતો, પણ હવે રાજાએ સન્માનથી તે પદ આપ્યું, જેથી નગરજનો તેનો ભારે સત્કાર કરવા લાગ્યા. કારણ કે રાજમાન્ય લોક પૂજાય છે. ત્યાં શ્રેષ્ઠીએ વિચાર કર્યો કે—'એણે મને નગરમાં શ્રેષ્ઠીપદ અપાવ્યું, માટે એને હું મારી પુત્રી આપું, કારણ કે આપવા અને લેવાથી સ્નેહ વધે છે.' એમ ધારી, શ્રેષ્ઠીએ તેને એકાંતમાં બોલાવી, ભૃત્યુની જેમ ગૌરવથી અંજલિ જોડીને જણાવ્યું કે—'રાજાએ પોતે પ્રસાદ આપતાં તમે ન લીધું તો મારા ઘરમાં એવી શી ચીજ છે કે જે આપતાં તમને સંતોષ પમાડું; છતાં એટલી હું પ્રાર્થના કરું છું કે મારે એક કુમારી

---

૨ લોહચમક.

પુત્રી છે, તેનું પાણિગ્રહણ કરીને મને અનૃણી-ઋણ રહિત બનાવો.' ત્યારે વિશિષ્ઠમતિ આરામનંદને શેઠને કહ્યું કે—' હું મારા દેશમાં શેઠની પુત્રી પરણ્યો છું, માટે બીજી સ્ત્રીની મારે જરૂર નથી, તે માનસિક ઉપાધિ વધારનાર છે. તમને મેં પિતા માન્યા છે, એટલે તમારી પુત્રીને મારી બ્હેન માનીશ.'

એવામાં એકદા પરકાંઠે જવા માટે મોટા શ્રીમંતોના વ્હાણો સજ્જ થયાં. ત્યારે આરામનંદને શેઠને કહ્યું કે—' હે તાત! મારે યાનપાત્ર પર ચઢવાનું કૌતુક છે, તો મને કાંઇક દ્રવ્ય આપો, હું તમારો વણિકપુત્રજ છું, તેમાં લાભ થાય, તે પણ તમે લેજો, મારે તો કેવળ વિનોદ કરવાનો છે.' એટલે પ્રથમથીજ તેને ધન આપવાની શેઠની ઇચ્છા હતી, અને વિશેષથી તેણે માગણી કરતાં, શ્રેષ્ઠીએ ભારે ઉદારતાથી તેને લક્ષ દ્રવ્ય આપ્યું. પછી ઘણું ધન આપી આરામનંદને વ્રીહિ-ધાન્ય વિશેષ ખરીદ્યાં, તથા બહુ ખીર અને દુધ આપવાવાળી આઠ ભેંસ વેચાતી લીધી. વળી સાકર, કપૂરાદિક પ્રિય પદાર્થો અને વ્રીહિ પીસવાના આઠ યંત્ર, ઉખળ તથા મુશળ લીધાં. રાંધવા માટે તથા ભોજનમાં ઉપયોગી અન્ય ભાજન લીધાં, વળી દિવ્ય વસ્ત્રો અને ઘણાં શસ્ત્રો પણ લીધાં. પગારદાર નોકર તથા આઠ દાસી રાખી, એક પોતાની સેવા કરે તેવી વૃદ્ધા સ્ત્રી રાખી. સાત સઢનું એક યાનપાત્ર ભાડે લીધું. એમ વ્યય કરતાં તેણે લક્ષ ધન વાપરી નાખ્યું. પછી અન્ય મહેભ્ય-શ્રેષ્ઠીઓનાં વ્હાણ ભાડે લઈ, તેમાં મહા કીંમતી સુપ્રાપ્ય ચતુર્વિધ કરીયાણાં ભર્યાં, ત્યાં હસતા નગરજનોની દરકાર કર્યા વિના આરામનંદને યાનપાત્રમાં વ્રીહિપ્રમુખ ભર્યાં. કારણ કે—શમ બાહ્ય ક્રોધને શમાવે છે, પણ સજ્જનોનું અંતર તેજ બહુ દુર્ધર હોય છે. ઉષ્ણ તો શીતલ થાય, પણ હિમ શીતલ છતાં સમસ્ત જગતને બાળી નાખે છે. પછી સાગરની રજા લઇ, શુભ દિવસે અન્ય વણિક-

પુત્રોની પહેલાં તે મોટા વહાણમાં આરૂઢ થયો. તેમજ જ્ઞાતિજનોએ મંગલ કરતાં અન્ય વણિકપુત્રો પણ યાનપાત્રો સજ્જ કરીને બેઠા. પ્રધાન મુહૂર્ત્તે અનુકૂળ પવન વાતાં કોલાહલ કરતા નાવિકો તરત તેમાં આરૂઢ થઇ ચાલ્યા, એટલે પાછળ દોડતા બાળકોયુક્ત જનકોની જેમ પાછળ પાછળ આવતાં ન્હાનાં વ્હાણો શોભવા લાગ્યાં. ભારે વેગથી ચાલતાં તે ક્યાંક રાજહીન ( સુન્ય ) દ્વીપમાં પહોંચ્યાં, ત્યાં સઢ નીચે ઉતારી વ્હાણો થોભાવવામાં આવ્યાં. એટલે ગુરૂવાક્ય વડે શિષ્ય અને અંકુશવડે હાથીની જેમ ઉતાવળે જતા તે વ્હાણો તરત ત્યાં ઉભા રહ્યા. સાગરના મધ્ય ભાગમાં આવેલ તે દ્વીપમાં પાણી અમૃત સમાન મધુર હતું. દુર્જનના કટુ વચનમાં પણ શું સંતનું મીઠું વચન ન હોય ? પછી તેમણે દ્વીપના કુવા થકી પાણી લીધું અને તુંબડીમાં ધાતુર્વાદી રસ ભરે તેમ ટાંકી-ઓમાં તે ભરી દીધું, ત્યાં ઉતાવળ કરતાં તેમણે વ્હાણ ચલાવવા સજ્જ કર્યા. પણ આરામનંદન તો જાણે ત્યાંનો વસનાર હોય, તેમ બેસી રહ્યો. ત્યારે તેઓ કહેવા લાગ્યા કે–' હે મહામતિ ! વ્હાણ કેમ પૂરતો નથી ? ' એમ નાવિકોના કહેતાં તેણે જણાવ્યું કે–' મારે શરીરનું કારણ છે, તેથી હું સાથે ન આવતાં અહીંજ રહીશ, તમે કુશળે જાઓ. ' તેમણે શંકા લાવી કહ્યું કે–' જો તમારે શરીર સારૂં ન હોય, તો તમે સાથે આવનાર હોવાથી અમે તમારી શુશ્રુષા કરીશું. ' આરામનંદને કહ્યું–' પૂર્વે કદિ હું વ્હાણમાં બેઠેલ ન હોવાથી મારૂં શરીર ભમે છે, તેથી આકુળ મને હું નાવપર ચઢવાને અસમર્થ છું. તમે પાછા વળો, ત્યારે મને સાથે લેજો. ' એમ સભ્યતાથી કહી તેણે તેમને વિસર્જન કર્યા. તે પોતે ન આવતાં વિસર્જન કરવાથી અતિ દુઃખ પામતા તે વ્હાણવટીયા અનુક્રમે પોતાના ઇષ્ટ પ્રદેશમાં ગયા. પછી શુદ્ધ બુદ્ધિમાં બૃહસ્પતિ

સમાન આરામનંદને નોકરો પાસે વ્રીહિ પ્રમુખ વ્હાણમાંથી ઉતરાવ્યાં. ત્યાં સર્વત્ર દ્વીપ જોઇ તેણે પોતાને માટે તથા નોકરોને માટે જુદા જુદા ઘાસના ઘણા ઝુંપડાં કરાવ્યાં, અને કર્મચારીઓના ઝુંપડા પાસેજ પોતાનું ઘર કરાવ્યું. તથા વ્રીહિ પીસવાનો તેમને હુકમ કર્યો. વળી દાસીઓને ચોખા ઝાટકવા તથા વીણવાના કામે લગાડી, તેમજ ભેંસો દોહવા તથા ચારવા માટે એક નોકરને હુકમ કર્યો. બધા કર્મકરોને તેણે ચોખાનો ખોરાક આપતાં, તે દ્વીપ ગ્રામ જેવો બન્યો અને ત્યાં રાંધવાનું પણ ચાલુ થયું. એમ દરરોજ ત્યાં ક્ષીરાદિકનું ભોજન કરતાં, તેમના દિવસો ઓચ્છવની જેમ જવા લાગ્યા.

એક વખતે આરામનંદન સાંજે એકલો સમુદ્ર કાંઠે આમતેમ ભમતો હતો ત્યાં કંઇ વિચાર આવતાં તેણે પોતાના નોકરો પાસે સમુદ્રવેલામાં ખાતરની જેમ સ્હેજ ઉષ્ણ રાખ નખાવી. પછી સાંજે જળપુરૂષો સમુદ્ર થકી બહાર આવતાં ભસ્મગંધ સુંઘી, ભય પામતાં હળવેથી પાછા ચાલ્યા જતાં, વળી પાણીથી ક્ષોભ પામતાં અને મોટા કલ્લોલથી પીડાતા, તેઓ રાસભની જેમ ત્યાં આળોટવા લાગ્યા, એમ વારંવાર આળોટતાં ઔષધની જેમ ભસ્મવડે તેઓ મહા તપસ્વીઓના જેવા પાંડુર બની ગયા. એમ સદા ત્યાં આળોટતાં અનુક્રમે તે જળમનુષ્યો કંઈક નિર્ભય થયા. પછી આરામનંદને દધિમિશ્ર ચોખાની ઘેંસ કે જે હિમ સમાન શીતલ અને કપૂરના ચૂરણવડે વાસિત, અગરૂના ધૂપયુક્ત તથા નાની તાંબાની થાળીમાં નાખેલ એવી ઘેંસ પોતે લઇને સમુદ્ર તીરે દૂર મૂકી. એટલે દક્ષિણ પવનથી ઉછળતો અપરિમિત ગંધ પ્રસરતાં, તે જળપુરૂષો બહાર આવીને ક્ષણભર નાસાપુટથી સુંઘવા લાગ્યા, તો પ્રિય અને ભાવે તેવી તે ઘેંસ તરફ પોતાની નાસિકા ઉંચે રાખી,

કેતકીના વન પ્રત્યે જતા ભ્રમરની જેમ તે સન્મુખ આવ્યા અને ભયભીત થતાં વારંવાર ગમનાગમન કરતાં વિલંબે થાળી પાસે આવીને તેઓ ઘેંસ ખાઇ ગયા. એક એક કોળીયાથી પણ દુષ્કાળના રાંકની જેમ તૃપ્તિ પામતા, ઉચ્છિષ્ટ ભોજનને બિલાડાની જેમ તેઓ જીભવતી થાળી ચાંટવા માંડ્યા. પછી બીજે દિવસે કરંબો મૂકવામાં આવતાં તે પોતાના બળ પ્રમાણે આવીને ખાઇ ગયા. એમ એકદા ભારે ગંધયુકત તે થાળી હાથમાં લઇ આરામનંદન પોતે કાંઠે બેઠો, ત્યાં સમયને જાણનારા વિપ્રો જેમ દાનશાળા પ્રત્યે દોડે તેમ એકબીજાને બલાત્કારે પાછળ મૂકતા તે ખાવાને દોડ્યા. તેમાં પક્ષીઓમાં ગરૂડની જેમ એક જળપુરૂષ સ્પર્ધાથી અત્યંત ઉતાવળે આગળ નીકળી આવ્યો. અને બીજા જેટલામાં ન આવે તેટલામાં એ થાળી લઈ લઉં એમ પોતાનું ઉદર ભરનાર તેણે થાળી લેવા હાથ લંબાવ્યો; તેવામાં આરામનંદને પોતાનો હાથ પ્રસાર્યો એટલે તેના ભાવને જાણનાર જળપુરૂષ પાછો સમુદ્રમાં ગયો, અને આ અન્ય પુરૂષો મને જોઈ પાછા ન વળે એમ ધારી તે માયાવી હાથમાં રત્ન લઇને તરત પાછો આવ્યો. તે રત્ન તેના હાથમાં નાખતાં ભરેલ થાળી લઇને તે કરંબો ખાઇ ગયો અને પેટે હાથ ફેરવવા લાગ્યો. આરામનંદન રત્નની પરીક્ષા કરતાં બહુ પ્રમોદ પામ્યો. અત્યંત ઉપાય સફળ થતાં કોણ હર્ષ ન પામે? એ રીતે ઉપાય સિદ્ધ થતાં તેણે વારંવાર દરરોજ કર્મકરોને આજ્ઞા કરતાં ખૂબ કરંબો નીપજાવી કાંઠે લાવી તે જળપુરૂષોને આપતાં, તેમની પાસેથી તે વારંવાર રત્નાકરનાં રત્નો લેવા લાગ્યો. આથી દરિદ્રનાં બાળકો અને વડની વડવાઇની જેમ આરામનંદનનાં રત્નો પ્રતિદિન વધતાં ગયાં. એટલે પ્રિયની જાનમાં કલત્રની જેમ રત્નો સંભાળવાની રાત્રે તેને ચિંતા થતાં દિવસ લક્ષ્મીની જેમ તેની નિદ્રાને ટાળનારી

થઇ પડી. એવામાં પ્રબળ બુદ્ધિ પ્રગટતાં મનમાં કંઇક નિશ્ચય કરી તેણે આર્દ્ર છાણામાં એકેક રત્ન નાખ્યું, એ વાત પોતાની ખાસ દાસીને ગુપ્ત રીતે જણાવી. વળી રત્ન સહિત અને રત્ન રહિત છાણાના તેણે બે ઢગલા કર્યા. એમ કરતાં તેના તે બે ઢગલા તે જાણે દરિદ્ર–સાગર ઓળંગવાની બે પાળ હોય તેવા શોભતા. કેટલાક દિવસો જતાં તે બંને ઢગ સમાનપણે વધ્યા. બુદ્ધિરૂપ થાળીમાં કીર્ત્તિરૂપ ચૂલિકા તો હોયજ.

હવે અહીં કંચુકી પાછળ આરામનંદનના ઉતરતાં તે નાવિક નર્મદા કાંઠે નાવ બાંધીને સુઇ ગયો. તેવામાં કુલટા સ્ત્રીની જેમ નર્મદા તીરે ભમતી પેલી નાવ નદીના પ્રવાહમાં તણાઇને સમુદ્રમાં પડી, અને દૈવયોગે સમુદ્રમાં નાવિક સહિત ભમતી તે નાવ જાણે થાકી ગઇ હોય તેમ ભગ્ન થયા વિના એ દ્વીપના તટપર આવીને અટકી. ત્યાં આરામનંદન તે જોઇ ‘ આ તો મારી નાવ ’ એમ ઓળખતાં પોતાની માતા તરફ દોડતા બાળકની જેમ તે નાવ ભણી દોડ્યો અને ઉતરેલા નાવિકને બંધુની જેમ ભેટતાં તેને પોતાના આવાસમાં લાવી, તેણે દિવ્ય ભાત–ભોજન કરાવ્યું. પછી નાવિકે વૃત્તાંત પૂછતાં આંસુ મૂકતાં તેણે રત્નો વિના પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે નાવિક ભેટતાં આરામનંદનને ભારે પ્રમોદ થયો. વિયોગી જનોને પરસ્પર મળતાં અધિક આનંદ પ્રગટે છે. ત્યાં પોતાના કુટુંબને તથા તેવી સ્થિતિમાં મૂકેલ ભાર્યાને યાદ કરતાં આરામનંદનને વિયોગાગ્નિ પ્રગટતાં ધૈર્ય–જળથી તેણે શાંત કર્યો.

એવામાં તે વ્હાણવટીયા ક્રય–વિક્રય કરી લાભ મેળવી, પાછા વળતાં તરત એ દ્વીપમાં આવ્યા, અને જળ લઇ, પોતાના નગર

ભણી જતાં આરામનંદનને તેમણે બોલાવતાં, તે જવાને સજ્જ થયો એટલે તેણે રત્ન સહિત અને રત્ન રહિત તે છાણા વ્હાણમાં નાંખતાં, તે લોકો બોલ્યા કે–' આ શું ? ' આરામનંદને કહ્યું–સાગર શેઠે આપેલાં છાણા આટલા દિવસ વાપરતાં, હવે બાકી વધ્યાં તે અહીં ન મૂકતાં સાથે લઉં છું. અહીં મૂકતાં તે કોને કામ આવે ? વળી હું તો ઇંધણા લેવા માટેજ જાણે આવ્યો. એટલે તેઓ હસતાં હસતાં બોલ્યા કે–' અરે! તું તો સરલ લાગે છે, હવે એ છાણા અહીજ મૂકી દે, ત્યાં લઇ જતાં એનું કાંઇ પણ મળશે નહિ. અમારાં વ્હાણો કરીયાણાથી પૂર્ણ ભરેલાં છે, તેમાંથી થોડું થોડું તારા વ્હાણમાં લઇ લે, અમે તને ભાડું આપીશું. એમ તેમણે કહ્યા છતાં તેણે કોઇ રીતે તે છાણાં ન મૂકતાં તે યાનપાત્રમાં ભરીને ભારે હર્ષથી નગર ભણી ચાલ્યો. અનુક્રમે જતાં તેમને પવન પ્રતિકુળ થતાં લાકડી વતી ગાયો જેમ પાછી વળે, તેમ યાનપાત્રો બધાં પાછાં વળ્યાં. પવનને લીધે કપાસ–રૂની જેમ વ્હાણો પાછા વળ્યાં અને સઢ ચડાવેલ હોવાથી જાણે ભાગતા જળપંખીઓએ ગ્રીવા ઉંચે કરી હોય તેવા ભાસતાં હતાં. મંડલીવાયુના આવર્ત્તથી પાણીની ઘુમરીમાં જાણે તેમણે રાસકરાસડા ફરવા માંડ્યા હોય તેમ તે ભમવા લાગ્યાં. એમ પ્રતિકૂળતાથી તે મહાસમુદ્રમાં નીકળી ગયાં, જ્યાં સઢ પાડી નાખવામાં આવ્યા, અને લોકો બહુ વ્યાકુળ થવા લાગ્યા. આર્ત્ત બનેલા વ્હાણવટીયા વારંવાર દેવતાને સંભારતાં નિશ્ચય કરવા લાગ્યા કે–' આ મરણાંત કષ્ટથી બચીએ, તો ફરીવાર સમુદ્રની સફર ન કરીએ. ' એવામાં ત્યાં રહેતા તેમનું ઇંધન ખલાસ થયું, જેથી તેમણે આરામનંદન પાસે છાણા માગ્યાં. તેણે કહ્યું–' એ તો હું પણ વાપરતો નથી. સારા યાનપાત્રમાં એજ કરીયાણું છે. ' પણ ઇંધણા તૂટતાં તેઓ વારંવાર તે સુબુદ્ધિ પાસે

ધન આપીને પણ માગવા લાગ્યા, તોપણ તેણે આપ્યાં નહિ, એટલે ઇંધન વિના કાચું ધાન્ય ખાતાં તેમને યમદૂતી સમાન ઉદરપીડા જાગી, જ્યારે તેઓ ભારે આદરથી આરામનંદનને કહેવા લાગ્યા કે–' હે મહાશય ! અમને ઇંધન આપતાં તું આહારદાન આપનાર થા. ' એવામાં તેમાંથી એક વાચાળ બોલી ઉઠ્યો કે–' જો એમ ન આપતો હોય, તો ઉછીના આપ. અમે ગણીને લઇશું અને તે ચારગણા નગરે પહોંચતાં તને આપીશું. ' ત્યારે આરામનંદન બોલ્યો–' એમાં ખાત્રી શી ?' તેમણે કહ્યું–' જે તમને ઠીક લાગે, તેવી અમે તને ખાત્રી આપીએ. ' તેણે જણાવ્યું–' જેવા મારાં છાણાં તમે લ્યો તેવાજ આપવા. ' એવું એક ખાત્રીપત્રક કરો અને તમારૂં કરીયાણું છે, તે બધું મારી પાસે બ્હાનામાં મૂકો, એમાં પિતાને પૂછવાનો સવાલ નહિ ચાલે. ' એમ વ્યવહારકુશલ આરામનંદને કહેતાં તેમણે માની લીધું. અર્થીજનને વિવેક ન હોય. આરામસુતે તે બદલ એક મોટું પત્રક લખાવ્યું; પછી તેણે જણાવ્યું કે–' નાવ અને ન્હાના વ્હાણમાં જે કાંઈ ઇંધણા તમને જોઇએ તેટલાં લઇ લ્યો. ' પણ ગુપ્ત વાત તેઓ જાણતા ન હોવાથી બહુ અગાધ–ઉંડા યાનપાત્રમાંથી તેમણે સંભાળી સંભાળીને છાણા લીધાં. એટલે જેણે જેટલાં લીધાં, તેટલાં તેને ખાતે ઉધાર્યા. એમ નાવમાંના બધાં છાણાં હર્ષિત થઇને તેણે તેમને સોંપ્યાં. તે લઇ, સાંયાત્રિક–વ્હાણવટી બધા પોતાના વ્હાણમાં આવતાં હસવા લાગ્યા કે–' અહો ! આ મૂઢે ધન બદલે છાણા ન આપ્યા, પરંતુ જો એ છાણા ન લાવત, તો આપણું શું થાત ? ' એમ દૈવથી હણાયેલાં તે પોતાના સ્વાર્થને લઇને તેની પ્રશંસા કરવા લાગ્યા, એવામાં રાજાની જેમ પવન અનુકૂળ થતાં તે ફરી પોતાના નગર ભણી ચાલ્યા. ઘણા દિવસે રોજ વાપરતાં તે છાણાં પણ

ખલાસ થયા, તેની રાખ પ્રતિદિન તેઓ સમુદ્રમાં નાખી દેતા. પછી જાણે વિશ્રામ પામીને ચાલ્યા હોય તેમ વેગથી જતા તે બધા યાનપાત્ર ઉત્કંઠિતની જેમ સત્વર પોતાના નગરે પહોંચ્યા. એટલે વધામણીયા યાનપાત્રોના આગમોત્સવમાં પારિતોષિક પામવાની ઇચ્છાએ પોતપોતાના શેઠને વધામણી આપવા દોડ્યા; જે સાંભળતાં ભારે પ્રમોદ પામી તે શ્રીમંતો પોતપોતાના પરિવાર સહિત, અક્ષતપૂર્ણ પાત્ર લઇ, નગરીમાં પંચવિધ વાજીંત્રોના શબ્દે કોલાહલ મચાવતા અને આગળ સંગીત કરાવતાં તે પોતપોતાના વ્હાણ પ્રત્યે આવ્યા અને ત્યાં સાંયાત્રિક વણિકપુત્રોને તેમણે મંગલ પૂર્વક વધાવ્યા, કારણ કે લાભ મેળવનાર આદર પામે છે. તે વખતે આરામનંદન પાસે કોઇ આવ્યું પણ નહિ અને ગયું પણ નહિ, કારણ કે વધામણીમાં બંધુઓ હોય, તે મંગલ–શોભા કરે. પછી પોતપોતાના યાનપાત્રથી કરીયાણા ઉતારતાં તેમણે કિનારે મોટા ઢગ કર્યા. ત્યાં આરામનંદને પણ છાણા ઉતારી, જાણે મંગલાર્થે લીંપવા ગાર હોય, તેવો મોટો ઢગ કર્યો. તે વખતે એક તરફ કરીયાણાના ઢગ જોતાં, બીજી બાજુ છાણાનો ઢગલો જોઇ પ્રેક્ષક લોકો હાથતાળી દઇ હસવા લાગ્યા. એવામાં સાગર શેઠ આરામનંદનનું સ્વરૂપ, દ્રવ્ય–વ્યય તથા લોકહાસ્ય જાણી, દુઃખથી તે પોતાના ઘરેજ બેસી રહ્યો. હવે વણિકપુત્રોએ કરીયાણામાંથી સાર વસ્તુ લઈ, દાણ ઓછું કરાવવાના ઇરાદાથી તેમણે રાજાને ભેટ ધરી, ત્યારે આરામનંદને પણ ગૂણમાં છાણા ભરાવી, રાજા પાસે ધરવાની ઇચ્છાથી નગરમાં પેસતાં તેણે દરવાનને જોયો. તેણે તપાસતાં કંઇ પણ લીધા વિના જવા દેતાં, આરામનંદને ‘ એની રાખ રોગ ટાળે છે ’ એમ કહી એક છાણું તેને આપ્યું. પછી દાણના સ્થાને આવતાં ‘ બીજું કાંઇ નથી ’

એમ જણાવી, તે પાંચ પંચાતીયાને તેણે પાંચ છાણાં આપ્યા. એમ નોકરના શિર પર છાણાની ગૂણ લેવરાવી, બજારમાં થઇને તે રાજભવનના દ્વાર પાસે આવ્યો. તેને જોતાં અન્યોન્ય હસતા નગરજનોથી વીંટાયેલ આરામનંદને દ્વારપાલે રાજાને નિવેદન કરતાં, રાજસભામાં પ્રવેશ કર્યો. ત્યાં તેને આવેલ જોઈ પૂર્વે આવેલા શ્રેષ્ઠીઓએ હસતાં હસતાં રાજાને જણાવ્યું કે—'આ સુબુદ્ધિ આવે છે.' પછી રાજા આગળ ગૂણ મૂકાવી, ક્ષોભ પામ્યા વિના દંડવત પ્રણામ કરીને તે રાજા સામે બેઠો. હવે પૂર્વે ભેટ આવેલ સુવર્ણ, મોતી પ્રમુખ નજરે નીહાળતાં, છાણા તરફ રાજાની દૃષ્ટિ પડી, એટલે કોપ અને કૌતુકથી રાજા બોલ્યો કે—'અરે ! ક્યા વણિકે મને આ દુષ્પ્રાપ્ય વસ્તુ ભેટ કરી છે ?' ત્યારે દ્વારપાલે અંજલિ જોડીને કહ્યું કે—'હે નાથ ! આ આરામનંદને.' રાજાએ તેને જોતાં, પ્રથમનો તેનો બુદ્ધિપ્રકર્ષ યાદ આવ્યો, અને મનમાં વિચાર આવ્યો કે એણે હાથીને ઉઠાડ્યો હતો, તેથી એનો બુદ્ધિપ્રયોગ અહીં પણ કાંઈ વિચિત્રજ હશે.' એમ દક્ષ રાજાએ વિચાર કરી, પોતાની લાંબી ભુજાવતી એક છાણું ઉપાડયું. આથી આરામસુત અતિ પ્રમોદ પામ્યો, પણ ભય સહિત બીજા મૂઢ લોકો ભારે વિસ્મય પામ્યા. પછી નાળીયેરની જેમ સિંહાસન પર તે ફોડતાં, સમુદ્રમાંથી રવિની જેમ તેમાંથી રત્ન નીકળ્યું. એટલે પ્રથમ સ્વબુદ્ધિથી અને પછી હાથ વડે તે રત્ન પોતે રાજાએ લઇ, પરીક્ષા કરતાં તે ભારે હર્ષ પામ્યો. એમ બીજા છાણા ફોડતાં રત્નો નીકળતાં રાજાએ શ્રમ વિના ગ્રહણ કર્યાં. તેવાં રત્નોમાં લુબ્ધ કોણ ન થાય ? ત્યાં રવિકિરણો વડે આકાશની જેમ રત્નકિરણો વડે હર્ષોત્કર્ષ પામતી સર્વ સભાના મુખ–કમળો વિકાસ પામ્યાં, પણ ઘૂવડની જેમ પેલા સાંયાત્રિક પુરૂષોના લોચનો ઉદ્યોત છતાં દુઃખ

—ભયરૂપ તિમિરવડે આચ્છાદિત થઇ ગયાં. પછી અંજલિમાં રત્નો ભરાતાં જાણે નમસ્કાર કરવા તૈયાર થયો હોય તેમ રાજાએ ભારે આદરથી આરામનંદનને સ્વાગત પૂછતાં, તે બોલ્યો કે—'હે રાજન્! તમારા પ્રસાદથી સ્વાગત છે.' ત્યારે પુનઃ રાજાએ પ્રશ્ન કર્યો કે—'શું તારી પાસે બધું આવુંજ કરીયાણું છે?' તેણે હા કહેતાં, રાજાને વિનંતી કરી, પેલા વણિકોના દેખતાં દાણી પાસેથી છાણા મગાવ્યાં. તેમાંથી પણ રત્નો નીકળતાં તે લઇ, અંજલિ જોડી, રાજાને અરજ કરી કે—'હે સ્વામિન્! સમુદ્રકિનારે જોવા માટે પધારો.' એટલે ગુરૂની જેમ તેના આદેશથી રાજા અશ્વારૂઢ થઇ, તે સાંયાત્રિકોને સાથે લઈ તે કૌતુકથી સાગરતીરે ગયો, ત્યાં અન્ય વણિકોએ આરામનંદનથી પહેલાંજ કંઠનાલ સુકાતાં સ્ખલિત વચને રાજાને પોતાના કરીયાણા બતાવ્યાં. રાજાએ ક્ષણભર દૃષ્ટિ નાખતાં તે જોયાં. પછી ચાલતા અશ્વે તે છાણા પાસે આવ્યો, એટલે આરામપુત્રે અન્ય વણિકોની જાળ સમાન તે રત્નરાશિના બે ભાગ કરાવ્યા, જે જોતાં રાજા પરમ આનંદ પામ્યો. કારણ કે પ્રજાપાલક રાજાઓ લોકોની સમૃદ્ધિથી પ્રમોદ પામે છે. પછી આરામનંદને રાજાને અક્ષરપત્રક અને તેમાં ઉધાર બતાવી કે જેમાં તેમણે હજારો છાણા ઉછીનાં બીજાએ લીધેલાં જોયાં. ત્યાં આરામસુતે રાજાને જણાવ્યું કે—'જો એ લોકો આ લભ્ય-ઋણ પોતે નહિ આપે, તો તમને મારે વિનંતી કરવાની છે.' આ વખતે બધા વેપારીઓનું દાણ માફ કરી, અને આરામનંદન પર અધિક પ્રસાદ લાવીને રાજા સ્વસ્થાને ચાલ્યો ગયો, તેના ગયા પછી તરતજ તે રત્નનો ઢગ જોવાને અંતરિક્ષમાં અન્ય રાજા (ચંદ્ર) આવ્યો. એટલે આરામનંદન તેનું વર્ણન કરવા લાગ્યો કે—'ભાસ્કરમંડળ ચકી કાંતકિરણ લઈ, તેને સુધારસ વડે ઉજવળ બનાવતાં પોતા

નામાં સ્થાપન કરી, પ્રતિરાત્રે તેની વાનગી બતાવતાં, પૂર્ણિમાની રાતે ઇંદ્રનગરમાં અમૃતાર્થી દેવાને કંઇક વેચી, ઇંદુ-વણિકે સદા મહાદેવના મસ્તક પર વાસ કર્યો.' પછી તે રત્નો ગાડામાં નાખી આરામનંદન સાગર શેઠના ઘરે આવ્યો, ત્યાં શ્રેષ્ઠીએ પૂર્વે વૃત્તાંત સાંભળેલ હોવાથી તે એકદમ તેની સન્મુખ આવ્યો. એવામાં દૂરથીજ સાગર શેઠને કૃતજ્ઞ તેણે જુહાર કર્યા. જ્યાં શ્રેષ્ઠીએ તેને ભેટીને પોતાના અર્ધાસન પર બેસાર્યો. પછી વાતચીત ચાલતાં આરામનંદને પુત્રની માફક અંજલિ જોડી પિતા તુલ્ય સાગર શેઠને જણાવ્યું કે—'હે તાત ! આ મેં ઉપાર્જન કરેલ ધન તમે સ્વીકારો, હું તો તમારો ચાકર છું, કારણ કે સ્વામીના પુણ્યેજ પ્રાયે વ્યવસાય ફળે છે, માટે તમે એ બધું લઇ લ્યો, એના તમેજ માલીક છો. વળી પૂર્વે જતાં જતાં મેં પણ તમને સંભળાવેલ હતું.' આથી જાણે દેવ સંતુષ્ટ થયો હોય, તેમ તેણે કહેતાં, સાગર શેઠે રાજી થઇને તે રત્નો પોતાના ઘરમાં રાખ્યાં.

હવે પેલા વણિકપુત્રોએ પોતાના વ્યવહારીઓને ચિંતા વધારનારી છાણાની વાત કહી, જે સાંભળતાં સર્વસ્વની ક્ષતિ થવાના ભયથી બધા એકઠા થઇ, વિચાર કરીને રાત્રે સાગર શેઠના ઘરે આવ્યા. એટલે આરામનંદન સહિત શેઠ તેમની સામે આવ્યો, કારણ કે સમુદાય માન આપવા યોગ્ય હોય છે. કહ્યું છે કે અધિક ગૌરવ ધારણ કરતો અને માન્ય મહાજન પણ લઘુતાને પામે. દાવાનળ અને પૂર્ણચંદ્ર તે દીપક અને બાળચંદ્રને ન્યૂનજ જુએ છે. પછી તેમને યથાયોગ્ય આસનો આપવામાં આવતાં તે તજીને ઇષ્ટ દેવની જેમ તેઓ આરામનંદન સમક્ષ બેઠા, અને જાણે શીતાર્ત્ત હોય તેમ કંપતા તે દીન વચનથી કહેવા લાગ્યા કે—'હે ધીમન્ ! અમે તારા પૂરા દેવાદાર છીએ. તમે બે વાર નિષેધ કરતાં પણ

અમારા વાણોતર લોકોએ 'તે રત્નયુક્ત છે' એમ ન જાણતાં તે છાણાં લીધાં; અને તેની ભસ્મ થતાં તે પણ દરીયાના પાણીમાં નાખી દીધી. એટલે કૃપણના ઘરે જેમ ભોજન ન વધે, તેમ તેમાંનો એક છાણું પણ વધ્યું નથી. વળી હે આરામસુત ! અમારી બધી ઘરવખરી કે સંપત્તિ વેચતાં પણ તારા એક રત્નનું મૂલ્ય ન થાય; તથા પત્રકના અક્ષરો જોતાં અમે તો ચિંતામાં પડ્યા. તમને જણાવ્યા વિના તો અમે કરીયાણા ઘરે લઇ ન શકીએ. વળી અમે તે રત્નોની વાત કંઇ પણ જાણતા હોઇએ, તો તમે કહો તેવા સોગંદ કરીએ.' ત્યારે છાણાના વૃત્તાંતને જાણતો અલુબ્ધ અને કંચુકીની પીડાથી આકાંક્ષા રહિત એવો આરામનંદન જરા હસીને બોલ્યો કે–' અરે ! તમે આવા મોટા શ્રીમંત થઇને આમ દીન કેમ બોલી રહ્યા છો ? રત્નો કરતાં પણ તમે મને અધિક પ્રિય છો માટે બીતા નહિ, જો કદિ એ રત્નો આપવામાં તમે અસમર્થ હો, તો આ પત્રક હું ફાડી નાખું.' એમ કહી પત્રક ફાડીને તેણે તેમને નિર્ભય કર્યા. કારણ કે બીજાને સતાવીને પોતાને સમૃદ્ધ બનાવનાર મહાન્ પણ તજવા લાયક સમજવો. સંક્રાંતિના અભાવે અધિક માસ બધા કામમાં વર્જનીય ગણાય છે. પછી તેમને વસ્ત્ર, તાંબૂલ આપતાં ઉલટો પોતે આદર કરીને વિસર્જન કરતાં તેણે કહ્યું કે—' તમે સમુદ્રતીરે જઈ, કરીયાણાં લઇ લ્યો.' એમ સાંભળતાં તેઓ સંતુષ્ટ થતા કહેવા લાગ્યા કે— ' અહો ! સ્વભાવથી કૃપાલુ એણે એક લીલા માત્રમાં આપણો અપરાધ તથા આપણા કુટુંબના દ્રવ્યનો ઘસારો સહન કર્યો.' એ રીતે આરામનંદનની સ્તુતિ કરતાં તેમણે વણિક પુત્રો પાસે કરીયાણાં પોતાને ઘેર અણાવ્યાં.

એકદા સાગરશેઠે ભાગ્યશાળી આરામનંદનને કહ્યું કે—' આ-

વસાય કરતાં તું અત્યુત્કર્ષ પામ્યો, તો ક્લેશથી પામી શકાય અને નશ્વર એ ધન ધર્મ, અર્થ અને કામમાં ભોગવતાં તું દાનથી સફળ કર.' એમ કહેતાં પરમ આનંદ પામી તેણે વિચાર કર્યો કે—અહો 'એણે પોતે મને ધન વાપરવાની પરવાનગી આપી, તો હવે હું સ્વેચ્છાએ પુણ્યોપાર્જન કરવા દાન આપું. જે શ્રેષ્ઠી મને આપે, તેજ મારૂં છે, પરંતુ જેની ખાતર હું નીકળ્યો અને ક્લેશ પામ્યો, તે અભવ્યને બોધિબીજ ન મળે, તેમ કંચુકી તો હું ખોઇ બેઠો. તે દુઃખને નિવારવા, સ્વબુદ્ધિની પરીક્ષા કરવા તથા પુણ્યનું પરિણામ જોવા હું મૃત્યુની સખી સમાન નાવપર ચડ્યો અને દૈવયોગે યશ સહિત રત્નો પામી, રત્ન–છાણાના વૃત્તાંતથી મેં રાજાને ચકિત કર્યો. હવે પોતાની ભુજાથી પેદા કરેલ દ્રવ્યનો સાતક્ષેત્રે વ્યય કરતાં અને શ્રદ્ધા લાવતાં વખતસર બોધિબીજ પામીશ.' એમ ધારી તેણે જિનમંદિરોમાં અઠ્ઠાઇ–મહોત્સવ શરૂ કરાવ્યો, અને રાજાને ધન આપતાં તેણે અમારિ–ઘોષણા કરાવી, અનિવારિત મહાદાન આપવા પટહ વજડાવ્યો અને કારાગૃહથકી બંદિવાનોને મુક્ત કરાવ્યા. વળી ભારે હર્ષાશ્રુ લાવી, શ્રદ્ધા–સરિતામાં પવિત્ર થયેલ તે, તપ અને ચારિત્રના પાત્ર મુનિઓને પ્રાસુક અન્નાદિ આપવા લાગ્યો, તથા પોતાને ધન્ય માનતો તે કર્મસમૂહને ટાળનાર એવા શ્રી સંઘનો ભોજન વસ્ત્રાદિકથી સત્કાર કરવા લાગ્યો. તેમજ સ્વામિવાત્સલ્ય કરી પરમ હર્ષ પામતાં તે જિનબિંબ ભરાવવા લાગ્યો. વળી સંસાર–સાગરમાં બૂડતા જીવોને નાવ સમાન અને જગદ્ બંધુ જિનેશ્વરોએ બતાવેલ એવાં ઘણાં સિદ્ધાંત–પુસ્તકો તેણે લખાવ્યાં. એમ દ્રવ્ય વાપરતાં પણ તે અખૂટ રહેતાં, તેણે મણિ–રત્નોથી અંકિત અને રમણીય એક જિન ચૈત્ય કરાવ્યું. એમ શ્રદ્ધાથી ઉલ્લાસ પામનાર અને પુણ્યથી અતિ શોભાયમાન એવો સુજ્ઞ આરક્ષક નંદન ધર્મનું એક સ્થાન થઇ પડ્યો. પોતાના પુણ્યથી ઉપા-

ર્જન કરેલ ધન, સ્વપુણ્યને પુષ્ટ કરવા દાનમાં આપતાં તે કલ્યાણ-વડે એક લક્ષ્મી-પતિ બની ગયો. કારણ કે લક્ષ્મી પોતાને ત્યાં ઉત્પન્ન થઇ પુત્રી બન્યા છતાં પણ પોતે સત્પાત્રે દાન ન આપતાં સમુદ્ર બે વેલાએ રૂદન કરે છે, તેમ લોકોના દેખતાં વિષ્ણુ લક્ષ્મીને લઈ ગયો, પરંતુ જો પાણિગ્રહણ લક્ષ્મીનું કરીને તે સત્પાત્રને આપી તેનો ત્યાગ થાય, તો પુણ્ય અને યશ પ્રાપ્ત થાય. અને તેમ કરતાં ચાલી ગયેલ લક્ષ્મી પણ કદાચ વત્સલતાથી પુનઃ પાછી આવે છે.

હવે એકદા આદરથી જિનપૂજા આચરી, પંચ પરમેષ્ઠીની સ્તુતિ કરીને આરામનંદન નિદ્રાધીન થયો અને સુખે નિદ્રા આવતાં આહાર પચી જતાં, રાત્રિનો અર્ધ પહોર બાકી રહેતાં તેણે સ્વપ્ન જોયું કે—'પોતાના લક્ષ્મીપુર નગરમાં નર્મદાના તટપર અગરૂ અને ચંદન કાષ્ઠની એક ચિતા રચાતી જોઇ, ત્યાં પદ્માવતી નદીમાં સ્નાન કરી, ઇષ્ટદેવની અષ્ટવિધ ભક્તિથી પૂજા આચરી કહેવા લાગી કે—જો શાસ્ત્રોમાં અગ્નિપ્રવેશનો નિષેધ કર્યો છે, તોપણ હું અગ્નિમાં પ્રવેશ કરીશ. કારણ કે દુરાગ્રહને વશ થઈ મેં અભાગણીએ કંચુકી લાવવા બલાત્કારથી પ્રાણેશને મોકલ્યા, તે પાછા આવ્યા નહિ, તેથી કાંઇ અમંગળ થયું લાગે છે. તે મરણ પામ્યા અથવા બીજા કોઇએ માર્યા હશે, તેની એ બે ગતિ સંભવે છે, અથવા તો અન્ય કોઇ તેને મારી ન શકે. તેમ તેવો કોઇ રોગ ન હતો કે જેથી તે પોતે મરણ પામે. વળી તે જીવતાં પણ નહિ હોય, કારણ કે મારા વિના તે ક્યાં રહી ન શકે, એટલે પ્રેમનો મને એજ પ્રત્યય—વિશ્વાસ છે કે મારા વિયોગે તે મરણ જ પામે તો હું પાપણીનું મુખ જોતાં લોકો પાપના ભાગી થશે. વળી પ્રેમી—પ્રિયનો પરસ્પર વિયોગ થાય, ત્યારેજ લોકો પ્રેમની પ્રતીતિ કરી શકે. તથા નાથ વિના જીવતી સ્ત્રીઓ નિંદા પામે અને પ્રિયતમ

છતાં તેઓપર માબાપ પણ સદા સ્નેહવંત રહે, માટે તેના વિના હું અગ્નિમાં પેસી મરણ પામીશ.' એમ બોલતાં તે ઉતાવળે પગલે ચિતા તરફ દોડી ગઇ, ત્યારે સાક્ષાત્ પ્રમાણે જોતો આરામનંદન તરત ઉઠ્યો અને ભ્રમથી મોટે સાદે બોલી ઉઠ્યો કે—' હે પ્રિયે ! મને જોતી નથી શું ?' એમ ઉંચેથી બોલતાં તેને સાંભળી પરિજનો તરત ઉઠ્યા અને વારંવાર કહેવા લાગ્યા કે—' એ શું બોલ્યા ?' તેવામાં સાગરશેઠે જણાવ્યું કે—' અરે ! માંત્રિકોને શીઘ્ર બોલાવો' ત્યાં પોતે ચૈતન્ય પામતાં આરામનંદન બોલ્યો કે—' મને આરામ છે, માંત્રિકોને પાછા મોકલો, તેમની અહીં શી જરૂર છે ? હું તો સ્વપ્નવશે આમ ઉંચેથી બોલ્યો.' એમ તેમને પાછા મોકલી, આરામનંદન ચિંતામાં પડ્યો કે—' મારી પ્રિયા એકદમ ચિતામાં પડવા કેમ તૈયાર થઇ ? એ સ્વપ્ન મને રોગ કે ચિંતાથી આવેલ નથી, પણ દેવતાએ બતાવેલ એ સત્યજ ભાસે છે, જેથી મારા અંગે તાપ ગ્લાનિ અને મતિભ્રમ થાય છે, હવે શું કરૂં અને ત્યાં કંચુકી વિના કેમ જાઉં ? અથવા તો કંચુકીની વાત પણ પ્રિયા વિના શાંત થઇ; કારણ કે તે મારા વિયોગે ચિતામાં ચડી હશે. એટલે સ્ત્રીહત્યાના પાતકથી ભારભૂત એવા મને પૃથ્વી પણ ઉપાડવાને અસમર્થ છે, તો ક્યાંક પર્વતપર અનશન કરીને હું મરણ પામું. એમ મનમાં નિશ્ચય કરી, સાગરશેઠની અનુજ્ઞા લઈ, તે તરતજ પર્વત તરફ ચાલ્યો, અને ઉતાવળે જતાં તે પર્વતની તળેટીએ પહોંચ્યો કે જ્યાં કેટલાક યોગીઓ ક્રિયા કરતા, તેના જોવામાં આવ્યા; જેમાં કેટલાક મૃગચર્મપર આસન લગાવી, યોગપટ્ટ ધારણ કરી, આત્મસ્વરૂપને જોતા હતા, કેટલાક આનંદકારી નાદરસપૂર્વક ઉચ્ચ સ્વરે સંગીત ઉચ્ચારતા મૃગસમૂહને આનંદ પમાડતાં, કોઇ હાડકાના ઢગપર આલોટતા, કોઇ સ્વેચ્છાએ

ભોજન કરતા, કોઇ ચતા સુતેલા, કોઈ હસતાં અને બોલતાં ખાતા હતા, કોઇ વિકરાલ બળતા ખેરના અંગારાની ખાઇને બંને પગવતી મર્દન કરતા અને હાથમાં અંગારા લઇ ચોળતા હતા તથા કોઇ શ્રદ્ધાવંત મંત્રસિદ્ધિ માટે આંતરડાના હાર ગળામાં પહેરીને કોઇક માંસખંડ અગ્નિકુંડોમાં હોમે છે. એ પ્રમાણે જોતો તે ધીરજથી એક યોગી પાસે ગયો. ત્યાં યોગીએ તેમ દૂરથીજ સંપૂર્ણ લક્ષણ સહિત જોઇ હર્ષાશ્રુ મૂકતાં સામે આવીને તે કહેવા લાગ્યો કે—'મારા પુણ્યોએ તને આકર્ષ્યો છે કે અકસ્માત્ તું અહીં આવી ચડ્યો, કારણ કે અત્યારે મેં પુર્વસેવા કરી, ગુરૂએ બતાવેલ મંત્ર સાધવા આ સિદ્ધક્ષેત્રમાં શરૂઆત કરી, પરંતુ કોઇ સાત્વિક ઉત્તર સાધક ન મળવાથી હું મંત્ર સાધવાને સમર્થ ન થયો. માટે હે સાત્વિક! હું તને પ્રાર્થના કરૂં છું કે મારા પર પ્રસાદ લાવી, વિદ્યા સાધવામાં મારા તમે ઉત્તરસાધક થાઓ; કારણ કે માણસ નિરાશ થતાં જો દૈવ તેના પર સંતુષ્ટ થાય, તો સર્વ કાર્ય સધાય. કમળ કરમાયા છતાં સૂર્યના કિરણ પડતાં તે વિકાસ પામે છે.' એમ તે યોગીએ અત્યંત આગ્રહ કરતાં આરામનંદન વિચારવા લાગ્યો કે—આ તો પૂર્વે ચિંતવેલ મારો મનોરથ પૂર્ણ થયો. યોગીંદ્ર વિદ્યા સાધશે અને તેમાં આવી પડતા વિઘ્નોની સામે થતાં વેતાલોથી સુખે મારૂં મરણ થશે, માટે યોગીને હું વચન આપું,' એમ નિશ્ચય કરી આરામનંદને યોગીને કહ્યું કે—'હું તારો ઉત્તરસાધક થઇશ.' આ તેના વાક્યામૃતના પ્રવાહમાં સ્નાન કરતાં તે યોગીએ નિવૃત્ત-નિશ્ચિંત થઇને મંત્રસાધન આરંભતાં તેને આજ્ઞા કરી કે—'રાક્ષસ, પ્રેત, વેતાલ કે અન્ય કોઇ અહીં આવે, તો તેનું નિવારણ કરવું.' પછી મંડળમાં પેસીને યોગીએ પ્રમોદથી મંત્રસ્મરણ શરૂ કર્યું, તેથી મંત્રાધિષ્ઠાયક દેવીને ક્ષોભ થયો

અને ભૂત, વેતાલ, પ્રેત, શાકિની, રાક્ષસપ્રમુખ તરત પરીક્ષા કરવા આવતાં, મંડળની ચોતરફ તેઓ ફરવા લાગ્યા. ત્યાં ઉંચેથી તેમણે કિલકિલારવ કરતાં, એક હેલા માત્રમાં જાણે દિશાઓ નાસી ગઇ કે તેના ગર્જારવથી જાણે આકાશ ફૂટવા માંડયું હોય; છતાં આરામનંદન તો નિર્ભય થઇનેજ ત્યાં ઉભો હતો. તેવામાં આવેલા વેતાલોમાંના એકે કોપ લાવીને તેને જણાવ્યું કે—' અરે ! તારૂં હવે આવી બન્યું છે, માટે ઇષ્ટ દેવને યાદ કરીને શસ્ત્ર લઈ લે, આજે યમપુરીમાં જવાનો તારે માટે ઉત્તમ દિવસ છે.' એમ કહેતાં તે વેતાલ આરામનંદન સામે દોડ્યો, તેવામાં તેના ઘાતને ચુકાવીને તે વેતાલને બાઝી પડ્યો અને પોતાનું બળ વિકસાવી તેણે વારંવાર મુષ્ટિ વતી વેતાલને એવો તો મર્મસ્થાને માર્યો કે જેથી તે જમીન પર પડી જતાં કહેવા લાગ્યો કે—' હે સાત્ત્વિક ! તારા પર પ્રસન્ન છું.' પછી મુક્ત થતાં વેતાલ પુનઃ આરામનંદનને નમીને કહેવા લાગ્યો કે—' તારા પરાક્રમને હું આધીન છું, બોલ, તારૂં ઇષ્ટ શું કરૂં ?' ત્યારે તેણે કહ્યું—' હું કષ્ટમાં તને યાદ કરીશ, તે વખતે તું સત્વર આવીને મને મદદ કરજે.' તેણે તે વાત કબૂલ કરી, પુનઃ પ્રણામ કરી; પાછા વળતાં આપ્ત જનની જેમ આરામનંદનને જણાવ્યું કે—' હે ભદ્ર ! એ યોગીના કહ્યા પ્રમાણે તું અગ્નિની ચોતરફ ભમીશ નહિ; નહિ તો તે માયાવી પોતાની સિદ્ધિ નિમિત્તે તને અગ્નિમાં નાખશે, કારણ કે ખલનો દૂરથી ત્યાગ કરવો, પાસે–સાથે મળતાં તે અનર્થનું કારણ થાય છે. જુઓ, છાશ દુધમાં ભળતાં તે મંથન કરાવે છે;' એમ કહી, ફરી નમીને વેતાલ પોતાના સ્થાને ગયો અને આરામનંદન યોગી પાસે ઉભો રહ્યો, ત્યાં યોગીએ આકૃષ્ટ કરેલ દેવી આવીને કહેવા લાગી કે —' હે યોગિન્ ! કહે, શું કરવાનું છે ?' તે બોલ્યો—' મારે

સુવર્ણ પુરૂષ સાધવાનો છે.' તે બોલી—'આ અગ્નિમાં જે પડશે તે સુવર્ણ પુરૂષ બની જશે.' એમ કહી, અગ્નિમાં ઘીના છાંટા નાખી તે દેવી ચાલી ગઇ. પછી યોગીએ આરામનંદનના મસ્તકની શિખા મંત્રી અને રક્તચંદને સવિધિ પૂજા કરી તથા તેના કંઠમાં કણેરનાં પુષ્પોની માળા નાખી અને કહ્યું કે—'હે સાત્ત્વિક! તું અગ્નિની ચોતરફ નિર્ભય થઇને ભમ કે જેથી તારા પ્રભાવે મારી વિદ્યા સિદ્ધ થાય.' એટલે વેતાલના વચનને મનમાં યાદ કરતાં, પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરીને તે અગ્નિની ચોતરફ ભમવા લાગ્યો. આ વખતે યોગી પણ છળ મેળવવા, મંગલ ફેરામાં વરની પાછળ જેમ અનુવર ફરે તેમ ત્વરિત ગતિએ આરામનંદનની પાછળ ભમતો, પણ વખત હાથમાં ન આવતાં તે જ્યારે તેને અગ્નિમાં નાખી ન શક્યો, ત્યારે ભ્રમણને અંતે વિલક્ષ થઇ તેણે આરામનંદનને અગ્નિમાં નાખવા પ્રયત્ન કર્યો, પરંતુ કાય-લાઘવથી તેણે છલંગ મારી બહાર નીકળતાં પોતાની ભુજાવતી યોગીને પકડી, તરતજ કૌતુક જોવા અગ્નિમાં નાખ્યો. એટલે તરતજ તેજ ક્ષણે જીવ રહિત થતાં યોગી સાડાસોળવલા સુવર્ણનો તેજસ્વી પુરૂષ બની ગયો. તેમાં નિસ્પૃહ આરામનંદન તેને ત્યાં રાખી, પોતે અનશન કરવા આગળ ચાલ્યો; અને દક્ષિણ દિશામાં આગળ ચાલતાં તેણે કોઇ જોગણી પોતાની શિષ્યાઓને પૂછતી સાંભળી કે —'ત્યાં વિલંબ કેમ થયો?' તે પગે પડી બોલી—'હે દેવી! અમારા કર્ણ વિકથામાં વ્યાકુળ હોવાથી કાંઇ સાંભળ્યું નહિ.' જોગણી બોલી—'વિકથાએ શ્રુતિ-કર્ણને ચપળ બનાવ્યા, એ કેમ જાણ્યું?' તે બોલી—'હે પરમેશ્વરી! તે સાવધાન થઇને સાંભળો—

આ **ભરત** ક્ષેત્રમાં **વૈતાઢ્ય** નામા પર્વત પર વિદ્યાધરોની શ્રેણિમાં **મંગલાવતી** નામે નગરી છે, ત્યાં **વિદ્યુન્માલી** નામે

વિદ્યાધર કે જે એકદા અષ્ટાપદ પર આકાશમાર્ગે જતાં શ્રીપુર નગરમાં પહોંચ્યો. તેના બાહ્ય ઉદ્યાનમાં તે નગરના રાજાની રાણી પોતાની સખીઓ સાથે જળક્રિડા કરતી, તેના જોવામાં આવી. ત્યાં વિદ્યાધરને વિચાર આવ્યો કે—' આ રમણીઓની સ્વચ્છંદ ચેષ્ટા ક્ષણભર સાંભળું તો ખરો.' એમ ધારી તે વૃક્ષની શાખામાં છુપાઇ રહ્યો. તેવામાં રાજપત્ની સાનંદે બોલી કે—' હે ક્ષેમંકરી ! આર્ય પુત્ર આ દેવદુર્લભ કંચુકી ક્યાંથી અને શી રીતે લાવ્યા ?' દાસી બોલી—' હે દેવી ! તારાં પુણ્યોને લીધે રાજાને એ પ્રાપ્ત થયેલ છે. કારણ કે પુણ્યવડે ખાતાં અને દોડતાં ધન પ્રાપ્ત થાય છે.' રાણીએ કહ્યું—' તો પણ હકીકત તો કહે.' ત્યારે તે કહેવા લાગી કે:— હે દેવી ! તારા પુણ્યે પ્રેરાયેલા કેટલાક ચોરોએ અહીં ચોરી કરી, તેમને કોટવાળો બાંધીને રાજા પાસે લઇ આવ્યા, તેમને જોતાં લોકોએ રાજાને વિનંતી કરી કે—' હે નાથ ! એમણે પૂર્વે ખાતર દઇને આખું નગર લુંટેલ છે, જેથી એ બધાના ઘરે તે ચોરીનો માલ હોવો જોઇએ.' પછી રાજાએ તેમનાં ઘર શોધાવતાં ત્યાંથી ધન મળતાં, જેનું જેટલું હતું, તેને તેટલું અપાવ્યું. તે તસ્કરોનાં ઘરો લુંટતાં કોટવાળો આ ભારે સુગંધિ કંચુકી પામ્યા અને તેમણે એ રાજાને સોંપતાં રાજા પણ ભારે પ્રમોદ પામ્યો. તારા પર અતિશય પ્રેમ ધરાવનાર રાજાએ તે તને સોંપ્યું. એજ પ્રેમનો ઉત્કર્ષ દયિતા પ્રત્યે પતિનો સમજવો કે અન્ય સ્ત્રીઓના દેખતાં, એકને પતિ કીંમતી ચીજ આપે.' એ પ્રમાણે પતિનો પોતાના પર ભારે પ્રેમ સાંભળી, રાણી સંતોષ–સુધાથી અતિ આનંદ પામી અને સખીને કહેવા લાગી કે—' હે સખી ! તું વેગથી જઇને તે કંચુકી લઇ આવ. આજે તે પહેરીને મારે રાજાના અર્ધાસને બેસવું છે.' એટલે સખી જઇ, તે લઇને જેટલામાં અર્ધ માર્ગે આવી, તેટલામાં તે વિદ્યાધરે તે કંચુકી ઉંચે

ઉપાડી લીધી. તેમાં રમણીયતા જોઇ તે વિદ્યાધર હર્ષ પામતાં ચિંતવવા લાગ્યો કે—'અહો ! આ કંચુકીની સુગંધ કેટલી બધી અદ્‌ભુત છે કે તે ન્યૂનતા જ પામતી નથી. માટે આજે રૂષ્ટ થયેલ પ્રિયાને એ લઇ જઇને અર્પણ કરૂં, કે જેથી તે મારાપર સંતુષ્ટ થાય.' એમ ધારી તે ક્ષણવારમાં પોતાના ઘરે આવ્યો અને પ્રિયાને તે આપવાનો વિચાર કરે છે, તેટલામાં તેની અન્ય સ્ત્રીને ખબર પડતાં તેણે દાસી મારફતે પતિને વિનંતી કરી કે—'હે નાથ ! તે કંચુકી મને આપો, નહિ તો હું અગ્નિમાં પડી બળી મરીશ; હું છતાં તમે કંચુકી અન્યને આપી શકો, એવું સ્વપ્ને પણ માનશો નહિ. કારણ કે શોકયની ઇર્ષ્યા દુસ્સહ હોય છે.' એમ સાંભળતાં વિદ્યાધર સંદેહ–સાગરમાં ડૂબી ગયો. બે સ્ત્રીના પતિને કદિ દુઃખનો અંત ન આવે. તેણે પોતાના મિત્રો મારફતે સ્ત્રીઓને કહેવરાવ્યું અને પોતે પણ કહેવામાં બાકી ન રાખી, છતાં એકે બીજીને કંચુકી મળવાનું કબુલ નજ કર્યું. વળી તે બંને કંચુકી વિના દુઃખ પામતાં નિદ્રા કે ભોજન પણ ન લેતી.' આથી તે વિદ્યાધર વિચારવા લાગ્યો કે—'જો કંચુકી એકને આપીશ, તો બીજી નક્કી આત્મઘાત કરી બેસશે, માટે તે કોઇને પણ આપવી નહિ.' એમ સમજી તે મહા સુગંધી કંચુકી એકાંતમાં મુકી, વિદ્યાધર અષ્ટાપદ પર્વતપર જિનેશ્વરોને વંદન કરવા ગયો, અને શયન તથા ભોજન વિના રહેલ વિદ્યાધરીઓને વિનોદ પમાડવા, તેમની દાસીઓ વાતો કરવા લાગી. હે ભગવતી ! એ વૃત્તાંત સાંભળવા અમે ત્યાં કંઇક થોભી, તો તમે કૃપા કરી, એ અમારો અપરાધ ક્ષમા કરો.' એ પ્રમાણે વૃદ્ધ યોગિનીને એ વૃત્તાંત બોલતી અન્ય જોગણીઓને જાણી આરામપુત્ર સમજ્યો કે—'તે કંચુકી તો મારીજ છે અને તે વૈતાઢ્ય પર્વતપર કયાંથી? અને વળી તે ચોરનો વૃત્તાંત તો બરાબર સમજાય છે, પરંતુ જે કંચુકી પ્રિયતમાને માટે જરૂરની હતી, તેતો

મરણ પામી હશે, તો પ્રિયાને મૃત્યુ પમાડનાર કંચુકીની વાતથી સર્યું માટે જેટલામાં સૂર્યોદય ન થાય, તે પહેલાં જ્યાં યોગીને નાખ્યો તે અગ્નિકુંડમાં હું પડું.' એમ વિચારી, પાછો ફરીને આરામનંદન તેજ મંડળ આગળ ગયો કે જ્યાં ધગધગતા અગ્નિમાં સુવર્ણના પુરૂષરૂપે યોગી પડેલો છે, ત્યાં પંચ નમસ્કાર સંભારી પોતાનાં દુષ્કૃત આળોવી, જીવો પ્રત્યે ખામણા કરી અને સુકૃતની અનુમોદના કરી, જેટલામાં તે અગ્નિમાં સત્વર પડવા જાય છે, તેટલામાં અકસ્માત્ પાસેના વૃક્ષપરથી એક લેખ આરામનંદનની સમક્ષ પડયો એટલે 'આ શું' એમ સંભ્રાત થઈ, તે લેખ હાથમાં લઇ, ખોલીને પોતાના મનથી તે વાંચવા લાગ્યો કે—

"શ્રીપુરનગરથી **લક્ષ્મીવિનોદ** રાજા પોતે આરામનંદનને જ્યાં હોય ત્યાં સંબોધીને જણાવે છે કે તું પોતે આવ્યો નહિ, તેથી તારી સ્ત્રીને અગ્નિમાં પડતાં મેં અટકાવી છે અને તે આઠ દિવસ પર્યંત; માટે ઉતાવળે આવજે. આજે શુક, વાનર પ્રમુખ પ્રતિ દિશાએ તારી શોધ કરવા મોકલ્યા છે, તો તેમની સાથે તું તારા ખબર મોકલજે." એમ લેખાર્થ જાણી તે ચિંતવવા લાગ્યો કે—'અહો શેઠના ઘરે જોયેલ સ્વપ્ન સત્ય ઠર્યું. કદાચિત્ માની શકાય કે મારા વિયોગે અગ્નિમાં પેસતી મારી કાંતાને રાજાએ અટકાવી રાખી હશે. અહા ! તે સ્વપ્નમાં સત્યતા કેટલી મળી આવી ? હજી સ્વપ્ન બતાવતાં ઇષ્ટદેવીનો મારાપર અનુગ્રહ લાગે છે. પણ આ લેખ આકાશ થકી કેમ પડયો ? એમ ધારી વૃક્ષ તરફ જોતાં પોતાનો ક્રીડાવાનર તેના જોવામાં આવ્યો. પછી તે શાખાથકી નીચે ઉતરીને આરામનંદનને નમતાં તેણે પોતાના વિશાળ વક્ષઃસ્થળમાં તેને લીધો અને વિચારવા લાગ્યો કે—'દૈવયોગે હજી મારી પ્રિયા પણ જીવે છે અને કંચુકીના ખબર પણ મળ્યા માટે કોઇ રીતે તે કંચુકી પ્રાપ્ત કરી પ્રિયાને આપું અને તેને ચિતાગ્નિમાં પડતી

બચાવું, તો મનને સુખ થાય. વળી મારો પોતાનો વૃત્તાંત લેખમાં લખી વાનરને આપું કે જેથી તે રાજાને નિવેદન કરે.' એમ સમજી વેલડીના રસે પોતે પત્ર લખી, સ્નેહથી મર્કટને સોંપીને તેને વિદાય કર્યો અને પોતે કંચુકીના ઉપાયમાં વ્યગ્ર થઇ પૃથ્વીપર ભમતાં પોતાની કાંતા પાસે જવાનો નિકટ અવધિ મનમાં ચિંતવવા લાગ્યો.

એવામાં એકદા વ્યંતર દેવતાને વાનર થઈ ક્રીડા કરતો જોઇ, આરામનંદન તે કપીઓનું કૌતુક જોવા લાગ્યો, ત્યાં **કાલમુખ** નામે મહાન્ વાનર રાજા અને તેના સામંત, અમાત્ય, પદાતિ વિગેરે તાબેદાર હતા. એટલે કાલમુખ રાજાએ દ્વારપાલ વાનરને હુકમ કર્યો કે—' અરે ! તું સુતારોને જઇને કહે કે મયૂરયંત્રો શીઘ્ર બનાવે. તેણે સત્વર જઇને સુતારને રાજાનો આદેશ સંભળાવ્યો અને તેણે મયૂરયંત્રો તૈયાર કર્યા. તેણે કીલિકા—ખીલીના પ્રયોગથી આકાશમાં શીઘ્ર ચાલનારા બનાવી, વાનર રાજા પાસે જઇને નિવેદન કરતાં, રાજાએ પ્રતિવાનરો સામે જવાની ઇચ્છાથી પટહ વગડાવ્યો, જેથી બધા વાનરો સજ્જ બની એકઠા થયા. તે બધા અલગ અલગ મોરપર બેઠા, એટલે રાજા મયૂરારૂઢ થઇને તેમની સાથે ચાલ્યો, તે બધા કીલિકાના પ્રયોગથી આકાશ માર્ગે સજીવની જેમ અશ્વો પ્રમાણે યથામાર્ગે ચાલ્યા. એમ મયૂરારૂઢ વાનરોને આકાશ પંથે જતા જોઇ આરામનંદન તેમની પાછળ ભૂમાર્ગે દોડવા લાગ્યો. પછી આગળ એક ઉદ્યાન આવતાં તેઓ મયૂરોપરથી નીચે ઉતર્યા અને શત્રુવનમાં સંગ્રામ કરવા તે સજ્જ થયા. તેમણે કાયરના પ્રાણને હરનારી ભંભા વગાડી અને એકાંતમાં તે મયૂરો મૂકીને તેઓ શત્રુ તરફ ધસ્યા. તેવામાં શત્રુસેના બહાર આવેલ જાણી પ્રતિભટ—શત્રુના વાનરો કેટલાક લતાકુંજોમાં નાઠા અને કેટલાક એક વૃક્ષથી બીજા વૃક્ષે દોડવા લાગ્યા. કેટલાક

પોતાની કાંતા લઇ ગિરિગુફામાં પેઠા અને કેટલાક ફલિત વૃક્ષની મૂર્છાથી ત્યાંજ બેસી રહ્યા. કેટલાક શૌર્યશાળી તે પોતાના **નીલમુખને** વીંટીને કહેવા લાગ્યા કે—' હે સ્વામિન્ ! આપણે દૃઢતા લાવી શત્રુની સામે થઇએ અમે વીરરસને પ્રગટાવી, કેટલાક જઇએ છીએ અને શત્રુસેનાને ભાંગીએ. એ શું માત્ર છે ? તમે યથાયોગ્ય આદેશ કરો, અમે તમારા તાબેદાર છીએ. નહિ તો અમારી આ રાજધાની શત્રુ આવીને ભોગવશે. વળી લોકો ક્ષોભ પામતાં પુત્રાદિ તજી ભાગવા માંડે છે. માટે યુદ્ધની તૈયારી કરો. હવે પરાક્રમ જણાઇ આવશે. ' એમ પરાક્રમી મંત્રી, સામંતોએ ઉત્તેજન પમાડતાં નીલમુખ રાજા પોતે યુદ્ધ કરવાની ઇચ્છાથી મંત્રીઓને કહેવા લાગ્યો કે—' અરે ! અંતઃપુરને કિલ્લામાં મૂકો અને અપત્યોસહિત યથાસુખે તે રહી શકે, તેને માટે ચોતરફ દુર્ગરક્ષા માટે સૈનિકો ગોઠવી દ્યો. એમ આદેશ કરી, વીર સુભટો સહિત ભારે બળ બતાવતો તે વાનરપતિ બહાર નીકળ્યો. તે બંને સૈન્યોમાં મહાયુદ્ધ થયું અને નખાનખિ–યુદ્ધમાં હણાતા બંને પક્ષના વાનરો પડવા લાગ્યા. આ વખતે વાનરીઓ કમળપત્રના પુટોમાં પાણી લાવી, લડતા પોતાના સુભટોને પાવા લાગી. ત્યારે આરામનંદન તે યંત્ર મયૂરો પાસે પહોંચ્યો. અહીં યુદ્ધ કરતા અને બળથી ગાજતા વાનરો પરસ્પર ચપેટા મારતા કેટલાક ગગને કૂદીને વૃક્ષપર ચડવા લાગ્યા. એવામાં દૈવયોગે કાલમુખનું સૈન્ય ભાગતાં તે પ્રાણ લઇ નાઠું અને ભાગતાં તેમણે યંત્રમયૂરોની પણ દરકાર ન કરી. પછી આરામનંદન તે યંત્રમયૂરપર બેસીને વૈતાઢ્ય તરફ ચાલ્યો અને તે યંત્રકીલિકાને જાણતો હોવાથી મનોવેગે જતાં વૈતાઢ્ય પર **મંગલાવતી** નગરીમાં પહોંચ્યો. ત્યાં પ્રાસાદના ચોથે માળે ગવાક્ષની આગળ પલંગપર મૂકેલ કંચુકીની તપાસ કરી તે વિદ્યુન્માલીના ઘરે ગયો અને મયૂર સહિત મકાનપર આરૂઢ થઇ,

કંચુકી લઇને બહાર નીકળ્યો. જતાં જતાં નિર્ભય થઇને તેણે બજારમાં ઘોષણાથી જણાવ્યું કે—' આ મારી કંચુકી લઇને હું જાઉં છું.' એમ બોલતાં તે નગરીની બહાર નીકળ્યો અને યંત્રને જાણવાથી તે તરતજ પોતાના નગર ભણી ચાલ્યો. એવામાં તે વિદ્યાધરીઓના જાણવામાં આવતાં તે શોરબકોર કરી છાતી કૂટતાં ઉંચેથી પોકારવા લાગી કે ' અરે ! સત્વર દોડો. આ કોઇ મયૂરારૂઢ પુરૂષ અકસ્માત્ આવી, ઘરમાંથી કંચુકી લઇને ચાલ્યો જાય છે.' આ વખતે તેમનો પતિ વિદ્યુન્માલી તો અષ્ટાપદ પર ગયો હતો, તેથી પોતે વાદ–નિર્ણય કરી લીધો કે—' એ કંચુકી લઇ જનારને જે જીતીને લઇ લે, તેની એ કંચુકી થાય, બીજાની નહિ. એમાં ફરે તેને સોગંદ છે.' એમ નિર્ણય કરી પોતપોતાના પિતા પક્ષના પદાતિ લઇને તે બંને વિદ્યાધરી તેની પાછળ લાગી અને હસ્તી, અશ્વ, રથ અને પાયદળ સહિત ચતુરંગિણી સેના લઈ તરત જ તે પોતાની શક્તિથી આકાશમાર્ગે આરામનંદનની પાછળ વેગથી દોડી. ત્યાં આકાશમાં દૂર દોડતો અને વસ્ત્રાંચલે કંચુકી બાંધી જતો આરામનંદન તેમના જોવામાં આવ્યો. તેવામાં વેગથી તેની પાછળ લાગતાં તરતજ તેને ઘેરી લીધો અને તેઓ કહેવા લાગી કે—'અરે! અમારી કંચુકી લઇને તું કયાં જવાનો છે?' એટલે આમતેમ દોડતા તેમના સૈન્યને આકાશમાં જોતાં, આરામનંદન ચિંતવવા લાગ્યો કે—' મારે હવે જવું અશક્ય છે, હું એકલો કેમ લડીશ અને કેમ આ કંચુકી સંભાળીશ? વળી આ વિદ્યાધરીઓના સૈન્યથી આકાશ આચ્છાદિત થયું છે અને જાણે ભય પામી હોય તેમ સૂર્યપ્રભા પણ દેખાવ આપતી નથી. કેવળ અંધકારનું સામ્રાજ્ય એકછત્ર વ્યાપી રહેલ છે. દૃષ્ટિ આગળ ચાલતી નથી, તેથી મને દિગ્મોહ થશે. હું ભમી ભમીને વારંવાર પડીશ, માટે હવે શું કરું ?' એમ ચોતરફ તે સૈન્ય નજીક આવતું જોઇ આરામનંદને

પેલા વેતાલને યાદ કર્યો. એટલે તે તરતજ અંધકારને દૂર કરતાં, મુખથી અગ્નિ જવાળા મૂકતો પરિવાર સહિત હાજર થયો અને અટ્ટહાસ્યથી પરસૈનિકોને ત્રાસ પમાડતાં આરામનંદનને નમીને તે કહેવા લાગ્યો કે—'બોલ, તારૂં શું કામ કરૂં ?' તેણે કહ્યું– 'આ વિદ્યાધરીઓના લડતા સૈન્યને સ્ખલના પમાડ કે જેટલામાં હું કંચુકી આપીને પાછો આવું. જો અત્યારે હું મારા નગરમાં ન જાઉં તો મારી ભાર્યા મારી આશા મૂકી બળતી ચિતામાં પેસશે, માટે તું સૈન્ય અટકાવ ! ત્યારે વેતાલ બોલ્યો કે—'હું આવતો હતો ત્યારે એક નગરમાં મેં જોયું કે કોઇ સ્ત્રી ચિતાગ્નિમાં પેસવાને તૈયાર હતી. તે વખતસર તારી દયિતા હશે, માટે તું સત્વર જા, હું તારી પાછળ સંભાળનાર થયો છું.' વેતાલના વૃત્તાંત–કથનથી તથા ડાબી આંખ ફરકવાથી દયિતાનું મરણ સૂચિત થયા છતાં તપ્તચિત્તે આરામનંદન તે કાષ્ઠના યંત્રમયૂર પર બેસીને ચાલ્યો. તેવામાં અહીં નર્મદાના તીરે પતિ આવવાનો અવધિ પૂર્ણ થતાં પદ્માવતી રાજાને અંજલિ જોડીને કહેવા લાગી કે—'હે રાજન્ ! મને પોતાના સંબંધીઓએ વાર્યા છતાં પતિને મરણ પમાડ્યાના પ્રાયશ્ચિત્તની શુદ્ધિ માટે હું ચિતા પ્રત્યે ચાલી છું. હે ભૂપાલ ! પૃથ્વીના ભારે પુણ્યથી ગુરૂની જેમ માનપૂર્વક તમે વાનર મોકલી શુદ્ધિ મગાવીને મને આટલો વખત અટકાવી. તે લેખમાં બતાવેલ અવધિ કરતાં એક દિવસ અધિક થયો, છતાં પતિ ન આવ્યા, તેથી કાંઇ અમંગળ સંભવે છે. માટે હે મહારાજ ! હવે મને ચિતામાં પેસવાની પરવાનગી આપો. પતિહત્યાનું મારૂં પાપ વખતસર બધી દિશાઓને ન સ્પર્શે.' એમ રાજાને કહી, અંબોડો છોડી, સાસરાના તથા પિતાના પક્ષને આદરથી નમી, દીન–અનાથ જનોને ભારે દાન આપી, ભારે શ્રદ્ધાથી ઇષ્ટ દેવતાને પૂજી સખીઓને સંતોષી, પરિવારને ખમાવી, સ્વકુટંબને આશ્વાસન આપી, સસ-

રાને પૂછી, દુષ્કૃતને નિંદી, સુકૃતને અનુમોદી, અને સિદ્ધોની સાક્ષીએ આલોચીને તે ચિતા તરફ ચાલી. તેવામાં નગરજનોના આક્રંદ કરતાં, સખીઓ મૂર્છા પામતાં, બંધુવર્ગનાં રૂદન કરતાં મહીપતિના શોક કરતાં, માતાના સપ્ત છાતીના તાડન સાથે ભૂમિપર પડતાં, સગા ભાઇના વૃક્ષના થડ સાથે શિર પછાડતાં, અરે ! આવું રૂપ ક્યાં થવાનું છે ? આવો વિનય, આવું ઉત્કૃષ્ટ શીલ, આવા ગુણોની યોગ્યતા, આવું વાત્સલ્ય અને આવી દાન-શીલતા ક્યાં થવાની ? આવી દયા, આવી ધર્મમતિ, આવી દક્ષતા, આવી વિદગ્ધતા અને આવું પતિવ્રત પણ ક્યાં હોય ? તેમજ આવી અચળ ગુરૂભકિત પણ ન જ સંભવે. અરે ! હવે તો જગત્ શૂન્ય થવાનું કે જ્યાં આવી પદ્માવતી ચાલી જાય છે. અહો ! સર્વ કલાના ક્રીડાગૃહ સમાન આ અકાળે ભગ્ન થાય છે.' એમ પાસેના ગામ, નગરના લોકોએ વારંવાર વિલાપ કરતાં, પદ્માવતીએ તરતજ અંજલિ જોડી પંચ નમસ્કાર કરી, મનમાં શુભ ભાવના ધરી, નિર્ભય થઇને તેણે ચિતાનળમાં પ્રવેશ કર્યો. ત્યાં મોટા આક્રંદ અને દીન વચન બોલતાં લોકો આમતેમ શિથિલ થતાં ભૂમિપર પડવા લાગ્યા. આ વખતે ચોતરફ આકાશમાં ધૂમ્ર વ્યાપેલ જોઇ, નજીક આવતો આરામનંદન જીવંત છતાં મૃત તુલ્ય બની ગયો અને ક્ષણમાં નર્મદાના તીરે આવતાં દિગંતરને જવાળાવડે વ્યાપ્ત કરનાર ચિતાગ્નિને તેણે જોયો તથા વસ્ત્રથી ઢાંકેલ મુખવાળા આંસુ મુકતાં, શોકાકુળ, એવા સ્વજનોને અને રૂદન કરતાં અન્યજનોને જોતાં, પોતાના મનથી પદ્માવતીનો અગ્નિપ્રવેશ જાણી, મયૂરથકી ઉતરી અને કંચુકી એક બાજુ મૂકી આરામનંદન કહેવા લાગ્યો કે—' જો મારી સ્ત્રી સતીવ્રતથી વિરાજિત હોય, તો એ તથા હું અગ્નિમાં અક્ષત રહીએ.' એમ કહી દયિતા-મૃત્યુ પામી ત્રેણીના પાપ-પંકથી રોગીની જેમ કંપતા તેણે સ્વજનો ન જુએ તેમ ચિતાગ્નિમાં પ્રવેશ

કર્યો. તેવામાં તેની પાછળ જ યુદ્ધ કરતા આવતા વિદ્યાધરીઓ સૈનિકો અને વેતાલે તે દૃશ્ય જોતાં, વિદ્યાધરીઓ બોલી કે— ‘ અહો ! આપણી કંચુકીને ચોરનાર એકદમ ફૂદકો મારીને આ ચિતાગ્નિમાં કેમ પેઠો ? ’ વેતાલે પણ વિચાર કર્યો કે—‘ અહા! આ શું થયું કે જેની રક્ષા માટે હું યુદ્ધ કરવા તૈયાર થયો, તે અગ્નિમાં કેમ પેઠો ? ’ એમ બંને સૈન્યો યુદ્ધ કરવામાં શિથિલ થતાં નર્મદાના કાંઠે આવ્યાં કે જ્યાં લોકો રૂદન કરતા હતા. ત્યાં ઉત્તર દિશામાં વિદ્યાધરીઓના હાથી વિગેરેનો ગર્જારવ તથા દક્ષિણ દિશામાં વેતાલનું અટ્ટહાસ્ય સાંભળતાં એકદમ વસ્ત્રાંચલથી મુખ ઢાંકી, બંને બાજુ સૈન્ય જોતાં લોકો તરતજ ભાગી ગયા, અને ‘ આ શું ? ’ એમ સંભ્રાંત થયેલા તે બધા દૂર દૂર ઉભા રહી ચિતા તરફ આવતી તે બંને સેનાને જોવા લાગ્યા. વળી ‘ આ લોકો ચિતા તરફ ધસી આવીને શું કરશે ? ’ એમ ધારી એકી નજરે જોતાં તેઓ ઉંચા સ્થાને ચડીને પરસ્પર બોલવા લાગ્યા. તેવામાં રાજા સૈન્ય સજ્જ કરી સત્વર વિદ્યાધરીના સૈન્ય સામે લડવા આવ્યો. ત્યાં વિદ્યાધરી-સૈન્ય, ચિતાની ચોતરફ રહેલ તથા જમીનપર પડેલ યંત્રમયૂર અને કંચુકી તેણે જોયાં. એવામાં પદ્માવતી સહિત આરામનંદનને અક્ષતાંગ જોતાં ‘ અહો ! અહો ! આશ્ચર્ય ! કે આ અગ્નિમાં પેઠા છતાં જળની જેમ પ્રિયા સહિત અક્ષતાંગ. ’ એમ ઉંચેથી બોલતી વિદ્યાધરી-સેનાને સાંભળી, કૌતુકથી રાજા તથા અન્ય લોકો પણ ત્યાં આવ્યા. એટલે પદ્માવતીના સતીવ્રતથી શીતલ બનેલ ચિતાગ્નિથકી આરામનંદન બહાર આવ્યો અને રાજાને તેણે જુહાર કરતાં, ભારે પ્રમોદથી રાજાએ તેને ભેટી પડતાં સંક્ષેપથી કંચુકાદિકનો વૃત્તાંત પૂછ્યો. પછી ભારે આનંદ પામતાં પ્રમોદાશ્રુથી ઓતપ્રોત લોચને, બાહુ પહોળા કરી, આલિંગન દઇને તે માતપિતાને નમ્યો. વળી માતપિતાએ આલિં-

ગન આપતાં વારંવાર હર્ષાશ્રુના જળથી પુત્રવિયોગના દુઃખને મૂળથી જલાંજલિ આપી. કારણ કે પુત્રાગમનના પ્રમોદ આગળ અન્ય પ્રમોદ પગની રજ સમાન છે. પુત્રના વિયોગ દુઃખે દશરથ રાજા મરણ પામ્યો. ત્યારે કેટલાકોએ તેને સ્નેહથી બોલાવ્યો અને કેટલાકને તેણે પોતે બોલાવ્યા. કેટલાકોએ તેને નમસ્કાર કર્યા અને કેટલાકોને તે આરામનંદન નમ્યો. એમ લજ્જાથી વસ્ત્રવડે મુખ આચ્છાદિત કરી અને ભૂતલસુધી મસ્તક નમાવતાં પદ્માવતીએ વડીલોને નમસ્કાર કર્યા. એટલે વડીલોએ તેને આશિષ આપતાં જણાવ્યું કે—'હે વધૂ! તું ગુણી, સંપતિયુક્ત અને નીરોગી પુત્રોને પામજે તથા શીલવડે વંદનીય થજે.' તેવામાં માતાએ આનંદથી પદ્માવતીને દૃઢ આલિંગન આપતાં કહ્યું કે—'હે વત્સે! મહાભાગ્યે શુભ કર્મે તું પુનઃ અમારા જોવામાં આવી છે! એમ કહેતાં તેના પ્રમોદાશ્રુ વારંવાર પોતાના હાથે લુંછતાં તેણે પદ્માવતીના મુખે ચુંબન આપ્યું. કારણકે માતાને પુત્રીઓ પુત્રો કરતાં પણ અધિક પ્રિય હોય છે. પછી સખીઓને સ્નેહથી આલિંગન આપતાં પદ્માવતી જાણે સુધામાં સ્નાન કરી આવી હોય તેમ ભાસવા લાગી. સખીઓનો સ્નેહ પણ અનિવાર્ય હોય છે. ત્યાં વિદ્યાધરીઓએ કંચુકીનો વૃત્તાંત જાણી, તેના પ્રત્યેનો આગ્રહ તજી, વિસ્મય પામતાં કહ્યું કે—'અહો! એમની પરસ્પર પ્રીતિ! એકેકનું અમંગળ ધારી બંને અગ્નિમાં પેઠા. વળી આ સ્વજનોની પ્રીતિ પણ અગાધ છે કે જે આરામનંદનનું આગમન તેમના દુઃખરૂપ ગ્રીષ્મને શાંત કરવા મેઘાગમ સમાન થઈ પડયું. એ પ્રમાણે ત્યાં આનંદમય, સુખમય અને ધૃતિમય લોકને જોતાં વિદ્યાધરીઓએ પોતે પોતાના હાથે પ્રેમથી કંચુકી લઇ, પદ્માવતીને પહેરાવી. પછી તેમનું સૈન્ય આકાશમાર્ગે ચાલતાં અને આરામનંદન ભૂમાર્ગગામી રાજસેનાથી પરિવૃત થઇ, ગંધહસ્તીપર ચડી, બંદીજનોથી સ્તુતિ પામતાં,

વૃદ્ધાઓ ઉત્તરીય વસ્ત્રના અંચલવડે પવન નાખતાં જેને આશિષ આપી રહી છે, તેમજ ' અગ્નિ શીતલ ક્યાં હોય ? તે પણ શીલના પ્રભાવથી જોયું. ' એમ પ્રશંસા પામતી પદ્માવતીવડે વિરાજિત, વળી આગળ ચાલતાં બંધુઓ જેને વારંવાર ડોક મરડીને જોઇ રહ્યા છે અને જેની આગળ અદ્‌ભુત સંગીત ચાલી રહેલ છે એવો આરામનંદન નગરમાં પ્રવેશ કરી પોતાના ઘરે આવ્યો. પછી રત્નાભરણ આપતાં રાજાને સંતોષી તથા ધનવસ્ત્રાદિકથી રાજલોકને રાજી કરી, વિદ્યાધરીઓને સ્નેહાંજલિથી સન્માન આપી, પૂર્ણ પાત્ર મગાવી, સ્વજનોને પહેરામણી કરાવી, યાચકોને ધન આપી, ક્ષુધિતોને ભોજન કરાવી, આરામનંદને અંજલિ જોડી બધાને વિસર્જન કર્યા. વળી બીજા લોકો ન જુએ તેમ વેતાલ પાસે પેલો સોનાનો બનેલ યોગી મગાવી, તેને પણ પ્રમોદથી વિદાય કર્યો. પછી સ્નાન કરી, નૂતન વસ્ત્ર પહેરી તેણે ઘરે તથા ચૈત્યમાં જિનપ્રતિમાનું પૂજન કર્યું અને તપ તથા ચારિત્રના મંદિર એવા સાધુઓને પ્રતિલાભ્યા; તેમજ યથારૂચિ સાધર્મીજનો સાથે તેણે ભોજન કર્યું. એમ પુણ્યોપાય અને પત્નીનું શીલવ્રત જાણતા આરામનંદન પૂર્ણપણે ગૃહસ્થધર્મ પાળવા લાગ્યો.

એવામાં એકદા બાહ્ય ઉદ્યાનમાં કેવલી ભગવાન્ પધાર્યા. તેમને વંદન કરવા પોતાની પ્રિયાસહિત આરામનંદને જઇ, ત્રણ પ્રદક્ષિણા દઇ જ્ઞાનીને વંદન કર્યું અને પૂર્વે આવેલા ભવ્યાત્માઓને પણ તેણે પ્રમોદથી નમસ્કાર કર્યા. પછી શુદ્ધ ભૂમિતલપર તે બેઠો, એટલે પાપ–પંકને ધોવામાં જળ સમાન કેવલીએ ધર્મ દેશના શરૂ કરી—' જિનભક્તિ, સાધુભક્તિ અને દયાધર્મ સેવતાં સમ્યક્‌ત્વથી ભવ્યાત્મા મુક્તિ પામે છે. જે પ્રાણી પુણ્ય–સંગ્રહ કરે છે, તે સાંગોપાંગ શરીર પામે છે અને પ્રસંગે સ્હેજમાં શુભાશુભનો ક્ષય કરતાં મુક્ત થાય છે. જે પોતાના ઉદરમાં લુબ્ધ બની દાનાદિક ન

કરે, તે સુખ ન પામે અને માનવભવને સાર્થક ન કરી શકે. તેમજ વળી દાનાદિકથી ઉપકાર અવશ્ય કરવો; તેમ ન કરવાથી સંપત્તિ સત્વર ચાલવા માંડે છે તથા ગુહ્યનાગની જેમ કલ્યાણ અને ધર્મ તેને તજી દે છે. સુકૃત વિના સુખ ન થાય, તપ વિના ઇષ્ટસિદ્ધિ ન મળે, કુશીલ-દુરાચારી મહિમા ન પામે અને મૂઢહૃદય મોક્ષ ન મેળવે. માટે ધર્મમાં બુદ્ધિ રાખવી, દરેક કાર્ય વિચારીને કરવું, તથા મનુષ્ય-જન્મ પામીને જિનધર્મના આરાધક થવું. જીવરક્ષા તે શ્રેષ્ઠ છે કે જેના સદ્ભાવે ધર્મ સજીવન રહે. નાગવલ્લી છેદાઇને દૂર પડી હોય, છતાં જળ સિંચતાં તેના પત્ર સજીવન રહે છે. સત્ય વાણી એ અન્ય શરણરહિત એવા ધર્મની ભાર્યા છે. રજનીએ તજેલ ચંદ્ર અસ્ત થાય છે અથવા તેજહીન થાય છે. ચોરી કરનારનો કલંક ન જાય, તો સંપત્તિ ન પામે, વિશ્વાસ ન પામે, ક્રૂર ગ્રહથી હણાતાં તે દૃષ્ટિ કે પુષ્ટિની હાની પામે. મૈથુનમાં સતત આસકત થવાથી અપકીર્ત્તિ પાપ, અને અણધાર્યું મરણ આવે. ચંદ્રમા રાત્રિપર રાગી થતાં તે સતત્ કલંકી ગણાય છે, ખંડિત થાય છે અને રાહુથી ગ્રસ્ત થાય છે. તથા વિપુલ આશાને નિયંત્રિત ન કરવાથી પ્રાણી મનોરથોના વિલાસમાં નાચે છે. ગુણ-દોરીવડે બંધાયેલ છતાં આશા-ચોતરફ સ્ખલના રહિત પતાકા પવન વડે ભ્રમણ પામે છે.' એમ સાંભળતાં ઉત્પન્ન થયેલ ભાવનામાં મન લગાવી, સમ્યક્ત્વ અંગીકાર કરી, ગુરૂને નમીને આરામનંદન પોતાના સ્થાને ગયો.

પછી સિદ્ધ સુવર્ણપુરૂષના અંગો કાપતાં પણ પુનઃ તે પલ્લવિત થતાં, ફરી કાપી લેતાં એમ વારંવાર કરવાથી તે આરામનંદન ભારે ધનવાન્ થયો. તે જિનચૈત્યોમાં અઠ્ઠાઇ-મહોત્સવ કરાવતો અને શુભ માર્ગે ધન વાપરવા લાગ્યો. તેવામાં મહાસ્વપ્ને સૂચિત એવા તેજસ્વી પુત્રને પદ્માવતીએ ભારે આનંદથી જન્મ આપ્યો.

ત્યારે આરામનંદને ગીત, નૃત્ય તથા મંગળ–ધ્વનિ પૂર્વક મહોત્સવ કરાવ્યો અને ષષ્ઠી–જાગરણ કરી, ભારે આલ્હાદ પામી, દશમે દિવસે બંધુવર્ગને જમાડી, તેણે બધાની સમક્ષ જણાવ્યું કે— અમારા દુઃખને છેદી, મનોરથ પૂરતાં એ જન્મ પામ્યો છે. માટે એ પુત્રનું નામ **પૂર્ણકળશ** રાખીશું.' એમ તે બાળકના જન્મથી માબાપ બહુજ પ્રશંસા પામ્યા. પછી લાલન–પાલનથી તે બાળક યૌવન પામ્યો. એટલે સમાન ગુણ અને રૂપવંતી ઘણી શ્રેષ્ઠિ કન્યાઓ ભારે ઓચ્છવ અને સંતોષથી માત પિતાએ પૂર્ણકળશને પરણાવી. એવામાં આરામનંદનના સમ્યક્ત્વની પરીક્ષા કરવા કોઈ પાસેની વ્યંતરીએ એવું અઘટિત કર્યું કે—'પાણિગ્રહણ પછી તરતજ તેણે પૂર્ણકળશને મહાજ્વર પેદા કર્યો. જેથી તેને દાહ, અને દુસ્સહ પીડા થવા લાગી. તે અચેતન થતાં જેમ તેમ બકવાદ કરવા લાગ્યો, અને ભૂમિપર આળોટવા લાગ્યો. કોઇ વૈદ્ય કે યક્ષથી તેનો જ્વર શાંત ન થયો. તેવામાં કોઇ માંત્રિક ક્યાંકથી આવી ચડયો, જેનો આડંબર જોતાં આરામનંદને તેને પુત્રની ચિકિત્સા કરવા બોલાવ્યો. તેણે એક મંડળ આળેખી, તેમાં કુમારીકા બેસારી, અક્ષતપાત્રમાં તરવાર મૂકીને આડંબરથી તેની પૂજા કરી. પછી પોતે ધ્યાનમુદ્રાથી યક્ષ-ણીને તરવારમાં ઉતારી કુમારિકાને તેણે કહ્યું કે—' હે બાળા ! કંઇ દેખાય છે ? ' તે બોલી—' હા, ખડ્ગમાં ભયંકર યક્ષણી દેખાય છે. ' ત્યારે માંત્રિકે કહ્યું—' યક્ષણી શું કહે છે, તે બરાબર કહે.' એટલે બાળાએ બરાબર સાંભળીને જણાવ્યું કે—' એ યક્ષ-ણી એમ કહે છે કે એ પૂર્ણકળશ ઘણા દોષે લેવાયો છે, તે મૂકી શકાય તેમ નથી. જેથી તે યમના ઘરે જાય, એમ લાગે છે. ' એ પ્રમાણે બાળાની પ્રાણહારક વાણી સાંભળતાં પદ્માવતી મૂર્છા પામી. ત્યાં ધીર આરામનંદન કહેવા લાગ્યો કે—' હે માંત્રિક ! તું તેને

પૂછ કે એ દોષ કોઇ રીતે નિવર્ત્તે કે નહિ ?' ત્યારે બાળાએ ખડ્ગવાસી દેવીને પૂછયું; જે સાંભળી બાળાએ બધાની સમક્ષ કહ્યું કે—' આ નગરીના પાદરમાં યક્ષ છે, તે શ્રાપને ટાળનાર છે. આરામનંદન પોતે જો તેની પૂજા કરે, તો એનો રોગ જરૂર ટળે, નહિ તો મરણ થશે.' એમ સાંભળતાં સમ્યક્ત્વમાં નિશ્ચય કરનાર આરામનંદન વિચાર કરવા લાગ્યો કે—' જો મરણ છે, તો કોઇ જીવાડનાર નથી, અને જો પૂર્વોપાર્જિત દીર્ઘાયુ છે, તો કોઇ યક્ષ કે વ્યંતરથી મરણ થનાર નથી. આવો નિઃસંશય અર્થ પ્રગટ છે, ત્યાં યક્ષાદિકને પૂજવાથી શું થવાનું છે ? વળી તેમની પૂજાથી મને સમકિતમાં દૂષણ લાગે, માટે પોતાના કર્મે પુત્ર જીવે કે મરણ પામે. સંસારમાં વસતાં ઘણા પુત્રો જન્મ્યા અને મરણ પામ્યા છે. કોટિ ભવો ભમતાં આ દુર્લભ મનુષ્યત્વ પ્રાપ્ત થયેલ છે, તેમાં પણ સમકિત દુષ્પ્રાપ્ય છે, તે જાણીને કોણ દુષિત કરે ?' એમ આરામનંદને માંત્રિકને કહેતાં તેણે મંડળ સંહરી લીધું અને ક્ષણવારમાં દિવ્ય વસ્ત્રધારી અને તેજસ્વી વ્યંતરી બની આરામનંદનને કહેવા લાગી કે—' હે વત્સ ! તારા સમકિતની પરીક્ષા કરવા મેં એ બધું કર્યું, હવે તારો પુત્ર નીરોગીજ છે.' એમ કહી તે વ્યંતરી તરતજ અદૃશ્ય થઇ ગઇ, અને પૂર્ણકળશ સંપૂર્ણ નીરોગી થઇને પ્રથમની જેમ ક્રીડા કરવા લાગ્યો. પછી આરામનંદન પણ વિશેષથી સમકિત પાળી, તેના પ્રભાવે પ્રાંતે સ્વર્ગ પામ્યો. "

એ પ્રમાણે કથા સાંભળતાં અજાપુત્ર વિશેષ જાગ્રત થતાં પુનઃ તેણે આચાચાર્યને સત્કથા પૂછતાં, તેઓ જિનધર્મથી વાસિત અને વિનયપ્રધાન એવી કથા પોતાની મધુર વાણીથી કહેવા લાગ્યા—

## હરિષેણ—શ્રીષેણની કથા.

આ **ભરત** ક્ષેત્રમાં **વિશાલા** નામે નગરી છે, ત્યાં **વિશાલવિક્રમ** નામે રાજા હતો. ત્યાં **હરિષેણ** અને **શ્રીષેણ** નામે બે સહોદર

ક્ષત્રિય રહેતા કે જે પરમ સ્નેહને લીધે કદિ અલગ થયા ન હતા. એકદા તે બંને સેવા કારણે દેશાંતર ચાલ્યા. તેજસ્વી જનો નિરૂદ્યમી રહેતા નથી. જતાં જતાં એક વખતે સાંજે યક્ષમંદિર જોઇ, પક્ષી જેમ પોતાના માળા પ્રત્યે જાય, તેમ તે ત્યાં રાતવાસો કરવા ગયા. ત્યાં તેઓ વિચારવા લાગ્યા કે—' કયાં જવું અને કયો રાજા સેવવા યોગ્ય છે ? ' એમ ચિંતવતાં તેમને યક્ષ કહેવા લાગ્યો કે—' હે ભદ્રો ! તમે જો સેવા કરવા તત્પર હો તો મારી સેવા કરો. હું તમને વાંછિત આપવા સમર્થ છું. હું શ્રીફળ નામના ઉદ્યાનનો અધિષ્ઠાયક છું, પણ બીજા મહર્દ્ધિક યક્ષોએ બલાત્કારે ત્યાંથી મને કહાડી મૂકયો, એટલે શત્રુને જીતવાને અસમર્થ હું અહીં આવ્યો છું. ઘણાં શત્રુઓ મળતાં, એકલો શૂરવીર શું કરે ? વળી અહીં રહેવાની મારી ઇચ્છા નથી, હું ઘણા ભોગ ભોગવવા ઇચ્છું છું. માટે દેશાંતર જવા તમને સાથે લેવાની મારી મરજી છે.' એમ યક્ષની સાક્ષાત્ વાણી સાંભળતાં, તે બંને અંજલિ જોડી યક્ષને કહેવા લાગ્યા કે—' અમે દ્રવ્યના લોભે મનુષ્યની સેવા કરવા તૈયાર થયા છીએ, તો તમે તો મનોવાંછિત આપનાર દેવ છો, એટલે તમે અમારા સ્વામી અને અમે તમારા સેવક છીએ, તેમાં શું ન્યૂન છે ? વળી તમે તો અદૃશ્ય છો, જે તમારે કહેવું હોય, તે અમને કહો.' યક્ષે કહ્યું—' હું મારી શકિતથી જ્યાં અધિષ્ઠાયક થઇને રહું, ત્યાં તમારે બંનેએ બહુમાનથી રહેવું.' એ વચન તેમણે કબૂલ કરતાં યક્ષ પુરૂષરૂપે પ્રગટ થયો અને તે બંને સાથે ચાલતાં તે બધા શ્રીપુર નગરમાં પહોંચ્યા. ત્યાં યક્ષે કહ્યું કે—' હે પુરૂષો ! હવે આગળ મારાથી જવાય તેમ નથી. અહીં ઘણા વ્યંતરો રહેલા છે. તો આ નગર પાસે એક નદી છે, તેની આસપાસ કયાંક હું રહીશ.' એમ કહી, જતો તે યક્ષ પુનઃ પેલા બંને ભાઇને કહેવા લાગ્યો કે—' તમે અહીં એક મોટો રેતીનો ઢગલો કરો,

તેને કલ્હાર નામની વનસ્પતિનાં પુષ્પોથી પૂજો.' તેમણે તે પ્રમાણે કર્યું. એટલે યક્ષે ફરી તેમને શિખામણ આપતાં જણાવ્યું કે—'એ ઢગલાનો હું અધિષ્ઠાયક થઇને પોતાનો પ્રભાવ દેખાડીશ, જેથી એ ઢગ પાણી કે વાયુથી તણાશે કે વિખરાશે નહિ. એ વાલુકાનો ઢગ પર્વતની જેમ વેરાશે નહિ. વળી મારો પરચો જોતાં લોકો માનતા કરીને જે ચઢાવે, તે તમે લઇ મને ભોગ ધરજો.' એમ શિખામણ આપતાં તે બંનેએ વેળુના ઢગલાનો આશ્રય લીધો. ગુણવંતે દુનીયામાં ગુણનો પ્રભાવ દેખાડવો. પછી તે બંને ભાઇ લોકોના દેખતાં ઘણા પાણીવતી તે ઢગલાને ન્હવરાવે, છતાં તેમાંથી રજમાત્ર તણાય નહિ. એ આશ્ચર્યથી નગરીના લોકો વારંવાર તે જોવા લાગ્યા અને તેનાપર પોતે આવી આવીને ઘણા પાણીના ઘડા નામવા લાગ્યા, છતાં તેમાંથી એક કણ પણ ખસે નહિ. આથી 'એ તો મહામહિમાવંત લાગે છે, એવી સમસ્ત નગરમાં પ્રસિદ્ધિ થતાં કોઇ દુઃખથી પીડાતા લોકોએ માનતા કરતાં, યક્ષ તેમના મનોરથ પૂરવા લાગ્યો. એમ તેનો પ્રત્યય–પરચો થતાં લોકોએ વેળુના ઢગપર કાષ્ઠનું ઘર કરાવ્યું અને મનોવાંછિત પામવા તેઓ ભાવથી જે વસ્તુ મૂકતા, તે બંને યક્ષના સેવક બનીને ભિન્નભિન્ન લેતાં લોકો આગળ ભારે મહિમા ગાવા લાગ્યા; કારણ કે જેના પ્રભાવથી જીવીએ, પંડિતે તેનો પ્રભાવ અવશ્ય ગાવો જોઇએ. ભિન્નભિન્ન લોકોના મુખથી યક્ષનો પ્રભાવ સાંભળતાં **દુર્ગબાહુ** નામે રાજા યક્ષના સ્થાને આવ્યો અને કેસરના જળથી તેની પૂજા કરતાં પણ તે પાણીવતી રેતીનો ઢગલો, તીર્થંકરના વચને અભવ્યની જેમ ભેદાયો નહિ, આથી આશ્ચર્યચકિત રાજા વેળુના ઢગ પાસે ઉભો રહી સર્વસમક્ષ અંજલિ જોડીને કહેવા લાગ્યો કે—' જો કંઈ પણ પ્રભાવ હોય, તો શત્રુના દેશમાં ગયેલ મારા પુત્ર **દઢબાહુ**ના સમાચાર લાવો.' એમ રાજા

કહેતાં યક્ષ વાલુકાના ઢગની કોઇ રીતે સંભાળ સાચવીને તે રાજપુત્ર પાસે ગયો અને બોલ્યો કે—' તમે દૂર રહ્યા, એટલે લાંબા વખતથી તમારા સમાચાર ન મળવાથી દુર્ગબાહુ રાજાને મહાદુ:ખ થાય છે. તો તેણે તારી શુદ્ધિ લેવા માટે હું યક્ષની પ્રાર્થના કરતાં હું શ્રીપુરથી આકાશમાર્ગે અહીં સત્વર આવેલ છું, માટે તારી નિશાની સાથે શુદ્ધિલેખ લખી મને આપ.' એમ યક્ષે કહેતાં તેણે તેમ કર્યું અને નિશાનીમાં એક શસ્ત્રિકા આપી; એટલે તરતજ યક્ષે લઇ આવતાં, ત્યાંજ ઉભા રહેલ રાજાના હાથમાં આપ્યો. તેના પર રાજપુત્રની મ્હોર–છાપ જોતાં, પ્રમોદાશ્રુ આવતાં રાજા પોતે ખોલી, ગદગદ્ વાણીથી વાંચવા લાગ્યો કે—' મંગલકારી શ્રીપુરનગરે મારા તાતને પ્રણામ કરી, હું મારા કુશળ સમાચાર લખું છું કે કલિંગ રાજા કોટમાં અત્યારે કોટ–કિલ્લામાં ભરાઇ રહ્યો છે, તેને મારીને આવીશ. તમે મોકલેલ યક્ષથી મારા સમાચાર જાણી હાલ પ્રમોદમાં રહેજો. તેની સાથે મારી નિશાની શસ્ત્રિકા મોકલાવી છે.' એ પ્રમાણે પોતાના પુત્રના કુશળ સમાચાર લાવનાર તે યક્ષ અને વેળુના ઢગલાની રાજાએ પોતાના અંત:પુરસહિત વિલેપનપૂર્વક પૂજા કરી અને પ્રધાનને આજ્ઞા કરી કે—' તમે આ રેતીના ઢગપર શીઘ્ર કાષ્ઠમંદિર તૈયાર કરાવો.' મંત્રીએ તે પ્રમાણે કરાવવાની હા કહેતાં રાજા યક્ષને નમી, પ્રમોદ પામતો પોતાના સ્થાને ગયો. પછી રાજાના આદેશ પ્રમાણે પ્રધાને નદીના પૂરથી ન તણાય તેવા મોટા સ્તંભ નખાવી કાષ્ઠનું એક મોટું ઉન્નત મંદિર તૈયાર કરાવ્યું. એટલે સંધ્યાસમયે યક્ષમંદિરમાં નાટક કરાવી, યક્ષને નમીને રાજા પોતે ભોજન કરતો અને બીજા પણ ઘણા લોકો એ પ્રમાણે કરવા લાગ્યા, તેમજ હરિષેણ અને શ્રીષેણ યક્ષના સેવક હોવાથી લોકો તેમનો ઘણો સત્કાર કરવા લાગ્યા. કારણ કે તેવા દેવની સેવા નિષ્ફળ ન જાય. વળી વર્ષાકાલમાં

પાણીનું પૂર આવતાં પણ યક્ષનું કાષ્ઠમંદિર પાણીમાં તણાયું નહિ. તે જોઇ નગરજનો ભારે આશ્ચર્ય પામ્યા અને તેનેજ એક દેવ માનીને પૂજવા લાગ્યા. એવામાં એકદા દીવાળીનો મહોત્સવ આવતાં કોઇ પુરૂષે તે યક્ષને કંઇક પૂછવાને પોતાના ઘરે રાત્રે પાત્રમાં ઉતાર્યો. ત્યાં દૈવયોગે તે વખતે નદીમાં પૂર આવતાં, યક્ષ શૂન્ય તે કાષ્ઠમંદિર તણાવા લાગ્યું. તેમાં સુતેલા હરિષેણ અને શ્રીષેણ પણ પ્રવાહમાં તણાતાં તેની સાથે સમુદ્રમાં ગયા. ત્યાં યક્ષમંદિર સાગરમાં તણાઇ જતાં સાગરના ગર્જારવથી નાનો ભાઇ શ્રીષેણ જાગી ઉઠયો અને બ્હાર આવીને જોયું તો ચોતરફ પાણીજ તેના જોવામાં આવ્યું. એટલે સંભ્રાંત થઇ વિચારવા લાગ્યો કે—'શું મહાવૃષ્ટિથી જલધરે પૃથ્વી પાણીથી ભરી છે કે અકાલે ઉછળેલ સમુદ્રપૂર વસુધાને તાણી જાય છે? અરે! આ તો નગરી પણ પાણીમાં ડૂબી ગઇ લાગે છે અને યક્ષનો આરાધક તે રાજા પણ મરણ પામ્યો હશે? અરે! ધિક્કાર છે કે તે યક્ષે પોતાનું એક મંદિરજ રાખ્યું, પણ આરાધક રાજા અને નગરજનોની જરાપણ દરકાર ન કરી.' એમ ચિંતવતો શ્રીષેણ ભયભ્રાંત થઇ ગયો. તેવામાં ભૂમિની જેમ જળપર ચાલતો એક પુરૂષ આવ્યો. તેને જોતાં શ્રીષેણને વિચાર આવ્યો કે—'અહો! આ તો અમારા યક્ષ કરતાં પણ અધિક પ્રભાવશાળી લાગે છે કે પાણીપર પગે ચાલે છે.' એમ ધારી શ્રીષેણ તેને કહેવા લાગ્યો કે—'અહો! મહાભાગ! તમે કોણ છો? કે તમે આવી શકિત ધરાવો છો. તમે કયાં જવા ધારો છો અને આમ ઉતાવળે કેમ જાઓ છો?' એટલે મુખે શ્વાસથી ભરાતા તે પુરૂષે શ્રીષેણને કહ્યું કે—' હું હમણા તમને જવાબ આપવાને સમર્થ નથી.' શ્રીષેણ બોલ્યો—'તો પણ કંઇક કહે.' ત્યારે તે કહેવા લાગ્યો કે—'હું રત્નદ્વીપમાં જાઉં છું, ત્યાં જે કામ છે, તે સાંભળ. તે દ્વીપમાં **રાજ્યપ્રદા** નામે દેવી છે, તેની આગળ એક તપ્ત તામ્ર-

રસનો કુંડ છે; દીવાળીની રાતે જે પુરૂષ તેમાં સ્નાન કરે તેનાપર સંતુષ્ટ થઇને તે દેવી તેને અવશ્ય મહારાજ્ય આપેછે. એવા કલ્પ–પ્રમાણથી હું તે દ્વીપમાં જવાનો છું. અને ઔષધિલેપના પ્રભાવે હું જળપર શીઘ્ર ચાલી શકું છું.' એ પ્રમાણે તેના જવાનું કારણ સાંભળતાં રાજ્યલોભી શ્રીષેણે પુનઃ તેને કહ્યું કે—' તમે ત્યાંથી પાછા ક્યારે ફરશો ? ' તે બોલ્યો—' હમણાજ. કારણ કે ત્યાં સ્ત્રી–પુરૂષો ઘણા હોવાથી રહી ન શકાય.' ત્યારે યક્ષસ્વામીથી વિરક્ત થયેલ શ્રીષેણ બોલ્યો—' તે લેપની ઔષધિ જો મને બતાવો–આપો, તો હું તમારી સાથે આવું.' તેણે કહ્યું—' અહો ! તેમાં એટલી બધી દીનતાની શી જરૂર છે. લ્યો આ ઔષધિ અને તમે પણ રાજ્ય મેળવવાનું સાહસ સુખે કરો.' એમ કહી તેણે આપેલ ઔષધિ પગે લગાડી, શ્રીષેણ પોતાના ભાઇને સુતો મૂકીને તેની સાથે ચાલતો થયો. તે ઔષધિના પ્રભાવથી મહાવેગે ચાલતા તે તરતજ પંખીની જેમ રત્નદ્વીપમાં પહોંચ્યા. ત્યાં વિસ્તાર પામતી રત્નપ્રભાથી અંધકાર દૂર થતાં પ્રાકારનો વિભ્રમ કરાવનાર સુવર્ણના સ્તંભોપર નિર્મળ મોતીના લટકતા તોરણોવડે શોભાયમાન, નીલમણિથી જડેલ ભૂમિવડે જળની ભ્રાંતિ કરાવનાર, ચોતરફ ગવાક્ષશ્રેણિથી મનોહર, પોતે ચંદ્રકાંતમય હોવાથી જાણે ફીણનો પુંજ હોય, સ્નિગ્ધ સોપાનપર આરોહણ કરતી સ્ત્રીઓવડે વિરાજિત, પૂતળીયોના હાથમાં ધરેલ માણિક્યના દીવાઓવડે અધિક રમણીય એવા તે દેવીના ભવનમાં તે બંનેએ પ્રવેશ કર્યો. તે દેવીની મનહર મૂર્ત્તિ આગળ સંગીત કરતું તથા અત્યંત રૂપ–લાવણ્ય સહિત સ્ત્રીઓનું એક ટોળું તેમના જોવામાં આવ્યું. પોતાની અગાઉ આવેલ સ્ત્રીઓને જોઇ, પોતાના કર્ત્તવ્યને વિસારી તે બંને એક થાંભલાની પાછળ ઉભા રહ્યા. તેઓ ક્ષણભર નાચતી અને ક્ષણભર વીણા વગાડતી જોઇ, ભ્રમણાથી જાણે તેમની દૃષ્ટિ

નિમેષરહિત બની ગઇ. સ્તંભને ઓઠે ઉભેલા અને સર્વ અંગ સંકેલી રહેલા છતાં તે સ્ત્રીઓની દૃષ્ટિએ જાણે તેમને વિકાસ પમાડયા હોય તેવા ભાસતા, વળી અમૃતની વૃષ્ટિ સમાન સંગીત સાંભળતાં જાણે મૂર્છા પામ્યા હોય, જાણે નિદ્રાધીન થયા, અથવા જાણે ઘેલા બન્યા હોય તેમ તે અચેતન થઇ ગયા. તેમને ભાન જરા પણ ન રહ્યું, તેવામાં સૂર્યોદય થતાં તે સ્ત્રીઓ બધી પોતાના સ્થાને ચાલી ગઇ, માત્ર સંગીતના ભણકારા તે બંનેના કાનમાં ઉછળતા હતા. એટલે તેમને જગાડવાને જ જાણે સૂર્યે પોતાના કર–કિરણથી સ્પર્શ્યા. જેથી નિદ્રા તજી તેમણે નાટક જોવા દૃષ્ટિ ફેરવતાં તે સ્ત્રીઓને ન જોઇ, તેમને સંભારતાં તથા પોતે શા કામે આવ્યા છે, તે યાદ કરતાં તેમને ભાન આવ્યું. ત્યાં સૂર્યોદય જોઇ, દેવીના મંદિર ભણી ચાલતાં પોતાના પુણ્યની જેમ તેના ગભારાના કપાટ બંધ થયેલા જોતાં, તેમણે વિચાર કર્યો કે—' અહા ! આ શું થયું. ? આપણે તો સંગીતમાં લુબ્ધ બની બેભાન થયા. જેથી રાજ્યલક્ષ્મી તો દૂર રહો, પરંતુ દેવીનું દર્શન પણ ન પામ્યા અરે ! વ્યસનને ધિક્કાર છે કે મહાકાષ્ટે અહીં આવતાં પણ ફળ ન મળ્યું. વ્યસની હોય તે કામ સાધી ન શકે, તેમ આપણે પણ સંગીતમાં તલ્લીન થવાથી બધું ખોયું,' ત્યારે અન્ય પુરૂષે કહ્યું— ' જે થવાનું હતું તે થયું હવે હાથ ઘસતાં શું મળે તેમ છે ? ' એવામાં એક વૃદ્ધ સ્ત્રી ' જાઓ, જાઓ, ' એમ બોલતી ત્યાં આવી. તેને નમીને સાધક પુરૂષે પૂછયું કે—' તમે અમને કેમ રવાના કરો છો ? ' તે વૃદ્ધ કંપતી કહેવા લાગી કે—' હે વત્સ ! એ કથા તો બહુ મોટી છે અને હું તે કહેવાને અતિકાયર છું. અંતરમાં દાહ ઉઠે છે અને જીભથકી અમૃત નષ્ટ થયું છે.' ત્યારે શ્રીષેણ બોલ્યો—' હે માત ! તમે ગભરાઓ નહિ. હું તમારી રક્ષા કરનાર બેઠો છું, તમને સતાવનારને આ તરવાર સતાવશે.' એટલે વૃદ્ધા

અવજ્ઞાપૂર્વક બોલી કે—' પેલા કુટિલ બિલમાંથી યમના ખડગ સમાન હમણાજ દૃષ્ટિવિષ મહાસર્પ નીકળશે, તેની દૃષ્ટિમાં જે મનુષ્યાદિ સજીવન વસ્તુ આવશે, તે દૃષ્ટિના વિષે એક ક્ષણમાં સાક્ષાત્ ભસ્મ થઇ જશે. દેવી પણ એને આધીન થયેલ હોવાથી મારતી નથી, પરંતુ કોઇ પરદેશી મનુષ્ય એ સર્પને યમધામમાં મોકલી શકે. એને જાણ્યા વિના અહીં રહેતી ઘણી સ્ત્રીઓને એણે બાળી નાખી છે, એ મહાક્રૂર અને વિષચક્ષુ છે, માટે તમે અહીંથી ગમે ત્યાં ભાગી છુટો. અહીં ભૂમિમાં મારૂં ઘર છે ત્યાં હું ભયને લીધે ભાગી જઇશ.' એટલે શ્રીષેણે પુનઃ જણાવ્યું કે—' હે માતા ! મારૂં એક વચન સાંભળો-સંગીત કરનારી એ યુવતિઓ ક્યાં રહે છે ?' તે બોલી—' તે બધી રાજકન્યાઓ છે, અને દીવાળીની રાત્રે અહીં દેવીનું સ્નાન, પૂજન કરી, સંગીત કરતી તે રાત્રિ જાગરણ કરે છે.' ત્યારે શ્રીષેણ બોલ્યો—' એ દેવીનું આરાધન શા માટે કરે છે ?' વૃદ્ધાએ કહ્યું—' તેમણે એવી પોતે પ્રતિજ્ઞા કરી છે કે જે પુરૂષ એ દૃષ્ટિવિષ સર્પને હણીને, દેવી પાસે રહેલ ઉષ્ણ કુંડમાં સ્નાન કરશે, તેજ સાહસિક પુરૂષ અમને પરણશે. એવા નિશ્ચયથી એ યૌવન પામ્યા છતાં અન્ય કોઇ નરને પરણતી નથી; વળી એ દૃષ્ટિવિષ સર્પ તો જે સાધક આવે, તેને ભસ્મ કરી નાખે છે. એ સર્પના પ્રભાવથી દેવી પણ શંકા ન લાવતાં અદૃશ્ય થઇ જાય છે. વળી એ સર્પ દશ મહિના સુધી બહાર બધાને ભસ્મ કરી, બે માસ યોગની જેમ બિલમાં રહે છે. વળી સ્થાનમમત્વને લીધે રાજ્યપ્રદા દેવી પોતાની શક્તિથી વૃક્ષ વિરાજિત નગર બનાવે છે.' એ પ્રમાણે વૃદ્ધા વાત કરે છે, તેટલામાં બિલમાંથી જ્યોતિ પ્રગટી, જે જોતાં ' તે સર્પ હવે આવે છે એમ બોલતી તે વૃદ્ધા ભાગી ગઇ, અને તે સિદ્ધ પુરૂષ પણ મન તથા શરીરને કંપતો બોલ્યો કેઃ—ચાલ, ચાલ, આપણે પણ બંને

ક્યાંક નાસી જઇએ.' એમ કહેતો તે સ્રીની પાછળ ગયો, પરંતુ શ્રીષેણ તો રાજ્ય અને રામાનો લોભી હોવાથી નિર્ભય થઇ તરવાર ખેંચી એક થાંભલાને આંતરે ઉભો રહ્યો. એવામાં પુંફાડાના પવને જાણે દેવીના મંદીરને ઉપાડવા મથતો હોય તેમ ફણાવડે પ્રચંડ તેણે પોતાનું મુખ બિલથકી ચાર અંગુલ બહાર કહાડયું કે તરતજ પોતાના ખડગવતી શ્રીષેણે તેનું મુખ છેદી નાખતાં દેવીના બંધ થયેલા દ્વાર પોતાની મેળે ઉઘાડયા અને સર્પને મારવાથી પ્રસન્ન થયેલ દેવી તેના જોવામાં આવી. ત્યાં પૂર્વે સાંભળેલ તામ્ર-રસનો કુંડ જોતાં, શ્રીષેણ અંજલિ જોડી, નમીને દેવીને વિનંતી કરવા લાગ્યો કે—'હે દેવી! દીવાલી સુધી હું અહીં રહેવાને સમર્થ નથી, તો કૃપા કરી આજેજ દીવાળીની રાત્રી માની લેજો,' એમ કહેતાં તરતજ તેણે તે કુડમાં કૂદકો માર્યો, એટલે તે તપ્ત તામ્રરસ ક્ષણવારમાં અમૃતરસ બની ગયો; તેવામાં દેવી બોલી કે 'હે મહાસાત્વિક! હું તારાપર પ્રસન્ન થઈ છું. માટે ઇચ્છાનુસાર વર માગી લે.' એમ પ્રત્યક્ષ થઇને દેવીને કહેતી જોઇ, ઉપ-કારના લોભી શ્રીષેણે અંજલિ જોડી એક જ વર માગતાં જણા-વ્યું કે—'હે દેવી! શ્રીપુરના લોકો તથા રાજા નદીના પૂરમાં તણાયા છે, તેમને પુનઃ સજીવન કરો.' ત્યારે દેવીએ વિભંગ જ્ઞાનથી જોતાં કહ્યું કે—'હે ધીર! તે તો ત્યાં બરાબર કુશળ છે માટે બીજું કાંઈક બે વરથી માગી લે. તારા ઉપકાર અને સત્ત્વથી સંતુષ્ટ થઇ હું તને આપવા તત્પર છું.' ત્યારે વિચાર કરીને તેણે એક વરમાં માગ્યું કે–'સંગીત કરનારી કામિની સહિત મને સામ્રાજ્ય પ્રાપ્ત થાય.' તથા બીજા વરમાં માગ્યું કે—'હે દેવી! હું યાદ કરૂં, ત્યારે તરત તારે આવીને હાજર થવુ.' ત્યાં દેવી 'ભલે એમ થાઓ' એ રીતે બોલતાં તે અદૃશ્ય થઈ ગઈ. પછી શ્રીષેણ પણ તેની મૂર્ત્તિને નમીને બહાર નીકળતાં ચિંતવવા લાગ્યો કે—

'અરે! તે મારો મિત્ર કયાં હશે?' એમ ધારી ત્યાં ચોતરફ ફરતાં તે મોટેથી તેને બોલાવવા લાગ્યો. પણ મૃત મનુષ્યની જેમ કયાંથી પણ જવાબ ન આવવાથી 'અહા! તે કયાં હશે?' એમ ચિંતવી તરવાર લઇને આગળ ચાલ્યો, પરંતુ ઔષધ વિના પાણીમાં ચાલવાને તે અસમર્થ હતો, એટલે સમુદ્રતીરની પાસે એક દિશા ભણી ચાલ્યો, જતાં જતાં તેને વિચાર આવ્યો કે—'દુશ્છેદ્ય સર્પને મારતાં દેવીએ પ્રસન્ન થઇ વર આપ્યું, પણ ભાઈની શુશ્રૂષા મૂકી એ મને ભારે દુ:ખ થાય છે.' એમ ખેદ સાથે ઉતાવળે જતાં શ્રીષેણે તરંગના આઘાતથી ચપળ એવું તે યક્ષમંદિર નજીકમાં જોતાં 'આ શું યાનપાત્ર મારી સામે આવે છે, જોઉં તો ખરો કે તે શું છે?' એમ ધારી તે ઉભો રહ્યો ત્યાં ભૂતાધિષ્ઠિત પાત્રની જેમ તણાતું તણાતું કિનારે આવ્યું. એટલે શ્રીષેણે તેને ઓળખતાં વિચાર્યું કે—'આ અમારા યક્ષનું મંદિર અહીં કયાંથી?' બરાબર જોઇને તે તરત જ તેનાપર ચઢયો અને જોયું તો પોતાનો મોટો ભાઇ કે વેણુનો ઢગ પણ તેણે દીઠો નહિ, પણ તેના બારણાપર લખેલા ભાઈના હસ્તાક્ષર જોયા, તેમાં તેણે એવું વાંચ્યું કે—'યક્ષમંદિર સમુદ્રમાં તણાઈ આવતાં, વ્હાણના લોકોએ તે જોઈને મને વ્હાણમાં લીધો અને સમુદ્રના કાંઠે ઉતર્યો. આથી આંખમાં આંસુ લાવી મોટા ભાઇના વિયોગે દૂભાયો. તે શ્રીષેણ વિચારવા લાગ્યો કે—'અહો! તે દુષ્ટ યક્ષે પોતાનું આ મંદિર પણ ન રાખ્યું, મારો ભાઈ દુ:ખ–સાગરમાં પડયો. અરે! મને પણ ધિક્કાર છે કે મેં મોટા ભાઇને સુતો મૂકી દીધો. ભાઈ સાથે કદાચ દુ:ખ પડે, તો પણ તે સુખ સમાન લાગે, માટે કયાં જાઉં કે જેથી વખતસર ભાઇ જોવામાં આવે. આમ કષ્ટ પડતાં પુરૂષ જો વિલાપ કરે, તો તે સ્ત્રીની સમાનતાને પામે.' એમ ધારી, તે કાષ્ઠમંદિર થકી ઉતરી, આગળ ચાલતાં તે અનુક્રમે સિંહલદ્વીપની **રંગશાળા** નામે નગરીમાં

પહોંચ્યો. ત્યાં ચોતરફ લોકોને નિશાની બતાવી પૂછતાં પણ ભાઇના ખબર ન મળવાથી પોતે કયાંક એકાંતમાં રહ્યો. ત્યાં બે દાસીઓ ત્યાં શૂન્ય સ્થાન જાણી, આવીને પરસ્પર સુખ–દુઃખની વાતો કરવા લાગી; તેમાં એકે બીજીને પૂછ્યું કે—' તે કુમારીઓને આટલા બધા દીવસ નિયમ પાળતાં થયા, છતાં દેવી સંતુષ્ટ થઇને કેમ વર આપતી નથી ? ' બીજી દાસી બોલી—' હે બ્હેન ! કુમારીઓની પ્રતિજ્ઞાથી પ્રસન્ન થતાં તે રાજ્યપ્રદા દેવીએ તેમને રૂપમાં કામને જીતે તેવો વર આપ્યો છે.' રાજ્યપ્રદા દેવીનું નામ સાંભળતાં શ્રીષેણ સાવધાન થઇને તે વાત બરાબર સાંભળવા અંધારામાં ઉભો રહ્યો. તેવામાં પેલી દાસી હર્ષથી પૂછવા લાગી કે—' હે સખી ! તે વર કોણ ? ' બીજી બોલી—' અમે બરાબર તેને ઓળખી શકી નહિ; પરંતુ તે દેવીએ કુમારીઓને એમ કહ્યું કે—' જે સંધ્યાએ તમારા પિતાનો ઘાત કરશે, તે તમારો પતિ થશે. એમ દેવીની વાણીનો પ્રસાદ પામી તે કુમારિકાઓ અહીં આવી. હવે તે પુરૂષ દેવીના પ્રભાવથી કયાંકથી આવી, હાથી પ્રમુખ સૈન્યને વશ કરી, રાજાને હણીને સિંહલદ્વીપનું રાજ્ય લેશે.' એટલે પહેલી દાસી બોલી—' એ વાત તો સંભવતી નથી. ગમે તેવા શૂરવીરથી પણ હાથી પ્રમુખની સેના વિના આ રાજા મારી શકાય નહિ. બીજી બોલી કે—' હે સખી ! તને ખબર નથી કે એ રાજા સ્ત્રીલંપટ છે અને રાત્રે એકલો નગરીમાં સર્વત્ર ફર્યા કરે છે. વળી હે સખી ! જેણે દૃષ્ટિવિષ સર્પને ક્ષણવારમાં માર્યો અને જે તપ્ત તામ્રરસના કુંડમાં પડયો, એવા પુરૂષને શું અસાધ્ય હોઈ શકે ? માટે ચાલ, હવે રાજાને આવવાનો સમય થયો છે. અરે ! તે અંધાર પછેડો ઓઢીને આવતો લાગે છે. તે વખતસર એકલો અહીં આવતાં આપણને જોઈ લેશે. ' એમ કહેતાં તે બંને દાસી ચાલી ગઈ. અહીં શ્રીષેણ પોતાનો વૃત્તાંત સાંભળતાં બહુ આનંદ પામ્યો, અને

રાજાને નજીક આવતો જોઇ, તે ક્ષણભર ભૂમિમાં છુપાઇ રહ્યો. ત્યાં રાજા પણ શંકા વિના તેની નજીકના માર્ગે ચાલ્યો; જેથી શ્રીષેણ પણ તેની પાછળ પાછળ દૂર રહેતો ચાલ્યો. પછી જાણે દૈવે અંધ બનાવેલ હોય તેમ રાજાની પાછળ જતાં તેને રાજાનો ખાસ સેવક સમજીને દ્વારપાલોએ મહેલમાં જતાં અટકાવ્યો નહિ. તેમણે જાણ્યું કે—'આ તો કોઈ રાજાનો ખાનગી પુરૂષ હશે.' માટે તેને બોલાવ્યો પણ નહિ અને કાંઇ પૂછ્યું પણ નહિં, એટલે તે રાજાની પાછળ બરાબર પ્રાસાદમાં પહોંચી ગયો. ત્યાં જતાં રાજાની સામે આવીને શ્રીષેણ બોલ્યો કે—'હે રાજન્! તું શસ્ત્ર હાથમાં લે. હવે તારૂં આવી બન્યું છે.' એમ કહેતાં તેણે રાજાનું મસ્તક છેદી નાખ્યું. ત્યારે બધાના સાંભળતાં આકાશવાણી થઈ કે—'હે મહાનુભાવ! તું જયવંત થઇ રાજ્ય ચલાવ અને કુમારિકાનો પતિ થા.' એવી દેવવાણી સાંભળતાં કુમારીઓ પરિવાર સહિત ત્યાં આવતાં ખેદ અને હર્ષપૂર્વક બધાને નિવારીને જાણે સાક્ષાત્ રાજ્ય લક્ષ્મી હોય તેવી કન્યાઓએ ભારે હર્ષથી રોમાંચિત થઇ, તેમણે શ્રીષેણના કંઠમાં વરમાળા આરોપણ કરી. પછી કન્યાઓએ પ્રધાન પ્રમુખને બોલાવ્યા અને સર્વ વ્યતિકર જાણવામાં આવતાં તેમણે શ્રીષેણને રાજ્યપર સ્થાપ્યો, વળી તેમણે જણાવ્યું કે—'જે અહીં રાજા થાય, તેનું નામ **સરિત્સુત** રાખવામાં આવે છે.' એમ કહીને શ્રીષેણનું સરિત્સુત એવું નામ તેમણે સ્થાપન કર્યું. એટલે સરિત્પુત્રે ઉદયાચલપર સૂર્યની જેમ સિંહાસનપર બિરાજમાન થતાં નગરજનોને આજ્ઞા કરી કે—'તમને સરિત્સુત રાજા આજ્ઞા કરે છે કે—રાજ્ય-પ્રાપ્તિના મંગળરૂપે તમે નગરને શણગારો.' એટલે તેમણે નગરશોભા કરતાં રાજા પટ્ટહસ્તીપર બેસીને રયવાડીએ નીકળ્યો. પછી પ્રધાન-શ્રેષ્ઠ લગ્ને તે બધી રાજકન્યાઓ કે જે પોતાના મનથકી પરણી ચૂકી હતી, તેમને રાજા પરણ્યો અને તારા

સાથે ચંદ્રમાની જેમ શક્ર સમાન ન્યાયવાન્ સરિત્સુત રાજા તે રમણીઓ સાથે ભોગવિલાસ કરતાં પ્રજાનું પાલન કરવા લાગ્યો. રાજા સમગ્ર રાજ્યચક્રને સ્થાપન અને ઉત્થાપન કરવામાં વ્યગ્ર બનેલ સરિત્સુતે પોતાના મોટા ભાઈને સર્વથા વિસારી મૂકયો. એવામાં કેટલાક વહાણના વ્યાપારીઓ ઘણી વિભૂતિ પેદા કરી ત્યાં આવ્યા અને તેમણે રત્નના થાળસહિત એક તરવાર રાજાને ભેટ ધરી. તેને શસ્ત્ર બહુ પ્રિય હોવાથી તરવાર લઈ, વેગથી તેની શ્રેષ્ઠતા જોવાને તેણે ઉઘાડતાં પોતાના ભાઈ હરિષેણની તે ઓળખીને કહ્યું કે—' આ તમે કયાંથી મેળવેલ છે ? ' એટલે તેઓ કંપતા શરીરે અને સ્ખલના પામતા શબ્દોમાં જણાવ્યું કે—' હે રાજન્ ! ભવ–સાગરમાં બૂડતાને ગુરૂ–ઉપદેશની જેમ નાવથી અમે પાર પહોંચાડેલ એક કૃતજ્ઞ પુરૂષે એ અમને ભેટ આપેલ છે.' ત્યારે સંભ્રમથી રાજાએ કહ્યું કે—' પછી તે કયાં ગયો ? ' તેમણે અંજલિ જોડી જણાવ્યું —' તે અમે કશું જાણતા નથી.' એટલે સરિત્સુત રાજાએ તેઓને સત્કારી, પોતે હરિષેણની શોધ કરવા ચોતરફ માણસો મોકલ્યા, અને પોતે પણ તેની શોધ પ્રત્યે ભારે ઔત્સુકય ધરાવતાં તેવા રાજ્યને પણ એક બંધનરૂપ સમજવા લાગ્યો. વળી તેણે એવી પ્રતિજ્ઞા કરી કે—' મોટા ભાઇ મળ્યા પછી રયવાડી અને બે વખત ભોજન કરીશ.'

હવે અહીં હરિષેણ સાગરથકી પાર ઉતરતાં ' શ્રીષેણની હું શોધ કરૂં, એવા અભિપ્રાયથી ચોતરફ તે ભમવા લાગ્યો. એવામાં એકદા ઉનાળામાં માર્ગે કોઇ પરબમાં સર્પે પીધેલ પાણી તૃષ્ણાતુર થઇને તેણે પીધું, જેથી તેનું મસ્તક ઘુમવા લાગ્યું અને બેભાન હાલતમાં એક વડ નીચે પડયો રહ્યો. તે વખતે વડ પાસેના એક છિદ્રમાંથી એક મોટો સર્પ બહાર આવ્યો અને તેનું મુખ જોઇ, તેણે તેનો નાભિનો ભાગ દબાવ્યો. આ વખતે તેનું શરીર વિષના

ચોગે હળદર જેવું થયેલ હતું અને તે મૂર્છિત હતો. તે સર્પે તેને જીવતો જાણી, તરતજ એક ઔષધિ લાવી, તેના નાભિભાગે મૂકતાં તેનાપર પુંક મારી, ત્યારે તે પુંકનો પવન અને ઔષધિનો સ્પર્શ શરીરમાં પ્રસરતાં, વિષ તરત દૂર થવાથી હરિષેણ ઉઠયો, અને જુએ છે તો એક મોટો સર્પ પોતાની નાભિપર ઔષધિ મૂકી, ત્યાં પુંક મારતો હતો. એટલે તેને શંકાતુર જોઈ સર્પ તરત વિદ્યાધર બનીને બોલ્યો કે—'હું તારો રક્ષક છું.' ત્યારે 'પાણી પીવાથી એ પ્રમાણે થવા પામ્યું એમ જાણતો હરિષેણ, પુનઃ સર્પ બની બેઠેલ તેને કહેવા લાગ્યો કે—'નાગરાજ! તું ઉપકારીથી મને કોઇ પ્રકારની શંકા નથી, પણ મારી વિષમૂર્છા શાથી ગઇ?' ભુજંગ બોલ્યો—'તને વિષમૂર્છિત જોઈ, કરૂણા આવતાં, આ ઔષધિથી તને મેં ઉઠાડયો.' ત્યારે હરિષેણ બોલ્યો—'કહે, તારૂં શું પ્રિય કરૂં?' સર્પ બોલ્યો—'મારૂં પ્રિય કરવાને કોઇ પણ સમર્થ નથી.' હરિષેણે કહ્યું—'તો પણ કહે.' તે બોલ્યો–'મારો પિતા દૃષ્ટિવિષ નામે છે તે પોતાની વિદ્યાથી સર્પ થઇને બધે ક્રીડા કરતો, તેને સિંહલદ્વીપના યમ જેવા નિર્દય રાજાએ છળથી મારી નાખ્યો, તે પુણ્યશાળી હોવાથી, હું તેને કોઇ રીતે હણી શકતો નથી, જેથી લાચાર થયેલ મને પિતૃવૈર વારંવાર સાલે છે.' હરિષેણે પૂછયું—'તારા પિતાને તેણે કેમ માર્યો?' તેણે કહ્યું—'મારા તાતની શેષનાગ સાથે મિત્રાઈ હતી. એકદા તેને હસ્તો જોઇને મારા પિતાએ પૂછયું કે—'તમે હસ્યા કેમ? હા! ભવિતવ્યતા કેવી જણાય છે?' તેણે જણાવ્યું—'તું સર્પ થઇને જગતને દૃષ્ટિવડે બાળી નાખવાને સમર્થ છે, છતાં **રાજ્યપ્ર**દા દેવીના મંદિરમાં તને પુરૂષ હણશે.' એમ સાંભળતાં મારા પિતાએ દૃષ્ટિવડે રાજ્યપ્રદાની નગરી બાળી નાખી. એકદા ભૂમિમાંથી સર્પ થઇને નીકળતાં એ રાજાએ તેને માર્યો.' એ સાંભળી પ્રત્યુપકાર કરવામાં પ્રમોદ પામનાર હરિ-

ષેણ બોલ્યો—' આવા અલ્પ કામમાં આટલો બધો ખેદ કેમ પામે છે? હે મહાનાગ! હું એ તારા પિતાના વૈરીને અવશ્ય મારીશ; પરંતુ તે સ્થાન દૂર હોવાથી હું ત્યાં જવાને અસમર્થ છું.' સર્પ બોલ્યો—' જો તારે અવશ્ય પ્રત્યુપકાર કરવો હોય, તો હું તને ત્યાં નજીકના માર્ગે લઈ જઈશ.' એ વચન સ્વીકારતાં, સર્પ હરિષેણને સિંહલદ્વીપની સુરંગમાં લઇ ગયો. ત્યાં આગળ સર્પ અને પાછળ હરિષેણના જતાં તે બંને થોડાજ દિવસોમાં સુરંગમાર્ગે સિંહલદ્વીપે પહોંચ્યા, અને **રંગશાળા** નગરીની બહાર એક વટવૃક્ષ નીચે વિસામો લેતાં હરિષેણે ભુજંગને કહ્યું કે—' હે નાગરાજ! તમે અહીં વટના કોટર-બખોળમાં રહો અને હું નગરીમાં જઈ, રાજાને મારવાના ઉપાય શોધું છું. તમે રાજાનું મરણ સાંભળતાં સ્વસ્થાને ચાલ્યા જજો. રાજાને મારતાં દૈવયોગે હું પણ જીવતો નહિ રહું., સર્પે એ વાત કબૂલ કરતાં હરિષેણ નગરીમાં પેઠો અને જુગાર રમતાં પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યો. તે પ્રતિદિન રાજાને મારવાના ઉપાય શોધતો પણ રાજા જેનાથી મરે તેવો કંઈ ઉપાય તેને હાથ ન લાગ્યો. ત્યારે તે વિચારવા લાગ્યો કે—'અહા! મારૂં વચન વૃથા જાય છે. સર્પ આગળ કરેલ પ્રતિજ્ઞા હું અદ્યાપિ પૂર્ણ કરી શકયો નથી. આટલા બધા દિવસો જતાં હું રાજાને જોઇ પણ શકયો નથી. તે બહાર નીકળતો નથી અને હું તેની પાસે જવાને સમર્થ નથી.'

તેવામાં એકદા રાજાની પાસે રહેનાર એક દાસીને હરિષેણે કહ્યું કે—' હું તારો અભિલાષી છું.' એમ કહી પ્રેમ બતાવતાં પાન, વસ્ત્ર, કુંકુમાદિક તેને આપતાં તે દાસી તેની ભાર્યા થઇને રહેવા લાગી. દાનથી શું ન થાય? તે સદા અટકાવ વિના રાજભવનમાં જતી, જેથી એકદા એકાંતમાં હરિષેણે કૌતુક બતાવતાં તેણીને કહ્યું કે—' હે પ્રિયા! એ રાજા અપૂર્વ લાગે છે, જેથી તેને

જોવાની મને ઘણી હોંસ છે, માટે કોઇ પણ ઉપાયથી તું મને રાજા બતાવ.' દાસી બોલી—'રાજાને જોવાનો એક સારો ઉપાય છે. આજે સાંજે અંતઃપુરસહિત રાજા નદીપર જશે, ત્યાં સવસ્ત્ર સ્નાન કરી, નવીન વસ્ત્ર પહેરી રાણી સહિત તે નદી કાંઠે શ્રીદેવીને પ્રણામ કરશે, પણ ત્યાં કોઈ પુરૂષ આવી ન શકે, માટે હે પ્રિય ! તમે સ્ત્રીવેષે મારી સાથે ચાલો.' ત્યારે હરિષેણ બોલ્યો–'એ આવા મહાશીતમાં સવસ્ત્ર કેમ સ્નાન કરે છે ?' દાસીએ કહ્યું—'એ રાજા દરવર્ષે માઘ માસની અષ્ટમીની રાત્રે સ્નાન ન કરે તો તે ઘાતકથી માર્યો જાય. અગાઉના રાજાએ અહંકારથી સ્નાન ન કર્યું, જેથી આ રાજાએ તેને મારીને રાજ્ય લઈ લીધું, તેથી પ્રતીતિ પામેલ એ રાજા આ દિવસે સ્નાન કરશે. શૂરવીરજનો પણ દેવતા પાસે કાયર બને છે.' એમ સાંભળતાં હરિષેણ ભયપૂર્વક ચિંતવવા લાગ્યો કે—'યથા વિધિ સ્નાન કરનાર એ રાજાને ઘાતક કેમ મારી શકે ?' એમ ધારી પુનઃ ધીરજ લાવી તેણે વિચાર કર્યો કે—'જો એક વખત તે રાજા નજરે આવે, તો મારાથી તેનું રક્ષણ કરવાને દૈવ પણ કાયર છે.' એમ ચિંતવી તેણે દાસીને કહ્યું કે—હે પ્રિયા ! રાજાને જોવાનો તેં મને સારો ઉપાય બતાવ્યો, માટે આજ સાંજે મારોમનોરથ પૂર્ણ થાઓ.' પછી અંતપુરસહિત રાજા નદી–તીર્થે ગયો, એટલે સ્ત્રીવેષે હરિષેણ પણ દાસી સાથે ત્યાં ગયો. આ વખતે હરિષેણે કેડમાં તરવાર છુપાવી રાખેલ, પણ ગતિ અને વચનથી સ્ત્રીની જેમ તે દાસી પાછળ ફરતો રહ્યો. પછી અંગરક્ષકોને દૂર કરતાં, રાજા પોતે રાણીસહિત સ્નાન કર્યું અને નદીજળમાં રાજ–આચાર સાચવ્યો. ત્યાંથી દેવીને નમસ્કાર કરવા તે મંદિરમાં પેઠો. તે પહેલાં તે દુષ્ટાત્મા દેવીના ભુવનમાં ગયેલ, તેને દાસી સમજીને રાજાએ નિષેધ ન કરતાં દેવી પ્રત્યે મસ્તક નમાવતાં, પોતાના ભાઇને ન જાણતાં દુષ્ટબુદ્ધિ હરિષેણે રાજાના

ગળે પ્રહાર કર્યો, પણ પુણ્યયોગે તે પ્રહાર દ્વારના કાષ્ઠમાં અથડાયો, એટલે રાજા ભયને લીધે તરતજ પાછો બહાર ચાલ્યો ગયો. ત્યાં અંતઃપુરની સ્ત્રીઓમાં મોટો કોલાહલ જાગ્યો અને તરવાર બતાવતાં અંગરક્ષકો બધા દોડી આવ્યા. પછી રાજાએ પ્રધાનને હુકમ કર્યો કે—' એ સ્ત્રી હોવાથી મારે અવધ્ય છે, માટે તેને અત્યારે જ નગરીની બહાર કહાડી મૂકો. એમ કહી રાજા પોતાના ભવનમાં આવ્યો. પછી મંત્રીએ કાલપાશિક ઘાતકને હુકમ કર્યો કે—' આ સ્ત્રીને કંઈક નિશાની કરીને અત્યારે જ નગરીથી કહાડી મૂકો.' એટલે તે ઘાતક તેને પકડી પોતાના ઘરે જઇને વિચારવા લાગ્યો કે—' અહો ! સારૂં થયું કે આ સ્ત્રી મને મળી, કારણ કે અત્યારે જ જન્મ પામેલ પુત્રની મેં યક્ષની આગળ માનતા કરી કે સ્ત્રીના કાન, નાસા અને હોઠથી પૂજા કરવી. માટે હવે હમણાં જ આ સ્ત્રીને યક્ષના મંદિરમાં લઈ જઇને એના કર્ણાદિકવડે હું પોતે આનંદથી યક્ષની પૂજા કરૂં.' એમ ધારી તે ઘાતકે પોતાના સંબંધીઓને સાદર બોલાવી, બે પુરૂષોએ પકડેલ હરિષેણુને તે યક્ષભવનમાં લઈ ગયો. હરિષેણુ વાઘની જેમ શૂરવીર છતાં તેમણે પકડેલ હોવાથી ભાગવાને અસમર્થ થતાં તે યક્ષમંદિરમાં ગયો, અને વિચારવા લાગ્યો કે— 'અહા ! મને ધિક્કાર છે કે મેં રાજાનું મસ્તક ન છેદ્યું અને રાજાએ મારૂં શિર ન છેદ્યું. હવે તો શસ્ત્રરહિત બિચારા બકરાની જેમ ચંડાળ મારાં અંગ છેદીને યક્ષની પ્રમોદ પૂજા કરશે. શ્રીષેણુ મારા જોવામાં ન આવ્યો અને સર્પનો પ્રત્યુપકાર ન કર્યો. હા ! દૈવ ! ચંડાળના હાથે તેં મને મરણ આપ્યું. વળી પૂર્વે રાજાને મારવા મેં જે સ્ત્રીત્વનો સ્વીકાર કર્યો, તેથી પુરૂષત્વ નાબુદ થતાં મારી ક્ષત્રિયતા પણ નાશ પામી.' એવામાં તે ચંડાળ યક્ષની પૂજા કરી, બહાર આવી, તેણે હરિષેણુના કર્ણાદિકમાં ચંદનનાં છાંટણાં કર્યાં, અને કહ્યું કે—' અરે ! નૃપઘાતી આ અબળાને તમે

ગાઢ પકડી રાખજો.' એમ પોતાના પુરૂષને કહેતાં તેણે તીક્ષ્ણ છરી ખેંચી, અને હરિષેણને ઉદ્દેશીને કહ્યું કે—' અરે ! પાપણી ! તું તારા કર્મનું ફળ ભોગવ ! એમ કહી, પ્રથમ નાક છેદવા ચંડાળે તેના ગાલ ઉપર પોતાનો હાથ ધરતાં, મુંડેલા કેશના તીક્ષ્ણ કાંટા તેના હાથે લાગ્યા, એટલે તેને વિચાર આવ્યો કે—' અરે ! આને દાઢીના વાળ ક્યાંથી ? ' એમ ધારી તેણે ચોતરફ હાથ ફેરવતાં કેશના ચિન્હથી તેને પુરૂષ સમજીને ભયથી બોલી ઉઠ્યો કે— ' એને બરાબર પકડો એ પુરૂષ છે, સ્ત્રી નથી. આપણા રાજાને મારવા માટે એ દુષ્ટાત્માએ સ્ત્રીવેષ લીધો, તો એને ગાઢ બાંધીને પછી છેદો.' એમ ચંડાળના કહેતાં તેના સેવકોએ તેને ગાઢ બાંધ્યો. પછી ચંડાલ બોલ્યો કે—' હે પુરૂષ ! તું તારા ઇષ્ટદેવને યાદ કરી લે. પ્રથમ સ્ત્રીના ભ્રમથી અમે તને બાંધ્યો, પણ માર્યો નહિ, પરંતુ હવે તો તું પુરૂષ જાણવામાં આવતાં યક્ષની સમક્ષ તારો ભોગ ધરાશે.' ત્યારે હરિષેણ ધીરજથી નિર્ભય થઇને બોલ્યો—' દૈવયોગે મરણ આવતાં દેવને યાદ કરવાથી શું થવાનું ? માટે પ્રથમ મારા હાથ કાપ કે જે રાજાનો ઘાત કરવાને તત્પર થયા. હે શૌનિક ! પછી યક્ષ આગળ તારે જે કરવાનું હોય, તે કરજે.' એમ હરિષેણના કહેતાં યક્ષે ચંડાળને પ્રહાર કરતો જાણીને નિષેધ કરતાં જણાવ્યું કે– 'અરે! એને મારીશ નહિ, એતો હરિષેણ નામે મારો ઉપાસક છે. અરે ! ચંડાલ ! મારી આગળ તેને મારવા કેમ તૈયાર થયો છે ? એની શોધ કરવાને જ હું દેશોદેશ ભમું છું. અહો ! મારા પ્રસાદથી એ આવી દુર્દશા પામ્યો છે.' એમ પુરૂષ બનેલ યક્ષે કહેતાં સિંહનાદથી હાથીઓની જેમ ભય પામતાં બધા ચંડાળો ભાગી છૂટ્યા. પછી બહુજ ગાઢ બાંધેલ પણ હરિષેણના બંધનો યક્ષના પ્રભાવથી પોતાની મેળે તડતડાટ દઇને તૂટી પડયાં. ત્યાં હરિષેણને વિચાર આવ્યો કે—'અહો ! પૂર્વે સેવેલ તેજ યક્ષ અહિં ક્યાંથી ? ' એમ જાણી હરિષેણ નીચે મુખ કરી ઉભો

રહ્યો. તેવામાં પુરૂષ થયેલ યક્ષે સ્નેહથી તેને આલિંગન આપતાં જણાવ્યું કે-'હે મહાભાગ! આવી વિડંબના કેમ પામ્યો?' એટલે બહુજ ધીમે સાદે હરિષેણે લજ્જાવશે રહી રહીને પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે વિષાદ પામતાં યક્ષે કહ્યું કે--'હું કુસ્વામીથી તને એ વિષમ દશા પ્રાપ્ત થઈ, તે તું ક્ષમા કર.' હરિષેણ બોલ્યો-'હે યક્ષરાજ! અત્યારે મરણ થકી મને બચાવતાં તારૂં સ્વામિત્વ સફળ થયું. પરંતુ નાગની આગળ મેં લીધેલ વચનનું પાલન ન કરતાં સુધી તેં આપેલ જીવિતને પણ મૃત્યુની ચૂલિકા સમજું છું.' ત્યાં ધીરજથી યક્ષ પુનઃ કહેવા લાગ્યો કે—'તું ખેદ ન કર. તારી પ્રતિજ્ઞા હું સફલ કરીશ.' ત્યારે હરિષેણે તેને પૂછ્યું કે—'મારો નાનો ભાઈ ક્યાં જોવામાં આવ્યો?' તે બોલ્યો—'ક્યાંય નહિં.' જો કે તે શ્રીષેણ બીજા નામે તે **રંગશાળા** નગરીમાં જ હતો, પણ વિભંગજ્ઞાનના ઉપયોગ દીધા વિના તે જાણી ન શકયો અને શ્રીષેણનું નામફરી ગયેલ છે. તેવામાં સંકેત પામેલ તે નાગ, 'રાજાનો ઘાત થયો' એમ સાંભળતાં વટ-કોટરમાંથી પોતાના સ્થાને ચાલ્યો ગયો. ત્યાંના રાજાને શ્રીષેણ ન જાણતા તે યક્ષ અને હરિષેણ તેની શોધ કરવા ચાલ્યા, પણ શ્રીષેણ ક્યાંય પણ તેમના જોવામાં ન આવ્યો. પછી સુવર્ણદ્વીપમાં જતાં યક્ષે હરિષેણને કહ્યું કે—'તારી પ્રતિજ્ઞાના નિર્વાહ માટે એ નગરના રાજાના પુત્રને હું વળગીશ અને અન્ય માંત્રિકોથી નીકળીશ નહિ. ત્યારે પુત્રના-ગ્રહથી આર્ત્ત બનેલ રાજા ડાંડી વગડાવે, તેનો તું સ્પર્શ કરજે અને નિર્ભય થઇ હુંકાર મૂકતાં તું રાજપુત્ર પાસે આવજે, એટલે જાણે તારાથી બીક પામેલ હોઉં, તેમ રાજપુત્રને હું તરત મૂકી દઈશ. પછી જેમ તારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય, તેમ તું રાજા પાસે વર માગજે. હું પછી ઉત્કંઠિત થઇ મારા સ્થાને ચાલ્યો જઇશ. મારૂં ઉદ્યાન શૂન્ય મૂકેલ છે, તો મારા વિના તેમાં કોઈ શત્રુ આવી ચડે.' એમ

કહી યક્ષે રાજપુત્રને વળગતાં રાજાએ ડાંડી પીટાવી અને હરિષેણે તેનો સ્પર્શ કર્યો. એટલે યક્ષ તેને મૂકી જતાં રાજસુત નીરોગી થયો. જેથી તેને મહામાંત્રિક સમજીને રાજાએ સંતુષ્ટ થઈ કહ્યું કે—'હે મહાભાગ! તને દેશ, હાથી કે ધનાદિક જે કાંઇ રૂચે, તે માગી લે.' હરિષેણ બોલ્યો હે રાજન્! જો તું ખરેખર સંતુષ્ટ થયો હોય, તો એક મારૂં વચન સાંભળ—સર્વત્ર સુલભ એવા એ દેશાદિકની મારે જરૂર નથી, પરંતુ રંગશાળા નગરીમાં મારો શત્રુ સરિત્પુત્ર રાજા છે, તેનો ઉચ્છેદ કર. બસ, એટલું જ આદરથી તારી પાસે માગવાનું છે.' રાજા હસીને બોલ્યો—'અરે! આ તો તેં મારૂં પ્રયોજન માગ્યું. કારણ કે ચતુરંગ સેના તેના પ્રત્યે જવાને તૈયાર જ કરી મૂકી છે, માટે તને જ એ સેનાનો સેનાપતિ સ્થાપું છું. મારા આદેશથી એ સૈન્ય બરાબર તારી આજ્ઞા બજાવશે. વળી પોતાનું વૈર લેવાશે અને સ્વામીનું કામ થશે, માટે ભારે ઉત્સાહ લાવીને તું હમણાં જ ત્યાં જા અને શત્રુને એકદમ સાધી લે.' પછી રાજાએ પોતાની સેનાને આજ્ઞા કરી કે—'એની આજ્ઞા પ્રમાણે તમે બધા વર્તજો.' એમ સેનાપતિઓને પણ ફરમાવી, હરિષેણને વિસર્જન કર્યો. એટલે અખંડ પ્રયાણોથી ચાલતાં તે રંગશાળા નગરીમાં પહોંચ્યો અને સર્વ બળથી તેણે તે નગરીને ઘેરી લીધી, બહાર વસતા લોકોને તે સતાવવા લાગ્યો અને નગરીના લોકોને પેસવા નીકળવાનું બંધ થયું. ત્યારે રયવાડીએ નીકળતા સરિત્પુત્ર રાજાને કોટવાલોએ જઇને નિવેદન કર્યું કે—'હે નાથ! શત્રુના બળ—સૈન્યરૂપ સાગરે ચંચળ તરંગરૂપ અશ્વોવડે અકાળે નગરીને ચોતરફથી ઘેરીને બુડાડવા—સતાવવા માંડી છે. વળી હે દેવ! નગરીજનો નિરોધ પામતાં આક્રંદ કરી રહ્યા છે, તેમ ગોકુળ કે પાણી પણ વધારે નગરીમાં નથી.' એમ સાંભળતાં પ્રસરતા કોપથી અધર કંપાવતા રાજાએ વપ્રયંત્રોના વાહક પુરૂષોને તોપો મારવાની

આજ્ઞા કરી, મુખ્ય દ્વારોપર માંડલિક સામંતોને ઉભા રાખ્યા. અને કિલ્લાપર ધનુર્ધરોને ચઢાવ્યા, પણ પોતાને બહાર જવાનો નિયમ હોવાથી પ્રાસાદપર રહેતાં જ રાજા નગરીની રક્ષા કરવા લાગ્યો. તે વખતે પ્રાકારમાં અને બહાર રહેલા સુભટો પરસ્પર તોપના ગોળા અને બાણોવડે ખૂબ યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે વપ્રયંત્રનો પ્રતીકાર કરી, હરિષેણે પોતે પોતાના સુભટો કિલ્લો પાડવા મોકલ્યા, અને બાણોથી કિલ્લામાં રહેલાઓને તાડન કરતાં, વચમાં અંતર મળતાં શૂરવીર સુભટો કિલ્લો પાડવા તૈયાર થયા. વળી ચોતરફની પ્રતોળીપર તેણે પોતાનું સૈન્ય મોકલ્યું શૂરવીરોની શીઘ્રતા એ વિજયલક્ષ્મીનું કાર્મણ છે. આથી બીજે ક્યાં અવકાશ ન પામતાં અને ભયાતુર બનેલા ધીર કોટવાળોએ જઇને એ વાત રાજાને નિવેદન કરી, તે વખતે નગરીજનો હુમલો જોઇ ભય રહિત ભેગા થઇને રાજાને દોષ દેવા લાગ્યા. એમ લોકોને ચોતરફ આક્રંદ કરતા સાંભળી અને શત્રુસૈન્ય વિસ્તૃત જોઇ પોતાની પ્રતિજ્ઞાનો વિચાર કરતાં અન્ય કાંઈ પણ ઉપાય ન રહેવાથી સરિત્સુત રાજાએ એક વરના બદલામાં રાજ્યપ્રદા દેવીને યાદ કરી, એટલે તરત જ તે દેવી આવીને કહેવા લાગી કે—“હે વત્સ! કહે, હું તૈયાર છું શું કરૂં?” ત્યારે તેણે અંજલિ જોડી દેવીને જણાવ્યું કે—‘હું જ્યારે મારા ભાઇને જોઇશ ત્યારે હું બહાર જઇશ. એ મારી પ્રતિજ્ઞા સાંભળી છલગવેષી શત્રુરાજાએ મારી નગરીને રૂંધી છે અને હું રાજા તેની અંદર બેઠો છું, પણ પ્રતિજ્ઞાને લીધે સંગ્રામ કરી શક્તો નથી, તો તમે મારા પર પ્રસન્ન થઇને શત્રુ થકી પૌર જનોને બચાવો.’ રાજ્યપ્રદા દેવી બોલી–‘હે વત્સ તું મારૂં વચન સાંભળ—એ સિદ્ધરાજા કે જેને મેં રાજ્ય આપેલ છે અને તેનુંજ આ સૈન્ય છે. તું યાદ કર કે મારા પ્રાસાદમાં તું બીજા પુરૂષ સાથે આવ્યો હતો અને તે દષ્ટિવિષ ભુજંગના ભયથી પેલી વૃદ્ધા સાથે

ભાગી ગયો. ત્યાં ઉપદ્રવ કરનાર સર્પને તેં મારી નાંખતાં પૂર્વની જેમ તે દ્વીપ વસતા તેમાં ફરી દીપોત્સવ ચાલુ થયો. તપ્ત તામ્ર-કુંડમાં તારી જેમ તે પુરૂષ પડયો અને તેના સાહસથી સંતુષ્ટ થઇ મેં તેને સુવર્ણદ્વીપનું રાજ્ય આપ્યું. જેમ તને તેમ તેને પણ મેંજ રાજ્ય આપ્યું છે, તો તેના સૈન્યનો હું કેમ ઉચ્છેદ કરી શકું? ત્યારે સરિત્સુત બોલ્યો-' હે દેવી ? તમે મારો ભાઇ મને સત્વર બતાવો, પછી હું પોતે શત્રુનો ઉચ્છેદ કરીશ. ' દેવી બોલી-' હે રાજન્ ! અત્યારે અષ્ટાપદપર જિનદર્શનની મારે ઘણી ઉત્સુકતા છે, પણ તારા ભાઇનું સાંગોપાંગ સ્વરૂપ બરાબર તું ચીતરી રાખજે, તો તેને અનુસારે મારા સેવકો તેને લઈ આવશે. ' પછી રાજ્યપ્રદા દેવી પોતાના વ્યંતરોને આજ્ઞા કરીને તે અષ્ટાપદપર ગઇ અને રાજાએ રૂપ આળેખીને તેમને આપ્યું. નગરીની બહાર રહેલ તેના ભાઇને દેવી જાણતી હતી, છતાં પોતે કહ્યું નહિ. કારણ કે તેમનો પરાક્રમ કે ક્રીડા જોવા અથવા ભાવિ જોઇને તે મૌન રહી હશે. હવે વ્યંતરો તે પટ લઈને સર્વત્ર પૃથ્વીમાં ભમ્યા, તેવો કોઇ પુરૂષ તેમના જોવામાં ન આવ્યો, એટલે તેઓ નગરી ભણી પાછા વળ્યા. ત્યાં શત્રુસૈન્યમાં રાતે પલંગપર સુતેલ તે હરિષેણને તેમણે જોયો. તેને પટરૂપને તુલ્ય જોઇ, તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે—' પો-તાના ભાઇ સરિત્પુત્રનો એ શત્રુ શા માટે બન્યો હશે? પણ આપણે એને ત્યાં મૂકવો નહિ, એ બંનેનું યુદ્ધ જોવાનું છે, તો શીઘ્ર રાજાને બતાવીને પાછો અહીંજ લાવી મૂકવો. ' એમ ધારી હરિષેણની શય્યા ઉપાડી, વિજળીના ચમકારાની જેમ તે રાજાને બતાવીને તેમણે પાછો ત્યાંજ મૂકી દીધો. એટલે રાજાએ પણ પોતાના મોટા ભાઇને ઓળખી ભાઇના દર્શન પર્યંતની પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ માની લીધી, પરંતુ રાજા સખેદ વિચારવા લાગ્યો કે—વ્યંતરો ક્યાંથી પણ એ સુતેલ ભાઇને લઇ આવ્યા, પણ તેની સાથે મારે

કાંઇ વાત ન થઈ.' હવે પ્રતિજ્ઞા પૂર્ણ થતાં તેણે દૂતના મુખે શત્રુઓને કહેવરાવ્યું કે-' તમે યુદ્ધ કરવા તૈયાર થાઓ. હું પોતે આ આવું છું.' પછી તે દૂતની પાછળજ પોતાના સર્વ બળે શેષનાગની ફણા નમાવતો તે શત્રુ પ્રત્યે ચાલ્યો, ત્યાં દૂતે બહારના સૈન્યમાં આવી પોતાના સંબંધીની જેમ હરિષેણને ગંભીર અર્થમાં નિવેદન કર્યું કે-' અરે ! તમે આ શું આરંભ્યું છે ? પોતાના આત્માને અનાત્મ કરવાનો આ માર્ગ લીધો છે. ક્ષત્રિયોનો એવો આચાર છે કે પોતાના આત્માનો ઉદય થાય તેવા માર્ગે ચાલવું. એ શું તું જાણતો નથી ? વળી ' શત્રુના દેશને મેં ઘેરી લીધો છે એમ પણ મનમાં માનીશ નહિ. એ તો કાલકૂટ-મિશ્ર ભોજન સમજી લે. તથા ' સૈન્ય-સાગરની વેળવડે મારે આ નગરીને તાબે કરવી છે ' એવી માન્યતા હોય, તો **અગસ્ત્ય** ઋષિ શું વેળસહિત સાગરને પી ન ગયો ? વળી ' દીપની જેમ શત્રુઓ તો મારા પ્રત્યે પતંગ સમાન છે ' એમ પણ ગર્વ લાવતો નહિ. દીવો પણ સર્પના દર્શનથી ઓલાઇ જાય એ શું તું જાણતો નથી ? વળી એ રંગશાળાનું રાજ્ય એને દેવોએ આપેલ છે, તેથી એ રાજા તારા સૈન્યને સર્વથા અસાધ્ય છે. માટે પોતાના અપરાધનો એ રાજાને દંડ આપીને તું ચાલ્યો જા. અકાળે પોતાનો સંહાર શા માટે કરે છે ? પોતાના ભાઈના વિયોગની પ્રતિજ્ઞાને લીધે પૂર્વે એ તારી સામે ન આવ્યો, પણ હવે પોતાના ભાઇને એણે જોયો તેથી એ તુરત આવ્યો સમજજે. જો તારાપર દૈવનો કોપ થયો હોય, તો યુદ્ધ કરવા તત્પર થજે, પણ પૂર્વની જેમ હવે એ તારો અન્યાય સ્હેવાનો નથી.' એ પ્રમાણે દૂતના વચન સાંભળતાં તેના પ્રત્યે મત્સર લાવી, સિંહની જેમ હરિષેણ સરિત્સુતપર ભારે કોપાયમાન થયો, અને બોલ્યો કે—' સંગ્રામમાં સામે આવીને હું તારા સ્વામીનું શિર છેદીશ ' એમ ઉંચેથી કહી સત્કાર આપી

તેણે દૂતને વિસર્જન કર્યો. એક તો પ્રથમ તે ક્રોધે વિલક્ષ બન્યો હતો, અને પાછો દૂતે ઉત્તેજિત કર્યો એટલે સામંતોને તેણે એકદમ આજ્ઞા કરી કે—‘ સૈન્ય સત્વર સજ્જ કરો ’ તેમણે તે પ્રમાણે કરતાં, પોતે સ્નાન કરી ઇષ્ટ દેવતાને પૂજી હરિષેણ ઐરાવણ સમાન હાથીપર આરૂઢ થયો. પછી રણવાદ્ય વાગતાં સુભટો રોમાંચિત થતાં બંને સૈન્યોનું યુદ્ધ શરૂ થયું, અને અન્યોન્ય ઘણા સુભટો માર્યા જતાં હરિષેણના સૈન્યને શત્રુએ ભાંગતાં તેઓ જીવ લઇને સામંતો બધા ભાગી છુટયા. એટલે હરિષેણ પોતે શત્રુ સાથે યુદ્ધ કરવા તૈયાર થયો, પણ વધતા ઉત્સાહથી સરિત્પુત્રના સુભટોએ ઘૂવડને કાગડાઓની જેમ હરિષેણને ઘેરી લીધો. તોપણ નિર્ભય થઇને અદ્ભુત યુદ્ધ કરતાં તેને સરિત્સુતના સુભટે છાતીમાં બાણ મારતાં, તેના પ્રહારે મર્મસ્થાને ઘાયલ થતાં તે હાથી પરથી નીચે પડયો. જ્યારે શત્રુ સુભટોએ તેને પકડી લઇને સરિત્સુતની આગળ લાવી મૂકયો, આ વખતે તેને મૂર્છિતાવસ્થામાં જોતાં રાજાએ ઓળખી લીધો કે—‘ આ તો મારો ભાઇ હરિષેણ છે. ’ એમ બોલતાં તરતજ તેણે આદેશ કર્યો કે— ‘ અરે ! શીતલ પાણી અને પંખો લાવો. ’ એમ કહી પોતે પટાવાસ–તંબુમાં તેને પવન નાખવા લાગ્યો. વળી શીતળ જળે તેના સમગ્ર શરીરને સિંચતાં રાજસેવકો જલાર્દ્ર પંખાથી તેને વારંવાર પવન નાખવા લાગ્યા. આથી સ્હેજ મૂર્છા રહિત થતાં પણ પ્રહારની વેદનાથી હરિષેણે આંખો ન ઉઘાડી, ત્યારે સરિત્પુત્ર અશ્રુ લાવતાં પોતાના બંધુ પ્રત્યે કહેવા લાગ્યો કે—‘ હે બંધો ! આ શ્રીષેણ તમારા ભાઇ પ્રત્યે પ્રસન્ન દૃષ્ટિએ જુઓ. હું તમારા વિયોગાનલથી તપ્ત થયો છું તેને ભેટી શાંત કરો. આટલા દિવસ તમારા વિના મને કયાં સુખ ન હતું. ’ તેમ છતાં મૂર્છાને લીધે હરિષેણ કાંઇ બોલ્યો નહિ, પણ રણાવેશથી તે વારંવાર

ભૂમિને તાડન કરતો રહ્યો. ભારે પીડાને લીધે તેને દાહ થતાં પોતાના કુળની સ્થિતિને પણ ન જાણતા તેને જોઇ સરિત્સુત ચિંતવવા લાગ્યો કે—‘ અહો ! એક તો અન્યોન્ય જોવાની ઉત્કંઠા હતી અને એક તરફ અન્યોન્ય યુદ્ધ ચાલ્યું. અન્યોન્ય ભ્રાતૃત્વ ન જાણતાં, એ બંનેની અજ્ઞાનતાને ધિક્કાર છે. તે અજ્ઞાનને લીધે સ્વરૂપ ન જાણવાથી હું પોતે જ શત્રુ બની શત્રુની જેમ પોતાના ભાઇને કેવી નઠારી અવસ્થામાં લાવ્યો. અહા ! પ્રાણીઓના શરીરની કેવી અસારતા કે જે કાચા ઘડાની જેમ ક્ષણમાં ભંગ પામે, આ ગત્વર—નશ્વર દેહથી જો પરમપદ સધાતું હોય તો મૂઢ જનો એ નશ્વર દેહનો લાભ કેમ લેતા નથી ? એ બાળપણામાં અકિંચિત્કર—કંઈ પણ ન કરનાર, યૌવનમાં દઢ અને વૃદ્ધ પણામાં જીર્ણતા પામતું જાય છે, એમ એક સ્વરૂપ વિનાના દેહનો વિશ્વાસ શો ? પોતાના શરીરરૂપ કિલ્લામાં વસતાં પણ આત્મા કાયરતા તજતો નથી, અને રોગાદિકથી ઘેરાતાં તે ધર્મદ્વારને ઇચ્છે છે. મહા બલિષ્ઠ કર્મોએ બળાત્કારે આત્માને ઘસડી જતાં, રક્ષા કરનાર સ્વજનો હઠ પૂર્વક શરીરગૃહને સળગાવી મૂકે છે. અરે ! રાજ્યને પણ ધિક્કાર છે કે જ્યાં આસક્ત થતાં અમ જેવા અંધની જેમ દુસ્સહ નરકની વેદનાને પણ જોઈ શકતા નથી, માટે હવે કુટુંબ સ્નેહ તથા વસ્ત્રાભરણાદિકથી મારે પ્રયોજન નથી. આત્માને અનાદિકાળથી લાગેલ કર્મ—રજને દૂર કરવા પ્રયત્ન કરી, બંધનમુક્ત કરૂં. ” એમ વૈરાગ્ય પૂરવડે વ્રત—સાગર પ્રત્યે જતાં સરિત્સુત પોતાના રાજ્યપદને તજી અમાત્યોને કહેવા લાગ્યો કે—‘ હે મંત્રીઓ ! તમે ક્રમથી રાજ્ય ચલાવતા આવ્યા છો, તો મારૂં વચન સાંભળો—રાજ્ય નરકની વેદના આપનાર હોવાથી હવે તે મને જોઇતું નથી. જો આ મારો મોટો ભાઈ હરિષેણ જીવે તો તમે એને રાજ્ય આપજો અને

નહિં તો મારા પુત્રને રાજ્ય દેજો.' એમ કહેતાં વિદ્યમાન રાજ્ય-સંપદાને તજી ભાઇને તેવી અવસ્થામાં મૂકી સર્વથા નિઃસ્પૃહ બની અંતઃપુરનો મોહ તથા પુત્રોપર પણ સ્નેહ ન કરતાં, જાણે પરિચિતજ ન હોય, તેમ સ્ત્રીઓને પણ ન બોલાવતાં, જાણે લેપ્યમય રૂપજ હોય તેમ હાથીઓને ગણતાં, શત્રુ પ્રત્યે કોપ વિસારતાં, આત્માવડે આત્મસ્વરૂપ ચિંતવતાં, ઉંચા હાથ કરી રૂદન કરતી રાણીઓને, રાજકુટુંબને તથા શોકાગ્નિથી બળતા સૈન્યને મૂકીને રાજા ચાલી નીકળ્યો અને જાણે રાજ્યભાર ઉતારતાં શીઘ્ર ગતિ પામ્યો હોય તેમ આગળ ચાલતાં તે રાજા એક બહારના ઉદ્યાનમાં પેઠો. ત્યાં દયાદિકવડે ધર્મની જેમ યતિઓવડે પરવરેલા **શ્રીવર્ધમાન** નામે આચાર્યને તેણે જોયા. એટલે વિચાર આવ્યો કે—' અહો ! સંવેગ પામેલા મને ગુરૂનો યોગ થયો, એ તો મહાભાગ્ય !' એમ ધારી નજીક આવી તેણે આચાર્યને પ્રણામ કર્યા. પછી રાજાને પોતે જ સંવેગ પામેલ જોઇ આચાર્યે તેના મનરૂપ વૃક્ષને સુધાની નીક સમાન ધર્મદેશના આપતાં જણાવ્યું કે—' ચિત્તરૂપ પ્રેતને સેંકડો મંગલ કરતાં પણ તૃપ્ત ન થાય, કાયારૂપ ઝુંપડી પ્રાયે ઘડાની જેમ રોગરૂપ લાકડીથી જર્જરિત થાય છે. મોક્ષમાં વિઘ્ન કરનાર ગૃદ્ધિ તે ગુફાની જેમ અંધકારવડે ચક્ષુને અત્યંત મોહ પમાડે છે અને આયુરૂપ વાયુ તે જન્મોવડે જીવને કલંકિત કરે છે.' એમ દેશનારૂપ જળ પૂરવડે રાજાના ચિત્તરૂપ આલવાલ (ક્યારો) ભરાતાં આનંદાશ્રુના મિષે આંખરૂપ યંત્રથી તે પાણી ઉંચે આવ્યું. આચાર્યની દેશનાવડે વિકસિત સંવેગરૂપ કલિકાને ધારણ કરતાં રાજાએ તેજ આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. પછી તીવ્ર તપ તપતાં અને આદરથી સિદ્ધાંતનો અભ્યાસ કરતાં તથા પરીષહોને સ્હેતાં તે આચાર્ય સાથે વિચરવા લાગ્યા. સર્વ સિદ્ધાંત ભણતાં યતિકર્મમાં પ્રવીણતા મેળવતાં અને વિનયનો આશ્રય

કરતાં સરિત્સુત મુનિ ગીતાર્થ થયા.' જિનશાસનમાં વિનય એ પરમ નિધાન છે, એમ પોતાના મનમાં નિશ્ચય કરી તેમણે આચાર્ય પાસે એવી પ્રતિજ્ઞા કરી કે—'હે ભગવાન્! આજથી મારે અભ્યાસી, ગ્લાન, વૃદ્ધ, તપસ્વી–સાધુઓનો વિનય કરવો.' ત્યારે પોતાને પૂર્વે સાષ્ટાંગ નમસ્કાર કરતાં બધા રાજાઓને યાદ કરતાં તે પ્રથમ દિવસની જેમ સદા યતિઓનો વિનય કરવા લાગ્યા. કારણ કે દાન, દયા, જપ, તપ–પ્રમુખ ગુણો વિદ્યમાન છતાં વિનય વિના તે ન જેવા છે. અંગનાને અંગે કંકણ, કુંડળ, બાજુબંધ, હાર, વલય પ્રમુખ વિદ્યમાન છતાં વિલેપન તિલક વિના તે શોભતા નથી. પછી આચાર્ય તેમજ, અન્ય સાધુઓ પણ તેના વિનયથી સુખ પામતાં સિદ્ધાંત–પાઠાદિકમાં એકાગ્રતા પામ્યા.

એવામાં એકદા કોઇ વ્યંતર મિથ્યાદૃષ્ટિ, સરિત્સુત મુનિને વિનયમાં આસક્ત જોઇ, તેની પરીક્ષા કરવા આવ્યો. એટલે પોતે ક્રૂર છતાં શ્રાવક થઇ, યથાવિધિ આચાર્ય અને બીજા સાધુઓને વંદન કરી, એક બાળ–સાધુને તેણે વંદન કર્યું, પણ પાઠમાં વ્યગ્ર હોવાથી ધર્મલાભ ન આપતાં, તે વ્યંતરે કોપ બતાવીને તે બાલાર્ષિને કહ્યું કે—'અરે! તમે ધર્મલાભ કેમ આપતા નથી?' તે બોલ્યા—'હે શ્રાવક! તું કોપ ન કર. હું મૂર્ખ હોવાથી એકચિત્તે પાઠ કરતાં મેં તને જોયો નહિ.' ત્યારે તે એકાંતે તે પાઠમાં ઉત્કંઠિત મુનિને કહેવા લાગ્યો કે–'હું તને એક ઔષધ આપું, જેથી ભણતાં તને તરત આવડી જશે.' સમાન પાઠકોએ તેને અલગ કરવાથી પાઠમાં તે પછાત પડેલ હોવાથી તે ઉત્સુકતાથી બોલ્યા કે—'હે મહાભાગ! મને ઔષધ આપો! આથી તે શ્રાદ્ધ વ્યંતરે કંઇક ઉગ્ર ઔષધ આપતાં મુનિને જણાવ્યું કે—'જમ્યા પછી આ ઔષધ લેજો.' એમ કહી તે ચાલ્યો ગયો. પછી બાલર્ષિએ ક્ષુધા લાગતાં વ્હોરીને ભોજન

કરી મુખશુદ્ધિની જેમ તે ઔષધ ખાધું. હવે સંધ્યા થતાં તેના મુખમાંથી વારંવાર પાણી નીકળવા લાગ્યું, પણ ગુરૂથી બીતાં તેણે વાત ન કરી, પરંતુ મુખમાંથી થુંક તો અત્યંત વહેવા લાગ્યું. તેને જોઇ ગુરૂએ પૂછ્યું કે—'હે વત્સ! તને શું થયું છે?' તે બોલ્યો—'હે પ્રભુ! હું કશું જાણતો નથી, પણ મુખમાં પાણી આવ્યા કરે છે.' ગુરૂ બોલ્યા—'તો અત્યારે તું અભ્યાસ ન કરતાં સુઇ જા.' એમ આચાર્યે વારંવાર કહેતાં તે લઘુ મુનિ સુઇ ગયા. પછી પ્રતિક્રમણ અને સ્વાધ્યાય કરી બધા મુનિઓ સુઇ જતાં સરિત્સુત સાધુ વિશ્રામણા કરવા લાગ્યા. એમ બાલમુનિથી વૃદ્ધ સાધુ દરેકની વૈયાવચ્ચ કરતાં અનુક્રમે તે બાળ સાધુની વિશ્રામણા કરવા આવ્યા તેણે વ્યંતરાધિષ્ઠિત હોવાથી તેને કહ્યું કે—'મારા ગાત્ર બહુજ ત્રુટે છે, માટે બરાબર દબાવો.' તે બોલ્યા—'હા, ભલે.' એમ કહેતાં સરિત્સુત મુનિ ભારે બળથી તેની સંવાહના કરવા લાગ્યા. તેમાં શિર, પગ, ભુજા, સ્કંધ, જંઘા, સાથળ અને હીંચણ એ બધા અવયવ અલગ અલગ દબાવતાં લગભગ મધ્યરાતનો સમય થવા આવ્યો. આ વખતે કેટલાક સાધુ સુતા હતા અને કેટલાક યથાવિધિ જાગતા હતા, પણ તે સાધુ તો બાલર્ષિનું ખેદ વિના મર્દન કરતા રહ્યા. તેવામાં બાલસાધુએ તે મુનિને કહ્યું કે—'હે સાધુ! મારી છાતીએ પાણી ચઢે છે, માટે અત્યારે મારી પીઠ સખ્ત રીતે દબાવ.' એટલે તે તેમ કરવા પ્રવૃત્ત થયા, એવામાં તે ઔષધના યોગે વ્યાકુળ થતા બાલર્ષિએ જણાવ્યું કે—'વખતસર મને ઉલટી થશે. માટે હે સાધો! કયાં તપાસ કરી, કંઇ ભાજન લાવો.' એમ તેણે કહેતાં સરિત્સુત સાધુ ભાજન શોધવા લાગ્યા, અને અંધારામાં રજોહરણથી હળવે હળવે ભૂમિ પ્રમાર્જતા તે સ્થાને કંઇ ભાજન તેને હાથ ન લાગ્યું, ત્યાં બાલમુનિએ કહ્યું—'હે મહાત્મન્! વિલંબ કેટલો? હવે તો મારાથી રહેવાતું નથી.'

ત્યારે સાધુએ આવીને કહ્યું કે—' ભાજન હાથ ન ચડયું.' તેણે કહ્યું—' હું બહાર જવાને તો અસમર્થ છું. તેથી મારો સંથારો ભરાઇ જશે.' એમ આકુળતાથી બાલર્ષિના કહેતાં તેને ઓકારી આવી, ત્યારે મહાસાત્ત્વિક સરિત્પુત્રે જુગુપ્સા ન લાવતાં અને અન્ય ઉપાય હાથ ન લાગતાં તેણે તેના મુખ નીચે પોતાનો ખોબો ધર્યો અને કહ્યું કે—' તમે આ ખોબામાં નિઃશંકાએ વમન કરો.' ત્યાં બાલર્ષિએ માત્ર પાણીનું વમન કર્યું, જ્યારે સાધુને વિચાર આવ્યો કે-' અંધારામાં શુદ્ધ ભૂમિકા જોયા વિના આ વમન પરઠવું શી રીતે?' આથી તે તેમને તેમ પકડી રહ્યા. તેવામાં ક્રૂર વ્યંતરથી પીડાતાં બાલર્ષિ આક્રંદ કરતા બોલ્યા કે—' હે મુનિ! મારાં અંગ તૂટે છે, માટે મર્દન કર.' પણ હાથમાં વમન-જળ હોવાથી તે સાધુથી સંવાહના ન થઇ શકવાથી તે બાલર્ષિ નામ પોકારીને સાધુઓને ઉઠાડવા લાગ્યો; તે સાંભળતાં સાધુએ વિચાર્યું કે-' અહો! મારા છતાં સાધુઓને ઉજાગરો ન થાય તો ઠીક, પણ આ બાજુ અહા! બાલર્ષિ ગાત્ર ત્રુટતાં બાધા પામે છે, વળી ભૂમિ જોયા વિના તો આ પય પરઠાય નહિ અને જળપાનના પ્રત્યાખ્યાનને લીધે એ મારાથી પીવાય તેમ પણ નથી.' એમ ઘણા ઉપાય વિચારતાં તેણે પોતાની બુદ્ધિથી નિશ્ચય કર્યો કે—' અહો! તેલની જેમ આ જળ પોતાના શરીરે ચોપડી દઉં. એમ કરતાં જંતુનો વિઘાત નહિ થાય અને સાધુઓને ઉજાગરો પણ કરવો નહિ પડે. પછી તો હાથ ખાલી થતાં બાળમુનિનું હું સારી રીતે મર્દન કરીશ.' પૂર્વે રાજ્ય ભોગવતાં યક્ષકર્દમથી તેના અંગે વિલેપન થતું અને હવે મુનિ થતાં કર્મ ધોવાને તેમણે વમન-જળથી વિલેપન કર્યું. તે જળથી અંતરનો કર્માગ્નિ શાંત થતાં, દુગંછા રહિત સરિત્સુત મુનિ તે બાલર્ષિને મર્દન કરવા લાગ્યા. આવા તેમના અપૂર્વ વિનયથી મિથ્યાત્વી વ્યંતર પણ રંજિત થઇ,

બાલર્ષિને મૂકી, સાક્ષાત્ થઇને કહેવા લાગ્યો કે–' હે રાજર્ષિ ! તુંજ વિનીતોમાં શિરોમણિ છે. રાજ્યના અનુભવ પછી તારા જેવો અન્ય કોણ વિનયી થાય. ' એમ કહી, ભાવથી સરિત્પુત્રને નમી વૃથા કદર્થના કરેલ બાલર્ષિને ખમાવીને તે વ્યંતર અંતર્ધાન થયો. એમ ઔદ્ધત્ય વિના સાધુઓનો પૂર્વવત્ વિનય સાચવતાં સરિત્સુત સિદ્ધાંતો ભણ્યા. એટલે છત્રીશ ગુણોવડે તેનામાં યોગ્યતા આવેલ જાણીને આચાર્યે તેને અભીષ્ટ સૂરિપદ આપ્યું, અને **વિનયંધર** એવું તેનું નામ સ્થાપ્યું. તે ગુરૂની આજ્ઞાથી સાધુએ સહિત વિચરવા લાગ્યા, અને વસુધાપર ઘણા ભવ્યોને પ્રતિબોધ પમાડી, વિનયંધરસૂરિએ ગચ્છ–ગણ મૂકીને કોઇ પર્વત પર પાદપોપગમન–અનશન કર્યું.

અહીં બાણપ્રહારથી જર્જરિત થયેલ હરિષેણને પ્રધાનો રંગશાળામાં લાવ્યા અને લાંબા કાળે તે સાજો થયો. પછી તેને અમાત્યોએ વીતક વૃત્તાંત જણાવતાં, તેણે પોતાના ભત્રીજાને રાજ્યપર બેસાર્યો અને પોતે વિચાર કર્યો કે–' અહા ! નાના ભાઇને મારવા મેં બે વખત પ્રયત્ન કર્યો, પણ તે હણાયો નહિ, તે સારૂં થયું. લેણદારને દેવાદાર વસ્તુ આપવામાં અશક્ત નીવડતાં પોતે જેમ પોતાનું વચન ન પાળતાં સ્વવચન પ્રત્યે સાક્ષીભૂત રહે છે, તેમ હું પણ મારા ભાઇને મારવાને અસમર્થ થતાં સ્વમૃત્યુ સાધીને આત્માને તે સર્પનો અનૃણી બનાવું.' એમ નિશ્ચય કરી, વિષાદ અને આનંદયુક્ત હરિષેણ, મંત્રીઓએ વાર્યા છતાં ચાલી નીકળ્યો, અને જે પર્વતપર મહાત્મા વિનયંધરસૂરિ રહ્યા છે, તે સ્થાને દૈવયોગે તે મહામતિ પહોંચ્યો. એટલે ' આ તો દીક્ષિત મારો ભાઇ **શ્રીષેણ** તપ કરે છે ' એમ ધારી તેણે વિનયંધર આચાર્યને પ્રમોદથી પ્રણામ કર્યા, વળી તેણે બોલાવ્યા છતાં આચાર્યે જવાબ ન દેતાં

આશ્ચર્ય પામી તે પોતાના મનમાં ચિંતવવા લાગ્યો કે—' એ તો ચાલતો કે બોલતો પણ નથી, તેમ દૃષ્ટિને ક્યાં ફેરવતો નથી, તેથી મુમુક્ષુ મારા નાના ભાઇએ ઇષ્ટ સાધન આરંભ્યું છે. તો ભૃગુપાત–ઝંપાપાતથી મારે સર્યું. એનો માર્ગ મને શરણભૂત છે. મેં મૃત્યુની વાંછા કરી છે, તે એમ કરવાથી પણ સાધી શકાશે.' એમ ધારી આચાર્યની જેમ હરિષેણ પણ ભૂમિપર નિશ્ચળ થઇને જાણે આચાર્યનું પ્રતિબિંબ હોય તેમ તે બેઠો. જેમ સૂરિ બેઠા હતા, તેમ હરિષેણ પણ પાસે સ્થિર રહ્યો. એમ બંને પાદપોપગમન અનશન કરવાને સમર્થ થયા, ત્યાં સિંહ, વાઘ તથા અન્ય ભયંકર પ્રાણીઓએ પણ તેમને ઉપદ્રવ ન પમાડ્યો. શુભ ધ્યાને કર્મબંધન તોડી સંસાર–કારાગૃહથી મુક્ત થઈ પૂર્ણાયુઃ પાળી, કેવળ કમળાના સંગે બંને સિદ્ધિપદને પામ્યા."

એ પ્રમાણે ગુરૂ–વચન સાંભળતાં અજાપુત્ર રાજાએ ભક્તિપૂર્વક ગુરૂ પાસે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં. પછી પુનઃ પ્રણામ કરી જ્ઞાન–ભાસ્કર ગુરૂને તેણે પૂછ્યું કે–' હે ભગવન્ ! હું પૂર્વભવે કોણ હતો અને કેવી કરણી કરી ?' એટલે જાણે પોતે જ્ઞાનથી જોતા હોય; તેમ ગુરૂ અજાપુત્રને તેનો પૂર્વભવ યથાર્થ કહેવા લાગ્યા—

# અજાપુત્રના પૂર્વભવનું વૃતાંત.

"શૈલકપુર નામે નગર છે. અલકાપુરીમાં તો એક ધનદ–કુબેર છે પણ એ નગરમાં સર્વ વસ્તુએ પૂર્ણ ઘણા લોક ધનદ–દાનશાળી હતા. ત્યાં **લક્ષ્મીબુદ્ધિ** નામે મહાપ્રતાપી રાજા કે જેની આજ્ઞારૂપ દૂતી શત્રુઓની લક્ષ્મી લઇ આવી, વળી જે જિન શાસન રૂપ કલ્પવૃક્ષની પ્રભાવના કરતો અને: જેથી તે દિવ્ય મોક્ષસુખ સમાન નિર્વિઘ્ન સુખો ઉપાર્જન કર્યાં. એકદા તે સુખ–શય્યામાં નિદ્રા લેતો, તેવામાં તેણે દૂર કોઇ સ્ત્રીના રૂદનનો અવાજ સાંભળ્યો અને તે તીવ્ર રૂદન સાંભળતાં રાજા શય્યા થકી ઉઠી "તે બરાબર જાણવાને મણિથી મઢેલ મ્હેલની અગ્ર ભૂમિમાં તે આવ્યો. તે વખતે નક્ષત્ર–સંચારના અનુસારે ઘણી રાત્રી જાણી તેને વિચાર આવ્યો કે—' એ દૂર દૂર કોણ સ્ત્રી રોતી હશે ? હું ત્યાં જઇને પૂછું કે ' તું આવું કરૂણ રૂદન શા કારણે કરે છે ? આવો કરૂણ વિલાપ મહાદુઃખ વિના કદિ સંભવે નહિ.' એમ ધારી અંધાર–પટ ઓઢી રાજા એકલો પહેરેગીરની દૃષ્ટિ ચૂકાવી મ્હેલ થકી નીકળ્યો અને શબ્દાનુસારે ચાલતાં તે સ્ત્રી પાસે જઇ પૂછવા લાગ્યો કે—' હે ભદ્રે ! તું આટલી બધી રોવે કેમ છે ? અને રાતે એકલી બીતી કેમ નથી.' એમ રાજાએ વારંવાર પૂછતાં

પણ તેણે જવાબ ન આપતાં વૃક્ષોને પણ રોવરાવતી તે વધારે રોવા લાગી. આ વખતે તેની બે સખીઓ ત્યાં આવી. તેમાં એક સખી તે સ્ત્રીને ઉદ્દેશીને બોલી કે—' હે સુભગે ! જો, પુરૂષો કેવા કૃતઘ્ન અને નિર્લજ્જ છે. સુકૃત કરતાં, ઘણો સ્નેહ બતાવતાં, બહુ પ્રણામ કે દીનતાથી પણ ગુણઘાતક પુરૂષો કદિ પોતાના થતા નથી. હવે જે થવાનું હશે, તે થશે, પણ હે સખી ! આપણે બંનેએ રાત તો ગમે તેમ ગાળવાની છે, કે જેથી એ કંઈ અનિષ્ટ ન કરે. પ્રભાત થતાં તો તેના માતપિતાને દીનતાથી વિનંતી કરીશું કે જેથી તે પોતે આવી એ સગર્ભાને સ્વીકારીને ઘરે લઈ જશે. ' એમ કહેતાં તે બંને સખીઓએ રૂદન કરતી સ્ત્રીને એક ઠેકાણે બેસારી, તેના મનને પ્રમોદ પમાડવા માટે પરસ્પર કથા કહેવા લાગી. ત્યાં લક્ષ્મીબુદ્ધિ રાજાને કૌતુક થતાં, તેમનાથી બહુ નજીક નહિ, તેમ દૂર પણ નહિ, તેવા સ્થાને મૌનપણે બેસી તે કથા સાંભળવા આતુર થઇ રહ્યો. ત્યાં કુબ્જા સખી કથા કહેવા લાગી કે—

" **સંકાશપુર** નામે નગરમાં **જય** નામે રાજા રાજ્ય કરે છે. એકદા તે રાત્રે સુતો છે, તેવામાં કોઇ સ્ત્રીને એક નગરમાં તેણે સ્વપ્નામાં જોતાં સાક્ષાત્ જાણે તે સ્ત્રી હોય તેમ સમજી, શય્યાથી ઉઠતાં, તે સ્વપ્ન-સ્ત્રીના આશ્લેષને ન પામવાથી તે રતિ કે નિદ્રા ન પામ્યો અને મહાકષ્ટે રાત્રિ પસાર કરી, સૂર્યોદય થતાં તેણે મંત્રીઓને બોલાવી સ્વપ્નની વાત જણાવીને આજ્ઞા કરી કે—' એ કન્યાને તમે ગમે ત્યાંથી શોધી કહાડો. ' એટલે પ્રધાનોએ સમસ્ત નગરમાં ઘેર ઘેર તપાસ કરી, પણ ચર્મચક્ષુથી આત્માની જેમ તે ક્યાં જોવામાં ન આવી. ત્યારે સ્વપ્નમાં દીઠેલ સ્ત્રી ક્યાં ન જોવાથી રાજાએ ખાન-પાન તજી દીધું, ત્યાં બુદ્ધિ વડે બરાબર વિચાર કરતાં પ્રધાને રાજાને જણાવ્યું કે—' હે દેવ ! તમે સ્વપ્નમાં દીઠેલ

સ્ત્રી કોણ જાણે ક્યાં રહે છે? તો પણ તેને જાણવાનો એક ઉપાય ચાલે તેમ છે, તે એ કે નગરની બહાર ઉદ્યાનમાં એવી દાનશાળાઓ સ્થાપો કે જેમાં સદા નિર્વિઘ્ન ભોજન મળ્યા કરે, ત્યાં પરદેશના લોકો વિવિધ ભોજન પામતાં આવશે. વળી તમે સ્વપ્નામાં જે નગરની સ્ત્રી જોઇ, તે સમસ્ત નગર આળેખાવી, તેમાં તે સ્ત્રીને સાક્ષાત આળેખાવી તે ચિત્રપટ દાનશાળાઓમાં બંધાવો. પછી અનેક દેશના પથિક આવતાં, તે ચિત્રપટ જોઇ, કદાચ દૈવયોગે કોઇના જાણવામાં આવશે. ' એ વાત રાજાને યુક્તિયુક્ત લાગતાં, તેણે નગરની ચોતરફ સુંદર ઘણી દાનશાળાઓ મંડાવી. એ હકીકત સાંભળવામાં આવતાં પાંથ જનો ત્યાં આવતા અને સ્નાન પૂર્વક ભોજન કરી, તે ચિત્ર જોઇને ચાલ્યા જતા.

એવામાં એકદા કોઇ પથિક તે દાનશાળામાં આવ્યો અને ચિત્ર જોઈ, દુઃખે અશ્રુ નાખતો ત્યાં બેઠો. તેને પ્રધાને પૂછ્યું કે—' હે પાંથ ! તું શા માટે રોવે છે ? ' તે બોલ્યો—' આ ચિત્ર મારા નગરનું છે. દેશ–પ્રદેશમાં ભમતાં મારૂં નગર ચિત્રમાં આળેખેલ જોતાં પ્રથમની અવસ્થા મને યાદ આવે છે, કારણ કે જનની અને જન્મભૂમિ વિસ્મૃત ન થાય. ' પછી તે પુરૂષને ત્યાં બેસારી પ્રધાને રાજા પાસે જઇ તે બધો વૃત્તાંત શીઘ્ર સંભળાવ્યો, જે ઘણા દિવસે સાંભળતાં રાજા તરત ત્યાં આવી, તે પાંથને પૂછવા લાગ્યો કે—' હે પથિક ! આ ચિત્રમાં તેં શું જોયું ? એ નગર કેટલે દૂર છે ? ' તે બોલ્યો—' મહારાજ ! એ નગરીમાં વસતાં દરિદ્રતાથી પરાભવ પામી હું પરદેશમાં ભમતો ફરૂં છું, પણ પ્રાસાદ, હાટ, બજાર, વાવ કૂપ સરોવર પ્રમુખ બરાબર ચીતર્યાં છે, તેથી સમજાય છે કે એ **રમાલય** નામે નગર છે. એ દક્ષિણ દિશામાં અહીંથી આઠસો યોજન દૂર છે વળી ઉત્તમ **ચંદ્રચૂડ** નામે આ સભામાં બેઠો છે, આ તે રાજાનું અંતઃપુર આ તેના પ્રધાનો, આ વિવિધ ક્રીડા કરતી

તે રાજાની **અનંગસુંદરી** નામે પુત્રી કે જે યૌવનવતી છતાં પુરૂદ્વેષિણી છે, માતપિતાએ તેને બહુ સમજાવ્યા છતાં યાવનવડે ભારે રૂપવાન્ રાજાને પણ તે ઇચ્છતી નથી. એમ મેં જે મારી દૃષ્ટિએ જોયું તે બધું આ ચિત્રમાં આળખેલ છે, એ વાત સાંભળી રાજાને વિચાર થયા કે—' સ્વપ્નામાં જે સ્ત્રી મારા જોવામાં આવી, તે જોતાં તો સંતોષ થયો છે, પણ તે પુરૂષદ્વેષિણી સાંભળીને તે ભારે ચિંતા થાય છે. પછી પાંથને ભાતું અપાવ્યું અને સંતુષ્ટ થઇ રાજાએ પુષ્કળ સુવર્ણ દીધું. હવે તે વાત મનમાં ધારી રાજા સ્વસ્થાને આવ્યા અને સમસ્ત રાજ્ય મંત્રીશ્વરને સોંપી પોતાના એક મિત્રને સાથે લઇને તે રમાલય નગર ભણી ચાલી નીકળ્યો.

એકદા માર્ગે ચાલતાં વસંતકાળ આવ્યા, એટલે તાપથી કિલામણા પામતો રાજા કોઇ ઉદ્યાનમાં એક વૃક્ષ નીચે વીસામો લેવા બેઠો, ત્યાં નિદ્રા આવતાં રાજાનો થાક ઉતરી ગયો, ત્યાં કદલીઓ પોતાના પત્રોવડે રાજાને પવન નાખતી, ભ્રમરોના ગુંજારવ યુક્ત કેતકીઓ ગીતગાતી, જળયંત્રના ગર્જારવથી મેઘની શંકા લાવી મયૂરો નાચતા, કોકિલાઓ પોતાના મધુર સ્વરે રાજાની નિદ્રાનો ભંગ કરતી, પવનના યોગે વૃક્ષો થકી પડતાં પાકાં ફળવડે જાણે તે રાજાને ભેટ મૂકતા હોય, અચેતન વાવડીઓ પણ પવિત્ર જળપ્રવાહથી જાણે સૌનું સ્વાગત કરતી હોય એવા તે ઉપવનમાં ફળભક્ષણ કરી, પાણી પીને મિત્ર સહિત રાજા તે વનની શોભા જોવા લાગ્યો. ત્યાં મધ્ય ભાગે ઋષભદેવ ભગવાનનું એક ભવ્ય ચૈત્ય જોતાં રાજા કહેવા લાગ્યો કે—' અહો ! ભવસાગરમાં દ્વીપ સમાન અને ભવભ્રમણ કરતાં દુર્લભ એવું આ આદિનાથનું મંદિર મહાભાગે મેં જોયું. એમ કહેતાં હર્ષાશ્રુ મૂકતો રાજા તે મંદિરમાં પેસતાં દૂરથી નમસ્કાર કરતાં સંક્ષેપથી સ્તુતિ કરી, તેણે ભગવંતને વાંદ્યા અને

સ્વભાવે રૂપવંત તથા અંગરચનાથી અધિક શોભાયમાન પ્રભુને દેખતાં તે બોલ્યો કે—' હે ભગવન્ ! તમે તો સદા યૌવનાવતારી છો. હે નાથ ! તમે અંતરાયકર્મને છેદી લલિત શિવસુંદરીનું પાણિગ્રહણ કર્યું, હે દેવ ! આપના પ્રસાદથી મારા મનોરથ પૂર્ણ થાઓ. હે પ્રભુ ! તમે તો બધું જોઇ અને જાણી રહ્યા છો, માટે હું વિનંતી કરૂં છું. ' એમ સ્તુતિ કરી, મંદિરના બારણે ચૈત્યવૃક્ષ નીચે છાયામાં મિત્ર સહિત રાજા સુઇ ગયો. એવામાં દિવસે પણ મુખ–ચંદ્રવડે મનોહર અને પરસ્પર સુધારસ સમાન મધુર સ્નેહાલાપ કરતા કેટલાક વિદ્યાધરો વિમાનમાંથી ઉતરી, ચૈત્યના બારણે ઉભા રહેતાં રૂપમાં મન્મથ સમાન તે રાજાને જોઇ તેમણે વિચાર કર્યો કે—' આપણી સ્ત્રીઓ આ પુરૂષને દેખશે તો આપણામાં વીરક્ત થઇ, એની સાથે રમશે, માટે એ પુરૂષને આપણે મંત્રેલ દોરો બાંધી સ્ત્રી બનાવી દઇએ. સ્ત્રી ગમે તેવી રૂપવતી હશે તો પણ સ્ત્રીજાત તેની સાથે રતિ–રમવાની અભિલાષા નહિજ કરે. ' એમ બધાએ એક વિચાર કરી, આદરથી રાજાને પગે દોરો બાંધતા તે તરતજ દિવ્ય સ્ત્રી બની ગયો. પછી તે વિદ્યાધરો પ્રભુને નમી, પૂજી, સંગીત કરીને પોતાના સ્થાને ચાલ્યા ગયા. જય રાજાને ઘણા ઉજાગરા હતા, તેથી ગાઢ નિદ્રા આવતાં, પગે દોરો બાંધતાં તેણે વિદ્યાધરોને જાણ્યા નહિ. એવામાં અતિશય રૂપવતી, દિવ્ય વસ્ત્રવડે વિભૂષિત, જાણે ઘણી રતિ હોય, જાણે હજારો લક્ષ્મીના ભિન્ન ભિન્ન રૂપ હોય અથવા જાણે ઇંદ્રાણીઓ હોય એવી તે મંદિર આગળ ચૈત્યવૃક્ષ પાસે વિમાન થકી ઉતરતાં રાજાને અદ્ભૂત રમણીરૂપે જોઇ તે પરસ્પર કહેવા લાગી કે—' અહો ! આ સ્ત્રીનું રૂપ–લાવણ્ય અપ્રતિમ છે. સમસ્ત જગતની રૂપવતી રમણીઓમાં એ એક વાનગી સમાન છે. રખે કોઇ યુવાન વિદ્યાધર એના પ્રત્યે નજર નાખે, માટે એને પુરૂષ બનાવી દઇએ; નહિ તો એ પોતાના રૂપે આપણને હરા-

વશે, એમ ધારી વિદ્યાધરીઓએ એક દોરો મંત્રીને રાજાના પગે બાંધી દીધો, જેથી તે ફરી મૂલ રૂપધારી પુરૂષ થયો. પછી તે વિદ્યાધરીઓ મંદિરમાં પ્રભુને પૂજી, સ્તવી, ભાવ-વંદન કરીને પોત પોતાના સ્થાને ગઈ.

હવે નિદ્રા દૂર થતાં રાજા જાગ્યો અને પોતાના બંને પગે દોરા બાંધેલ જોઈ આ શું ? એમ ચિંતવતાં અકસ્માત્ એક પગથકી દોરો છોડતાં તે તરતજ સ્ત્રીરૂપધારી બની ગયો. તે જોતાં રાજા વિચારવા લાગ્યો કે—'હું નિરંતર સ્ત્રીનું ધ્યાન ધરૂં છું, તેથી સ્ત્રી બન્યો, અથવા અધિક માયા કરવાથી હું સ્ત્રીવેદ પામ્યો ? ત્યારે બીજા પગથકી દોરો છોડતાં તે ફરી મૂળ સ્વરૂપમાં આવતાં ભારે વિસ્મય પામીને વિચારવા લાગ્યો કે—'અહો ! આ તો મોટું આશ્ચર્ય છે કે સ્ત્રીમાંથી પુરૂષ અને પુરૂષમાંથી સ્ત્રી થવાય છે. ખરેખર ! આ કોઇ દિવ્ય પ્રાણીનો વિલાસ છે' પછી તે દોરાની ખરી ખાત્રી કરવા તેણે મિત્રના પગે બાંધતાં તે તરતજ પીનસ્તની પ્રમદા બન્યો, અને તે છોડી બીજો દોરો બાંધતાં તે મૂળ રૂપધારી થયો; આથી રાજાને બરાબર ખાત્રી થઇ કે—'એક દોરે સ્ત્રી પુરૂષ થાય અને બીજે દોરે પુરૂષ સ્ત્રી થાય. એમ તેણે દોરાનો અદ્દ્ભુત મહિમા નિશ્ચયથી જાણી લીધો પછી શ્રમરહિત થતાં, મિત્રને જગાડીને રાજા પંથે પડયો અને અખંડ પ્રયાણ કરતાં તે **રમાલય** નગરમાં પહોંચ્યો ત્યાં બાહ્ય ઉદ્યાનમાં કામદેવના મંદિરે જઇ નમસ્કાર કરી, રાજા કામની સ્તુતિ કરવા લાગ્યો કે—' તમે અનંગ-અંગરહિત છતાં મોટું કામ હાથમાં લીધું છે, કે ઇશ્વર પ્રમુખ બધા દેવોને તમે આજ્ઞાકારી બનાવ્યા છે, માટે હે મન્મથ ! હું પણ તમારી આશાએ અહીં આવ્યો છું, તો તમે પ્રસન્ન થઇ, મને સીદાતાને જુઓ, એમ કહી રાજા ત્યાં એક ભાગમાં વિસામો લેવા બેઠો. એવામાં ઉદ્ધતાઇથી આદેશ કરતી કોઇ સ્ત્રીનો અવાજ આવ્યો કે—' હે કોયલ !

તું તારો ધ્વનિ બંધકર, હે હંસ! તું લંગડો બની જા, હે કમળ! તું વિકાસ ન પામ, હે મૃગ! તું ભદ્રકપણે નિદ્રા કર્યા કર, હે રાજચંપક! તું વર્ણ રહિતપણાને પામ, કારણ કે અમારી પ્રિય સખી અહીં આવે છે કે જેના મુખની સ્પર્ધા કરનાર ચંદ્ર કલંકયુક્ત થયો છે,' એ પ્રમાણે સુધા સમાન વાણી સાંભળતાં રાજા બહુ પ્રમોદ પામ્યો. તેવામાં એક છડીદાર સ્ત્રીએ આવીને કહ્યું કે—'તમે અહીંથી દૂર જાઓ. અત્યારે રાજપુત્રી ઉદ્યાન જોવાને આવે છે કે જે પુરૂષદ્વેષિણી છે.' તે અહીં પોતાની સખીઓ સહિત ક્રીડા કરવાની છે, એટલે રાજા તરત ઉઠીને અન્યત્ર જઇ વિચારવા લાગ્યો કે—'સ્વપ્નામાં જોયેલ સ્ત્રી એ પોતે હશે કે કેમ? એના પ્રત્યે મારૂં મન સ્નિગ્ધ બને છે. અથવા તો તે એ છે કે નહિ, તે શી રીતે જાણી શકીશ? માટે દ્રાક્ષના લતાકુંજમાં છુપાઇને જોઉં તો ખબર પડે.' એમ ધારી પોતાના મિત્ર સહિત રાજાએ દ્રાક્ષમંડપપર ચડી, તેને આવતી જોઇને નિશ્ચય કર્યો કે—'આ તો તેજ કન્યા છે.' ત્યારે મનમાં અને વનમાં રહેલ કામદેવરૂપ શત્રુએ પાસેના ઉદ્યાનમાં સુખે મળી શકે તેવાં પુષ્પ–બાણોથી તેણે રાજાને ઘાયલ કર્યો. પછી વન જોઇ તે રાજકન્યા ક્ષોભ પામ્યા વિના સ્વસ્થાને ગઇ અને પરિચય વિના પણ રાજાના મનને હરતી ગઇ. એટલે કંઇક ચૈતન્ય અવલંબીને રાજા દ્રાક્ષમંડપની નીચે ઉતર્યો અને ઘાયલ કરનાર તેજ કામના પ્રાસાદમાં જતા કાયર થઇને રાજા પડી ગયો, ત્યાં રાત્રે ચંદ્રને જોતાં, કોયલનો ધ્વનિ સાંભળતાં અને પવનનો સ્પર્શ થતાં તે ઉદ્વેગથી બેભાન હાલતમાં મન્મથની ચેષ્ટા સહિત બોલ્યો કે—'હે ચંદ્ર! તું કિરણ–ઉલ્કાપાતવડે મને શું બાળવા માગે છે? હે કોયલ! તું ઉંચે બોલીને મારા મનમાં કેમ ઉદ્વેગ ઉપજાવે છે? હે મલયાનિલ! શું તારો સ્પર્શ અગ્નિ સમાન છે! હે આંબા! તું માંજરરૂપ તર્જનીથી શું મારી તર્જના કરે છે? અહીં તારી આજ્ઞા કોણ નથી માનતું?

હે મન્મથ ! તું દૂર છતાં મનમાંજ વસી રહ્યો છે.' એમ રાજાએ પરાધીનપણે કામાવસ્થામાં આળોટતાં દીર્ઘ રાત્રિ મહાકષ્ટે પસાર કરી. પછી અંધકારપર જાણે ક્રોધ કરવાથી રકત બન્યો હોય એવો ભાનુ અગ્નિના તેજને ગ્રહણ કરી, માણસોના માથે નાખતાં તે ઉદય પામ્યો. ત્યાં એક પરિવ્રાજિકા કામદેવની પૂજા કરવા આવી તેને રાજાએ નિશ્ચય કરવા રાજપુત્રીનો વૃત્તાંત પૂછતાં, તે બોલી કે અનંગસુંદરી નામે એ ચંદ્રચૂડ રાજાની પુત્રી પુરૂષદ્વેષિણી છે.' ત્યારે મિત્રે તે જોગણને પૂછયું કે—'તારે તેની સાથે કાંઇ પરિચય છે ?' તે બોલી—'બહુ સારો પરિચય છે. તેને રોજ હું પોતે જ દેવપૂજા કરાવું છું.' ત્યારે રાજા બોલ્યો—'પુરૂષપર એ દ્વેષ કેમ લાવે છે ?' તેણીએ કહ્યું—'પ્રથમ પણ ઘણા માણસોએ એ વાત પૂછી, પરંતુ દ્વેષનું કારણ તે કહેતી નથી.' એમ કહી તે પરિવ્રાજિકા તરત જ પોતાની મઢી પ્રત્યે ચાલતી થઇ, ત્યાં રાજા કંઇ ઉપાય શોધી કહાડવા બુદ્ધિ ચલાવવા લાગ્યો. તરત જ તેને વિચાર આવ્યો કે—'ઉપાય વિના કામ થવાનું નથી. માટે તે દોરો બાંધીને મિત્રને સ્ત્રી બનાવું. પછી પરિવ્રાજિકાની એને સેવિકા કરી, તેની પાછળ જતાં એને કોઇ અટકાવશે નહિ, અને એમ કરવાથી એનો કુમારી સાથે પરિચય થતાં તેના મનની વાત જાણવામાં આવશે.' એમ ધારી રાજાએ મિત્રને કહ્યું કે—'સ્ત્રીત્વને કરનાર દોરો છે, તેના પ્રભાવે તું સ્ત્રી થઇને પરિવ્રાજિકા પાસે જા, અને વિનયાદિકથી તેને એવી રાજી કરજે કે તે રાજસુતાના ભવને જતાં તને વિશ્વાસ લાવી તેડી જાય.' એમ વિચારી, તેના પગે દોરો બાંધતાં, તે તરત સ્ત્રી બની પરિવ્રાજિકાના મઠમાં ગયો. ત્યાં પરિવ્રાજિકાએ સ્વાગત પૂછવા પૂર્વક તેનું આતિથ્ય કરતાં કહ્યું કે—'તું નિશ્ચિંત થઇને અહીં સુખે રહે અને મારી શુશ્રૂષા કર.' એમ કહેતાં તે મનમાં વિચારવા લાગી કે—'હું એકલી હતી,

તેને આ સહાયકારી અને સેવાકારી બીજી સ્ત્રી મળી.' એમ ધારી તે બહુજ પ્રમોદ પામી તે વારંવાર તેની અનુકૂળતાએ વર્ત્તતાં વિનય સાચવતી; વળી તે રૂપવતી હોવાથી પરિવ્રાજિકા તેને **લલિતા** કહીને બોલાવતી. લલિતા તેના શરીર અને વચનથી વિનય સાચવતાં તથા પ્રીતિ બતાવતાં, તેને તે બહુજ પ્રિય થઇ પડી. પછી દેવપૂજન અને અન્ય કામમાં પણ પરિવ્રાજિકાએ તેને અગ્રેસર બનાવી, વિનયથી કોણ રંજિત ન થાય ? એમ વિનયને વશ થયેલ પરિવ્રાજિકા દેવપૂજાના બ્હાને લલિતાને રાજકન્યા પાસે લઇ ગઇ. ત્યાં દૂરથી રાજપુત્રીને નજરે જોતાં લલિતા નિશ્ચયપૂર્વક વિચારવા લાગી કે—' અહો ! વિધાતાએ આ અદ્ભુત સ્ત્રી બનાવી, માટે હવે તેવી બીજી બનાવવી, તે વિધિને યુક્ત નથી. મારા મિત્રનો પ્રયત્ન અસ્થાને નથી અને પુરૂષદ્વેષ પણ એનો અસ્થાને નથી. મારા મિત્રને એ તુલ્ય છે અને તે એને તુલ્ય છે. રૂપ અને લાવણ્યમાં એ બંને સમાન છે. એની તુલના કરનાર અન્ય કોઇ નથી.' ત્યારે પરિવ્રાજિકાએ કુમારી પાસે જઇ, તેને ઇષ્ટદેવની પૂજા કરાવી, પછી રાજકન્યાએ પૂછયું કે—' હે ભગવતી ! આ તમારી સાથે આવનાર સ્ત્રી કોણ છે ?' તે બોલી—' એ મારી પરિચારિકા સેવિકા છે, પછી રાજ સુતાએ વિસર્જન કરતાં પરિવ્રાજિકા પોતાના મઠમાં આવી. એમ પ્રતિદિન તે લલિતા સાથે રાજ સુતા પાસે જતી. કંઇક બ્હાનુ બતાવી લલિતા મઠની બહાર સંકેત-સ્થાને જઇ રાજાને વિતક વાત કહી આવતી.

એવામાં એકદા પરિવ્રાજિકાને શરીરે કાંઇ રોગ થતાં લલિતાને તેણે રાજકન્યા પાસે જવાની આજ્ઞા આપી. લલિતાએ ત્યાં જઇ, રાજસુતાને દેવપૂજા કરાવી. પછી અવસર મળતાં, વાતના વિનોદે ચડાવી, પોતાના પ્રત્યે તેને અતિ સ્નિગ્ધ બનાવી, તેણે રાજપુત્રીને વચનરસમાં લીન કરી. દક્ષ શ્રોતા સ્નિગ્ધ વચનથી બહુ

રંજિત થાય. એમ રાજકન્યાને પોતા સાથે એકત્વ પમાડતાં લલિતાએ એકદા એકાંતે તેને પુરૂષના દ્વેષનું કારણ પૂછતાં, તે કાંઇ બોલી નહિ. ત્યારે લલિતા બોલી કે—' હે સખી ! તેવું કાંઇ ગુપ્ત નથી કે જે પોતાની સ્નિગ્ધ સખીને કહેવાનું ન હોય. પોતાનો અભિપ્રાય ન જણાવવાથી તું સખિપણાને કલંક લગાડે છે. કારણ કે સ્નેહીજન પાસે બધી વાત કહેવી જોઇએ. ' એમ લલિતાએ કોપના આડંબરથી અનેકરીતે પૂછતાં, અનંગસુંદરી સ્નેહથી પોતાની કથા કહેવા લાગી કે:—

" હે સખિ ! એકદા હું વિંધ્યાચલપર ભારે ઉત્સાહથી રમવા ગઇ. ત્યાં કમળસમૂહે મનોહર એક સરોવર જોતાં જ હું બેભાન થઇ પૃથ્વીપર પડી ગઇ, એટલે ' હું કયાં અને કોણ છું ? ' એવું મને ભાન ન રહ્યું એમ અકસ્માત્ મને મૂર્છા આવતાં, સખીઓ દોડી અને ' આ શું થયું ? ' એમ બોલતી તે પાણી છાંટીને પવન નાખવા લાગી. વળી ' પાણી પાણી, પવન પવન. ' એમ પડતે પગલે અત્યંત ખેદ લાવી સખીઓએ ઉપાસના કરતાં, હું તરત સાજી થઇ, ઉજ્વળ જાતિસ્મરણ પામી. તેના યોગે મને મારા પૂર્વજન્મની સ્થિતિ યાદ આવી કે પૂર્વજન્મમાં હું આ સરોવરમાં હંસલી હતી અને અત્યંત પ્રેમાળ હંસ મારો સાથી હતો. અમે બંને આધિ, વ્યાધિ કે બાધા વિના પ્રણયકોપ–તોષથી ક્રીડા કરતા ત્યાં રહેતા હતા. એવામાં સંસારસુખ ભોગવતાં મને ગર્ભ રહ્યો, તે હું શરીરની ચેષ્ટાથી જાણી શકી કે મને પુત્ર થશે. પછી પ્રમોદપૂર્વક હું ગર્ભરક્ષા કરવા લાગી અને સરોવરના કાંઠે મેં માળો બનાવ્યો. અનુક્રમે ત્રણ પુત્રોને મેં જન્મ આપ્યો. એટલે સ્વર્ગસુખ કરતાં પણ અધિક સુખ પામતી હું ' અહો ! મને ત્રણ પુત્રો છે ' એમ મનમાં ઉદ્ધત બની ગઇ. મારો સાથી હંસ પણ પુત્રજન્મથી ભારે પ્રમોદ પામતાં મિષ્ટ વચન બોલતો અને ભક્ષ્ય વસ્તુ વારંવાર

લાવીને મને આપતો શીત, વાત કે તાપથી બચાવવા માટે તે માળાની ચોતરફ કમળપત્રો મૂકતો. પોતાના બાળક પ્રત્યે સૌ એવી જ પ્રીતિ ધરાવે. એવામાં અમારા અભાગ્યયોગે તે પર્વતમાં ઉંચી જ્વાળાવડે કિલ્લાસમાન ચોતરફ દાવાનલ ફાટી નીકળ્યો. તે વૃક્ષ, લતા, પક્ષી, શ્વાપદ તથા ભાગતા તાપસોને જ્વાલારૂપ ચપેટા-લપડાકવડે હણતાં બાળવા લાગ્યો. બધાને ભસ્મ કરતો અને મનોહર વૃક્ષોને બાળવાની ઇચ્છાથી સરોવર પાસે આવી તે સરોવરને સોસવવા લાગ્યો. પંખીઓ અન્ય સ્થાનથી ઉડી આક્રંદ કરતાં પાસે આવતા દાવાનળમાં કેટલાક બળવા લાગ્યા, કેટલાક સરોવરમાં ડૂબી મુઆ, કેટલાક આકાશે ઉડતા ઉંચી ઉછળતી જ્વાળાના તાપે જમીનપર પડી બળી મુઆ, કેટલાક કાદવમાં ખુંચ્યા, કેટલાક તરૂકોટરમાં પેસી ગયા, કેટલાક આમતેમ ભયાકુળ થઇ ભમતા, કેટલાક જીવવા માટે ગગને ખુંબારવ કરી ભાગતાં, ત્યાં બળવાથી ખુંબારવ કરતા પૃથ્વીપર પડ્યા, કેટલાક અગ્નિએ બળતાં ભારે આક્રંદ કરવા લાગ્યા. એ કોલાહલ સાંભળતાં મેં કહ્યું કે—' હે પ્રાણેશ હંસ ! તમે મારી રક્ષા કરો. હું સુવાવડની પીડાને લીધે અન્ય સ્થાને જવાને અસમર્થ છું. ' ત્યારે હંસે ચોતરફ તડતડાટ શબ્દો સાંભળ્યા. લતા-વૃક્ષોને મૂળથી દાવાનળ બાળી નાખતો. પર્વતના શિખરો પણ દગ્ધ થતાં ફોતરાના અગ્નિની જેમ પવન ક્ષણવારમાં ઉડાડી મૂકતો. દવદાહ બીતા મૃગલાં ચોતરફ દોડી, પાછા અથડાઈ દાવાનળમાં આવી પડીને દગ્ધ થતા, હાથી કે શ્વાપદો પણ કમળનાળને છેદી પોતાની રક્ષા કરવા બધાં એકત્ર થઇ, સરોવરને ઢાંકી દેતા, એટલે મરણના ભયને લીધે કંપાયમાન અને મુખ શુષ્ક થતાં તથા સ્ત્રી-પુત્રના સ્નેહને તરછોડી તે હંસ ઉદાસીન થયો. ત્યારે હંસી બોલી કે—' હે પ્રિય ! વૈરીની જેમ આ અગ્નિ સરોવર પાસે આવી લાગ્યો છે. માટે મને અને મરતા

બાળકને બચાવો.' એમ મેં કહ્યા છતાં તેણે ગણકાર્યું નહિ, તેવામાં તો દાવાનળ નજીક આવતાં તરત મારો માળો બળતાં, મારાં બાળકો આકુળ થઇને ભારે આક્રંદ કરવા લાગ્યા. ત્યારે બળતા માળાને જોઇ હું સુવાવડની બાધાથી પીડાતાં છતાં ચાંચવડે સરોવરથી પાણી લાવી લાવીને માળાને સિંચવા લાગી, એમ વારંવાર સિંચતાં હું જતાં આવતાં દરમ્યાન મારા પુત્રો ઘણો સંતાપ પામતા તે વખતે ચોતરફથી દોડી આવેલા નાના મોટા પ્રાણીઓવડે સરોવરનું પાણી મૂળથી ઢંકાઇ જતાં તે મહાકષ્ટે લેવાય તેમ હતું. ત્યારે મેં હંસને પુનઃ કહ્યું કે—'હે પ્રાણનાથ ! તમે મારી ઉપેક્ષા કેમ કરો છો ? અરે ! તમારા દેખતાં મારા પુત્રો દાવાનળમાં બળે છે.' એમ મેં કહેતાં તે બોલ્યા વિના તરત ક્યાંક ચાલ્યો ગયો. તે પ્રેમ, તે પુત્રવાત્સલ્ય અને સ્રીસ્નેહ—બધું મરણના ભયથી ભૂલી જતાં તે પ્રાણ લઈ ભાગ્યો, પરંતુ તેનું જીવિત પણ કેટલું ? જે સ્રી-પુત્રને કૃતઘ્ન થઇ સતાવે તે કેટલું જીવે ? અરે ! તેવા નિર્લજ્જ, હીન પુરુષને વારંવાર ધિક્કાર છે કે જે મમતા મૂકી, નિર્દય બની, પુત્રસહિત મને સંકટમાં મૂકી ચાલ્યો ગયો. ઉપકારી જનો તો ગમે તેનો સંકટમાંથી ઉદ્ધાર કરે છે, તો પુત્રો એ શું ભાંડ-કરીયાણાં છે ? એ તો ભારે ભાગ્યથી પ્રાપ્ત થાય છે. કારણ કે જેવો અકૃત્રિમ પ્રેમ પોતાના બાળકો પ્રત્યે હોય, તેવો પ્રેમ માબાપ, દેવ, ગુરૂ કે વિત્ત કે મિત્ર પર પણ હોતો નથી. અહો ! તે દુષ્ટાત્માએ મારા પ્રેમની પણ કદર ન કરતાં, તે શઠતાએ હણાયો અને બળતા પુત્રોને તજી જતાં તેનામાં દયાએ પણ વાસ કર્યો નહિ, પછી તો હતાશ બનેલ મેં ફરી પણ તેની ઘણી રાહ જોઇ, છતાં તે ન આવતાં હું ફરી મહાકષ્ટે સરોવરનું પાણી લેવા ચાલી, ત્યાં કેટલાક પશુઓના શીંગડાની સખ્ત તાડના સહન કરતી, કેટલાકનો પક્ષઘાત અને

કેટલાકના ચંચુતાડન, કેટલાક મને ઉપાડી ફેંકી દેતા અને કેટલાક ઘસારાથી પાડી નાખતા, કેટલાક મર્દન કરતા, તેમજ કેટલાક અન્યોન્ય સંમર્દ કરતા તેની વચ્ચે આવી પડતાં, વળી ઉપરા ઉપરી બેઠેલા અને પોતાના જીવિતની રક્ષા કરવા મજ્જન કરતા અને તરતા, તેમના આઘાતથી કલ્લોલ ઉછળતા અને તેમનાથી સમસ્ત સરોવર ઢંકાઇ જતાં પાણી પણ ન દેખાતું અને તે બોધિબીજની જેમ પામવું અતિદુર્લભ થઇ પડયું. ત્યાં પાણી લેવા ભમી ભમીને સરોવર જોતાં એક સ્થાને સ્હેજ આંતર જોતાં, ત્યાંથી મેં ચાંચમાં પાણી લીધું, અને માળા પ્રત્યે આવતાં જોઉં છું તો ઉંચે અગ્નિજ્વાળા મેં જોઇ અને તેના તાપથી આળોટતા તથા રૂદન કરતા બાળકો જોયા. એટલે—'હા ! હું હણાઇ' એમ કરૂણ સ્વરે રૂદન કરતાં પુત્રવત્સલ હું તેમનાપર વારંવાર પાણી નાખવા લાગી. વળી એક ચાંચે તે ત્રણે બાળકને એકીસાથે ઉપાડવાને અસમર્થ, જેથી એક બાળકને ઉપાડી અન્યત્ર ચાલી ત્યાં પણ દાવાગ્નિ ફરી વળવાથી બાળકને ન મૂકતા હું પાછી માળા પ્રત્યે આવી. ત્યાં બંને બાળકો દાવનળથી બળતાં જોઇ, અંગશિથિલ થતાં તે બાળક પણ ચાંચમાંથી પડી ગયું, ત્યારે મને વિચાર આવ્યો કે—'બે બાળકો તો મરણ પામ્યા, પણ આ એક હજી જીવે છે, તેની રક્ષા કરી, હું માતૃત્વ–પદ સફળ કરૂં' એમ ધારી, નિર્ભય થઇ વાત્સલ્યથી એકદમ દાવાનળથી સ્હેજ બળેલ બાળકને મેં ઉપાડી લીધો. ત્યાં ઉંચે જ્વાળા પ્રસરતાં દાવાનળે મારી પાસેથી બાળક મૂકાવવા ચોતરફ જ્વાળારૂપ પાશ નાખ્યો, એટલે જ્વાળાઓવડે મને તાપ લાગતાં પણ મારા પક્ષ અને પગ અક્ષય રહ્યા. તે સરોવરના મધ્યભાગે બકસ્થળ નામે સ્થાન કે જે વિવિધ પંખીઓથી વ્યાપ્ત હતું. ત્યાં વિદ્યાધરોએ પોતાના વંશના આદિપુરૂષ ઋષભદેવનું મંદિર કરાવેલ,

તેમાં આદિનાથ ભગવાનની રત્નમય પ્રતિમા તેમણે સ્થાપન કરી હતી. ગાંધર્વ અને વિદ્યાધરોના સ્વામીઓ તે પ્રભુની પૂજા-ભક્તિ કરતા. એટલે હું પણ ચાંચમાં બાળકને લઇ આકાશમાં ઉડી, પણ છેવટે થાકી જતાં, તે પ્રભુની આગળ હું પડી ગઇ. ત્યાં પડવાના આઘાતથી મારો બાળક તો તરત મરી ગયો. અનેક કષ્ટો એકત્ર થતાં એક મરણની મહા-આપત્તિ આવે છે. તે આઘાતને લીધે હું પણ મૂર્છા પામી, પણ કાંઇ પુણ્યના બળે મારી દૃષ્ટિ જિનપ્રતિમામાં તલ્લીન થઇ. જિનમૂર્ત્તિ નજરે જોતાં દાવાનળના દાહની વ્યથા તથા આકાશથકી પડવાની પીડા ક્ષણવારમાં શાંત થઇ ગઇ. જિનના દર્શનથી દુષ્કર્મ નષ્ટ થાય, મોક્ષસુખ મળે, મરણ ભય જાય, તો એ પીડા શું માત્ર ? એમ મારી દૃષ્ટિ લીન થતા, મારૂં મન પણ ભગવંતમાં લીન થયું, તેથી શરીરની વ્યથા હું ભૂલી ગઇ, તેમ પુત્રની વ્યથા પણ મને અસર ન કરી શકી. તિર્યંચ-જાતિમાં ઉત્પન્ન થયા છતાં હું અકસ્માત દૈવયોગે પોતે પ્રભુપ્રસાદ પામતાં, મારા હૃદયમાં વિવેક જાગ્રત થતાં એ દુર્લભ, વિવેકને લીધે હું મનુષ્ય જેવી ઉત્તમ બની અને બધા જીવોને મિથ્યા દુષ્કૃત શીઘ્ર આપવા લાગી, વળી શ્રી અરિહંતની સાક્ષીએ તિર્યંચ-ભવના બધાં પાપ આળોવી પ્રભુના દર્શન-પ્રભાવે મેં ઉંચ ગોત્રકર્મ તથા દુર્લભ મનુષ્ય-ભવ ઉપાર્જન કર્યા કે જે ભવમાં આવતાં મોક્ષ સુખ પામી શકાય- એવામાં તેજ જિનમંદિરમાં તરત આયુષ્ય ક્ષય થતાં સુખે મરણ પામી, હું આ રાજાની પુત્રી થઇ. હે સખી! એમ વિંધ્યાચલને જોતાં પૂર્વાનુભૂત સરોવર, જિન-ચૈત્ય જોતાં, પાછળની સ્થિતિ સંભારતાં મને ત્યાં ઘણો પ્રેમ પ્રગટયો. વળી હંસ મને તજી ગયો, તેથી હે સખી ! પુરૂષ પ્રત્યે મને ઘણો દ્વેષ થયો છે. પુરૂષો પુરૂષત્વને લીધે ઉત્તમ છતાં અધમની જેમ, સ્વાધીન, કુલીન અને શીલવતી પોતાની સ્ત્રીને તજી દે છે.”

એ પ્રમાણે લલિતાએ રાજકુમારીનો પૂર્વભવ સાંભળી વૈરાગ્યથી પુરૂષપર દ્વેષ ધરતી કુમારીને તે કહેવા લાગી કે–' કુમારી! તને કંઈક હું કહું તે સાંભળ–હે સખી! પતિ વિના તું આમ કેટલા દિવસ રહી શકીશ. તે હંસે મરણના ભયને લીધે તારો અપરાધ કર્યો, તે તો કોટિ જન્મ પર્યંત સંભારશે, છતાં પુરૂષ પ્રત્યે દ્વેષ ધરવો તે ઉચિત નથી. મરણથી ભયભીતને વિવેક દુર્લભ હોય છે, કારણ કે મરણથી ભય પામેલ પ્રાણી માતા, પિતા, ભાર્યા કે પુત્રને તજી દે છે. વજ્રના ભયથી બધું તજીને મૈનાક પર્વત સમુદ્રમાં એકલો રહ્યો છે. હવે જો તમે મારામાં સ્નેહ ધરાવતા હો, મારૂં વચન માનતા હો, તો કોઈ કુલીન ઉત્તમ પુરૂષને પરણો.' ત્યારે અનંગસુંદરી બોલી કે—' તમારે બીજું જે કાંઇ કહેવું હોય તે કહો, પણ કોઇ સાથે પાણિગ્રહણ આ જન્મમાં મારાથી બનશે નહિ. તિર્યંચ ગતિમાં પણ જે ભગવંતને જોતાં મને મનુષ્યની ગતિ પ્રાપ્ત થઇ, તે ઋષભદેવ પ્રભુ મને મોક્ષપદ આપશે.' એટલે લલિતા પ્રણય–કોપ બતાવતાં બોલી—' હે જડ! તું કદાગ્રહી છે. નરદ્વેષણી હોવાથી સમજતી નથી કે તારા માતપિતા એ કદાગ્રહથી દુઃખ પામે છે, માટે કદાગ્રહ તજી મારા કહ્યાથી જે પુરૂષપર તને પ્રીતિ ઉપજે, તે તારા માબાપને જણાવ.' રાજકન્યા બોલી—' હવે જો મારે પતિ કરવો, તો હંસના જીવનેજ પરણું, તે પણ ક્યાંક પુરૂષ થયો હશે. તેના પ્રત્યે મારે સ્નેહ છે, તે વિના બીજો ઇંદ્ર જેવો પણ મારે પતિ કરવો નથી. હે સખી! એજ મારો મોટો આગ્રહ છે. તે જો મળે તો વરૂં.' આ તેની વિસ્તૃત કથા સાંભળતાં લલિતાએ મનમાં ધારી, રાજકન્યાને અન્ય વાતના પ્રસંગમાં નાખી, તેનું મન બીજા વિચારમાં જોડ્યું. પછી તેની રજા લઇ, લલિતા પોતાના સ્થાને આવી, અને રાત પડતાં તેણે રાજા પાસે જઇ, બધો વ્યતિકર તેને કહી સંભળાવ્યો, જે

સાંભળતાં રાજાએ, રાજસુતાના મનને ચોરનાર એવી તેની બુદ્ધિની પ્રશંસા કરી. પછી રાજકન્યાને પરણુવા માટે પોતાના મનમાં ચિંતવતાં રાજાએ મિત્રને યુકિત પૂછતાં, તે કહેવા લાગ્યો કે—હે રાજન્ ! તમે મનને આશ્ચર્ય પમાડે તેવું ચિત્રપટ કરાવો અને તેમાં તે સરોવર વિંધ્યાચલ નીચે ચિત્રાવો. વળી ત્યાં લાખો જ્વાળારૂપ ભુજાને ઉછાળતો તથા લીલા વૃક્ષોના ફીણરૂપ વાગોળવાના સ્વરૂપને બતાવતો દાવાનળ બતાવો, જેમાં તે સરોવર પાસે શીઘ્ર આવે છે અને તેમાં પંખી તથા શ્વાપદનો સમૂહ ભાગાભાગી કરી રહેલ છે, ત્યાં તત્કાલની પ્રસૂતા કોઇ હંસલી પોતાની પાંખવતી બચ્ચાંને ઢાંકી આંખમાં આંસુ લાવી, પોતાના પતિ–સાથીને રક્ષણ માટે કહેવા લાગી. એટલે હંસ પણ પત્ની–પુત્રની રક્ષા કરવા અને વારંવાર પ્રેરણા કરતી હંસીને જોઈ વ્યાકુળ થતાં તે અન્ય નિર્ભય સ્થાન શોધવા ગયો, પણ તેવું નિરાબાધ સ્થાન ક્યાં જોવામાં ન આવતાં, તે ભમીભમીને પુનઃ પોતાના માળા પ્રત્યે સત્વર આવ્યો, પરંતુ ત્યાં પોતાની પ્રિયા અને એક પુત્ર જોવામાં ન આવ્યા, પણ બે પુત્ર દાવાનળની જ્વાળામાં બળતા જોઈ, તે હંસ મૂર્છા પામ્યો, અને વાયુથી આશ્વાસન પામવા, ઘણાં પંખીઓથી વ્યાપ્ત એવા સરોવર થકી ચાંચવતી મહાકષ્ટે પાણી લાવીને તેણે બાળકોપર છાંટયું, પરંતુ તે મરણ પામતાં, તેમને તજી, પોતાની પ્રિયા અને પુત્રને આમતેમ જોતાં તે બકસ્થળમાં ગયો. ત્યાં જિનપ્રતિમા પાસે પ્રિયાને છેલ્લા શ્વાસ લેતી જોઇ, તેને જીવાડવાની આશાએ તે સરોવરથકી પાણી લેવા ગયો. અને એકવાર પાણી લાવી પુત્રસહિત પ્રિયાને સિંચી, પાછો ફરી પાણી લેવા તે સરોવરે ગયો. તે શ્વાપદ અને પંખીઓવડે આચ્છાદિત હોવાથી ઔત્સુકયથી પાણી લેવા જતાં કોઇ શૃંગી પશુએ શીંગડાવડે મારતાં તે ત્યાંજ મરણ પામ્યો. એ પ્રમાણે યથાદિશત ચિત્રપટ આળે-

ખાવો. ” પછી રાજાએ તે પ્રમાણે દ્રવ્યદાન આપી ચિત્રપટ અને તેને અનુસરતાં ગાયનો રચાવ્યાં, વળી ચાર ગાયકોને તે ગાયન શીખવાડી, પોતાની પાછળ ચલાવતાં, મધુર કંઠે રાજા પોતે ગાવા લાગ્યો. એટલે જાણે બીજો તુંબરૂ–દેવગાયક હોય તેમ તે ગાયનથી નગરજનોનાં મન ખેંચાતાં તે બધા તેને વીંટાઇ બેઠા. તે ગીતથી હંસનો વૃત્તાંત ગાતાં તેણે કેવળ કૃપાળુ જનોના મન નહિ પણ નિર્દયોના મનને પણ ક્ષણવારમાં આર્દ્ર કરી મૂક્યાં. એ રીતે જ્યારે ચિત્રમાંના હંસનો વૃત્તાંત ગાતો, ત્યારે લોકો પોતાના બધાં કામ તજીને ત્યાં ગાયન સાંભળવા આવતા, કારણ કે સંગીત એ એક વશીકરણ મંત્ર છે. સ્થાને સ્થાને સંગીતકારોને પણ પ્રમોદ પમાડતાં રાજા ઘેર ઘેર ભમતો અને તેથી લોકોમાં એજ ધ્વનિનો નાદ લાગી રહ્યો. તેમજ અહંપૂર્વિકાના ન્યાયે નગરજનો મહા આગ્રહથી પ્રતિદિન તેને પોતાના ઘરે બોલાવીને ગવરાવતા અને પારિતોષિકમાં સુવર્ણ આપતાં પણ તે લેતો નહિ, પરંતુ ઉલટો સંતોષ પામતો તે બીજાઓને દાન આપતો. જેઓ વિષયના ત્યાગી હતા, તેઓ પણ એનું સંગીત સાંભળવા લલચાયા. કારણ કે સંગીતમાં તેવા ગુણો રહેલા છે.

અહિં પરિવ્રાજિકાની આજ્ઞાથી લલિતા તો રોજ તેજ પ્રમાણે ગુપ્ત મનોરથ ધરતી તે, અનંગસુંદરી પાસે આવતી. રાજા પણ નગર લોકને સંગીતમાં નિમગ્ન કરી અન્યત્ર જવાના બ્હાને તે નગરથી બહાર નીકળ્યો. એટલે બધાં કામ તજી લોકો પણ તેની પાછળ દોડી આવ્યા. અહો ! કર્ણેંદ્રિયની પ્રબળતા ! એમ તે બધા લોકમાં પ્રસિદ્ધિ પામ્યો. આ વખતે તે નગરનો રાજા પ્રાસાદપર ચઢ્યો અને લોકોને દોડતા જોઇ, તેણે દ્વારપાલને પૂછતાં, તેણે સંગીતની વાત બધી કહી સંભળાવી. જે સાંભળતાં તેનું સંગીત સાંભળી પોતાને કૃતાર્થ માનનાર રાજાએ તેને બોલાવવા માટે પોતાના મંત્રીને તેની

પાછળ મોકલ્યો. પ્રધાન પણ જઇ, તેને ભક્તિ યુક્ત આર્દ્ર વચનથી જાણે સ્નાન કરાવતો હોય તેમ તેને પાછો વાળીને તરત નગરમાં લઈ આવ્યો. પછી સંગીત સાંભળવા ભારે ઉત્કંઠા ધરાવતા જય રાજાએ સભામાં સામંતોને બોલાવી, છડીદાર મોકલીને તે ગાયકને બોલાવ્યો ત્યારે તરતજ સજ્જ થઇ, ચિત્રપટ લઇને તે રાજસભામાં ગયો. ત્યાં રાજાના આદેશથી અંતઃપુર પણ પડદાને આંતરે આવી બેઠું અને કન્યાંતઃપુર આવીને રાજા પાસે બેઠું, પરંતુ 'જેનો એ સમારંભ છે, તે પ્રિયા તો હજી આવી નહિ.' એમ ધારી ઉત્સાહ રહિતપણે તેણે કંઇક કાલક્ષેપ કર્યો.

એવામાં લલિતાએ વિચાર કર્યો કે—'જો એને હમણાં રાજસભામાં નહિ લઈ જાઉં, તો તે કથા એ રાજકન્યા સાંભળશે નહિ, અને તેથી મારા મિત્રનો મનોરથ પૂર્ણ થવાનો નથી, માટે ગમે તે રીતે રાજસુતાને સભામાં લઇ જાઉં, એમ ધારી, તે બોલી કે—'હે સખી! તું તો પોતે કળા-કુશળછે, તો પણ એ સંવાદમાં કંઇક નવું સાંભળવાનું મળશે. વળી રાજાએ સંગીત સાંભળવા તમને બોલાવેલ છે, તો આપણે ત્યાં જઇએ. કારણ કે સંગીત દુઃખને વિસરાવનાર છે. એમ સંભળાય છે કે દેશાંતરથી કોઈ આવેલ ગાયક રાજાની સમક્ષ સંગીત કરવાનો છે. તારા મોટા ભાઇઓ પણ અહીં આવેલા છે, માટે શણગાર સજી, તમે ઉઠીને આગળ ચાલો. જેમ ધર્મની ખાતર દેવ-ચરિત્ર સાંભળવાની જરૂર છે, તેમ મનના વિનોદ માટે સંગીત સાંભળવું, એ પણ એક રીત છે.' એમ લલિતાએ કહેતાં, અનંગસુંદરી ચાલવા તૈયાર થઇ. કારણ કે વડીલ અને સ્નેહીનું વચન ઓળંગાય નહિ. હવે લલિતાદિક સખીઓ સહિત અને સ્વચ્છ આનંદરસે પૂર્ણ એવી અનંગસુંદરી આવતાં રાજાની આજ્ઞાથી તે બેઠી. જયરાજાના મન-ચકોરને ચંદ્રમા સમાન અનંગસુંદરી પડદામાં બેસીને જોવા લાગી. તેની દૃષ્ટિરૂપ ચાંદનીવડે ક્ષીરસાગરની

જેમ આશ્લેષ કરાયેલ તે ગાયક નવા નવા ઉલ્લાસવડે અત્યંત પ્રમોદ પૂર્વક ભારે સંગીત કરવા લાગ્યો. તે નેતરની યષ્ટિવતી અલગ અલગ સ્પષ્ટ રીતે ચિત્રવડે પવિત્ર તે હંસનું ચરિત્ર બતાવતાં, તેને અનુસરીને તે સંગીત કરવા લાગ્યો. એટલે કરૂણામિશ્ર ગીત અને હંસનું કરૂણાયુક્ત ચરિત્ર સાંભળતાં સભાસહિત રાજાને આંસુ આવી ગયાં. ત્યાં પોતાના પૂર્વ જન્મનો વૃત્તાંત યથાર્થ જોતાં અને સાંભળતાં અનંગસુંદરી આશ્ચર્યથી શોક અને પ્રમોદ પામી. તેવામાં જાણે જાણતીજ ન હોય તેમ લલિતા એકદમ કહેવા લાગી કે—'હે સખી! જે તેં મને કહેલ તેજ તારૂં ચરિત્ર અહીં ગવાય છે. લલિતા અને રાજકન્યાને પરસ્પર હળવે હળવે વાત કરતી સાંભળતાં તે ગાયકને અવાચ્ય પ્રમોદ થયો. ત્યાં કોઇ તેના સંગીતને વખાણતા, કોઇ હંસને નિંદતા, કોઇ તેવી પુત્રવત્સલતાને અધિક સમજતા, અને સૌ કોઇ હંસલીની સ્તુતિ કરતા. કોઇ સંગીતના અનુરાગથી હંસી પ્રત્યે કરૂણા બતાવતાં અને ગાયકના સ્વર–માધુર્યથી સમસ્ત સભા ભારે પ્રમોદ પામી. વળી અનંગસુંદરી પણ પોતાનો વૃત્તાંત સાંભળતાં 'મારો વૃત્તાંત એણે શી રીતે જાણ્યો ? એમ તે જાણવાને ઉત્સુક થઇ પછી તેને ગાયક સમજી સુવર્ણ આપતાં પણ તેણે પોતે ન લીધું એટલે રાજાએ તેને વિસર્જન કર્યો, અને રાજા તથા રાણીઓ પોતાના સ્થાને ગયાં, તેમજ લલિતા અને અનંગસુંદરી પોતાના પ્રાસાદમાં ગયાં. ત્યાં રાજકન્યાએ લલિતાને કહ્યું કે—'હે સખી! તે ગાયકને લઇ આવ કે જેથી હંસસંબંધી બધો વૃત્તાંત તેને પૂછી જોઉં; એટલે લલિતાએ અનંગસુંદરીની અવસ્થા તથા વચન જઇને જય રાજા (ગાયક) ને કહી સંભળાવ્યાં. તેણે પણ લલિતા સાથે કાંઇ મસલત કરી, તેના કાનમાં કંઇ કહીને તેને એકલી વિદાય કરતાં, તે કુમારી પાસે આવીને કહેવા લાગી કે—'હે સખી! તે ગાયક આવતો નથી અને કહે છે કે

રાજકન્યાની મરજી હોય તો તે અહીં આવે ! એટલે કોઇ ન જાણે તેમ લલિતા સાથે કુમારી રાજા પાસે ગઇ. કારણ કે અર્થી કાર્ય સાધવા પરને અનુસરે. હવે તેના આગમન માત્રથી જયરાજા (ગાયક) અતિશય અંતરમાં આનંદ પામ્યો. પછી રાજકન્યાએ લલિતાના મુખે રાજાને પૂછયું કે—' તમે હંસયુગલનો એ વૃત્તાંત શી રીતે જાણ્યો છે ? રાજા બોલ્યો " હે રાજ વત્સે ! તે કથા સાંભળ—ઉત્તર દિશામાં **સંકાશ** નામે નગર છે, ત્યાં **જયરાજ** નામે રાજા ઉત્તમ રાજ્ય ચલાવે છે કે જે નિધાનવડે ધનદ—કુબેર સમાન, રૂપવડે મન્મથ અને ન્યાયવડે ઇંદ્ર સમાન છે. તેણે ક્યાંકથી પોતાના પૂર્વભવનો વૃત્તાંત જાણી સ્ત્રી પ્રત્યે દ્વેષ ધરતાં કેવળ બ્રહ્મચર્ય પાળે છે. વળી તેણે એવો નિયમ લીધો છે કે—'તે હંસી સ્ત્રીરૂપે મને મળે, તો તે મારી સ્ત્રી થાય, અન્ય કોઇ નહિ, પછી તેણે હંસ—હંસીનું ચરિત્ર—ચિત્ર પટપર આળેખાવી, મારા જેવાને તે આપી, દેશાંતરમાં તેની શોધ કરાવે છે. રાજાના આદેશથી હું નગરેનગર અને ગામે ગામ ભમું છું, કે ચિત્ર દર્શનથી વખતસર કોઇ પોતાના પૂર્વ ભવને સંભારે—જાતિ સ્મરણ પામે. ત્યારે રાજકન્યાએ પૂછયું કે—' તારો સ્વામી કેવો રૂપવાન્, કેવો ગુણવાન્ અને કેવો પરાક્રમી છે ? આથી જયરાજા પોતે પોતાના ગુણો કહેવાને અસમર્થ છતાં તેના અનુરોધથી તેણે સાચી વાત કહી સંભળાવી. એટલે રાજપુત્રીએ તે સાંભળી ગાયકને પોતાનો હાર આપી, કોઇ ન જાણે તેમ લલિતા સાથે પોતાના સ્થાને આવી અને પૂર્વજન્મના પોતાના પ્રિયતમને પ્રેમાભ્યાસથી દૃષ્ટિ સમક્ષ જોતાં તેણે તેની કથા—વાર્તા કરતાં વિનોદથી રાત વિતાવી. પછી પ્રભાત થતાં તેણે છડીદાર દાસી મારફતે બધો વૃત્તાંત પોતાના પિતા રાજાને જણાવ્યો કે—**સંકાશ** નગરના સ્વામી **જયરાજ** નામના રાજાને અનંગસુંદરી

ત્યાં જઇને પોતે વરશે ' એમ સાંભળતાં રાજાએ પ્રમોદ પામીને મુખ્ય અમાત્યને આદેશ કર્યો કે—' તમે સાથે જઇને કુમારીને પરણાવો.' એટલે હસ્તી, ઘોડા, સુવર્ણાદિક સામગ્રી લઇ, માત-પિતાએ પોતે આજ્ઞા કરેલ રાજસુતાને આગળ કરી, તે મંત્રીશ્વર **સંકાશ** નગર પ્રતે જતાં પથિકોસહિત અને અશ્વોના ખુરથી ઉડેલ રજવડે આકાશને આચ્છાદિત કરતો તે ચાલી નિકળ્યો. તેવામાં કંઇક અનુમાનથી સમજી, વચનથી રાજકન્યાને અનુકૂળ કરી, ભેટીને લલિતા પાછી વળી અને જયરાજને મળતાં પગે બાંધેલ દોરો છોડી મૂકતાં મૂળરૂપે તે મિત્ર બની, જરા હસીને કહેવા લાગ્યો કે 'સ્વપ્નમાં જોયેલ વસ્તુ હે મિત્ર! તુંજ મેળવી શકે, બીજાથી એ કામ ન થાય. પવિત્ર બુદ્ધિનો વ્યવસાય તને ભોગ આપનાર થઇ પડ્યો.' ત્યારે રાજાએ કહ્યું કે—' એ રાજપુત્રી આ રાજાનેજ લાયક છે, એમ ધારી ગોત્રદેવીએ વખતસર મને એ સ્વપ્ન દેખાડયું હશે. વળી સ્રીત્વ પમાડનાર આ દોરો પણ મને ભારે મદદગાર થઈ પડ્યો. વખતસર એ ભવિષ્યમાં પણ ઉપયોગી થઇ પડશે. માટે હવે ચાલો, મંત્રીની આગળ આગળ જઇએ તેનો સાથ તો મંદગામી છે, આપણે શીઘ્ર-ગામી છીએ.' એમ નિશ્ચય કરી રાજા તે ધીમાન્ મિત્ર સાથે કુમા-રીના સૈન્યને ઓળંગી પગે પોતાના નગરે પહોંચ્યો. ત્યાં પ્રથમની જેમ વિકાર વિના રાજપુત્રીનું આગમન કોઇને ન જણાવતાં તેણે પોતાના રાજ્યની લગામ હાથમાં લીધી. વળી ' તે રાજકન્યાના આગમનને હું જાણતો નથી.' એમ બોલતો રાજા તરતજ પૂર્વ દિશામાં શત્રુની સન્મુખ ચાલી નીકળ્યો, અને સતત્ પ્રયાણથી તે ઉત્સાહપૂર્વક શત્રુના નગરે પહોંચ્યો. ત્યાં ચતુરંગ સૈન્યથી તે નગરને ઘેરો ઘાલીને રહ્યો. એવામાં અનંગસુંદરીનું સૈન્ય પણ **સંકાશ** નગરે આવી પહોંચ્યું, અને વૃત્તાંત જાણવામાં આવતાં તે ત્યાં રાજા પાસે પહોંચ્યું. ત્યાં આવાસ દેવરાવતાં મંત્રીશ્વર

અપૂર્વ વસ્તુ લઈ, દ્વારપાલને જણાવી, તે રાજા પાસે જઈ પ્રણામપૂર્વક બેઠો અને જાણે કાંઈ જાણતોજ ન હોય તેમ તે જયરાજ રાજાને સ્નેહથી પોતે વરવા આવેલ રાજપુત્રીની વાત તેણે નિવેદન કરી, એટલે રાજાએ પણ પોતાની કથા કહી અને રાજપુત્રીની કથા સાંભળી. પરસ્પર વચનસંવાદ મળવાથી તેણે રાજકન્યાનું પાણિ-ગ્રહણ કર્યું, તેમજ શત્રુનો નિગ્રહ કરતાં જયલક્ષ્મી વરી ને જય-રાજ પોતાના નગરમાં આવ્યો. ત્યાં પતિથી સનાથ થયેલ અનંગ-સુંદરી પ્રિયતમા સાથે અર્થત્રયને પ્રિય માનનાર રાજા સામ્રાજ્યની જેમ ભોગવિલાસ કરવા લાગ્યો. ”

એ પ્રમાણે કથા કહી કુબ્જિકા દાસી જરા હસીને બોલી કે—‘ હે કામલેખા ! આવા કૃતઘ્ન અને દંભી પુરૂષો હોય છે, કે જેનો પતિ હંસ, તેવા વ્યસનમાં આવી પડેલ અને બાળકસહિત હંસલીને ક્ષણવારમાં તજી ગયો, તો કામીના પ્રેમનો શો વિશ્વાસ ? વળી જો, જયરાજ રાજાએ માયાથી ચિત્ર બનાવી, રાજસુતાને કાંતા બનાવી, કારણ કે પુરૂષો દંભથી જય મેળવે છે.’ કામલેખા બોલી—‘ હે સખી ! તું સત્ય કહે છે. ચાલાકીથી દંભ બતાવનાર પુરૂષોનો અનુભવ કોને નથી થયો ? પણ હે સખી ! એ પુરૂષો પણ ત્યાં સુધીજ દંભમાં જય મેળવી શકે, કે જ્યાં સુધી અબળા-ઓનો બુદ્ધિવિલાસ ત્યાં પ્રવર્ત્તતો નથી. તેં શું સાંભળ્યું નથી કે રત્નમાળાએ **રત્નાંગદ** રાજા ચાલાક છતાં માથે ઉપાનહ ઉપડાવ્યા ?’ ત્યારે કુબ્જિકા સંભ્રમથી બોલી કે—‘ હે સખી ! એ તો મેં સાંભળ્યું નથી, તું એ કથા સંભળાવ. હજી રાત ઘણી છે.’ એટલે કામલેખા રત્નમાળાની કથા કહેવા લાગી કે—

## બુદ્ધિવિલાસ ઉપર રત્નમાળાની કથા.

“ પૃથ્વીના મુગટ સમાન **શ્રીપર્વત** નામે ગિરિ છે. ત્યાં એક કીરયુગલ કે જે પ્રેમમાં બંધાઇ સદા આનંદ ભોગવતું. સાથે ખાય, સુએ અને હરે ફરે છે. એમ અત્યંત પ્રેમથી તેના દિવસ જતાં,

એકદા સૂડીએ શોકરહિત પુત્રને જન્મ આપ્યો. માબાપના લાલન–પાલનથી તે બાળક વૃદ્ધિ પામતાં, એક વખતે સ્નેહને છેદવામાં કુહાડા સમાન તે બંનેનો કલહ થયો અને ઉંચા નીચા વચન બોલતાં તેમનો પ્રેમબંધન શિથિલ પડતાં શુકી બોલી કે—' હવે-થી હું તારી સ્ત્રી નહિ અને તું મારો પતિ નહિ.' ત્યારે શુક બોલ્યો—' મારો પુત્ર મને સોંપી દે.' શુકી બોલી—' મારો બાળક તો હું મરતાં પણ તને આપનાર નથી.' સુડો બોલ્યો—'મારો પુત્ર હું બલાત્કારે લઇશ. શું તું જાણુતી નથી કે—પિતાનો પુત્ર થાય અને પુત્રી માતાની થાય.' શુકીએ કહ્યું—' તો આપણે **શ્રીવલ્લભ** નગરમાં રત્નાંગદ રાજા પાસે જઇએ. તે કહેશે, તેમ કરીશું.' એમ કહી શુકી યત્નથી પુત્ર લઈ આગળ ચાલતાં શુક સાથે **શ્રીવલ્લભ** નગરમાં ગઇ. ત્યાં જાણે શત્રુને જીતનાર પ્રતાપનો પુંજ હોય તેવા રત્ન–સિંહાસનપર બેઠેલ રાજાની આગળ અકસ્માત્ શુક આવીને પડયો. એટલે રાજાએ હર્ષિત થઇ પૂછયું કે—' અરે ! આ શુક આવ્યો કયાંથી ? ' તેવામાં તો ચાંચમાં બાળક લઇ શુકી આવી. તે અપત્યયુક્ત શુકયુગલને જોતાં કૌતુકથી હાથ લાંબા કરીને રત્નાંગદ રાજાએ તેમને હાથમાં લીધા. ત્યારે નિસાસા નાખતી શુકી પોતાનો વૃત્તાંત રાજાને કહેતાં બોલી કે—' હે નાથ ! આ શુક મારા બાળકને બલાત્કારે માગે છે ? ' શુક બોલ્યો રાજન્ ! હું એનો બીજક–બીજ વાવનાર છું, જેથી હું મારા પુત્રને માગું છું. તો તેમાં મારો અન્યાય શો ? ' રાજા ચિંતવવા લાગ્યો કે—' આ બંને કંઇક પ્રણય–કલહથી પરસ્પર વિરક્ત થતાં, સ્નેહ–નિર્વાહ કરી શકતા નથી. શુકીને તજતાં કીર પોતે પુત્ર લેવા માગે છે અને અન્ય શરણરહિત શુકી તે આપવા ઇચ્છતી નથી. આ શુક તો પુરૂષત્વને લીધે ગમે તેમ વર્ત્તશે, પણ એક અપત્યવતી આ બિચારી સુડીનું શું થશે ? માટે એ બાળક તો અવશ્ય

શુકીને અપાવવો. એ સ્ત્રીત્વને લીધે દીન છે.' એમ ધારી શુકી પ્રત્યે દયા બતાવતાં રાજા બોલ્યો કે—' એ બાળક તો શુકીનો થશે. કારણ કે એનો અન્ય આધાર નથી.' ત્યારે શુક બોલ્યો— 'હે રાજન્ ! તું નીતિને જાણતો નથી શું ?' ત્યાં નીતિસાર મંત્રીએ આદરપૂર્વક રાજાને જણાવ્યું કે—' હે નાથ ! એ નિર્ણય તમારે પોતે કરવાનો નથી, પરંતુ નીતિશાસ્ત્રના જ્ઞાતા વૃદ્ધોને તેમાં પૂછવાનું છે. અપકીર્ત્તિ કે સત્કીર્ત્તિ પંચ સાથે સહન કરવી સારી.' એટલે અમાત્યનું એ વચન યુક્તિયુક્ત સમજી રાજાએ પ્રધાનને પ્રશંસી, પોતે શુકયુગલને હાથમાં લઈ તે ન્યાયસભામાં આવ્યો અને ત્યાં અધિકાર પામેલા પ્રધાનોને ગૌરવ આપતાં પોતે શુકીનો પક્ષપાતી બની વિવાદની વાત પૂછી, ત્યારે નીતિશાસ્ત્રો લાવી, અવલોકનપૂર્વક નિર્ણયપર આવીને તેમણે જણાવ્યું કે ' હે નાથ પુત્ર પિતાનો થાય અને પુત્રી માતાની થાય.' એમ સાંભળી નીતિને આધીન થયેલ રાજાએ કહ્યું કે—' હે શુકી ! તું બાળક શુકને આપી દે. એ નીતિનો જાણનાર છે. ' ત્યારે પોતે રૂદન કરતાં ક્ષણભર નારીવર્ગને રોવરાવતી શુકી રાજાને કહેવા લાગી કે—' હે રાજવીર ! એ વાત તને સંમત છે ? ' રાજા બોલ્યો—' નીતિશાસ્ત્રને અમે અન્યથા કરી શકતા નથી.' શુકી બોલી તારા આદેશથી આ મેં બાળક સોંપ્યો, પરંતુ એવો લેખ તું પત્રપર લખ કે— પુત્ર પિતાનો અવશ્ય થાય, બીજા કોઇનો નહિ.' એ પ્રમાણે રાજાએ વિધાનાક્ષરરૂપ લેખો લખાવતાં, શુકીએ સ્નેહથી પુત્રને આલિંગન દઈ, મસ્તકે ચુંબન કરી કહ્યું કે—' હે વત્સ ! મેં ગર્ભદુઃખ સહ્યા છતાં તારૂં સુખ મને ન મળ્યું, છતાં પણ તું લાખો વરસ જીવતો રહે–એવી મારી આશિષ છે. હવે મારૂં એટલું જ જીવિત સંભવે છે. કારણ કે પતિ કે પુત્ર વિના સ્ત્રીનું જીવિત જ નથી.' એમ કહી, અશ્રુ મૂકતાં છાતીએ બાળકને આલિંગન દઈ, ત્યાં

મૂકી, શુકી ઉડીને કયાંક ચાલી ગઈ. શુક પોતાના પુત્રને લઈ ક્યાં જંગલમાં ગયો અને ત્યાં અપત્યરહિત શુકીનો શોચ કરવા લાગ્યો, નગરના લોકો પોતાના સ્થાને ગયા.

હવે પુત્ર વિયોગથી મરવાને ઇચ્છિતી શુકી, કોઈ મોટા ઉદ્યાનમાં શ્રી ઋષભદેવના મંદિરમાં પ્રભુની ભવ્ય મૂર્ત્તિ જોઈ, રોમાંચિત થતાં અંતરની શુભ ભાવનાવડે કર્મપુંજ છિન્ન થઈ શુભ અને સમભાવ પ્રગટ થતાં, ત્રણ પ્રદક્ષિણા દઈ ભગવંતને પ્રણામ કરી તે સ્હેજ નજીક બેસી, ભક્તિપૂર્વક દેવપૂજકને કહેવા લાગી કે— ' હે ભદ્ર ! તું આ દ્વારના ઉપલા ભાગપર પ્રગટ અક્ષરે એક એવો શ્લોક લખ કે—

" रत्नांगदनृपादेशात् समर्प्य नंदनं शुकी ।
मृता चानशनं कृत्वा नाभेयस्य पुरोऽत्र तु " ॥ १ ॥

**અર્થ:**—રત્નાંગદ રાજાના આદેશથી શુકી પોતાનો બાળક સોંપી, અહીં ઋષભ દેવની સમક્ષ અનશન કરીને મરણ પામી.

એ શ્લોક લખાવી, પરમ અનશન કરી, તે ત્રણ દિવસમાં આયુઃસ્થિતિને ખપાવતાં, જિનપ્રતિમા આગળ અનશન કરવાના પ્રભાવે શુકીનો જીવ **નીતિ**સાર મંત્રીની પુત્રી થઈ. અનુક્રમે વૃદ્ધિ પામતાં જાણે ઇંદ્રાણીની બીજી મૂર્ત્તિ હોય તેવી રૂપવતી એવી તેણીનું માતાપિતાએ **રત્નમાળા** એવું નામ રાખ્યું. તે યૌવન પામતાં યુવાનોના મનને મોહનમંત્ર સમાન થઈ પડી, અને સખીઓ સાથે તે વિવિધ ક્રીડા કરી આનંદ પામતી. એકદા તે ફરતી ફરતી પેલા ઉદ્યાનમાં આવી કે જ્યાં જિનમૂર્ત્તિ આગળ અનશન કર્યું હતું. તે ઉદ્યાન જોતાં કંઇક મનમાં વ્યાકુળતા પામી, પછી તે જિનમંદિર જોતાં હર્ષિત થઇને તેણે તેમાં પ્રવેશ કર્યો. ત્યાં શ્રી આદિનાથની મૂર્ત્તિ જોઈ તેનું મન ભારે પ્રફુલ્લિત થયું અને જાણે આનંદા-

મૃતમાં મગ્ન થઈ હોય તેમ રત્નમાળા ભારે પ્રમોદ પામી. તેણે તરતજ દાસી પાસે અષ્ટવિધ પૂજાની સામગ્રી મગાવી, પવિત્ર વસ્ત્ર પહેરી, ભાવપૂર્વક પ્રભુની પૂજા કરી. પછી સમક્ષ બેસી, હાથવતી જેટલામાં વસ્ત્રનો છેડો લે છે, તેટલામાં તે શ્લોક તેણે જોયો, તે જોતાં રત્નમાળા તરત જાતિસ્મરણ પામી અને તેણે પોતાના પૂર્વભવના પુત્રનો વૃત્તાંત જાણ્યો, જે શુકને દેવરાવતાં સ્મરણ કરીને રાજા પ્રત્યે ભારે ક્રોધ લાવતી, રત્નમાળા યથાવિધિ દેવને નમીને પોતાના ઘરે આવી. તે સદા તેજ બાબતમાં મન પરોવી પોતાની બુદ્ધિથી **રત્નાંગદ** રાજા પ્રત્યે પોતાના પુત્રદુઃખનું વૈર વાળવાનો ઉપાય શોધવા લાગી. તિર્યંચજન્મ તજી, મનુષ્ય-જન્મ, ઉચ્ચ ગોત્ર અને અમાત્યની પુત્રી થવાથી પોતાના પૂર્વના અનશનને તે વખાણવા લાગી.

હવે **નીતિ**સાર મંત્રીના ઘરે રાજાની કેટલીક ઘોડીઓ રહેતી, તે મંત્રીના જાત્યાશ્વના સંયોગથી ગર્ભવતી થયેલ, એ વાત રત્ન-માળાના જાણવામાં આવતાં તે બુદ્ધિમતી પ્રમોદ પામી કે—' અ-મારા અશ્વના સંયોગથી રાજાની ઘોડીઓ સગર્ભા થઇ છે. ' પછી અનુક્રમે તેમણે સારા લક્ષણવાળા વછેરાઓને જન્મ આપતાં, અશ્વપાલકોએ જઇને તે વાત રાજાને જણાવી. એટલે સંતુષ્ટ થયેલ રાજાએ તેને ઈનામ આપતાં આજ્ઞા કરી કે—' વછેરાસહિત ઘોડી-ઓને અહીં લાવો. ' આથી તે જઇને જેટલામાં વછેરાસહિત ઘોડીઓ લેવા જાય છે, તેટલામાં રત્નમાળાએ આવી, વછેરાઓને અટકાવ્યા. જેથી અશ્વપાલકે જઈ રાજાને જણાવ્યું કે—' હે સ્વામિન્ ! મંત્રિસુતા વછેરા અટકાવે છે. ' ત્યારે ' અરે ! તે શા માટે ? ' એમ જાણવાને રાજાએ મોટા અમલદારને આદેશ કર્યો. તેણે જઇ, અમાત્યસુતાને પૂછ્યું કે—' અરે ! વછેરાઓને કેમ અટકાવે છે ? ' તે બોલી—' અરે ! પુત્રો પિતાના થાય, એ વાત

શું રાજા જાણતો નથી ? મારા અશ્વના સંયોગથી એ વછેરા પેદા થયા છે, એ સંબંધને લઇને વછેરા મેં રાખ્યા છે.' તેણે એ વાત રાજાને જણાવતાં, રાજા તે સાંભળી અમાત્યપુત્રીપર ભારે ક્રોધ ધરવા લાગ્યો.

એવામાં એકદા વસંતસમય આવતાં રાજા ઉદ્યાનમાં ગયો. ત્યાં પૂર્વે આવેલ રત્નમાળાને તેણે જોઇ અને 'એ અમાત્યની પુત્રી છે' એમ જાણી, વછેરાનો નિષેધ યાદ આવતાં રાજાને તેનાપર ગુસ્સો આવ્યો. પછી ક્રીડા કરી રાજા પોતાના પ્રાસાદમાં આવતાં અમાત્યને બોલાવીને કહેવા લાગ્યો કે—'તારી પુત્રી મને આપ.' તે બોલ્યો—'આ બધું તમારૂંજ છે, જે તમને રૂચે તે ઘ્યો.' એમ મંત્રીએ કહેતાં રાજા રત્નમાળાને પરણ્યો. એટલે તેજ રાતે જઇને રાજાએ ક્ષુદ્ર સ્વભાવથી રત્નમાળાને એકાંતમાં જણાવ્યું કે—'જ્યાંસુધી તને પુત્ર ન થાય, ત્યાંસુધી પિતાના ઘરે તારે રહેવું અને પુત્ર થતાં તરત મારા ભવનમાં આવવું. હું તને માત્ર પરણ્યો છું, પણ હસ્તાદિના સ્પર્શથી તારી ચેષ્ટા કરી નથી. બીજા કોઇ પુરૂષ સાથે તારે રમવું નહિ અને પોતાની ચાલાકીથી પુત્ર પેદા કરવો.' એ ક્ષુદ્ર આદેશ સાંભળતાં ધીમતી રત્નમાળા બોલી કે—'રાજાનો:આદેશ મને પ્રમાણ છે. પણ તેમાં એટલું વિશેષ સાંભળો કે—હે સ્વામિન્! તમારા કહ્યા પ્રમાણે મારે પુત્ર ઉત્પન્ન કરવો અને તમારે માથે મારા ઉપાનહ ઉપડાવવા! એવી પ્રતિજ્ઞા લઇ, ભૂમિપર હાથ પછાડી, તે માનિની મંત્રિસુતા પોતાના પિતાને ઘરે ગઇ. ત્યાં એકાંતમાં બેસી વિચારતાં તેને ચિંતા થઇ પડી કે—'જેમ બોલી છું, તેજ પ્રમાણે કાર્ય કરવાનું છે.' એમ મનમાં ધારી તેણે રાજાનો ક્ષુદ્ર આદેશ મંત્રીને સંભળાવ્યો. મંત્રીએ કહ્યું—'હે વત્સે! તારે હવે શું કરવાનું છે?' રત્નાવલી બોલી—'હે તાત! એ કામ કાંઇ મારે દુષ્કર નથી,

પરંતુ એ કાર્ય સાધવામાં કૂટપ્રયોગ કરવો પડે તેમ છે. તે કુલીન કાંતાઓને લજ્જાસ્પદ છે. જેનાથી લોકમાં અપકીર્ત્તિ થાય, તેવું કામ વિવેકીએ નજ કરવું. વળી રાજાએ જે ક્ષુદ્ર આદેશ આપ્યો, તે મનથી વિચાર્યા વિના મેં સ્વીકારી લીધો. કદાચ ગજ નિદ્રાની જેમ ઉપેક્ષા કરીએ તો એક વિધવાની જેમ મારો બધો જન્મ દુસ્સહ અને અકારો થઇ પડે, હવે તો જે તાત ફરમાવે તે અવશ્ય મારે કરવાનું છે. કારણ કે સ્ત્રીઓનું સ્વતંત્ર વર્ત્તન, તે પોતાના કુળરૂપ ચંદ્રના કલંક સમાન છે.' ત્યારે અમાત્ય બોલ્યો કે–' હે વત્સે! ઉચિત કામ કરતાં કૂટપ્રયોગ પણ અપવાદનું કારણ નથી. જો સ્ત્રીઓની શીલરક્ષા થતી હોય, તો તેના પ્રભાવથી કંઈ ભીતિ રહેતીજ નથી. સતીત્વરૂપ ચાંદનીમાં અપકીર્ત્તિરૂપ તારા નિમગ્ન થાય છે. માટે હે વત્સે! તું ઉતાવળે તારી પ્રતિજ્ઞા સાધ. હે સુતા! ગમે તે રીતે તારે રાજાની આજ્ઞા પાર પાડવાની છે.' રત્નમાળા બોલી—' હે તાત! તમે દક્ષિણ દિશામાં એક ઉન્નત જિનપ્રાસાદ કરાવો અને આ નગરનાં દેવાલયોમાં જે સંગીતની કરનારી સ્ત્રીઓ છે, તેમાંથી કળામાં ભારે ચાલાક એકેકને દ્રવ્ય આપી, આ નવા દેવાલયમાં લાવો અને તે પણ્યાંગનાઓ સંગીત કરે. વળી તે દેવાલયની ચોતરફ એક ઉત્તમ નગર રચાવો અને તેમાં મારા લાયક એક વિસ્તૃત પ્રાસાદ કરાવો. તે પણ્યાંગનાઓ ત્યાં વાસ કરે અને તેમને માસિક પગાર બાંધી આપો.' રત્નમાળાના આદેશ પ્રમાણે મંત્રીએ બધું કરાવ્યું. કારણ કે જે બહુ ધન ખરચે, તેનું કામ તરત થાય. પછી નાટ્યાચાર્ય પાસે ભણેલી અમાત્યસુતા ગીત, નૃત્ય, વીણા, મૃદંગ, તાલ અને વાંસળીમાં ભારે પ્રવીણ છે. વળી અવસરે સંકેત આપનાર, કોમળ બોલનાર, મન પ્રમાણે વર્ત્તનાર તથા અભિપ્રાયને જાણનાર દાસીઓ સહિત નગરમાં જઈ, રત્નમાળાએ પોતે પણ્યાંગનાઓને તે મકાનો યોગ્ય રીતે વ્હેંચી

આપ્યાં. તેમજ પ્રકાશિત રત્નયુક્ત અલંકારો અને બીજી પણ યથોચિત વસ્તુઓ તેમને આપી. પછી તેમની ગણના કરી, બહુમાનથી સંવાદપૂર્વક બીજું કામ મૂકી, તે પ્રથમ પહોરે જિનાલયમાં ગઇ. ત્યાં જિનેશ્વરને નમી, પ્રથમ દ્વાર બંધ કરી, રત્નમાળાએ જિનપાસે સંગીત શરૂ કર્યું. એ પ્રમાણે પ્રતિદિન આવી તે પોતે પોતાની કળા બતાવવા નૃત્ય કરતી અને નવીન નગરના પ્રાસાદમાં દાસીઓ સહિત રહેતી.

હવે એકદા રાત્રે રાજા નિદ્રામાંથી જાગ્રત થતાં, જાણે સંગીતધ્વનિએ આવીને તેને સત્વર જગાડયો હોય, તેમ તે ઉઠીને એકદમ બહાર આવ્યો અને તે સંગીતામૃત સાંભળવાને અત્યંત ઉત્કંઠિત થયો. એટલે પહેરેગીરને તજી પ્રાસાદથી નીચે ઉતરી, માત્ર તરવારને સહાયક બનાવી, ગીતધ્વનિ તરફ જતાં તે જિનમંદિર આગળ આવ્યો. ત્યાં વિદ્યુત્ક્ષેપ-કરણથી ગઢની ભૂમિપર ચડી, આશ્ચર્યસહિત તે કોમળ સંગીત જોવા લાગ્યો, અને અંદર ઉતરવાનું ભૂલી જઇ, સંગીતને વશ થયેલ રાજા ત્યાં ગઢપરજ બેસી રહ્યો. તે સ્ત્રીઓનું સંગીત જોતાં-સાંભળતાં આનંદ પામતા રાજાએ પોતાના લોચન અને શ્રોત્રને ન્હવરાવી નિર્મળ કર્યાં. સંગીત સાંભળતાં તેના મનની જે એકાગ્રતા થઇ, તેવી લીનતા જો તત્ત્વજ્ઞાનમાં થાય, તો અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય. એમ દેવની સમક્ષ સંગીત-નૃત્ય કરી, પ્રભુપ્રતિમાને નમી, તે સ્ત્રીઓ કયાંક ચાલી ગઇ, પણ ગીતના ભણકારાની ભ્રાંતિથી રાજાને એમ લાગ્યું કે-' સંગીત તો હજી હું સાંભળુંજ છું.' પરંતુ ક્ષણવાર પછી તે પ્રતિધ્વનિ શાંત થતાં તેણે જાણ્યું કે—' સંગીત સમાપ્ત થયું. પણ તે સંગીત કરનાર સ્ત્રીઓ કયાં ગઇ ?' પછી તે રત્નાંગદ રાજાએ મંદિરમાં ઉતરતાં રત્નના ઉદ્યોતથી દેદીપ્યમાન જિનાલય જોયું અને તેને વિચાર આવ્યો કે—' અહો ! આ રમ્ય જિનમં-

દિર કોણે કરાવ્યું હશે અને અતુલ આનંદદાયક સંગતમાં પ્રવીણ એ સ્ત્રીઓ કોણ હશે ? એ રૂપ અને સંગીતથી એવો નિશ્ચય થાય છે કે એ માનુષી નહિ, પણ કોઇ દેવજાતિ હશે. અરે ! એ સંગીત કરનાર સ્ત્રીઓ મારી આગળથી ચાલી ગઇ અને ગીતમાં મોહ પામેલ હું એકલો અહીં બેસી રહ્યો. ઠીક છે, એ ફરી પણ અહીં આવશે. એટલે પ્રચ્છન્નપણે જોઇશ.' એમ ધારી રાજા પોતાના મ્હેલમાં ગયો. ત્યાં તે સંગીત અને સ્ત્રીઓને ચિંતવતાં રાત્રે તેને નિદ્રા ન આવી અને દિવસે રાજ્ય–ચિંતાથી પણ મુક્ત રહ્યો. એવામાં રાજાની કામાવસ્થા જોઈ, રવિ પોતે અસ્ત થતાં તેણે કામીના કાર્યમાં મદદ કરનાર રાત્રિને અવસર–અવકાશ આપ્યો. એવામાં રાત્રિરૂપ સ્ત્રીના રાજ્યમાં કોઇ પ્રતિભટ નથી. ' એમ ધારી સમયજ્ઞ અંધકારરૂપ મંત્રી ભુવનોદરમાં ફરી વળ્યો. ત્યાં ' મારૂં સ્વાભાવિક લાવણ્ય છે, મેં તે સ્ત્રીઓ પાસેથી છીનવી લીધેલ નથી. ' એમ વિષ્ણુપદ–આકાશનો સ્પર્શ કરતાં શશી ઉદય પામ્યો. પછી શરીરની અપટુતાનું બ્હાનું બતાવતાં સભાજનોને વિસર્જી પોતે રાજા પલંગપર કૃત્રિમ નિદ્રા કરવા સુતો. લોકો યથાસ્થાને જતાં રહ્યાં અને અંગરક્ષકને નિદ્રા આવતાં રાજા ઉઠીને હળવેથી મ્હેલ થકી નીચે ઉતર્યો એટલે મનમાં ઉત્સાહ લાવી, ઉતાવળે પગલે ચાલતાં પ્રથમની જેમ મંદિર દ્વાર બંધ હોવાથી તે ગઢપર બેઠો. ત્યાં પ્રથમ પ્રમાણે આદિનાથની સમક્ષ કોમળ સંગીત કરતી તે સ્ત્રીઓને તેણે જોઇ અને પ્રમોદથી સંગીત સાંભળ્યું. પછી હળવેથી કોટથકી ઉતરી એક સ્થંભને આંતરે રહેતાં તેણે રત્નમાળાને ઉર્વશીની જેમ નૃત્યકરતી જોઈ, જેથી રાજાનો તેનાપર દુસ્સહ અનુરાગ થયો. તેવું રૂપ અને તેવી કળા કોને ઉન્માદ ન ઉપજાવે ? આ વખતે ' જેને માટે આ સમારંભ છે તે રાજા અદ્યાપિ કેમ આવ્યો નહિ ? એમ ધારી રત્નમાળાએ

પોતાની દૃષ્ટિ ફેરવી, એટલે દક્ષ અને વક્ર દૃષ્ટિએ બરાબર તપાસ કરી, હાથે પકડીને રાજા જાણે રત્નમાળાને સોંપ્યો હોય તેમ ત્યાં રાજાને નજરે જોતાં રત્નમાળા પોતાના પ્રારંભને સાર્થક માનવા લાગી અને પોતાની બુદ્ધિને વખાણવા લાગી. પછી સંગીત અને નાટક વિસર્જી, પોતે રત્નમાળા ઉત્સુક બની સખીના હાથમાં પોતાના કર–કમળને રાખી ચાલતી થઇ, તેની પાછળ બહુ દૂર ન રહેતાં, અનુરાગથી મોહિત બની, તેના અંગરાગના પરિમળથી માર્ગ જાણવામાં આવતાં રાજાએ ચાલતાં રત્નશ્રેણિથી શોભિત એવા તેણીના પ્રાસાદમાં પ્રવેશ કર્યો. ત્યાં વેશ્યાની જેમ તેણીએ કરેલ આગતાસ્વાગતાથી રાજા બહુજ પ્રસન થયો. એમ રાતભર ત્યાં રહી, પરોઢીએ એકદમ પોતાના પ્રાસાદમાં આવી, રાજા પ્રથમની જેમ પલંગપર સુઈ રહ્યો. એ પ્રમાણે પ્રતિદિન આવી, સંગીત સાંભળી, નૃત્ય જોઇ, રાજા એકલો અનુરાગથી રત્નમાળાના મકાને સુઈ રહેતો, એટલે રાત્રે ત્યાં રહેતાં રાજા જે કાંઈ બોલે, તે નિશાની સહિત રત્નમાળા રોજ બધું લખી લેતી. વળી તેણે દાસીઓને એવો સંકેત આપ્યો કે—‘મને તે જિન ચૈત્યમાં મૂકી તમારે પાછા ઘરે આવવું.’ એમ કહી રત્નમાળા દેવાલયમાં ગઇ. ત્યાં પાલખી ઉપાડનારા પુરૂષોને દેવગૃહની બહાર બેસારી, પોતે સંગીત કરતાં રાજાને રીઝવવા લાગી. રત્નમાળા કળાઓમાં નિષ્ણાત છે અને જિન સમક્ષ રાજાને રીઝવવો છે; પરંતુ તે રીઝવવાનું કારણ સંતતિ છે. હવે રાજા પણ બરાબર અંગરાગ કરી, દિવ્ય વસ્ત્ર પહેરી, ત્યાં આવી, થાંભલાને આંતરે છુપાઇને રોજ સંગીત સાંભળતો, અને સંગીત સમાપ્ત થતાં, અન્ય ગાનાર સ્ત્રીઓ ચાલી જતાં, પ્રથમના આદેશ પ્રમાણે સખીઓ પણ ચાલી ગઇ એટલે રત્નમાળાએ જિનાલયમાં જઇ, જિનને વંદી અને જાણે ભાવપૂર્વક સ્તવના કરી, પછી બહાર નીકળતાં અને રાજા તેની પાછળ પાછળ આવતાં, રત્ન

માળાએ માયા કરી, દાસીઓને બોલાવી, પણ જવાબ કાંઇ ન મળતાં, તેણે કૃત્રિમ કોપ બતાવતાં કર્કશ વચનથી કહ્યું કે—' અરે ! અત્યારે મારા ઉપાનહ કોણ ઉપાડશે ? ' એમ બોલતાં તે એકલી સુખાસનપર બેઠી અને બહુ ભારે તથા સ્થૂલ ઉપાનહ પગમાંથી તેણે ભૂમિપર કહાડી નાખ્યા. ત્યારે ઉપાનહ ઉપાડનાર કોઈ ન હોવાથી જાણે નિરૂત્સાહ બતાવતાં તેણે પાલખી ઉપાડનારા માણસોને પણ સંજ્ઞાવડે મોજડી ન લેવાનો આદેશ કર્યો. તેવામાં રાજાએ વિચાર કર્યો કે—' અત્યારે એની દાસી કોઇ નથી, તો હું જ ઉપાનહ લઈ લઉં, અહીં કોઇ મને જુવે તેમ નથી. જો એ હું નહિ લઉં, તો અન્ય કોઇ ઉપાડી જશે અને મારો સ્નેહ પણ એના પ્રત્યે જણાઈ આવશે. ' એમ ધારી, ઉપાનહ ઉપાડીને રાજા તેની પાછળ તરત દોડયો, કારણ કે સ્નેહ એવોજ હોય છે. ત્યાં મુખ ફેરવતાં ઉપાનહ લાવતા રાજાને જોઇ દક્ષ રત્નમાળા મનમાં બહુજ પ્રમોદ પામી વળી તે બહુ ભારરૂપ હોવાથી એક હાથે ઉપાડવાને અસમર્થ થતાં રાજાએ એક એક હાથે એક એક ઉપાનહ ઉપાડયું, તો પણ ન ઉપાડી શકવાથી તેણે તે મસ્તકપર ધારણ કર્યાં. કારણકે સ્ત્રીવશ પુરૂષો અકૃત્યને પણ કૃત્ય સમાન સમજી લે છે. પછી ડોક ભારથી વાંકી વળી ગયા છતાં, તેની પાછળજ મંદ પગલે રાજા પૂર્ણ અનુરાગથી તરત આવવા લાગ્યો અને પ્રાસાદના બારણે આવી, પાલખી થકી ઉતરતી રત્નમાળાને જોઇ રાજાએ તરત તેના પગ નીચે ઉપાનહ મૂકી દીધાં, તે જોતાં રત્નમાળા સંભ્રમથી રાજાને કહેવા લાગી કે—' અરે ! તમે આ શું કર્યું ? આ કામ તો દાસીને કરવાનું હતું શું મારી દાસીઓ જઇને એ ન ઉપાડી આવત ? તમે એ અનુચિત કર્યું, જેથી મને બહુ ખેદ થાય છે. આ તો બહુજ અઘટિત થયું. ' એમ બોલતી રત્નમાળા ઘરમાં પેઠી અને તેના અનુરાગ–પાશવડે અંતઃકરણ આકૃષ્ટ થતાં રાજા પણ તેની પાછળ

ગયો. રત્નમાળાએ પ્રાસાદમાં પેસી, તે પાલખી—વાહકોને વિદાય કરી, પોતાની દાસીઓને મોટેથી સાદ કર્યો, પરંતુ તેણીના કહેવાથી અગાઉથીજ અન્યત્ર ચાલી ગયેલ દાસીઓ ત્યાં હાજર ન હતી એટલે તે બોલી કે—' અરે ! એ રાંડો ઘર મૂકીને કયાં ગઇ ? આટલી મોડી રાતે પરિશ્રમ કરી, કષ્ટ અનુભવીને જિનાલયથી હું આવી છતાં ઘરમાં કોઇપણ નથી. નૃત્યથી થાકી ગયેલાં મારાં અંગ કોણ દબાવશે અને થાકી લુખા પડી ગયેલા મારા કઠીન પગ કોણ ચાંપશે ?' એમ બોલતાં તે સ્નાનગૃહમાં ગઇ અને તરત સ્નાન કરવા તત્પર થઈ. તેવામાં રાજાએ પોતે આવીને પ્રમોદથી રત્નમાળાને સ્નાન કરાવ્યું, કારણ કે અનુરકત હોય તે લજ્જા રહિત બની શું શું ન કરે ? પછી તે શય્યામાં આવતાં રત્નાંગદ તેના પગ ઘૃત વડે ધોઇ, પગ આગળ બેસીને ચોળવા લાગ્યો. એટલે પોતાનું ઇષ્ટ કાર્ય પૂર્ણ થતાં રત્નમાળાને ક્ષણવારમાં નિદ્રા આવી ગઇ. જ્યારે રાજા તેજ પ્રમાણે બેસી તેના પગ દાબતો રહ્યો. એવામાં તે જાગ્રત થતાં, રાજાને તે સ્થિતિમાં બેઠેલ જોઇને કહેવા લાગી કે—'અહા ! અજગર સમાન ઉંઘતી એવી મને ધિક્કાર થાઓ કે આ કેટલો બધો પ્રમાદ થયો ? એક તો પ્રિય પાસે પગ દબાવવા એજ અનુચિત છે, તેમાં પણ નિદ્રા કરવી, તે તો અધિક અપરાધ છે. ' એમ વિશ્રાંતિ લેતાં તેણે કહ્યું કે—' મહેરબાની કરીને પલંગપર બેસો.' એમ બોલતાં તેણે પોતાના હાથવતી રાજાને પલંપર સુવાડયો, ત્યાં સ્નેહથી રાત વીતાવીને રાજા પોતાના સ્થાને ગયો અને પોતાને ગર્ભ રહેલ જાણીને રત્નમાળા પણ પિતાના ઘરે ગઈ. ત્યાં બનેલ બીના તેણે પિતાને કહી અને રાજા સાથે થયેલ સંબંધ પણ સંભળાવ્યો, તેમજ પત્રમાં લખેલ રાજાનાં વચનો બતાવ્યાં જેથી સંતુષ્ટ થયેલ પ્રધાને તે પત્રો સંભાળી રાખ્યાં. વળી રત્નમાળાનો ગર્ભ પણ અનુક્રમે વધવા લાગ્યો. પછી બીજે દિવસે તેજ પ્રમાણે અનુરાગથી

ખેંચાઇને રાજા સત્વર જિનાલયમાં આવ્યો એટલે ત્યાં સંગીત સાંભળવામાં ન આવ્યું અને તે પોતાની પ્રિયાને પણ તેણે જોઇ નહિ, પરંતુ શૂન્ય દેવમંદિર જોઇ, પોતે પણ શૂન્ય બની ગયો. ક્ષણભર રાહ જોતાં રાજા ત્યાં બેઠો, પણ રાત લાંબી જોઇને તે પ્રિયાના પ્રાસાદે ગયો. ત્યાં પણ દ્વાર બંધ હોવાથી આડે માર્ગે અંદર ઉતરીને ચોતરફ જોયું, પણ કોઈ જોવામાં ન આવ્યું. વળી યથાસ્થાને આવીને જોતાં પણ અમાવાસ્યાએ ચંદ્રિકાની જેમ રત્નમાળા ક્યાં પણ તેના જોવામાં ન આવી. એટલે તે સ્નેહથી વિચારવા લાગ્યો કે—' અરે ! દાસીઓ સહિત તે મને પણ જણાવ્યા વિના ક્યાં ગઈ હશે ? ' એમ ધારી સ્થાન–મમત્વથી તે ત્યાંજ બેસી રહ્યો, અને પરોઢીએ તે પોતાના સ્થાને ગયો. પછી સભામાં તેણે નીતિસારને પૂછ્યું કે—' હે પ્રધાન ! એ અદ્ભુત જિનાલય કોણે કરાવેલ છે. ત્યાં જે નર્ત્તકી હતી, તે કેમ ક્યાં ચાલી ગઇ ? ' મંત્રી બોલ્યો ' હે નાથ ! દેવાલય તો આપના પ્રસાદથી મારા માતપિતાના શ્રેય અર્થે સ્વ–દ્રવ્યથી મેં કરાવેલ છે, પણ જે નર્ત્તકી અહીં હતી, તે તો પરદેશી અને દ્રવ્યના લોભે ક્યાંકથી આવી રહી હતી. પછી કોઇ ઉંટવાળાએ આવી, તેને કંઇક સમજાવી, રાજી કરીને તે ક્યાંક લઇ ગયો. રાજાએ કહ્યું—'અરે ! તો મને જણાવ્યું કેમ નહિ ? ' એમ બોલતાં રાજાએ તરતજ તે ઉંટની પાછળ ઘોડા દોડાવી મૂક્યા. તે ચારે દિશામાં ભમી ભમીને પાછા આવ્યા, તેના વિયોગથી મનમાં ગ્લાનિ થતાં રાજા શરીરે સંતાપ પામ્યો. તેના વિના રહી ન શકવાથી પટપર તેનું રૂપ આળેખી તે ચિત્રપટને જોતાં રાજા દીવસો વીતાવવા લાગ્યો.

હવે સમય આવતાં રત્નમાળાએ પુત્રને જન્મ આપ્યો અને તે બાળકનું ક્ષેમંકર એવું નામ રાખવામાં આવ્યું. લાલનપાલન કરતાં તે અનુક્રમે મોટો થયો ત્યારે નીતિસારે પોતાની

પુત્રી રત્નમાળાને કહ્યું કે—‘ હે વત્સે ! તેં રાજાનો ક્ષુદ્ર આદેશ બજાવ્યો. માટે હવે બાળક લઇને રાજા પાસે ચાલ.’ એટલે અલ્પ શૃંગાર ધારણ કરી, પાલખીમાં બેસી, બાળકને ખોળામાં બેસારી તે રાજા પાસે ચાલી. ત્યારે નીતિસાર મંત્રી પણ તે અનેક પત્રો આદર પૂર્વક વાહનમાં લઇ તે રાજસભામાં આવ્યો. ત્યાં આગળ આવીને તેણે રાજાને અરજ કરી કે—‘ હે નાથ ! તમારો પુત્ર આવે છે. માટે અત્યારે તમને હું સદ્ભાગ્યવડે વધાવું છું.’ આથી રાજા બોલ્યો —‘ હે મંત્રિન્ ! મારો પુત્ર ક્યાંથી અને કેમ થયો ? એમ ઉતાવળે રાજાના કહેતાં, મંત્રી પુત્ર સહિત પોતાની સુતાને ત્યાં લઇ આવ્યો અને રાજાને જણાવ્યું કે—‘ હે ભૂપ! આ તમારી પ્રિયા અને આ તમારો પુત્ર. તમે બરાબર યાદ કરો, મારૂં વચન વિપરીત નથી.’ પછી રાજાએ સંભારતાં પણ યાદ ન આવવાથી તેણે રત્નમાળાને વાંકી દૃષ્ટિથી વારંવાર જોઈ, પણ અસંભવથી રત્નમાળાને તે નર્ત્તકી જાણી ન શકયો. વળી નર્ત્તકી વિના તો અન્ય કોઇ સ્ત્રીનો તેણે સંગ કર્યો ન હતો. ત્યારે રાજાએ કહ્યું—‘ હે પ્રધાન ! મને કશું યાદ આવતું નથી, અને જાણ્યા વિના હું પુત્ર સહિત એને કેમ સ્વીકારૂં ? આ વખતે રત્નમાળા વસ્ત્રથી આચ્છાદિત મુખે જરા નજીક આવી રાજાને પુત્ર આપતાં સમક્ષ ઉભી રહી, ત્યાં પોતાને અનુરૂપ પુત્ર જોતાં અને સંબંધ યાદ ન આવતાં. સંદેહ પામી રાજા ચિંતાતુર થયો. એટલે સંદેહ ટાળવા માટે નીતિસાર પ્રધાને તે પત્રો લાવીને રાજાને બતાવ્યાં. જે રાજાએ જોતાં તેમાં પ્રથમ દિવસથી થયેલ પ્રશ્નોત્તર, કથા, વાર્ત્તા, શ્લોક, ગાથા અને પ્રહેલિકા લખેલ હતાં. જે દિવસે રાજા જે પ્રમાણે બોલેલ તે બધું નિશાની સહિત વાંચતાં રાજાને ખેદ અને વિસ્મય થયો, અને તે ગંભીર વિચારમાં પડયો કે—‘ અહો ! આ મંત્રીશ–સુતાએ પૂર્ણ યુવાનીમાં પ્રતિજ્ઞા લઇ, નર્ત્તકીના દંભે કેમ મારી પાસેથી પૂર્ણ કરી ? અરે !

સંગ્રામોમાં તરવાર–યુદ્ધ કરતાં, પોતાના ઉછળતા ભુજબળ–ગર્વથી સાર્વભૌમ મેં કષ્ટથી કેટલાએ શત્રુઓને જીત્યા, પણ બુદ્ધિસંપન્ન આ ધીમતી સ્ત્રીએ તેવા બળશાળી મને ક્ષણવારમાં જીતી લીધો, માટે મને ધિક્કાર છે. અથવા તો કયો વિષયી કામિનીઓથી જીતાયો નથી ? કારણ કે જીતવા જનાર મન્મથનું તે અપ્રતિમ શસ્ત્ર છે. સ્ત્રીઓથી જીતાતાં પુરૂષ પ્રથમ મિથ્યા વચનથી અને પછી સ્ત્રીરક્ત સુખે અન્ય કુવ્યસનથી જીતાયજ છે. સ્ત્રીને વશ પડેલ પુરૂષ માતા, પિતા, ભ્રાતા, સ્વજન કે ગુરૂની આજ્ઞા માનતો નથી, પરંતુ બનાવટી પ્રેમરૂપ ચૂર્ણથી પરવશ બનેલ તે સ્ત્રીની આજ્ઞાને શિરસાવંદ્ય કરે છે. કામિનીવશ પુરૂષ કૃત્યાકૃત્યને જાણતો નથી અને તે એક પામર જનથી પણ પરાભવ પામે છે. સ્ત્રીને તાબે થયેલા મનુષ્યને ધર્મપ્રેમ ન હોય, કુલાચારમાં આદર નહિ, અને તેને લજ્જા કે ભય પણ હોતા નથી. સ્ત્રી પુરૂષને છેતરીને પ્રથમ પોતાનો દાસ બનાવે છે, એટલે પછી તે જાણે પોતાના અપરાધના ભયથીજ તેની આજ્ઞા માન્ય કરે છે. જેઓ અન્યત્ર માન પામે અને ગુરૂથકી પણ માનને ઇચ્છે, તેવા જનો પણ સ્ત્રીઓના દુર્વચનઘાતની લઘુતાને સહન કરે છે. વળી જે સ્ત્રીઓ માયાના સ્થાનરૂપ હોઇ એકની યાચના કરે અને અન્ય સાથે રમણ કરે. ખરેખર ! તે લોહની નૌકા સમાન બની સંસાર–સાગરમાં ડૂબાડે છે. જ્યાં હું વિરક્ત બન્યો હતો, તેનાપર મારો કેટલો બધો અનુરાગ બંધાયો કે જેના સ્નેહમોહથી પરાધીન થતાં મેં જોડા ઉપાડ્યા. માટે એ સ્ત્રીવડે સર્યું કે જેનાથી હું પરાભવ પામ્યો. અથવા તો ભવવિરાગનો એજ મને હેતુ થઇ. જો એના પ્રત્યે હું સ્નેહથી લલચાયો ન હોત, તો પરાભવ ન પામત. એમ પોતાના મનોમંત્રી સાથે દ્રઢ નિશ્ચય કરતાં રાજાએ રત્નમાળાના પુત્રને રાજ્ય આપી, પોતે વ્રત અંગીકાર કર્યું.

એ પ્રમાણે હે કુબ્જા! જેમ રત્નમાળાએ રાજાને તાબે કરી, પ્રેમમાં મુગ્ધ બનાવીને પોતાના ઉપાનહ ઉપડાવ્યા, તેમ બીજી સુબુદ્ધિ સ્ત્રી પણ પ્રેમ, ગુણ કે વિનયવડે વશ કરીને પ્રિયને છંદવડે નચાવી શકે, પણ આ આપણી સખી તો મુગ્ધ અને પ્રિય પ્રત્યે બોલવાને પણ કાયર છે. તેણે તો સ્મરણના અભાવે લીલાથી એને પરાભવ પમાડયો છે.' ત્યારે કુબ્જિકા બોલી—'હે કામલેખા! હવે મારે શું કામ કરવાનું છે? કારણ કે સંતાપ પામતી આ પ્રિય સખીને હું જોઇ શકતી નથી.' એવામાં દૂર બેસીને સાંભળનાર લક્ષ્મીબુદ્ધિ રાજાએ તે બંને સખીઓને પેલી સ્ત્રીના સંતાપનું કારણ પૂછયું—'તમે બહુ વાર્યા છતાં એ તમારી સખી ઉષ્ણ અશ્રુથી પોતાના મુખકમળને કેમ મ્લાન કરે છે?!' કામલેખા બોલી—'હે સાત્ત્વિકોત્તમ! પરદુઃખે દુઃખિત તારા વિના વારંવાર પરપીડાનો કોણ પ્રશ્ન કરે? પ્રશ્ન કરનાર એમ વિચારે કે હું જો પૂછીશ, તો મારી પાસેજ એ પોતાના રક્ષણની યાચના કરશે. એવા તુચ્છ સ્વભાવથી પરરક્ષણમાં આદર ન કરતાં તેઓ પરોપકારથી પોતાના જન્મને સફળ કરી શકતા નથી. તું વત્સલ દેખાય છે, માટે તને કહીએ છીએ કે આ અમારી સખી સગર્ભા થતાં એના પતિએ એનો અનાદર કર્યો કે—' હે દુઃશીલા! હે દૂષિતવ્રતા! એ મારો ગર્ભ નથી. જા મારા ઘરથી બહાર નીકળ! એમ કહીને તેણે એને કહાડી મૂકી. એટલે એ રોતી રોતી પોતાના પિતાના ઘરે આવી, ત્યાં જમાઇના બોલ જાણી પિતાએ પણ એને કહાડી મૂકી. એ બિચારી શું કરે કે પોતે સુશીલા છતાં પતિએ તજી દીધી. સ્ત્રી તો ભર્તારને અભિષ્ટ હોય, તેજ ગૌરવ પામી શકે. જેના જીવનને નરકમાં પણ ગતિ ન મળે, તે સર્વ દુઃખના નિધાનરૂપ સ્ત્રીત્વ દુષ્કર્મથી પામે. જે સ્ત્રી સ્વેચ્છાએ ચાલે, તે ન્યાયમાં હોવા છતાં દુઃશીલા ગણાય, દીનપણે ચાલે નો પરાભવ પામે. તેથી તેનું અબલા નામ સાચું છે.'

એમ સાંભળતાં રાજા બોલ્યો—' તેમાં એના પતિનો અપરાધ નથી, પણ તેની વિસ્મૃતિ એજ એના અપરાધરૂપ છે. તો એની નિશાનીનાં વચનો તથા અલંકારોવડે તેને થયેલ વિસ્મરણ દૂર કરી, સ્મરણ કરાવવાનું છે. તેને સ્મરણ થાય અને તત્ત્વ જાણવામાં આવ્યા છતાં જો એને તે માન્ય ન કરે, તો દુષ્ટ કર્મનું કારણ, પણ તે સત્પુરૂષનો દોષ નહિ. કોઇ કારણે સ્વાર્થની વિસ્મૃતિ થઈ હશે, કારણ કે શ્રાપના યોગે **દુષ્યંત** રાજાએ **શકુંતલાને** વિસારી મૂકી હતી.' કામલેખા બોલી—' એ કથા અમને વિસ્તારથી કહો, કે જેથી મારી સખીને પણ કંઇક વિનોદ થાય. ' રાજા બોલ્યો—' જો તને કૌતુક હોય તો સાવધાન થઇને સાંભળઃ—

## શકુંતલાની કથા.

આ **ભરતક્ષેત્ર**માં **સાકેત** નામે નગર છે, કે જ્યાં **ભારતી**ની સ્પર્ધાથી લક્ષ્મી પ્રતિગૃહે પ્રગટ છે. વળી બ્રાહ્મી જેને સગુણ બનાવે છે, તેને લક્ષ્મી આલિંગન દે છે. ત્યાં દરેક સામંતના પ્રણામ વડે ઉન્નત, પરાક્રમી અને શત્રુલક્ષ્મીના નિવાસગૃહરૂપ એવો **દુષ્યંત** નામે રાજા હતો. લક્ષ–સૈન્યને જીતે તેવા અભ્યાસે અંગની દૃઢતાથી ક્ષુધાતૃષાનો જય કરનાર તે રાજા એકદા રથારૂઢ થઇને શિકાર કરવા ચાલ્યો. પ્રતાપવડે આદિત્ય સમાન રથારૂઢ થઇને જતાં તેણે તાપસોના આશ્રમ પાસે એક મૃગ જોયો. એટલે ઇષ્ટ વાયરે સાગરમાં નાવની જેમ તેની પાછળ અશ્વ છોડતાં, દૂર થકી રથ તેની નજીક પહોંચ્યો. ત્યાં રથનો અવાજ સાંભળતાં મૃગે સંભ્રમથી જોયું અને ચાવેલા ઘાસને અધવચ તજી, તે જીવ લઇને ભાગ્યો. પછી ' હું અને રથાશ્વોમાં કોણ વધારે વેગશાળી છે ? ' એમ જાણે જોવાને જ મૃગ આગળ આગળ દોડતો ગયો. ' અરે ! આ એક મૃગની કેટલી ગતિ ? ' એમ ધારી તે બંને રથાશ્વો એકદમ મૃગ પાછળ દોડવા લાગ્યા. એટલે તે મૃગ પણ પગને જાણે

આંખો બનાવી હોય તેમ આગળ દોડતો અને ગ્રીવાભંગથી રથને જોતાં તે ભૂમિ અને આકાશમાં પણ ઉછળતો ચાલ્યો. તેની દૃષ્ટિ કિરણરૂપ દોરડીથી જાણે બંધાયા હોય તેમ તે અશ્વો મૃગમાર્ગે જાણે આકર્ષાયા હોય તેમ તરત તે મૃગની નજીક પહોંચ્યાં. ત્યારે બાણ સાંધી, કર્ણસુધી ધનુષ્ય ખેંચતાં પ્રાપ્ત લક્ષ્યમૃગ પ્રત્યે રાજા જેટલામાં બાણ છોડે છે, તેટલામાં કાષ્ઠ લેવાને નીકળેલા કંઠ કુલપતિના તપસ્વી શિષ્યો 'મમ' એમ બોલતાં તે તરત જ મૃગની આડે આવ્યા. રાજાએ તાપસોને મૃગના રક્ષક સમજી, લજ્જા પામી ક્રોધની સાથે નતમુખ થઇને બાણ સંહરી લીધું. ત્યારે પોતાની મેળે લજ્જા પામતા રાજાને તાપસોએ કોમળ વચનથી કહ્યું કે—'હે રાજન્! તારા જેવા ન્યાયીનો એ આચાર નથી, કારણ કે તમારૂં ધનુષ્ય, ગર્વથી ભુજબળ બતાવતા રાજાઓના શરીરમાંથી જીવ ખેંચવાને બાણો છોડે, પણ આવા ભયભીત, શસ્ત્રહીન, જંગલવાસી અને દીન ચક્ષુ બતાવતા અને અનપરાધી એવા મૃગપર તમે કોપ ન કરો. એ તો બાલર્ષિઓનો ક્રીડામૃગ આમતેમ ભમતો રહે છે, તે તમારા જેવાને વિશેષથી પોષવા લાયક છે. લક્ષ્ય પ્રત્યે બળ બતાવવાના બ્હાને પણ તમે એ મૃગોને મારશો નહિ. કારણ કે હિંસા એ અચળ શિવસુખનો નાશ કરે છે, હે રાજન્! એ મૃગ મારવાના અધ્યવસાયથી તમે જે પાપ ઉપાર્જ્યું, તો અમારા આશ્રમને જોઈ, તે પાપને તમે જલાંજલિ આપો. અર્થાત્ અમારા આશ્રમ પ્રત્યે આવવાથી તે પાપ ટળી જશે. જ્યાં ઋષિઓ તપસ્યા અને શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, તે આશ્રમમાં આવતાં શ્રદ્ધાળુ પાપથી મુકત થાય છે, માટે તમે આશ્રમમાં જાઓ, અમે જંગલમાં કાષ્ઠ લેવા જઈશું. ત્યાં મુનિ કુમારો, આશ્રમના ગુરૂ એવા તમારો આદર-સત્કાર કરશે.' એમ કહેતાં તાપસોને રાજાએ પ્રણામ કર્યા અને ભૂમિ પ્રત્યે દૃષ્ટિ નાખતા તે પોતાના ગંતવ્ય સ્થાને ગયા. પછી રાજા

દુષ્યંત પણ પોતાના મિત્રસહિત રથને ત્યાં મૂકી, ફલિત વૃક્ષો જોતાં આશ્રમમાં ગયો. ત્યાં કુંભમાં પાણી લાવી, પરિકર બાંધી, સ્પર્ધાથી વૃક્ષોને સિંચતા મુનિકુમારોને તેણે જોયા. વળી ત્યાં બાલર્ષિઓ સાથે શુકો પઢતા અને ક્રીડા પણ કરતા હતા, તથા સ્વેચ્છાએ વિશ્વાસથી ક્રીડા કરતા મૃગોને મુનિઓ સમક્ષ જોયા. એમ આશ્રમને જોતાં હર્ષાશ્રુથી પાપને ધોઈ નાખનાર રાજા દ્રાક્ષા-મંડપમાં પેસીને વિસામો લેવા બેઠો, એવામાં દક્ષિણ ભાગમાં સ્ત્રીઓનો આલાપ સાંભળતાં 'એ શું કહે છે?' તે સાંભળવા માટે રાજા ક્ષણભર સાવધાન થઈ ગયો. ત્યારે પ્રિયંવદા બોલી—'હે પ્રિયંકરી! તું કાંઈ જાણે છે?' તે બોલી—'શી બાબત?' પેલીએ કહ્યું—'જો ન જાણતી હોય તો સાંભળ—કંઠ કુલપતિ પ્રભાસક્ષેત્રે પોતે જતાં કહ્યું કે—'મારી પુત્રીને કોઈ કુલીન વર પ્રાપ્ત થાય.' ત્યાં જગતને પોતાની તપશકિતથી અન્યથા કરવાને સમર્થ એવો **દુર્વાસા** ઋષિ આતિથ્ય ગ્રહણ કરવાની ઇચ્છાથી વનમાં આવ્યો, અને તે કંઠના આંગણે આવીને ક્ષણભર ઉભો રહ્યો, એટલે પિતાએ શકુંતલાને આતિથ્ય કરવા આદેશ કર્યો, પણ તેણે દુર્વાસાને જોયો નહિ. ત્યારે દુર્વાસાએ વિચાર કર્યો કે—'ક્ષણભર ઉભા રહ્યા છતાં એણે મને જોયો નહિ, માટે ગર્વથી દુષ્ટ આશય-વાળી એ દુરાત્માને હું શ્રાપ આપું. હે રૂપ–ગર્વિષ્ઠ! જો મારા તપનો પ્રભાવ હોય, તો પ્રેમથી સ્વીકાર્યા છતાં પતિ તને વિસારીને તજી દ્યો.' એમ કહી તે પાછો ફર્યો, પણ તેનો શ્રાપ મેં સાંભળ્યો, તેથી દોડી, તેને પગે પડીને કહેવા લાગી કે હે ઋષિ! શકુંતલાએ કાર્યની વ્યગ્રતાને લીધે તમને જોયા નહિ, પણ અવજ્ઞા કે ગર્વથી તેણે એમ કર્યું નથી, તેમાં હું તમારા સોગંદ ખાઉં છું; માટે હે મુનિ! તમે પ્રસન્ન થઇને એના પ્રત્યે અનુગ્રહ કરો. મહાત્માઓનો કોપ તો પ્રણામ–પર્યંત હોય.' આવી કોમળ ઉકિતથી મુનિએ

શાંત થતાં શકિતથી શ્રાપને અટકાવવા અનુગ્રહ કર્યો અને જણાવ્યું કે—'પ્રતીતિ માટે વીંટી બતાવવાની નિશાનીથી તે પુનઃ તેને યાદ કરશે. તેમાં શંકા નહિ.' પછી આતિથ્યથી પ્રસન્નતા પમાડતાં શકુંતલા તરતજ દુર્વાસાને નમી, એટલે તેને પુત્ર થવાની આશિષ આપી તે ચાલતો થયો." ત્યારે પ્રિયંકરા કહેવા લાગી—'તપ કરતા મહર્ષિઓએ અજ્ઞાનમુગ્ધ અને નિરપરાધી જીવોને શ્રાપ આપવો તે યુકત નથી. શ્રાપ કે અનુગ્રહથી તપનો ક્ષય સંભવે છે અને તપ–ક્ષય થતાં વ્રતી ન રહે, તથા વ્રતિત્વ વિના તેને નમન પણ કોણ કરે ? અપરાધી જનપર ક્ષમા રાખવી, એ તપસ્વીઓનો મુખ્ય માર્ગ છે. કારણકે ક્ષમા તે વ્રતનું જીવિત છે, તેનો લોપ થતાં વ્રત લોપાયજ. વળી ક્ષમા વિના જ્ઞાન, ધ્યાન કે તપ પ્રમાણ ન થાય, તેમજ એ ત્રણે વિના એક ક્ષમા પણ તત્ત્વ બતાવવામાં માર્ગદર્શક થાય છે. સંપત્તિ સાથે પ્રભુતા, સુખલીલા સાથે આરોગ્ય, અને પુત્રસંપત્તિ સાથે ગૃહસ્થતા એ આ લોક સંબંધી તપનું ફળ છે; તેમજ મન અને ઇંદ્રિયોને તાબે કરી ધાતુ–સંશોધન કરતાં આત્મજ્ઞાન પામી મોક્ષે જવું, એ પરલોક સબંધી તપફળ છે. તે મુનિ આમુષ્મિક તપફળ તજી, શાપ–શ્રાપ કે અનુગ્રહમાં વૃથા તપ ગુમાવે છે.' એમ કહી તે બંને સખીઓ આમતેમ ભમતી ચાલી ગઇ અને રાજા ત્યાં સ્ફટિક–શિલાતલપર સુઇ ગયો. પછી તે સખીઓ સાથે વૃક્ષો સિંચવા જતાં શકુંતલાને દૂરથી રાજાએ જોતાં, તેના પ્રત્યે ગાઢ અનુરાગ થતાં રાજા ચિંતવવા લાગ્યો—'અહો ! આ તપસ્વિની ઉપર મારૂં મન કેમ ઉત્સુક થયું છે ? અથવા તો એના પ્રત્યે મારૂં મન અભિલાષી થયું, તો એ ક્ષત્રિયોને અવશ્ય યોગ્ય હોવી જોઇએ. એનો વેષ તો તપસ્વી જનને ઉચિત હોવાથી સજ્જનને એ ઇચ્છવા લાયક કે બોલાવવા લાયક નથી.' એમ ભૂપ ચિંતવે છે, તેવામાં વૃક્ષોને સિંચતી તે સખીસહિત

રાજાની નજીક આવી, અને એક લતાના મૂળમાં જળકુંભ રેડતાં, તેના અવાજને લીધે તે લતાકુંજમાંથી એક ભમરો ઉડયો. તે આમ તેમ ભમતાં, શકુંતલાની દૃષ્ટિને ભ્રાંતિથી કમળ માનતાં અને હાસ્યથી દાંતમાં મચકુંદની ભ્રાંતિ પામતાં, હાથવતી તેને તે વારંવાર તાડન કરતી, છતાં પણ તે ભૃંગ, પ્રમોદથી આલિંગન–સ્પર્શ કરનાર પ્રિયતમની જેમ શકુંતલાને અંગે આવવા લાગ્યો. એટલે રાજા, શકુંતલાના અંગ–સંગથી ભ્રમરને વખાણવા લાગ્યો અને તત્ત્વ–વિચારવામાં મૂઢ એવા પોતાના આત્માને મન્મથને વશ થઈને તે નિંદવા લાગ્યો. એવામાં શકુંતલા મુગ્ધભાવથી લતાકુંજમાં પેસતાં રાજાને જોઈ, વક્રદૃષ્ટિથી તે સ્નેહે જોવા લાગી. અને પાછી વળી કંઇક કંપ પામતાં તેણે પોતાની બંને સખીઓને વાત કહી. ત્યારે તે ત્યાં આવતાં રાજાને જોઇ, પરસ્પર હસવા લાગી. જ્યારે રાજા તેના કટાક્ષે હણાતાં, પ્રાણહારી દુસ્સહ દાહ પામી, તરત કહેવા લાગ્યો કે—‘ નિયતપણે દૃષ્ટિનો દાહ અનુભવી, આ કામસુભટ પોતે શંકરના ઉપાધ્યાયપણાનો તરત ત્યાગ કરતાં, આ સુમધ્યા–કૃશોદરીના મધ્યભાગરૂપ આશ્રમ–સ્થાન પામી કટાક્ષરૂપ અનલાસ્ત્ર છોડતાં યુવનોને ભસ્મ કરે છે. વળી એ તપસ્વીની પુત્રી હોય, તેમાં તો મને સંદેહ છે, અને મારૂં મન વિકાર પામે છે–એમાં કંઈ નિશ્ચય કરી શકાતો નથી.’ પછી રાજાએ પોતાના મિત્રને મુખે તેની સખીને વંશની વાત પૂછતાં, પ્રિયંવદા પોતાની સખીનો યથાસ્થિત વૃત્તાંત રાજાને કહેવા લાગી કે—

“ પૂર્વે **વિશ્વામિત્ર** મુનિ દુષ્કર તપ તપતાં કયાંક જોઇ, ઈંદ્રને વિસ્મય થતાં તે વિચારવા લાગ્યો કે—અહો! એ તપના પ્રભાવથી તો આ મને ઉત્થાપીને સ્વર્ગનું સામ્રાજ્ય લઈ લેશે, માટે એ પૂર્ણ તપ ન કરે તેટલામાં એને તપમાં વિઘ્ન પમાડવાનો કંઇક ઈલાજ કરૂં. કામિનીઓ એ પુરૂષ પ્રત્યે અમોઘ કામ-

આણુ છે, તો તેને ક્ષોભ પમાડવા દેવાંગના મોકલું. ' એમ ધારી તેણે પાસે બેઠેલ મેનકાને આદરથી કહ્યું કે—'વિશ્વામિત્ર મુનિને ક્ષોભ પમાડવા તું સમર્થ છે.' ત્યારે મેનકા અવજ્ઞાપૂર્વક બોલી કે—' હે સ્વામિન્ ! એ મારી આગળ શું માત્ર છે ? મારા કટાક્ષ-પાતથી કોણ કામાતુર ન થાય ? માટે તેને ક્ષોભ પમાડનાર રૂપ લઇ તરતજ તેની તપોગ્રંથિ ખોલી ધ્યાનરૂપ ધન છીનવી લઇશ,' એમ કહેતાં તે સ્વર્ગથકી ભૂમિપર કે જ્યાં તે મુનિ હતો, ત્યાં આવી, ક્ષોભ પમાડવાનો આડંબર કરવા લાગી. તેણીના તત્ત્વઘાતક વચનને મુનિના કાનમાં પેસી, મન અને ઇંદ્રિયોને વશ કરીને તેનો સંયમ-નિરોધ મૂકાવ્યો. એટલે હળવે હળવે ઉચ્છૃંખલ થતાં ઇંદ્રિયો દુરાગ્રહથી પોતપોતાનો વિષય ગ્રહણ કરવામાં ઉત્સુક થવા લાગી. દૃષ્ટિને રૂપમાં, કાનને ગીતમાં, નાસિકાને સુગંધમાં, જીભને રસમાં અને અંગને સ્પર્શસુખમાં એમ વારંવાર તે મુનિને તાલાવેલી જાગી. જેથી તેના રૂપાદિકથી પ્રહર્ષ પામેલ, આત્મ—ધ્યાનતજી, આસક્તિ-થી તેના પ્રત્યે મન જતાં તેણે જીભને બોલવાનો આદેશ કર્યો. એટલે અમૃતસમાન વાણીથી મેનકાને મનાવી, મુનીએ તેની સાથે રતિવિલાસ કર્યો, અને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થતાં અનુક્રમે મેનકાને ગર્ભ રહ્યો અને તેણે સુખે એ શકુંતલાને જન્મ આપ્યો. એટલે જન્મ પામતાંજ એને તજીને મેનકા સ્વર્ગમાં ચાલી ગઇ, પણ કંઠ કુલપતિને એ પ્રાપ્ત થતાં તેણે પુત્રીની જેમ એને ઉછેરી મોટી કરી, જેથી એ માનેલ પુત્રી, મુનિને અતિવલ્લભ છે. કારણ કે મુનીઓને તો તિર્યંચો પણ રક્ષણીય હોય, તો સ્ત્રીનું તો કહેવુંજ શું ?' એમ બોલી, તે વિરામ પામતાં, રાજાને શકુંતલાનો વંશ જાણવામાં આવતાં, તેને પરણવા યોગ્ય સમજીને રાજાએ પ્રેમથી જોયું. એટલે પરસ્પર દૃષ્ટિમેલાપ અને મનોમીલન થતાં, ઉત્પન્ન થયેલ પ્રેમરૂપ વિપ્રે તેમનો હસ્ત-મેલાપ કરાવી દીધો. ત્યાં કેટલોક વખત પ્રેમરમ્ય વિષયસુખ ભોગ-

વતાં, આવેલ સૈન્યથી આશ્રમનો ઉપદ્રવ થવાની શંકાએ ભય પામતાં રાજાએ શકુંતલાને કહ્યું કે—'હવે અમે સ્વનગરે જઈશું. કારણ કે અહીં આવતાં ઘણો કાલ થયો.' એમ રાજાએ કહેતાં, શકુંતલા અશ્રુ લાવીને કહેવા લાગી કે—'ક્યાંકથી આવી, ગાંધર્વ-વિવાહથી મને પરણી અને અત્યારે તજીને ચાલતાં તમને વિચાર થતો નથી ? કદાચ મુનિઓ મને સગર્ભા જાણશે તો તેમને મારે શો જવાબ આપવો ? તે તો કહો.' રાજા બોલ્યો—'હે તન્વી ! તું ભય લાવીશ નહિ. એ મુનિઓ મને **દુષ્યંત** તરીકે બરાબર ઓળખે છે, માટે તેમને તું પ્રગટ વાત કહી દેજે અને આ મારી મુદ્રિકા લે. તે વખતસર વિસ્મરણ થતાં યાદ આપવા નિશાનીરૂપ થઈ પડશે.' એમ બહુજ પ્રેમ બતાવી શકુંતલાને રાજી કરી, મુદ્રિકા આપી, રાજા સૈન્યસહિત પોતાના નગરમાં ગયો. પછી કંઠર્ષિ પ્રભાસતીર્થ થકી ઘરે આવતાં, સખીએ તેને શકુંતલાના પતિનો વૃત્તાંત કાનમાં કહ્યો, જે સાંભળતાં ભારે સંતોષ પામી, મસ્તક ધૂણાવતાં તે બોલ્યો કે—'શકુંતલા દુષ્યંતને પરણી, તે સારૂં થયું.' એમ બોલતાં તેણે સ્નેહથી છાતી સાથે લઈ શકુંતલાનેને આશીષ દેતાં કહ્યું કે—'હે વત્સે ! તું પુત્રવતી થજે.' એમ મુનિની આશિષથી ગર્ભ અનુક્રમે વધવા લાગ્યો. ત્યાં તાપસીઓ પોતે પ્રતિદિન ગર્ભરક્ષાની કાળજી રાખતી. કેટલાક દિવસો પછી ઋષિઓ સાથે વિચાર કરી, કંઠકુલપતિએ આશિષપૂર્વક કુલીન સ્રીને યોગ્ય શિખામણ આપી, મનને સંતોષ પમાડનાર તથા જનનીની જેમ તાપસીને સોંપી શકુંતલાને તેણે **દુષ્યંત** રાજાના ઘરે વિસર્જન કરી. એટલે આશિષ આપનાર કંઠમુનિને અન્ય તાપસો સહિત અશ્રુ ઢાળતાં નમી, સ્નેહથી આશ્લેષ આપી દૂરથી તેણીએ પાછા વાળ્યા તેમજ પોતાનું પાલન કરનાર તાપસીઓયુક્ત વૃદ્ધા તાપસીને માતૃસ્નેહની જેમ પ્રણામ કરતાં શકુંતલાએ તેની આશિષ

લીધી. પછી સખીઓને ભેટી, આંખમાં આંસુ લાવી, લાંબો વખત સાથે રહેતાં કંઇ થયેલ અપરાધ ખમાવીને તેણે પાછી વાળી. એમ જતાં જતાં મમતાના યોગે વારંવાર પાછળ નજર કરી સ્થાન અને અશ્રુવડે માર્ગ સિંચતી શકુંતલા આગળ ચાલી, તેણીની સાથે બે ત્રણ તાપસી અને મુનિ હતા, તેમની સંગાથે પતિના પત્તન પ્રત્યે જતાં માર્ગમાં તેણે દક્ષિણ તરફ સ્વચ્છ જળનું એક વિશાળ સરોવર જોયું. એટલે રસ્તે ચાલતાં સર્વાંગે થયેલ ખેદથી જળની વાંછાએ લક્ષ્મીના કમળની શોભા સાથે પોતાના મુખની તુલના કરવા તે સરોવરે ગઇ. ત્યાં પગ ધોવાના મિષે શ્રમને જલાંજલિ આપતાં તેણે પવિત્ર થઇને કાંઇક પાણી પીધું, પણ પગ ધોતાં તેની વીંટી ઢીલી હોવાથી આંગળીમાંથી નીકળી જળમાં પડી ગઇ. શકુંતલાને તેનો અભ્યાસ ન હોવાથી તે પાણીમાં પડતાં જાણવામાં ન આવી અને તેને યાદ કર્યા વિનાજ તે આગળ પંથે ચાલી. અનુક્રમે તે પતિના નગરે પહોંચી. ત્યાં ક્ષણભર બહાર વિસામો લઇને તેણે નગરમાં પ્રવેશ કર્યો. ત્યારે શકુંતલાને વિચાર આવ્યો કે—' આગળ જઇને પતિને મારે શું કહેવું.' એમ લજ્જા અને સ્નેહમાં લીન થતી શકુંતલાએ પ્રવેશ કર્યો. પછી હાથમાં ફળ લઇ, આગળ થઇને તાપસોએ જાણે સ્વર્ગથકી અવનીપર ઉતરેલ ઇંદ્ર હોય તેવા રાજાને જોયો અને નજક આવી, ફળની ભેટ ધરતાં, પોતાનો જમણો હાથ ઉંચો કરી, તેમણે એકીસાથે રાજાને આશિષ આપી, તથા જણાવ્યું કે—' હે રાજન્! કંઠર્ષિએ તમને શુભાશિષ આપતાં કંઇક કહેવરાવ્યું છે'. રાજા બોલ્યો—' મને અનુગ્રહ કરવા ગુરૂએ શું ફરમાવ્યું છે, આ હું તેમની શુશ્રુષા કરવા તૈયાર છું. માટે ગુરૂનો આદેશ ફરમાવો. એટલે એક તાપસે કહ્યું કે—' હે રાજન્! તમે આશ્રમમાં આવતાં ગાંધર્વ—વિવાહથી શકુંતલાને પરણ્યા, તે સગર્ભા થવાથી અત્યારે કંઠર્ષિએ તમારા ઘરે તે મોકલી છે; તો એ તમારી પત્નીને તમે

સ્વીકારો. જો ત્યાં એ પ્રસૂતિ કરે તો વિઘ્નનો ભય રહે છે. કારણકે ભાગ્યશાળી ગર્ભને ધારણ કરનાર સ્ત્રીઓ યત્નથી રક્ષણ કરવા લાયક હોય છે; ત્યારે વિસ્મય અને ખેદથી લોચન વિકાસ પામતાં તે ઇંતેજારીથી બોલ્યો કે—' અરે ! તે શકુંતલા કોણ? હું કદિ કોઈ મુનિકન્યાને પરણ્યો નથી. મેં તેને જોઇજ નથી, તો ગર્ભની વાત શી? આવો આદેશ તો તમે વગર વિચાર્યેજ કરો છો. આશ્રમમાં તે મુનિકન્યા ક્યાં અને સદા અમૈત્રી ભાવ ધરનાર હું ક્યાં ? મુનિએ કહ્યું હે રાજન્ ! તું રાજ્યની ખટપટમાં વ્યાકુળ હોવાથી તને એ વાત યાદ નથી અને તારે ઘણી રાણીઓ છતાં હે ભૂપ ! તું એને ભૂલી ન જા; કારણકે હવે તુંજ એનું શરણ છે. તે શિવાય અન્ય આશ્રય નથી. તારાથી થયેલ ગર્ભવતીને અમારા આશ્રમમાં નિવાસ કેવો ? રાજા બોલ્યો—'હે તાપસ! એ ગર્ભ મારાથી થયો એ તમે કેમ જાણ્યું ? તાપસે ક્રોધ લાવી કહ્યું—' તે તો ગર્ભીણી કહે છે. તો હે રાજન્! તું પોતે યાદ કરીને પણ મુનિપુત્રીને સ્વીકારતો નથી. અન્ય સ્ત્રીની જેમ એને પણ વિડંબના પમાડી તજી દેવાનો તું વિચાર ન કર. વળી સદા સ્ત્રીના વ્યસનમાં અંધ બનેલાને મતિ કે સ્મૃતિ પણ ન હોય, પરંતુ તું તો ન્યાયી અને સુજ્ઞશિરોમણિ છો.' એટલે રાજાએ ચિંતવ્યું 'એ કામ મેં અવશ્ય કદાપિ કર્યુંજ નથી.' એમ મનમાં નિશ્ચય અને ધીરજ લાવી તે બોલ્યો કે—' હે ઋષિ! તમે સમજ્યા વિના મારા નગરમાં આવ્યા છો. તમે અન્ય કોઈ પુરૂષને શોધો કે જેણે સ્વીકારીને શકુંતલાને તજી દીધી હોય. મેં તો તેને જોઈ નથી, બોલાવી નથી અને સંગમથી વિડંબના પણ પમાડી નથી. એ બાબતનો નિશ્ચય સમજીને તમે પાછા આશ્રમમાં જાઓ.' ત્યારે ક્રોધથી તામ્ર થતો તાપસ કહેવા લાગ્યો કે—' તને અમે વર્ણાશ્રમના ઉત્તમ ગુરૂ સમજતા, પણ આ તો તું ઉલટો વર્ણશંકરની જેમ ઉપદ્રવ–કરે છે. વળી સદા તું સ્ત્રીઓમાં લુબ્ધ

છે તે શું અમે નથી જાણતા ? તેમજ તું દુષ્ટાશય, વિચારરહિત, અન્યાયમાં આસકત અને ન્યાયમાં વિરકત છે, તે પણ અમે જાણીએ છીએ, એટલા માટેજ વેપારીઓના વેપાર વૃથા જાય છે અને અમારા આશ્રમ પાસેના વૃક્ષો પ્રથમની જેમ ફળતાં નથી. અરે ! બીજા અન્યાયની વાત તો દૂર રહો, પણ એવું કયાં હોય કે કુલીન અને પ્રશાંત સ્ત્રીને પરણીને તેનો અનાદર કરવો ? ' રાજાએ કહ્યું– હે મુનિ ! 'તમે અમ સત્યવાદીપર વૃથા કોપ ન કરો. અમે તમારો કોપ કે અપવાદ સ્હેનાર નથી.' આથી તાપસ વધારે કોપ બતાવતો સાહસથી બોલ્યો—' અરે દુષ્યંત ! અપવાદ તો તું હમણાં જાણેજ છે, પરંતુ તે વખતે તું એમ ન્હોતો જાણતો કે એ કુળગૃહ આવું છે અને પૂર્વે સ્નેહ બતાવી અંગીકાર કરેલ સ્ત્રી, તે સંગ્રામથી પણ તનેજ સ્વીકારશે.' એવામાં આચાર જાણનારા ધર્માધિકારી પ્રધાનો બોલ્યો કે—'હે રાજન્ ! તમે એ મુનિપુત્રિનો સહસા અનાદર ન કરો. તે કદાચ વખત જવાથી વિસરી ગઇ હશે, તો તેને અહીં બોલાવી, ઓળખી લ્યો અગર વિવાહના સ્મરણરૂપ કંઇ નિશાની પૂછો.' રાજાએ એ વાત સ્વીકારતાં, મુનિએ શકુંતલાને બોલાવતાં, તાપસી સાથે તે હાજર થઈ. આ વખતે વસ્ત્રથી તેણે પોતાનું મુખ ઢાંકેલ તથા લજ્જાથી છાતીને પણ ઢાંકી હતી, તેને જોતાં પણ રાજાને યાદ ન આવવાથી તેણે તરતજ શકુંતલાનો અનાદર કર્યો. એટલે શકુંતલા ચિંતવવા લાગી કે—અરે ! હવે મારી શી ગતિ ? હું તો એકાંતમાં પરણી અને આ રાજા તો આમ બોલે છે, વળી મને અસતી સમજીને મુનિઓ પણ પોતાના આશ્રમમાં નહિ લઇ જાય, તેમજ અન્યત્ર મને કયાંઇ પણ સ્થાન નથી. હવે શું કરૂં અને કયાં જાઉં ? વળી આ રાજસભામાં હું બોલવાને પણ સમર્થ નથી. વચન બોલ્યા વિના રાજા માનશે કે પ્રતીતિ લાવશે નહિ.' એમ તે ચિંતવતી હતી, તેવામાં પ્રધાને કહ્યું કે—'હે ભદ્રે ! સંબંધના સાક્ષીરૂપ

કંઇ નિશાની તમારી પાસે છે ?' શકુંતલા બોલી—'રાજા પોતેજ પ્રત્યયરૂપ છે, તો મારે બીજા પ્રત્યયની શી જરૂર છે ? શું રાજા જાણતો નથી કે જે અત્યારે આમ અજુગતુ બોલે છે ?' ત્યારે રાજાએ કહ્યું —'હે મુગ્ધે ! મેં તને કદિ જોઇ પણ નથી, તો સંબંધ બાંધવાનો પ્રત્યય કેમ આવે ?' ત્યાં તાપસે જણાવ્યું—'આ તો મુગ્ધ, અરણ્યવાસી, સતી અને સરલ સ્ત્રી છે, તેથી રાજાને સ્પષ્ટપણે જણાવી શકતી નથી.' રાજા બોલ્યો—'હે મુનિ ! તમે સ્ત્રીઓનું અદ્ભુત ચરિત્ર જાણતા નથી. તે માયા અને કૌટિલ્યમાં ચતુર હોવાથી શું ન કરે ?' શકુંતલા બોલી—'સ્ત્રી ચરિત્ર તમે અનુભવેલ, તેથી સત્ય સમજો છો, પરંતુ તેવું મારામાં જો કાંઇ હોય તો તે રાજાની દૃષ્ટિ બ્હાર નજ હોય, પણ ઉકિત–પ્રત્યુકિતથી વચન–વિસ્તાર તો વધીજ જાય.' એમ કહેતાં, સભાને રોવરાવતી શકુંતલા મોટેથી રોવા લાગી. તથાપિ અકરૂણ રાજાને યાદ ન આવ્યું અને તેણે કબૂલ પણ ન કર્યું. ત્યારે પ્રધાનો કહેવા લાગ્યા—'હે મુગ્ધે ! તારે રડવાથી શું થવાનું છે ? તું નિશાની બોલ કે જેથી રાજાને પ્રતીતિ થાય.' શકુંતલાએ કહ્યું—'હું તો રાજાની સત્યતા જોઉં છું. નિશાનીના અક્ષર–પત્ર તો બધાને માન્યજ હોય.' ત્યારે રાજા બરાબર વિચારી, ધીરજથી બોલ્યો કે—'નિશાની આપતાં, એનો મેં સ્વીકાર કર્યો છે, એમ મને ખાત્રી થાય. ભલે, વિવાદ ટાળનાર અભિજ્ઞાન બતાવો કે જેથી સ્પષ્ટ સ્મરણ થાય.' એમ રાજાએ પોતે તેની પાસે નિશાની માગી. ત્યાં તાપસ બોલ્યો—'એ તો રાજાનું વચન નીતિયુકત છે. માટે હે વત્સે ! સંકેત સંભળાવ.' એમ તાપસે કહેતાં—'રાજાની વીંટી હજી મારી આંગળીએ બરાબર વિદ્યમાન છે.' એમ યાદ કરી શકુંતલાએ રાજાને જોઇ પોતાની આંગળી બતાવી. તેવામાં એ શું બતાવે છે ? એમ બધી સભા આદરથી જોવા લાગી, ત્યાં તો તેણે પોતાની આંગળી, વીંટી

વિનાની શૂન્ય જોતાં ઉંચેથી પોકાર કર્યો કે—' હા ! માતા ! હું હણાઇ, અરે ! મારી વીંટી કયાં ગઇ ? ' એમ વિલાપ કરતાં આમ તેમ તે જોવા લાગી અને બોલી કે—' અરે ! રાજાએ પોતે આપેલ વીંટી કોઇએ ચોરી લીધી કે પોતે કયાં પડી ગઈ, તે હું જાણતી નથી.' એટલે રાજા સત્યવચની થઇ બોલ્યો કે—' હે મંત્રિન્ ! જુઓ,અરણ્યવાસી, મુગ્ધ અને વ્રતધારી તાપસીઓની સત્યતા, અહો ! ધૃષ્ટતા ! અહો ! આશ્રમવાસી સ્ત્રીની ધૃષ્ટતા ! કે જે અસત્યને સાક્ષાત્ સત્ય કરી બતાવવા માગે છે.' અરે ! તમે પણ માયાવી અને પાખંડી છો. એને માયાવી બનાવીને તમે વિશ્વને પરાભવ પમાડો છો. ત્યારે તાપસ અપરાધથી ક્રોધાવેશને રોકતાં બોલ્યો કે—' હે રાજન્ ! અમે સ્ત્રીઓનું ચેષ્ટિત કંઈપણ જાણતા નથી. ગુરૂએ મને અભ્યર્થનાપૂર્વક શકુંતલા સોંપવા મોકલ્યો છે. તે જોઇ તેણીને સ્વીકાર કે તજી દે. હવેથી તું એનો સ્વામી છે.' એમ કહી તે મુનિ તરત આશ્રમ પ્રત્યે ચાલ્યો. એટલે પાછળ આવતી શકુંતલાને તેણે કોપ લાવી કહ્યું કે—' હે દુરાત્મા ! દુષ્ટા ! પાપિષ્ઠ ! કુલને કલંક લગાડનાર ! હે દુઃશીલા ! તું મારી પાછળ આવીશ નહિ. તારા પતિનો આશ્રય લે. આટલા દિવસ રહીને તેં અમને કલંકિત કર્યા, અને હવે આવીને શું તે કલંકપર ચૂલિકા ચઢાવીશ ? ' એમ કહેતાં, મંદગામી શકુંતલાને તજી, પરિવાર સહિત તે આશ્રમના સીધા માર્ગે ચાલતો થયો. મુનિના ગયા પછી રાજાની આગળ આવતાં, દુષ્યંતે પણ તેનો નિષેધ કર્યો, એટલે રૂદન કરતી શકુંતલા પૃથ્વીને કહેવા લાગી કે—' હે પૃથ્વી માતા ! મને દુષ્ટ પતિએ અને ઋષિઓએ પણ તજી દીધી, તેથી અન્ય કાંઇ શરણુ નથી. માટે તું દ્વિધા થઇ જા કે જેથી હું તારામાં સમાઈ જાઉં.' એમ તેણે બોલતાં પૃથ્વી દ્વિધા થઇ અને કોઇ જ્યોતિ પ્રકટ થઇને તરત શકુંતલાને કયાંક લઇ ગઇ. ત્યારે ' અહો ! આશ્ચર્ય,

આશ્ચર્ય ! એમ સભાજનો બોલતાં વિસ્મય પામેલ રાજા ઉઠીને અન્યત્ર ચાલ્યો ગયો.

એકદા કોઇ મચ્છીમારે રાજાની તે વીંટી વેચવા સોની વાણીયાને દૂરથી બતાવી. ત્યારે તેણે પોતે ઉઠી, તે લઇ, તપાસતાં તેના પર દુષ્યંત રાજાનું નામ દીઠું. જેથી ' આ તો રાજાની વીંટી છે, એમ ધારી, તેણે ધીવરને પાછી આપી. ત્યાં ' આ શું ? ' એમ બોલતાં કોટવાળોએ તે જોઇ, અને તે વણિકના હાથમાંથી લઈ, ' તું રાજાની વીંટીનો ચોર છે, એમ કહેતાં કોટવાળે તેને બાંધ્યો. પછી તેને ચૌટા વિષે બાંધીને, તેમણે રાજાને નિવેદન કરતાં તે રત્નરમ્ય વીંટી આગળ મૂકી દીધી. તે જોતાં ઓળખીને રાજાને યાદ આવ્યું કે—' આ તો તેજ વીંટી કે જે મેં પૂર્વે સંકેત માટે મુનિપુત્રિને આપી હતી. પ્રિયાના હાથમાંથી પડી જતાં એ મચ્છીમારને કેમ સાંપડી ? હા ! એના વિના હું શકુંતલાને ઓળખી ન શકયો. અહો ! પ્રથમ તેના પ્રત્યે મારા પ્રેમનાં મીઠાં વાકયો કયાં અને અત્યારે શત્રુને પણ ન કહેવાય તેવાં મારાં વચન કયાં ? મેં તેને એવું કહ્યું છે, કે જેથી હવે તેનું દર્શન મને થાય તેમ નથી. એટલા માટેજ શત્રુ પ્રત્યે પણ શાંત વચન બોલવું. અરે ! દુર્જન શિરોમણિ, કૃતઘ્ન, નિર્લજ્જ અને શઠ એવા મને ધિક્કાર છે કે મેં મધુર વાકયથી કાંતાને સ્વકારી, અત્યારે દુર્વાકયોનાં બાણ મારી તજી દીધી. તે મારામાં પ્રેમ જોઇ, અહીં આવી, છતાં મેં પ્રિયાનો કેટલો પરાભવ કર્યો ? મારા એ પરાભવથીજ પૃથ્વીતલમાં પેસતાં તેને તે દિવ્ય જ્યોતિએ બચાવી હશે.' એમ દુઃખ પામતાં રાજાએ ધીવરને બોલાવી પૂછયું કે—' આ વીંટી તને કયાંથી મળી ? ' એટલે તેણે કંપતા કહ્યું કે—' હે દેવ ! આ દાસે નગર બહાર તળાવમાં જાળ નાખતાં હાથ લાગી, જે હું અહીં લાવ્યો.' એમ સાંભળતાં મનમાં ખ્યાલ કરી ' અહીં એનો અપરાધ નથી ' એમ ધારી રાજા-

એ તેને બંધમુકત કરાવ્યો. પછી શકુંતલાના સંગ–વિયોગથી ખેદ પામતા રાજાએ શોધ કરાવતાં પણ તે પ્રિયા કયાં જોવામાં ન આવી. કેટલાક વખત પછી રાજા કંઠર્ષિના આશ્રમે જતાં ત્યાં સિંહ સાથે યુદ્ધ કરતા પોતાના પ્રિય પુત્રને તે જોશે અને 'આ મારો પુત્ર આવો પરાક્રમી છે, એમ તે જાણશે, તથા ત્યાં પ્રિયાને જોઇ પરમ પ્રમોદ પામશે. એમ દુષ્યંત રાજા શકુંતલાને ભૂલી ગયો, છતાં મુદ્રાના અભિજ્ઞાનથી તે ફરી શકુંતલાનો પરમ સ્નેહી બન્યો. તેમ એ તારી સખી કંઇક સંકેત–વચન કહી, પતિને કેમ પ્રત્યય પમાડતી નથી ?" ત્યારે કુબ્જિકા બોલી કે—' હે મહાભાગ ! એ અમારી સખી બહુજ સરલ છે, તે પતિ પ્રત્યેના વાચ્ય, કર્ત્ત-વ્ય કે જ્ઞાતવ્ય કશું જાણતી નથી. એવામાં સૂર્યોદય થયો અને રજનીને ચોરનાર તેણે પોતાના કર–કિરણવતી આકાશના અંધકાર –પટને હરી લીધો. એટલે બુદ્ધિસંધાન નામે તે રાજાનો પ્રધાન કે જે રૂદન કરતી તે સ્ત્રીનો પિતા, તે ત્યાં આવ્યો. ' અરે ! આ તો મારો મંત્રી બુદ્ધિસંધાન ' એમ તેને ઓળખી, રાજા જરા દૂર થઇને પોતાના ઘરે ચાલ્યો ગયો. ત્યાં તે ચિંતવવા લાગ્યો કે—' મંત્રી ત્યાં વનમાં આવ્યો, તેથી લાગે છે કે રૂદન કરતી અને સખીયુકત તે સ્ત્રી એની પુત્રી હશે, કે જેને હું પરણ્યો હતો, તેજ એ હશે, બીજી નહિ, અને ગર્ભના સંદેહથી મેં એને ઘરથી કહાડી મૂકી. તો શું એ મરવાને બહાર આવી હશે ? અને તેનો પિતા પોતાની સગર્ભા પુત્રીને પણ શું પાછી ઘરે લઈ જશે ? તેનો ગર્ભ મારાથી થયો છે કે બીજા કોઇથી ? તે જ્ઞાની વિના બરાબર જાણી શકાય તેમ નથી.' એમ રાજા પોતે સભામાં બેસી વિચાર કરે છે, તેવામાં ઉદ્યાનપાલકે આવી, અંજલિ જોડીને વિનંતિ કરી કે—' હે રાજન્ ! બ્રહ્માંડ–ભાંડમાં રહેલ વસ્તુ બતાવવાથી આરાધવા લાયક એવા કોઇ જ્ઞાની ઉદ્યાનમાં પધાર્યા છે.' ત્યારે ગર્ભ–સંદેહ ટાળવા માટે રાજા

તરત ત્યાં ગયો અને યથાવિધિ નમીને શુદ્ધ ભૂમિપર બેઠો. એટલે જ્ઞાનીએ સંસાર–દાવાનળને શાંત કરવામાં મેઘમાળા અને મોહ–માતંગને છેદવામાં સિંહણ સમાન સદ્ધર્મ–દેશના આપી. પછી અવસરે રાજાએ મનનો સંદેહ પૂછવાનો વિચાર કર્યો, ત્યાં જ્ઞાની બોલ્યા—હે રાજન્ ! મંત્રીની પુત્રી, તારી પ્રિયા સતી છે, એમ જ્ઞાનીની વાણી સાંભળી રાજાને વિચાર આવ્યો કે—' હા ? મને ધિક્કાર છે કે મેં મૂઢ તેવી નિર્દોષ સતીને પરાભવ પમાડયો અને વળી અદ્યાપિ વિષયરૂપ અશુચિ કાદવમાં હું મગ્ન થઈ વિષ્ટાની ગાંસડી તુલ્ય નવનવી નિતંબિનીને સ્વીકાર્યા કરૂં છું, પરંતુ અનેક ભવના આલવાલ–ક્યારારૂપ સંસાર કુક્ષેત્રમાં બદ્ધમૂલ પાપને છેદનાર શમ–સંપદાને સ્વીકારતો નથી."

એ પ્રમાણે પોતેજ વૈરાગ્ય–સૂર્યથી અંધકાર–તમોગુણને પરાસ્ત કરતાં લક્ષ્મીબુદ્ધિ રાજાએ રાજ્ય તજી દીક્ષા લીધી અને પરિષહની ધાડને સાવધાને સહન કરતાં તે મુનિ જિનની મુદ્રારૂપ દીક્ષા બરાબર પાળવા લાગ્યા. પછી આયુઃ પૂર્ણ થતાં મરણ પામી તે અચ્યુત નામા બારમા દેવલોકમાં દેવ થયા અને ત્યાંથી ચવીને તું રાજા થયો. તેં પૂર્વભવે શ્રદ્ધાથી સાધુને સમ્યક્ દાન દીધું, તેથી રાજ્યનો સ્વામી થયો. વળી તે સતી સાધ્વી સગર્ભા ભાર્યાને તેં નિષ્ઠુરતાએ ઘરથી કહાડી મૂકી, તે કર્મ–વિપાકના યોગે તું એકલો ક્ષુધા–પિપાસા વેઠીને દેશાંતરે ભમ્યો." એ રીતે પાપનો ધ્વંસ કરનારી ગુરૂવાણી સાંભળતાં ક્ષમાધારી રાજાએ ગુરૂપાસે એવો અભિગ્રહ લીધો કે—' મારે સમ્યક્ સ્વરૂપ જાણ્યા વિના કોઇ પ્રત્યે રોષ ન કરવો.' એમ રાજાએ પ્રગટ નિયમ લીધો. પછી રાજાએ અંજલિ જોડીને ગુરૂને પુનઃ પૂછયું કે—' હે પ્રભો ! મને મોક્ષ પ્રાપ્ત થશે કે નહિ ? તે કહો.' એટલે જ્ઞાનથી જાણી ગુરૂ બોલ્યા કે—' હે

અજાપુત્ર ભૂપાલ! **ચંદ્રપ્રભ** જિનના તીર્થમાં તું અવશ્ય સિદ્ધ થઇશ. તે ચંદ્રપ્રભસ્વામી આ નગરીમાં ઇક્ષ્વાકુ–વંશમાં રાજા બની આઠમા તીર્થંકર થશે. આ ભવમાં તું આયુષ્ય પાળી સ્વર્ગે જઇશ અને ફરી મનુષ્યભવ પામી, તે જિનનો પ્રથમ ગણધર થઇશિ.'

એ પ્રમાણે સાંભળતાં, ગુરૂવચન મનમાં સદ્દહી, ભકિતથી બહુમાન કરી, ગુરૂને નમીને પ્રમોદ પામતો અજાપુત્ર રાજા પોતાના સ્થાને આવ્યો. પછી તે ધર્મકર્મમાં વિશેષ સાવધાન થયો અને તીર્થયાત્રા કરતાં જિનધર્મની પ્રભાવના કરવા લાગ્યો, આચારપ્રવીણ તે રાજાએ ભારે ભાવનાથી રત્ન–સુવર્ણનાં વિધિપૂર્વક જિનબિંબો સ્થાપન કરાવ્યાં; વળી જેનાથકી સંસારમાં પ્રાણીઓને કયાં અજ્ઞાનતા ન રહે, એવા શ્રુતજ્ઞાનનું તેણે પોતાના નામની જેમ અધ્યયન કર્યું. તે દયાપૂર્વક ધર્મ, શ્રદ્ધાપૂર્વક જિનપૂજા અને જિનની અપૂર્વ ભકિત કરવા લાગ્યો. સુવિધિ સાધુઓની ભકિત, જિનશાસનમાં અનુરાગ, સાધર્મિકોનું વાત્સલ્ય અને પૌષધક્રિયા પ્રમુખ તે વ્રત કરવામાં લીન થયો. પોતાના તેમજ અન્ય ગૃહસ્થોના ગુણને તે ઉત્કૃષ્ટ માનતો અજાપુત્ર રાજર્ષિ રાજ્ય ચલાવતો અને અનુક્રમે રાજ્ય તજી, દીક્ષા લઈ, સ્વર્ગ–સુખો પામી, શ્રી **ચંદ્ર**પ્રભ જિનેંદ્રના તીર્થમાં તે મોક્ષ–લક્ષ્મીને પામશે.

**એ પ્રમાણે શ્રી દેવેંદ્રાચાર્ય–વિરચિત શ્રી ચંદ્રપ્રભ–સ્વામિ–ચરિત્રમાં પૂર્વભવ અને પ્રસ્તાવિક પરિચ્છેદ સમાપ્ત થયો.**

# દ્વિતીય પરિચ્છેદ.

## શ્રી ચંદ્રપ્રભસ્વામીનો જન્મ.

હવે સર્વ સમૃદ્ધિ પૂર્ણ, લાંબી, પહોળી અને વિસ્તૃત એવી તેજ **ચંદ્રાનના** નામે નગરીમાં અનુક્રમે **મહાસેન** નામે રાજા થયો કે જેને અન્ય રાજાઓ આવીને નમ્યા હતા અને જેનો પ્રતાપ સદા પૃથ્વીનો વિજય કરતો હતો. તેને **લક્ષ્મણા** નામે ભાર્યા કે જે લક્ષણે સંપૂર્ણ અને જેણે પોતાની મુખ-લક્ષ્મીવડે ચંદ્રમાને જીતી લીધો હતો. તે પતિવ્રતા જોકે સર્વાંગે લાવણ્ય ધારણ કરતી, છતાં વાણીની જેમ દૃષ્ટિવડે પણ અમૃત વરસાવતી હતી. એવા અવસરે **વૈજયંત** વિમાનમાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય સુખે ભોગવી, **પદ્મ** રાજાનો જીવ, ચૈત્ર માસની કૃષ્ણ પંચમીના દિવસે અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં શુભ વેળા અને શુભ લગ્ને ત્યાંથી ચવી, ત્રણ જ્ઞાનધારી ચંદ્રપ્રભ સ્વામી, માનસ-સરોવરથકી ગંગાતટે આવતા હંસની જેમ **લક્ષ્મણા** દેવીના ઉદરમાં અવતર્યા. જ્યારે સ્વામી અવતર્યા, તે વખતે ત્રણે ભુવનમાં ઉદ્યોત થયો અને નારક જીવોને પણ ક્ષણભર સુખ થયું. ભગવંત ગર્ભમાં આવ્યા, તે રાતે વાસગૃહમાં સુખે સુતેલ **લક્ષ્મણા** દેવીએ આ પ્રમાણે ચૌદ સ્વપ્નો જોયાં—તેમાં પ્રથમ સ્વપ્ને ચાર દાંત-વાળો શ્વેતવર્ણયુકત, ક્રમોન્નત, મદ ઝરતો અને જંગમ કૈલાસ સમાન રમણીય એવો **ગજરાજ** દીઠો. બીજે સ્વપ્ને પીનસ્કંધ, ધવલ, સરલ પુચ્છયુકત કલ્યાણ-કિંકિણીને ધારણ કરનાર તથા વીજળી

યુક્ત શરદ ઋતુના મેઘ સમાન શોભાયમાન **વૃષભ** દીઠો. ત્રીજે સ્વપ્ને પીળી આંખવાળો, લાંબી જીભવાળો, ઉછળતા કેસરા સહિત તથા ઉંચા પુંછવડે પતાકા સમાન શોભતો **કેસરી** જોયો. ચોથે સ્વપ્ને કમળ સમાન લોચનવાળી, સુધાપૂર્ણ પૂર્ણકુંભવડે અભિષેક-સહિત અને વિકસિતકમળોવડે પૂજિત એવી **મહાલક્ષ્મી** જોઇ. પાંચમે સ્વપ્ને વિવિધ કલ્પવૃક્ષના ફુલે ગુંથાયેલ અને ઇંદ્ર ધનુષ્યની જેમ અનેક વર્ણાયુક્ત એવી લટકતી **પુષ્પમાળા** દીઠી. છઠ્ઠે સ્વપ્ને જાણે આનંદના કારણરૂપ પોતાના મુખનું પ્રતિબિંબ હોય, તથા કાંતિસમૂહથી દિશા મંડળને પ્રકાશિત કરનાર એવું **ચંદ્રમંડળ** જોયું. સાતમે સ્વપ્ને રાત્રિને તરત હઠાવી ચળકતા દિવસને પ્રગટાવનાર અને સર્વ અંધકારને છેદી ભારે ઉદ્યોત આપનાર એવો **સૂર્ય** જોયો. આઠમે સ્વપ્ને ઘુઘરીઓની માળાએ રમણીય પતાકાઓ સહિત તથા કરિકર્ણ સમાન ચપળ એવો શોભીતો **મહાધ્વજ** દીઠો. નવમે સ્વપ્ને સુંદર કમળયુક્ત **પૂર્ણકુંભ** દીઠો. દશમે સ્વપ્ને આઠમા જિનેશ્વરને સ્તવના કરવા જાણે અનેક મુખ કર્યા હોય, તથા ગુંજારવ કરતા ભ્રમર-યુક્ત કમળોવડે રમણીય એવું **મહાસરોવર** જોયું, અગીયારમે સ્વપ્ને પૃથ્વીમાં પ્રસરેલા શરદના મેઘની લીલા હરનાર તથા ઉછળતા કલ્લોલના પૂરવડે શોભાયમાન **ક્ષીરસાગર** જોયો. બારમે સ્વપ્ને પૂર્વે પ્રભુ દેવપણામાં જ્યાં હતાં, તે જાણે સ્નેહથી અહીં આવેલ હોય એવું રમણીય **વિમાન** દીઠું. તેરમે સ્વપ્ને કયાંકથી એકત્ર મળેલ જાણે તારા સમૂહ હોય તથા આકાશ સમાન નિર્મળ પ્રભાયુક્ત એવો **રત્નપુંજ** જોયો. ચૌદમે સ્વપ્ને ત્રણ લોકના તેજવંત પદા-ર્થોનો જાણે તેજપુંજ એકઠા કરેલ હોય એવો અગ્નિ મુખમાં પેસતો જોયો. પ્રભાતે એ સ્વપ્નો જોયા પછી **લક્ષ્મણા** રાણી પોતે જ પદ્મિનીની જેમ જાગ્યાં. પછી પ્રમોદ લાવી તેણે કોમળ શબ્દોમાં સ્વપ્ન–વૃત્તાંત મહાસેન રાજાને કહી સંભળાવ્યો. એટલે તેણે પોતાની

બુદ્ધિ પ્રમાણે સ્વપ્નાર્થ વિચારીને કહ્યું કે—'હે દેવી ! તને ઉત્તમ પુત્ર થશે.' વળી સ્વપ્ન-પાઠકોને પૂછતાં, તેમણે પણ કહ્યું કે—'ચક્રવર્ત્તી કે જિનેશ્વર તમારો પુત્ર થશે.' તેવામાં સ્વામિની ઉત્તમતાને લીધે તથા ઇંદ્રે સંભાવના ન કરવાથી જાણે કોપ વડે જ ઇંદ્રનું આસન ચલાયમાન થયું. જેથી 'અરે! અકસ્માત્ અમારૂં આસન કેમ કંપાયમાન થયું. ?' એમ ધારી જ્ઞાનથી જિનાવતાર જાણી, તરત બધા ઇંદ્રો, જાણે બાંધવોએ કરેલ સંકેત પ્રમાણે વિશેષથી સ્વામિ-માતાને સ્વપ્નાર્થ કહેવાને એકી સાથે આવ્યા અને મસ્તકપર અંજલિ જોડી, વૃત્તિકાર જેમ સૂત્ર વર્ણવે તેમ વિનયથી સ્પષ્ટ સ્વપ્નાર્થ કહેતાં તેમણે જણાવ્યું કે—'હે દેવી ! એ સ્વપ્નો અસાધારણ ફળ આપનાર છે. તમારે ચૌદ રાજલોકનો સ્વામી પુત્ર થશે.' એ પ્રમાણે સ્વપ્નાર્થ કહી, જિનમાતાને નમી, ઇંદ્રો ક્ષણવારમાં પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. સ્વામિની પણ સ્વપ્નાર્થરૂપ અમૃતથી સિંચાતાં મેઘથી સિંચાયેલ ભૂમિની જેમ રોમાંકુરયુક્ત થયાં. હવે ગર્ભસ્થ પ્રભુના યશવડે સ્વામિની સોવનવર્ણા છે, તથાપિ પંડુરવર્ણા થયા. ગુણના ગૌરવે દેહ વહન કરવાને તે અસમર્થ થયા અને જાણે અમૃતરસથી તૃપ્તિ પામ્યા હોય તેમ આહાર પ્રત્યે અરૂચિ ધરવા લાગ્યા. તેમના લોચન વિશેષથી વિકસિત થયાં તે જાણે સ્વામીને જોવાને ઉત્કંઠિત બની વિકાસ પામ્યા હોય. પૂર્વે મંદ ગતિ છતાં મદોન્મત્ત મતંગજની જેમ તેમની ગતિ વિશેષ મંદ બની. ત્રણે લોકમાં એક શ્રેષ્ઠ સારભૂત ગર્ભને વહેતાં તે ખેદ ન પામ્યા, કારણ કે ગર્ભમાં વસતા જિનનો એ પ્રભાવ છે. એમ અનુક્રમે લક્ષ્મણા દેવીના ઉદરમાં રહેલ ગર્ભ ભૂમિમાંના કંદની જેમ હળવે હળવે ગુપ્તપણે વધવા લાગ્યો, વળી ગર્ભસ્થ અષ્ટમ જિનના પ્રભાવથી મહાસેન રાજા બધા રાજાઓને અત્યંત માનનીય થઇ પડયો. ગર્ભના પ્રભાવથી તે રાજાનું રાજ્ય પણ વિસ્તાર

પામ્યું. શરદ ઋતુના યોગે ચંદ્રકાંતિ અધિક પ્રભાવતી થાય જ. તેના પ્રભાવે વૈર સર્વત્ર શાંત થયું. ઘનાઘન–મેઘના આવવાથી સંતાપો બધા સમીજ જાય. પછી નવ માસ અને સાડા સાત દિવસ થતાં, પોષ માસની કૃષ્ણ બારસની રાતે અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ આવતાં, બૃહસ્પતિ, ચંદ્ર, શુક્ર; રવિ, ભોમ, શની અને બુધ શુભ સ્થાને રહેતાં, સિંહણ જેમ પંચાનનને, છીપ જેમ મોતીને, મેઘાવલિ જેમ વિદ્યુત્પુંજને તેમ લક્ષ્મણા દેવીએ પુત્રને જન્મ આપ્યો. એટલે જરાયુ અને રકત પ્રમુખના કલંક-રહિત, ઉપાદક–શય્યામાં ઉપન્ન થયેલ દેવની જેમ પ્રભુ શોભવા લાગ્યા. પ્રકૃષ્ટ તેજસ્વી અને ત્રણ લોકના એક સૂર્ય એવા પ્રભુને જોતાં પૂર્વસંધ્યાની જેમ દેવીનું મુખ–કમળ અત્યંત વિકાસ પામ્યું. એવામાં સાધુ સ્વભાવની જેમ શીતલ અને જીવોને આનંદ પમાડનાર સુગંધિ વાયુ વાવા લાગ્યો. તત્કાળ ત્રણે લોકમાં ત્રસ–સ્થાવર જીવોને સુખકારી અને વિસ્મય પમાડનાર ઉદ્યોત થયો. પૂર્વે સુખ ન પામેલ એવા નારક જીવોને પણ ક્ષણભર સુખ થયું, તો તિર્યંચ, મનુષ્ય અને દેવાસુરોને માટે તો પૂછવું જ શું ? ત્યારે જીવના પુણ્યની જેમ વાયુકુમારોએ તરત સર્વ મળ દૂર કરતાં પૃથ્વીને શુદ્ધ કરી. ત્યાં ગુરૂના આદેશની જેમ મેઘકુમાર દેવોએ ગંધોદકવડે મલિન કારક રજ દૂર–શાંત કરી. સિંચાયેલ બીજવાળી ભૂમિની જેમ પૃથ્વી વિકાસ પામી અને ઋતુ–દેવતા-ઓએ પાંચ વર્ણનાં પુષ્પો વરસાવ્યાં. કિંકર દેવોએ વગાડયા વિના પોતાની મેળે જાણે હર્ષથી જ આકાશમાં દુંદભી વાગી.

હવે અધોલોકની વસનારી **ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધરા, વિચિત્રા, પુષ્પમાળા,** અને **અનિંદિતા** એ આઠ દિશિકુમારીઓ આસન ચલાયમાન થતાં તરત સૂતિકાગૃહ પ્રત્યે આવી અને અષ્ટમ જિનેશ્વર તથા લક્ષ્મણા

દેવીને ત્રણ પ્રદક્ષિણા દઇ, વંદન કરી, તે કહેવા લાગી કે—' હે ત્રણ જગતની માતા ! તને નમસ્કાર છે. હે જીવન દાયક ! તું જયવંતી રહે. અમે અધોલોક–વાસી આઠ દિશિકુમારીઓ, અવધિજ્ઞાનથી પાવન જિન જન્મ જાણી, તેનો મહોત્સવ કરવા પ્રભુના પ્રભાવે આવી. માટે તમે અમથી બ્હીશો નહિ. ' એમ કહી તેમણે સંવર્ત્ત–વાયુવડે કાંકરા પ્રમુખ દૂર કર્યા. અધોલોકથી **મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા** અને **બલાહકા** એ આઠે કુમારીઓ ગંધોદક વરસાવીને એક યોજનમાં પુષ્પો વિખેરવા લાગી. પછી પૂર્વરૂચકની વસનારી **નંદા, નંદોત્તરા, સુનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી,** અને **અપરાજિતા** એ આઠ કુમારિકાઓ હાથમાં મણિ–દર્પણ લઈ, જિનગુણ ગાતી, જિનમાતા પાસે ઉભી રહી. દક્ષિણરૂચકની **સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા,** અને **વસુંધરા** એ આઠ હાથમાં કળશ લઇ, પ્રભુ ગુણ ગાતી, દક્ષિણદિશામાં ઉભી રહી. પશ્ચિમરૂચકથી આવનાર **ઇલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાસા, નવમિકા, સીતા** અને **ભદ્રા** એ આઠ કુમારીઓ પંખા લઈ, ભગવંતના ગુણ ગાતી, પશ્ચિમ ભાગમાં ઉભી રહી. ઉત્તરરૂચકની વસનારી **વારૂણી, પુંડરીકા, મિશ્રકેશા, અલંબુષા, હાસા, સર્વપ્રભા, શ્રી** અને **હ્રીદેવી** એ આઠ ચામર લઇ, જિનસ્તુતિ કરતી ઉત્તર ભાગે ઉભી રહી. ચાર વિદિશાના રૂચકોથી **ચિત્રા, સૌદામની, સુપર્વા** અને **ચિત્રમેઘા** એ ચાર કુમારિકાઓ હાથમાં દીપક લઇ, વિદિશામાં ઉભી રહી. રૂચક દ્વીપના મધ્યમાં વસતી **રૂપા, રૂપાસિકા, સ્વરૂપા** અને **રૂપકાવતી** એ ચાર કુમારીઓએ ચાર અંગુલ વર્જી પ્રભુના નાભિનાલને છેદી, ભૂમિમાં દાટી, તેમાં મહા-

રત્નો ભરી, તેની ઉપર હરિત-મણિના પીઠની રચના કરી. પછી જન્મ ગૃહથી દક્ષિણ, ઉત્તર અને પૂર્વ ભાગે ચતુઃશાલયુકત ત્રણ કદલીગૃહ કરી, તેમાં ત્રણ મણિનાં સિંહાસન દિવ્ય શકિતથી બનાવ્યાં કે જે મણિ-કંચનથી દેદીપ્યમાન હતાં. ત્યાં દક્ષિણ સિંહાસન પર જિન અને જિન જનનીને લઇ, ગંધ તૈલથી મર્દન અને મહર્દ્ધિક વસ્ત્રથી ઉદ્વર્ત્તન કરી, પૂર્વના સિંહાસન પર બિરાજમાન કરી, ભકિતપૂર્વક તેમણે બંનેને દિવ્ય જળથી ન્હવરાવ્યા. પછી સુગંધિ વિલેપન લગાડી, દિવ્ય અલંકાર વસ્ત્રોથી અલંકૃત કરી, ઉત્તર સિંહાસને બાવનાચંદને અગ્નિ જગાવી, હોમ કરી, રક્ષા પોટલી તેમણે બંનેને બાંધી. કારણ કે કુમારીઓનો એ ભકિત ક્રમ છે. પછી કોમળ શબ્દે તેમણે પ્રભુના કાનમાં ' પર્વત સમાન તમે મોટી આવરદાવાળા થાઓ ' એમ કહી, તે પાષાણના ગોળા ઉછાળવા લાગી. ત્યાંથી ભગવંત તથા તેમની માતાને પાછા સૂતિકાગૃહમાં મૂકી તે છપ્પન્ન કુમારીઓ મંગલ ગાવા લાગી.

એવામાં પર્વતના મૂળ સમાન સ્થિર છતાં તે વખતે એકી સાથે હૃદયો સાથે એકદમ ઇંદ્રોના આસનો ચલાયમાન થયાં. જ્યારે સૌધર્મસ્વામી રોષથી રકત લોચન કરતાં ચિંતવવા લાગ્યો કે— ' અરે ! આજે સ્વર્ગની ભોગ--લક્ષ્મી કોનાથી વિમુખ થવા માગે છે? અથવા તો કોણ દુઃખ--સાગરમાં ડુબવા ઇચ્છે છે ? કે અકસ્માત્ આ અમારૂં આસન તેણે ચલાયમાન કર્યું. ' એમ ચિંતાતુર બની ચોતરફ ઇંદ્ર જેટલામાં દૃષ્ટિ ફેરવે છે, તેવામાં આગળ કંઈ ન જોવાથી ફરી તે વિચાર કરે છે કે—' શું આ ચ્યવન કાલ પાસે આવ્યો છે ? ના, તે પણ ઘટિત નથી. કારણ કે પુષ્પો મ્લાનિ પામ્યાં નથી અને કલ્પવૃક્ષ કંપિત નથી થયું, વળી વસ્ત્ર પણ મલિન નથી, લોચનમાં દીર્ઘતા નથી, દૃષ્ટિ નિર્નિમેષ છે, ઇંદ્રાણી શોકાતુર નથી, તો એ શું થવા પામ્યું ? એમ વિકલ્પથી વ્યાકુળ

થતાં ઇંદ્રને પ્રતિહારે કહ્યું કે સ્વામિન્! આસન કંપિતમાત્ર થતાં તમારે આટલો સંભ્રમ કરવાની જરૂર નથી. તમારા સેવકો ત્રણે લોકનો પ્રલય કરવા સમર્થ છે, તો મને આજ્ઞા કરો કે હે શચિપતિ! હું શું કરૂં? તમારા પ્રભાવથી મારે ત્રણે ભુવનમાં કાંઈ અસાધ્ય નથી.' એટલે મનનું સમાધાન કરતાં અવધિજ્ઞાનથી આઠમા જિનેશનો જન્મ જાણી, દેવેંદ્ર તત્કાલ રોમાંચિત થયો અને વિનયથી સિંહાસન થકી ઉઠી, જિનની સન્મુખ સાત આઠ પગલાં જઇ, એક વસ્ત્રના ઉત્તરાસણે, લલાટે અંજલી જોડી, **नमोत्थुणं अरिहंताणं**' ઇત્યાદિ શાશ્વત પદોએ ઇંદ્રે ભકિતભાવથી અષ્ટમ જિનેશ્વરની સ્તવના કરી. પછી સિંહાસનપર બેસતાં તેણે પ્રતિહારને કહ્યું કે—' અરે! ધિક્કાર છે કે જુઓ, મેં કેવું અયુકત પાપ ચિંતવ્યું? અત્યારે **જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ચંદ્રાનના** નામે નગરીમાં આઠમા અરિહંત જન્મ્યા છે, માટે તમે સેનાધિપતિઓને કહો કે ઇંદ્રની આજ્ઞાથી તમે ઉંચેથી **સુઘોષા** ઘંટા વગાડો, એટલે તેમણે સુઘોષા ઘંટા વગાડતાં એકી સાથે, એક ગાનારની પાછળ અન્ય ગાનારના અવાજની જેમ અથવા જાણે લગ્નવેળા થતાં ઉંચેથી વાજીંત્રો વાગે, તેમ બધી ઘંટાઓનો અદ્ભુત ધ્વનિ ઉછળી રહ્યો. ત્યારે દેવતાઓ સાવધાન થતાં તેણે ઇંદ્રાદેશ સંભળાવ્યો કે—' હે દેવો! ભરતક્ષેત્રમાં તીર્થંકરનો જન્મ થયો છે; માટે તમે ઇંદ્ર પાસે ચાલો, એમ તે તમને આજ્ઞા કરે છે.' એમ સાંભળતાં, દેવીયુકત પ્રમોદ પામતા દેવો ઇંદ્ર પાસે આવ્યા. પછી **પાલક** નામના આભિયોગિક દેવને **પાલક** વિમાન તૈયાર કરવા ઇંદ્રે હુકમ કર્યો. એટલે તેણે દિવ્ય શક્તિથી પાંચ સો યોજન ઉંચું અને એક લાખ યોજન વિસ્તૃત વિમાન તરતજ તૈયાર કર્યું, તેના મધ્યભાગે મેરૂના શિખર સમાન સુવર્ણ સિંહાસન રચી, તે ઇંદ્ર પાસે લઈ આવ્યો. ત્યારે સામાનિક દેવો અને અપ્સરાઓ સહિત, ભારે

હર્ષ પામતો ઇંદ્ર તેમાં બેઠો. એટલે બંદીજનોના જયારવપૂર્વક દેવોવડે ગવાતો અને પોતપોતાના વિમાનમાં બેઠેલા દેવોવડે પરવરેલ ઇંદ્ર અનુક્રમે **નંદીશ્વર** નામના દ્વીપમાં આવતાં, શુદ્ધમતિ જેમ ગ્રંથને સંકોચે, તેમ તેણે વિમાનને સંકોચી લીધું. પછી દેવેંદ્ર સ્વામીના જન્મગૃહે આવ્યો અને મેરૂને રવિની જેમ વિમાનસ્થ તેણે જન્મગૃહને પ્રદક્ષિણા કરી, તથા વિમાનથકી ઉતરતાં સ્વામી અને દેવીને જોઈ પ્રથમ ભેટ ધરી, તેણે પ્રણામ કર્યા અને પછી ભગવંત અને દેવીને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક તેણે ફરી નમન કર્યા. કારણ કે ભકિતમાં પુનરૂકિતનો દોષ નથી. ત્યાં ઇંદ્રે **લક્ષ્મણામાતા**ની સ્તવના કરી કે—' હે દેવી ! તમે ધન્ય, કૃતપુણ્ય તથા કૃતાર્થ છો કે જેના કુક્ષિ–સાગરમાં જિનરૂપ **કૌસ્તુભ** ઉત્પન્ન થયા, જે હરિ-ઇંદ્રોના હૃદયો થકી કદિ ઉતરતા નથી. દિવાકરને પૂર્વદિશાઓની જેમ જિનને જન્મ આપતાં તમે દિશાઓની જેમ સ્રીઓમાં આત્માને પ્રથમ કર્યો છે. વળી તમે ધર્મ-ઉદ્ધારમાં વૃષભ સમાન, તથા મોક્ષમાર્ગમાં દીવા સમાન એવા આઠમા તીર્થેશને પુત્રપણે જન્મ આપ્યો.' એમ સ્તવી, દેવીને અવસ્વાપિની નિદ્રા આપી તથા તેની પાસે દિવ્ય શકિતથી બનાવેલ સુરૂપ બાળક મૂકી, ઇંદ્રે પાંચ રૂપ બનાવી, ' હે ભગવાન્ ! આજ્ઞા આપો ' એમ કહેતાં ઇંદ્રે એક રૂપે ભગવંતને ધારણ કર્યા, બીજા રૂપે ઉજ્વળ છત્ર ધર્યું, બે રૂપે બંને બાજુ ચામર ધર્યાં અને એક રૂપે વજ્ર ધરી ઉછળતાં, સુરેંદ્ર ગાયન કરતાં, દેવોસહિત આકાશમાં ઉડયો, ક્ષણવારમાં **મેરૂ**પર્વતપર **પાંડુક** મહાવનમાં દક્ષિણ વિભાગે **પાંડુ**શિલાપર આવેલ સિંહાસનપર સૌધર્મપતિ ઇંદ્ર પૂર્વાભિમુખ થઇ, પ્રભુને પોતાના ઉત્સંગમાં લઇને બેઠો. એવામાં બીજા ત્રેસઠ ઇંદ્રો ત્યાં આવી પહોંચ્યા, કે જેમાં નવ વૈમાનિક, વીશ ભવનાધિપતિ, બે ચંદ્ર–સૂર્ય અને બત્રીશ વ્યંતરેંદ્રો--એમ બધા ચોસઠ ઇંદ્રો ત્યાં એકઠા થયા એટલે અચ્યુ-

તેંદ્રે પોતાના આભિયોગિક દેવોને આજ્ઞા કરી કે—' તમે તીર્થોનું પાવન જળ શીઘ્ર લાવો.' ત્યારે તેમણે દિવ્ય શક્તિવડે રત્નના સુવર્ણના, રૂપાના મણિના અને માટીના ઘણા કળશો બનાવ્યા અને ક્ષીરોદધિ, પુષ્કર સમુદ્ર પ્રમુખના, માગધાદિ તીર્થોનાં અને ગંગા પ્રમુખ નદીઓના જળ લાવી લાવીને તેમણે તે કળશો ભર્યાં અને અચ્યુતેંદ્રને આજ્ઞા બજાવ્યાનું કહ્યું, પછી ઉત્તરાસંગ કરી, ભક્તિ પૂર્વક પુષ્પાંજલિને ધૂપ દઈ, અચ્યુતેંદ્રે તે ભગવંતના ચરણે મૂકી. પછી જાણે મધુર ગુંજારવ કરતા મધુકરોવડે સ્વામીના ગુણો ગાતા હોય એવાં કમળોયુકત કળશો, દેવોએ અચ્યુતેંદ્રને આપતાં એક હજારને આઠ કળશોવડે દેવેંદ્રે સમકાલે દેવોસહિત જિનેશ્વરનું સ્નાત્ર આરંભ્યું. ત્યારે કેટલાક દેવોપડહ વગાડતા, કેટલાક શંખ પૂરતા કેટલાક દુંદુભિ અને કેટલાક કાહલ વગાડતા તેમજ ઝાલર, ભેરી, ભંભા, કંસાલ પ્રમુખ બધાં વાજીંત્રો તે વખતે દેવોએ પ્રમોદથી વગાડયાં. તથા દેવાંગનાઓ નાચતી અને કિન્નરીઓ ગાવા લાગી, વળી તેમના સ્વામીઓ-ઇંદ્રો બંદિભાવ પામીને બિરૂદાવલિ બોલવા લાગ્યા. વધારે શું કહેવું પણ ત્રિલોકગુરૂના જન્મ-દિવસને પામતાં તે વખતે બધા દેવો ભારે આનંદ પામીને ક્રીડા કરવા લાગ્યા. એ પ્રમાણે બીજા બાસઠ ઇંદ્રોએ પણ આનંદથી અનુક્રમે અષ્ટમ તીર્થપતિનું ન્હવણ કર્યું. આ વખતે ભગવંતને ઉત્સંગમાં લઇ, સૌધર્મેંદ્રની જેમ ઇશાનેંદ્ર સિંહાસનપર બેઠો અને સૌધર્મપતિએ પ્રભુની ચોતરફ સ્ફાટિક-રત્નના ચાર ઉંચા વૃષભ વિકુર્વ્યા. તેમના પાતાલને ફોડીનાખે તેવા ઉંચા આઠ શીંગડાંથકી વારિધારા પ્રગટ થઈ, અને તે સુરાસુરની દેવીઓએ કૌતુકથી જોતાં, સમુદ્રમાં નદીની જેમ ભગવંતના શરીરે પડવા લાગી. એમ જળયંત્રની જેમ તે શૃંગોથી નીકળતા જળવડે સૌધર્મસ્વામીએ ભગવંતને ન્હવરાવ્યા. સ્વામિના શિરપરથી પડતા સ્નાનજળને ઝીલી, સંતપ્ત કુંજરની જેમ ઇંદ્રો

પોતાના મસ્તકે નાખવા લાગ્યા. પછી ઇંદ્રજાળને ઇંદ્રજાળીયાની જેમ ઇંદ્રે ક્ષણવારમાં ચારે વૃષભો સંહરી લીધા. એમ વિસ્તારથી સ્નાત્રોત્સવ કરી સૌધર્મપતિએ ઉત્સાહપૂર્વક રત્ન-દર્પણની જેમ સ્વામીને વસ્ત્રે લુંછી, દિવ્ય અંગરાગવડે પ્રભુને ચર્ચી દિવ્ય પુષ્પ તથા દિવ્ય વસ્ત્રવડે તેણે પૂજ્યા, અને મુગટ, કુંડલ, મુકતાહાર, કેયૂર, કંકણ, કંદોરો, કડાં ઇત્યાદિ અલંકારો પ્રભુને પહેરાવ્યા. પછી તેણે સ્વામીની આરતિ ઉતારતાં, દેવો નિર્મળ મણિ સમાન પુષ્પો નાખવા લાગ્યા. એ પ્રમાણે સ્નાત્ર કરી, ભગવંતને પૂજી, આત્માને કૃતકૃત્ય માનતો સુરેંદ્ર જગત્પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો—'હે સંસાર-તારક અષ્ટમ જિનેશ! તમે જયવંત વર્તો. હે! ત્રણ લોકના જીવોના નિષ્કારણ બંધુ! તમે જય પામો. ચંદ્રમાને દેદીપ્યમાન જોઇ કદંબ વૃક્ષની જેમ તમારા મુખને જોતાં મારી દૃષ્ટિ આનંદથી ઉલ્લાસ પામી. અત્યારે ભરતક્ષેત્રમાં સૂર્યરૂપ તમે ઉદય પામતાં આશ્ચર્ય છે કે એકત્ર થયેલા બધા કૌશિકો-ઘુવડ, પક્ષે ઇંદ્રો શીતલતાથી આનંદ કરે છે. હે નાથ! આજે મારા હાથ કૃતાર્થ થયા કે જેમણે તમારૂં ન્હવણ કર્યું. કારણ કે વૃષ્ટિવિના મેઘ કદાપિ સફળ થતો નથી. હે પ્રભુ! આ મધ્યમ લોક પણ શશિ વિશેષને પામતા ગ્રહની માફક અત્યારે તમારા જન્મથી ઉત્તમ થયો. અત્યારે તમે જન્મતા જગત સશ્રીક-લક્ષ્મીયુકત થયું. કૌસ્તુભ વિના લક્ષ્મી વિષ્ણુના વક્ષસ્થળે ન રહે. અવસરે ઇંદ્રોથી પણ મનુષ્યો ઉત્તમ ઉંચપદને પામે છે; કારણ કે તેતમારી દેશનારૂપ નિઃશ્રેણીપર આરૂઢ થઇ સિદ્ધપદને પામે છે, પણ અમે તેવી સ્થિતિ પામી શકતા નથી. સદા વાચાલ જીભ પણ તમારી સ્તવનાથી કૃતાર્થ થઇ. કારણ કે મેઘજળે છીપમાં મોતી પાકે છે.' એ પ્રમાણે તીર્થનાથને સ્તવી, પ્રમોદથી પવિત્ર મન કરી, પ્રથમની જેમ સૌધર્મપતિએ પોતાના પાંચરૂપ બનાવી ઇશાનપતિના ઉત્સંગમાંથી ભગવંતને ધારણ કરી, દેવોયુકત તે લક્ષ્મણા

દેવીના સ્થાને આવ્યો. ત્યાં પ્રતિછંદ સંહરી, નજીકમાં પ્રભુને મૂકી, તેણે પદ્મિનીની રવિની જેમ દેવીની નિદ્રા હરી લીધી. પછી ઓશીકા પાસે વસ્ત્રયુગલ તથા રત્નના કુંડલ–યુગલ મૂકી, આકાશમાં રવિની જેમ ચંદ્રવામાં ક્રીડાકંદુક–દડો લટકાવ્યો. 'અરિહંત સ્તનપાન કરતા નથી, એમ ધારી ઇંદ્રે પ્રભુના અંગુઠે વિવિધ આહારના રસ-યુક્ત અમૃત સંક્રમાવ્યું. પછી તેણે ધનદને આદેશ કર્યો કે— પ્રભુના પિતાનું ઘર તમે હિરણ્ય–રત્નાદિકથી ભરી દો.' વળી દેવેંદ્રે તે વખતે બધા દેવોને એવી આજ્ઞા કરી કે–' જિનેશ્વર અને જિનમાતાનું જે અહિત ચિંતવશે, તેનું શિર, અર્જકમંજરીની જેમ સાત ખંડે ફુટશે.' એમ જણાવી, નંદીશ્વરે અઠ્ઠાઇ મહોત્સવ કરી, તે સ્વસ્થાને ગયો.

હવે લક્ષ્મણા દેવીએ જાગ્રત થતાં સ્વપ્નની જેમ રાત્રિનો બધો વૃત્તાંત પોતાના સ્વામીને કહી સંભળાવ્યો. જે સાંભળતાં ભારે આનંદ પામી મહાસેન રાજાએ બાર દિવસ પ્રભુનો જન્મ–મહોત્સવ કરાવ્યો, અને સ્વજનો સમક્ષ રાજાએ જણાવ્યું કે–' એ બાળક માતાના ઉદરે આવતાં, દેવીને ચંદ્રપાનનો દોહલો ઉત્પન્ન થયો, તેથી એનું **ચંદ્રપ્રભુ** એવું નામ રાખીએ છીએ.' હવે સ્વામી નીકના જળને વૃક્ષની જેમ ઇંદ્રે સંક્રમાવેલ પોતાના અંગુઠે રસામૃતનું યથેચ્છાએ પાન કરતા. વળી ઇંદ્રના આદેશથી રહેલ પંચ ધાત્રી–દેવીઓ મુનિને સમિતિની જેમ પ્રભુને કદિ મૂકતી નહિ. એમ પરસેવાના મલરહિત જેમનો દેહ છે, જેમના માંસ અને શોણીત ધવલ છે. આહાર અને નિહાર જેમના અદૃશ્ય છે, જેમનો શ્વાસ–મુખવાયુ સુગંધિ છે, જેમનું વજ્રઋષભ–નારાચ સંઘયણ છે અને જેમના દેહે ચંદ્રનું સુલાંછન છે એવા અષ્ટમ તીર્થેશ, બીજના ચંદ્રની જેમ અનુક્રમે વધવા લાગ્યા. વયવૃદ્ધિની સ્પર્ધાથી જાણે સ્વામીની સાથે રૂપ, લાવણ્ય, કુશળતા રવિના

કિરણોની જેમ વધવા લાગ્યા. પ્રભુ યૌવનવય પામતાં પણ તેમના પગના તળીયાં રક્ત, ઉન્નત, સમતલ, કોમળ, પ્રસ્વેદ તથા કંપ-રહિત અને ચક્ર, અંકુશ પ્રમુખથી અલંકૃત હતાં. તેમના અંગુઠા વર્તુલ, પુષ્ટ, ભુજંગની ફણા સમાન ઉંચા અને જ્યાં મણિ સમાન નખ શોભતા. પગની અંગુલિ આંતરારહિત, સરલ અને નંદાવર્ત્તથી લાંછિત, પગની પાની વર્તુલ અને પૃથુલ તથા પેઢા-પગની ગાંઠ (ગુલ્ફ) તે ગૂઢ અને પુષ્ટ હતા. વળી પગ અનુક્રમે કૂર્મની જેમ ઉન્નત, અલ્પ શીતલ, સ્નિગ્ધ અને લોમરહિત હતા. જગત્પ્રભુની જંઘા હરણીની જેમ વર્તુલ, અનુક્રમે માંસલ તથા જાનુયુગલ પૂર્ણ ચંદ્રસમાન વર્ત્તુલ અને માંસથી પૂરિત હતા. તથા કદલીસ્તંભ સમાન કોમળ ઉરૂ-સાથળ અનુક્રમે પીવર-પુષ્ટ હતા તેમજ સ્વામીના જલધર વૃષણ ગજરાજની જેમ અતિગૂઢ હતા. પુરૂષચિન્હ તે જાત્યાશ્વની જેમ અત્યંત ગુપ્ત તથા કટી તે દીર્ઘ, માંસલ, સ્થૂલ, વિશાલ અને કઠિન હતી. સ્વામીનો મધ્યભાગ કૃશ અને સરિતા (ગંગા) ના આવર્ત્ત સમાન નાભિ, તેમજ બંને કુક્ષિ માંસલ, કોમળ, સ્નિગ્ધ, સરલ અને સમાન હતી. વળી કક્ષા-કાખ તે અલ્પ રોમવાળી, ઉન્નત અને ગંધ કે પ્રસ્વેદના મલરહિત હતી. તેમજ વક્ષસ્થળ તે મધ્યાન્હના આકાશ સમાન તથા મધ્ય મેરૂના ભૂતલ સમાન પૃથુલ, ઉન્નત અને શ્રીવત્સયુક્ત હતું. સ્કંધ તે દૃઢ, પીવર અને વૃષભના સ્કંધ સમાન ઉન્નત હતા, જેમના બાહુ ઢીંચણ સુધી લંબાયમાન અને નારક જીવોનો ઉદ્ધાર કરવાને સમર્થ હતા, તેમજ હાથ તે રક્ત, કઠિન, ઉષ્ણ, છિદ્રરહિત તથા પસીના વિનાના હતા. તથા અંગુલિ તે નખ-કિરણરૂપ પલ્લવયુક્ત કલ્પ-લતા સમાન અને લોકના સંતાપ છેદવાને સજલ દીર્ઘિકા સમાન હતી. ભગવંતનો કંઠ તે ત્રિરેખાયુક્ત, ભવ્યાત્માઓને મોક્ષમાર્ગની રત્નત્રયી તુલ્ય તથા વદનરૂપ પૂર્ણકુંભના પ્રતિગ્રહ-આધાર સમાન

શોભતો, તથા કપોલ તે પણ માંસથી ભરેલા, સ્નિગ્ધ, અને જાણે લક્ષ્મી તથા સરસ્વતીના કોમળ પલ્યંક–પલંગ હોય તેવા ભાસતા, ભગવંતના કર્ણ તે સરલ આવર્ત્તવડે શોભતા, સ્કંધસુધી લટકતા અને જાણે રૂપ–લાવણ્ય લક્ષ્મીના ક્રીડાને માટે હીંડોળા હોય તેવા શોભતા. અધર તે લાવણ્યક્ષીરસાગરના વિદ્રુમ–પરવાળા સમાન તથા બત્રીશ દાંત તે જીહ્વારૂપ ગંગાને કાંઠે હંસ જેવા શોભતા. મુખમાં નિવાસ કરતી લક્ષ્મી અને સરસ્વતીનો જાણે સીમાસ્તંભ હોય તેવો નાસાવંશ ભાસતો. અતિ દીર્ઘ કે લઘુ પણ નહિ એવી દાઢી તથા સુરભિ શ્વાસનું પાન કરવા આવેલ જાણે ભ્રમર–પડલ હોય તેવા દાઢીના વાળ શોભતા. શ્યામ પક્ષ્મ–પાંપણ-યુક્ત લોચન તે જાણે ભ્રમરયુક્ત કમળ હોય અથવા કર્ણરૂપ હીંડોળાપર ચઢવાને કર્ણપ્રાંતસુધી પહોંચ્યા હોય તેવા શોભતા. 'સ્વામીની ચક્ષુલક્ષ્મીએ સમસ્ત ત્રણ લોકને જીતી લીધા.' એમ જણાવવાને નાસાવંશયુક્ત ભાલ–પટ્ટિકા તે આતપત્રપણાને જાણે પામી હોય તેમ ભાસતું. જગત્સ્વામીનું ઉત્તમાંગ તે શિખા-વડે શોભિત, અનુક્રમે સમુન્નત અને અધોમુખે છત્રાકારે ભાસમાન હતું. તેમજ ભગવંતના શિરકેશ તે વક્ર કોમળ અને સ્નિગ્ધ તથા તનુલતા તે જાણે ચાંદનીનો લેપ કર્યો હોય તેવી ધવલવર્ણી શોભતી. વધારે શું કહેવું? પ્રભુ સર્વલક્ષણે સંપૂર્ણ, સર્વ અવયવે સુંદર, દોઢસો ધનુષ્ય ઉંચા અને લોચનને આનંદ પમાડતા. વળી ઇંદ્રે પ્રભુને પોતાનો હાથ આપતાં, યક્ષે ચામર ઢાળતાં, ધરણેંદ્ર પ્રતીહાર બનતાં અને વરૂણદેવે છત્ર ધારણ કરતાં 'જય જયનંદા તથા ચિરંજીવ' એવી બિરૂદાવલિ દેવોએ નિરંતર બોલતાં જગત્પ્રભુ યથાસુખે વિચરી રહ્યા છે.

હવે પોતે ભગવંત વિષયવિરક્ત અને ભવથી વિમુખ છે, છતાં અવધિજ્ઞાને પોતાના ભોગકર્મ જાણવાથી અઢી લાખ પૂર્વ

વ્યતીત થતાં માતપિતાએ આગ્રહ કરવાથી પ્રભુ, રૂપ–લાવણ્ય-યુક્ત સુકન્યાને પરણ્યા. પછી ક્રીડાવન, વાવ, સરોવર, પર્વત પ્રમુખસ્થાને યથાસુખે તારા સાથે ચંદ્રમાની જેમ તે રમણી સાથે ક્રીડા કરવા લાગ્યા. એટલે 'અમારા એ સ્વામી થાઓ' એમ બોલતા, ભારે પ્રમોદથી સર્વ રાજાઓએ મળીને તેમનો રાજ્યાભિષેક કર્યો, અને સાડા છ લાખ પૂર્વ અને ચોવીશ પૂર્વાંગ ઉપર ધર્મ, અર્થ અને કામને સેવતાં સ્વામીએ રાજ્યનું પાલન કર્યું. પછી દીક્ષા–અવસરના અધિકારી લોકાંતિક દેવોએ આવી, નમી, અંજલિ જોડીને ભગવંતને વિનંતી કરી કે—'હે જગબંધવ! હે સર્વજ્ઞ! હે સર્વદર્શી સ્વામિન્! હવે આ સમય છે કે તમે તીર્થ પ્રવર્ત્તાવો,' એટલે પ્રભુ પોતે સાંવત્સરિક દાન આપતાં તેમને કોઇ અદેય વસ્તુ નથી અપ્રભૂત કાંઈ નથી. તેમજ કોઇ અકિંચન પણ ન રહ્યું. ત્રિક, ચતુષ્ક કે મોટા માર્ગે તથા નગરીની બહાર જે કોઇ જે વસ્તુ માગતા, તેને પ્રભુ આદરપૂર્વક તે વસ્તુ આપતા. તે વખતે ઇંદ્રના આદેશથી કુબેરે ફરમાવેલ જૃંભકદેવો સ્વામીને કનકાદિક બધું પૂરવા લાગ્યા. પ્રતિદિન સૂર્યોદયથી ભોજનવેળા સુધી ભગવાન્ એક કોટિ અને આઠ લાખ સોનૈયા દાન કરતા. એમ આખા વરસમાં ત્રણસો અઠ્યાશી કોટિ અને એંશી લાખ સોનૈયા ભગવંતે દાનમાં આપ્યા. એમ એક વરસ પૂર્ણ થતાં આસન ચલાયમાન થવાથી ઈંદ્રોએ પોતે આવી, સ્વામીનો દીક્ષાભિષેક કર્યો, અને દિવ્યાલંકારો તથા વસ્ત્રો તેમણે આપતાં ચંદ્રપ્રભુ સ્વામીએ તે પહેર્યાં. દીક્ષા સમયની એ સ્થિતિ છે. પછી અનુત્તર વિમાનોના વિમાન સમાન મનોહર શિબિકા ઈંદ્રે તૈયાર કરતાં મહેંદ્રના હસ્ત ટેકાથી ભગવંત, ભાવિ લોકાગ્ર–ગૃહનું જાણે પ્રથમ સોપાન હોય તેવી તે શિબિકાપર આરૂઢ થયા એટલે

જાણે સાક્ષાત્ પોતાનો પુણ્ય–સમૂહ હોય તેમ મનુષ્યોએ તે શિબિકા આગળના ભાગે ઉપાડી અને દેવોએ પાછલા ભાગે ઉઠાવી તે વખતે જોવાને આવેલા માણસોએ પૃથ્વીતલ અને દેવોએ આકાશતલ ઢાંકી દીધું ત્યાં મનુષ્યોથી સ્તુતિ કરાતા દેવ–દેવીઓથી ગવાતા સૌધ–મેંદ્ર અને ઇશાનેંદ્ર જેમને ચામર ઢાળી રહ્યા છે. આગળ નાચતી અપ્સરાઓ વડે વિરાજમાન માનુષીઓના મુખે વસ્ત્રાંચલ અને હસ્ત સંજ્ઞાથી આશિષ પામતાં આગળ આગળ મંગળ વાદ્યો વાગતાં 'ત્રણ લોકના સ્વામી દીક્ષા લેવા ચાલ્યા' એમ લોકોએ વારંવાર બોલતાં નરેંદ્રો સુરેંદ્રો તેમજ બીજા ઘણા સ્વજનોથી પરવરેલા ચંદ્રપ્રભસ્વામી સહસ્રામ્ર વનમાં આવતાં માયાજાળની જેમ તરત શિબિકા તજી તે અશોક વૃક્ષ નીચે આવ્યા, ત્યાં વસ્ત્રાલંકાર મૂકતાં સ્વામી નિષ્પરિગ્રહી થયા. એટલે સૌધર્મપતિએ કોમળ, ધવલ, અને સ્નિગ્ધ એવું દેવદૂષ્ય વસ્ત્ર પ્રભુના સ્કંધે મૂક્યું. કારણ કે એ પરંપરાગત સ્થિતિ છે. હવે પોષ માસની કૃષ્ણ ત્રયોદશીના દિવસે અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ આવતાં દિવસના પાછલા પહોરે સમાન ચિત્તવાળા સ્વામીએ ચાર મુષ્ટિવડે શિરકેશનો અને પાંચમી મુષ્ટિએ દાઢી–મુછનો લોચ કર્યો તે કેશ ઇંદ્રે અધર ઝીલી લઈ, પોતાની શક્તિએ ક્ષીરસાગરમાં નાંખીને તે તરત પાછો આવ્યો. જાણે સાક્ષાત ધર્મ હોય એવા સ્વામીએ છઠ્ઠ તપ કરી સિદ્ધને નમી સર્વ નરઅમરની સમક્ષ 'બધા સાવદ્ય યોગનો હું ત્યાગ કરૂં છું' એમ કહી, મોક્ષમાર્ગના મહા યાન સમાન ચારિત્ર અંગીકાર કર્યું. ભગવંતની દીક્ષા વખતે શરદતાપથી તપેલાને અભ્રછાયાની જેમ નારક જીવોને પણ ક્ષણભર સુખ થયું એટલે મર્ત્યક્ષેત્રના મનોદ્રવ્યને પ્રકાશનાર પ્રભુને મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. જિનેશ્વરને ચારિત્ર લેતાં એ જ્ઞાન અવશ્ય ઉપજે ત્યારે પોતાનાપર સ્વામીનો

પ્રસાદ સંભારી, સ્નેહથી એક હજાર રાજાઓએ દીક્ષા લીધી. પછી પદ્મપુરમાં ભગવંતે બીજે દિવસે સોમદત્ત રાજાને ઘેર પરમાન્નથી પારણું કર્યું. એટલે આકાશમાં દુંદુભિનાદ થયો અને સોમદત્ત રાજાનો આત્મા પુણ્યથી પાવન થયો, તેના મંદિરે રત્નની વૃષ્ટિ થઈ અને દેવ, અસુર અને મનુષ્યોએ હર્ષાશ્રુ વરસાવ્યાં. જ્યાં સ્વામી પગ દે, તે વસુધાતલ પૂજ્ય ગણાય '—એમ ધારી ત્યાં દેવોએ પંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ કરી બધા કલ્પવૃક્ષોનાં પુષ્પોનો પરિમલ સમૂહ જાણે હોય તેવા ગંધોદકની દેવોએ વૃષ્ટિ કરી આકાશને વિચિત્ર મેઘમાળામય બનાવતા દેવતાઓએ ચામર સમાન ચેલોત્ક્ષેપ કર્યો. હવે સ્વામીએ ત્યાંથી અન્યત્ર વિહાર કરતાં, જ્યાં ભગવંતે પારણું કરેલ, તે સ્થાને સોમદત્ત રાજાએ રત્નપીઠ કરાવી, પોતાને કૃતાર્થ માન્યો.

હવે સ્વામી ખડ્ગીની જેમ ઉભા રહેતા, ખડ્ગીના શૃંગની જેમ એકલા, મેરૂની જેમ નિષ્કંપ અને સિંહની જેમ ભય રહિત વર્ત્તતા, પવનની જેમ અપ્રતિબદ્ધ નાવની જેમ એકદૃષ્ટિ, શંખની જેમ નિર્લેપ કાચબાની જેમ ગુપ્તેંદ્રિય, ચંદ્રમાની જેમ શીતલ, સમુદ્રની પેઠે ગંભીર, સૂર્યની જેમ તેજસ્વી, જીવની જેમ સદા અસ્ખલિત, અગ્નિવડે કંચનની જેમ, તપવડે ભાસુર, વાડવડે સુવૃક્ષની જેમ, ત્રણ ગુપ્તિવડે ગુપ્ત, બાણને ધાનુષ્ક–ધનુર્ધારીની જેમ પાંચ સમિતિને ધરતા, રવિતેજને પરાસ્ત કરનાર હિમની જેમ અજિત, માઘ માસની રાત્રિએ અત્યંત શીતલ બનેલ જળવડે પણ ધ્યાનમાં અડગ, પરિમાણુ રહિત, જંગલમાં વાઘ, સિંહ પ્રમુખ ભયાનક શ્વાપદોમાં તેમજ નગરમાં ભક્તિ કરતા સુશ્રાવકોમાં પણ સમદૃષ્ટિ રાખતા, એકાકી, નિર્મલ, નિર્મમ, મૌની, નિર્ગ્રંથ, ધ્યાનસ્થ, પરીષહોવડે અજિત તથા સંસારની સ્થિતિથી વર્જિત, એવા ભગવંત છદ્મસ્થ પણે સર્વત્ર મહીપીઠપર વિચરી, જ્યાં સહસ્રામ્ર વનમાં દીક્ષામહો-

ત્સવ થયો હતો, ત્યાં પુંનાગ વૃક્ષ નીચે આવીને પ્રતિમાએ રહ્યા. પછી ઇંદ્રિયો તથા ચિત્તને રોકી ધ્યાનમાં વિશેષ પ્રવૃત્ત થતાં પ્રભુ **અપ્રમત્ત** ગુણસ્થાનને પામ્યા, અને અપૂર્વ કરણે આરૂઢ થતાં ક્ષપકશ્રેણીએ ચડી ભગવંત સપ્રવિચાર પૃથક્ત્વ–વિતર્ક નામના શુક્લધ્યાનના પહેલે પગથીએ ચઢ્યા, ત્યાંથી અનિવૃત્તિ બાદર અને સુક્ષ્મ સંપરાયએ નવમે દશમે ગુણસ્થાને આરૂઢ થયા, અને પછી ક્ષીણ મોહ ગુણસ્થાન પ્રાપ્ત થયું, એટલે એકત્વ–વિતર્ક અપ્રવિચાર નામે શુક્લધ્યાનનો બીજો પાયો ધ્યાયો અને ક્ષીણમોહના અંતિમક્ષણે ગયા ત્યારે પાંચ જ્ઞાનાવરણ અને ચાર દર્શનાવરણ તથા પાંચ અંતરાય–એ ચૌદ ઘાતિ–કર્મની પ્રકૃતિ ખપાવી, વ્રત લીધા પછી ત્રણ માસ જતાં ફાગણ મહિનાની સપ્તમીના દિવસે અનુરાધા નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં છઠ્ઠ તપમાં વર્ત્તતાં શ્રીચંદ્રપ્રભ જિનેશ્વરને સિદ્ધિના કોલરૂપ ઉજ્વળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે દિશાઓ પ્રસન્ન સ્વચ્છ થઇ, વાયુ સુખકારી વાવા લાગ્યો, તથા નારક જીવો પણ દુર્લભ એવું ક્ષણ ભર સુખ પામ્યા, કેવળ–મહિમાથી આસન ચલાયમાન થતાં ઇંદ્રો સર્વજ્ઞ અને સર્વદર્શની પ્રભુ પાસે આવ્યા ત્યાં વાયુકુમાર દેવોએ કોઈ જીવને બાધા ન થાય તેમ ભૂમિ પ્રમાર્જી અને મેઘકુમારોએ સુગંધિ જળની વૃષ્ટિ કરી તથા વ્યંતરોએ સુવર્ણ–માણેકથી ભૂમિપીઠ બાંધી, ત્યાં જાણે ભૂતલમાંથી ઉગ્યા હોય તેમ અધોમુખે બિંટ રહે તેમ વ્યંતરોએ પાંચ વર્ણનાં પુષ્પો વરસાવ્યાં અને ચોતરફ તોરણ, ધ્વજાદિક બાંધ્યાં તથા સ્વસ્તિકાદિ આઠ મંગળ તેમણે આળેખ્યાં. એટલે વૈમાનિક દેવોએ વિવિધ મણિના કાંગરા સહિત અને તેજથી આકાશને પ્રકાશિત કરનાર એવો ઉંચો રત્નનો ગઢ બનાવ્યો. પછી જ્યોતિષીઓએ રત્નના કાંગરાયુક્ત કનકનો ગઢ બનાવ્યો. કારણ કે એમનો એ અધિકાર પરંપરાથી ચાલ્યો આવે છે. વળી ભવનવાસી દેવોએ સુવર્ણના કાંગરાયુક્ત રૂપાનો ત્રીજો ગઢ ભક્તિથી

રચ્યો. તેમાં પ્રત્યેક ગઢે ચાર ચાર મુખ્ય દ્વાર કે જે માણેકના તોરણ અને પતાકાઓથી અલંકૃત હતાં. તેમજ પ્રતિદ્વારે સુવર્ણનાં કમળોથી શોભતી વાવ બનાવી અને બીજા ગઢની ઇશાન ખુણે દેવછંદ કર્યો. વળી પ્રતિદ્વારે વૈમાનિક, વ્યંતર જ્યોતિષી અને ભવનપતિ દેવો પ્રથમ ગઢમાં દ્વારપાલ થઇને ઉભા રહ્યા, બીજા ગઢમાં **જયા, વિજયા, જિતા** અને **અપરાજિતા** એ ચાર દેવીઓ પ્રતિહારિણી થઇને ઉભી રહી. ત્રીજા ગઢના પ્રત્યેક દ્વારપર પોતપોતાના આયુધ લઇ, તુંબરૂ દેવો પ્રતિહાર તરીકે ઉભા રહ્યા, પછી વ્યંતરોએ સમવસરણના મધ્યભાગે અઢારસેં ધનુષ્ય ઉંચો અને રમણીય ચૈત્યપાદપ રચ્યો. તેની નીચે રત્નપીઠ અને તે રત્નપીઠ ઉપર ઉન્નત પાદપીઠ સહિત રત્નસિંહાસન બનાવ્યું. તે સિંહાસનપર જાણે સ્વામીના ત્રિજગતના સ્વામિત્વને જણાવતાં હોય તેવા રમ્ય અને ઉજ્વળ ત્રણ છત્રો રચ્યાં. બંને બાજુ યક્ષો ચામર ઢાળતા અને સમવસરણના દ્વારપર દેવોએ ધર્મચક્ર રચ્યું. એટલે ચતુર્વિધ દેવકોટિઓથી પરવરેલા અષ્ટમ જિનેંદ્ર સમવસરણ પ્રત્યે ચાલ્યા. ત્યાં દેવોએ સહસ્ર પત્રોવાળાં નવ સુવર્ણ–કમળો બનાવ્યા. તે આગળ આગળ આગળ સંચારતાં ભગવંત તેનાપર પગ મૂકીને ચાલતાં, પૂર્વદ્વારે સમવસરણમાં પ્રવેશ કરી, પોતે ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દઈ, ' नमो तित्थस्स ' એમ બોલી, જગત્સ્વામી પૂર્વાભિમુખ રત્નસિંહાસનપર બિરાજમાન થયા. તે વખતે અન્ય ત્રણ દિશાઓમાં વ્યંતરોએ સ્વામીના સર્વથા તેવાંજ ત્રણ પ્રતિબિંબો કર્યાં. સ્વામીના આગળ રત્નમયી સહસ્ર જોજન ઉંચો ધ્વજ કર્યો. તેમજ ભગવંતના શિર પાછળ ભામંડળ રચ્યું અને આકાશમાં અકસ્માત્ દુંદુભિ–નાદ થયો. જાણે જીવોને અભયદાન આપવા સંજ્ઞા કરતો હોય નહિં ! ત્યાં પૂર્વદ્વારે પ્રવેશ કરી, ત્રણ પ્રદક્ષિણા દઇ, પ્રથમ ગઢમાં અગ્નિખુણાના ભાગે, સ્તવન કરી, સાધુ–સાધ્વીનું સ્થાન મૂકી,

પ્રભુને નમી, વૈમાનિક દેવીઓ યથોચિત સ્થાને તથા ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરોની દેવીઓ નૈર્ઋત્ય ખુણે ઉભી રહી. અને ભવનપતિ, જ્યોતિષી તથા વ્યંતરદેવો વાયવ્યખુણે બેઠા. ઇશાનખુણે કલ્પવાસી દેવો તથા નર–નારીઓ બેઠા. એ પ્રમાણે સ્થાનવિભાગને પરસ્પર કોઈ લોપે નહિં. અલ્પર્દ્ધિ દેવ પ્રથમ આવી બેઠેલ હોય, અને મહર્દ્ધિક આવતાં, તે તેને નમે તેમજ પૂર્વે બેઠેલને તે પણ નમીને જાય, ત્યાં સમવસરણમાં કોઇને બાધા ન ઉપજે, કોઈ પ્રકારની વિકથા ન હોય, જીવોમાં પરસ્પર વિરોધ ભાવ ન હોય, તેમ બીજા ગઢમાં તિર્યંચો બેસે અને ત્રીજા પ્રાકારમાં વાહનો મૂકવામાં આવે.

પછી સૌધર્મેંદ્ર નમસ્કાર કરી, અંજલિ જોડી, રોમાંચિત થઇને તે આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો—" હે ભગવન્! તમે ગર્ભમાં અવતર્યા, તેથી હવે કોઇ ભવ્ય પ્રાણી ગર્ભમાં નહિં અવતરે એટલે ભવ્ય મોક્ષે જશે, તમારો જન્મ થતાં હવે દુષ્કર્મો ક્યાં જન્મ નહિં પામે. તમારો જન્મોત્સવ થતાં હવે કષાયોનો ઉત્સવ–પ્રભાવ કદિ નહિ રહે, તમે વૃદ્ધિ પામતાં હવે સંસારની વૃદ્ધિનો અંત આવ્યો, હે દેવ! તમારૂં કૌમાર વિદ્યમાન થતાં રૂપ કે ગુણમાં અન્ય સુકુમારપણું કેવું? તમે રાજ્ય ચલાવતાં બીજાનું રાજ્ય ચલાવવાપણું કેવું? તમે અવિશેષપણે દાન આપતાં અન્ય દાતાનું દાન શું માત્ર? હે નાથ! તમે લક્ષ્મી તજી, પણ લક્ષ્મી–શોભાએ તમને તજ્યા નથી. તમે મસ્તકના કેશ ઉપાડ્યા, તે દુષ્કર્મોને પીડા પમાડવા અને સાવદ્ય યોગ તજ્યો, તે બધાને પાપ તજાવવા, તમારી છદ્મસ્થાવસ્થાએ બધાં કર્મ–બંધો તોડી નાખ્યા અને તેથી લોકો ઉત્તમ ગતિને પામવાના. હે સ્વામિન્! તમને કેવળજ્ઞાન પ્રગટતાં, અન્ય આત્માઓ તત્ત્વ–દર્શન પામશે, તમને આત્મ–સમૃદ્ધિ મળતાં ત્રણે જગતના લોકો ભારે પ્રમોદ પામ્યા. એમ તમારામાં

અદ્ભુત ગુણોત્કર્ષ જોતાં પ્રાણીઓ મોક્ષ સુખના ભાજન થાય છે. તમારા વચનામૃતની વૃષ્ટિએ હવે શ્રવણ–પુટ સંપૂર્ણ–સફળ થશે. એ પ્રમાણે ઇંદ્રે સ્તુતિ કર્યા પછી ભગવંતે ચંદ્રપ્રભ સ્વામીએ યોજનગામિની અને પાંત્રીશ ગુણયુક્ત વાણીથી દેશના આપવાનો પ્રારંભ કર્યો—

" હે ભવ્યાત્માઓ ! આ અનાદિ અનંત સંસારમાં વર્ત્તતા પ્રાણીઓને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય કર્મની ત્રીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, ગોત્રકર્મ અને નામકર્મની વીશ કોડાકોડી, મોહનીયની સીત્તેર કોડાકોડીની સ્થિતિ છે, તેમાં ગિરિ–નદીના પાષાણ–ગોલકના ન્યાયે અનુક્રમે પ્રાણી પોતે ફલાનુભાવે સર્વ કર્મ ખપાવતાં, પ્રથમ ઓગણત્રીશ, ઓગણીશ અને ઓગણોતેર કોડાકોડીની સ્થિતિ ખપાવે, અને દેશે ઉણી એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ રહે ત્યારે પ્રાણી યથાપ્રવૃત્તિકરણના યોગે ગ્રંથિભેદ કરે, રાગ–દ્વેષના દુર્ભેદ્ય પરિણામ તે ગ્રંથિ; ત્યાં જતાં પણ રાગાદિકથી પ્રેરાતાં પ્રાણી ત્યાંથી પાછા ફરે છે, કેટલાક પરિણામ–વિશેષથી ત્યાંજ સ્થિતિ કરે છે અને કેટલાક ભદ્રક પરિણામી અપૂર્વકરણના યોગે તે દુરતિક્રમ ગ્રંથિને તરત ઓળંગી જાય છે, એટલે અનિવૃત્તિકરણે અંતરકરણ કરતાં, ચાર ગતિનાં કારણરૂપ મિથ્યાત્વ–દળને વેરી નાંખી અંતર્મુહૂર્ત્તમાં તે સમ્યગ્દર્શનને પામે છે, એ સમ્યગ્દર્શન નિસર્ગ હેતુક કહેવામાં આવ્યું. વળી જે ગુરૂના ઉપદેશથી પ્રાપ્ત થાય તે અધિગમ–સમ્યક્ત્વ કહેવાય. તે સમકિત ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક એમ પાંચ પ્રકારે છે. તેમાં કર્મગ્રંથિ ભેદાતાં અનાદિ મિથ્યાત્વીને પ્રથમ ઉપશમ સમકિતનો લાભ અંતમુહૂર્ત્ત માત્ર થાય. તેમજ ઉપશાંતમોહ ગુણસ્થાને વર્ત્તનાર જીવ ઉપશમ શ્રેણિના યોગે મોહનીયને ઉપશમાવે,

વળી સમકિતભાવને તજી મિથ્યાત્વની અભિમુખ થતાં, અનંતાનુબંધી કષાયો ઉદય પામતાં જીવ જે ઉત્કૃષ્ટ છ આવલિ અને જઘન્ય એક સમય સમકિત પરિણામ પામે તે સાસ્વાદન સમકિત સમજવું. ઉદય પ્રાપ્ત થયા મિથ્યાત્વના દલીયાને ખપાવે, નથી ઉદય થયા તેહને ઉપશમાવે અને સમકિત મોહનીય વેદે તે ક્ષયોપશમ સમકિત, તેમજ ક્ષપક શ્રેણિએ આવતાં સમકિત મોહનીયના ચરમઅંશને વેદે છે અને ક્ષાયકભાવની સન્મુખપણે જ જે વર્તે છે તે **વેદક** સમકિત જાણવું. મોહનીયની સાત પ્રકૃતિ તે ચાર અનંતાનુબંધી કષાય, સમકિતમોહ, મિશ્રમોહ અને મિથ્યાત્વમોહ ધ્વસ્ત થતાં પ્રાણીને પાંચમું ક્ષાયિક સમકિત પ્રાપ્ત થાય. એ સમ્યગ્દર્શનના ગુણથી **રોચક, દીપક,** અને **કારક** એમ ત્રણ પ્રકાર પડે છે. તેમાં સિદ્ધાંતમાં બતાવેલ તત્ત્વ તેના હેતુ કે ઉદાહરણ વિના દૃઢપણે માનવું તે રોચક સમકિત, બીજાના સમકિતને દીપાવવું તે દીપક સમકિત અને સંયમ, તપ પ્રમુખનું આચરણ પોતે કરે તે **કારક**સમકિત, તેમજ રાગાદિકને જીતનાર, સર્વજ્ઞ, વિશ્વપૂજનીય તથા યથાર્થ ઉપદેશક એવા જિનેશ્વરમાં દેવબુદ્ધિ, મહાવ્રત ધરનાર, ધીર, ભિક્ષા–ભોજન કરનાર, ધર્મોપદેશક અને સામાયિકસ્થ એવા મુનિ પ્રત્યે ગુરૂબુદ્ધિ તથા નરકમાં પડતાં જીવને બચાવે, દશવિધ, દયાધર્મમાં જે ધર્મબુદ્ધિએ સમકિત નિર્વાણદાયક અને એ કરતાં વિપરીત જે મિથ્યાત્વ તે ભવદુઃખના કારણરૂપ સમજવું. યતિધર્મ અને ગૃહસ્થ ધર્મનું મૂળ સમકિત છે કે જે સમકિત વિના તે ધર્મો નિષ્ફળ ગણાય છે. આ સંબંધમાં પ્રભાવંત યતિધર્મ અને ગૃહિધર્મના યથાસ્વરૂપ દૃષ્ટાંત સાંભળો—

આ જગતમાં સિંહ સમાન એક મહા પરાક્રમી રાજા કે જેની આજ્ઞા દેવ, અસુર કે નરેંદ્રો કદાપિ લોપતા નથી તેના આઠ સામંત છે;

કે જે મહાક્રૂર, નિર્દયી, પરાક્રમી, રાજ્યપ્રવર્ત્તક અને પ્રચંડ છે. તે રાજાની આજ્ઞા ત્રણે જગતમાં વ્યાપ્ત છે અને તે આઠ માંડલિક અસ્ખલિતપણે જળમાં મત્સ્યની જેમ પ્રવર્ત્તે છે. પોતાની શક્તિએ તે જગતના બધા પ્રાણીઓને પીડે છે અને પોતાના કૌતૂહલે સ્વેચ્છાએ પ્રવર્ત્તે છે. તેમાં પ્રથમ જ્ઞાનાવરણ સામંત તે કળા ગ્રહણ કરવા પ્રવર્તેલ જીવને તે આપેજ નહિ, એમ આડે આવે છે, બીજો દર્શનાવરણીય સામંત તે ક્રીડા કરવા દઢપણે લોકોનાં લોચન ઢાંકે છે. ત્રીજો વેદનીય સામંત તે બધા પ્રાણીને તીક્ષ્ણ દુઃખ સ્હેવરાવે છે. ચોથો મોહનીય નામે માંડલિક જે જે જુએ, તે બધું પોતાને સ્વાધીન કરે છે. પાંચમો નામકર્મ લોકોને સુરૂપ અને વિરૂપ બનાવે છે. છઠ્ઠો ગોત્રકર્મ ઉત્તમને પણ અસ્પર્શ્ય ઘરોમાં ફેંકે છે. સાતમો અંતરાય લોકમાં પ્રાપ્ય વસ્તુનો બલાત્કારે નિષેધ કરે છે અને આઠમો આયુકર્મ ઘણાં ઉંચ નીચ ઘરોમાં બધાને ઘાલી મૂકે છે અને પોતાની ઇચ્છાએ કહાડે છે. એ દુષ્ટ સ્વભાવના આઠે સામંતો લોકોને પીડા પમાડી રહ્યા છે એ રાજવલ્લભ હોવાથી લોકો તેમના દુષ્કૃતને સહી લે છે. તેમનાથી ભય પામતાં લોકો જ્યાં જાય છે ત્યાં એ વસે છે. એવું કોઈ સ્થાન નથી કે જ્યાં એ આઠે રહેતા ન હોય. તેમનાથી અત્યંત પીડા પામતાં લોકોએ રાજાને વિનંતિ કરી કે—'હે નાથ ! એ આઠે સામંતો અમને બહુજ સતાવે છે.' એટલે રાજાએ વિચાર કર્યો કે—'એમનાથીજ મારૂં રાજ્ય ચાલે છે માટે એ લોકો તો મારે માન્ય અને પોષણીય છે. એમ ચિંતવતાં રાજાએ, રક્ષણ માટે ફર્યાદ કરવા આવેલા બધાના હાથ બલાત્કારે તે માંડલિકો પાસે બંધાવ્યા પછી બંધન પામેલા લોકોને તેમણે અંધાર—ગૃહમાં નાખી દીધા. તેમાં કેટલાકને દઢ બાંધીને તેઓ ભમાવવા લાગ્યા, પણ મૂકે નહિ. એમ તેમણે બંધનમાં નાંખી લોકોને સતાવતાં, તે રાજાનો પ્રતિપક્ષી ચક્રવર્ત્તી ઉત્પન્ન થયો તે અનુક્રમે અન્ય રાજ્ય પામ્યો, જે

દયાળુ, ન્યાયી અને સર્વત્ર લોકોનું રક્ષણ કરવામાં બહુજ કાળજી ધરાવતો. 'આ તો લોકોનો હિતકારી છે, એવી ત્રણે જગતમાં સર્વત્ર તેની પ્રસિદ્ધિ થઈ અને દેવો પણ તેને નમવા લાગ્યા.' તે ચક્રવર્ત્તીની આજ્ઞા જે સર્વથા સ્વીકારે, તે અવશ્ય બંધનથી તરત છુટે.' એવી ખ્યાતિ થતાં બંધન પામેલા લોકો ત્યાં ગયા અને સમય પામીને તેમણે ચક્રવર્ત્તીને દીનપણે વિનંતી કરી કે—'હે નાથ! આટલા દિવસ તે કુરાજાના હાથે કુટાતાં અમે કોઇ વાર સ્વપ્ને પણ સુખ પામી શકયા નથી, પણ અમારા પુણ્યયોગે તમે સ્વામી પ્રગટ્યા તો હે નાથ! અમારૂં રક્ષણ કરો. તમે તેનાથી પણ બળવાન્ છો' એક તો તે પોતેજ ઉપકારી હતો અને તેમાં લોકોએ વિનંતી કરતાં તે પ્રસન્ન થઇ, મધુર વચને કહેવા લાગ્યો કે—'હે લોકો! જો તમે મારી આજ્ઞામાં વર્ત્તશો, તો તે ક્રૂર થકી પણ તમને ભય નથી. તમારે ધર્મથી વર્ત્તવું અને ન્યાયમાં રહેવું તેમજ ખરાબ અધ્યવસાયથી વર્તવું નહિં, તમારે એક બીજાને છેતરવું નહિ.' એ પ્રમાણે તે ચક્રવર્ત્તીની આજ્ઞા પામી તે લોકો અત્યંત ભય રહિત થઇ ગયા. ત્યારે ચક્રવર્ત્તીના પ્રભાવથી અન્યાયી બીજો રાજા લોકોને કંઇ પણ સતાવવા સમર્થ ન થયો, પરંતુ તે આઠે માંડલિકો, લોકોને ધાડ પાડીને નિત્ય લુંટવા લાગ્યા, તે લોકોએ ભારે કષ્ટથી જે જે મેળવેલ, તે બધું તેમણે બળાત્કારે છીનવી લીધું. લોકો એક સ્થાનથી બીજે સ્થાને ભાગતાં, ત્યાં પણ તે ક્રૂરો ધાડ પાડી લોકોને મારતા, એટલે પાછા તેઓ ચક્રવર્ત્તી પાસે આવી વિનવવા લાગ્યા કે—'હે દેવ! તેઓ ધાડ પાડી અમને લુટે છે, તો તમે એવું કોઇ દુર્ગ સ્થાન બતાવો કે જ્યાં રહેતાં અમને તેઓ હેરાન ન કરે.' ત્યારે ચક્રવર્ત્તીએ કહ્યું—'તમને એવું ઉંચું દુર્ગ-સ્થાન બતાવું કે જ્યાં તે દુષ્ટોનું નામ પણ ન હોય. એક ઉંચો પર્વત કે જે અગ્રાહ્ય અને ધાડના ભય રહિત છે, પણ વાહન વિના ત્યાં જઇ ન

શકાય. વાહનમાં એક અશ્વ અને બાર ઉજળા વૃષભો છે. અશ્વ એક હેલા માત્રમાં દુર્ગે લઇ જવાને સમર્થ છે, પણ વૃષભો ત્યાં સત્વર લઇ જવાને સમર્થ નથી, તેઓ તો વિસામો લેતાં અર્ધ પંથે પહોંચે છે. જે અશ્વ લે, તે એકજ લેવાય અને વૃષભો તો બાર લેવા જોઇએ. અશ્વ કે વૃષભો લઇ, જે પોષે, તે તેમના યોગે ઇષ્ટ સ્થાને પહોંચે, તે વિના અન્ય ઉપાય નથી.' પછી 'સારી વસ્તુ એક લેવી, પણ સારી' એમ ધારી કેટલાક લોકોએ અશ્વ લેતાં, ચક્રવર્ત્તીએ તેમને એક એક અશ્વ આપ્યો અને બીજાઓએ 'આ તો મહા કીંમતી છે' એમ ધારી બાર બાર વૃષભ લીધા એટલે ચક્રીએ બતાવેલ માર્ગે આત્મરક્ષાના લોભે અશ્વ અને વૃષભોનું પાલન–પોષણ કરવા લાગ્યા. 'એ રોજ ચલાવવા કે જેથી નિરોગી રહે. પ્રશંસનીય એમના વિના આપણી અન્યથા ગતિ નથી.' એમ ધારીને પ્રતિદિન અશ્વ અને વૃષભોપર આરૂઢ થઇ, ધાડથી સર્વત્ર ભય પામતાં તેઓ ગમે ત્યાં ભમવા લાગ્યા. એમ પોતાની રક્ષા સાવધાનપણે તે કરતાં, જેથી છળ ન પામવાથી ધાડ પડતી નહિ, એટલે વિલક્ષ થયેલા તે આઠ પ્રતિપક્ષી કંઇ પણ ઘાત કરવાને સમર્થ ન થયા, એમ ઘણો કાલ ચાલ્યો ગયો.

એવામાં એકદા છળ મળતાં આઠમા સામંતે સર્વ લોકોને બલાત્કારે ઘરથી બહાર કહાડ્યા. તે પહેલાં જ પોતપોતાના વાહન પર આરૂઢ થઇ જેઓ ચક્રીએ બતાવેલ દુર્ગે વેગથી ચાલી નીકળ્યા અને અશ્વારૂઢ થયા તે ક્ષણવારમાં દુર્ગે પહોંચ્યા, પણ બીજાના વૃષભો તો મંદ મંદ ચાલતા, તેમજ ધાડના ભયથી તેમના સારથિ વારંવાર પાછળ જોતા, વળી વૃષભોને પણ અત્યંત્ત હાંકતા, છતાં તે મંદ ચાલતા; જેથી તરત જ પાછળ ધાડ આવી, તેમણે તેમને આક્રમીને અર્ધમાર્ગથી પાછા વાળ્યા. છતાં પુણ્યયોગે તેઓ ફરીને

પણ ચક્રવર્ત્તી પાસે અશ્વ મેળવતાં અવશ્ય દુર્ગમાં પહોંચશે. હવે એ કથાનો પરમાર્થ સાંભળો—અહીં અન્યાયી રાજા તે મિથ્યાત્વ, સામંત તે આઠ કર્મો, તેમ જે લોકોને પીડ્યા તે જીવો જાણવા. ચક્રવર્ત્તી પ્રગટ્યા તે જિનેશ્વર અને ચક્રીની જે આજ્ઞા તે જિનવચનનું પાલન, જે ધાડ પડતી, તે દુષ્કૃતોનો વિપાક, દુર્ગ તે મોક્ષ અને દુર્ગનો અર્ધમાર્ગ તે દેવલોક, વેગશાળી અશ્વ તે ચારિત્ર, બાર વૃષભ તે ગૃહસ્થના બાર વ્રતો, આત્માને ચારિત્રરૂપ અશ્વ મોક્ષ–દુર્ગમાં લઇ જાય. શ્રાવકવ્રતરૂપ વૃષભ તો દેવલોકે લઇ જાય છે અને મોક્ષ અતિ દુર્લભ છે, માટે સર્વથા તેજ નિર્મળ અને મોક્ષના સાધનરૂપ કર્મમાં પ્રવર્ત્તવું કે જેથી સંપૂર્ણ ફળ પામી શકાય. ”

એ પ્રમાણે સ્વામીની સંસારતારક દેશના સાંભળતાં કેટલાક લોકોએ સદ્યા નિરવદ્ય પ્રવ્રજ્યા લીધી, કેટલાકે પોતાની શ્રદ્ધા પ્રમાણે શ્રાવકનાં બાર વ્રત લીધાં તેમજ કેટલાકોએ સર્વ ધર્મમાં ધુરંધર એવું સમકિત સ્વીકાર્યું. આ વખતે ભગવંતે **દત્ત** પ્રમુખ ઘણાને સાધુ બનાવ્યા, તથા **સુમન**સા પ્રમુખ અનેકને સાધ્વી કરી. વળી શ્રાવકવ્રતના અભિલાષી શ્રાવક અને શ્રાવિકાઓ કેટલીક થઇ. એમ અષ્ટમ જિનપતિનો ચતુર્વિધ સંઘ થયો. પછી પૂર્વે જેમણે ગણધર–કર્મ ઉપાર્જેલ છે એવા **દત્તા**દિત્ર્યાણુ સુમુનિઓને ‘ उत्पाद व्यय, ध्रुव ’ એ સંપૂર્ણ ત્રણ પદ સ્વામીએ પોતે તેમને સંભળાવતાં તેમણે અનુક્રમે ત્રિપદીના અનુસારે ચૌદ પૂર્વો અને બાર અંગો એક મુહૂર્ત્તમાં રચ્યાં. પછી દિવ્યચૂર્ણનો થાલ લઇ, દેવોસહિત દેવેંદ્ર ભગવંત પાસે આવ્યો. એટલે પ્રભુએ પોતે ઉઠી, તે ગણધરોના મસ્તકે ચૂર્ણ–ક્ષેપ કરતાં, સૂત્ર, અર્થ અને તદુભય, દ્રવ્ય, ગુણ, પર્યાય અને નયોવડે અનુયોગ તથા ગણ–ગચ્છની આજ્ઞા તેમને આપી. ત્યારે દેવો, નર–નારીઓએ દુંદુભિના ઘોષ-

પૂર્વક ગણધરોના મસ્તકે વાસ–ક્ષેપ કર્યો. પછી સ્વામીએ બેસીને ગણધરોને અનુશિક્ષા આપી, તેવામાં પોરસીનો સમય થયો. ત્યારે અખંડ અને ઉજ્વળ શાલિયુક્ત, ચાર પ્રસ્થ પ્રમાણ, સોનાના થાળમાં રાખેલ, પ્રધાન પુરૂષોએ ઉપાડેલ, દુંદુભિનાદે શોભિત, મંગલ ગાતી રમણીઓવડે અનુગમ્યમાન, રાજાએ કરાવેલ અને જાણે પુણ્યનો રાશિ હોય તેવો બલિ પૂર્વદ્વારે સમવસરણમાં આવ્યો. એટલે પ્રભુને પ્રદક્ષિણાપૂર્વક તે બલિ ભગવંતની આગળ ઉછાળવામાં આવતાં; આકાશથી પડતાં પડતાં તેમાંનો અર્ધ બલિ દેવોએ લઈ લીધો અને જમીન પર પડેલ અર્ધમાંથી અર્ધ ભાગ રાજાઓએ લીધો તથા બાકીનો શેષ ભાગ અન્ય લોકોએ વેંચીને લઇ લીધો. તે બલિના પ્રભાવથી છ માસ નવા રોગ પ્રગટ ન થાય અને પૂર્વે થયેલા હોય તે બધા નાશ પામે. પછી સ્વામી ઉઠીને દેવચ્છંદમાં જઇ વિસામો લેવા બેઠા, એટલે ગુણનિધાન **દત્ત** ગણધર, જિનેશ્વરના પાદપીઠ પાસે બેસી ધર્મદેશના આપવા લાગ્યા. ગણધરમાં દેશનામાં એવા ગુણો હોય જ છે. વળી એથી સ્વામીનો શ્રમ ટળે અને શિષ્યના ગુણો અધિક દીપે. ઉભયનાં વચન પ્રતીત થાય, એ દેશનાના ગુણો સમજવા. હવે ગણધરે ધર્મદેશના સમાપ્ત કરતાં, લોકો પ્રભુને નમીને પોતપોતાને સ્થાને ગયા. ભગવંતના તીર્થમાં નીલવર્ણ, હંસવાહન, દક્ષિણ હાથે ચક્ર ધરતો તથા વામ ભુજાએ મુદ્‌ગર ઉપાડતો **વિજય** નામે **યક્ષ** થયો તથા બિલાડાનો વાહન, પીતવરણી બે જમણી ભુજામાં ખડગ અને મુદ્‌ગર તથા બે ડાબી ભુજામાં ઢાલ અને ફરસીને ધારણ કરતી એવી **ભ્રકુટી** નામે દેવી પ્રભુના શાસનની અધિષ્ઠાયિકા થઈ.

એવામાં એકદા સિંહાસને બિરાજમાન સ્વામીને અજાપુત્રના જીવ **દત્ત** ગણધરે પ્રશ્ન કર્યો કે—' હે ભગવન્ ! જેથી ભવ્યાત્માઓનું મન સ્થિર થાય, તેમને શ્રદ્ધા, સંવેગ અને ધર્મમાં અનુરાગ

પ્રગટે, વળી હે નાથ ! તમે કયા ધર્મથી ત્રણ જગત્‌ના સ્વામી થયા ? તે ધર્મપ્રભાવ સાંભળવાની મને ભારે ઉત્કંઠા છે. તમે પૂર્વભવે શું શું સુકૃત કર્યું, કે જેથી તમે તીર્થનાથ થતાં લોકો તમને પૂજે છે. હે સ્વામિન્ ! મારાપર અનુગ્રહ લાવી, પ્રસન્ન થઇને મને તે વૃત્તાંત સંભળાવો કે જેથી પૂર્વભવ સાંભળતાં અમે પાવન થઇએ. ' એટલે લોકોપર અનુગ્રહ કરવામાં તત્પર, બાર પ્રકારની સભાએ અલંકૃત વચનાતિશયથી સર્વ જીવોને યોજનગામિની વાણીથી પ્રતિબોધ પમાડતા તથા પોતે જેમ પૂર્વભવે શ્રેષ્ઠ ધર્મકર્મ ઉપાર્જ્યાં, તે પ્રમાણે ચતુર્મુખ ચંદ્રપ્રભસ્વામી કથા કહેવા લાગ્યાઃ—

## પ્રભુના પૂર્વભવનું વર્ણન.

" **ધાતકીખંડ** નામે દ્વીપમાં પૂર્વવિદેહના મંડનરૂપ તથા પાર્થિવોવડે સંકીર્ણ એવો **મંગલાવતી** નામે વિજય છે. ત્યાં **રત્નસંચયા** નામે રમણીય નગરી કે જ્યાં ધર્મરૂપ કલ્પવૃક્ષ માગ્યા પ્રમાણે વાંછિત ફળ આપે છે. ત્યાં રાજાઓને નમન કરવા યોગ્ય **પદ્મ** નામે રાજા હતો, કે જેને પરિણીત ભાર્યાની જેમ લક્ષ્મી–પદ્મા કદાપિ મૂકતી ન હતી. તે એકદા ઉદ્ભટપણે પોતાને પોતે સિંહ માની અન્ય રાજાઓને મૃગ સમાન માનતો રાજસભામાં બેઠો. જ્યારે દિવ્ય સંગીતકારી ગાંધર્વો સંગીત ચલાવતા, વારાંગનાઓ નૃત્ય કરતી, દિવ્ય અંગરાગ અને વસ્ત્રથી વિભૂષિત થઈ, બૃહસ્પતિને પરાસ્ત કરનારા બુદ્ધિશાળી પ્રધાનોથી મંડિત હતો, સેવકો ચામર ઢાળતા, બંદિજનો બિરૂદાવલિ બોલતા અને ઘણા લોકો પોતપોતાનું પ્રયોજન નિવેદન કરતા હતા. તેવામાં રાજાએ આઘે એક સ્થાને ચકલાનો રમ્ય માળો જોયો. ત્યાં કોઇ પ્રતિપક્ષી ચકલાએ આવી, ચંચુવતી તરત જ તે માળાના તરણાં કાઢવા માંડયાં. તે ભારે કોપથી તણખલાં આમતેમ ફેંકવા લાગ્યો અને માળામાં બે ઇંડાં જોઇ, ભારે ક્રોધાનલથી તપ્ત થતાં, પ્રચંડ વૈર સંભારી,

તેણે ઇંડાં ચાંચમાં લઇ નીચે નાખી દીધાં. એટલે નીચે પડતાં તે તરત તડાક દઇ ફુટતાં પેલો ચકલો સંતુષ્ટ થતો ત્યાં આવ્યો અને તે ઇંડાંને ચંચુઘાતથી મારતો તથા વારંવાર દિશાઓ પ્રત્યે તે જોવા લાગ્યો. એવામાં ઇંડાંના માતપિતા આવ્યાં અને જોયું તો તે દુષ્ટ શત્રુએ ઇંડાં નીચે નાખી દીધાં હતાં. ત્યાં ભૂમિપર ફુટી ગયેલાં ઇંડાં જોતાં, પેલો દુષ્ટ ચકલો તેમના જોવામાં આવ્યો. એટલે બાળકના મૃત્યુ દુઃખવડે અત્યંત કોપે ભરાયેલ તે બંને, શત્રુ ચકલા પાસે જઇ ક્રોધથી લડવા લાગ્યા અને અન્યોન્ય નિર્દય બની ચંચુઘાતથી મારવા લાગ્યા. તે અન્યોન્ય ચાંચમાં ચાંચ ભરાવી ઉછળતા અને નીચે પડતાં પાછા પગવડે એક બીજાને સખ્ત દબાવતા ઉપરલો અધસ્થને ચંચુવડે સતાવતો, ત્યારે મહાબળે નીચલો ઉપલાને હેઠે નાખીને મારતો. છતાં પ્રહારને જાણે જાણતો ન હોય તેમ નીચલો ઉપર આવતાં પેલા ચકલાને બમણા ચંચુ પ્રહારથી મારતો. એમ પતિના જીતતાં ચકલી પણ શત્રુ ચકલાને ક્ષણે ક્ષણે સર્વાંગે વીંખી નાખતી. એમ બને ચકલા પરસ્પર યુદ્ધ કરતાં મર્મસ્થાને ચંચુઘાતથી હણાતાં મરણ પામ્યા. ત્યારે ચકલી ક્ષણભર ત્યાં વિલાપ કરી ચાલી ગઈ અને અન્ય ચકલા સાથે તે વિલાસ કરવા લાગી. એ પ્રમાણે પદ્મ રાજાએ સાક્ષાત્ નજરે જોતાં વિચાર કર્યો કે—' અહો ! સંસારી જીવોને ધિક્કાર છે કે તેઓ કેવાં કર્મ આચરે અને સહે છે ? કષાયના વશે ચકલો માળામાં રહેલ ઇંડાને કેમ મારે ? પોતાના બાળકના મરણને જોઇ મમતાને લીધે કોપ પામતાં ઇંડાંનો બાપ ચકલો શત્રુ ચકલાને મારીને પોતે પણ મુવો, વળી તેની સ્ત્રી સ્વભાવે ચપળ હોવાથી બાળક અને કાંતને સર્વથા વિસારી મૂકી, તે બીજા ચકલાની ભાર્યા બની બેઠી. એમ ક્રોધ મમત્વ અને કામચેષ્ટાનો પ્રભાવ મેં સાક્ષાત્ જોયો. અરે ! આ સંસારમાં વસતા જીવોને ધિક્કાર છે કે જેઓ અન્યોન્ય શત્રુ થઇને

વર્તે છે વળી એકબીજાના રાજ્ય, વિદ્યા કે ધનાદિકને દેખી પરસ્પર સહી શકતા નથી. જેમ ચપળ લક્ષ્મી છે, તેમ શરીર પણ ચપળ છે, તેમજ ગૃહસ્થોની સ્ત્રીઓ પણ ચપળ હોવાથી અન્ય અન્ય પુરૂષ સાથે રમે છે, માટે કૂડ-કપટનો ભંડાર આ સંસાર તજવા લાયક છે, ભાર્યાદિક સર્વ વસ્તુપર છે અને એક ધર્મજ પોતાનો છે.' એ પ્રમાણે રાજાને સત્ય વૈરાગ્યનો રંગ લાગતાં, તરતજ **સિંહ** નામે ઉદ્યાનપાલકે આવી, અંજલી જોડીને **પદ્મ** રાજાને વિનંતી કરી કે—'હે દેવ! આપના ઉદ્યાનમાં એક **યુગંધર** નામે આચાર્ય પધાર્યા છે.' એટલે એક તો રાજા પોતે વૈરાગ્યદશાને પામેલ અને તેમાં આચાર્યનું આગમન સાંભળતાં તે ભારે પ્રમોદ પામ્યો પછી તેજ સભાજનો સાથે ઉઠી, રાજવર્ગ, અંતઃપુર, કુમારગણ, કરોડો નગરીજનો સહિત સર્વ સામગ્રીપૂર્વક, હસ્તીઓના ઘંટાનાદથી પોતાનું આગમન જણાવતાં, અશ્વોના ખુરથી ખોદાયેલ રજથી આતાપને આચ્છાદિત કરતાં, સર્વ સામગ્રીના વિસ્તારથી સુરેંદ્રના આડંબરને જીતતા, પદ્મરાજા ઉદ્યાનભૂમિમાં પહોંચ્યો અને ત્યાં હાથીથકી નીચે ઉતર્યો, એટલે ઉદ્યાનમાં પેસતાં તેણે સાધુઓને જોયા, કે જેમાંના કેટલાક સિદ્ધાંત ભણતા, કેટલાક અર્થનો વિચાર કરતા, કેટલાક ગુરૂને વાંદણા દેતા, કેટલાક વૈયાવચ્ચ કરતા, કેટલાક ઉત્કટ-આસને તપ તપતા, કેટલાક દુર્બોધ્ય અર્થમાં પરસ્પર વિવાદ કરતા, કેટલાક એકાંતમાં સિદ્ધાંતનો સાર વિચારતા, એમ અનેક પ્રકારે કર્મ નિગ્રહ કરતા મુનિઓને જોતો રાજા ગુરૂ પાસે ગયો. ત્યાં યથાવિધિ ભક્તિપૂર્વક ગુરૂના ચરણે વંદન કરી, તે શુદ્ધ ભૂમિકાએ બેઠો એટલે ગુરૂએ કર્મનાશક દેશના આપતાં બધા ભવ્યાત્માઓ સાવધાન થઇ બેઠા ગુરૂ બોલ્યા—

"હે ભવ્યજનો! પતિ જેમ સ્ત્રીને વાંછિત આપે, સુપુત્ર વડીલોને આધિપત્ય આપે અને જાત્યાશ્વ જેમ સમરાંગણથી પાર

પમાડે, તેમ ધર્મ ભવ-સાગરથી પાર પમાડી મોક્ષ આપવા સમર્થ થાય છે કારણ કે ધર્મથી પુણ્ય વધે, પુણ્ય વૃદ્ધિથી પ્રાણી **મદન-સુંદર**ની જેમ મનોવાંછિતને પામે છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે—

## " પુણ્ય વૃદ્ધિ ઉપર મદનસુંદરની કથા. "

ધાતકી ખંડ દ્વીપમાં **મનોરમા** નામે નગરી કે જ્યાં લોકો પ્રધાનપણે ધર્મજ આચરે છે. ત્યાં બધા રાજાઓમાં પ્રધાન એવો **મદનસુંદર** નામે રાજા કે જેણે પોતાની આજ્ઞા ન માનતા રાજાઓને સ્વર્ગે મોકલાવ્યા, એ આશ્ચર્યની વાત છે. એકદા સભામાં બેસી, મંત્રીઓની સાથે પુણ્ય-પાપનો વિચાર કરતાં રાજા એ જણાવ્યું કે—' હે મંત્રિવરો ! તમે મારો એક સંશય ભાંગો, રાજ્ય પુણ્યવડેજ પામી શકાય કે વિના પણ પમાય ? ત્યારે મંત્રીઓ બોલ્યા—' હે સ્વામિન્ ! શું તમે જાણતા નથી કે પુણ્ય વિના અલ્પ સુખ પણ મળતું નથી ? તમે પોતાના પુણ્ય વડે રાજા અને અમારા સ્વામી થયા છો અને પુણ્યની તરતમતાવડે અમે તમારા મંત્રીઓ થયા છીએ. વળી અન્ય લોક પણ જે નિરોગી થઇ સુખે જીવે છે, ધનિક બને છે અને સન્માન પામે છે, તે પણ પુણ્યના પ્રભાવથીજ. ' એમ મંત્રીઓએ બોલતાં, રાજાએ વિચાર કરી, પોતાના પુણ્યનું પરિણામ જોવાની ઇચ્છાથી જણાવ્યું કે— પુણ્યવંત કુળમાં જન્મેલા પુરૂષો, પૂર્વજોએ ઉપાર્જેલાં પુણ્યના પ્રભાવે રાજ્યાદિ ભોગવતાં પુણ્યવંત કેમ માની શકાય ? જો પોતાના વ્યવસાયથી તે પામે તથા પોતાના પુણ્યને અનુસારે દ્રવ્ય, રાજ્યાદિ મેળવે, તે પુણ્યવંત ગણાય. તેથી પૂર્વજોએ ઉપાર્જન કરેલ રાજ્ય ભોગવતાં, હું પણ મને પોતાને પુણ્યશાળી કેમ માનું ? માટે હું પુણ્યની પરીક્ષા કરવા દેશાંતર જાઉં જો મારૂં પુણ્ય હશે

તો ત્યાં મને રાજ્ય પ્રાપ્ત થશે.' ત્યારે મંત્રીઓ બોલ્યા કે—' હે દેવ ! એ બાબતમાં શંકા કરવાની શી જરૂર છે ? અન્ય પુત્રો ઘણા હોવા છતાં પિતાએ તમને રાજ્ય આપ્યું એ સાક્ષાત્ તમે પુણ્યનો પ્રભાવ જોઇ શકો છો, તો સદા દુઃખકારી દેશાંતર જવાનું શું પ્રયોજન છે ?' રાજાએ કહ્યું—' દેશાંતર ગયેલાને શું દુઃખ હોય પોતાના પુણ્ય કે પાપ યથોચિત ફળ આપવાના.' એમ કહી, મંત્રીઓને રાજ્ય ભળાવી, પુણ્યની સહાયતાવડે એકલો રાજા પોતે નગરી થકી ચાલી નીકળ્યો. ત્યાંથી પ્રથમ પશ્ચિમ દિશામાં શીઘ્ર અને એકાકી જતાં તે પરિશ્રમ પામ્યો અને પરિશ્રમના યોગે તેના પગ આગળ ચાલવાને અસમર્થ થયા, છતાં મનના ઉત્સાહથી ધીરજ મળતાં તે આગળ ચાલ્યો, તેવામાં—' એ રાજાએ કદાપિ મારા કર—કિરણો સ્પર્શ્યા નથી ' એમ જાણે રોષ લાવીનેજ આદિત્ય પોતાના કિરણોવડે તેને સતાવવા લાગ્યો. વળી ' એણે ભક્ષ્ય—સ્વાદિષ્ટ ભોજનવડે તૃપ્ત થઇને મને છેદી હતી ' એમ જાણે પૂર્વની ઈર્ષ્યા લાવીનેજ ક્ષુધાએ તેને ખૂબ સંતાપ્યો. આદિત્ય તો રથાધિરૂઢ છે તેથી શીઘ્ર જાય છે અને રાજા ઉચ્ચ ભૂમિએ પગે હળવે હળવે જાય એટલે આગળ શીઘ્ર ચાલી સન્મુખ—સામે આવીને જાણે ' એના મુખની કાંતિ કેવી છે ? ' એમ જોતોજ હોય.

હવે આગળ ચાલતાં રાજા ચિંતવવા લાગ્યો કે—' હા ! મેં કેવું કામ કર્યું ? કે અન્ય રાજ્યનો સંદેહ છતાં પોતાનું રાજ્ય તજી દીધું. મારૂં સ્વકૃત પુણ્ય છે કે નથી ? તે કોણ જાણે ? એ તો મારી મૂર્ખાઇ થઇ કે મેં પોતાનું રાજ્ય તજ્યું. હવે સંદેહના દોષે જો પાછો જાઉં તો બાલકની જેમ લોકો મારી હાંસી કરે, માટે જે થવાનું હોય તે થાઓ હવે તો પરદેશમાં જવું અને પુણ્યનો સંશય ભાંગવો. ' એમ નિશ્ચય કરી, રાજા એક ગામના તળાવની

પાળે, થાકેલ હોવાથી સુતો. એટલે સર્વ દુઃખના વિસામાના કારણ રૂપ નિદ્રા તેને આવી, જેથી ક્ષણભર શ્રમ રાજાને મુકીને સુખે દૂર થયો. ત્યાં પ્રથમ નિદ્રાએ આલિંગન આપી, તેણે રાજા ક્ષુધાને સોંપ્યો. જેથી તે એકદમ ઉઠયો અને સરોવરમાં જઇને તેણે હાથ પગ ધોયા. ‘ હવે મને ભોજન શી રીતે મળશે ? ’ એવી ચિંતા કરતો રાજા, ગામની પાસેના ચોરામાં ગયો કે જ્યાં ઘણા લોકો ભેગા થયા હતા. ત્યાં સ્હેજ આઘે રહી, ગ્રામ્ય જનોનાં સ્વેચ્છાપૂર્વકનાં વચનો તે કૌતુકથી સાંભળવા લાગ્યો; તે લોકો આપસમાં કચવાટ કરી સભાની જેમ એકી સાથે ઉઠયા અને અહંપૂર્વિકાના ન્યાયે બધા એકી સાથે નીકળવાને ઇચ્છતા અન્યોન્ય સંમર્દ પામી કેટલાક અથડાઇને પડવા લાગ્યા, તે જોઇ રાજાને વિચાર આવ્યો કે —‘ અહો ગ્રામ્ય લોકોના આચાર કેવો હાસ્યજનક છે કે જેમાં નાના મોટાનો અન્યોન્ય ક્રમજ નથી. ’ એમ રાજા વિચારે છે, ત્યાં લોકો બધા ચાલ્યા તેમાં ઉતરતા એક વૃદ્ધે રાજાને જોતાં વિચાર્યું કે—‘ શારીરિક લક્ષણોએ આ ઉત્તમ લાગે છે ’ એમ ધારી તેણે રાજાને પોતાના ઘરે લઈ જઇને બહુમાનથી જમાડ્યો ત્યાં ક્ષણભર સુખશય્યામાં નિદ્રા લઇ જાગ્રત થયેલ રાજાને તે વૃદ્ધ અંજલી જોડીને કહેવા લાગ્યો કે—‘ હે ભદ્ર ! આચારથી તારૂં કુળ અને આકૃતિથી ગુણો જણાતાં, તું સર્વથા ઉત્તમ છે, તો મારી એક પ્રાર્થના માન. રૂપ લાવણ્ય, વિદ્યા, ગુણ અને કળાના નિધાન રૂપ અને વિનયશીલ એવી **સૌભાગ્યમંજરી** નામે મારી પુત્રી છે. હે સુંદર ! તેને ગાંધર્વ–વિવાહથી તું પરણી લે કારણ કે પુત્રી તો સુશીલ અને પુણ્યશાળી વરને આપવી. ’ એટલે ‘ આ શું ? ’ એમ ચિંતવતો રાજા બેઠો છે, તેવામાં તે વૃદ્ધ પોતાની પુત્રી રાજા પાસે લઇ આવ્યો તેને જોતાં રાજાએ વિચાર કર્યો કે—“ આ શું દેવાંગઓની વાનગી છે, કે મુર્તિમતી લક્ષ્મી છે અથવા નાગાંગનાઓની

પ્રધાન પદ્મિની છે.' પછી પ્રથમ પરસ્પર મન સંલીન થતાં, લોકાચારને લઇને પાછળથી હસ્તમેલાપ કરવામાં આવ્યો. ત્યારે રાજા ચિંતવવા લાગ્યો કે—'શું આ સ્ત્રીની પ્રાપ્તિ જેટલુંજ મારૂં પુણ્ય હશે એટલાથી તો મને તૃપ્તિ નથી, માટે હજી આગળ જઇશ.' એમ ધારી ત્યાં અલ્પ વખત રહી, સૌભાગ્યમંજરીના મનમાં કંઇક વિશ્વાસ પમાડી, તે ગામથી આગળ હળવે હળવે ચાલતાં રાજા અનુક્રમે એક **દિવારમ્ય** નામના નગરમાં પહોંચ્યો તેવામાં સૂર્યાસ્ત થતાં કમળદળની જેમ નગરદ્વાર બંધ થતાં રાજા નગરની બહાર મસાણુમાંના દેવલમાં એક ઝરૂખામાં સુતો, જ્યાં તેને નિંદ્રા આવી ગઇ. એટલામાં એક ગરીબ સ્ત્રી થાળમાં ભક્ષ્ય ભોજન લઈ મંડપમાં આવી અને બોલી કે—'હે ભદ્ર! ઉઠો અને મહેરબાની કરી ભોજન લ્યો.' એમ કહેતાં તેણે રાજાનો અંગુઠો મરડયો. એટલે રાજા સંભ્રમથી તરત ઉઠયો અને ત્યાં ઉદ્‌ભટ–વેષધારી તે સ્ત્રીને તેણે જોઇ, વિચાર કર્યો કે—'આ કોણ હશે અને મને ભોજન કરવા શા માટે જગાડતી હશે?' એમ ધારી તે ઉઠયો તથા મૌનથી ષટરસ–ભોજન કરવા લાગ્યો. તે સ્ત્રી પણ કંઇ બોલી નહિ, ત્યાં રાજા ભોજન કરીને ઉઠયો. પછી સ્ત્રીએ કપૂરથી વાસિત બીડું તેને આપતાં, અંધકારમાં પરમાર્થ જાણ્યા વિના તે તરત ચાલતી થઈ. એટલે રાજા પાછો ત્યાં નિંદ્રાવશ થયો. તેવામાં એક પુરૂષ આવીને કહેવા લાગ્યો કે—'અહીં નિંદ્રા કરનાર કોણ? ઉઠો અહીંથી આ અનેક વિઘ્નોનું પ્રસિદ્ધ સ્થાન છે.' તેના એ શબ્દથી રાજા નિંદ્રા તજી જાગ્રત થયો અને ધીમેથી બોલ્યો કે—'મને થાકેલાને કોણ ઉઠાડે છે? હું દેશાંતરથી અહીં આવતાં, સાંજે નગરીના દ્વાર બંધ થવાથી બહાર પડયો રહ્યો.' ત્યારે પેલો પુરૂષ રાજાને મૃદુ વચનથી કહેવા લાગ્યો કે—'તું શીતથી મરીશ અને વાઘ પ્રમુખથી ખવાઇશ, માટે હું તને એવા સ્થાને સુવાડું કે જ્યાં

વાયરો પણ ન લાગે. તું દક્ષિણ પોળ પ્રત્યે જા, ત્યાં રાજાના દ્વારપાલને જગાડી, મારી બતાવેલ નિશાની તેને કહેતાં તે દ્વાર ઉઘાડી ને તને અંદર જવા દેશે. પછી માર્ગની ડાબી બાજુએ એક મંદિર છે, તેના દ્વાર પાસેના ગોખલામાં મૂકેલ કુંચીવતી દ્વાર ખોલી, પાછા કમાડ વાસી, પલંગપર સુઈ જજો, ત્યાં શીતનો પરાભવ લાગશે નહિ.' એમ સાંભળી રાજા વિચારવા લાગ્યો કે—' મારે આ સ્થાનનું શું પ્રયોજન છે ? મને લાગે છે કે આ એ લોકોનું સંકેત–સ્થાન છે. એના વિશ્વાસે જ તે સ્ત્રી મને ભોજન આપી ગઈ. તે કોઈની દાસી જેવી ભાસતી.' એમ ધારી તે પુરૂષની આજ્ઞા લઇ, તેણે બતાવેલ માર્ગે પોળમાં દાખલ થઇ, મંદિરમાં જઇને રાજા સુતો.

હવે અહીં તે નગરના **કીર્ત્તિવર્મા** રાજાની **સૌભાગ્યમંજરી** નામે રૂપવતી પુત્રી હતી, તેણે બહારના પુરૂષ સાથે પ્રથમ તે દિવસનો સંકેત કરેલ, પણ તે રાજાએ કરાવેલ નાટકમાં બેસી રહેતાં ઘણીવાર લાગી અને રાત ઘણી ચાલી ગઇ. પછી નાટક વિસર્જન થતાં તે ઉઠી, પહેરેગીરોની દૃષ્ટિ ચૂકાવી, સખી સહિત, અંધારપટ ઓઢી, તે બંને ઘરથી ચાલી નીકળી, અને તે માર્ગે જતાં, પોળ પાસે આવી, કંઇક મનમાં ચિંતવીને રાજકન્યાએ સખીને કહ્યું કે—' હે ચંદ્રલેખા ! રાત તો ઘણી વીતી છે, પણ તે વલ્લભ સંકેતસ્થાનથી વખતસર અહીં ઘરે આવ્યો હશે. મને વિલંબ થતાં તે અવશ્ય રીસાયો હશે. માટે અહીં ઘરમાં જો, તે છે કે નહિ ?' એટલે સખીએ જોઇ આવીને કહ્યું કે—' હે દેવી ! તારો વલ્લભ પલંગપર સુતો છે.' પછી રાજસુતાએ દાસીને કહ્યું કે—' તું પ્રભાતે વહેલી આવજે.' એમ કહી, તેણે સખીને વિસર્જન કરી, અને પોતે અંદર પેસી, ગૃહદ્વાર બંધ કરી, ક્ષણભર તેણે જોયું કે—' એને નિદ્રા રોષની છે કે સાચી છે ?' એમ ધારી, તે

પાસે બેઠી અને પોતાના અપરાધની શંકા લાવી, ચપટી વગાડવા લાગી. ત્યારે રાજા એકદમ નિદ્રારહિત થઈ, ચિંતવવા લાગ્યો કે—' આ દિવ્ય સુગંધથી બ્હેકતી કોણ છે ?' તેને ગતનિદ્ર જાણી રાજસુતા બોલી કે—' હે પ્રાણવલ્લભ ! મારો એક અપરાધ માફ કરો. હું શું કરૂં ? રાજાની આગળ આગળ બેસવાથી અધ-વચ ઉઠી ન શકી. સંગીત વિસર્જન થતાં હું તરત ચાલી નીકળી. શું હું જાણતી નથી કે તમે મસાણના દેવલમાં શીતથી સર્વાંગે કંપતા, લાંબો વખત એકલા રહ્યા હશો ? તેથી મારો એ અપરાધ તો અત્યંત દુસ્સહ થયો, તે સહન કરો. આ હું તમારી કિંકરી છું, તમને રૂચે તેમ કરો.' એમ સાંભળતાં રાજાએ વિચાર કર્યો કે—' આ નિશ્ચય બહાર રહેલા પુરૂષને ઉદ્દેશીને મને પ્રિય કહી બોલાવે છે, માટે ઠીક છે હું કંઇક બોલું કે જેથી એ મને જાણે. પછી જોઇએ તો એ પોતાના સ્થાને જાય કે અહીં રહે.' એમ સમજી, અમૃત સમાન મધુર વાણીથી રાજાએ સમયોચિત જણાવ્યું કે—' હે ગૌરાંગી ! એમ શા માટે બોલે છે ?' ત્યારે રાજસુતા ચિંત-વવા લાગી કે—' મારા ભાગ્યયોગે દુર્વાક્ય તજીને આજે એ અમૃત સમાન મૃદુ બોલે છે.' પછી રાજપુત્રી તેજ આ પોતે છે, એમ સમ-જીને તે ત્યાં જ રહી. એટલે રાજાએ મૃદુ વચનથી તેને રંજિત કરીને રમાડી. એવામાં રાતના પાછલે પંહોરે પેલો બહાર રહેલ પુરૂષ રાહ જોઇને થાકયો અને ટાઢથી પણ ખૂબ પીડાયો. ત્યાં વિચારવા લાગ્યો કે—' કંઈ પણ કારણને લીધા તે પ્રાણવલ્લભા આવી નહિ. માટે હવે ઘરે જઇ, આહાર પચાવવા નિદ્રા કરૂં.' એમ ધારી તેણે ઘરના દ્વારે આવતાં જોયું તો તે ( ભૂપ ) સાથે પલંગપર સુતેલી પ્રિયાને જોઈ. જેથી તેને ભારે કોપ જાગ્યો અને તેમને મારવાની મતિથી સંકલ્પ કરતો તે રાજા પાસે જઈ અંજલિ જોડીને વિનવવા લાગ્યો કે—' હે નાથ ! તમે મારો નિગ્રહ કરો કારણકે પાછળથી પણ

તમે તો મને બાંધવાના જ છો.' રાજા બોલ્યો—' તેં અપરાધ શો કર્યો છે ? અપરાધ વિના અમે કોઇનો નિગ્રહ કરતા નથી.' ત્યારે કૃત્રિમ કંપથી ધ્રુજતો તે બોલ્યો કે—' હે સ્વામિન્ ! તમારી પુત્રી મારા ઘરમાં સુતી છે, અને તેણીની પાસે એક પુરૂષ સુતો છે. હું તો અત્યારે ખેતરથી ઘરે આવ્યો, એટલે મેં મારા ઘરમાં તેમને જોયા. નહિ તો અન્ય કોઈ આવીને નિશ્ચયથી એ વાત તમને સંભળાવે, તો મેં જ પ્રથમ કહી, હવે આપને ભાસે, તેમ કરો.' એમ સાંભળતાં રાજા તરતજ ક્રોધથી ધમધમાયમાન થતાં, તેણે સુભટોને આજ્ઞા કરી કે—' જાઓ, તે બંનેને મારો.' એટલે પેલા પુરૂષ સાથે તેઓ ત્યાં ગયા અને તરતજ તે ઘરને વીંટી લીધું ત્યાં મદનસુંદર રાજા ' આ શું ' એમ ચમકી જાગી ઉઠયો અને જોયું તો બારણાના છિદ્રમાંથી તેણે ઘણા સુભટો બહાર ઘેરો ઘાલી બેઠેલા જોયા તેવામાં સૂર્યોદય થતાં બધું દૃષ્ટિગોચર થયું, ત્યારે રાજસુતાએ મન્મથ સમાન રાજાને જોયો, અને વિચાર કર્યો કે—' પ્રથમ મનથી જે મેં જાણ્યો હતો, તે પુરૂષ તો આ નહિ. પણ અત્યારે દૃષ્ટિએ જોતાં—જાણુતાં એ પુરૂષ કોણ હશે ? પરંતુ આ રૂપસંપત્તિથી અનુમાન થાય છે કે એ કોઈ સામાન્ય પુરૂષ નથી, એ સુલક્ષણોથી તો આ રાજા કે દેવ હોવો જોઇએ.' વળી રાજાએ સંપૂર્ણ રૂપ સંપદાએ યુક્ત તે રાજસુતાને જોતાં તેને ભારે સંતોષ થયો, કે આ મારી પ્રિયા થઈ. એણીના કારણે જો મને મોત આવે, તો ભલે, મનને ગમ્યું, તેની ખાતર જીવિત જાય, તો ખેદ શો ? ' તેવામાં રાજસુતાએ બહાર સુભટો જોયા અને તેમને ઓળખી પણ લીધા. પછી તેણે પોતાના પ્રિયને કહ્યું કે—' મારા પિતાએ તમને મારવા માટે આ સુભટો મોકલ્યા છે, માટે તમારી ગતિ તે મારી ગતિ. તમને ઉચિત લાગે, તેમ કરો.' રાજાએ વિચાર કર્યો કે— ' અસ્થાને મને મરણ આવ્યું, હું શૂરવીર છતાં શસ્ત્રરહિત એકલો

શું કરૂં ? પરિવાર તો દૂર રહો, પરંતુ એક આયુધ પણ મારી પાસે નથી. અરે ! આ સ્થિતિને ધિક્કાર પડો, પુણ્ય-ફળ મેં જોઈ લીધું.' એમ જેટલામાં તે વિચારે છે, તેટલામાં સુભટોએ હાક મારી, જેથી સંભ્રાંત થતાં રાજાની દૃષ્ટિ ઘરના મધ્ય ભાગમાં ગઇ, ત્યાં પુણ્યયોગે એક સ્થાને ધનુષ્ય અને બાણુથી ભરેલ ભાથું જોતાં તે બોલી ઉઠયો કે—' હું હવે કોનાથી પણ ભય નથી, આ આયુધ મને હાથ લાગ્યું.' એમ કહેતાં તરતજ તેણે ધનુષ્ય ચડાવ્યું, અને ભાથું બાંધી, કમાડ ઉઘાડી, ધનુષ્ય ખેંચીને દ્વારસન્મુખ તે ઉભો રહ્યો. એમ પૂર્ણ પુણ્યશાળી તે સામે આવતાં, વિધાતાના પ્રહાર વિના સુભટો બધા દૂર ભાગી ગયા. જેના માથે છત્ર જુએ, તેને દૂરથી રાજા બાણ મારે, એટલે તે બાણો જાણે દાસ હોય તેમ રાજાનો આદેશ બજાવતા. પછી તે વૃત્તાંત કીર્ત્તિવર્મા રાજાને કહેવામાં આવતાં, તેણે બીજા રાજપુત્રોને મોકલ્યા. ત્યાં તેણે તેમને પણ ઘાયલ કર્યા. એટલે બધા આશ્ચર્ય પામ્યા કે—' અહો ! આ બધા રાજપુત્રોને એકલાએ ઘાયલ કર્યા.' એ વાત કીર્ત્તિવર્માએ સાંભળતાં, તેનું શૂરાતન જોઇ, મનમાં વિસ્મય પામતાં તે પોતે હાથીપર બેસી, સર્વ સામંતો તથા સુભટો સહિત રાજા પોતે આવ્યો. ત્યારે મદનસુંદર રાજા જેટલામાં બાણ ચલાવવા જાય છે, તેટલામાં રાજસુતાએ ' મા, મા, ' એમ સંભ્રાત થઈ તેને અટકાવતાં કહ્યું કે— ' એતો કીર્ત્તિવર્મા નામે મારો પિતા છે, તો એનું વલણ જોઈને તમે જે કરવા યોગ્ય હોય તે કરજો. ' તેવામાં કીર્ત્તિવર્માએ તેને જોતાં, રોષ-દોષ ઉપશાંત થતાં જામાતા-જમાઇની મમતા લાવી, હાથમાં ખડગ લઇ, સર્વથા વશીભૂત થઇ, તેણે પ્રથમ દૂત મોકલી, મદનસુંદરને કહેવરાવ્યું કે—' તમે બાણ મૂકી, ભીતિ ન લાવો. ' એમ કહેવરાવી કીર્ત્તિવર્મા પોતે, જ્યાં મદનસુંદર તેની પુત્રી સહિત છે, તેના પુણ્યથી જાણે આકર્ષાયો હોય તેમ ત્યાં આવ્યો. તેનું

રૂપ, શૂરાતન પ્રમુખ જોતાં, તેણે નિશ્ચય કર્યો કે—' આ કન્યાને એ વર ઉચિત છે અને એને આ કન્યા યોગ્ય છે. સમાનરૂપ અને ગુણ એ બંનેના સુંદર જોઈ, રાજાએ તે વધૂ–વરને બહુ જ યોગ્ય જાણી, તેણે વિચાર કર્યો કે—' મારા મનનો ઉત્સાહ પણ ભારે છે, તેથી પરણાવનાર હું પોતે જ બ્રાહ્મણ અને આ ઘર તેજ વેદિગૃહ. ' એમ ધારી, અંજલિ જોડી, રાજાએ પોતે ગાંધર્વ વિવાહથી તે કન્યા મદનસુંદર આપતાં, તે પણ ઉત્સાહથી તેને પરણ્યો. પછી કીર્ત્તિવર્મા રાજાએ વિચાર કર્યો કે—' મારે સંતતિ નથી અને વૃદ્ધતા પ્રાપ્ત થઇ, તો એ જમાઇને રાજ્ય આપી, હું વનમાં તપ આદરૂં. કારણકે વૃદ્ધ રાજાઓનો એ પ્રશસ્ત માર્ગ છે. વળી એ શૂરવીર અને પ્રતાપી હોવાથી સમર્થ પણ છે. તેમજ પ્રાણવલ્લભ પુત્રીને એ સંમત–માન્ય પણ છે. ' એમ નિશ્ચય કરી, કીર્ત્તિવર્મા રાજાએ પોતે ભારે પ્રમોદથી બધા લોકો સમક્ષ પોતાના જમાઇ મદનસુંદરને રાજ્ય આપ્યું; અને મંત્રીઓને શિખામણ દેતાં જણાવ્યું કે—' હવે આ મદનસુંદર તમારો સ્વામી છે, માટે એની સેવા કરજો. ' એમ કહી, તે વનમાં ચાલ્યો ગયો. અહીં મંત્રીઓએ મળી, મદનસુંદરનો રાજ્યાભિષેક કર્યો. એટલે રાજ્ય ચલાવતાં તેણે પોતાની આજ્ઞાથી બીજા રાજાઓને પણ નમાવ્યા અને તે નીતિથી રાજ્ય પાળવા લાગ્યો. એમ પોતાના મનમાં પુણ્યનો આવો પ્રભાવ જોઇ–જાણીને પ્રત્યય થવાથી તે અધિક અધિક પુણ્ય આચરવા લાગ્યો. પછી મુખ્ય મંત્રીઓને રાજ્ય ભળાવી, પોતે સૌભાગ્યસુંદરી તથા રાજવર્ગ સહિત, સાધન–સામગ્રી સંપૂર્ણ લઇ, દિવારમ્ય પાટણથી મનોરમા નગરી ભણી શીઘ્ર ચાલ્યો, અને આગળ જતાં એક વખતે ભિક્ષુવેળા થતાં, અરણ્યમાંથી કોઇ મુનિ, યૌવનસ્થ છતાં કષાય અને ઇંદ્રિયોને જીતનાર, નિરીહ તથા નિર્મમ તે માસખમણને પારણે રાજસે-

નામાં ભમતાં રાજાના તંબુમાં આવ્યા. અત્યંત રૂપવાન્ તે સાધુને જોતાં વિસ્મયથી સૌભાગ્યસુંદરી વિચારવા લાગી કે—' અહો ? આવું અદ્ભુત રૂપ અને આવી ક્ષમા.' એમ ધારી, ઉઠીને આહાર આપતી તે મુગ્ધાએ સાધુને સ્હેજ હસતાં કહ્યું કે—' સવેળામાં તમે અસૂરૂં કેમ કર્યું ? ' તેનો અર્થ સમજી, સાધુ જિતેંદ્રિય છતાં બોલ્યા કે—' હે મહાભાગે ! હું જાણું છું, છતાં નિશ્ચયથી જાણતો નથી.' એમ કહી કલ્પનીય આહાર તથા ધોવણ લઇ, તે સાધુ યથાસ્થાને ચાલ્યા ગયા. પાછળથી સૌભાગ્યસુંદરી સાધુ–વાણીનો ભાવાર્થ ન જાણતાં, તે પદો વારંવાર બુદ્ધિથી મનમાં ચિંતવવા લાગી, પણ ભાવાર્થ ન પામતાં, તે પદો તેણે પોતાના પતિને કહી, ભાવાર્થ પૂછયો, અને તેણે મંત્રીઓને પૂછયું. એટલે મંત્રીઓ પણ વિચારતાં સમજી ન શકયા. જેથી રાજા મંત્રીઓ અને સૌભાગ્યસુંદરી સહિત, મુનિપાસે ગયો. ત્યાં ત્રણ પ્રદક્ષિણાપૂર્વક તેમણે મુનિને વંદતાં; મુનિએ કાયોત્સર્ગ પારી તેમને ધર્મલાભ આપી તેમના અનુગ્રહાર્થે ધર્મદેશના સંભળાવતાં કહ્યું કે—

" હે ભવ્યજનો ! જીવોને દુષ્ટકર્મો વારંવાર આમતેમ સંસારમાં અનેક કાલચક્ર પર્યંત ભમાવે છે. અનેક લક્ષ યોનિરૂપ કાચબાના ગ્રસનવડે દુઃખિત અને કૃષ્ણ પ્રમુખ લેશ્યારૂપ અતિશય સેવાલયુક્ત, ક્રોધરૂપ વડવાનલવડે તપ્ત; રાગરૂપ કાદવમાં નિમગ્ન, મિથ્યાત્વરૂપ મહામત્સ્યવડે ભય પામેલ; મલિન–કલેશરૂપ પાણીમાં ડૂબેલ એવા પ્રાણીઓને અપાર ભવસાગરમાં આ મનુષ્યત્વરૂપ યાનપાત્ર કે જે વિશાલ કુળ, જાતિરૂપ પાટીયાવડે મજબૂત કરેલ, તે ખરેખર! અતિ દુર્લભ જ છે. તે પ્રાપ્ત થયા છતાં શ્રેષ્ઠ કર્ણધાર વિના ત્યાંજ બૂડતાં, તેને નિવારવાને કોણ સમર્થ છે ? ભવસમુદ્રના કર્ણધારો બે પ્રકારના છે તેમાં કેટલાક માર્ગમૂઢ, કુતીર્થ પ્રત્યે પ્રયાણ કરનારા અને બીજા અપાયથી બચાવવા સમર્થ ભવ સમુ-

દ્રમાં દ્વીપાંતરો પ્રત્યે શંબલ આપવાથી પ્રગટ મહિમાવાળા તો બરાબર પરીક્ષા કર્યા વિના પૂર્વોક્ત કુદર્શની કર્ણધારોનાં વચને જીવ મનુષ્યત્વ-યાને પાત્રને સુમાર્ગે લાવ્યા વિના પોતે પીડા પામે. ત્યાં માનરૂપ મીન, મત્સરરૂપ મગર માયારૂપ ચિત્રલતાના ગહન-વનમાં અત્યંત ખુંચી જતાં, લોભરૂપ મહાપર્વતના મોટા નિતંબમાં અથડાઇ જર્જરિત થતાં, અતિ પ્રબલ કામકલ્લોલના આવર્ત્તમાં પડતાં, મોહ-મહાગિરિની ગુફાના :અંતરાલ-વાસી, દુર્નિવાર્ય અને પાછળ લાગેલા ઇંદ્રિયરૂપ ચોરોથી લુંટાતાં, રૌદ્રધ્યાનરૂપ. શબર-ભીલરાજાએ પરાભવ પમાડતાં, વિષયરૂપ સેંકડો મહાવિષધરોથી વીંટાતાં, ઇત્યાદિ અનેકવિધ અપાય-હોનારતમાં પડતાં તે મનુજત્વ-નાવને તે મૂઢ કર્ણધારો બચાવવાને સમર્થ થઇ શકતા નથી. તે ફુટતાં જીવ ફરી પણ સંસારસાગરમાં પડે છે અને અનંતકાયાદિકમાં અનેક દુઃખો સહે છે. માટે કુતીર્થ પ્રત્યે ગમન કરતા કુકર્ણધારોને શીઘ્ર તજી, બરાબર પારખીને સુકર્ણધારોને અનુસરો. તે ત્રણે જગતમાં પ્રગટ મહિમાવાળા પંચ પરમેષ્ઠી, સંસાર-સાગરમાંથી તારવાને કર્ણધાર-નાવિક સમાન છે. વળી એ પંચ પરમેષ્ઠી, અનેક કષ્ટોથી બચાવી, જીવને અવ્યાબાધ માર્ગે સુચારિત્રરૂપ દ્વીપમાં લઈ જાય છે. ત્યાં પણ સર્વ સાવદ્ય-વિરતિ નામે ઉંચા પર્વતપર તેઓ લઈ જઇને એ દેહરૂપ નાવમાં પંચ મહાવ્રતરૂપ રત્નો ભરે છે, જે મહાવ્રતરૂપ રત્નો હાથમાં આવતાં, ત્રણે ભુવનમાં કંઈ અસાધ્ય જ નથી. ઉત્કૃષ્ટ મુક્તિ—પુરી પણ તરત નિકટ થાય છે. તે પર્વતપર દશવિધ મુનિધર્મરૂપ વૃક્ષો છે કે જે અઢાર હજાર શીલાંગરૂપ ફળો આપે છે. તેના પણ અગ્રભાગે કેવળ જ્ઞાનરૂપ શિખરપર કેટલાક દિવસ વિસામો લઇ, તેના અગ્રે નિર્વાણ નગરી છે, કે જે સંસાર-સાગરના તીરે રહેલ છે. ત્યાં મનુષ્યત્વરૂપ યાનપાત્ર જીવને મૂકી આવે છે; ત્યાં જન્મ, જરા કે મરણ નથી,

ક્ષુધા, પિપાસા, રાગ, રોષ કે રોગ નથી, ભય, શોક, વ્યામોહ કે મદ નથી, ચિંતા, ખેદ, ભેદ, વિષાદ કે નિંદા નથી, ક્ષણભર અરતિ નથી, પરંતુ અમંદ આનંદરૂપ અમૃત–રસવડે પૂર્ણ. અક્ષય સુખ–સ્વરૂપ, નિરંજન, સ્થિરાત્મા જીવ રત્નદીપ સમાન સદા દેદીપ્યમાન છે, અને લોકાલોકમાં રહેલ સમસ્ત પ્રશસ્ત વસ્તુના વિસ્તારને પ્રકાશતાં અખંડિત પ્રસારપણે આત્મા સદા ત્યાં વર્તે છે. માટે હે ભવ્યો ! તમે પણ તેમાં જ સદા પ્રયત્ન કરો અને ધન, સર્વ રાજ્ય, ભાર્યા પ્રમુખ સંસારને અસાર સમજી લ્યો. ” તેવામાં મદનસુંદર રાજાએ ભક્તિપૂર્વક મુનિને પૂછયું કે—‘ હે મહાત્મન્ ! જાણું છું અને જાણતો નથી–એ પદનો અર્થ શો ? ’ મુંનિબોલ્યા–‘ મને યુવાન જોઇ, તારી ભાર્યાએ પૂછયું કે—‘ હે મુનિવર ! તમે સવેળામાં અસૂરૂં કેમ કર્યું ? ’ ત્યારે મેં એનો ભાવાર્થ સમજી લીધો કે વૃદ્ધપણાને ઉચિત વ્રત અત્યારે કેમ ગ્રહણ કર્યું—તે પ્રશ્નનો આ પરમાર્થ છે કે જન્મેલાને મરણ તો અવશ્ય છે, એટલું હું જાણું છું, પણ તે કયારે થશે, તે નિશ્ચય જાણતો નથી. એવા સંશયને લીધે મેં વ્રત સ્વીકાર્યું. જો લાંબો કાળ જીવિત હશે, તો કર્મની નિર્જરા થશે અને જિનદીક્ષામાં વર્ત્તતાં મરણ પણ શ્રેય–સુખરૂપ જ છે. ’ એ ઉત્તર સાંભળતાં રાજાએ સૌભાગ્યમંજરી સહિત, સાધુ પાસે શ્રાવક–વ્રતો લીધાં. પછી મુનિને નમી મદનસુંદર આવાસમાં આવ્યો અને અખંડ પ્રયાણે મનોરમા નગરીમાં આવ્યો. ત્યાં મોટા આડંબરથી સૌભાગ્યસુંદરી સહિત તેણે પ્રવેશ કર્યો અને ધવલ ગૃહમાં જઇ, મંત્રી વિગેરેને જણાવ્યું કે—‘ પોતાનું રાજ્ય તજી, દેશાંતર એકાકી જતાં, ત્યાં પણ પુણ્યના પ્રગટ પ્રભાવથી રાજ્ય પ્રાપ્ત થયું. માટે સંસારી જીવોએ પુણ્યને માટે સદા પ્રયત્ન કરવો. પુણ્ય વિના જીવ આ લોક કે પરલોકમાં સુખી થઇ શકતો નથી. ”

## દાનાદિકથી પુણ્ય નહિં ઉપાર્જન કરવા ઉપર મંગલની કથા.

વળી દાનાદિકથી જે સંસારમાં પુણ્ય ઉપાર્જન કરતો નથી. તે મંગલની જેમ અનેક વ્યવસાય કર્યા છતાં સીદાય છે.તે કથા આ પ્રમાણે છે—

આ ભરતક્ષેત્રમાં **સુમંગલા** નામે રમ્યનગરી કે જેમાં લોકો વિવેકપૂર્વકજ વ્યવહાર ચલાવે છે. ત્યાં સુકૃતશાળી **ધનસાર** નામે એક મોટો શેઠ કે જેને હરિને લક્ષ્મીની જેમ **સુશીલા** નામે ભાર્યા હતી. વળી તે નગરમાં એક યક્ષ કે જે **પરીક્ષ** એવા નામે પ્રગટ પ્રભાવી હતો. તે નગરમાં બાળક જન્મતાં તેને તરતજ લોકો લઇને યક્ષ આગળ મૂકતા, જેથી બાળકના પુણ્ય કે અપુણ્ય જાણવામાં આવી જતાં. જો બાળક પુણ્યશાળી હોય, તો યક્ષના હાથમાં રહેલ જળકળશમાંથી તરતમતાએ તેનાપર તરત પાણી ઝરતું અને અપુણ્યવાન્ હોય, તો યક્ષ પાસે બળતા દીવામાંથી બાળકના કપાળે તપ્ત બિંદુ પડતાં, અપુણ્યના લાંછનરૂપ તિલકની નિશાની થઇ રહેતી, જેથી તેને વ્યવહારમાં વિવાહ કે અન્ય મંગલ-કાર્યમાં લોકો તજી દેતા. એવામાં ધનસાર શેઠની ભાર્યાને પુત્ર જન્મતાં તેને યક્ષ પાસે મૂકવામાં આવતાં, દીવામાંથી તેલ-બિંદુ તેના શિરે પડતાં તિલક થયો. પછી ધનસાર તેને ઘરે લઈ જઇને વિચારવા લાગ્યો કે—' અહો ! મારા પુત્રને કેવું અણજુગતું થયું ? પુણ્યોદયથી પુત્રનો જન્મ થયા છતાં, તે અપુણ્ય નીવડયો. તેથી એના જીવતાં લોકોમાં અમને તો પરાભવ જ થવાનો. અમને અપુણ્યવંત સમજી દેશાચાર પ્રમાણે રાજાના આદેશથી પોતાના ઘરમાં રહેવા ન દેતાં, લોકો અપુણ્ય-ગામમાં મોકલશે, અને ત્યાં જતાં પણ અને પાલન કરતાં પણ એ દુઃખે

વૃદ્ધિ પામશે. તેમજ પુણ્યહીન હોવાથી એ દરિદ્ર બની દુઃખે જીવી શકશે. માટે હવે તેવો ઈલાજ કરૂં કે તે અહીં દુઃખ ન પામે.' એમ ધારી પાપી પિતાએ તેને કુવામાં નાખી દીધો. તેવામાં કૂવામાં વસતી વ્યંતરીએ તે બાળકને ઝીલી લીધો અને યક્ષની ચેષ્ટા જાણી, તેણે એવો સંકલ્પ કર્યો કે—'જો યક્ષે એને અપુણ્ય કર્યો છે, તો મારે એને રાજ્ય અપાવવું.' એમ ધારી તે વ્યંતરીએ અવધિજ્ઞાન પ્રયુંજતા તેણે જોયું કે—રત્નપુરમાં **વિજય** રાજાની રાણી કંચનમાલાની તે વખતે સુવાવડ થઇ હતી, એટલે નિમેષમાત્રમાં વ્યંતરીએ તે બાળકને ત્યાં લઇ જઇને મૂકયો કે જ્યાં રાણીએ એક પુત્રીને જન્મ આપ્યો હતો. એવામાં સુયાણીએ એ બાળક દીઠો અને પેલી જન્મેલ પુત્રી જોતાં, મોહથી તે કહેવા લાગી કે—'રાણીને જોડલું જન્મ્યું. તેમાં એક પુત્ર અને એક પુત્રી.' એટલે દાસીઓએ એ વચન સાંભળતાં રાજા પાસે વધામણી માગી. ત્યારે રાજા પણ તરતજ ડાબી આંખ ફરકતાં શંકા પામ્યો. ત્યાં એકદમ તાવ ચડી આવ્યો અને શરીરે ભારે તેને દાહ થવા લાગ્યો. એ વ્યતિકર રાણીના જાણવામાં આવતાં તે જરા ખેદ પામી અને રાતે તરતજ તે બાળકને પ્રથમ કયાંક તજાવી દીધો તે તજાવવામાત્રમાં રાજા તરત સાજો થયો અને તેણે આવીને કહ્યું કે—'સુપુત્રનું મુખ જોઉં.' રાણીએ જણાવ્યું—'હે સ્વામિન્! તે મૃત બાળક જન્મેલ હોવાથી તેને બહાર તજાવી દીધો તો હવે જોવાથી શું?' આવા જવાબથી રાણીએ રાજાને નિવૃત્ત કર્યો, તે બાળક તજી દેતાં રાણીને તેનાપર લેશપણ સ્નેહ ન થયો. હવે રાતે તે બાળકને હાલિકની ભાર્યાએ જોતાં, જાણે પોતે જન્મ આપ્યો હોય, તેમ લાવીને તેનું **મંગલ** એવું નામ પાડયું. પછી તે મોટો થતાં બળદ ચારવા લાગ્યો. એવામાં અકસ્માત્ રોગ વિના હાલિક મરણ પામ્યો. એટલે હાલિણીએ તેને કહ્યું કે—'હે વત્સ!

મહાદુઃખે મેં તને જન્મ આપ્યો છે, તો હવે મારૂં પાલન કર. તારા વિના મારો અન્ય આધાર નથી.' આથી તે ખેતી કરતો, પોતે હળ ખેડતો અને રાતે બળદ ચારતો તેમજ સદા દુઃખિત થતો ઘેંસનું ભોજન કરતો. તેના અપુણ્યને લીધે ખેતરમાં કયાં ધાન્ય ન થયું. એથી અન્ય વ્યવસાય કરતાં પણ તેને કંઈ ફળ ન મળ્યું. એમ બધા વ્યવસાય નિષ્ફળ થવાથી તે નગરમાં મજુર થઈ, ભાડે ભાર ઉપાડવા લાગ્યો. એકદા તેને એક શેઠે બોલાવી ભાડું ઠરાવીને એક ઘૃતકુંભ–ઘડો આપ્યો, તે માથે લઈ મંગલ શેઠની પાછળ પાછળ જવા લાગ્યો. જતાં જતાં મંગલ ચિંતવવા લાગ્યો કે—" આ ભાડાનાં દ્રવ્યથી અવશ્ય મારે બોર લેવાં. તે ધાન્યના મોટા ખળામાં વેચી ઘણું ધન પેદા કરીશ. તે દ્રવ્યથી દાળીયા ગાજર અને બોર પ્રમુખ લઈ વેચતાં અવશ્ય ઘણો લાભ મેળવીશ, ત્યાં બીજા કોઇ વાણીયાના બોર પ્રમુખ લેશે પણ નહિં. પછી ગાજર કે. બોરનું કામ લજ્જાકારી જાણી, તજી દઇને હું ચણા, દાળીયાની દુકાન મોટા માર્ગે માંડીશ. જેથી ઓચ્છવ થતાં ઘણા ગ્રામ્ય લોકો અહીં જોવા આવશે, તેઓ પણ બીજા હાટ મૂકી, સસ્તું આપનાર અને ' આવો, આવજો ' વિગેરે મધુર વચન બોલનાર એવા મારા હાટેજ ચણા પ્રમુખ લેશે. મારા હાટે અનેક કરીયાણાં રાખતાં, તે વેચવાથી બહુ ધન વધારી મૂકીશ. પછી ચણા, દાળીયા પ્રમુખના વેપારથી લજ્જા પામતાં હું અનાજનો વેપાર કરવા દાણાની દુકાન માંડીશ. ત્યાં મારા હાટે રાજલોકોનું વલણ થશે. એટલે ક્રય–વિક્રય કરતાં તંબોલાદિકથી તેમને રાજી કરીને હું યથેચ્છ લાભ મેળવીશ. વળી તે ધાન્યની દુકાને પણ દાળ દળાવવી, ધાન્ય, ઘૃતાદિ તોલવાના કષ્ટને મૂકીને હું ગાંધીની દુકાન માંડીશ. ત્યાં અલ્પ દ્રવ્યે લીધેલ કરીયાણાં મોટા ભાવે વેચતાં એટલું ધન વધી પડશે કે તે ઘરમાં પણ સમાશે નહિ.

છતાં તેમાં હીંગ, લસણના ગંધથી ખેદ પામતાં, તે ધંધો તજી, સુખ સાધ્ય દોસી–વણિકની દુકાન માંડીશ. એટલે દિવ્ય અને મહા કીંમતી વસ્ત્રો મારા હાટે રહેશે, બીજા કોઈ પાસે નહિ. જેથી મહામૂલ્ય વસ્તુ મારી દુકાને મળતા, રાજી થતા નાગરિક લોકો, અમાત્ય, માંડલિક પ્રમુખ પ્રધાન રાજવર્ગ મારા હાટે વસ્ત્રો ખરીદતાં, કોઈવાર રાજા પાસે તેઓ મારી પ્રશંસા કરશે. ત્યારે ઉચિત ભેટ ધરતાં મને રાજા બોલાવશે કે–' તારેજ મૂલ્ય લઇને મને દિવ્ય વસ્ત્રો આપવાં. ' એમ રાજકુલમાં પ્રસિદ્ધ પામતાં હું નગર, ગામ કે દેશાંતરમાં વાણોતર મોકલી સર્વત્ર વેપાર ચલાવીશ, અને કોટિ પ્રમાણ ધન પેદા કરી, નગરમાં સુસ્થાને હું ધવલ ગૃહ કરાવીશ, તથા ઇભ્યકન્યાઓ પરણીશ, પછી પ્રતિવર્ષે નવનવી બાંધણીનાં રમ્ય, દિવ્ય વસ્ત્રો આપતાં, રાજા મારાપર સંતુષ્ટ થઇ, મને નગરશેઠની પદવી આપશે. અને જ્યારે ઓચ્છવમાં રાજા રયવાડીએ ચડશે, ત્યારે નગરશેઠના પદને ઉચિત હાથી મને મોકલાવશે એટલે મહાવત–વર્ગને યોગ્ય વસ્ત્રો આપી, સન્માનની, દિવ્ય વસ્ત્રાભરણ પહેરી હું હાથીના સ્કંધે બેસીશ. ત્યાં મસ્ત હાથી, અંકુશ મારતાં કુંભ સ્થલ ધૂણાવશે. એમ ચિંતવતાં મંગલે સત્ય માની, જાણે અનુભવ થયો હોય, તેમ પોતાનું શિર ધૂણાવતાં મસ્તક પરથી ઘીનો ઘડો પડયો અને તડતડાટ દઈ ફુટી ગયો. એમ ઘૃત ઢોળાઇ જતાં ભૂમિ જાણે તરસી હોય તેમ ઘૃત બધું પી ગઈ. એટલે શેઠે સંભ્રમથી કહ્યું કે—' અરે ! દુષ્ટ ! પાપિષ્ઠ ' આ મારો :ઘડો તેં કેમ ફોડી નાખ્યો ? ' એમ કોપથી તેણે પૂછતાં, મંગલે કંપતાં કંપતાં કહ્યું કે—' અરે ! એ કુંભ મેં નથી ભાંગ્યો, પણ હાથીએ ભાંગ્યો, ' ત્યાં વિશેષ કોપાયમાન થતાં શેઠ બોલ્યો—' અરે ! ખોટા બોલા ! અહીં હાથી કયાં છે ? ત્યારે મંગલે ચિંતવેલ વૃત્તાંત બધો કહી

સંભાળાવ્યો. જે સાંભળતાં શેઠે વિચાર કર્યો કે—' આ મજુરના મનોરથો તો ઘણા છે, અને તે પ્રમાણે એના પુણ્ય વધતાં હોવાં જોઇએ, માટે એને મારો વાણોતર બનાવું. ' એમ ધારી તે મંગલને પોતાના ઘરે લઇ ગયો અને ભોજન કરાવી, તેણે તેને રાજી કર્યો. પછી બહુ ધન આપીને શેઠે તેને **સુમંગલા** નગરીમાં મોકલ્યો. ત્યાં જતાં અધવચ માર્ગમાં એક વડ નીચે જુગાર રમતા ચાર પુરૂષને તેણે જોયા. તેમની પાસેથી નીકળતાં મંગલે સુવર્ણ, મોતી અને રત્નોના ઢગ જોયા. ત્યાં તે પુરૂષોએ પોતાના લોભને લીધે મંગલને કહેતાં, તે ત્યાં રમવા બેઠો અને પહેલાજ દાવમાં મંગલ એક મહામૂલ્ય હાર જીત્યો. એટલે ભારે પ્રમોદ પામતાં ઉઠીને તે પોતાના માર્ગે ચડયા અને સુમંગલા નગરીની બહાર એક વાવમાં હાથ પગ ધોઇ, શેઠે આપેલાં વસ્ત્રો અને તે હાર પહેરીને મંગલ નગરીમાં પેઠો. તેવામાં સામે આવતા રાજકુમારે ' આ હાર તો મારો છે, એમ ઓળખી તેને પૂછતાં, ક્ષોભ પામવાથી મંગલ બરાબર જવાબ આપી ન શકયો. જેથી કુમારે તેનું બધું ધન લુંટી, ' આ ચોર છે ' એમ સમજી, તેના અપુણ્યના પ્રભાવે વિચાર કર્યા વિના પેલા પરીક્ષ યક્ષના દેવલ નજીક રહેલ શૂલિપર ચડાવવામાં આવતાં મંગલ આર્ત્તધ્યાનથી બરાડા પાડી, મરીને ભૂતપણે ઉપન્યો. માટે અપુણ્ય–અભાગ્યથી સંપત્તિ, સ્વજન, સન્માન પ્રમુખ દૂર થાય છે, જીવોની મનોવાંછાનો વિચ્છેદ થાય છે, તો વિકથા, કષાય, રાગ, દ્વેષાદિક તજી, પુણ્ય–સંચય કરી સમ્યકૃત્વ ધારી, ભવ્યો અપુણ્યને દૂરથી જ પરાસ્ત કરે છે.

# વિનય ઉપર વિનીતની કથા.

હવે તેજવંતમાં સૂર્યની જેમ ગુણોમાં વિનય વખણાય છે, કે જેના ઉદયથી કર્મ-ગ્રહો બધા આચ્છાદિત થાય છે. મેઘથકી જળવૃદ્ધિની જેમ વિનયથી સર્વ સંપદાઓ અને કેવલ-લાભ પણ **વિનીત**ની જેમ પ્રાપ્ત થાય છે.

આકાશમાં સૂર્યની જેમ **ક્ષમા** નગરીમાં **શ્રીહર્ષ** નામે રાજા કે જે વૈરિ-સ્ત્રીઓનાં લોચનરૂપ કુમુદને સંકોચ પમાડવામાં વ્રતધારી હતો. ત્યાં પોતાના વાગ્દોષથી શ્રેષ્ઠિપદથી ભ્રષ્ટ થયેલ અને ખેતીવાડીથી જીવન ગાળનાર એવો **વિષવાક્ય** નામે શેઠ હતો. એકદા નોકરને યોગ્ય ભાત માથે લઇ વિષવાક્ય શેઠ ખેતર ભણી જતાં, માર્ગમાં એક રોતા બાલકને દયાથી કેડે ચડાવી, હાથે ખવરાવતાં ' તું કોણ છે? ' કોનો છે? એમ તેને પૂછતાં શેઠ ઘરે આવ્યો, ત્યાં અપત્યના અભાવે દીન બનેલ પોતાની પત્નીને તે બાળક તેણે સોંપતાં, તેણીએ સ્વાંગવત્ લાલન-પાલન કરતાં તે કલાવાન્ થઈ, યૌવન પામ્યો. ત્યાં વિષવાક્યના વચનથી દગ્ધ બનેલા લોકને પોતાના અમૃતતુલ્ય :વાક્યોથી શાંતિ પમાડતાં તે રાજાસુધી પ્રસિદ્ધ થયો. એટલે રાજાએ સંતુષ્ટ થઇ, વિનયના સ્થાનરૂપ એવા તે બાળકને **વિનીત** એવું નામ આપી, ફરી સનાથ શ્રેષ્ઠિપદે સ્થાપ્યો. એમ ગયેલ પિતૃપદ પુનઃ રાજાથી પ્રાપ્ત થતાં, સૂર્યોદયથી પદ્મની જેમ વિનીત શેઠ લક્ષ્મીનું પાત્ર બન્યો.

એવામાં એકદા દુષ્કાળથી સંપદા ક્ષીણ થતાં કોઈ વૃદ્ધ શેઠ, શેઠાણી અને તેમનો પુત્ર-ત્રણે વિનીત શેઠને ત્યાં કર્મકર થઇને રહ્યા. તેવામાં એક દિવસે ચંપા નગરીના રાજાને બલાત્કારથી પકડવા માટે નીકળેલા શ્રીહર્ષ રાજા સાથે વિનીત પેલા ત્રણે કર્મકર

સહિત ચાલ્યો. એટલે શ્રીહર્ષને આવતો જોઈ–જાણી, ચંપાપતિ સામે આવ્યો અને બંને સેનાનું પરસ્પર યુદ્ધ ચાલ્યું. તેમાં હાથીઓએ દંતાદંતી–દાંતવતી, રથિકોએ શરાશરિ–બાણો ચલાવી, પદાતિઓએ ખડગાખડગિ–તરવાર ખેંચીને અને અસવારોએ કુંતાકુંતિ–ભાલા ભોંકાવતાં યુદ્ધ કર્યું. તેવામાં દૈવયોગે ચંપાપતિના સૈન્યવડે શ્રીહર્ષ રાજાનું સૈન્ય ભંગાતાં, તેનું સૈન્ય જીવ લઈને ચોતરફ નાશી ગયું, આ વખતે પોતાના પદાતિઓ વિનીતને પણ મૂકીને ભાગી ગયા, પણ સુકૃતોવડે આત્માની જેમ તે કર્મકરોએ તેને તજ્યો નહિ. પછી તે એક દિશા પ્રત્યે ભાગતાં એક નદી આવતાં, તેમાં સ્નાન કરી, પાણી પીને તે પાળના વૃક્ષ નીચે બેઠો, એવામાં ભયભીત બનેલા એક મૃગ પાછળ દોડતા અસવારને જોઈ, દયા લાવી, વિનીત શેઠ વચમાં ઉભો રહ્યો. એટલે મૃગ દૂર ભાગી ગયેલ જાણી અસવારને ક્રોધાતુર જોઇ, વિનીત શેઠ કહેવા લાગ્યો કે—' તમારા જેવાએ દીનને મારવું, તે યુકત નથી. તારા લક્ષણોથી મને લાગે છે કે તું કોઈ ક્ષત્રિયોત્તમ રાજા છે. તો ક્ષત્રિયો શસ્ત્ર લઇ સામે થનારને શસ્ત્રઘાત કરે. ' ઇત્યાદિ વચનોથી વિનીત શેઠે પ્રતિબોધ પમાડતાં **પૃથિવીચંદ્ર** રાજાએ તત્ત્વ સમજીને શસ્ત્ર તજી દીધું. એટલે ' આ મારો ધર્મોપદેશક છે. ' એમ ધારી પ્રત્યુપકાર કરવા ઇચ્છતા રાજાએ **ક્ષમાતિલક** નગરમાં વિનીતને પ્રધાન બનાવ્યો. તેણે કીર્ત્તિની ઇચ્છાથી નગરીજનોને ન્યાયથી રંજિત કર્યા. પછી વિનીતે કર્મકરોને કહ્યું—' તમે ઇચ્છા મુજબ માગી લ્યો. ' તેમણે કહ્યું—' અમારે કાંઇ જોઇતું નથી. '

આ વખતે ચંપાસ્વામીએ ક્ષમાપુરી ભાંગતાં, વિષવાકય શેઠે વૈરાગ્યથી ગુરૂ પાસે દીક્ષા લીધી, અને તીવ્રતપ તથા આગમનો અભ્યાસ કરતાં તે વિષવાકય મુનિ અનુક્રમે ક્ષમાતિલક નગરમાં પધાર્યા. ત્યાં ગુરૂની આજ્ઞા લઈ માસખમણને પારણે તે પુણ્યાત્મા

નગરમાં ભમતાં, વિનીત અમાત્યના ઘરે આવ્યા. ત્યારે ' અહો ! આ તો આપણા સ્વામીના પિતા આવી સ્થિતિમાં કેમ છે ? ' એમ ઓળખતાં બધા કર્મકરોએ તેમને વંદના કરી. પછી તેમણે ઘણી વસ્તુ આપતાં પણ મુનિ લીધા વિના ચાલ્યા ગયા. ત્યાં વિનીત ઘરે આવતાં તેમણે પ્રમોદથી તેને વાત કહી. એટલે વિનીત તરતજ તેમના ઉપાશ્રયે ગયો અને વિષવાક્ય મુનિને જોતાં તે શોક અને પ્રમોદ પામ્યો. પછી ગુરૂને નમસ્કાર કરી તેણે પિતા-મુનિને વંદન કર્યું, અને ત્યાં ક્ષણભર રહી તે પોતાના ઘરે ગયો. એમ તે પ્રતિદિન આવવા લાગ્યો. એકદા ગુરૂને વિહાર કરતા જાણી વિનીતે કહ્યું કે—' હે ભગવન્ ! મારા પિતા મુનિને અહીંજ રહેવા દો કે જેમને જોવાથી મારૂં મન સદા આર્દ્ર રહે, ' ગુરૂ બોલ્યા—' હે મંત્રિન્ ! એ તારો જનક પિતા નથી, પણ પોષક છે. ' મંત્રીએ કહ્યું—' તો મારો પિતા કોણ ? ' ગુરૂએ જણાવ્યું—' તારા ઘરે વૃદ્ધ કર્મકર તે તારો પિતા અને કર્મકરી તારી માતા તથા યુવાન તે તારો ભાઈ-એ તારો કુટંબ સમજી લે. ' એટલે-' ગુરૂ અન્યથા ભાષી કદાપિ ન હોય ' એમ નિશ્ચય કરી, ગુરૂને નમી, નેત્ર અને મન આર્દ્ર કરતો તે પોતાના ઘરે આવ્યો. ત્યાં મેસથી મલિન વસ્ત્રયુક્ત તથા ધૂમથી સજલ નેત્રયુક્ત એવી કર્મકરીને પગે પડતાં, તેણે અન્ય જનોને વિસ્મય પમાડયો. એમ પગે લાગી વિનીતે કહ્યું કે—' હે માતા ! મેં મૂર્ખાએ અજ્ઞાનપણે તમને આવા કામમાં જોડી અત્યારે ગુરૂએ મુક્તિની જેમ તારી મને ઓળખાણ આપી અજાણતાં પણ તેં માર્ગમાં પુત્રની જેમ મારૂં પાલન કર્યું પણ અતિ કૃતઘ્ન મેં તને કર્મકરીના કામમાં નિયુક્ત કરી ! એ પ્રમાણે અશ્રુસહિત વિનીતે બોલતાં, તેણીના સ્તનમાંથી દુધ ઝર્યું. ત્યારે તે બોલી કે—' હે વત્સ ! લાંબા કાળે તું ઓળખવામાં આવ્યો. એમ કહી વૃદ્ધાએ તેને પોતાની છાતીએ ચાંપ્યો, અને કહ્યું કે—'

હા ! મને ધિક્કાર છે કે દુષ્કાળમાં તારૂં પોષણ ન કરી શકવાથી મેં પાપણીએ તને માર્ગમાં મૂકી દીધો. અહા ! મને કુમાતાને ધિક્કાર પડો. હે વત્સ ! તું પોતાના પુણ્યે પક્ષ–આધાર પામતાં અને અમૃત તુલ્ય વચનોથી કોયલની જેમ લોકોને આનંદ પમાડતાં પરમ લક્ષ્મી પામ્યો, પછી વિનય અને સ્નેહથી વિનીત પિતા તથા ભાઇના પગે પડતાં, તેમણે પોતાની છાતી સાથે દબાવી ભેટતાં તે અત્યંત આનંદ પામ્યો. તેમને વિનીતે પોતાના ઘરે પૂર્ણ અધિકારી કર્યા. ગૃહસ્થના ઘરે વૃદ્ધ તો પુણ્યને લીધેજ હોય. હવે માબાપની જેમ અન્ય લોકોનો પણ વચન–ક્રિયાથી યથોચિત વિનય સાચવતાં વિનીત ભારે ખ્યાતિ પામ્યો. તે વિનયવંતમાં દેવ, ગુરૂને વિષે વિનય ગુણવડે મુખ્યતા પામ્યો અને અગ્નિમાં રસ–પારાની જેમ તેના મનમાં ક્રૂરતા વાસ ન કરી શકી. સર્પવાળા ઘરની જેમ શમશાલી તેના ચિત્તમાં, પોતાના નાશને માટે ભય પામતા કષાયો ટકી ન શકયા. તે રાજ–વ્યાપારમાં વ્યગ્ર ઋદ્ધિવડે સદા મનોહર અને ગૃહસ્થપણામાં વર્ત્તતાં પણ ધર્મને બરાબર પાળવા લાગ્યો. કોઇવાર ઉપાશ્રયે સાધુઓને વંદન કરવા જતાં, એક ગ્લાન મુનિને જોઇ, શ્રદ્ધાસંપન્ન તે કહેવા લાગ્યો કે—' મારા ઘરે એક એવું શ્રેષ્ઠ ઔષધ છે કે જેથી એ રોગ દૂરજ થાય અને તે પ્રાસુક છે, માટે બે સાધુ મોકલી, તે ઔષધ તરત મગાવી લ્યો. એમ કહેતાં વિનીત સાધુ સાથે પોતાના ઘરે આવ્યો, ત્યાં સાધુઓને બહાર ઉભા રાખી પોતે ઘરમાં પેઠો. હવે તે દિવસે શ્રેષ્ઠિ કન્યા સાથે પોતાના વિવાહનો દિવસ હોવાથી પૂર્વે બધી તૈયારી કરી રાખી હતી, તે દિવસજ વિવાહને માટે અધિક ગુણકારી હતો. ત્યાં વિનીત વ્યગ્ર થતાં સાધુઓને ભૂલી ગયો. સાધુ પણ કંઇક રાહ જોયા પછી પોતાના ઉપાશ્રયે ચાલ્યા ગયા. અહીં વિવાહને યોગ્ય વસ્ત્રાલંકાર કરાવતાં લગ્ન–સમય આવ્યો, ત્યારે તે ઔષધ વિનીતને યાદ આવ્યું એટલે કંઇ

બાનુ બતાવી, એક મિત્રને સાથે પશ્ચાત્તાપ પૂર્વક ઔષધ લઇ વિનીત ઉપાશ્રયે ગયો. ત્યાં મુનિ ઘણા ગ્લાન અને રોગાર્ત્ત છે, છતાં તેમણે અન્ય ઔષધ લીધું ન હતું, તેમજ તે અત્યંત અશક્ત હોવાથી પ્રધાનને ખેદ થયો, વળી મુનિને પીડિત જોઇ, આંખમાં આંસુ લાવતાં, વિનીત પોતાના આત્માને નિંદતો મુનિને પગે પડયો. આ વખતે વિવાહ સમયને લીધે વસ્ત્રાલંકારથી અલંકૃત, તે મુનિને ત્રિવિધે ખમાવતાં, આત્મ-ધ્યાને ભાવનાનો વેગ વધતાં, ઘાતિકર્મનો ક્ષય થવાથી વિનીત મહાત્માને ઉજ્વળ કેવળ-જ્ઞાન ઉત્પન્ન થયું. એટલે અપ્રતિપાતી એ જ્ઞાનવડે લોકને જોતા વિનીતને દેવતાએ તરત ચારિત્ર-ચિન્હ આપ્યું. ત્યાં ભવસાગરમાં શિલા સમાન નારી તજી, વિનીત તેજ લગ્નના શુભ ક્ષણે સંયમ-લક્ષ્મીને પરણ્યો. માટે માણસોની વિનયમાં જે ઉજ્વળ બુદ્ધિ, તે આ લોકમાં પરમ આદર અને પરલોકમાં મોક્ષ આપે છે."

## વિનયહીનપણા ઉપર ભોગરાજની કથા.

પ્રથમ આત્માને વિનયમાં જોડવો, વિનયથી ગુણો પ્રાપ્ત થાય છે, ગુણોથી અર્થ—દ્રવ્ય, દ્રવ્યથી પુણ્ય અને તેથી મોક્ષ પમાય છે. જે પુરૂષ વિનયહીન છે, તે પ્રભુત્વ, સન્માન, લક્ષ્મી, કે સુખ, **ભોગરાજની** જેમ પામી શકતો નથી. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે—

**સ્વસ્તિનિધાન** નામે નગર કે જે ગુણ-સમૃદ્ધિ તથા જિન-મંદિરોની શ્રેણિવડે ભારે શોભે છે. ત્યાં: **જય** નામે રાજા કે જેની જયલક્ષ્મી અતિતીક્ષ્ણ, પાણીદાર એવી ચળકતી તરવારમાં કદિ ભિન્ન કે મગ્ન થઈ ન હતી. તેને **નાગાદિત્ય** નામે વાચાલ પ્રધાન

અને **નાગદેવી** તેની પત્નીએ **ભોગરાજ** નામના પુત્રને જન્મ આપ્યો. ભોગરાજ ખુની, દુર્વચની, વસ્તુભંજક અને ઉચ્છૃંખલ નીવડયો. તે માત્ર પોતાના કુટંબને નહિ, પણ બીજા બધાને ખેદ પમાડતો હતો. આથી પ્રધાને એક વિનયશીલ કલાચાર્યને તે સોંપ્યો. કારણ કે પિતાએ પુત્રોને બલાત્કારે પણ સુશિક્ષિત બનાવવા. આચાર્ય તેને સામે બેસારીને અર્થ–વિચાર શીખવતો પણ ભોગરાજ તે તરફ દુર્લક્ષ્ય દઇ, સાંભળતો નહિ અને આમતેમ જોયા કરતો. તે મંત્રિપુત્ર હોવાથી કલાચાર્ય તેને વધારે કહી શકતો નહિ, પણ મીઠા વચને કહેતો કે—' હે વત્સ ! તું બરાબર સાંભળ અને ચિંતન કર. ' તથાપિ બધિરની જેમ ન ગણકારતાં તે અન્યત્ર જોતો. ત્યારે આચાર્યે ફરી કહ્યું કે—' કેમ અન્યત્ર જુવે છે ? ' એટલે તે ધૃષ્ટતાથી નિર્ભય થઈ બોલ્યો કે—' હે ગુરૂ ! હું કૌતુક જોઉં છું. જુઓ આ છિદ્રમાંથી કીડીઓ અખંડ શ્રેણિથી જાણે એક તંતુએ બાંધેલ હોય તેમ અલગ ન થતાં ચાલી જાય છે અને સાથીયાનો આકાર પાડે છે. ' એમ સાંભળી જરા કોપ લાવી આચાર્યે કહ્યું—' અરે ! હું અર્થ કહું છું, માટે મારા મુખ સામે જો. ' ત્યારે તે એક દૃષ્ટિએ ગુરૂનું મુખ જોવા લાગ્યો, પણ ગુરૂએ જાણ્યું કે—' આ કાંઇ અન્ય ચિંતવે છે. ' એમ ધારી તેને જણાવ્યું કે— 'બીજું ચિંતવે છે અને મારા કથન પ્રત્યે લક્ષ્ય કેમ રાખતો નથી ?' ત્યાં ભોગરાજ જરા હસીને સ્પષ્ટાક્ષરે બોલ્યો—' તમે બોલતાં ગળાની નાડી કેટલા વખત તાડના પામી, તે પ્રત્યેક ગણતો રહું છું કે કેટલી છે. ' પછી આચાર્યે કોપથી કહ્યું કે—' મારા મુખ સામે જો, મનમાં અર્થનો વિચાર કર. મૂર્ખ ! નજર બીજે કયાં ન નાખ ! તેણે શૂન્યપણે મુખ પ્રત્યે જોતાં ગુરૂ બોલ્યા—' અરે ! શું જુવે છે અને મનમાં શું વિચારે છે ? ' તે બોલ્યો—' હે ગુરૂ ! જયારે તમે અર્થ કહો છો, ત્યારે મુખ પહોળું થતાં, તેમાં રહેલા

વિષમ-ઉન્નત દાંત જોઇ, મને વિચાર આવે છે કે તે ઉંચા નીચા દાંતોને આ પાષાણવતી ભાંગીને પાડી નાંખું ! આથી ઉપાધ્યાયે વધારે કોપ કરી કહ્યું કે—' અરે શઠ ! દુર્વિનીત ! તું અહીંથી ચાલ્યો જા. તને ભણાવતાં મળનાર ધનનું મારે પ્રયોજન નથી. ' ત્યારે મેઘના ગર્જારવથી મયૂરની જેમ ગુરૂના વચનથી સંતુષ્ટ થઈ, જાણે મનોરથ પૂરા થયા હોય તેમ તરતજ ઉઠીને રમવા ચાલ્યો ગયો. એમ ઉદ્ધત બનેલ તે કોઈકથી માર ખાતાં અને કોઇને મારતાં, દિવસ ગુમાવતાં તે દુષ્ટબુદ્ધિ યૌવન પામ્યો. તે દુર્વિનીત-પણાને લીધે પ્રખ્યાત હોવાથી તેને સામાન્ય કુળની કન્યા પણ ન મળી, તો મોટા શ્રીમંતોની કન્યા તો ક્યાંથી મળે ? તેણે માતા, પિતા, દેવ, ગુરૂ, સ્વજન, કે મિત્રનો વચનથી પણ કોઇવાર વિનય ન કર્યો, એટલે પિતાએ તેને ઘરથી કહાડી મૂકતાં, તે કોઇ સ્ત્રીને લઇ, **અભિરમ્ય** નગરમાં જઈ, **સૈકત** રાજાની સેવા કરવા લાગ્યો. ત્યાં દુર્વિનીત અને હાસ્યજનક વચન બોલતાં તે રાજાને માટે એક હાસ્યપાત્ર બન્યો.

એવામાં એકદા સૈકત રાજાએ સુજ્ઞગોષ્ઠીમાં મંત્રોનો પ્રભાવ સાંભળી તેણે એક મંત્ર સાધ્યો. એટલે સિદ્ધ થયેલ ચેટક રાજાના કહ્યા પ્રમાણે કરતો. કારણ કે સાત્વિક પુરૂષોને દેવો કિંકર સમાન છે. એક વખતે રાજાએ બધા સમક્ષ જણાવ્યું કે—' પુરૂષ સમૃદ્ધિ પામતાં અવશ્ય ગર્વિષ્ઠ થાય છે. ' પછી કોઈવાર ભોગરાજે રાજાને કહ્યું કે—' હે સ્વામિન્ ! તમારી નિત્ય સેવા કરતાં પણ ભુખે મરૂં છું માટે મારાપર જરા કૃપાદૃષ્ટિ કરો. ' ત્યારે મંત્રનો પ્રભાવ જાણવાને અને ઋદ્ધિ આવતાં મદ થાય કે નહિ ? ' તે જોવાને સૈકત રાજાએ પોતાના હાથે એક લેખ લખીને ભોગરાજ ભણી નાખતાં કહ્યું કે—' વિંધ્યાચલની અધોભૂમિકાએ **પિંડાલ** નામના વડવૃક્ષ નીચે બેસી, તારે ઉંચેથી બોલવું કે—' સૈકત રાજાની આજ્ઞાથી

આ લેખ લ્યો. જે લેખ લેશે, તે તને મનોવાંછિત આપશે.' એમ કહી રાજાએ ભોગરાજને વિસર્જન કર્યો. પછી સ્ત્રીસહિત તે અનુક્રમે વિંધ્યાચલે પહોંચ્યો, ત્યાં રાજાએ કહેલ ઉન્નત ન્યગ્રોધ–વડ જોતાં, તેની નીચે બેસીને તે બોલ્યો કે—' આ લેખ લઇ લ્યો.' એટલે વડના થડમાંથી અંજલિબદ્ધ બે હાથ બહાર નીકળ્યા. ત્યારે ભોગરાજે તે અંજલિમાં લેખ નાખ્યો. તે લેખનો અર્થ વિચારતાં ચેટક દેવ અદૃશ્ય રહીને બોલ્યો કે—' તને જે જોઇએ, તે બોલ કે જેથી તે હું તને સત્વર લાવી આપું. હું સૈકત રાજાનો હુકમ બજાવવા સદા તૈયાર છું.' ભોગરાજે વિચાર કર્યો—' કે રાજાના હુકમથી એ મને પ્રસન્ન થઇને બધું આપશે, માટે હું અહીંજ રાજ્ય માગું.' એમ ધારી ભોગરાજ બોલ્યો કે—' અહીં મારે યોગ્ય એક ઉત્તમ નગર બનાવ અને સામગ્રીસહિત બધી રાજધાની તૈયાર કરાવો.' એમ કહેતાં યક્ષે તે બધું ક્ષણવારમાં બનાવ્યું. તે ભોગરાજે નજરે નીહાળતાં, તે શક્ર કરતાં પણ અધિક અભિમાની બન્યો. રાજપ્રાસાદ, દેવાલય, સૌધ, હાટ–બજાર, વાવ, કૂપ, સરોવર, કોટ, આરામ પ્રમુખવડે શોભાયમાન લક્ષ્મીયુકત નગરી, પોતપોતાના વેપારમાં લાગેલા અને આમતેમ જતા આવતા લોક સહિત, ઓચ્છવમાં આનંદ પમાડનાર સ્ત્રીઓ યુકત, તેમજ અશ્વ, હસ્તીઓની શાળાવડે રમણીય, દ્વારપર પ્રતીહાર યુકત સુવર્ણનો રાજમ્હેલ જોતાં અને ત્યાં પ્રિયાયુકત પોતાને '**જય, નંદ ચિરં જીવ**' ઈત્યાદિ વાકયોથી વધાવતાં મંત્રી પ્રમુખ રાજલોકને તેણે પોતાની સમક્ષ જોયા. એમ જાણે લાંબા વખતથી સ્થાપેલ હોય તેમ રાજલક્ષ્મી પામી ભોગરાજ પોતાની આજ્ઞા વિસ્તારતા, પરાક્રમી બની રાજ્ય ચલાવવા લાગ્યો. જે વસ્તુની જ્યારે જરૂર પડે, તે બધું ચેટક તૈયાર કરતો. જેથી ભોગરાજને કંઇ પણ ખામી ન રહી. એ રીતે રાજ્ય કરતાં તે પ્રમત્ત બન્યો અને ઇંદ્રને પણ તુચ્છ

માનવા લાગ્યો. કારણ કે દુર્વિનીત, રાજ્ય પામતાં કોણ પ્રમત્ત ન થાય ? પછી દુર્વિનીત અને અવિનીતની કષ્ટ–ચેષ્ટા કરાવતાં દુષ્ટ ભોગરાજ ચેટકને ભારે કંટાળો અપાવા લાગ્યો.

હવે એકદા સૈકત રાજાએ પરીક્ષા કરવા ' મને તે સંભારે છે કે નહિ ? ' તે જાણવાને ઉંટોને બદલે ભોગરાજ પાસે ઘોડા માગ્યા. એટલે કષ્ટથી તે રાજાના નજીકના ઉપકારને યાદ કરતાં તેણે સૈકત રાજાને અશ્વો મોકલ્યા, પછી કેટલાક દિવસ જતાં સૈકત રાજાએ દૂત મોકલીને ફરી ભોગરાજ પાસે અશ્વો માગ્યા. જ્યારે તેણે વિચાર કર્યો કે—' એ સૈકત રાજા મત્ત બનીને વારંવાર અશ્વો કેમ માગે છે? શું કોઇ બળ–સૈન્યથી ગર્વિષ્ઠ થઇને પોતાને અધિક માને છે ? હવે હું તેને અશ્વો આપવાનો નથી. તેને રૂચે, તે કરે. હું અહીં બેઠો છું.' એમ બોલતા ભોગરાજને મંત્રીઓએ સમજાવતાં તેણે લાંબા વખતે સૈકત રાજાને કેટલાક અશ્વો મોકલ્યા. પછી અશ્વ મોકલવાના અમર્ષને મનમાં ધરતાં, પોતે પોતાને હતપ્રતાપી માનતો તે પ્રજાને પાળવા લાગ્યો. તેવામાં ફરીને પણ સૈકત રાજાએ પોતાના મોટા પુરૂષ મોકલી, ભોગરાજ પાસે શ્રેષ્ઠ વસ્તુઓ મગાવી, આથી સૈકત પ્રત્યે કોપાયમાન થતાં, ચડાઇ કરવા તરત જયઢક્કા વગડાવી. એટલે બધી સંગ્રામ–સામગ્રીથી મહીતલને ઢાંકતાં, ઉડતા રજપૂંજથી સૂર્યકિરણને આચ્છાદિત કરતાં, શેષનાગની ફણાને નમાવતાં અને દિગ્ગજોને પણ ક્ષોભ પમાડતાં ભોગરાજ સૈન્યસહિત ચાલી નીકળ્યો, અને પૃથ્વીને દબાવતો તે અભિરમ્ય નગરી પાસે પહોંચ્યો. ત્યારે સૈકત રાજાએ જાણ્યું કે—' ભોગરાજ લડવા આવ્યો છે.' પછી તેણે મંત્રીને કહ્યું કે—' અરે! મેં તે વખતે કહ્યું હતું કે—સમૃદ્ધિ પામેલ પુરૂષ પોતાના ઉપકારીની પણ અવગણના કરે છે. ' ત્યાં ભોગરાજે સમસ્ત નગર ઘેરી લીધું, પછી સૈકત રાજાએ પણ તેના પ્રત્યે પોતાનું સૈન્ય મોકલ્યું,

અને રણક્ષેત્રની મર્યાદા બાંધી, તે બંને સૈન્ય સામસામે યુદ્ધ કરવા જેટલામાં તૈયાર થયાં, તેટલામાં સૈકત રાજાએ પોતે ચેટકને આદેશ કર્યો કે—'આ ભોગરાજનું રાજ્ય શીઘ્ર સંહરી લ્યો, ત્યારે સંગ્રામ કરવાને એકદમ આડંબર બતાવતા ભોગરાજના સૈનિકો ઈંદ્રજાલની માફક તરત ક્યાંક ચાલ્યા ગયા. ત્યાં પૂર્વે પહેરલ મલીન વસ્ત્રયુક્ત ભોગરાજે પોતાની સ્ત્રી શિવાય બીજું કંઇ પણ જોયું નહિ. એટલે—'આ શું' એમ સંભ્રાત થઇને તે જેટલામાં વિચાર કરે છે તેટલામાં સૈકત રાજાએ બોલાવતાં તે રાજસભામાં ગયો. ત્યાં તાળી દેતાં રાજાએ ઉંચેથી હસતાં હસતાં કહ્યું કે—'હે ભોગરાજ! તારૂં રાજ્ય ક્ષણવારમાં ક્યાં ગયું?' ત્યારે ભોગરાજ હસતો બોલ્યો કે—'હે રાજન્! દૈત્યે ઇંદ્રને રોકતાં, તેને મદદ કરવા માટે મેં અત્યારે સત્વર મારૂં સૈન્ય મોકલી દીધું.' એમ વિટ–વાક્યથી રાજા સૈકતને પ્રમોદ પમાડતાં તત્ત્વાર્થ–વિરક્ત ભોગરાજ દિવસો ગુમાવવા લાગ્યો. એ પ્રમાણે દુર્વિનયથી ભોગરાજ પિતાની કે રાજપ્રસાદથી થયેલ સંપદા પામી ન શક્યો. માટે દુર્વિનય કદાપિ ન કરવો.

---

## દાન ઉપર કામકેતુ રાજાની કથા.

આ સંસાર–સંગ્રામના ચતુર્ગતિરૂપ ચતુર્વિધ સૈન્યમાં મનુષ્યત્વરૂપ હસ્તી મુખ્ય છે, તેનાથી અન્ય કંઈ શ્રેષ્ઠ નથી. તેનાપર આરૂઢ થયેલ જીવરૂપ રાજા કર્મરૂપ શત્રુઓને જીતે છે; અને અન્ય ત્રણ ગતિરૂપ હસ્તીપર ચઢતાં જીવને કર્મ પરાભવ પમાડે છે. તે હસ્તી પણ દાનવડેજ સમર્થ અને પ્રતાપી ગણાય. દાનના પ્રભાવથી તે ભવરૂપ વૃક્ષોને ઉખેડી નાખે છે. દુધે અંજનપાત્રની માફક સુખાભિલાષી પુરૂષ, ગૃહ–વ્યાપારને પોષી પાપને દાનવડે ધોઇ નાખે છે, દાનવડે

પ્રાણી ધન પામે, દાનવડે સ્વર્ગ અને **કામકેતુ** રાજાની જેમ મોક્ષ પામે છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

આ **ભરતક્ષેત્રમાં કમલાવતી** નામે નગરી કે જ્યાં લોકો સદા સુપાત્ર-દાનના વ્યસની છે. ત્યાં ગુણે ઉન્નત **કામકેતુ** નામે મુખ્ય ક્ષત્રિય હતો. તેવી કોઇ કળા ન હતી કે જે ગુણોવડે તે સુભગને પ્રાપ્ત ન થઇ હોય. તેને **ચંદ્રકાંતા** નામે ભાર્યા કે જે અપત્યરહિત-વંધ્યા હતી, તેથી સ્વજનોએ તેને પરણાવ્યો. તેવામાં વિવાહના દિવસેજ તે ચારૂલોચના નવોઢા કૌતુકથી કાષ્ઠના ગરૂડપર બેઠી અને ચપળતાથી તેના કીલિકા-યંત્રને ચલાવતાં, વાયુના યોગે કાષ્ઠગરૂડ મૃગેક્ષણાને લઇને આકાશમાં ઉડયો. તેનાપર અતિ આગ્રહ કરીને તે નવોઢા બેઠી હતી અને ગરૂડ મનોવેગે આકાશમાં ઉડી ચાલ્યો. ત્યારે કેટલાક લોકો ખાતાં ખાતાં અસ્ફુટાક્ષરે પોકાર કરવા લાગ્યા, કેટલાક તાંબૂલ ચાવતાં ભરેલા મુખે ઉંચેથી કોલાહલ કરતા, કેટલાક સત્વર બેસી, અર્ધું ભોજન કરી ઉઠયા, કેટલાકે ઉચ્છિષ્ટ મુખે અને કેટલાકે ભોજન કર્યા વિના બુમ મારી. કેટલીક પૂર્ણ પાત્રો લઇ, ઘર ભણી જતી સ્ત્રીઓ મંગલ-ગીત મૂકીને વિલાપ કરવા લાગી, કેટલીક નૃત્યને બંધ કરી બેઠી, કેટલીક ભ્રમથી પડી ગઇ અને કેટલીક ક્ષુધાથી આકુળ થતાં ભારે દુઃખ થવાથી મૂર્છા પામી. લોકો શોકાકુળ થતાં, કેટલાક ક્ષુધાથી પીડાઇને સ્વેચ્છાએ જમવા લાગ્યા અને નવોઢાના પીયરીયા શોકથી રોવા લાગ્યા. ત્યાં કામકેતુની પ્રથમની સ્ત્રી મનમાં પ્રમોદ પામી અને કામકેતુ એકલો પોતે શોક કરતો પોતાના ઘરે ગયો. એમ અશકય પ્રતીકારને લીધે નવોઢાના વિવાહનો દિવસ, શોક-સામ્રાજ્યે હડસેલી દીધો. કારણ કે—આ અસાર સંસારમાં બધા પદાર્થો લુવારની ધમ્મણની જે ક્ષણમાં ભરાય-પ્રાપ્ત થાય અને ક્ષણમાં ખાલી થાય-નષ્ટ થાય છે. અથવા તો કેવળ એક કર્મજ બળવંત છે કે

જે ઓચ્છવમાં શોક અને શોકમાં આનંદ બતાવે છે-બધું કર્મ જ કરે છે. પછી નવોઢા **કાંચન**પ્રભાની તેના માતાપિતાએ ઘણી શોધ કરાવી, તો પણ તેનો ક્યાં પત્તો ન મળ્યો. એટલે કામકેતુએ પોતે તેને શોધવાનો વિચાર કરતાં, પોતાની પૂર્વભાર્યા ચંદ્રકાંતા પાસે ભાતું કરાવ્યું. ત્યારે તે વિચારવા લાગી કે—' રાજા કાંચનપ્રભાને લઇ આવશે. માટે એવું કરૂં કે એ તેને લાવે નહિ અને એ પોતે પણ આવે નહિ.' એમ ધારી, ચંદ્રકાંતાએ ભાતું બનાવી, તે સાત ગાંઠમાં બાંધીને રાજાને આપ્યું. જે લઈ, તે ચાલતો થયો. જે દિશાએ તે ગરૂડ ઉડયો હતો, તે દિશા ભણી ચાલતાં, અર્ધમાર્ગે રાજાને એક મોટો સંઘ મળ્યો. તેની સાથે જતાં એક સરોવર આવ્યું, ત્યાં સાર્થલોકો આદરથી પોતપોતાનું ભાતું ખાવા લાગ્યા. એટલે કામકેતુએ પ્રથમ ગાંઠ છોડી ભાતું ખાતાં, તેના પ્રભાવથી તે ત્રણ ફણાવાળો ભયંકર સર્પ બની ગયો, તેને ફુંફાડા મારતો જોઇ, ભય પામતા બધા લોકો નાસવા લાગ્યા. પછી આઘે જઇને તે લોકોએ તેને પત્થર મારતાં, તે પ્રહારથી ખૂબ દુ:ખી થતો તે સર્પ અન્યત્ર જવાને અશક્ત થયો. ત્યારે તે ભાતાની ગાંસડી નીચે ભરાઈ બેઠો. ત્યાં એક પુરૂષે પત્થર મારતાં બીજી ગાંઠ ફુટી અને તેમાંનું ભાતું વેરાતાં, દૈવયોગે તેમાનું ભાતું કંઇક સર્પના મુખમાં પડ્યું, તેના પ્રભાવથી તે પાછો મૂળ સ્વરૂપધારી કામકેતુ બન્યો. ત્યારે તે ચિંતવવા લાગ્યો કે—' અહો ! મારી ચંદ્રકાંતા રાણીની શક્તિ કેટલી કે ઇર્ષ્યાથી મને મારવાનો તેણે ઉપાય કર્યો. પક્ષ અને વિપક્ષ-ભાવે અલગ અલગ ગાંઠમાં ભાતું બાંધીને મને દીધું છે. તેમાં રૂપ-પરાવર્ત્ત કરવાનું ઔષધ અવશ્ય છે.' એમ આશ્ચર્ય પામતા કામકેતુને ભય પામતા સાર્થજનોએ પૂછ્યું કે-આ શું થયું ? ' તે તેમને આશ્ચર્ય પમાડવા બોલ્યો—'હું બહુ પ્રભાવી અને સર્વત્રગામી યોગી છું.' એમ સાંભળતાં પત્થરના ઘાતથી અપરાધી

બનેલા અને ભય પામતા સાર્થલોકો, તેના પ્રભાવને સત્ય સમજી રાતે તેને સુતેલ મૂકીને ચાલ્યા ગયા. પ્રભાતે સાર્થજનોને ગયેલ જોઇ, કામકેતુ વિચારવા લાગ્યો કે—' મારા વચનથી શંકા પામેલ સંઘ, મને મૂકીને ક્યાંક ચાલ્યો ગયો. માટે હવે હું બધી ગાંઠનું ભાતું ચાખીને હું તેનો પ્રભાવ જોઇ નિશ્ચય કરૂં કે—' એનાથી શું શું થાય છે ? ' એમ ધારી તેણે બધી ગાંઠ છોડી, ભાતું ઉઘાડું મૂકી દીધું. તેમાં ત્રીજી ગાંઠનું ભાતું ચાખતાં તે બિલાડો બની તેવા સ્વરે બોલતો પછી ચોથી ગાંઠમાંનું ભાતું ખાતાં તે પાછો મૂળ સ્વરૂપમાં આવ્યો. એટલે પાંચમી ગાંઠનું શંબલ ચાખતાં તે સિંહ થયો અને છઠ્ઠીમાંથી સ્હેજ ખાતાં તે મૂળ સ્વરૂપધારી થયો. હવે ભવિષ્યનો કાંઇપણ વિચાર કર્યા વિના ઉતાવળથી તેણે સાતમી ગાંઠનું ભાતું ચાખતાં, તે રમણીય મૃગલો બન્યો. પ્રથમ ભાતું ખાતાં તો તેને નિવારણ કરવાનો ઉપાય હતો, પણ સાતમી ગાંઠ પછી મૂળ સ્વરૂપમાં આવવાનો ઇલાજ ન હતો, એટલે દુઃખ પામતો તે ઉંચે છલંગ મારી મારીને નીચે પડવા લાગ્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે—' મને ધિક્કાર છે કે હું દૈવથી હણાયો. અહો ! કર્મપરિણામને ધિક્કાર ! કે જેણે મને આ સ્થિતિએ પહોંચાડયો. મારા દુષ્ટ કર્મના પ્રભાવે તે નવોઢાને કાષ્ઠના ગરૂડે હરણ કરીને કોણ જાણે ક્યાં મૂકી હશે, કોણ જાણે તે જીવતી હશે કે મરણ પામી હશે ? તેની શોધ કરવા નીકળતાં, ઇર્ષ્યાને લીધે કુલીન છતાં ચંદ્રકાંતાએ કૂટ ઔષધના પ્રયોગથી મને મનુષ્યભવથી ભ્રષ્ટ કર્યો. મહા દુષ્ટ કર્મે આવી દશા પામતાં, પશુપણે પશુમરણ મને કોપાયમાન થયેલા દૈવે આપ્યું, કારણ કે પરનો ક્રોધ બુદ્ધિબળે ટાળી શકાય, પણ દૈવનો કોપ તો ઇંદ્રથી પણ ઉતારી શકાય નહિ. ' એમ ચિંતવી તે જેટલામાં થંભ્યાની જેમ ઉભો છે, તેટલામાં કોઇ શિકારીએ તેને બાણથી વીંધતાં, તેના પ્રહારે વ્યથા

પામતો તે મૃગ ત્વરાએ એક દિશામાં છલંગ મારતો ભાગ્યો અને એક પર્વત આગળ પહોંચ્યો. ત્યાં ભયભીત નેત્રે ખેદ પામતાં, તૃષા છતાં પાણી તજી, અને ભૂખ છતાં તૃણ ખાધા વિના પડયો રહ્યો.

હવે કાષ્ઠગરૂડ નીચેના આકાશ પંથે ચાલતાં, એક ઉંચા પર્વતના શિખર સાથે અથડાતાં ભાંગી ગયો અને તે નવોઢા નીચે ભૂમિપર પડતાં, સર્વાંગે આઘાત અને મૂર્છા પામી ક્ષણવાર પછી મૂર્છા મટતાં તે ભયાતુર થઇ વિલાપ કરવા લાગી કે—' હા માત ! હા તાત ! ક્ષણવારમાં દૈવે મને ઘાયલ કરીને કયાં મૂકી દીધી ? મેં પૂર્વે કોઇનું અપહરણ કર્યું હશે કે જેથી કંકણ બાંધી મારો વિવાહ થતાં તરતજ મારૂં અપહરણ થયું. હવે મારા માતપિતા મને કયારે મળશે ? હું મંદભાગી કયાં જાઉં અને કયાં રહું ? ' એમ મોટેથી વિલાપ કરી, તે પોતાની મેળે ધીરજ ધરી, કંદમૂળ અને ફળ ખાઇને વનમાં ચોતરફ ભમવા લાગી. એકદા ભમતાં તેણે લતાકુંજમાં ઋષભચૈત્ય જોયું, ત્યાં ભકિતથી જિનબિંબને નમી, તેણે સુખે પૂજા કરી. વળી વનમાંથી સુગંધિ પુષ્પો વીણી વીણીને તેણે આદિનાથની મનહર પૂજા કરી. એમ પ્રભુપૂજામાં લીન થતાં કાંચનપ્રભા માતા પિતા, કુટુંબ કે સખીવર્ગ સર્વને ભૂલી ગઇ. એ રીતે પુણ્યોપાર્જનથી અંતરાય કર્મ ક્ષીણ થતાં એકદા તે જળ માટે એક દ્રહ પ્રત્યે ગઈ. ત્યાં પ્રથમથીજ તે મૃગ પાણી પીવા આવેલ, તેણે તે મૃગાક્ષીને જોતાં ઓળખી લીધી, એટલે પ્રહાર-વેદનાથી વ્યાકુળ બનેલ મૃગ હળવે હળવે તેણીની પાસે ગયો અને વારંવાર ચોતરફ ભમતાં તે પ્રેમથી તેણીને જોવા લાગ્યો. એટલે તેના પ્રહારની વેદના જોઇ દયા લાવી, જળથી ધોઈ કંચનમાળાએ વ્રણ સંરોહણી દિવ્ય ઔષધી તેના ઘાપર લગાડી, પછી મૂળથી તે મૃગના વૃત્તાંતને જાણતી ન હોવાથી તે પાણી લઈને જિનાલયે ગઇ, મૃગ જોકે બધું જાણે છે, છતાં તે કહેવાને અ-

સમર્થ છે, એટલે પગે લંગડાતો તે શ્વાસે ભરાતાં પણ હળવે હળવે હર્ષથી તેણીની પાછળ ગયો કંચનપ્રભાએ નિર્મળ જળથી પ્રભુનું સ્નાત્ર—સ્નાન કર્યું અને મુખકોશ બાંધી, તેણે રાજચંપક પ્રમુખ પુષ્પોથી:ભગવંતની પૂજા કરી. મૃગ પણ પ્રભુને જોતાં હર્ષાશ્રુપૂર્ણ લોચને તે ભૂપીઠ સુધી મસ્તક નમાવીને નમ્યો, ત્યારે પ્રભુ પ્રણામના પક્ષપાતથી કંચનમાળા મૃગને વખાણતી બોલી કે—' અહો ! આ તિર્યંચ છતાં પુણ્યાત્મા છે. ' પછી ફળાહાર કરવા તે નવોઢા લતાગૃહમાં ગઇ અને પાછળ હળવે હળવે મૃગ પણ ગયો તેણે તૃણાહાર ન કર્યો, તેથી કંચનમાળા ચિંતવવા લાગી કે—' આ બિચારો વેદનાને લીધે તૃણ પણ ખાતો નથી. ' એમ ધારી તેણે દિવ્ય ઔષધિ ઘસી ને ઘા ઉપર લેપ કર્યો. જેથી ઘા રૂઝાઈ જતાં વ્યથા શાંત થઇ અને મૃગ સાજો થયો, છતાં અભિમાનથી તે તૃણ ખાતો નહિ. ત્યારે તે વિચારવા લાગી કે—' અહો ! આ ચરતો કેમ નથી ? શું કારણ હશે ? એ બિચારો ભૂખે મરે છે. ' એમ ધારી લીલું ઘાસ લાવી, તેણે મૃગ પાસે મૂક્યું છતાં તેણે તે પશુ ભક્ષ્ય છતાં નજરે પણ નિહાળ્યું નહિ. એવામાં કંચનમાળાએ ભગવંતપૂજા કરીને ભોજન કરવું ' એવો અભિગ્રહ લીધો છે તેથી તે ફુલો વીણવા પર્વતપર ગઇ ત્યાંથી આવતાં તે માર્ગ ભૂલી અને ઘણું ભમી, પણ અભવ્યને જિનવચનની જેમ તે માર્ગ તેને હાથ ન લાગ્યો ત્યાં વૃક્ષોમાં ફળો હોવા છતાં, અભિગ્રહને લીધે તેણે તે લીધાં નહિ અને ક્ષુધિત થતાં પણ તે ખાતી નહિ. તે પ્રભુને ધ્યાવતાં રાત્રે કયાંક સુઇ ગઇ અને સ્વપ્નમાં પણ જાણે ભગવંતને પૂજતી હોય તેમ પોતાને જોતી પ્રભાત થતાં પણ તે મનથી ભગવંતને જોતી અને ચૈત્યની દિશા ભણી, ઉદાર મતિથી તે પ્રભુને નમવા લાગી. જિનમંદિરને શોધતાં તે પર્વતની પાછળ ચોતરફ ભમવા લાગી. એમ પાંચ દિવસ થયા, તો પણ ચૈત્ય ન જડયું જેથી તે

પ્રભુ પૂજાના અભાવે ખાતી કે સૂતી પણ નહિ. તે પોતાના આત્માની અને અશુભ કર્મની નિંદા કરવા લાગી કે—'હે હીનભાગી આત્મા! માતપિતાનો વિયોગ પામતાં પણ આદિનાથના દર્શનથી તે દુઃખ બધું ભૂલી ગઇ પરંતુ હવે અપુણ્યના ઉદયથી તે દર્શન પણ દૂર થયું. દુષ્પ્રાપ્ય પ્રભુપૂજાનું સત્પુણ્ય હવે મને કયાંથી સાંપડે?' એ પ્રમાણે આત્મનિંદા કરતાં તે નવોઢાએ પૃથ્વીપર ઉતરતા વિદ્યાધરોનાં વિમાનો જોયાં. તે અધોદિશા પ્રત્યે સત્વર ચાલતાં તેણે, વિદ્યાધરોએ નમેલ એક જ્ઞાનીને ત્યાં દીઠા, જેથી ભારે હર્ષ પામતાં શુભ આશય–ભાવથી નમી તે અમૃત સમાન મુનિની ધર્મદેશના સાંભળવા બેઠી. ગુરૂ બોલ્યા કે—' હે ભવ્યો ! ભગવંતના મસ્તકે વાસચૂર્ણ નાંખતાં પ્રાણીને લક્ષ્મી વશ થાય, પ્રભુ સન્મુખ ધૂપ કરતાં પ્રાણીના દુષ્કર્મો દૂર થાય, જિનેશ્વરને અખંડ અક્ષત ચઢાવતાં આત્મા અખંડ–આનંદમય થાય, જે પ્રભુને પુષ્પે પૂજે, તે ત્રણે લોકમાં સુકીર્ત્તિ પામે, જે જિન આગળ દીપ ધરે, તેના કર્મનો અંધકાર મૂળથી હણાઇ જાય, જિન આગળ નૈવેદ્ય ધરતાં, પ્રાણી વિવિધ આહારનાં સુખને પામે, પ્રભુને ફળ ધરાવતાં, પ્રાણી બોધિબીજનું ફળ પામે, તથા જે જિનરાજને નિર્મળ જળથી ન્હવરાવે, તેની બધી તૃષ્ણા ટળી જાય. એ પ્રમાણે અરિહંતની સદા અષ્ટ પ્રકારી પૂજા કરતાં ભવ્યાત્માનાં આઠ કર્મો અવશ્ય નષ્ટ થાય.' એવામાં કંચનમાળાને શોધતો મૃગ પણ ત્યાં આવ્યો તેને જોઇ કાંઇક મુગ્ધભાવ અને મમત્વને લીધે તે મૃગને કહેવા લાગી કે 'હે મૃગ! તું અહીં કયાંથી?' એમ કહેતાં તેણીએ મૃગને આલિંગન આપ્યું. તે જોઇ જ્ઞાની મુનિ જરા હસ્યા, જેથી કોઇ વિદ્યાધરે હાસ્યનું કારણ પૂછતાં મુનિ બોલ્યા કે—' હે વિદ્યાધર ! એ મૃગની આ કંચનમાળા સ્ત્રી છે. વિવાહના દિવસેજ એ પતિનો વિયોગ પામી.' ત્યારે વિદ્યાધર બોલ્યો—' આ મનુષ્ય અને એ મૃગ–પશુ

છે, તો એમનો વિવાહ કેમ થયો ? એટલે મુનિએ બધો વૃત્તાંત કહી સંભળાવતાં, હરણપર કૃપા લાવી વિદ્યાધરે તેને મૂળ સ્વરૂપમાં આણ્યો. ત્યાં પોતાના પતિ કામકેતુને જોઇ, પૂર્વે અજાણપણે આપેલ આલિંગનથી લજ્જા પામતી કંચનમાળા આશ્ચર્યથી અધોમુખી થઇ રહી, તેમજ કામકેતુ પણ પોતાની પ્રિયાને જોઈ પરમ પ્રમોદ પામ્યો, અને મુનિને નમસ્કાર કરીને તે ધર્મદેશના સાંભળવા બેઠો. એટલે મુનિરાજે પણ જણાવ્યું કે—' આ ભવ તથા પરભવમાં સુખને ઇચ્છતા પ્રાણીએ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદે ધર્મ આરાધવો. ગૃહ–વ્યવહારના ભારથી પ્રાણી ભવ–સમુદ્રમાં ડુબે છે, છતાં તપ, સંયમના પાત્ર એવા મુનિરાજને ભક્તિએ દાન:આપવાથી મહાફળ–દાયક નીવડે છે, તેમજ ભક્તિ વિના ઉપરોધ કે ભયથી દાન આપતાં પણ સુપાત્રે આપેલ તે ફળ દાયક તો અવશ્ય થાયજ. ભયથી દાન આપતાં પણ **સોમ** નિશ્ચય સુખ પામ્યો એ અવાંતર કથા આ પ્રમાણે છે.—

**ચંપા** નગરી કે જેની અલકાપુરી દાસી સમાન ભાસે છે, તથા ધર્મ–કર્મના પ્રભાવથી સમૃદ્ધિ વધતાં જાણે અમરાવતી તુલ્ય લાગે છે ત્યાં દરેક પુરૂષ કામદેવ જેવા રૂપવંત હોવાથી રતિ અને પ્રીતિનો સપત્નિ–શોકયભાવ ઉતરી ગયો ત્યાં વૈરિ–સમુદ્રને અગસ્તિ સમાન એવો **મીનકેતુ** નામે રાજા ન્યાયથી પ્રજાને પાળે છે. વળી ત્યાં જ્યોતિષમાં સૂર્યની જેમ વણિકોમાં મુખ્ય **ધન** નામે શેઠ અને તેને **સુંદરી** નામે પત્ની છે. **કૃષ્ણ અને લક્ષ્મીને પ્રદ્યુમ્ન**ની જેમ તેમનો **સોમ** નામે પુત્ર હતો, કે જે ધનુર્વેદમાં અર્જુનની જેમ વણિકોમાં ભારે પ્રવીણ ગણાયો. એકદા તે વેપાર કરવા બજારમાં ગયો, પણ ત્યાં વેપાર જેવી કંઈ વસ્તુ તેના જોવામાં ન આવી પરંતુ વિનીત વાણોતર બુદ્ધિ માટે જેને સેવી રહ્યા છે

એવા એક શેઠને સોમે સિંહાસનપર બેઠેલ જોયો. એટલે કૌતુકથી તેણે શેઠ પાસે જઇને પૂછયું કે—'અહીં શી ચીજ મળે છે?' શેઠ બોલ્યો—'હે સ્વચ્છમતિ વત્સ! સાંભળ—અહીં જે મળે છે, તે બીજે કયાંય સાંભળવામાં પણ કદિ ન આવે,' ત્યાં સોમ વિનયથી કહેવા લાગ્યો—'એવી તે કઇ વસ્તુ છે, કે બીજે કયાં જેનું નામ પણ સાંભળવામાં ન આવે?' એટલે તેને ઉમેદવાર સમજી, શેઠે જણાવ્યું કે—'જેનું મૂલ્ય ન થઇ શકે, એવી અહીં બુદ્ધિ મળે છે, કે જે ગત્વર—નશ્વર ધને પમાય તેવી કીર્ત્તિની જેમ ગણાય છે.' એમ સાંભળતાં સોમ બોલ્યો—'હે તાત! તમે ધન લઇને કષ્ટ છેદવા બુદ્ધિ મને આપો કે જે તરવાર સમાન તીક્ષ્ણ ગણાય,' આથી પાંચસેં દ્રમ લઇને શેઠે તેને બુદ્ધિ આપતાં જણાવ્યું કે–'બે માણસ જ્યાં પરસ્પર કંકાસ કરતા હોય, ત્યાં તારે ઉભા ન રહેવું.' પછી લક્ષ્મીને કૃષ્ણની જેમ એ બુદ્ધિ લઇને પોતાના ઘરે આવતાં તેણે પોતાના પિતાને બુદ્ધિ ગ્રહણ કરવાની વાત કહી, જે સાંભળતાં, કોપથી કંપાયમાન થતો ધન શેઠ હોઠ ફફડાવીને બોલી ઉઠયો કે–'અરે મુરખના શિરદાર! પાંચસો દ્રવ્ય આપી, બાલકો પણ જાણતા હોય તેવી બુદ્ધિ શું લાવ્યો? તું સત્વર આગળ ચાલ અને તે વંચક, તને છેતરનાર વણિક કયાં છે, તે મને બતાવ.' એમ બોલતાં ધન શેઠ સોમ સાથે તે શેઠ પાસે ગયો અને ભમ્મર ચડાવી, ઉંચા નીચા વચને તે શેઠને કહેવા લાગ્યો કે–'અરે! એ તમારી શું માત્ર? એવી વાતો તો બાળકો પણ જાણે છે. એનું તે એવડું મૂલ્ય હોય? તમારી બુદ્ધિ પાછી લ્યો અને અમને પાંચસેં દ્રમ આપી દ્યો.' ત્યારે શેઠે કહ્યું—'મેં પ્રેક્ષાબુદ્ધિ આપી, તે ન આપી તો નજ ગણાય, પણ હે સોમ! તારે હવેથી તેવી મતિ ન ધરવી અને બે માણસ કંકાસ કરતા હોય, ત્યાં ઉભા રહેવું.' એમ

સમજાવીને તેણે ધન પાછું આપ્યું. એમ વાઘના મુખમાંથી માંસની જેમ શેઠ પાસેથી ધન લઇ, 'હે વત્સ! હવે કદિ એવું કરતો નહિ' એમ પુત્રને શિખામણ આપતાં ધન પોતાના ઘરે આવ્યો.

હવે એકદા **સોમ** દુકાને જતો હતો, તેવામાં ત્યાં લડતા બે સીપાઇને જોઈ, રાજાજ્ઞા—ભંગના ભયથી તે ઉભો રહી ગયો. સોમ વિના અન્ય કોઇ તેમની સમક્ષ આવેલ નહિ. ગ્રીષ્મની ગરમીમાં અગ્નિને કોણ આલિંગન આપે? એવામાં કોટવાળ લડતા તે બંને સુભટને કસાઇ પાસે બોકડાની જેમ પ્રધાન પાસે લઇ ગયો. એટલે ભ્રકુટીથી ભીષણ બની સચિવે તેમને પૂછયું કે—'અરે! તમે કલહ કેમ કરો છો? તે કહો.' ત્યાં એક સુભટ અંજલિ જોડીને પ્રધાનને કહેવા લાગ્યો કે—'માર્ગે જતાં વિના કારણે મને એણે માર્યો.' ત્યારે બીજાએ કહ્યું—'હે પ્રધાનજી! મેં પ્રથમ એને માર્યો નથી, પણ એણે મને માર્યો, તેનો સાક્ષી **સોમ** નામે વણિકપુત્ર છે.' એમ બંનેએ કહેતાં, ન્યાયથી નીવેડો આણવા પ્રધાને સુભટો મોકલીને સોમને તેડાવ્યો. ત્યારે જાણે યમના દૂત હોય, તેવા સુભટોને પોતાના ઘર ભણી આવતા જોઇ, સોમે કલહનો વૃત્તાંત પિતાને સંભળાવ્યો, જે સાંભળતાં, તે સાક્ષીથી છુટવાનો ઉપાય શોધતાં, કંઈ ન સૂજવાથી વ્યાકુળ થઇને તે બુદ્ધિવાળા શેઠ પાસે પ્રથમ કરતાં બમણું ધન મૂકીને તેણે ઉપાય પૂછયો. તેણે ધન લઇ, ધનશેઠને કહ્યું કે—'તમે ઘરે જઈ પુત્રને ઘેલા જેવો કરી મૂકો.' એટલે ઘરે જઇ તેણે પુત્રને ભલામણ કરતાં કહ્યું કે—'હે વત્સ! તું પહેરણ જલદી કહાડી નાખ, લંગોટી પહેરી લે, માથાના કેશ છુટા મૂકી દે, ઉંચી ભુજા કરીને નાચ અને આ કળશ ભાંગી નાંખ. એમ કૃત્રિમ ઘેલો બની જા. એકદમ ઉંચે દંડ કરી એકલો દોડવા માંડ, બીજો કાંઇ વિચાર ન કર.'

એમ પિતાના વચનથી સોમે તે પ્રમાણે કર્યું. જાણે ભૂત ભરાયો હોય તેમ તે ધન શેઠને મારવા દોડતાં, શેઠ આગળ ભાગતો સુભટોને કહેવા લાગ્યો કે—' અરે ! સુભટો ! તમે મને એનાથી બચાવો. એને ભૂત વળગ્યો છે.' સોમની તેવી સ્થિતિ જોઈ, સુભટો પરસ્પર હસીને બોલ્યા—' આ ઘેલાને તેડવા માટે પ્રધાનજીએ આપણને મોકલ્યા છે, અથવા તો એ ગમે તેવો હોય, પણ આપણે તો પ્રધાન પાસે પકડીને ઉભો રાખવો.' એમ ધારી, સુભટોએ તેને પકડીને આગળ ચલાવ્યો. રસ્તામાં પણ તે લોકોને આલિંગન દઇ નાચતો અને આમતેમ ધૂળ ઉડાડતો, છતાં બલાત્કારે તેને પકડીને સુભટોએ સચિવને સોંપ્યો. ત્યાં સોમની ગાંડાઇ જોઈ હાસ્ય પામતાં પ્રધાને તેને વિસર્જન કર્યો અને યોગ્ય ન્યાય આપી સુભટોને પણ વિદાય કર્યા.

એવામાં સોમને દેવછળ લાગવાથી તે ઘેલો બન્યો અને તેથી તે વિવિધ ચેષ્ટાઓ કરતો. કોઇવાર તે નાગો બનતો અને કોઇવાર વસ્ત્ર પહેરતો, કોઈવાર યદ્વાતદ્વા બોલતો અને કોઈવાર તે સમજુની જેમ બોલતો; આવી તેની ચેષ્ટા જોઇ, વ્યાકુળ થયેલ ધનશેઠ વિચારવા લાગ્યો કે–' આ તો વ્યાજના લોભે મૂળ ખોયું.' ત્યારે સુંદરીએ પોતાના પુત્ર નિમિત્તે દેવતાની માનતા કરી. સ્ત્રીઓ પુત્ર વિના પ્રાયે પરાભવ પામે. યક્ષાદિક પણ તેની ગાંડાઇ ટાળી ન શકયા. તેથી સુંદરી રોવા અને વિલાપ કરવા લાગી. એવામાં જાણે સાક્ષાત્ ધર્મ, તેમના પુણ્યે ખેંચાયા હોય તેવા એક મુનિ ભિક્ષાને માટે ભમતા, તે શેઠને ઘરે આવી ચડ્યા. તેમના દર્શનથી, સૂર્યોદયથી અંધકારની જેમ તથા તપથી પાપની જેમ કાંઈક દોષ ટળતાં, મુનિને પ્રભાવી જાણી, સુંદરી તરત ઉઠી અને ભારે હર્ષથી સાધુને વાંદીને તે સોમને કહેવા લાગી કે—' હે વત્સ ! તું મુનિને ઇચ્છા પ્રમાણે દાન આપ અને વંદન કર કે જેથી મંત્રવડે ઝેરની

જેમ તારો રોગ દૂર થાય. જો એમને દાન ન આપતાં, **મુનિની** અવજ્ઞા કરીશ, તો તારા પૂર્ણ પાપોદયથી તું ગાંડાઇથી ગ્રસ્ત રહીશ અને સાજો કદિ નહિ થાય.' એમ માતાએ બીક બતાવવાથી સોમે સાધુને દાન આપતાં, તે તરતજ રોગમુક્ત થયો. અહો! તપનો મહિમા અદ્ભુત હોય છે. દાનના પ્રભાવથી, વાદળ થકી સૂર્યની જેમ, ભૂતછાયાથી મુક્ત થતાં સોમ પ્રથમની જેમ સુખ ભોગવવા લાગ્યો. એમ ભયથી દાન દેતાં પણ સોમને સુખરૂપ થયું. માટે દાન સદા આપવું. દાન કદિ વૃથા ન જાય.

---

તેમજ ઋદ્ધિવડે અલકાપુરીને જીતનાર **ઉજ્જયિની** નામે નગરી કે જે ચાર વેદની ભૂમિકારૂપ વિધાતાની જેમ ચાર પુરૂષાર્થની ભૂમિકારૂપ હતી. આકાશમાં સૂર્યની જેમ ત્યાં **વિક્રમ** નામે રાજા રાજ્ય કરતો કે જેના તેજે શત્રુરૂપ ઘુવડ બધા પર્વતોની ગુફામાં ચાલ્યા ગયા. વળી ત્યાં શ્રીમંતોમાં શ્રેષ્ઠ **સુંદર** નામે મિથ્યાત્વી શેઠ રહેતો. તેની **યશોમતિ** નામે પત્ની અને **પ્રિયવર્ધન** નામે પુત્ર હતો. ગ્રીષ્મઋતુમાં નદીપૂરની જેમ તેનું ધન ખલાસ થતાં, ખેદ પામી સુંદર વિચારવા લાગ્યો કે—'ધન આવ્યા પછી ચાલ્યું જાય તે કરતાં પ્રથમથીજ ન હોય તે સારૂં. પૂર્વે દ્રવ્ય હોવાથી, તેના ગર્વને લીધે ક્યાં યાચના ન થાય અને નોકરી પણ ન કરી શકાય. મારા ઘરે દ્રવ્યના અભાવે ભોજનાદિકની સામગ્રી કેમ થાય. કુટુંબ તો લઘુ છે, તો હવે શી ગતિ થશે? અહો! દરિદ્રતાને ધિક્કાર છે. વળી અહીં સ્વજનો ઘણા રહ્યા, જેથી ધન વિના પરાભવ પમાય, માટે મારે પરદેશે ચાલ્યા જવું સારૂં છે.' એમ ધારી, ભાતું લઇ, કુટુંબને સાથે લઇને તે સુંદર દેશાંતર ચાલ્યો. માર્ગમાં તેને એક નાનો સંઘ મળ્યો. બપોર થતાં તળાવની પાળે લોકો બધા ભોજન કરવા બેઠા. તેવામાં એક પુરૂષ કહેવા લાગ્યો કે—'અહો! આ કલ્યાણના ભાજન મુનિ

ભિક્ષા માટે ક્યાંક જાય છે.’ પછી તેમને આવતા જોઈને સાર્થ-જનો પોતાને ધન્ય માનતા, ઉઠી ઉઠીને તે પરમ શ્રદ્ધાપૂર્વક મુનિને દાન આપવા લાગ્યા. સુંદર શેઠ મિથ્યાદષ્ટિ છે, છતાં સંઘ-જનોના ઉપરોધથી તેણે મુનિને કંઈક દાન આપ્યું. પછી સાધુ સ્વસ્થાને ગયા અને સાર્થજનો પણ ભોજન કરી ચાલ્યા ગયા. એટલે સુંદર પણ કુટુંબસહિત કોઈ નગરમાં ગયો. ત્યાં લોકો અપરિચિત છતાં સુંદર પ્રત્યે સ્નેહ બતાવવા લાગ્યા. અથવા તો દાનથી શું ન થાય? તે નગરમાં જતાં સુંદરે દુકાન માંડી ત્યારે બીજા દુકાનદાર વાણીયા, ચંદ્રોદયે કમળની જેમ વ્યવહારમાં સંકોચાયા. એવામાં એક વખતે ઘરે આવતાં હિમથી કરમાયેલ લતાની જેમ યશોમતી ભારે ખેદ પામતી સુંદરને કહેવા લાગી કે—‘હે શેઠ! આપણી સાથે આવતાં એક સૈનિકની જેમ માર્ગે સંભાળ રાખનાર અને પ્રાણ કરતાં પણ પ્રિય એવો આપણો **મોતીયો** કુતરો મરી ગયો, માટે આજે ભોજન કરવું યોગ્ય નથી. ખરેખર! એ મારે પુત્ર સમાન હતો.’ એમ સાંભળતાં સુંદર શેઠ બોલ્યો—‘હા, એ તો વાટે-માર્ગે આવતાં ભેળો થયો, પણ મુનિને દાન દીધું, તે દિવસથી મને શુભ થયું કારણ કે એ કુતરો અકાલે મુવો તે સારૂં થયું.’ એમ કહેતાં તેણે યશોમતીને બલાત્કારે ભોજન કરાવ્યું. પછી નવું ખડીવતી ઘોળેલ છતાં અ-ભાગ્યની જેમ ઘરનું અગ્રદ્વાર અકસ્માત ખંડિત થઇ પડી ગયું. ત્યારે શેઠાણી હાટે જઇને કહેવા લાગી કે—‘બારણું મૂળથી પડી ગયું.’ શેઠે વિચાર કરીને જવાબ આપ્યો કે—‘દ્વાર’ પડયું તે તે સારૂં થયું. એવામાં સારી રીતે માનથી પોષતાં અને પીયરીએ ન તેડાવ્યા, છતાં પુત્રવધૂ પિતાને ઘેર ચાલી ગઈ. એ વાત યશો-મતીએ સુંદર શેઠને સંભળાવતાં, શેઠે વિચારીને ઉત્તર આપ્યો કે—‘જે થાય તે સારા માટે.’ એ અરસામાં ઘણા બળદો સંકીર્ણ

માર્ગે નીકળ્યા. પાછળથી હાંકતાં બધા બળદો સાથે ચલાવતાં પણ એક બળદ કે જેનાપર વેપારીની જાત્યરત્નની એક ગુણ લાદેલી હતી, તે દૈવયોગે સુંદર શેઠના ઘરમાં પેઠો, એટલે તરતજ ચોતરફ દૃષ્ટિ ફેરવી. શેઠે ગુણ ઉતારી લઇને બળદને બહાર હાંકી કહાડ્યો પછી ગુણ પ્રમાણ ખાડો ખોદી, તેમાં રત્ન–ગુણ દાટી. લીંપી નાંખીને તેપર કલ્યાણકારક સ્વસ્તિક રચાવ્યું. હવે ઘણા દિવસો જતાં સુંદર શેઠે તે ગુણ બહાર કહાડી અને તેમાં જાત્યરત્નો જોઈ, પ્રમોદ પામતાં તેણે યશોમતીને કહ્યું કે—'હે ભદ્રે ! જો કુતરો જીવતો હોત, તો મોટા અવાજે તેના ભસતાં, બળદ ત્રાસ પામી ભાગી જાત. પણ આપણા ઘરમાં આવવા ન પામત. તે શ્વાન મુવા છતાં ઘરનું બારણું જો ભાગીને ન પડયું હોત, તો ગુણ સહિત બળદ અંદર આવી શકત નહિ, તેમ છતાં જો પુત્રવધૂ પીયર ન ગઇ હોત તો કોઇ આગળ પણ એ વાત કર્યા વિના તે રહેતજ નહિ. તો એ દ્રવ્યનો મને જે લાભ થયો, તે અત્યારે દરિદ્ર બનેલ મને એ ઉપરોધથી પણ મુનિને દાન દીધું, તેનું ફળ મળ્યું, એમ તું અવશ્ય માનજે.' એ પ્રમાણે સાર્થલોકોના ઉપરોધથી મુનિને દાન આપવાનું ફળ સાક્ષાત્ જોઈ–જાણી, સુંદર શેઠ મિથ્યાત્વને તજી સદા સુપાત્રે દાન દેવાને તત્પર થયો.

હવે એકદા તે નગરના રાજાને અકસ્માત્ પેટમાં અત્યંત શૂળની પીડા જાગી, તેથી તે બહુજ પીડાયો. વૈદ્યો બધા લાચાર બન્યા. રાજાને પીડાતો જોઇને મંત્રીએ નગરમાં ઢંઢેરો ફેરવ્યો કે–'ઔષધ કે મંત્રથી જે કોઇ રાજાની શૂલ–વેદના ટાળશે, તેને માગ્યા પ્રમાણે રાજા યથેચ્છ વસ્તુ આપશે.' એટલે સુંદર શેઠ રત્ન–માહાત્મ્યને જાણતો હોવાથી તેણે પટહનો સ્પર્શ કર્યો અને બધા લોકોની સમક્ષ પહેરેલ રત્નમુદ્રિકા પાણીમાં ઝબોળી. તે પાણી રાજાને પીવરાવતાં તેણે તરજ શૂલપીડાથી મુક્ત કર્યો ત્યારે રાજાએ

જણાવ્યું કે—' હે શેઠ ! તમારી ઇચ્છા પ્રમાણે માગી લ્યો. ' શેઠ બોલ્યો—' હે રાજન્ ! તમારી પીડા દૂર થઈ, તેથી હું શું ન પામ્યો ? ' આથી રાજા વિશેષ સંતુષ્ટ થતાં ઉચિત વસ્ત્રાદિક આપી માથે હાથ મૂકતાં રાજાએ તેને નગરશેઠની પદવી આપી. જેથી નક્ષત્રોમાં ચંદ્રમાની જેમ સુંદર શેઠ બધા વણિકોમાં મુખ્ય બની ઘણા વરસો પર્યંત શેઠની પદવી પાળવા લાગ્યો. પછી એકદા વૈરાગ્ય પામતાં, પોતાના પુત્રને નગરશેઠના પદે સ્થાપી સુંદર શેઠે મુક્તિની સખી સમાન પ્રવ્રજ્યા અંગીકાર કરી, અને સંયમમાં વર્ત્તતાં તીવ્ર તપ આચરી, પરીષહો સહન કરી, જિનવચને શ્રદ્ધા લાવી, ગ્રામાનુગ્રામ વિચરતાં, આયુ પૂર્ણ થતાં પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં, શુભ ભાવના સહિત **સુંદર** મુનિ સ્વર્ગે ગયા. "

એ પ્રમાણે ઉપરોધથી પણ આપવામાં આવેલ દાનનું ઐહિક અને પારલૌકિક ફળ સાંભળી, મહામતિ ભવ્યે મહાત્માઓને સદા દાન આપવું.

---

તેમજ વળી અયોધ્યા નામે નગરી કે જે ભય, અશુભ, ક્રોધ. દ્રોહવડે અવંધ્ય-યુક્ત છે. ત્યાં અર્થી જનોને ઇચ્છિત આપનાર તથા પ્રત્યર્થી-શત્રુઓને સતાવનાર એવો **ભીમ** નામે રાજા હતો. પાંચસે મંત્રીઓમાં યક્ષોમાં ધરણેંદ્રની જેમ મુખ્ય એવો **લક્ષ્મણ** નામે તે રાજાનો મંત્રી હતો. કામદેવને રતિ અને પ્રીતિ તુલ્ય તે પ્રધાનને બે ભાર્યા હતી કે જે અભિમાની, ક્રોધી અને ભારે કજીયાખોર હતી, જેથી પોતાના ઘરના ભીન્ન ભાગે તેણે એકને નીચે અને એકને ઉપર રાખી, તથા સ્વજનોના કહેવા પ્રમાણે બંનેના તેણે વારા કર્યા. એકદા રાજ્ય-કારભારમાં રાત ઘણી વીતતાં, અતિ વિલંબ થયો. ત્યારે મેડીપર રહેનાર વધૂ વિચારવા લાગી કે—' અરે ! જ્યારે જ્યારે મારો વારો આવે છે ત્યારે અવશ્ય એ બીજે ક્યાં વિલાસ કરવા જાય છે, તેથી હમેશાં વિલંબે આવે છે, અને

નીચેની રાંડ તાડના કરે છે જેથી તે વ્હેલો આવે છે, માટે આજે હું બારણું વાસી દઉં, તે આવશે તો પણ ઉઘાડીશ નહિ.' એમ ક્રોધાયમાન થઇ, દ્વાર બંધ કરીને તે અંદર શય્યાપર પડી રહી. પછી અર્ધરાત્રે અમાત્ય આવ્યો. તે સર્વાંગે ખેદ પામ્યો હતો. એટલે હળવે હળવે ઉપર જઇ તે વારંવાર દ્વાર ઠોકવા લાગ્યો. પરંતુ પેલી સ્ત્રી કપટનિદ્રાએ સુતી હતી તેથી પ્રધાને મોટેથી બોલાવતાં પણ બોલતી નહિ, ત્યારે ચાટુ વચનથી કહેતાં પણ તેણે દાદ ન આપી એમ કહીને નિર્વેદ—કંટાળો પામતાં સચિવ નીચે ઉતરવા લાગ્યો કે તરતજ નીચે રહેતી કાંતાએ તેને હાથનો ટેકો આપ્યો અને પ્રધાન નીચે ઉતર્યો તેવામાં ઉપરની ભાર્યાએ કમાડના છિદ્રમાંથી જોઇને જાણ્યું કે—'હાય! આ તો પેલી રાંડ દ્વાર ઉઘાડીને તેને લઇ જાય છે.' એમ ધારી આક્રોશ કરતી તે દોડી અને એક હાથ પકડીને તાણવા લાગી. તેવામાં નીચેની ભાર્યા પોતાના ભણી પગ તાણવા લાગી. એમ બળ કરીને જે તાણે તેની તરફ પ્રધાન ખેંચાય. એ રીતે વારંવાર જોરથી તણાતા સચિવનું શરીર બહુ છોલાઈ ગયું. એવામાં ઉપલી ભાર્યાએ બહુ જોર કરી, જીવને જેમ કર્મપ્રકૃતિ તાણે તેમ પ્રધાનને તાણી લીધો. અને રાતભર તેની સાથે તેણીએ આક્રોશ વચનથી કલેશ કર્યો. પછી પ્રભાત થતાં પ્રધાન વસ્ત્ર પહેરીને રાજસભામાં ગયો. ત્યાં રાજાએ તેને પૂછયું કે—'હે પ્રધાન! પ્રસ્વેદ કરનાર, શીતઋતુ વિના તમે જામો પહેર્યો છે?' પ્રધાને કહ્યું—સ્હેજ પહેર્યો છે.' ત્યારે રાજાએ વિચાર કરી જરા હાસ્ય કરવા, મંત્રીનો જામો ઉતરાવ્યો. એટલે છોલાયેલ શરીર જોતાં, વિસ્મય પામી સભાજનો બધા ખૂબ હસ્યા.

એવામાં તેજ નગરમાં એક જુગારી અને ચોર વણિકપુત્ર કે જેને રોગી ઉંટને ઉંટપાલની માફક માતપિતાએ ઘરથી કહાડી મૂકેલ છે તે ચોરટા સાથે મળી લોકોને લુંટતો જ્યાં ત્યાં ભમે છે, તે

પોતે બહાર એકલો બેઠો છે, તેને ખાવા પૂરતું ધન દઇ ચોરટા બધા બહાર રહ્યા અને વણિકપુત્ર ભાતું લઇ, નગર બહાર નીકળતો હતો તેવામાં ભિક્ષા નિમિત્તે નગરમાં જતાં એક સાધુને તેણે જોયા એટલે દૂરથીજ સાધુને વંદન કરતા જોઈ વિચારવા લાગ્યો કે— ‘ અહા ! મેં દુષ્ટે માતપિતાને તજ્યા, જિનધર્મ મૂકયો. ધર્મોપદેશક સાધુનો પણ મેં ત્યાગ કર્યો. હા ! હા ! હું કેવો અધમાધમ બન્યો ? માટે હવે તો બધાં અકૃત્ય–પાપને છેદનાર સાધુને દાન દઉં. ’ એમ ભાવી, તેણે સાધુને દાન દીધું, પછી સાધુને વંદી, તે ચોરો પાસે આવ્યો. તે બધા જમીને નગરીમાં પહોંચ્યા. ત્યાં રાત પડતાં, નગરમાંથી રાજાના ઘોડા લઈ, ચોર પાછા ફર્યા, એટલે કોટવાળે તેમને જોતાં, ચોર સમજીને માર્યા, પણ પેલો વણિકપુત્ર ભાગવા માંડ્યો, તેને ગાઢ બાંધી, પ્રભાતે કોટવાળ તેને રાજદ્વારે લાવ્યો અને રાજાને વાત કહી. હવે વણિકપુત્ર ત્યાંજ બેઠો છે, એટલે દ્વારપાલે રાજાને વિનંતી કરી કે–‘ હે સ્વામિન્ ! કોટવાલે આણેલ ચોર બારણે ઉભો છે. ’ તે સાંભળતાં રાજાએ મંત્રીને આદેશ કર્યો કે—‘ હે પ્રધાન ! એ ચોરને અપૂર્વ રીતે કદર્થના પમાડો. ’ એમ કહી મંત્રીને તેણે વિદાય કર્યો. પ્રધાને પોતાના સ્થાને જઇને કોટવાળને પૂછ્યું કે—‘ એણે શી ચોરી કરી ? ’ તે બોલ્યો— ‘ રાજાના અશ્વો ચોર્યા. ’ એમ તેના કહેતાં મંત્રી પોતાની બંને ભાર્યાથી નિરંતર દુઃખી છે, તેમની બંને કન્યા ચોરને પરણાવતા, મંત્રીએ શિખામણ આપી કે—‘ હે ભદ્ર ! હવે આજથી તું ચોરી કદિ કરીશ નહિ. સ્ત્રીઓ સાથે ઘરવાસ સુખે પાળજે. નહિં તો તને મારી નાખીશ. ’ એ રીતે પરણાવી, તેણે ચોર–વણિકપુત્રને વિસર્જન કર્યો અને રાજા પાસે જતાં તેણે ચોરનો વૃત્તાંત સંભળાવ્યો. જે સાંભળતાં રાજા કોપાયમાન થઇ, પ્રધાનને કહેવા લાગ્યો કે–‘ વિચારમૂઢ છે, કે વિનાશવા લાયકને આમ સુખી

કરવા જાય છે.' ત્યારે મંત્રી બોલ્યો—' હે સ્વામિન્! પુરૂષ બે ભાર્યાથી જેવું દુઃખ પામે છે, તેવું બીજું એકે દુઃખ નથી. હું બે ભાર્યાથી સદા ભારે દુઃખી છું. નરકના દુઃખ કરતાં પણ બે પત્નીવાળાને અધિક દુઃખ હોય છે.' એમ કહીને તેણે રાજાને સમજાવ્યો.

હવે તે ચોર ચિંતવવા લાગ્યો કે—' અહો! મુનિદાનનું માહાત્મ્ય! બધા ચોર માર્યા જતાં એક હું તેમાંથી છુટયો. પાછળથી રાજાએ કોપાયમાન થઇ મારવાનો હુકમ કરતાં પણ અમાત્યે મને પોતાની બે કન્યા પરણાવી. હવે જો હું રાજાજ્ઞાનો ભંગ કરી, ચોરી કરવા જઇશ, તો પ્રધાન મારાપર કોપ કરી, મને અવશ્ય મારશે. માટે હવે માતાપિતા પાસે જઇને તેમની ભક્તિ કરૂં.' એમ ધારી બંને સ્રીસહિત તે પોતાને ઘેર ગયો. ત્યાં માતપિતાને તેણે પોતાનો વૃત્તાંત સંભળાવતાં, તેમણે પ્રધાનને પૂછીને ઘેર આણ્યો. પછી પ્રેમાળ સ્રીઓ સાથે સુખ ભોગવતાં, વટવૃક્ષની જેમ બહુ પુત્ર-પૌત્રોથી વિસ્તાર પામ્યો. વળી દાનના પ્રભાવને નિત્ય હૃદયમાં સંભારતો તે સૂર્યોદયથી સૂર્યાસ્તસુધી નિરંતર સુપાત્રે દાન આપતો. એવામાં એકદા ત્યાં આચાર્ય આવ્યા, તેમની પાસે ભાર્યાસહિત તેણે સંયમ લઇ, દુસ્સહ તપ તપી, સર્વ પાપની આલોયણા લેતાં અને પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરતાં, મરણ પામીને તે દેવલોકે ગયો. એ પ્રમાણે ભાવદાનપર વણિકસુતનો વૃત્તાંત સાંભળી, હે ભવ્યો! આ લોક અને પરલોકમાં સુખકારક સદા ભાવથી દાન આપો."

એમ દાન-ધર્મને પ્રકાશનાર:મુનિની વાણી સાંભળતાં બધા વિદ્યાધરો આકાશમાર્ગે પોતપોતાના સ્થાને ગયા. ત્યારે શ્રદ્ધાયુક્ત કામકેતુએ પ્રિયા સાથે દેશવિરતિ સ્વીકારતાં, પોતાના નગર પ્રત્યે જવાની ઇચ્છા કરી. એટલે કોઈ વિદ્યાધરે ભાતું આપી, તેણે પોતે તે બંનેને તેના નગરના માર્ગે લાવી મૂકયા. ત્યાંથી તે આગળ

ચાલ્યા, અને માર્ગના જંગલમાં જતાં જતાં તેમણે વ્યંતરની એવી વાણી સાંભળી કે—'અહીં એક મહાતપસ્વી સાધુ છે તે સાધુએ એવો દુષ્કર અભિગ્રહ કરેલ કે–બેતાળીશ દોષરહિત જો આ જંગલમાં આહાર મળે તો ભોજન કરૂં. નહિ તો ત્યાંસુધી નિશ્ચલપણે કાર્યોત્સર્ગ કરીશ. એ અભિગ્રહ લેતાં તેમને પાંચ માસખમણ થયા. તે મુનિ તમારે નમસ્કાર કરવા યોગ્ય છે.' એમ સાંભળી કામકેતુ 'આ શું ?' એમ ચમકયો. ત્યાં કાંચનપ્રભા બોલી કે–'હે નાથ ! મને લાગે છે કે અહીં અભિગ્રહધારી કોઇ મુનિ છે, એમ વ્યંતરે જણાવ્યું. માટે આપણે નિર્દોષ ભાતું તેમને વ્હોરાવીએ.' એમ તેણીએ કહેતાં, કામકેતુએ પ્રિયાને ત્યાં મૂકી, વનમાં ભમતાં કાયોત્સર્ગે રહેલા મુનિ જોયા. એટલે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક તેણે ભાવથી મુનિને પ્રણામ કર્યા અને કહ્યું કે—'હે ભગવન્ ! મારૂં પ્રાસુક અન્ન લેવા અનુગ્રહ કરો.' ત્યારે શરીર ધારણ કરવાના કારણરૂપ પ્રાસુક આહાર લેવાની ઇચ્છાએ જ્યાં કાંચનપ્રભા બેઠી છે, ત્યાં મુનિ ગયા. તેણે ભાવથી કલ્પનીય પોતાનું ભાતું પ્રતિલાભતાં, મુનિએ તે ગ્રહણ કર્યું. ત્યાં 'અહો દાન ! અહો ! અહો ! એમનો પુણ્યોદય !' એમ બોલતાં વ્યંતરે કહ્યું કે—'હે સજ્જન ! એક વર માગી લે.' ત્યારે કામકેતુને હજી મોટી કામનાઓ ઘણી હતી, તેથી તેણે વ્યંતર પાસે માગ્યું કે—'અહીં એક નગર વસાવી, મને મોટું રાજ્ય આપ' એટલે સંતુષ્ટ થયેલા વ્યંતરે ત્યાં હાથી, ઘોડા અને લોકસહિત એક નવીન નગરી વસાવી અને તેમાં કામકેતુને રાજા બનાવ્યો. જ્યાં પ્રતાપી કામકેતુ કાંચનપ્રભા સહિત વ્યંતરની સ્હાયતાથી તે દેશમાં રાજ્ય ચલાવવા–ભોગવવા લાગ્યો. તેણે પોતાના પરાક્રમથી બીજા બધા રાજાઓને તાબે કર્યા. તે સમૃદ્ધ પોતાની પ્રજાનું રક્ષણ કરતાં પોતે વધવા લાગ્યો. વળી સ્વજનોને પોતાની પાસે બોલાવી,

સન્માન આપતાં તેણે તેમને પોતાના રાજ્યસુખના ભાગીદાર બનાવ્યા. સજ્જનોની એજ રીત છે. એમ દાનથી ભોગ અને સામ્રાજ્ય પામતાં કામકેતુને બરાબર પ્રત્યય–વિશ્વાસ થવાથી તે શ્રદ્ધાપૂર્વક સુપાત્રે દાન આપવા લાગ્યો. અનુક્રમે ગુરૂનો યોગ મળતાં વ્રત લઇ, કામકેતુનો જીવ પાંચ ભવમાં મોક્ષ પામશે. માટે આ લોક અને પરલોકના સુખને ઇચ્છનાર ભવ્યોએ સદા સુપાત્રે દાન દેવું. તેનાથી સર્વસિદ્ધિ પ્રાપ્ત થાય છે.”

## દાન નહિં દેવા ઉપર કુરંગની કથા.

વસ્તુ વિદ્યમાન છતાં જે પાત્રે દાન આપતો નથી, તે દાનથી પામવા યોગ્ય ભોગ—સુખો સંસારમાં કેમ પામી શકે ? તે સંપદા કે સંસારનાં સુખ પણ પામી ન શકે. કારણ કે પૂર્વે દાન આપ્યા વિના પ્રાણી તેવાં સુખો ક્યાંથી પામે ? જેમણે પૂર્વભવે દાન આપેલ નથી, તેઓ આ ભવે દીન, હીન અને પરાભવને સહે છે. તેમજ જળવડે રજની જેમ દાનથી દુષ્કૃત શાંત થાય છે, પણ જે પાપાત્મા દાન કરતો નથી, તે **કુરંગ**ની જેમ અધોગતિને પામે છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે—

આસ્તિક જનની શ્રદ્ધાને રમવાના ગુપ્ત સ્થાનરૂપ તથા સદા અધર્મરહિત એવી **સુશર્મા** નામે નગરી છે. ત્યાં **મૃગાંકમંડન** નામે રાજા કે જેણે વક્તૃત્વ અને કવિત્વથી વાણી અને દાન તથા ભોગથી લક્ષ્મીને સફળ કરી હતી. ત્યાં ધનિક કુળમાં જન્મેલ **કુરંગ** નામે એક વણિકપુત્ર કે કર્મવિપાકે દરિદ્રતા પામ્યો હતો.

તેના પિતરાઈ–ભ્રાતાઓ તથા જ્ઞાતિના સંબંધીઓ શ્રીમંત હતા અને પૂર્વે કરેલ પુણ્યથી પ્રાપ્ત થયેલ લક્ષ્મીવડે દાન કરતા અને ભોગ ભોગવતા હતા. તેઓ નગરમાં પ્રમાણિક ગણાતા અને રાજ્યમાં પણ માન પામતા હતા. કુરંગના લગભગ બધા સ્વજનો લોકોમાં પ્રસિદ્ધ થઇ માન્ય થઈ પડ્યા હતા; પરંતુ પૂર્વના દુષ્કૃતને લીધે કુરંગ નિર્ધન અને વેપાર કરતાં પણ તે લક્ષ્મી ન પામ્યો, એમ કોઇ રીતે તે ધન ન પામ્યો. એટલે પોતાના પીતરીયા, સ્વજનો અને જ્ઞાતિ લોકો પાસે યાચના કરીને તે ભોજન પામતો. તેની વારંવારની યાચનાથી તે લોકોએ કંટાળીને તેને આવતો બંધ કર્યો. સત્ય છે કે જેના ઘરથી અલગ–દૂર જઇ રહેતાં તે તેની અપેક્ષાએ મૃત સમાન લાગે છે. કુરંગને સ્વજનોએ એવો તિરસ્કાર કર્યો કે તે પોતાના આત્માને નિંદતો અને પોતાના દુષ્કર્મના પરિપાકથી અત્યંત ખેદ પામતાં તે હૃદયમાં ચિંતવવા લાગ્યો કે—‘ મારા આ સ્વજનો બધા પોતાના પુણ્યથી સમૃદ્ધિ પામ્યા છે અને બીજાઓપર ઉપકાર કરે છે, પણ મારી તો દીન વાણી પણ સાંભળતા નથી, વળી હું જે કાંઇ કરૂં છું, તેથી હાનિજ પામું છું, માટે અન્ય ક્યાં ચાલ્યો જાઉં. અંહીં રહી શકાય તેમ નથી. ’ એમ વિચારી તે કયાંક ચાલી નીકળ્યો. માર્ગે જતાં એક સાધુ મળ્યા, તેમને નમીને તેણે પોતાના પૂર્વભવની વાત પૂછી. ત્યારે જ્ઞાની સાધુ તેને વૈરાગ્ય નિમિત્તે કહેવા લાગ્યા કે—

“ સમૃદ્ધ લોકથી વાસિત **સુસીમ** નામે ગામ છે. ત્યાં પરસ્પર પ્રેમાળ, વ્યવસાયથી શ્રીમંત બનેલા **ધનદ** અને **ધનપુંજ** નામે બે પાડોશી મિત્ર હતા. એકદા ધન લઇને તે બંને દૂર દેશ પ્રત્યે ચાલ્યા, અને બપોર થતાં તેઓ કોઈ ગામમાં ગયા. ત્યાં તેમણે કોઈ વૃદ્ધા સ્ત્રીને રાંધવા સામગ્રી લાવી આપી, એટલે તેણે તૈયાર કરી, મીઠા વચને તેમને જમવા બોલાવ્યા. ત્યારે આસને બેસી

પગ ધોતા તે બંનેને વૃદ્ધાએ પૂછયું કે—'તમારે કયાં અને કેવો વ્યવસાય કરવા જવાનું છે ?' તેમાં એક બોલ્યો—'હું **શ્રીકુલ** નગરમાં ઘી લેવા જઈશ.' બીજાએ કહ્યું—'હું પણ તેજ નગરમાં ચામડાની ખરીદ કરવા જઇશ.' આથી વૃદ્ધાએ ઘી લેવા જનારને ભક્તિથી ઘરમાં બેસારી જમાડયો અને બીજાને અનાદરથી બહાર બેસારી, જમાડયો. ત્યારે 'આપણને તેણે અંદર અને બહાર બેસારી ભેદથી કેમ જમાડયા?' એમ ચિંતવતા તે બંને યથાસ્થાને ગયા. ત્યાં એકે ઘૃત લીધું અને બીજાએ ઇચ્છાનુસાર ચર્મ લઇ, પાછા વળતાં તેમને ભિન્ન ભિન્ન ચિંતા-વિચારણા જાગી. તે બંને પાછા તેજ ગામમાં પેલી વૃદ્ધાને ઘેર આવ્યા અને રસોઇ માટે તેમણે સામાન લાવી આપતાં, તેણે ભોજન તૈયાર કર્યું. પછી પૂર્વે જેને ઘરમાં બેસારી ભકિતથી જમાડયો હતો, તેને બહાર અને બીજાને ઘરની અંદર બેસારીને જમાડયો. આથી તેમણે વિસ્મય પામતાં વૃદ્ધાને પૂછયું કે—'હે માત ! જતાં આવતાં, તેં અમને ભિન્ન સ્થાને કેમ બેસાર્યા ?' તે વૃદ્ધા બોલી—'હે વત્સો ! તમે બરાબર ધ્યાન પૂર્વક સાંભળો—જે પૂર્વે ઘી લેવા ચાલ્યો, તેની એવી ધારણા તે વખતે હતી કે—જયાં હું ઘી લેવા જવાનો છું, ત્યાં ગાયો, ભેંસો લષ્ટ-પુષ્ટ હોય, તો મને ઘી સસ્તું અને પુષ્કળ મળે. એવા અભિપ્રાયથી પૂર્વે તું જતો હતો, એ તારા શુભ આશયથી મેં તારી સારી સરભરા કરી. તેમજ આ ચર્મના વેપારીનો તે વખતે એવો દુષ્ટ વિચાર હતો કે ઘણા ચતુષ્પદ જનાવર મરે, તો ચામડું સોંઘું થાય અને પુષ્કળ મળે, એવા પાપી વિચાર સમજી, તેને ચંડાળ સમાન જાણીને બારણે બેસારી જમાડયો. ક્રૂર મનના પાપી પ્રાણીથી ઘર અભડાય-એમ કહેવાય છે, તેથી ઉતમ જનો તેને ઘરમાં પેસવા દેતા નથી. અત્યારે તમે માલ ખરીદી પાછા વળતાં, તમારા બંનેના વિચાર વિપરીત થયા છે. ઘીવાળાનો વિચાર અપવિત્ર અને ચામ-

ડાવાળાનો સંકલ્પ હમણાં સારો છે. તેથી તમો બંનેની મેં વિપરીત સરભરા સાચવી.' એમ વૃદ્ધાનાં વચન સાંભળી અને પોતાના મનની તેવી સ્થિતિ સમજી, માલ લઇને તેઓ સત્વર આગળ ચાલ્યા. આગળ જતાં તેમણે સુરાસુરની સભામાં ધર્મ–દેશના આપતા એક કેવળીને જોયા. એટલે કૌતુકથી તે બંને પ્રમોદથી તેમને નમસ્કાર કરી દાનસંબંધી દેશના સાંભળવા બેઠા. અવસરે ધનદે પૂછયું કે—' હે ભગવાન્ ! મને લાભ થશે કે નહિ ? ' જ્ઞાનીએ કહ્યું—' તમને ધર્મનો લાભ નહિ, પણ અર્થનો લાભ થશે.' એમ સાંભળતાં તે બંને પોતાના ગામ ભણી ચાલ્યા અને અનુક્રમે તેઓ સ્વસ્થાને પહોંચ્યા.

હવે સાધુસહિત કેટલાક આચાર્યો તે ગામની નજીકના ઉદ્યાનમાં શુદ્ધ ભૂમિકાએ પધાર્યા. દૈવયોગે કાયોત્સર્ગમાં રહી, તપ આચરતા તેમાંના કોઈ સાધુને કોઈ દુષ્ટે શરીરે મોટો ઘા કર્યો, છતાં દેહમાં નિઃસ્પૃહ સાધુ તેની પીડા સ્હેવા લાગ્યા. ત્યાં અનુક્રમે તે ઘા પ્રસરતાં પાકીને સડવા લાગ્યો. તેવામાં કોઈ વૈદ્ય શ્રાવકે તે સાધુને જોયા અને ' અહો ! સાધુને મહાકષ્ટ છે ' એમ ધારી તે બહુ ખેદ પામ્યો. પછી તેણે આચાર્યને નિવેદન કર્યું કે—' હે પ્રભો ! હું શ્રાવક વૈદ્ય છું, પણ દરિદ્ર હોવાથી, મારા ઘરે ઘૃત–ઔષધ નથી. અહીં તે અત્યારે દુષ્પ્રાપ્ય છે, તે ધનદના ઘરે છે, માટે તમે માગી લાવો, તો હું ઘૃત–મિશ્ર ઔષધે તપસ્વીની ચિકિત્સા કરૂં. કારણ કે શરીરનું રક્ષણ કરતાં તપો-વૃદ્ધિ થાય છે. વળી સાધુની ચિકિત્સા કરવાથી મને પણ અભીષ્ટ લાભ થાય.' એમ તેણે કહેતાં, આચાર્યે બે મુનિ મોકલ્યા. તેમણે ધનદ પાસે જઈ, ગ્લાન મુનિનો વૃત્તાંત જણાવી, ઔષધ માટે ઘૃત માગ્યું પણ કૃપણતા, નિર્દાક્ષિણ્ય તથા દાનથી વિમુખ હોવાથી તેણે મુનિને જણાવ્યું કે—' ઘૃત નથી, માટે ચાલ્યા જાઓ.' ગ્લાન માણસ પ્રત્યે

પણ ઔષધ આપવાની ભાવના હોવી જોઈએ, તો ગ્લાન સાધુ પ્રત્યે તો અવશ્ય જોઇએ, છતાં ધનદને દાનબુદ્ધિ ન આવી. પછી સાધુ તો પાછા ચાલ્યા ગયા. ધનદ તો કદાપિ કીર્ત્તિ–દાન કે ધર્મ-દાનમાં પણ ધન વાપરતો ન હતો. પાપે ધન–સંચય કરી, ધનદ મરણ પામતાં તે તું કુરંગ થયો છે.' એ પ્રમાણે સાંભળતાં કુરંગ હરિદ્રી વિચારવા લાગ્યો કે—'અહો! મને ધિક્કાર છે કે છતી શકિતએ મેં દાન ન દીધું, તે વિના આ ભવે હું લેશ પણ સુખ પામ્યો નહિ. આ જીવિકારહિત થઇ, બધે દીન અને હીનપણે ભમ્યા કરૂં છું પૂર્વે જો મેં દાન દીધું હોત, તો આ ભવમાં ધન પામત, પણ તેમ તો મેં કર્યું જ નથી, જેથી અત્યારે ધન ન પામ્યો, તો હવે હું દાન–ધર્મ શાથી કરૂં ? માટે હું વ્રત જ લઈ લઉં કે જેથી દુષ્કર્મનો અંત આવે.' એમ ધારી, સંયમ લઇને, તે સુખદાયક તપ આચરવા લાગ્યો."

## શીલવ્રત ઉપર અમાત્ય સુતાની કથા.

—(:)—

શીલમંત્ર તે સ્વ–પરને સર્વ પ્રકારે રક્ષણ કરવામાં તથા આત્માના કર્મ–કાષ્ઠને બાળવામાં અગ્નિ સમાન છે. **શીલ**વ્રતપર **અ**માત્યસુતાની કથા આ પ્રમાણે છે—

રાજગૃહ નામે નગર કે જે ધર્મ, ન્યાય અને લક્ષ્મીનું સ્થાન તથા જિનચૈત્યો અને સાધુઓથી સુશોભિત છે. ત્યાં શત્રુસ્ત્રીઓની પત્ર-વલ્લિવડે પોતાની અસિધેનુને પુષ્ટ કરનાર તથા બધા રાજા-

ઓમાં મુગટ સમાન એવો **ચંદ્રશેખર** નામે રાજા હતો. તેને નીતિની રીતિને જાણનાર, પૃથ્વી–પોષક, સ્વામીભકત; સમર્થ તથા ધાર્મિક એવો **વસુ** નામે પ્રધાન હતો. રાજા પણ અનેક શાસ્ત્રોનો જ્ઞાતા, વિદ્વાનોની સભામાં બેસનાર તથા નવીન કાવ્ય–કર્ત્તાઓને અત્યંત સન્માન આપનાર હતો. હવે તેની કીર્ત્તિ સાંભળતાં, અપ્રતિમ પ્રતિભાશાળી એક અંતર્વેદી પંડિત ત્યાં આવી ચડયો. તે જે કાંઇ કાવ્ય બોલતો, તે વિદ્વાનોને લજ્જા પમાડનાર તથા ફુંફાડા મારતા ભુજંગની જેમ તે પદો કોઇ ધારી શકતો નહિ. તેવામાં દેશાંતરથી આવેલ તે પંડિત જાણવામાં આવતાં રાજાએ તેને બોલાવ્યો. વિદ્યા–રત્નનો કોણ અર્થી ન બને? એટલે પોતાને પંડિત માનનાર તે સુજ્ઞ રાજસભામાં ગયો અને એક સો આઠ શ્લોકોથી તેણે રાજાનું વર્ણન કર્યું. છંદ, અલંકારના દોષ જાણનારા જેને દૂષિત ન કરી શકે તેવા શ્લોકો સાંભળતાં રાજાએ તેને પોતાના અર્ધાસને બેસાર્યો, અને કહ્યું કે—'આ દાઢીવાળી સાક્ષાત્ સરસ્વતી કયાંથી?' તે બોલ્યો—'હે રાજન્! હું મધ્ય દેશથી તમારૂં દર્શન કરવા આવેલ છું.' તેની તાર્કિક વાણી સાંભળતાં અન્ય પંડિતો, સંગ્રામમાં વાજિંત્ર સાંભળતા કાયરની જેમ સંકોચાઇ ગયા. પછી રાજાએ ભારે હર્ષ પામી જેટલા શ્લોક હતા, તેટલી સોનામ્હોર પંડિતને અપાવીને પ્રથમ દિવસે ભારે આદર કર્યો, અને વળી પ્રધાનને રાજાએ આજ્ઞા કરી કે—' આ પંડિત જેટલા શ્લોક બનાવી લાવે, તેટલી સોનામ્હોર તમે એને સદા આપતા રહેજો.' આથી તે પંડિત નિરંતર એક સો આઠ શ્લોક બનાવીને તેટલી સોનામ્હોર લેતો, તે જ્યાં ત્યાં ભોજન કરતો અને જીર્ણ દેવકુળમાં સુઇ રહેતો. રાજા પોતે પ્રિય વાકય પ્રત્યે દાતાર છે અને પંડિત નવાં કાવ્યો બનાવવામાં નિષ્ણાત–સમર્થ છે. આથી પ્રધાનને ભારે ચિંતા થઈ પડી. તે વિચારવા લાગ્યો કે—' એમ

સદાકાળ સોનાનું દાન દેતાં તો મેરૂપર્વત પણ ખલાસ થઈ જાય, તો રાજાનો ભંડાર શા હિસાબમાં ? હવે જો હું રાજાને અટકાવું તો એનું દિલ દૂભાય અને નહિ તો લક્ષ્મી જાય છે. રાજા આપે, ત્યાં સુધી પંડિત લેતાં અટકે તેમ નથી.' આવી ચિંતાના શલ્યથી સચિવ ખાતો નહિ, સુતો નહિ અને એજ વિચારમાં તે વ્યાકુળ થવા લાગ્યો. એવામાં એકદા તે પોતાના ઘરે આસને બેસી એજ ચિંતામાં ચકચૂર છે, પોતે જમતો નથી અને માત્ર ભૂમિ પ્રત્યે જ જોઈ રહેલ છે, ત્યાં તેની નાની પુત્રી, મંત્રીના ખોળામાં બેસી, બે હાથે તેની દાઢી પકડતાં તે અમાત્યને કહેવા લાગી કે—' હે તાત ! તમારા હૃદયમાં દુઃખ પેદા કરનાર શી ચિંતા છે ? શું રાજા કોપાયમાન થયો છે કે અન્ય કોઈ દુઃસાધ્ય કામ માથે આવી પડ્યું છે ?' પ્રધાને જરા હસીને કહ્યું કે—' જો અસાધ્ય શત્રુ હોય, તો તું શું કરે ?' તે બોલી—' હે તાત ! હું તેને સાધવાની બુધ્ધિ આપું.' એમ સાંભળતાં પ્રધાને વિચાર કર્યો કે—' એ બાળક છતાં, એની બુદ્ધિ અપૂર્વ છે; અને લઘુ સ્ત્રીની પ્રાયે તાત્કાલિક બુદ્ધિ વિશેષથી હોય છે.' એમ ધારી સચિવે પુત્રીને કહ્યું કે—' હે વત્સે ! પેલો પંડિત સુવર્ણ વૃથા લઇ જાય છે.' એમ તે વૃત્તાંત સંભળાવતાં, પુત્રી બોલી કે—' હે તાત ! તમે ચિંતા તજીને ભોજન કરો. એ સાધ્ય છે કે અસાધ્ય, તે હું તમને પછીથી કહી બતાવીશ.' ત્યારે અમાત્યે કહ્યું—' હે પુત્રી ! જો તું તે મને સાધન—બુદ્ધિ બતાવીશ, તે પછીજ હું ભોજન કરીશ, નહિ તો ભોજન લેવાનો નથી.' કન્યા બોલી—' હે તાત ! તમે લજ્જાથી સ્વમુખ ઢાંકી, મને ખોટી રીતે તે પંડિત સાથે પરણાવો. પછી હું એવો ઉપાય કરીશ કે તે કંઈક ઓછું લેતાં છેવટે નવું નહિ લે અને પૂર્વે લીધેલ હશે, તે સુવર્ણ મૂકીને ભાગી જશે, તથા હું અહીં રહીશ.' તેણે એમ કહેતાં, મંત્રીએ પ્રમોદ પામી, પુત્રી

સાથે ભોજન કર્યું. પછી બીજે દિવસે બધા નિમિત્તીયા સાથે સંકેત કરી, મંત્રી તરત રાજસભામાં ગયો, ત્યાં રાજાને નમીને તે યથાસ્થાને બેઠો. તેવામાં જાણે પોતાના અભાગ્યથી આકર્ષાયો હોય તેમ તે પંડિત આવ્યો અને તેટલા જ શ્લોકો બોલીને તે રાજાના અર્ધાસને બેઠો. ત્યારે સંતુષ્ટ થયેલ રાજાએ મંત્રીના મુખ સામે જોયું. જ્યારે મંત્રી અંજલિ જોડી સર્વ સભા સમક્ષ કહેવા લાગ્યો કે—'હે નાથ ! એ પંડિત અમૂલ્ય શ્લોકો બનાવે છે, જેથી હું રંજિત થઇ, મારી પુત્રી એને પરણાવું, જો આપની અનુજ્ઞા 'હોય, તો એ કામ યુકત છે.' રાજા બોલ્યો—'હે સચિવ ! તમે ઉચિત વાત કરો છો. તારી પુત્રી વિદુષી છે અને આ પંડિત છે તો એ કામ બહુજ યુકત છે.' પછી પ્રધાને બધા જ્યોતિષીઓને પૂછતાં, તેમણે ગોધૂલિક લગ્ન આપ્યું, એટલે પ્રધાને તેજ વખતે પંડિતને પોતાની પુત્રી પરણાવી દીધી, અને હાથ જોડી જણાવ્યું કે—'હે વિદ્વન્ ! આ તારી પ્રિયા છે, એને લઇ, તમે સુખે તમારે ઘેર જાઓ.' જેથી સાક્ષાત્ ચિંતા સમાન તેણીને સાથે લઇ, જાણે નમવા જતો હોય, તેમ તરત કોઇ દેવકુલમાં ગયો. ત્યાં દેવને નમી, મંત્રિસુતા બોલી—'હવે સત્વર ઘરે ચાલો.' તે શરમાઇને બોલ્યો—'આ શિવાય અન્ય મારૂં ઘર નથી.' ત્યારે તે કોપ બતાવી બોલી—'અરે ! ઘર વિના તમે જમો છો કયાં ? તમે રોજ એકસો આઠ સોનૈયા લાવો છો અને રહેવાને માટે તો ઘર પણ નથી. હું આ નટ–વિટના સ્થાનમાં રહેવાની નથી. મને તો બે મજલાનું મકાન જોઇએ. માટે શીઘ્ર તૈયાર કરાવો.' પંડિત બોલ્યો—'આ વખતે એક ક્ષણવારમાં કાંઇ ઘર ઉભું ન થાય. માટે આજની રાત અહીં રહો, સવારે સારા મકાનની સગવડ કરીશું.' એમ તેને સમજાવીને તે રાત્રે ચિંતા કરતો ત્યાં રહ્યો, અને અર્ધરાત્રે ઉઠી તે એક શેઠને ઘરે ગયો. ત્યાં શેઠ જાગ્યો, ત્યાં

સુધી તે બારણે બેસી રહ્યો. પછી તેણે તે શેઠ પાસેથી મકાનનું તળીયું વેચાતું લીધું, અને તરતજ ગાડાં ભરી, ત્યાં રહેવાની તેણે બધી સામગ્રી તૈયાર કરાવી. પછી તે દેવકુળમાંથી મંત્રીસુતાને લઇ આવ્યો. એમ કામની વ્યગ્રતાથી તે પ્રથમ કરતાં અર્ધ શ્લોકો બનાવી શકયો અને તે પણ બોલતાં સ્ખલના પામતો અને અલંકારાદિકવડે તે દૂષિત હતા. એટલે પ્રધાને જણાવ્યું કે—' હે પંડિતજી તમે અડધા શ્લોકો દૂષિત કહ્યા.' એમ કહી તેણે તેને અડધા સોનૈયા આપ્યા. આથી લજ્જાથી સભામાં સંકોચાતા તે શ્વાનની જેમ ચાલ્યો ગયો અને ઘરે બહુ ખેદ પામ્યો. ત્યાં ઘરનું કામ તો કરવાનું કે કરાવવાનું તો હતુંજ. તે પ્રભાતે વ્હેલો ઉઠી, નોકરોને બોલાવવા જતો, પોતે ત્યાં બેસતાં તેમની પાસે રોજ કામ કરાવતો. વળી ઘરમાં ખપતી ચીજો તે મંત્રીશ્વરની પુત્રી વારંવાર પંડિત પાસે મંગાવતી, જેથી તે અત્યંત કંટાળી ગયો. આથી શ્લોક બનાવવાની તેની શકિત ક્ષીણ થતાં ઓછા ઓછા શ્લોક બનાવી તે રાજસભામાં આવતો અને ત્યાં ક્ષુદ્ર જનોથી પણ હાંસી પામતો. એટલે જ્યાં સન્માન પામતો, ત્યાં પોતાનો તિરસ્કાર જોતાં તેને અતિખેદ થયો. હીલના પામતાં પણ શ્વાનની જેમ જે લુબ્ધ રહે, તે લોભી અને અધમ પુરૂષ જાણવો. અને વળી ગૃહ—વ્યવહારમાં નિમગ્ન થતાં પુરૂષની શાસ્ત્રબુદ્ધિ નષ્ટ થાય છે. વિદ્વાનોની એ જ મૂડી છે, તેનો નાશ થતાં ગુજરાન કેમ ચાલે ?

એવામાં એકદા ખિન્ન થયેલ તે પંડિત, અપમાનનો વિચાર કરી, ભાર્યા તજી, ' જે ભાગે તે જીવે, એમ ચિંતવીને તે પલાયન કરી ગયો. ત્યારે મંત્રિસુતાએ કવિનું પલાયન જાણી, મંત્રીને જણાવ્યું. મંત્રી તેણીને પોતાને ઘેર લઇ આવ્યો. પછી પ્રથમના દિવસથી તે પંડિતને કાંચન અપાયું હતું, તે બધું તેણીએ પ્રધાનને આપતાં, તે બહુજ આનંદ પામ્યો. તેવામાં એક દિવસે પ્રધાને

પુત્રીને સત્ય વિવાહ માટે આગ્રહ કરતાં, તે બોલી કે—‘ હે તાત! મારે ફરી વિવાહ ન હોય. મારે તો હવે એક તીર્થંકર જ સ્વામી છે અને સુવર્ણના અલંકારો કરતાં શીલ–ભૂષણ શ્રેષ્ઠ છે.’ એ પ્રમાણે યુક્તિયુક્ત વચનોથી પોતાના પિતાને સમજાવીને તે શીળ પાળવા લાગી અને તપ તથા સ્વાધ્યાયથી શરીર શોષવા લાગી.

એકદા તે નગરના રાજપુત્રોએ ચપલતાથી પાદર દેવતાનાં વનવૃક્ષો મૂળથી ઉખેડી નાખ્યાં. તે જોતાં કોપથી જાજ્વલ્યમાન થતી દેવીએ તૃણને દાવાનલની જેમ તે અપરાધી રાજપુત્રોને તરતજ ભસ્મીભૂત કરી નાખ્યા, તથા તેમના અપરાધથી તોફાન, વૃષ્ટિ અને સતત પત્થર નાખતાં તે નગરનો ઉપદ્રવ કરવા લાગી. ત્યારે રાજા અને લોકોએ તેની નિત્ય સારી રીતે પૂજા કર્યા છતાં તે ઉપદ્રવો કરતાં અટકી નહિ. તેવામાં એક વખતે પ્રધાનને ચિંતાતુર જોઇ, તે કહેવા લાગી કે—‘ હે તાત ! ફરી તમને શી ચિંતા લાગી છે ?’ તે બોલ્યો—‘ હે વત્સે ! શું તને ખબર નથી પાદર દેવતા કુપિત થઈને નગરમાં ઉપદ્રવ કરે છે. તેને શાંત પાડવાનો ઉપાય હાથ લાગતો નથી, એજ મોટી ચિંતા છે. તો હે વત્સે ! તું શીલવતી છે, માટે તારા પ્રભાવથી તે શાંત થશે. તો લોકોને તેથી બચાવવાની દયા કર.’ એમ પિતાના ઉપરોધથી તેણે દેવતાને ઉદ્દેશીને તપ પૂર્વક કાયોત્સર્ગ કર્યો એટલે લોહચુંબકવડે લોહની જેમ તેના શીલ–ધ્યાનના પ્રભાવથી આકર્ષાયેલ દેવતા આકાશમાં રહી મંત્રિસુતા પ્રત્યે અંજલિ જોડીને બધા લોક સમક્ષ કહેવા લાગી કે— ‘ હે પ્રધાનપુત્રી ! કહે, શું કરૂં ?’ તે બોલી—‘ લોકોને કદિ ઉપદ્રવ કરીશ નહિ.’ એમ મંત્રીસુતાનું વચન ગૌરવસહિત માથે ચડાવી, લોકોને અભય આપતાં તે દેવી પોતાના સ્થાને ગઈ. એ પ્રમાણે શુદ્ધ શીલ પાળી, આયુષ્ય પૂર્ણ થતાં શીલના પ્રભાવથી દુષ્કર્મ દગ્ધ કરી, મંત્રિસુતા સ્વર્ગે ગઇ. એ રીતે સ્વ–પરને સુખકારી

મંત્રિપુત્રીનું ચરિત્ર સાંભળી ભવ્યાત્માએ યથાશકિત ઉત્તમ શીલ પાળવું."

## શીલના નાશ કરવા ઉપર શ્રીકાંતાની કથા.

—:[]:—

શ્રીને પરપુરૂષનો ત્યાગ અને પુરૂષને પરસ્ત્રીનો ત્યાગ, તે ગૃહસ્થોનું શીલ ગણાય, તે વિના દુઃશીલતા કહેવાય. સર્વથા શીલનો ધ્વંસ કરવાથી આ ભવમાં અનાદર અને મ્લાનિ અને પરલોકમાં **શ્રીકાંતા**ની જેમ નરકનાં દુઃખો પ્રાપ્ત થાય. તે વૃત્તાંત આ પ્રમાણે છેઃ—

આ ભરતક્ષેત્રમાં **લક્ષ્મી**વાસ નામે નગર કે જેનું નામ નિત્ય વસતી લક્ષ્મીવડે સાર્થક હતું. ત્યાં શ્રીપતિ નામે રાજા હતો, કે જેના ચરણ–કમળને આશ્રયે રહેલ રાજાઓ જાણે લક્ષ્મીને પ્રસન્ન કરવા સદા તેને પગે પડતા હતા. ત્યાં **કુમાર** નામે એક વણિક હતો કે જે ધર્મ–ધન વધારવાનો ઉપાય કરતો. તેને **શ્રીકાંતા** નામે ભાર્યા હતી. એક વખતે તેને વિચાર આવ્યો કે—

" द्रव्येण गौरवं लोके, द्रव्येण ख्यायते कुलम् ।
द्रव्येण मित्रसंपत्ति–धर्मो द्रव्येण गेहिनाम् " ॥ १ ॥

અર્થઃ—ધનથી લોકમાં ગૌરવ વધે છે, ધનથી કુળ ખ્યાતિ પામે છે, ધનથી મિત્રાદિકનો વધારો થાય છે અને ધનથી જ ગૃહસ્થો ધર્મ સાધી શકે છે.

એમ વિચારી કુમાર ધનોપાર્જન કરવા સાર્થ સહિત દેશાંતર ચાલ્યો. અને ત્યાં રહેતાં તેણે સારૂં ધન પેદા કર્યું. પછી પુષ્કળ ધન કમાઇ પોતાના નગર ભણી આવતાં રસ્તામાં તેણે એક વૃદ્ધને

આવતો જોયો એટલે તેને વૃદ્ધ સમજી કુમારે જુહાર કર્યા તથા કુમાર તેની પાસે રોજ બુદ્ધિ વધે તેવો ઉપદેશ સાંભળતો. એમ માર્ગે સંગાથે આવતાં પ્રીતિ વધવા લાગી અને અનુક્રમે પિતા-પુત્ર જેવો તેમનો સ્નેહ થયો. પછી લક્ષ્મીવાસ નગર નજીક નજીક આવતાં વૃદ્ધે કહ્યું કે—' હું અહીં નજીકના ગામમાં રહું છું.' એમ કહી અલગ પડતા વૃદ્ધને કુમારે પૂછયું કે—' હે તાત! સર્વ ઇલાજમાં કામ આવે, તેવી મને બુદ્ધિ બતાવો.' વૃદ્ધ બોલ્યો—' હે વત્સ! સાંભળ-તને શું અકથ્ય છે? નગરમાં પ્રવેશ કરતાં પોતાના ઘરના સમાચાર ન પૂછવા, પાછળ કરીયાણાં મૂકીને નગરમાં ન પેસવું અને સ્ત્રીનો વિશ્વાસ ન કરવો. એ ત્રણ શિખામણ તું પાળજે અને જરૂર પડે, તો મારી પાસે આવજે.' એમ કહીને વૃદ્ધ પોતાના ગામે ગયો અને કુમારે પણ પોતાના નગરમાં આવતાં બહાર એક પરિચિત પુરૂષને જોતા પૂછયું કે—' મારા કુટુંબમાં બધા કુશળ છે?' એમ વૃદ્ધવાકય ભૂલી જઇને તેણે પૂછતાં પેલા પુરૂષે જણાવ્યું કે— તારી માતા મરણ પામી.' આથી તેને બહુ દુઃખ થયું. પછી પોતાના કરીયાણાં પાછળ તજી તે ઉતાવળે પોતાના ઘેર આવ્યો, પણ તે વખતે અર્ધરાત્રનો સમય હોવાથી સ્વજનો બધા સુતેલા હતા, જેથી ઉંચે અવાજે તેણે બોલાવતાં પણ કોઇ જાગ્યું નહિ. ત્યારે અત્યંત ઉત્સુકતાને લીધે બહારની ભીંતપર ચઢતાં તેને ચોકીદારે જોયો અને ચોર સમજીને તેને ભાલો માર્યો, જેથી કુમાર જમીનપર પડયો. તેવામાં ઘરના લોકો જાગી ઉઠયા. એટલે કુટુંબે તપાસ કરતાં તેને ઓળખીને આંસુ પાડયાં. કુમારે પણ પ્રહારવડે જર્જરિત છતાં પૂછયું કે—માતાને કેવો રોગ હતો?' ત્યારે કુટંબે સંભ્રાંત થઇ કહ્યું—' એ શું કહો છો? માતા તો ઘરમાં સુતી છે. તેને રોગ કદિ થયો પણ નથી.' કુમાર બોલ્યો—' મને કોઇએ એમ કહ્યું કે—તારી માતા મરણ પામી.' સ્વજને કહ્યું—

'એ તો ચાકરડી કે જેને માતા કહેવામાં આવતી, તે મરી ગઇ.' એવામાં તેની માતાએ જાગ્રત થતાં આવીને મોટેથી તેને આશિષ આપતાં, બાહુથી આશ્લેષ આપીને તેને પોતાના ખોળામાં બેસાર્યો કુમાર પણ પોતાની માતાને જોતાં પરમ પ્રમોદ પામ્યો. ત્યાં કોઇએ આવીને કહ્યું કે—'તમે ગયા પાછળ બધું કરીયાણું બલાત્કારથી ચોરો લઇ ગયા. તેમાંથી કંઇક બાકી રહ્યું, તે લ્યો.' એમ કહી, તે પુરૂષે કુમારને શેષ વસ્તુ આપતાં, કુમારને વિચાર આવ્યો કે—'અહો ! કષ્ટથી મેળવેલ બધી વસ્તુ ચોરાઇ ગઇ.' એમ ધારી તેણે પૂર્વકર્મોની પ્રબળતા માની લીધી, અને પેલા પુરૂષે લાવેલ વસ્તુ તેણે શ્રીકાંતાને આપી. પછી પ્રહારનો ઘા કંઇક રૂઝાતાં રાજા પાસે જવાની કુમારને ઉત્કંઠા થઇ. એટલે કંઇક લઇને તે રાજસભામાં ગયો અને ત્યાં રાજાને પ્રણામ કરી, ઉચિત સ્થાને બેઠો. ત્યારે રાજાએ પૂછતાં તેણે પોતાનો પરદેશનો વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાએ ફરી પૂછયું કે—'તમે કાંઈ કૌતુક જોયું હોય, તે કહો.' કુમાર બોલયો 'હે નાથ ! એક કૌતુક મેં જોયું તે એ કે દ્રાક્ષબીજ વાવતાં તરત ઉગે અને તત્કાલ તે ફળે છે.' તેવામાં **કૂટપ્રપંચ** નામે મંત્રી કે જે કુમારની સ્ત્રીના પ્રેમમાં લુબ્ધ હતો, તે નિત્ય તેણીની પાસે જતો અને વિલાસ કરતો, તેણે વિચાર કર્યો કે—'આ કુમારને જીતી, તેની સ્ત્રીને લઇ લઉં, તો બહુજ સારૂં થાય.' એવા દુષ્ટ અભિપ્રાયથી તે બોલી ઉઠયો કે—'હે રાજન્ ! એ વણિક મિથ્યા બોલે છે. એવું કયાં પણ બન્યું છે કે બીજ વાવતાં તરત ઉગે, વિસ્તાર પામે ફુલે અને ફળે.' ત્યારે રાજાએ જણાવ્યું કે—'હે કુમાર! તું કહે છે, તે નજરે જોયું છે કે સાંભળ્યું છે ?' તે બોલ્યો—'હે ભૂપતિ ! મેં તે જોયું અને અનુભવ્યું છે. તે બીજો વાવી માર્ગમાં મેં ફળ ખાધાં છે અને તેની વિસ્તૃત છાયામાં હું સુતો છું તે બીજો હું સાથે લાવ્યો છું અને ઘરે મૂકેલાં છે. હું તેમને સાક્ષાત્

બતાવીશ. તેમાં શંકા કરવા જેવું કાંઇજ નથી.' એવામાં મંત્રી બોલ્યો હે રાજન્! જો એ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરે, તો એ બે હાથે પ્રથમ વસ્તુ મારા ઘરમાંથી લઇ લે અને એની પ્રતિજ્ઞા મિથ્યા થાય, તો હું એના ઘરથી ઇષ્ટ વસ્તુ લઉં.' એમ મંત્રીએ કહેતાં બંનેનું સંમતિ–પત્ર રાજાએ લખાવી લીધું, પછી મંત્રીએ પોતાના ગુપ્ત પુરૂષોને મોકલી તરત તે બીજ તેણે શ્રીકાંતા પાસેથી મંગાવી લીધાં, પણ મંત્રીના અભિપ્રાયને ન જાણતા કુમારે તે બીજ મંગાવવા, માણસ મોકલતાં, શ્રીકાંતાએ અસલ બીજને બદલે બીજાં આપ્યાં, તેણે લાવીને તે કુમારને સોંપ્યાં. પછી રાજસભામાં માટી મગાવી, તેમાં બીજ વાવતાં, કુમાર તેને સ્વાદુ જળ સિંચવા લાગ્યો. ત્યાં રાજાએ અને સભાજનોએ ઉત્સુકતાથી જોતાં, કુમારે તરત તેના પર વાંસનો મોટો વિસ્તૃત મંડપ કરાવ્યો એટલે તે ઉગતાં વિસ્તાર તો દૂર રહો, પણ તેના અંકુર પણ ન પ્રગટયાં તથા પૃથ્વીનો પડ ઉપસ્યો પણ નહિ. કારણ કે બીજમાં વિપર્યાસ–ફારફેર હતો. એમ વારંવાર સિંચતાં અને જોતાં, તેના અંકુર પણ ન પ્રગટયા. જેથી કુમાર વલખો પડી ગયો. તેવામાં મંત્રી મગરૂર થઇ બોલી ઉઠયો કે—'હે રાજન્! જુવો કુમારની સત્યતા.' આથી રાજા અને રાજલોકો તાળી પાડતા હસવા લાગ્યા. ત્યાં કુમારને વિસ્મય થયો કે—તેજ દ્રાક્ષબીજ છતાં કેમ ઉગ્યાં નહિ?' ત્યારે સચિવ કહેવા લાગ્યો કે—' હે રાજન્! પત્ર પ્રમાણે એના ઘરથી હસ્તાગ્રાહ્ય વસ્તુ મને અપાવો કે જે બધા લોકોના દેખતાં હું મારા ઘરે લઇ જાઉં.' જ્યારે કુમારે પણ જાણ્યું કે—' એ મારી ભાર્યામાં આસકત હોવાથી તે ઉપાડવાની અભિલાષા કરતો લાગે છે. વળી એણે શ્રીકાંતા પાસેથી મૂલ બીજ માગીને તેનો વિપર્યાસ કર્યો હશે તેમજ શ્રીકાંતા પણ એનાપર અનુરકત લાગે છે, જેથી બીજ આપી દીધાં. અરે! મને ધિક્કાર છે કે વૃદ્ધની ત્રણે શિખા-

મણને વિસારી દીધી, જેથી હું સાક્ષાત વિપરીત ફળ પામ્યો.' હવે અત્યારે જ તે વૃદ્ધને બોલાવી, સલાહ લઉં કે જેથી મંત્રી છળથી મારી સ્ત્રીને ઉપાડી ન જાય.' એમ ધારી, પોતાના એક નોકરને મોકલીને તે વૃદ્ધને તરત બોલાવી, તેણે મંત્રીનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એટલે વૃદ્ધે તે કામ પોતાને માથે લેતાં જણાવ્યું કે—'તું કોઇ રીતે ભય પામીશ નહિ' આથી કુમારનું મન સ્વસ્થ થયું. ધીમાન્ રક્ષક હોય ત્યાં ભય કેવો ? મંત્રીએ ઉત્સુક થઇને કહ્યું કે—'હે રાજન્ ! હવે વિલંબ શાને કરો છો ?' ત્યારે રાજાએ કુમારને કહ્યું કે—'તમે ઉતાવળ કરો.' ત્યાં વૃદ્ધે નિવેદન કર્યું કે—'જેવી આપ સ્વામીની આજ્ઞા.' એમ તેણે બોલતાં, બધા સંગાથે આવતા મંત્રીને વૃદ્ધે જણાવ્યું કે—'જે તમને રૂચે, તે લ્યો.' એટલે નગરજનો અને રાજાને સાથે લઇ, શ્રીકાંતાનો અભિલાષી મંત્રી કુમારના ઘરે આવ્યો. તેને આવેલ જાણી શ્રીકાંતા હર્ષ પામી, જેથી તેના મનોભાવને જાણી, વૃદ્ધે શ્રીકાંતાને કહ્યું કે—'હે વત્સે ! તારો બાળક રોવે છે, માટે તેને લઇને તમે ઉપર માળપર જાઓ, ત્યાં થોડીવાર બેસી રહેજો કે જેટલામાં રાજા ચાલ્યો જાય.' કુમારે પણ એ પ્રમાણે કહેતાં શ્રીકાંતા મેડીપર ગઈ. તેવામાં બુદ્ધિશાળીવૃદ્ધે નિસરણી અન્યત્ર મૂકી દીધી, પછી લોકો અને રાજાના બેસતાં કુમારે પોતાના ઘરમાંની બધી વસ્તુ બતાવતાં, મંત્રીએ તેમાંનું કશું ન લીધું. તે તો ભ્રાંત દૃષ્ટિએ માત્ર શ્રીકાંતાની તપાસ કરતો, પરંતુ આગળ મૂકવામાં આવેલ રત્ન—સુવર્ણાદિને તે જોવાને પણ ઇચ્છતો નહિ. તેવામાં કોઇ રીતે શ્રીકાંતાને મેડીપર બેઠેલ જાણી મંત્રીએ રાજાને કહ્યું—'નીચેની વસ્તુ બધી જોઇ, હવે મેડી ઉપરની વસ્તુઓ જોવાની છે.' એમ કહેતાં, શ્રીકાંતાને ગ્રહણ કરવાના ઉમંગથી તેણે બે હાથમાં નિસરણી લેતાં મંત્રી ઉપર ચડવા જતો હતો, ત્યાં વૃદ્ધે જણાવ્યું કે—'હે મંત્રિન ! હવે ઉપર

ચડીને શું કરવું છે? કારણ કે બે હાથથી પ્રથમ તેં નિસરણી લીધી, માટે એજ તારી થઈ. તને હવે અહીં બીજું કાંઇ મળે તેમ નથી; પત્રમાં ચોખ્ખું એમજ જણાવેલ છે કે બે હાથથી જે લીધું, તેજ તેણે લઇ લેવું.' એમ વૃદ્ધે બોલતાં પણ શ્રીકાંતાને લેવા ઇચ્છનાર મંત્રી ઉંચા નીચાં વચન કહેવા લાગ્યો, પણ રાજાએ પત્ર–પ્રમાણ બતાવતાં, તેને અટકાવી દીધો. ત્યાં વૃદ્ધે રાજાને કહ્યું કે—' હે સ્વામિન્! પ્રધાને પ્રથમથી કહેલ કે જે હું લઇશ, તે બધા લોકના દેખતાં ઘરે લઇ જઇશ. માટે હાથે લીધેલ નિસરણી એ પોતાને ઘેર લઇ જાય.' જેથી ન્યાયી રાજાએ બલાત્કારે મંત્રીના હાથે નિસરણી ઉપડાવી, તેને ઘરભેગો કર્યો. આ વખતે કુમારે રાજાનો ભારે સત્કાર કરી તેને ભેટ આપી, વિસર્જન કર્યો, એટલે રાજા તેમજ નગરજનો પોતપોતાના સ્થાને ગયા. વળી કુમારે વૃદ્ધનું ભારે સન્માન કરતાં, તેને બહુ કીંમતી ચીજો આપી વિસર્જન કર્યો. એ વૃત્તાંતથી શ્રીકાંતાને લાગ્યું કે—' આ બધું મારૂં છિદ્ર પ્રગટ થયું.' એમ ધારી, નિર્દય તેણે ઇર્ષ્યા ધરતાં, કુમારને વિષ દઇ મારી નાખ્યો અને દુઃશીલા તે સચિવમાં આસકત બની. એમ દુઃશીલતા તથા પતિને મારવાના પાપથી શ્રીકાંતા આ ભવમાં દુઃખ પામી અને પરભવે તે નરકે ગઇ. માટે શાશ્વત સુખને ઇચ્છતા વિદ્વાને આ લોકમાં જેનાથી સતત નિંદા થાય, તેવા દૌઃશીલ્યનો ત્યાગ કરવો જોઇએ."

એવામાં ધરણેંદ્રે તે બાળકને જોતાં અને તેના પૂર્વભવનો વૃતાંત આ પ્રમાણે તેણે જાણ્યો–પૂર્વભવમાં એ કોઈ વણિકનો પુત્ર હતો, દૈવયોગે તેની માતા બાળપણેજ મરણ પામી. તેની ઓરમાન માતા હતી, તે એ બાળકને ભોજનાદિકમાં બહુ સતાવતી અને અલ્પ અપરાધ છતાં ભારે ક્રોધ બતાવતી, એમ અનુક્રમે તે યૌવન પામ્યો અને વિમાતાનું અપમાન અને દુર્વચન જાણી, તેણે કોઇ મિત્રને એ હકીકત નિવેદન કરી. ત્યારે તેણે કહ્યું કે—' પૂર્વભવે જો સમ્યક તપ કરેલ હોય, તો આત્મા કોઇથી પણ પરાભવ ન જ પામે, એ વાત સત્યજ છે.' એમ સાંભળતાં વિનીતવચની થઇ, તે યથાશકિત તપ કરવા લાગ્યો અને માનાપમાન તજી, પોતે તપમાંજ લીન બન્યો. એકદા તૃણની ઝુંપડીમાં પંચપરમેષ્ઠીને સંભારતાં તેણે નિયમ લીધો કે ' પર્યુષણા પર્વના દિવસે હું અવશ્ય અષ્ટમ–તપ કરીશ.' એમ ધારીને તે બેઠો. તેવામાં વાયુના યોગે કયાંક અગ્નિ જાગ્યો અને પવનના જોરથી તરત તે વિસ્તાર પામ્યો. તેવામાં વિમાતા વિચારવા લાગી કે—' અત્યારે એ શોકય-પુત્રને મારવાનો ઠીક ઉપાય હાથ લાગ્યો છે. આ આગમાંથી અગ્નિ લઈ, એના તૃણ–ગૃહમાં નાખું કે જેથી તે બળી જાય. એ તો મને એક શલ્યરૂપ જ છે.' એમ નિશ્ચય કરી, તેણે તૃણ–ગૃહમાં અગ્નિ નાખ્યો. એટલે તે બાળક તપમાં લીન રહેતાં ક્ષણવારમાં બળી મુઓ. તે તપો–ધ્યાનમાં એક ચિત્ત હોવાથી, અગ્નિની વ્યથા ને અવગણી, મરણ પામી, શ્રીકાંત અપુત્રીયાનો તે પુત્ર થયો છે. પૂર્વના સંસ્કારથી પર્યુષણા પર્વનો ઉત્સવ સાંભળતાં એ બાળકે પોતાની પૂર્વ પ્રતિજ્ઞાને લઇને અત્યારે અઠ્ઠમ તપ કર્યો છે. મૂર્છિત થતાં તેને મૃત સમાન સમજી સંબંધીઓએ જમીનમાં દાટયો છે, તો એ મરણ ન પામે, તેટલામાં હું તેને જીવાડું.' એમ વિચારી ધર-ણેંદ્રે પોતાની શકિતથી જમીનમાં દાટેલ તે બાળકની એવી રીતે

એવામાં ધરણેંદ્રે તે બાળકને જોતાં અને તેના પૂર્વભવનો વૃતાંત આ પ્રમાણે તેણે જાણ્યો-પૂર્વભવમાં એ કોઈ વણિકનો પુત્ર હતો, દૈવયોગે તેની માતા બાળપણેજ મરણ પામી. તેની ઓરમાન માતા હતી, તે એ બાળકને ભોજનાદિકમાં બહુ સતાવતી અને અલ્પ અપરાધ છતાં ભારે ક્રોધ બતાવતી, એમ અનુક્રમે તે યૌવન પામ્યો અને વિમાતાનું અપમાન અને દુર્વચન જાણી, તેણે કોઇ મિત્રને એ હકીકત નિવેદન કરી. ત્યારે તેણે કહ્યું કે—' પૂર્વભવે જો સમ્યક તપ કરેલ હોય, તો આત્મા કોઇથી પણ પરાભવ ન જ પામે, એ વાત સત્યજ છે.' એમ સાંભળતાં વિનીતવચની થઇ, તે યથાશકિત તપ કરવા લાગ્યો અને માનાપમાન તજી, પોતે તપમાંજ લીન બન્યો. એકદા તૃણની ઝુંપડીમાં પંચપરમેષ્ઠીને સંભારતાં તેણે નિયમ લીધો કે ' પર્યુષણા પર્વના દિવસે હું અવશ્ય અષ્ટમ-તપ કરીશ.' એમ ધારીને તે બેઠો. તેવામાં વાયુના યોગે કયાંક અગ્નિ જાગ્યો અને પવનના જોરથી તરત તે વિસ્તાર પામ્યો. તેવામાં વિમાતા વિચારવા લાગી કે—' અત્યારે એ શોકય-પુત્રને મારવાનો ઠીક ઉપાય હાથ લાગ્યો છે. આ આગમાંથી અગ્નિ લઈ, એના તૃણ-ગૃહમાં નાખું કે જેથી તે બળી જાય. એ તો મને એક શલ્યરૂપ જ છે.' એમ નિશ્ચય કરી, તેણે તૃણ-ગૃહમાં અગ્નિ નાખ્યો. એટલે તે બાળક તપમાં લીન રહેતાં ક્ષણવારમાં બળી મુઓ. તે તપો-ધ્યાનમાં એક ચિત્ત હોવાથી, અગ્નિની વ્યથા ને અવગણી, મરણ પામી, શ્રીકાંત અપુત્રીયાનો તે પુત્ર થયો છે. પૂર્વના સંસ્કારથી પર્યુષણા પર્વનો ઉત્સવ સાંભળતાં એ બાળકે પોતાની પૂર્વ પ્રતિજ્ઞાને લઇને અત્યારે અઠ્ઠમ તપ કર્યો છે. મૂર્છિત થતાં તેને મૃત સમાન સમજી સંબંધીઓએ જમીનમાં દાટયો છે, તો એ મરણ ન પામે, તેટલામાં હું તેને જીવાડું.' એમ વિચારી ધરણેંદ્રે પોતાની શકિતથી જમીનમાં દાટેલ તે બાળકની એવી રીતે

રક્ષા કરી કે તે મરણ ન પામે. એવામાં તે બાળકનો પિતા શ્રીકાંત પુત્રના મરણથી હૃદય ફુટતાં તે તરત જ મરણ પામ્યો. ત્યારે વિજયસેન રાજાએ શેઠને મરણ પામેલ જાણી, અપુત્રીયો મરણ પામતાં તેનું બધું લઇ લેવાને પોતાનાં પુરૂષોને મોકલ્યા તે ક્રૂર પુરૂષોએ શ્રીકાંતના ઘરમાનું તમામ ધન લેતાં ધરણેંદ્રે પુરૂષના વેષે તેમને અટકાવ્યા. જ્યારે તેમણે રાજાને નિવેદન કરતાં રાજાએ પોતે સત્વર આવી, ધરણેંદ્રને કહ્યું—'અરે! તું મારા પુરૂષોને ધન લેતાં કેમ અટકાવે છે?' તે બોલ્યો—'હે રાજન્! આ નિર્બળ સ્રીનું ધન લેતાં તું ખરેખર દયાહીન લાગે છે.' રાજાએ કહ્યું—'હે મહા ભાગ! અહીં એવો દેશાચાર છે, કે અપુત્રીયો મરણ પામે, તેનું ધન રાજા લઇ લે.' ધરણેંદ્ર બોલ્યો—'અરે! એનો તો પુત્ર જીવતો છે.' રાજાએ કહ્યું—'તે ક્યાં છે?' તેણે જણાવ્યું—'રત્નની જેમ તે જમીનમાં દાટેલ છે.' પછી રાજાએ તે જમીન ખોદાવતાં બાળક જીવતો અને રોતો હતો. ત્યાં શ્રીસખીએ આશીર્વાદ આપતાં તેને ધવરાવ્યો. ત્યારે તે બાળકને ધરણેંદ્રે ધારણ કરી, તેની પૂર્વ કથા રાજાને જણાવી, બાળકને એક હાર પહેરાવીને તે અંતર્ધાન થયો. તે કથા સાંભળતાં રાજા વિસ્મય પામ્યો. પછી 'આ બાળકને તમે બહુ સંભાળથી પાળજો, એમ કહી રાજા સ્વસ્થાને ગયો. એવામાં સ્વજનોએ શ્રીકાંતનું શીઘ્ર મૃતકાર્ય કર્યું અને ભારે આશિષપૂર્વક તે બાલકનું **નાગકેતુ** એવું નામ રાખ્યું. તે બાળક છતાં મહિનાની પાંચ તિથિએ ઉપવાસ કરતો ચોમાસાના પર્વે છઠ્ઠ અને પજુસણના પર્વે અઠ્ઠમ કરતો. એમ સદા તપ કરતાં જિતેંદ્રિય નાગકેતુ યૌવન પામ્યા છતાં કામવિકારને તાબે ન થયો. તે જિનેંદ્રપૂજા, સાવદ્યત્યાગમાં તત્પર રહી, સામાયિક, પૌષધાદિ વ્રત સદા પાળવા લાગ્યો.

એવામાં એકદા વિજયસેન રાજાએ કોઈ પુરૂષને ચોરના

કલંકે ચોકમાં મરાવતાં તે આર્ત્તધ્યાને મરણ પામી વ્યંતર થયો. તેણે અવધિજ્ઞાનથી પોતાનો વૃત્તાંત જાણી રાજાપર બહુ ક્રોધ કર્યો. તેણે અદૃશ્ય રૂપે આવી, સભામાં બેઠેલ રાજાને લાત મારીને જમીનપર પાડી નાખ્યો. એટલે વ્યંતરથી હણાયેલ રાજાને રૂધિર વમતો જોઇ, 'આ શું ?' એમ સભાજનો બધા ભય પામ્યા. પછી તે વ્યંતર નગર જેટલા પ્રમાણની શિલા આકાશ માં વિકુર્વીને તે દુષ્ટ વચનથી લોકોને બીવરાવવા લાગ્યો ત્યારે નાગકેતુ વિચારવા લાગ્યો કે—'અહીં ચતુર્વિધ સંઘ, જિનબિંબ તથા જ્ઞાનભંડારો પણ છે, તેમનો નાશ થવા સંભવ છે એમ ધારી એક ઉંચા મંદિરપર ચડી, તેણે શિલાને હાથવતી અટકાવી અને પોતાની તપશક્તિથી તે શિલાને અધર રાખી. એટલે તેની એ તપ–શક્તિ જોતાં, વ્યાકુળ થતા વ્યંતરે આવી નાગકેતુને પ્રણામ કર્યા અને તે શિલા સંહરી લીધી. પછી નાગકેતુના વચનથી વ્યંતર શાંત થયો અને રાજાને તરત સ્વસ્થ બનાવી, તે પોતાના સ્થાને ચાલ્યો. ગયો. એમ પોતાની તપોલબ્ધિથી રાજાને પણ નમસ્કાર યોગ્ય થયેલ નાગકેતુને એક દિવસે જિનમંદિરમાં ગયો. ત્યાં યથા વિધિ જિનપૂજા કરી, પુષ્પો ચઢાવતાં તેમાં રહેલ સર્પે તેને અંગુલિમાં સખ્ત ડંખ માર્યો, છતાં સ્હેજ શંકા વિના તે સર્પને ક્યાં મૂકી, નાગકેતુ જિનમૂર્તિ સમક્ષ ધ્યાનમાં બેઠો, અને પવન રોકી મનને મારતાં, ક્ષણમાં ઘાતિકર્મનો ક્ષય થવાથી તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે શાસનદેવીએ નાગકેતુને સાધુવેશ આપ્યો અને ભવ્યોને પ્રતિબોધ પમાડતા તે પૃથ્વીતલપર વિચારવા લાગ્યા. એમ આ લોકમાં દુષ્પ્રાપ્ય અને સારભૂત વસ્તુ પણ તપથી સુલભ થાય છે. માટે યથાશક્તિ તપ કરો કે જેથી હે ભવ્યો ! તમે મોક્ષ પામી શકો."

# શકિત છતાં તપ નહિ કરવા ઉપર માનપુંજની કથા.

પોતાની શકિત છતાં ધર્મસાધક તપ જે ન કરે, તે માનપુંજ પુરૂષની જેમ અપમાન–પદને પામે તે વૃત્તાંત આ પ્રમાણે છે—

**કમલા** નામે નગરી કે જ્યાં લોકો ધર્મપ્રેમી હતા. ત્યાં **માનપુંજ** નામે એક ગીતપ્રિય પુરૂષ રહેતો. તેણે પોતાના દ્રવ્યથી ગાયકોને બોલાવતાં અને તેમની પાસે ગાન તાન કરાવતાં, ગીતમાં મૂઢ બનીને તેણે પોતાનું બધું ધન ખલાસ કર્યું. એટલે નિર્ધન થતાં તે લોકો પાસે ગાયન ગાઈ, જે કાંઈ દ્રવ્ય મેળવતો, તેનાથી વિટ–ભોજન કરતો. પછી તે એક દાસીને લઇને દેશાંતર જતાં, ગામ–નગરમાં ભમી, ગાયનથી ગુજરાન ચલાવતો. ત્યાં કોઈ રાજપુત્રને સંગીતથી વિશ્વાસ પમાડતાં તેણે મૂકેલ મુકતામાળા, તે દુષ્ટ માનપુંજે ચોરી લેતાં, રાજપુત્રે તેને કલાવાન્ સમજી માર્યો નહિ, પણ દેશથી બહાર કહાડી મૂકયો. જેથી તે લજ્જા પામતો વનમાં ચાલ્યો ગયો. ત્યાં દાસીસહિત ફળાહારથી ગુજરાન ચલાવતો વનમાં મધુર ગીત ગાઈ, દૂરથી મૃગલાંઓને ખેંચતો, અને ફળો ખલાસ થતાં વિશ્વસ્ત મૃગોને મારી, તેનું માંસ ખાતો, એમ તે માંસલુબ્ધ બન્યો. આથી દાસી તેને સમજાવતી કે—'અરે! વિશ્વાસ પામેલા મૃગોને રોજ શાને મારે છે? ચાલ કોઈ નગરમાં આપણે જઇએ, ત્યાં ભોજન મળી રહેશે.' છતાં માંસલુબ્ધ તે પાપી માનપુંજ વનને તજતો નહિ અને તેમાં લુબ્ધ બનેલ દાસી પણ તેને તજી શકતી નહિ.

એકદા તે વનમાં શુકયુગલ, જ્યાં માનપુંજ બેઠો હતો, તે વૃક્ષપર આવી બેઠું. તેવામાં શુક શુકીને કહેવા લાગ્યો કે—' આજે ચાતુર્માસિક પર્વ છે, જેથી આજે મારે ઉપવાસ છે, તારે ખાવું હોય, તો ખાજે. ' ત્યારે શુકી બોલી—' હું પણ ખાવાની નથી, ઉપવાસ કરીશ, ખાવાનું તો રોજ છે. તો આજે પર્વદિવસે તપ કરીએ. ' એમ શુક–શુકીની વાણી સાંભળતાં દાસી ચિંતવવા લાગી કે—' અહો ! જુઓ તો આ તિર્યંચોનો કેવો નિયમ છે ? મનુષ્યત્વમાં ઉત્પન્ન થયા છતાં મેં કદાપિ તપ કરેલ નથી. પશુઓને મારીને, માંસ ખાતાં ખરેખર ! અમે પણ પશુ જેવાજ છીએ, તો આજે તેમણે કહેલ તપોદિવસે મારે ન ખાવું અને મારે તેને માંસ પકાવી ન આપવું. ' એમ નિશ્ચય કરી દાસી બેઠી છે, તેવામાં માનતુંગ મૃગને મારવા શસ્ત્રસજ્જ થયો. ત્યાં દાસી બોલી કે— ' આજે મૃગને ન માર. આજે તો શુકયુગલે પણ ચાતુર્માસિક તપ કરેલ છે. ' એમ તેણે વાર્યા છતાં ઉલટી અધિક ક્રૂરતા લાવી, બલાત્કારથી મૃગ મારી તેણે દાસી સામે નાખ્યો અને કહ્યું કે—' માંસ પકાવ. ' તે બોલી—' આજે સર્વ પાપારંભના વિરામરૂપ તપ કરેલ છે, માટે પકાવીશ નહિ. ' એટલે માનપુંજ પોતે માંસ પકાવીને ખાવા બેઠો. ત્યાં શુક વિચારવા લાગ્યો કે—' મારૂં વચન તો એ બંનેએ સાંભળ્યું, પણ દાસીએ તપ આચર્યું. એ બિચારી મૃગલીની જેમ વનમાં વૃથા જન્મ ગુમાવે છે, માટે **કીર્ત્તિરાજ** નામે રાજપુત્રની એને ભાર્યા બનાવું. ' એમ નિશ્ચય કરી, તે દિવસ શુકિ સહિત ત્યાં રહી, શુક **વજ્રપુર**માં ગયો કે જ્યાં **કીર્ત્તિરાજ** રાજકુમાર રહેતો હતો ત્યાં આવ્યો. ' શુકરાજ ! તમને સ્વાગત છે ?' એમ કીર્ત્તિરાજે બોલતાં શુક તેને નમીને કહેવા લાગ્યો—' હે રાજકુમાર ! તમારા આદેશથી એ શુકીને લઇ જતાં મેં પાસેના વનમાં એક દિવ્ય રૂપવતી રમણી જોઈ. ' આથી કીર્ત્તિરાજે તે શુક સાથે

પોતાના માણસો મોકલ્યા અને તે રમણીને તરત લાવવાની આજ્ઞા કરી. આ વખતે સતત્ માંસાહાર કરતાં તે માનપુંજથી વિરક્ત બની હતી. તેને શુકે કહ્યું કે—' હે ભદ્રે ! હવે રાજરમણી થા. ચાલ, વજ્રપુરમાં કીર્ત્તિરાજ તને પત્ની બનાવશે, ત્યાં સંસાર-સુખ ભોગવ અને ધર્મ, અર્થ તથા કામનું સેવન કર. ' એમ શુકે વિશ્વાસ પમાડતાં, માનપુંજ વનમાં જતાં, તે શુક સાથે આવેલ પુરૂષો સાથે કીર્ત્તિરાજની પાસે ગઈ, અને પુણ્યયોગે તે સદાને માટે કીર્ત્તિરાજની વલ્લભા થઇ. એટલે તે ચિંતવવા લાગી કે—' આ બધું તપનું ફળ છે. ' તેણે સાક્ષાત્ પ્રભાવ બતાવી, તપમાં પ્રેરણા કરતાં રાજલોક પણ યથાશક્તિ ચાતુર્માસિક તપ કરવા લાગ્યો.

હવે અહીં દાસીથી વિયુક્ત થયેલ માનપુંજ માંસલુબ્ધ બની પોતે એકલો વનમાં રહેવા લાગ્યો. એવામાં એકદા કંઠ સુધી માંસ ખાધેલ અને તે વખતે વર્ષાકાલ હોવાથી, શ્વાસ રૂંધાતાં તે પૃથ્વીપર પડયો, ત્યાં નદીમાં પાણીનું પૂર આવતાં તે તણાયો અને વજ્રપુરની પાસે કયાંક કિનારે અટકયો. તેવામાં કીત્તિરાજના શિબિકા ઉપાડનારા કેટલાક લોકોએ ત્યાં નદીએ આવતાં તે માનપુંજને દીઠો અને દયા લાવી તેઓ પોતાના ઘરે લઇ ગયા, પછી ઔષધોપચાર કરતાં મહાકષ્ટે તેને સાજો કર્યો. એટલે તેમની કોઇ પુત્રીપર આસકત થઇ, તે તેમને ઘેરજ રહેવા લાગ્યો. તેઓ કીર્ત્તિરાજની પાલખી ઉપડાવવા તેને લઇ જતા, વધેલ ભોજન આપતા અને વાસણ સાફ કરાવતા, તેની પુત્રીમાં સ્નિગ્ધ બનેલ તે મૂઢાત્મા બીજું પણ જે કાંઇ હલકું કામ હોય, તે કરતો. એવામાં એકદા કીર્ત્તિરાજ વન જોવા ચાલ્યો, ત્યારે માનપુંજને સુસ્વરવડે સુખાસન ઉપાડવા જોડયો. તેમાં પૂર્વે જે દાસી તેની પ્રિયા હતી અને અત્યારે કીર્ત્તિરાજની જે વલ્લભા છે, તે કોમળ વસ્ત્ર પહેરીને સુખાસનમાં બેઠી. એટલે આગળ ગીત ગાતાં, તે ગીતવડે પેલી રાજરમણી સંતુષ્ટ થઇ, પછી

તે ઉદ્યાનમાં આવેલ જિનમંદિર પાસે ગઇ, ત્યાં દાસીઓએ હાથનો ટેકો આપતાં તે પાલખી થકી નીચે ઉતરી. તેને માનપુંજે જોઇને વિચાર કર્યો કે—'અરે! આ તો મારી પ્રિયા. અહો! પુણ્યની લીલા કે જે દાસીમાત્ર છતાં આજ ભવમાં સ્નેહપાત્ર રાજપત્ની થઈ, અને હું એના સુખાસનનો ઉપાડનાર બન્યો. તો હું હવે અહીં રહેતાં તો લજ્જા પામું, કારણ કે હું માનપુંજ–માનનો ઢગલો છું, માટે પાલખી તજીને હું બીજે ક્યાંક ચાલ્યો જાઉં.' એમ ધારી તે વનમાં ગયો અને ત્યાં કોઇ સ્થળે તેણે એક મુનિને જોયા. એટલે મુનિને નમીને તેણે પૂછયું કે—'હે સ્વામિન્! ધર્મ કહો.' મુનિ બોલ્યા—'હે ભદ્ર! હિતાભિલાષીએ યથાશક્તિ તપ કરવું.' પછી મુનિ પાસે તે રોજ એકાશન કરી, રસનાનો લોલુપ્ત તે હમેશાં ફળ ખાતો. એમ માયાતપ કરી, મરણ પામતાં તે કોઇ નગરમાં નિર્ધન કુળને વિષે સ્રીપણે ઉત્પન્ન થયો. વળી અંગોપાંગે વ્યાધિથી પીડાતાં, જન્મથી જ દુગંછા પામતી તે મોટી થઇ, તે પરઘરના નીચ કામો કરી, ભાગ્યહીન બની અનુક્રમે દુઃખ અને દુર્ભાગ્યના ભાજનરૂપ દુર્ગતિમાં ગઈ. ત્યાં પણ દારિદ્રયને લીધે ઘણાં નીચ કામો કરી, આયુ ક્ષીણ થતાં તે મરણ પામીને ત્રીજી નરકે ગઇ. એ પ્રમાણે તપ વિના જીવ ઈષ્ટ સિદ્ધિ પામી શકતો નથી, તેમજ દુષ્કર્મનો ઉચ્છેદ પણ કરી શકતો નથી. માટે યથાશક્તિ તપ આદરો."

# ભાવના ઉપર અસંમત પુરૂષની કથા.

છકાયની જીવહિંસારૂપ વૃક્ષને તજી, ભાવનારૂપ માલતી પ્રત્યે ગયેલ આત્મારૂપ મધુકર, રસાસ્વાદ-વડે નિર્વૃત્તિ-શાંતિને પામે છે. હજારો ભવો કરતાં ભ્રમણની રજથી ખરડાયેલ આત્મા ભાવના-નદીમાં સ્નાન કરવાથી શુચિ-પાવન થાય. જ્યાંસુધી આત્મા ભાવનાના મુખ-ચુંબનને પામતો નથી, ત્યાંસુધી એ અન્યત્ર આસકત બને છે, તેમાં સંશય નથી. જ્યારે આત્મા પોતાનાપર પ્રસન્ન થઇ ભાવનાનો સ્વીકાર કરશે, ત્યારે **અસમંત** પુરૂષની જેમ સ્વાર્થને મેળવશે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

**રત્નપુરમાં** ન્યાયવાન્ **અરિમર્દન** નામે રાજા કે જેના ભ્રૂભંગથી સૈન્યસહિત શત્રુરાજાઓ ભંગ પામ્યા. તે રાજાને **લલિતાંગ** નામે કુમાર પ્રાણ કરતાં પણ વલ્લભ હતો. એકદા વસંત સમયે ઉદ્યાનમાં તે રમવા ગયો. ત્યાં ક્રીડા કરતાં તેણે એક મંત્રિપત્ની જોઇ, તેને જોતાં પ્રશાંત તે કુમારના મનમાં તેણીના પ્રત્યે વિકારભાવ પેદા થયો. એટલે તેણે પોતાના એક મિત્રને પૂછયું કે—'એ રમણી સાથે કયાં અને કેમ મેલાપ થાય?' પછી તેણે તેણીને પૂછાવતાં, તેણે સ્નેહપૂર્વક જવાબ મોકલ્યો કે—'હું એક ક્ષણ પણ ઘરથી બહાર નીકળી શકું તેમ નથી. ઈર્ષ્યાળુ પતિ આખો દિવસ જોતો રહે છે અને મારા પ્રત્યે તેણે બહુ સખ્તાઇ રાખી છે, તેમ છતાં એક ઉપાય છે તે અતિ દુષ્કર છે—મારા ઘર પાસે એક કૂવો છે, ત્યાં સુરંગ દેવરાવો. કૂપની પ્રાંતે પુરૂષો અને સુરંગમાં તારક પુરૂષો તૈયાર રાખો. હું કુટંબ સાથે કલહ કરતાં રોષ કરી, કાંતને તજી, લોકોની દૃષ્ટિ ચૂકાવી, તે કૂવામાં પડીશ, એટલે પડતાંજ મને સુરંગના પુરૂષો મને પકડી સુરંગમાં લઇ જાય, તો હું એ માર્ગે કુમાર પાસે આવી

શકું અને સંગમ–સુખ પામી શકાય. એમ સંકેત જણાવી, તે મિત્રને વિસર્જન કરી, ક્ષણભર ઉદ્યાનમાં રમી, તે તરત પોતાના સ્થાને આવી. પછી એકદા તેણે કોઈ સાથે કલહ કરી, કોઇ ન જાણે તેમ સંધ્યાએ તેણે કૂવામાં ઝંપાપાત કરતાં, સુરંગના પુરૂષોએ પડતાંજ તેને પકડી લીધી અને કુમારના ભવનમાં આણી તેમજ રાજા પાસે બેઠેલ કુમારને તે હકીકત નિવેદન કરી.

એવામાં કુવામાં પડતી પોતાની પત્નીને જાણી, મંત્રીએ પુરૂષો પાસે શોધ કરાવી, પણ તેણીનો પત્તો ન લાગ્યો. એ વાત નગરમાં ફેલાતાં રાજાના જાણવામાં આવી એટલે સ્ત્રીહત્યા કરનાર સમજીને રાજાએ મંત્રીનો નિગ્રહ કર્યો. તેનું સર્વસ્વ લુંટી, તેના આખા કુટંબને રાજાએ વિડંબના પમાડી. તે જોતાં કુમાર મનમાં ચિંતવવા લાગ્યો કે—'અહા ! રાજાને ધિક્કાર છે કે સ્ત્રી નિમિત્તના મારા અપરાધે એણે અજ્ઞાનતાથી નિરપરાધી મંત્રીને માર્યો. અરે ! મને વારંવાર ધિક્કાર છે કે વ્યસની બની મેં વિલાસ માટે સ્ત્રીની યાચના કરી અને એ સીને પણ પણ ધિક્કાર છે કે જેણે કુવામાં પડવાનો ઉપાય શોધી કહાડયો. માટે હવે આ દુસ્તર ગૃહવાસમાં નજ રહેવું. સ્ત્રીરૂપ જાળમાં પડતાં મનુષ્ય મત્સ્યની જેમ કોણ બાધા પામતો નથી ? એમ ધારી તે સ્ત્રીને કહ્યા વિના તેને અને યૌવનરાજ્યને તજી, વૈરાગ્ય પામી, નગરથી ચાલી નીકળ્યો. વનમાં એકલા જતાં તેણે કયાંક સુસાધુને જોતાં નમન કરી, વૈરાગ્યથી કોમળ મને પૂછ્યું કે–' હે મહામુનિ! વ્યસનના ભારથી આક્રાંત થઇ, ભવસાગરમાં બૂડતા મને પરમાર્થના ઉપદેશથી પાર ઉતારો.' એમ કુમારે પ્રાર્થના કરતાં સાધુએ યતિધર્મ બતાવ્યો. એટલે કુમારે મુક્તિની દૂતી સમાન દીક્ષા અંગીકાર કરી અને ભારે ઉત્સાહથી સમ્યક તપ તપતાં, ત્રિવિધ શુદ્ધ બની તે કોઇવાર ક્ષેમપુરમાં આવતાં, બહાર ઉદ્યાનમાં પ્રતિમાએ રહ્યા.

હવે તે નગરમાં ધનલુબ્ધ એક **અસંમત** નામે પુરૂષ કે જે કોઇને પણ માનતો ન હતો. માતા, પિતા, ભાઇ, ગુરૂ, દેવ પ્રમુખ કોઇને ન માનતાં તે મહાન્ નાસ્તિકવાદી હતો. વળી જીવ, પુણ્ય, સ્વર્ગ, નરકને પણ ન માનતો, પણ પંચભૂતના યોગે તે વસ્તુસ્થિતિને સમજતો. તે વાચાળ અને ધનિક હોવાથી સમસ્ત જગતને નિષેધતાં દેવો અને સાધુઓને અપમાનથી ઉત્થાપતાં મદોન્મત્ત બન્યો. આ વખતે બહાર ઉદ્યાનમાં તે મુનિના રહેતાં અકસ્માત્ નદીનું મહાપૂર આવ્યું તે અગાધ જળપૂરમાં બધા વૃક્ષો અને ક્રીડાપર્વતો ડૂબીને તણાયા, પણ મુનિ નિમગ્ન ન થયા. સાધુને જળપર રહેલ જોઇ લોકો વિસ્મય પામતાં બોલ્યા કે—' અહો! તપનો પ્રભાવ કેટલો બધો કે સાધુ જળપર ઉંચેજ રહ્યા. ' પછી પૂર નિવૃત્ત થતાં મુનિ તેવીજ રીતે ભૂમિપર ઉભા રહ્યા. તપના પ્રભાવે નજીકના વ્યંતરોએ તેમને સાનિધ્ય કર્યું એમ સાક્ષાત્ પ્રત્યય પરચો જોતાં લોકો તે સાધુને સતત નમતા અને તેમના પગની રજથી રોગ મટી આરોગ્ય થતું. અસંમત પણ નાસ્તિક હોવાથી મુનિપર ક્રોધ ધરતો, છતાં ' અહો ! એ એવો પ્રભાવી તપસ્વી હશે ? ' એમ તેમને જોવાને તે ઉત્સુક બન્યો. પછી રાત્રે મુનિના પગે સાંકળ બાંધી, ચોતરફ અસંમતે કાષ્ઠ—તૃણમાં તરત અગ્નિ જગાવ્યો, ત્યાં મહાજ્વાળાએ બળતાં અગ્નિએ લીલા વૃક્ષોને પણ બાળી નાખ્યા, પણ સાધુને તો જાણે ભક્તિ જાગી હોય તેમ ચારે બાજુ પ્રદક્ષિણા ફરતો રહ્યો. બીજું જે કાંઇ સુકું કે લીલું હતું તે બધું અગ્નિએ ક્ષણવારમાં બાળી નાખ્યું, પરંતુ તપના પ્રભાવથી મુનિના એક રોમને પણ ઇજા ન થઇ. આ વખતે પેલો અંસંમત દૂર રહીને મુનિને જોયા કરતો હતો, પણ અગ્નિના મધ્યમાં તે મુનિ તો ધ્યાનમાં લીન થઇ બેઠા હતા. એ તપનો પ્રભાવ

જોતાં તે અસંમત નાસ્તિક પણ ભારે ચમત્કાર પામ્યો તે સાધુપર તેને શ્રદ્ધા પ્રગટી. તપથી કોણ રંજિત ન થાય? પછી અગ્નિ શાંત થતાં અસંમત તરત આવીને, ભૂતલ સુધી મસ્તક નમાવી સાધુને પગે પડયો અને તેમના પગે બાંધેલ દૃઢ સાંકળ પોતે છોડતાં તેને એવો વિચાર આવ્યો કે—' જેમ નદીના પૂરમાં એ મુનિનો દેહ ડૂબ્યો નહિ, તેમ અગ્નિએ લેશ બળ્યા નહિ અને અન્ય પ્રાણીના વિઘ્નો દૂર થાય છે, તે પણ તપના પ્રભાવે બને છે. વળી આ લોકમાં જે કાંઈ સુખો છે તે બધા તપવડે જ પ્રાપ્ત થાય છે. જેમણે તેવું તપ કરેલ છે, તે સુખી અને સારા તેજસ્વી દેખાય છે અને તપ વિના દુઃખિત જણાય છે. આ ભવમાંજ તપ કરનાર પ્રતાપી જણાય છે તથા પૂર્વે તે આચરેલ હોય, તો પણ તેનો પ્રભાવ અપૂર્વ હોય છે. માટે આત્મા છે અને તે સ્વકૃત તપનું ફળ પામે છે, તેમ જ ભવાંતરમાં તે પુણ્ય ભોગવે છે. વળી પુણ્યથી સ્વર્ગ તથા શાશ્વત સુખનું સ્થાન જે મોક્ષ તે પણ આત્માને સંભવે છે. એ પ્રમાણે તે મહાત્માનું મન તત્ત્વમાં એવું તો લીન થયું કે જેથી મોક્ષની આડે આવનાર ઘાતિકર્મનો તરતજ નાશ થયો અને મોક્ષના પ્રતિહારરૂપ ઉજ્વળ કેવળજ્ઞાન ક્ષણવારમાં ઉત્પન્ન થયું, કે જે અસંમતને પણ સંમત થયું. તે કેવળજ્ઞાનથી ચરાચર જગત પ્રગટ જોવા લાગ્યા. શાસન દેવીએ તેમને સાધુવેષ આપ્યો એટલે તરતજ દેવ, દાનવ, વ્યંતર અને મનુષ્યોથી વંદના પામતા, તેમણે ભવ્યાત્માઓને ધર્મદેશના આપી. એમ સર્વત્ર પ્રતિબોધ કરતાં અસંમત સાધુ પદ્માકરને દિવાકરની જેમ ભવ્યોને વિકાસ પમાડતા તે વસુધાપર વિચરવા લાગ્યા.

# ભાવના વિના ધર્મ નિષ્ફળ છે તે ઉપર વરૂણની કથા.

ભાવના વિના પ્રાણી, દાન દેતાં, તપ આચરતાં, દેવ પૂજતાં કે સાધુને નમતાં પણ ફળ પામતા નથી. લાવણ્ય વિના સ્ત્રી, તેજ વિના મણિ, તેમ ભાવ વિના ધર્મ ચિત્રવત્ નિષ્ફળ છે. તે વરૂણને તે જ રીતે નિષ્ફળ થયો તે વૃત્તાંત આ પ્રમાણે છેઃ—

**ગંધર્વ** નગરમાં **વિજય** નામે રાજા કે જેના પ્રચંડ બાહુ-દંડમાં પણ લક્ષ્મી સુખે વાસ કરતી હતી. તેના રાજ્યમાં એવો ક્રમ હતો કે રાજા દીવાળીની રાતે ઉપવાસી થઈ, ગોત્રદેવીની મૂર્ત્ત આગળ સુવે તેને સ્વપ્નમાં કુળદેવી આગામી વર્ષનું શુભાશુભ કહે અને રાજા તે પ્રમાણે પ્રવર્ત્તે. એમ વિજય રાજા પણ દરેક દીવાળીની રાત્રે દેવી આગળ સુતો અને સ્વપ્નમાં આગામી વર્ષની હકીકત જોતો. એકદા ગોત્રદેવીએ સ્વપ્નમાં તેને ભાવિ શુભાશુભ કહ્યું અને તે જાગ્રત થઇ, પ્રભાત-કૃત્ય કરી, જેટલામાં રાજસભામાં આવ્યો, તેટલામાં સ્વપ્નનું તેને વિસ્મરણ થઇ ગયું, એટલે આંખ મીંચી એકાગ્ર મનથી યાદ કરતાં પણ તે સ્વપ્ન સાંભર્યું નહિં. જેથી તે આકુળ થતો ચિંતવવા લાગ્યો કે—'અહો! આ વર્ષનું ભાવિ મને દેવીએ જણાવ્યું, પણ અભાગી હું તે અત્યારે ભૂલી ગયો. તો હવે મારી શી ગતિ થશે?' પછી રાજાએ પોતાના અમાત્યોને પૂછ્યું કે—'મને ગોત્રદેવીએ કેવું સ્વપ્ન અને તેનું કેવા પ્રકારનું ફળ બતાવેલ?' તેઓ બોલ્યા-'હે સ્વામિન્! તમે જોયેલ સ્વપ્ન અમે કેમ જાણી શકીએ? એ તો જ્ઞાનગમ્ય છે, બુદ્ધિગમ્ય નથી.' એટલે રાજાએ સર્વત્ર દાંડી પીટાવીને જણાવ્યું કે-'જે સ્વપ્ન અર્થ કહેશે, તેને રાજા એક લાખ સોનૈયા આપશે.'

ત્યારે મંત્રીઓ અને ચૂડામણિ–શાસ્ત્રના જ્ઞાતાઓ શકુન, પ્રશ્ન અને હોરાદિકવડે રાત દિવસ જોવા લાગ્યા, પણ કોઇ સ્વપ્ન જાણી ન શકયા. તેવામાં કોઇ મંત્રી સ્વપ્ન જાણવાને નગર–દેવોની ભક્તિ કરવા લાગ્યો, છતાં કોઈ પણ દેવે સ્વપ્નની વાત પ્રગટ કહી નહિં, જેથી મંત્રી નગરની બહાર એક યક્ષને જોઇ વિચારવા લાગ્યો કે– ‘ આ યક્ષનું ભવન સર્વત્ર ભગ્ન છતાં અને મૂર્ત્તિ આપાદમસ્તક કાકવિષ્ટાથી લિપ્ત છતાં અન્ય સ્થાન સુશોભિત છે તો અહીં વ્યંતર અવશ્ય હશે, માટે એને આરાધું કે જેથી મને સ્વપ્ન સંભળાવે. ’ એમ ધારી, પાણી લાવી, મંત્રીએ મલાદિક ધોઇ, સ્નાન કરાવીને તેણે કણેરના પુષ્પોવડે મૂર્ત્તિની પૂજા કરી. પછી વિનયથી સામે આવી, તે યક્ષ પ્રત્યે કહેવા લાગ્યો કે—‘ હે નાથ ! મેં નગરના બધા દેવો જોયા, પણ કોઇથી કાંઇ ન થયું, એમ મને લાગ્યું, તે એમને એમ ચોરની જેમ જગતને બનાવી ખાય છે, પરંતુ તમે કાર્ય સાધી આપનાર સપ્રભાવી છો, એમ મેં જાણ્યું. તો હું તમને સાચા દેવ સમજી સ્વીકારૂં છું, તો હે સ્વામિન્ ! મારૂં કામ સાધો. મને રાજાનું સ્વપ્ન કહો. રાજા જે કાંઈ આપશે, તેમાંનું અરધું હું તમને આપીશ. ’ એમ સાંભળતાં યક્ષે વિચાર કર્યો કે—‘ આટલા દિવસ થયા, મારી કોઇ ભક્તિ પણ કરતું નથી અને મને કોઇ જાણતું પણ નથી. વળી ‘ એનાથી પણ કાંઈ થયું નહિ ’ એમ બીજા યક્ષો મારી હાંસી કરશે અને તેથી મને દુઃખ થશે. આ મંત્રીએ આજે બધા દેવોને પૂછી જોયા, પણ કોઇએ કાંઇ કર્યું નહિ. તો અત્યારે દૈવે મને પુણ્ય–શુભ અવસર આપ્યો છે. મારા અંગે એ લોકોએ કોઇવાર જળછંટકાવ પણ કર્યો નથી, પણ કેવળ ધૂળ–વિષ્ટાથી લિપ્ત મારૂં શરીર–બિંબ તાડના પામે છે. અત્યારે આ મંત્રી મારો સ્નપક–સ્નાન કરાવનાર અને પૂજક બન્યો છે, તો એને યથાસ્થિત રાજસ્વપ્ન કહી સંભળાવું. ’ એમ અવધિથી જાણી તેણે

સ્વપ્ન મંત્રીને સંભળાવતાં, મંત્રીએ રાજાને જઇને કહ્યું, એટલે રાજાએ હર્ષથી તે માની લીધું. પછી સંતુષ્ટ થયેલ રાજાએ મંત્રીને લાખ સોનૈયા આપ્યા, તે લઇ આવતાં મંત્રીને વિચાર આવ્યો કે—' અરધું ધન તો મેં યક્ષને દેવું કરેલ છે, પણ તે આપવા જાઉં, તો કુટંબમાં શું વપરાય ? માટે ઋણ ન આપતાં એ કુટુંબમાંજ વાપરૂં. યક્ષ એ સુવર્ણને શું કરશે ? મારે તો ખાસ તેનું પ્રયોજન છે. યક્ષ કોપશે, તો પણ શું કરવાનો છે ? હવે મારે એનાથી કાંઇ કામ નથી ! એમ ધારી, મંત્રી પોતાના ઘરે આવ્યો અને સ્વેચ્છાએ સાંસારિક સુખમાં તે ધન વાપરવા લાગ્યો. એવામાં ફરી દીવાળી આવતાં રાજા પ્રથમ પ્રમાણે દેવી આગળ સુતો અને સ્વપ્ન જોતાં તે ત્યાંજ પૂર્વવત્ ભૂલી ગયો. ત્યારે વિશ્વાસ બેસવાથી રાજાએ તે મંત્રીને પૂછતાં, તેણે કહ્યું કે—' બરાબર જાણ્યા પછી સ્વપ્ન હું કહી સંભળાવીશ. ' એમ રાજાને કહી, ઘરે જઈ, મંત્રી ચિંતવવા લાગ્યો કે—' હવે તે યક્ષને મારે કેમ પૂછવું કે પૂર્વે મેં તેને અરધું ધન આપેલ નથી ? ' તેમ છતાં તે મનમાં કાંઈક નિશ્ચય કરી, દુધ, ઇક્ષુરસ, પુષ્પાદિ પૂજા—સામગ્રી લઇને મંત્રી યક્ષના મંદિરે ગયો. ત્યાં પ્રથમ જળથી મૂર્ત્તિ ધોઈ, પછી દુધથી તેણે ન્હવરાવી, ચંદનનો લેપ કરી, શ્રેષ્ઠ કુસુમોવડે પૂજી, તથા અગરૂ ધૂપ ઉખેવતાં તે કોમળ વચનથી બોલ્યો કે—' હે યક્ષેશ ! સ્વામિન્ ! મારો દુસ્સહ અપરાધ તમે ક્ષમા કરો. હું સુવર્ણ લઇ, ઘરે જઇ મૂકતાં, તમને આપવાનો વિચાર કરતો હતો, તેવામાં તો તે પુત્રોએ વેચીને વાપરી નાખ્યું. તો એ બદલ તમે કોપ ન લાવશો. મારા તમે સ્વામી છો. મારાથી અપરાધ થાય, તો પણ તમારે સર્વથા તે સહન કરવાના છે. હવે જે માનતા કરીશ, તે અન્યથા ન જ થાય. માટે રાજાએ મને પૂછેલ સ્વપ્ન કહી સંભળાવો. ' એમ મંત્રીના વચનથી પ્રસન્ન થયેલ યક્ષે સ્વપ્ન તેને સંભળાવતાં, તેણે

તે રાજાને કહ્યું અને રાજાએ તેને એક લાખ સોનૈયા આપ્યા. તે લઈ અર્ધપંથે આવતાં મંત્રીએ વિચાર કર્યો કે—' યક્ષ પાસે તો વચનનો આડંબર બતાવવો. ' એમ ધારી તે પોતાને ઘરે ગયો.

પછી ફરી દીવાળી આવતાં, જોયેલ સ્વપ્ન રાજા ભૂલી ગયો એટલે તેજ મંત્રીને તેણે આદરથી પૂછયું. ત્યારે તેણે સ્વપ્ન કહેવાનું સ્વીકારી, પોતાના ઘરે આવતાં, સુતારોને બોલાવી, તેણે તરત આદેશ કર્યો કે—' બહારના યક્ષને યોગ્ય એક મંદિર સત્વર તૈયાર કરો કે જે રમણીય અને ચોતરફ ગઢથી વેષ્ટિત હોય ! એમ આદેશ થતાં જ સુતારોએ એક મોટો યક્ષ પ્રાસાદ કે જે વિચિત્ર અને સુશોભિત બનાવ્યો. પછી નાગરિકોને બોલાવીને મંત્રીએ હુકમ કર્યો કે—' પ્રભાતે બધા હર્ષથી બહારના યક્ષની અવશ્ય ઉજાણી યાત્રા કરજો. ' એટલે શ્રીમંત લોકો શણગાર સજીને પ્રભાતે યક્ષ પાસે ગયા, ત્યાં મિષ્ટાન્ન જમી, વિવિધ પ્રકારે આનંદથી ખેલવા લાગ્યા. પછી મંત્રીએ પોતે આવી દુધ, ઘૃતાદિકથી યક્ષને સ્નાન કરાવી, ભારે સુગંધિ પુષ્પોવડે પૂજા કરી, પૂર્વે કદિ સાંભળેલ કે જોવામાં ન આવેલ હોય તેવું અદ્ભુત સંગીત કરાવ્યું. આથી યક્ષને ભારે પ્રમોદ થયો. એમ નાટક ચાલતાં મંત્રીએ યક્ષ પાસે આવી જણાવ્યું કે—' હે યક્ષેશ ! મારા જેવો કોઇ કૃતઘ્ન નહિ હોય. હા ! લોભાંધ મેં તમારા જેવા સ્વામીને છેતર્યો, પણ શું કરૂં કે મારૂં કુટંબ ખાઉકણ છે. અથવા તો તમારા જેવા સ્વામી માથે છતાં કુટંબ સ્વેચ્છાએ સુખ ન ભોગવે, તો બીજે કયાં તે સુખી થાય ? વધારે કહેવાથી શું ? તમે સ્વામી અને હું અવિનયી છતાં તમારો દાસ છું. અમે તો ભક્ષણ કરવાના. પુત્ર–પિતાનો એજ ક્રમ છે. ' એ રીતે અમૃત સમાન મંત્રીની મીઠી વાણી સાંભળતાં, યક્ષે પ્રત્યક્ષ થઇ, સ્વપ્નનો અર્થ તેને કહી સંભળાવ્યો. તે મંત્રીએ રાજાને સંભળાવતાં, રાજાએ તેને ચાર લાખ સોનૈયા આપ્યા, એટલે મંત્રીએ

લોભ તજીને તે યક્ષ આગળ ધર્યા, અને કહ્યું કે—'હે સ્વામિન્ ! આ બધું સુવર્ણ તમે ગ્રહણ કરો. હવે હું આપની સાથે કદિ વંચના કરવાનો નથી.' ત્યારે યક્ષ હસીને બોલ્યો કે—'હે મંત્રિન્ ! હવે પ્રાણીઓનાં મન આર્દ્ર થતાં શુભ કાલનો સંભવ છે. આટલા દિવસ દુષ્ટ કાલ હતો, તેથી દુષ્ટ કાલાનુસારે પૃથ્વીપર સંતો પણ અસત્યભાષી થયા. મારે એ સુવર્ણનું શું કામ છે ? એ તો તું જ લઇ લે.' એમ યક્ષે કહેતાં મંત્રી તે લઇને ઘરે ગયો. તે સુવર્ણથી શ્રીમાન્ બનેલ અને રાજપ્રસાદથી મસ્ત બનેલ મંત્રી, મોક્ષસુખના દાતા જિનેશ્વરોની પણ અવગણના કરવા લાગ્યો. ભાવ વિના તે કેવળ પ્રસિદ્ધિ માટે જિનપૂજા અને ભાવના વિના જ કીર્ત્તિ–દાન આપતો, એમ કરતાં તેને કેવળ ધનનો વ્યય થયો, પણ પરભવની ઉન્નતિ માટે પુણ્યનો વધારો જરાપણ ન થયો. એ રીતે ભાવના વિના વરૂણમંત્રી અનુક્રમે મરણ પામી, તે ક્રૂરાત્મા વ્યંતરોમાં અલ્પાદ્ધક વ્યંતર થયો."

## વર્ષાકાળમાં ધર્મારાધન કરનાર સિદ્ધચોરની કથા.

મન એ કાષ્ઠની જેમ વક્ર હોય છે, તેને વિવિધ અભિગ્રહ–યંત્રથી અને તપના તાપથી હળવે હળવે ભાંગે નહિ તેમ સીધું કરવાનું છે. વિવેકી જનોએ સ્વલ્પ આરંભથી સર્વદા મનનો નિરોધ કરવો, તેમાં પણ શુભને ઇચ્છતા ભવ્યોએ વર્ષાકાળમાં જીવાકુળ સ્થાનો વિશેષ હોવાથી વધારે ઉપયોગથી વર્ત્તવાનું છે. તેમાં ન્યાયોપાર્જિત દ્રવ્યથી ધાર્મિક જનોએ આઠ માસ વ્યવસાય કરી, વર્ષા-

કાલમાં આરાધેલ ધર્મ **સિદ્ધ** ચોરની જેમ ઇષ્ટ સુખ આપનાર થાય છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે—

**વૈભાર** પર્વતપર એક **સિદ્ધ** નામે મહાન્ ચોર હતો. તે એકદા **તરંગિણી** નગરીમાં નિર્ભય થઇ, ચોરી કરવા ગયો. ત્યાં આમ-તેમ ફરતાં તે **દેવ** નામના વણિકના ઘરે પહોંચ્યો. ત્યારે પોતાના પિતા પ્રત્યે કહેતા વણિકપુત્રને સાંભળ્યો કે—' હે તાત ! અભાગ્યને લીધે ઉદ્યમ કરતાં પણ સંપદા તો મને ન મળી. વળી ગૃહ-કલહમાં પડતાં મારો જન્મ વૃથા જાય છે. અહીં કોઈ ધર્મગુરૂ પણ નથી કે જેમની પાસે ધર્મ સાંભળીએ. માટે તમે મને એવી બુદ્ધિ બતાવો કે જેથી આત્મા નિર્મળ થાય. ' એમ પુત્રે પૂછતાં અને સિદ્ધ ચોરે સાંભળતાં પિતા બોલ્યો કે—' હે વત્સ! સાંભળ—ગૃહસ્થોનો વ્યવસાય આજીવિકા માટે હોય, તથાપિ તું વર્ષાકાલમાં મહા–આરંભ કરતો નહિ. પરંતુ પુત્ર ! તું યથાશક્તિ અભિગ્રહ અને દેવ–પૂજાદિક સુકૃત્યો કરજે, કે જેથી આત્મા પાપ–મુક્ત થાય. ' એટલે વણિકપુત્રે પિતા પાસે કેટલાક અભિગ્રહો લીધા. ત્યારે પેલો સિદ્ધ ચોર વિચારવા લાગ્યો કે—' અહો ! પુત્રનો વિનય કેવો ? અને પિતાનું પુત્ર પ્રત્યે વાત્સલ્ય કેટલું ? હા ! મને કુલપણાને ધિક્કાર કે મારા ઘરે માત, પિતા કે કોઇ હિત કહેનાર વૃદ્ધ પણ નથી. માટે એજ આદેશનો હું સ્વીકાર કરી લઉં. એણે પુત્રને ભાવિહિત કહેલ છે. ' એમ ધારી તે સિદ્ધે આવી, તેને ભક્તિથી પ્રણામ કરી કહ્યું કે—' તમારો ઉપદેશ મેં શિર નમાવી સ્વીકાર્યો છે, પણ કાંઇક મને આલંબન બતાવો કે જેથી મન સ્થિર રહે.' ત્યારે તે વૃદ્ધે તેને પંચ–નમસ્કાર કહી સંભળાવ્યા, કે જે પત્ર પર લખી સિદ્ધ પોતાના સ્થાને ગયો, અને શ્રદ્ધાથી તેણે એવા અભિગ્રહ લીધા કે—' મારે વર્ષાકાલમાં પાપનું કામ ન કરવું અને નિત્ય એકાગ્ર મને સ્થિર આસને પંચ—નમસ્કાર ગણવા. ' એ પ્રમાણે

તેણે ચોમાસામાં ચોરીનો ત્યાગ કર્યો અને મનોનિગ્રહ કરી પંચ–નમસ્કાર તે ગણતો. એમ અભિગ્રહમાં વર્ત્તતાં કુટુંબ તેના પ્રત્યે કોપ કરતું, કારણ કે તે ચોરી કરે, તોજ કુટુંબના મન–વાંછિત પૂરા થાય. તે લોકો બધા એની પાસેજ માલ–પાણી ઉડાવતા, તેથી તેની ક્રિયા પ્રત્યે અત્યંત દ્વેષ ધરવા લાગ્યા. એવામાં એકદા સિદ્ધની ભાર્યા, તે પંચ–નમસ્કૃતિના પત્રને લઇ વિચારવા લાગી કે—' આ પત્રથી મારો પતિ છેતરાયો છે, માટે એને ક્યાંક અગાધ કૂવામાં નાખી દઉં, ' એમ ધારી એકદા સિદ્ધના બહાર જતાં, તે સ્ત્રી ઘર થકી કુવા તરફ ચાલી, ત્યાં જતાં વચમાં શ્મશાન આવ્યું.

હવે અહીં કોઈ પટેલની એક દયિતાએ ગર્ભવતી શોકયને વિષ આપેલ, જેથી તે સગર્ભા મૂછિત થઇ જમીનપર પડી, એટલે પીયર અને સાસરીયાના લોકોએ વિષ નાબૂદ કરવાનું ઔષધ તેને આપતાં પણ કંઇ ગુણ ન થયો, તેમ બીજા કોઇથી પણ તે સાજી ન થઇ, તેની મૂર્છા વધતાં તે એકદમ બેભાન બની ગઇ. એમ તેને ગતચેતના સમજી, સંબંધીઓ અગ્નિ–સંસ્કાર કરવા બહાર કૂવા પાસેના મસાણમાં લઇ ગયા. એવામાં કોઇ વ્યંતરી, સિદ્ધસ્ત્રીને પંચ–નમસ્કારને તજવા તૈયાર થયેલ જોઇ, કોઇ ઉપાયથી તેને અટકાવવા તે ઉત્સુક બની. ત્યાં વિષથી મૂછિત છતાં જીવતા ગર્ભવાળી તે સગર્ભાને જોઈ, વ્યંતરીને દયા આવતાં, તે સ્ત્રીરૂપે આગળ આવીને, આક્રંદ કરતા તે પુરૂષોને મોટેથી કહેવા લાગી કે—' અરે ! તમે દીન બની રૂવો નહિ, એણીને હજી જીવાડવાનો ઉપાય છે. જુઓ, પેલી સ્ત્રી જાય છે, તેના હાથમાં મહામંત્ર છે, તે મંત્રપત્ર એણીના ઉદરપર ક્ષણવાર મૂકતાં, નિર્વિષ થઇ, ઉઠીને એ પગે પોતાના ઘર ભણી ચાલવા માંડશે. ' એમ સાંભળતાં સગર્ભાના સ્વજનો પેલી સિદ્ધસ્ત્રી પ્રત્યે દોડયા. તે તો

પ્રથમથીજ તે તજવા નીકળેલ, તેમાં તેમણે દીનતાથી પ્રાર્થના કરતાં, તેણે તે પત્ર તેમના પ્રત્યે નાખી દીધું. પછી તેમણે શ્રદ્ધાથી તે પત્ર સગર્ભાના ઉદરપર મૂકતાં, તે મૂર્છા તજી તરત ઉભી થઈ, ત્યાં 'અહો! આ મહામંત્રનો પ્રભાવ!' એમ બધાને વિસ્મય થયો. તે વ્યંતરી અંતર્ધાન થઈ. તેવામાં સિદ્ધ ભાર્યા તે જોઇ ચિંતવવા લાગી કે–'અહો! આ શું મહામંત્ર છે કે જેના પ્રભાવથી આ મૃત પણ જીવતી થઈ? માટે એ લેવા લાયક છે, તજવા લાયક નથી.' એમ સમજીને તેણે તે મંત્રપત્ર પાછું લીધું. પછી ગ્રામપતિ–પટેલે પોતાની પ્રિયા જીવતી થતાં સંતુષ્ટ થઇ, સિદ્ધભાર્યાને સુવર્ણ આપ્યું, તેમજ તેણીના અન્ય બંધુઓએ પણ યથાશક્તિ તેણીને કાંચન આપતાં તે બહુ સુવર્ણ તથા મંત્રપત્ર લઈ, પોતાના ઘરે આવી. તેણે શ્રદ્ધાપૂર્વક તે પત્ર યથાસ્થાને મૂકયું અને બનેલ હકીકત સિદ્ધને કહી, તે પોતે ભક્તિથી તેને આરાધવા લાગી. સિદ્ધ પણ લીધેલ નિયમોને યથાશક્તિ પાળતાં, પાપ–પંકના શોધનથી તેણે પોતાના આત્માને નિર્મળ બનાવ્યો. પછી વર્ષાકાલ વીતતાં તે ગામમાં દેવ–દાનવથી પરવરેલા અને વસુધાપર વિહાર કરતા કેવળજ્ઞાની પધાર્યા. એટલે સિદ્ધચોર અત્યંત ભાવનાસહિત ત્યાં ગયો અને પ્રણામ કરી યથાસ્થાને બેઠો. ત્યારે જ્ઞાની પોતે બોલ્યા કે–'હે મહાત્મન્ સિદ્ધ! તેં જે શુદ્ધ નિયમ પાળ્યો છે, તેથી તું નિર્વાણ–પદને પામીશ.' એ પ્રમાણે જ્ઞાનીની વાણી સાંભળતાં તરતજ તેના ઘાતિકર્મો દૂર થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં દેવતાએ મુનિવેષ આપતાં તે સિદ્ધ કેવળી સમાન કનક–સિંહાસનપર બેઠા. તેવામાં જ્ઞાની પોતે બોધ પમાડવા બોલ્યા કે—'આ સિદ્ધ નિયમો બરાબર પાળીને નિર્મળ થયા. વળી અમારી વાણી સાંભળતાં એ કેવળ પામશે–એમ સમજી અમે અહીં આવ્યા અને એને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એ પ્રમાણે

ભવ્યોએ ચિત્ત અને ઇંદ્રિયોને તાબે કરવા ગમે તેવો નિયમ લેવો કે જે સદા પુણ્યાનુબંધી હોય."

એ પ્રમાણે દેશના સાંભળતાં **પદ્મ** રાજાએ **શ્રીયુગંધર ગુરૂ** પાસે સંસારથી તારનાર પ્રવ્રજ્યા અંગીકાર કરી, અને અભિગ્રહ લેતાં, ક્ષમા કરતાં, ઇંદ્રિયો દમતાં, તથા પોતાના શરીરે પણ આકાંક્ષા ન રાખતાં **પદ્મ** મુનિ ચિરકાલ વ્રત પાળવા લાગ્યા. પછી વીશ સ્થાનક સેવતાં **પદ્મ** સાધુએ નિકાચિત તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. જેમ કેઃ—

અવર્ણવાદના ત્યાગપૂર્વક ભૂતાર્થ અર્હંતની સ્તવનાવડે તેમણે પ્રથમ પદ અને સિદ્ધોનું વાત્સલ્ય સમકિતની શુદ્ધતા અને સિદ્ધના ગુણ કીર્ત્તનથી બીજા સિદ્ધ પદનું આરાધન કર્યું. બાલસાધુ પ્રમુખ પ્રત્યે અનુગ્રહ અને ભકિત તથા પ્રવચન-ચતુર્વિધ સંઘની સેવાવડે તેમણે ત્રીજું સ્થાનક આરાધ્યું. વસ્ત્રાદિક દાને અને સદ્‌ભાવથી સ્તવનાવડે ગુરૂભકિત કરતાં તેણે ચોથું સ્થાનક તથા પર્યાયસ્થવિર, વયસ્થવિર અને શ્રુતસ્થવિરની ભકિત કરતાં પાંચમું પદ આરાધ્યું. પોતાના કરતાં અધિક શ્રુતધારીનું વાત્સલ્ય, વિનય, વૈયાવચ્ચ કરતાં તેમણે છઠ્ઠું સ્થાનક સેવ્યું. તપસ્વી મહાત્માઓની વિશ્રામણાદિ, વાત્સલ્ય કરતાં સાતમું પદ તથા દ્વાદશાંગી શ્રુત—અર્થ તથા ઉભયના ઉપયોગધારીની ભકિત કરતાં આઠમું સ્થાનક આરાધ્યું, શંકાદિ દોષ રહિત તેમણે સમ્યગ્દર્શન નવમું પદ અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રની સેવા તથા વિનયવડે તેમણે દશમું પદ આરાધ્યું. ઇચ્છા, મિચ્છા, આવશ્યક વગેરે દશ પ્રકારની સમાચારીને વિષે નિરતિચારપણે તેમણે અગીયારમું સ્થાનક તથા મૂલ અને ઉત્તર ગુણોમાં અતિચાર

વર્જવાથી બારમું પદ સેવ્યું. શુભધ્યાનવડે તેરમું સ્થાનક તથા શરીર અને ચિત્તની સ્વસ્થતાએ યથાશકિત તપ કરતાં તેમણે ચૌદમું પદ આરાધ્યું. મનશુદ્ધિવડે તપસ્વીઓ પ્રત્યે અન્નાદિકનો સંવિભાગ કરતાં પંદરમું પદ અને આચાર્યાદિક દશનું નિશ્ચિત વૈયાવચ્ચ કરતાં સોળમું પદ આરાધ્યું. સંઘના કષ્ટને દૂર કરતાં અને મનને સમાધિમાં રાખતાં તેમણે સત્તરમું સ્થાનક સેવ્યું. અપૂર્વ અપૂર્વજ્ઞાન ગ્રહણ કરતાં ચિત્તનો નિગ્રહ કરવાવડે અઢારમું પદ, નિંદાના ત્યાગપૂર્વક શ્રુતજ્ઞાનની ભકિત કરવાવડે ઓગણીશમું સ્થાનક તથા વિદ્યા-મંત્રાદિકવડે તથા ધર્મકથા પ્રમુખવડે શાસનની પ્રભાવના કરતાં તેમણે વીશમા પદની આરાધના કરી. એમાંના એક પદની આરાધનાથી તીર્થંકર નામકર્મ બંધાય, તો તે મહાત્માએ એ બધાની આરાધના કરી. એમ અનુક્રમે આયુપૂર્ણ થતાં કાલ કરી, તે વ્રત-પર્વતના પ્રથમ ફળરૂપ **વૈજયંત** નામના વિમાનમાં ગયા. ત્યાં પદ્મરાજાનો તે જીવ વૈજયંતમાં આયુ પૂર્ણ કરી, આ ભવમાં હું તીર્થંકર થયો છું." એમ પોતાના બે ભવ કહી અષ્ટમ જિનેશ્વર અનુક્રમે **ચંદ્ર**પ્રભાસ નામના ક્ષેત્રે સમુદ્રના કાંઠે સમોસર્યા. ત્યાં સર્વ દેવોએ બધા દેવોએ સમવસરણ રચતાં, ભગવંત સિંહાસને બિરાજમાન થઈ, ધર્મદેશના આપવા લાગ્યા કે-" હે ભવ્યો ! બધા ધર્મોમાં દયા એ પ્રથમ ધર્મ છે, કે જેનાથી પ્રાણી નિરોગી અને સદા ધનવાન્ થાય છે. જો હૃદયમાં દયા વિદ્યમાન હોય તો અન્ય ધર્મો વાંછિત ફળ આપે. કારણ કે અગ્નિ હોય તો કાષ્ઠ પ્રકાશ કરવા સમર્થ થાય, જીવરક્ષાના યોગે પ્રાણી વસુધામાં ઈષ્ટ સ્થાન તથા મંત્રિદાસીની જેમ નિર્વાણ-પદ પામી મુકત થાય છે. તે વૃત્તાંત આ પ્રમાણે છે—

# દયા ઉપર મંત્રિદાસીની કથા.

એલાપુરમાં **રિપુમર્દન** નામે રાજા કે જેના દાનરૂપ પદ્મમાં રાજ્યલક્ષ્મી અને યશ-હંસ સદા રમતા. તે રાજાને **કામલેખા** નામે પુત્રી તથા તેના શ્રેષ્ઠ મંત્રીને **અચલા** નામે સુતા છે. બાલ્યવયથીજ તેમનો સ્નેહ એકાત્મરૂપ હતો. તે બંને સાથે જમતી અને સાથે સુતી. એકદા તે બંને સોગઠાબાજી રમતી, તેવામાં અચલાના ઉત્સંગમાં આકાશથકી કંકણ પડયું. કામલેખાએ ઉઠીને તેના ખોળામાંથી તે લઇ લીધું. તે જોઇ તેમની પાસે બેઠેલ નૈમિત્તિક હસવા લાગ્યો. ત્યારે રાજસુતાએ હસવાનું કારણ પૂછતાં, તે બોલ્યો કે-' એ કંકણને પહેરતાં તું દાસી થઇશ.' રાજાની પુત્રીએ કહ્યું—' ત્યારે એ કંકણ કોણ પહેરશે? ' ત્યારે દેવજ્ઞે તેણીના કાનમાં કહ્યું કે— ' આ મંત્રિસુતાની દાસી. ' એમ તેના વચનના વિશ્વાસે રાજસુતાને ભારે ચિંતા થઇ પડી. તેણે ક્રીડા તજી, ભારે શોચ કરવા માંડયો—' અરે ! મને ધિક્કાર છે કે રાજપુત્રી એવું નામ ધરાવી, પોતાના દુષ્કર્મના પરિણામે દાસી થઇશ. અહો ! આ સંસારમાં પણ કેટલી અસારતા કે જ્યાં દુષ્ટાત્માઓ વારંવાર દુઃખાગ્નિવડે પાકયા કરે છે. અથવા તો લલાટપર દુરક્ષર લખનાર હે દુષ્કર્મ ! તું આજ્ઞારૂપ શિલાને શિરપર ધરે છે. જો તેના પ્રમાણવશે પ્રાણી અનિષ્ટ પામે છે, તો અસારતામાં કૃતકારિતપણાનો દોષ કયાં છે ? ' એમ ચિંતાતુર થયેલ રાજપુત્રીને, કારણ સમજી મંત્રિસુતાએ કહ્યું—' હે સખી ! તું શોક ન કર, મારૂં વચન સાંભળ-એ દાસીને જ એના દોષે હું હણીશ. તો પછી તું એ દાસીની દાસી શી રીતે થઇશ ? ' એમ કામલેખાને સમજાવી, અચલા દાસીસહિત પોતાના સ્થાને જતાં તે વિચારવા

લાગી કે—' એ દાસીએ અમુક વસ્તુ લીધી હશે.' એમ ધારી—'તેં એ વસ્તુ લીધી છે ? જો ન લીધી હોય, તો આ ઘડામાંથી સર્પને બહાર કાઢ.' પણ તે દોષિત હોવાથી સર્પે તેણીને ડંખ માર્યો અને જેથી તે નીચે પડી. એટલે મંત્રિસુતાએ તેને નદીમાં તજાવી, પણ લઇ જનાર પુરૂષ દયાળુ હોવાથી લીમડાના ભારામાં તેને નાખીને પાણીમાં વહેવડાવી. ત્યાં પુણ્યયોગે પાણીનો સંયોગ થતાં લીમડાના રસે તે નિર્વિષ થઇ અને અનુક્રમે કાંઠે અટકતાં, તે શ્મશાન આગળ લીમડાના ભારાથકી બહાર નીકળી. તેવામાં કોઇ રાક્ષસ એની પાછળ દોડયો. જેથી પ્રાણભય લાગતાં તેણી એકદમ નગર ભણી ભાગી, અને 'હજી તે રાક્ષસ મારી પાછળ લાગ્યો હશે, એવી બીકથી એલાપુરના ઉદ્યાનમાં પાછી આવી એક યક્ષના મંદિરમાં પેઠી. તે સર્વભક્ષી નામે યક્ષમૂર્ત્તિ પોકળ અને પાકેલ માટીની હતી, તે ઉપાડી, પેલી દાસી ભયને લીધે તે મૂર્ત્તિની પોલમાં ભરાઇ બેઠી. એવામાં અરૂણોદય થતાં એક રાજવલ્લભાએ દુધના ઘડા લાવી, તે યક્ષમૂર્તિને માથે રેડયા. ત્યાં યક્ષાંગે છિદ્રો હોવાથી ચોતરફ અંદર પડતું દુધ, ભયથી ભરાઇ બેઠેલ દાસી પીને તૃપ્ત થઇ, રાજપત્નીએ યક્ષની વિલેપનથી પૂજા કરી, તેની સમક્ષ પાડા અને બકરા મારવાનો તેણે પોતાના માણસોને આદેશ કર્યો, ત્યારે અંદર રહેલ દાસીએ વિચાર કર્યો કે—' જેમ ઘાતક રાક્ષસથકી મને પીડા થઈ, તેમ એ પ્રાણીઓને પણ ભારે દુઃખ થશે, માટે હું પોતેજ યક્ષ બની રાણીને અટકાવું.' એમ ધારી તેણે મોટે અવાજે કહ્યું કે—' મારી આગળ પ્રાણીઓનો વધ કરતા નહીં અને હવે પછી જે કોઈ મારી આગળ પ્રાણીવધ કરશે, તેને સકુટુંબ તરત મારી નાખીશ. કારણ કે આજે મારા જાણવામાં આવ્યું કે જીવદયા એજ સાર છે. દુધના સ્નાન અને પૂજનાદિકથી પ્રસન્ન થયેલ હું તમારૂં પ્રિય—

ઇષ્ટ કરીશ.' આથી રાણી સમજી કે—' યક્ષ પોતે બોલે છે.' તેથી ભય પામી તેણે પશુઓને છોડી મૂકયા અને યક્ષને નમી તે સ્વસ્થાને ગઇ. એમ પ્રતિદિન આવીને રાણી યક્ષને દુધથી ન્હવરાવતી, તેમ બીજા લોકો પણ આવતા, ત્યાં દાસી તે દુધ પી જતી. તેવામાં લોકો—' સર્વ દર્શનોને સંમત એવી જીવરક્ષા એ યક્ષે આચરી.' એમ પ્રમોદ પામતા બધા તેની પૂજામાં તત્પર થયા.

હવે દૈવજ્ઞના વચને વ્યાકુળ થતી રાજપુત્રીને મંત્રીસુતા કહેવા લાગી કે—' હે સખી ! સાંભળ, તને એક બુદ્ધિ બતાવું. એ કંકણ સર્વભક્ષી યક્ષને પહેરાવીએ, તો દાસત્વ-દુઃખ ન થાય. કારણ કે એ દેવતા છે.' એમ મંત્રીસુતાની વાણી કામલેખાએ માન્ય કરી, તે કંકણસહિત તેણીની સાથે યક્ષમંદિરે ગઇ, ત્યાં ' આ કંકણ હવે યક્ષને સત્વર પહેરાવી દ્યો ' આ તેણીનું વચન સાંભળતાં દાસીએ જાણ્યું કે—' બંને રાજાની અને પ્રધાનની પુત્રીઓ છે. હું એ કંકણ મારા પોતાને હાથે બાંધીશ.' એમ વિચારી, અંદરમાં પોકળ એવો યક્ષનો હાથ યુક્તિથી ભાંગી, યક્ષની ભુજામાંથી પોતાના હાથનો અગ્રભાગ તેણે બહાર કહાઢ્યો. એટલે રાજપુત્રીએ પોતે તેના હાથે કંકણ બાંધી દીધું. પછી ' હે યક્ષ ! તમેજ અમારા સ્વામી થાઓ.' એમ કહી, તે સખીસહિત ચાલી ગઇ. ત્યારે યક્ષનો અગ્રહસ્ત દાસીએ તેજ પ્રમાણે જોડી દીધો. એવામાં બે વિદ્યાધર યક્ષમંદિરના દ્વારે આવી વિમાન બહાર મૂકી અને યક્ષ પાસે તે આવ્યા. તેમાં એક બોલ્યો-' હે મિત્ર કુંદ ! તું જાણે છે કે નહિ, એ કંકણની વાત કેવી છે ? ત્યારે બીજાએ કહ્યું-' હે રત્નાંગદ ! હું કશું જાણતો નથી.' એટલે રત્નાંગદ કહેવા લાગ્યો કે-' એ બંને કંકણ ધરણેંદ્રે સંતુષ્ટ થઇને વિદ્યાધર-પતિને આપેલ, તેનો એવો પ્રભાવ છે કે જે પુરૂષ એ બંને કંકણ પહેરે તે દક્ષિણ અને ઉત્તર શ્રેણિનું વૈતાઢ્યનું રાજ્ય પામે, તેમજ એક

પહેરે તો એક શ્રેણીનો તે સ્વામી થાય, અને તેના યોગે સર્વ સમૃદ્ધિ તેને અવશ્ય સંપન્ન થાય. પછી વિદ્યાધર આકાશ–માર્ગે જતાં પોતાની પ્રિયાને લપડાક મારવા જતા તેના હાથમાંથી એક કંકણ પડી ગયું, તેની બહુ શોધ કરી, છતાં હાથ ન લાગ્યું. જેને તે કંકણ મળશે, તે એક શ્રેણિનો સ્વામી થશે.' એમ તેમના વચન સાંભળતાં દાસીને તે કંકણ યાદ આવ્યું કે–' રાજાની પુત્રી પાસે મારા ખોળામાં જે કંકણ પડયું તે એજ હશે. અહો ! જીવરક્ષાનું મને ફળ મળ્યું, કે એ કંકણ પ્રાપ્ત થવાથી વિદ્યાધરની ઋદ્ધિ મળે. એમ ધારી દાસી રત્નાંગદને કહેવા લાગી કે–' એ રત્નકંકણ હું તને આપું, પણ તું મારી આજ્ઞામાં રહેજે.' રત્નાંગદ બોલ્યો–' હે યક્ષ! સ્વામિન્ ! જે તમે કહો, તે કામ હું તરત બજાવીશ.' એમ તેણે કહેતાં દાસી બોલી કે–' જો એમ હોય, તો સાંભળ—તું સ્વસ્થાને જતાં પોતાના વિમાનમાં કંકણ સહિત સ્ત્રીને જોઇશ, તેને તું સદાને માટે તારી પ્રિયા બનાવજે, તારે તેનું કદિ અપમાન ન કરવું અને તેની આજ્ઞામાં વર્ત્તવું.' એમ કહી, તે યક્ષમાંથી હળવે હળવે નીકળી અને અંધકારમાં તે ન જુવે તેમ તે વિમાનમાં કોઇ સ્તંભને આંતરે દેખવામાં ન આવે તેમ છુપાઇ રહી. પછી થોડી વારે રત્નાંગદ વિમાન પાસે આવતાં, યક્ષના કહ્યા પ્રમાણે તેણે ઉતાવળ કરતાં તરત પોતાના સ્થાને આવતાં તે દાસી પ્રગટ થઈ, તેને સકંકણ જોઈ, યક્ષના વચનથી તે બહુ વિસ્મય પામ્યો, અને બોલ્યો કે–'હે પ્રિય ! આવ, આવ, યક્ષે મને તું વલ્લભા આપી ' એમ કહેતાં તે વિદ્યાધર તેને આલિંગન આપી સાથે રમવા લાગ્યો અને યક્ષના આદેશથી નમ્યો. પછી પ્રભાતે તે કંકણના પ્રભાવથી વિદ્યાધર એક શ્રેણીનું રાજ્ય પામતાં તેણે તે દાસીને પોતાની સ્વામિની બનાવી. તે દાસી પોતાના મનમાં તે બધું જીવરક્ષાનું પુણ્ય માની, સમૃદ્ધિ

પામતાં પણ તે દયાધર્મમાં સદા તત્પર રહેવા લાગી. એમ દાસીત્વ જતાં, સ્વામિત્વથી પરમ પ્રમોદને પામતી તે એકદા રાતે સુખશય્યામાં સુતી હતી ત્યાં ક્ષણભરમાં નિદ્રા દૂર થતાં જાણે ક્રમે આવેલ દાસી હોય તેમ પગ દાબતી કોઇ સ્ત્રીને તેણીએ જોતાં કહ્યું કે—'અરે! તું કોણ?' તે બોલી—'હું તારી દાસી છું. હે સ્વામિની! તું મારૂં રક્ષણ કર. તુંજ મારે આધાર છે, અન્ય શરણ નથી.' ત્યારે મંત્રિદાસી બોલી કે–'તું કયાંની અને અહીં શાને આવી છે? વળી રક્ષણ કરવા લાયક કેમ છે? હે ભયાતુર! તું ભય વિના કહે.' એટલે તે રોતી રોતી બોલી કે—હે દેવી! તમે સાંભળો—એલાપુરના સ્વામી રિપુમર્દન રાજાની હું કામલેખા નામે પુત્રી છું. એકદા સખી સહિત હું નદીમાં જળક્રીડા કરવા મોટી નાવમાં બેઠી, તેવામાં પ્રચંડ વાયુ પ્રગટતાં, તેનાથી આઘાત પામેલ નાવ ફુટતાં, મારો સખીવર્ગ કયાં ગયો; તે હું જાણતી નથી, પણ હું એક મજબૂત ફલક–પાટીયાપર બેઠી. ત્યાં કોઇ વિદ્યાધરે જોતાં મને હરીને ગઇ કાલે આ પાસેના ઘરમાં મૂકી હતી. તે વખતસર મારૂં શીલ ખંડિત કરશે—એવા ભયથી હું અહીં આવી છું, તો એનાથી તું મને બચાવ, આથી હું તારી દાસીજ છું.' મંત્રિદાસી બોલી—'તું ભય ન પામ. હું તારૂં રક્ષણ કરનાર બેઠી છું.' પછી તે રાજસુતાને ઓળખી ચિંતવવા લાગી કે—'અહો! જીવરક્ષાનું ફળ કેટલું બધું? કે મને વિદ્યાધર સંપત્તિ મળી અને આ મારી દાસી થઇ.' એ રીતે જીવદયાના તત્ત્વમાં સંલીન થતાં તે મંત્રિદાસી સ્વર્ગ અને મોક્ષનાં સુખો પણ અનુક્રમે અવશ્ય પામશે.

## સત્ય બોલવા ઉપર સ્મરનંદનની કથા.

એક સત્ય જ બોલવું કે જેથી આ લોક અને પરલોકમાં પ્રાણી પ્રત્યે લોકો દૃઢ અનુરાગ કરે અને તે મુક્તિ લક્ષ્મીના ભોક્તા બને. સત્યવડે દુર્જન તે સ્વજન–સજ્જન થાય, તો સંત મહાત્માઓની શી વાત? મંત્રબળે વિષ પણ ઉપયોગમાં આવે, તો બીજી વસ્તુની શી વાત? અસત્ય બોલનાર સ્વજન પણ પરજન થાય અને સત્ય બોલનાર પરજન પણ સ્વજન સમાન બને એ ઉપર **સ્મરનંદન**ની વાત આ પ્રમાણે છે—

**શ્રીપુર** નગરમાં **લક્ષ્મણ** નામે રાજા કે જેના હાથે લાગેલ અસિ–વધૂ તે પ્રત્યર્થીઓના કર–દંડ ગ્રહણ કરે છે. તેને **કામપતાકા** નામે રાણી કે જે પોતાના બિંબોષ્ઠના રાગવડે કામિજનોના મનને રંજન–રક્ત કરતી હતી. એકદા તે નગરમાં જ્યોતિષ–શાસ્ત્રને જાણનાર ઉત્તમ શુક આવ્યો કે જે બધા દૈવજ્ઞોના મસ્તકે જાણે અભિષેક પામ્યો હોય. જે જન્મ, ગ્રહ કે વાર તેને પૂછતું, તે બધું સત્ય જ તે કહી બતાવતો તથા ઉચ્ચ–નીચ કુલાદિક પણ કહેતો. ભૂત કે ભાવી પણ તે સાક્ષાત્ કહી બતાવતો. એમ સભાને ચમત્કાર પમાડનાર તે શુકે બધા નગરજનોને રંજિત કર્યા. એ વાત રાજાના જાણવામાં આવતાં, તેણે પ્રતીહાર મોકલીને બોલાવતાં, પુરૂષે લીધેલ પાંજરામાં બેસીને તે રાજસભામાં આવ્યો. એટલે રાજાએ પોતાના ખોળામાં બેઠેલ પુત્રનું કૌતુકથી જન્મ–ગ્રહફળ પૂછતાં શુકે કહ્યું કે—' હે રાજન્! તારો એ પુત્ર પોતાની હાંસી કરાવનાર મહાવિટ થશે અને એક સો વરસ જીવશે. ' એમ સાંભ-

ળતાં શુક-વચનને સત્ય સમજી, રાજા પોતાના પુત્રને શોચતાં, ખેદ પામી કાંઇક વિમુખ થઈ બેઠો. તેવામાં કામપતાકાએ પણ આધિપત્યથી પ્રમોદ પામતાં કૌતુકથી શુકને પોતાનું જન્મ સ્વરૂપ પૂછયું એ પ્રશ્નને મનમાં અવધારી, કંઈક વિશેષ ધ્યાનથી સ્વરૂપ જાણીને શુક મૌન જ રહ્યો. ત્યારે કામપતાકા બોલી કે—' હે કીર ! શીઘ્ર કહે.' શુક બોલ્યો—' હે ભદ્રે ! તું એ પ્રશ્ન ન કરતાં મૌન રહે.' આથી મનમાં આશંકા લાવી—' એ પ્રશ્ન-ઉત્તર સાંભળતાં મનમાં દુઃખ ન ઉપજે,' એમ ધારી દક્ષતાથી તે મૌન ધરી રહી, પણ લક્ષ્મણ રાજા તે જાણવાને ભારે ઉત્સુક થયો અને બોલ્યો કે—' હે શુક ! તું ભય વિના સત્ય કહે.' શુકે કહ્યું—' હે રાજન્ ! એ કામપતાકા તને અત્યંત પ્રિય છે, એનું વિપરીત બોલતાં તને દુઃખ થશે, જેથી કહેતાં મારૂં મન શંકા પામે છે, એમ શુકે કહેતાં રાજાએ એકાંત કરીને પૂછયું—' હે શુક ! જે તારા જોવામાં આવે, તે સત્ય કહે.' તે બોલ્યો—' હે ભૂપાલ ! એ તારી પ્રિયા અંત્યજ કુળમાં જન્મેલ છે, એના સંસર્ગથી તમે લોકો સહિત મલિન થયા છો.' એમ સાંભળી અંતરમાં ખેદ પામતો રાજા નગરની બહાર આવી રહ્યો. એટલે કામપતાકા પણ ચિંતવવા લાગી કે—' પોતાના કુળને તો હું જાણુતી નથી, પરંતુ એમ સાંભળું છું કે રાજા મને તાબે બનાવીને પરણ્યો છે. એ શુક સર્વજ્ઞપણે ખ્યાત હોવાથી જે બોલે છે, તે લોક સત્ય માની લે છે, તો કીરની વાણી અન્યથા કેમ થાય ?' એમ મનમાં વિચાર કરી કામપતાકાએ મુખ્ય મંત્રીને બોલાવી, તેને શુકની વાણી જણાવીને પોતાનો અભિપ્રાય નિવેદન કર્યો—' હે મંત્રિન્ ! રાજા વિચાર્યા વિના શુકવાણીને સત્ય માની ચાલ્યો ગયો છે. દૈવયોગે જો એ રાજ્ય તજશે, તો તું કે હું રાજ્યસુખથી દૂર થવાના, માટે એવી બુદ્ધિ ચલાવો કે જે કોઇ એ વાત જાણુતા હોય, તેમને બહુ જ ધન આપીને સ્વાધીન કરવા. પછી

તેઓ રાજા પાસે મોઢેથી એમ કહે કે હે રાજન્ ! એ શુક પક્ષી સર્વત્ર મિથ્યા જ બોલે છે, કારણ કે અમે ઘણાં નિમિત્તો જોયા, પણ શુકની વાણી તો અસત્ય જ લાગી, એમ બીજા પણ ઘણા લોકો કહે છે. એમ મંત્રી સાથે વિચારી, દૈવજ્ઞોને સત્વર બોલાવી, તેમને ધનથી તાબે કરીને તેણે પ્રગટ શીખામણ આપી. પછી મંત્રી સાથે તેઓ રાજા પાસે ગયા અને શુક વાચાને અસત્ય કરવા બધા સાથે થઇને બોલ્યા કે—' હે રાજન્ ! એ તિર્યંચ શુકમાં વિશ્વાસ કેવો ? અમે બરાબર જોયું કે એ શુકની વાણી અસત્ય જ છે, ત્યાં મંત્રીએ કહ્યું કે—' તો હે સ્વામિન્ ! હવે મહેલમાં પધારો. આચારથી જ જણાઇ આવે છે કે તમારી પ્રિયા શ્રેષ્ઠ કુળની છે. રાજા બોલ્યો—' મને એમાં સંદેહ છે, તે બીજાથી દૂર થાય તેમ નથી. હું બધા એ નિમિત્તીયાઓને અસત્યવાદી સમજું છું, પરંતુ આ નગરમાં **વિમલ** નામે શેઠ છે તેનો **સ્મરનંદન** નામે દત્તક પુત્ર છે, તે ગુણી બાળબ્રહ્મચારી સમકિતની આરાધના કરનાર અને માનવા લાયક છે, તેને જે કાંઈ પૂછવામાં આવે તેના કાનમાં શાસનદેવી સંભળાવે છે, તે જો મને કહે તો હું સત્ય માનું, તે વિના નહિ. તેનાં વચન વિના તો રાજ્ય તજીને હું તીર્થોમાં ચાલ્યો જઇશ; એમ રાજાનું કથન સાંભળી મંત્રી રાજરમણી પાસે આવ્યો અને તેણે રાજાની વાત સંભળાવી, એટલે તેણે શેઠને બોલાવી, શુક વૃત્તાંત જણાવીને કહ્યું કે—' રાજા તમારા પુત્રના વચનને સત્ય માને તેમ છે તો તમે પુત્રને એમ સમજાવો કે શુકવચનને અન્યથા કરી કદાગ્રહી રાજાને તે વિશ્વાસ પમાડે, એ કામ તમે શીઘ્ર કરો.' એમ કહી કામપતાકાએ પોતે વસ્ત્રાદિકથી તેને સન્માનીને તરત વિસર્જન કર્યો, પછી શ્રેષ્ઠીએ ઘરે આવી તે વાત સ્મરનંદનને સંભળાવી એટલે તેણે શાસનદેવીને આરાધી સત્ય હકીકત પૂછી ત્યારે દેવીએ કહ્યું કે—' એ રાજપત્ની અંત્યજ–કુળની છે, તેમાં સંદેહ

નથી અને શુકવાણી સત્ય-પ્રમાણુ છે.' આથી શેઠ સાથે આવી સ્મરનંદને રાણીને કહ્યું કે—' જે શુક બોલે છે તે અસત્ય નથી.' કામપતાકા બોલી—' જો કે તે એમ છે, છતાં મારા ઉપરોધથી તું રાજા આગળ શુકવાણીને મીથ્યા બોલ.' સ્મરનંદન બોલ્યો—' હું અસત્ય કદિ બોલનાર નથી. સત્ય-વચનરૂપ વાડના ભંગથી ધર્મરૂપ વૃષભ દુઃખે રક્ષણીય થાય.' ત્યારે કામપતાકાએ કહ્યું—'તેમ કરતાં તને જે પાપ લાગે, તે હું મારે માથે વ્હોરી લઉં છું; કારણુ કે વચને આપેલ શુભાશુભ પમાય છે.' સ્મરનંદન બોલ્યો—' એ તો લૌકિક વ્યવહાર છે, પણુ આગમો તેમ સ્વીકારતા નથી. સત્ય-અસત્યનું ફળ તો બોલનારને મળે છે, માટે હું મૃષા બોલતો નથી.' એમ સ્મરનંદને કહેતા કામપતાકા કોપથી બોલી કે—' જો મારૂં વચન નહિ માને તો વગર મોતે મરીશ.' સ્મરનંદને કહ્યું—' જે તારે કરવું હોય તે કરજે; મરણુ સારૂ પણુ મિથ્યા કદિ બોલનાર નથી.' એટલે કામપતાકા નીચ ગોત્રની હોવાથી તેને દુર્ન્યાય દુર્લભ નથી, જેથી તેણે સ્મરનંદનને ગાઢ બંધાવીને ચાબુક વતી ખૂબ તાડના કરી તથાપિ તેણે અસત્ય બોલવાનું કબુલ ન કર્યું. તેવામાં રાજાના આદેશથી તેને શોધતા કોટવાળો ત્યાં જોઇ તરત સ્મરનંદનને રાજા પાસે લઇ ગયા. ત્યાં રાજાએ તેને પૂછ્યું કે—' શુકવાણી સત્ય કે મિથ્યા? ત્યારે સ્મરનંદન વિચારવા લાગ્યો કે ' હવે અહીં મારે શું કરવું? જો સત્ય કહું તો રાજા વલખો થાય છે અને તેની પત્નીથી વિરૂદ્ધ થાય છે. તો સત્ય છતાં અહિત હોવાથી મૃષા થાય અથવા તો વચનથી સમજાય છે કે રાજા વૈરાગી બન્યો છે, તો તે કયાં અહિત કરનાર નથી, પણુ શુભ જ કરશે.' એમ ધારી સ્મરનંદન બોલ્યો કે—' હે રાજન્! શુકવાણી સત્ય છે, પણુ તેથી કાંઇ માલિન્ય માનીશ નહિ. કર્મ પ્રભાવથી આ આત્મા વ્યવહારને લઇ ઉત્તમ કે અધમ શરીરમાં પેસતાં તે કાંઈ મલિન થતો નથી, પરંતુ

દુષ્કર્મથી તે મલિન થાય અને સુકર્મથી નિર્મળ થાય છે, માટે સુકર્મ સાધવાનો પ્રયત્ન કરવો.' એ પ્રમાણે સ્મરનંદને કહેતાં કોઇ કેવળી પધાર્યા. તેમણે રાજાને શુદ્ધ દેશના આપતાં પ્રતિબોધ પામી રાજાએ તેમની પાસે ચારિત્ર લીધું. એ વાત સાંભળતાં કામપતાકાએ પણ પ્રવ્રજ્યા લીધી. અન્ય કુળમાં ઉત્પન્ન થયા છતાં સત્ય વ્રત સ્વીકારેલ હોવાથી સ્મરનંદનને સમૃદ્ધિ આપી વિમલ શેઠે પણ વ્રત આદર્યું પછી તે સ્મરનંદન ગૃહસ્થવ્રત તથા સત્યવ્રત પાળી છેવટે સંયમ લઇ સ્વર્ગે ગયો."

## અદત્તાદાન વિરમણ વ્રત ઉપર દાનપ્રિયની કથા.



લોભે પ્રાણીઓનું પરધન લેવાથી ધર્મ–સર્વસ્વ લુંટાય છે માટે અદત્ત ન લેવું. અદત્ત લેવાથી થયેલ દોષ ચંદ્રમાના લાંછનની જેમ કદિ પ્રાણીનો જતો નથી. ભારે કલેશથી પેદા કરેલ ધન એ માણસોનું આશાસ્થાન છે, તેનું હરણ કરતાં પરજન્મમાં જીવને નરક વિના અન્ય ગતિ ન થાય. સુખે ગ્રાહ્ય એવા પરધનનો જે ત્રિવિધે ત્યાગ કરે છે, તે **દાનપ્રિય**ની જેમ વિશ્વાસપાત્ર થાય છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે—

**નંદા** નગરીમાં **નંદ** નામે રાજા કે જેનો ખડ્ગરૂપ દંભોલિ–વજ્ર, સ્તબ્ધ–અભિમાની ભૂભૃતો–રાજાઓને ભેદે છે. ત્યાં કુળપરંપરાથી દરિદ્ર વંશમાં પેદા થયેલ **દુર્ગત** નામે પુરૂષ કે મહાકષ્ટે ગુજરાન ચલાવતો હતો. તેનો **દાનપ્રિય** નામે પુત્ર કે જે હજી

બાળક હતો, તે એકદા શ્રીમંતોના બાળકો સાથે કયાં રમવા લાગ્યો, તેવામાં રમતા કોઈ ધનિકપુત્રના હાથમાંથી મુદ્રિકારત્ન ધૂળમાં પડી ગયું, જે કોઈના લક્ષ્યમાં ન હતું. તે બાળક રમીને પોતાના ઘેર જતાં, પાછળ દાનપ્રિય તે રત્ન જોઇ વિચારવા લાગ્યો કે—'આ રત્ન અમુક બાળકનું હોવું જોઇએ,' એમ પરાયું ધારી તે લેવા ન ઇચ્છતાં તેણે પોતે તે બાળકના માતપિતાને લાવી આપ્યું, જ્યારે તે શ્રીમાન્ વિચારવા લાગ્યો કે—'અહો ! આ બાળકની નિઃસ્પૃહતા કેટલી ? કે આ રત્ન તેણે લીધું નહિ. માટે એને મારે વાણોતર બનાવવો.' એમ ધારી શેઠે તેને આદેશ કર્યો અને પિતાએ અનુજ્ઞા આપતાં, તે દાનપ્રિય શેઠનો પરમ મિત્ર અને સ્નેહપાત્ર બન્યો. પછી શેઠે પોતાનો પુત્ર પંડિતને સોંપતાં, તે જડબુદ્ધિ હોવાથી મહાકષ્ટે ભણતો, પણ દાનપ્રિયને જે કાંઈ પંડિત ભણાવતો, તે બધું અર્થસહિત પોતાના નામ પ્રમાણે ધારી લેતો. વળી તે શેઠ તેને જે કાંઈ ધન આપતો, તે પોતે દાનપ્રિય હોવાથી ગરીબોને આપી દેતો. તેવામાં પાસેની કોઇ વ્યંતરીએ વિચાર કર્યો કે—'દાનપ્રિય બાળક છતાં કેટલોબધો નિઃસ્પૃહ છે ? માટે એની હું પરીક્ષા કરૂં.' પછી તે પુરૂષ થઇ, દાનપ્રિય બહાર નીકળતાં, આગળ આવીને કહેવા લાગી કે—'તારો પિતા મારો કરજદાર છે. તેના ઋણથી તું મારો દેવાદાર છે, તો તે દ્રવ્ય તું હવે મને આપ.' એમ કહી તેને પકડીને તે વ્યંતરી કોઇ પર્વતમાં લઇ ગઇ. ત્યાં તે કહેવા લાગી કે—'મારૂં દ્રવ્ય સત્વર આપી દે.' તે બોલ્યો—'હમણાં ધન મારી પાસે નથી, તો તને કયાંથી આપું ?' વ્યંતરી બોલી—'નગરમાં તારૂં ધન હોય, તો ચાલ, ત્યાં આવીને મને દ્રવ્ય આપ. નહિ તો તને હું મૂકનાર નથી.' દાનપ્રિયે કહ્યું—'મારી પાસે અહીં પણ ધન નથી અને નગરમાં પણ નથી. તો કયાંથી તને આપું ? માટે તને ગમે તેમ કર.' ત્યારે વ્યંતરી,

નથી, તેથી વ્યંતર જન્મમાં હું હીન અલ્પદ્ધિક વ્યંતર થયો છું. જિનધર્મ આરાધ્યા વિના શું પ્રાણી સ્વર્ગાદિ-સંપદા પામી શકે? તો હવે એવો ઉપાય કરૂં કે રાજપુત્ર નિરોગી થાય અને મહિમા વધે. અહીં લોકોમાં એવી કહેવત છે કે આ નગરમાં ક્યાં જમીનમાં ચંદ્રકાંતની બનાવેલ ઋષભ-જિનમૂર્ત્તિ દાટેલ છે, તે બીજા કોઇથી જોવાય કે લેવાય પણ નહિ, પરંતુ એવી વાત સંભળાય છે કે જે નિઃસ્પૃહ હોય, તેના મસ્તકપર રહીને મૂર્ત્તિ બહાર આવે. એવો નિઃસ્પૃહ અહીં કોણ હશે?' એમ ધારી અવધિ મૂકતાં, યક્ષે દાનપ્રિયને જોયો-જાણ્યો. તેને મહાનિસ્પૃહ જાણીને યક્ષ ભારે હર્ષિત થયો અને તેણે ચિંતવ્યું કે—'એના માથે પ્રભુમૂર્ત્તિ પ્રગટ કરવી.' પછી સાક્ષાત થઇને તે યક્ષે રાજાને જણાવ્યું કે—'ચંદ્રકાંતની જિનમૂર્ત્તિ આજે ભૂતલમાંથી પ્રગટ થશે, તે ઉગતા ચંદ્રના કિરણોથી સ્પર્શ પામી અમૃત-જળ દ્રવશે, તે જળ પુત્રના અંગે છાંટવાથી તે નિરોગી અવશ્ય બનશે. માટે હે રાજન્! તું સત્વર અમુક સ્થાને જઈ, ભૂમિશુદ્ધિ કરાવ કે જેથી પ્રતિમા પ્રગટ થાય.' એમ યક્ષના આદેશથી રાજા સત્વર ત્યાં ગયો અને ભૂમિકાશુદ્ધિ કરાવી તે રાહ જોતો બેઠો; ત્યાં બીજા લોકો પણ આવ્યા. આ વખતે યક્ષે દાનપ્રિયના મઠ અને જિનમૂર્ત્તિની વચલી ભૂમિમાં પોતાની શકિતએ સુરંગ દીધી અને યક્ષ પોતે તરત ત્યાં આવી મઠમાંથી દાનપ્રિયને સુરંગમાર્ગે લઇ, પ્રભુમૂર્ત્તિની નીચે સ્થાપ્યો. પછી યક્ષે તેને કહ્યું કે—'હે પુરૂષોત્તમ! આ જિનપ્રતિમાને તું મસ્તકવડે ઉંચે ઉપાડ. હું તને સહાય કરનાર બેઠો છું.' એમ યક્ષે કહેતાં દાનપ્રિય તરત જ પોતાના મસ્તકે પ્રૌઢ પ્રતિમા ઉપાડી, ભૂમિ ફોડીને તે બહાર આવ્યો. એટલે તેના મસ્તકે રહેલ તે પ્રતિમાને પ્રગટ થતી જોઈ, રાજા વગેરે લોકો—'જય જિનેંદ્ર' એવો ઘોષ કરવા લાગ્યા. વળી લોકોમાં હર્ષનાદ થતાં, પોતે સુકોમળ અને પ્રતિમા ભારે

નથી, તેથી વ્યંતર જન્મમાં હું હીન અલ્પર્દ્ધિક વ્યંતર થયો છું. જિનધર્મ આરાધ્યા વિના શું પ્રાણી સ્વર્ગાદિ–સંપદા પામી શકે ? તો હવે એવો ઉપાય કરૂં કે રાજપુત્ર નિરોગી થાય અને મહિમા વધે. અહીં લોકોમાં એવી કહેવત છે કે આ નગરમાં કયાં જમીનમાં ચંદ્રકાંતની બનાવેલ ઋષભ–જિનમૂર્ત્તિ દાટેલ છે, તે બીજા કોઇથી જોવાય કે લેવાય પણ નહિ, પરંતુ એવી વાત સંભળાય છે કે જે નિઃસ્પૃહ હોય, તેના મસ્તકપર રહીને મૂર્ત્તિ બહાર આવે. એવો નિઃસ્પૃહ અહીં કોણ હશે ?' એમ ધારી અવધિ મૂકતાં, યક્ષે દાનપ્રિયને જોયો–જાણ્યો. તેને મહાનિસ્પૃહ જાણીને યક્ષ ભારે હર્ષિત થયો અને તેણે ચિંતવ્યું કે—' એના માથે પ્રભુમૂર્ત્તિ પ્રગટ કરવી.' પછી સાક્ષાત થઇને તે યક્ષે રાજાને જણાવ્યું કે—' ચંદ્રકાંતની જિનમૂર્ત્તિ આજે ભૂતલમાંથી પ્રગટ થશે, તે ઉગતા ચંદ્રના કિરણોથી સ્પર્શ પામી અમૃત–જળ દ્રવશે, તે જળ પુત્રના અંગે છાંટવાથી તે નિરોગી અવશ્ય બનશે. માટે હે રાજન્ ! તું સત્વર અમુક સ્થાને જઈ, ભૂમિશુદ્ધિ કરાવ કે જેથી પ્રતિમા પ્રગટ થાય. ' એમ યક્ષના આદેશથી રાજા સત્વર ત્યાં ગયો અને ભૂમિકાશુદ્ધિ કરાવી તે રાહ જોતો બેઠો; ત્યાં બીજા લોકો પણ આવ્યા. આ વખતે યક્ષે દાનપ્રિયના મઠ અને જિનમૂર્ત્તિની વચલી ભૂમિમાં પોતાની શકિતએ સુરંગ દીધી અને યક્ષ પોતે તરત ત્યાં આવી મઠમાંથી દાનપ્રિયને સુરંગમાર્ગે લઇ, પ્રભુમૂર્ત્તિની નીચે સ્થાપ્યો. પછી યક્ષે તેને કહ્યું કે—' હે પુરૂષોત્તમ ! આ જિનપ્રતિમાને તું મસ્તકવડે ઉંચે ઉપાડ. હું તને સહાય કરનાર બેઠો છું. ' એમ યક્ષે કહેતાં દાનપ્રિય તરત જ પોતાના મસ્તકે પ્રૌઢ પ્રતિમા ઉપાડી, ભૂમિ ફોડીને તે બહાર આવ્યો. એટલે તેના મસ્તકે રહેલ તે પ્રતિમાને પ્રગટ થતી જોઈ, રાજા વગેરે લોકો—' જય જિનેંદ્ર ' એવો ઘોષ કરવા લાગ્યા. વળી લોકોમાં હર્ષનાદ થતાં, પોતે સુકોમળ અને પ્રતિમા ભારે

છતાં દાનપ્રિય બહાર નીકળીને સ્થિર ઉભો રહ્યો, ત્યારે દાનપ્રિયને જોઈ લોકો કહેવા લાગ્યા કે—‘ અહો ! આ દાનપ્રિય અંદર ભૂમિમાં કેમ પેઠો અને એકલો આ મૂર્ત્તિ ઉપાડી કેમ શકયો ? એ મૂર્ત્તિ નિઃસ્પૃહ વિના તો ઉપાડીજ ન શકાય, જેથી એ મૂર્ત્તિને ઉપાડવાથી આ પુરૂષ અવશ્ય નિઃસ્પૃહ છે.’ પછી યક્ષે જિનપ્રતિમાનો ઉદ્ધાર કરવા સુવર્ણથી બનાવેલ નીચે દાનપ્રિયનું પ્રતિબિંબ મૂકીને તેને મુકત કર્યો. ત્યારે લોકો દાનપ્રિયને મોટેથી આશિષ આપતાં, જિનોદ્ધારથી પુણ્ય મેળવનાર તેને પૂર્ણ અક્ષતથી વધાવવા લાગ્યા, એવામાં ચંદ્રમાનો ઉદય થતાં તેનાં કિરણોથી સ્પર્શ પામેલ ચંદ્રકાંતની તે જિનમૂર્ત્તિમાંથી જળ ઝરવા લાગ્યું. તે જળે સિંચન કરાતાં રાજસુત નિરોગી થયો, તેમજ બીજા લોકો પણ રોગરહિત થયા. પછી યક્ષે તરત ત્યાં રત્નોનો એક પ્રાસાદ બનાવ્યો. અને રાજાને આદેશ કર્યો કે—‘ આ જિનેશ્વર સદા આરાધવા લાયક છે, ’ એમ કહી તે અદૃશ્ય થયો. એટલે પૂર્ણ–મનોરથ રાજા તથા અન્ય લોકો સ્વામીને ભારે ભકિતથી પૂજવા લાગ્યા. ત્યાં રાજાએ વિચાર કર્યો કે—‘ એ દાનપ્રિય અગાધ ભૂમિના મધ્યભાગમાંથી સ્વામીને લઇ આવ્યો, તેમજ નિઃસ્પૃહોમાં અગ્રેસર એવા એ દાનપ્રિયને મારો મંત્રી બનાવું.’ એમ ધારી દાનપ્રિયને રાજાએ ભારે પ્રેમથી બધા રાજ્યકામોમાં મુખ્ય મંત્રી કરીને સ્થાપ્યો. નિઃસ્પૃહપણે કારભાર ચલાવતાં તે અશુભ કર્મથી બંધાયો નહિ, પણ નીતિથી પ્રજા પાળતાં તેણે યશ–ધર્મનું ઉપાર્જન કર્યું. એ પ્રમાણે પરધન વર્જતાં પ્રભુતા પામી, અને પ્રાંતે જિનદીક્ષા લઈ, દાનપ્રિય સ્વર્ગે ગયો. માટે પરદ્રવ્ય વર્જવાનો નિયમ આદરી, શુભ ભાવરૂપ આત્માને સુખપાત્ર બનાવો. ”

# બ્રહ્મચર્ય વ્રત ઉપર મદનમંજરીની કથા.

અંગે રોગ પરાભવ ન પમાડી શકે, ઉપદ્રવો નાશ પામે અને જેનાથી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય એવા બ્રહ્મવ્રતને આદરો. અગ્નિ શાંત થાય, જળપૂર નિવૃત્ત થાય, અને વાઘ, સર્પ તથા રાક્ષસો વિગેરે જેનાથી વશ થાય, એવા શીલવ્રતનો પ્રભાવ અતુલ છે. અલ્પ આહારથી શરીરનું શોષણ થાય, તેથી ઇંદ્રિયસુખની મમતા ટળે, તેમ થતાં મન સ્થિર થાય અને તેથી બ્રહ્મરક્ષા તથા છેવટે મોક્ષ પ્રાપ્ત થાય. જેના યોગે દુષ્કર વ્રતો અને નિયમો-કષ્ટો ફલિત થાય, તે બ્રહ્મવ્રતને સ્થિરતા લાવી સેવો. જેનું બીજું નામ શીલવ્રત તથા જે બધાં વ્રતોમાં મુગટ સમાન છે, તે બ્રહ્મવ્રત રાજપુત્ર-કલત્રની જેમ ભવ્યોને સિદ્ધિદાયક થાય છે. તે વૃત્તાંત આ પ્રમાણે છેઃ—

**વનરમ્યા** નામે નગરી કે જ્યાં વનો તથા લોકોને ફળ આપતાં વનલક્ષ્મી કદિ પશ્ચાત્તાપ પામતી નહિ. ત્યાં **ભૂભીમ** નામે રાજા કે જેનો ખડ્ગ-દાવાનળ રાજાઓના કોટિ કંટકોથી પણ ક્યાંય સ્ખલના ન પામ્યો. તેને **શૂરસેન** નામે કુમાર અને કુમારની **મદનમંજરી** નામે વલ્લભા હતી. એકદા કોઇ ઇંદ્રજાળીયો યોગી આવ્યો, તેને રાજકુમારે અદૃશ્યકારી પ્રયોગ પૂછયો, ત્યારે તે કપટી યોગીએ વિચાર કર્યો કે—' આ તો કુમારે પોતે મને પૂછયું. જેથી આડંબર બતાવીને હું મારૂં સમીહિત સાધી લઉં.' એમ ધારી તેણે કુમારને કહ્યું કે—' મેં આકર્ષણ કરેલ, આકાશમાંથી

પડતી ચીજને જે વિસ્તૃત મુખે પકડી લઇને ભક્ષણ કરે, તેમજ તે વખતે મેં આપેલ મંત્રવડે દીક્ષિત થાય, તે પુરૂષ રાત્રે યથેચ્છાએ અદૃશ્ય થાય, તેમાં સંશય કંઈજ નથી.' એમ સાંભળતાં કુમાર શ્રદ્ધા લાવી અભ્યાસ કરવા લાગ્યો, તે આકાશમાં સોપારી—વૃક્ષની લુંબ ઉછાળી, ઉંચે મુખ કરીને ઝીલતો, પછી કૃષ્ણ ચૌદશની રાતે નગરીની પાસેના નદી કિનારે મંડળ આળેખીને યોગી પોતે કુમારને કહેવા લાગ્યો કે—' મંત્રોવડે હું જે નક્ષત્ર તરફ ફેંકું, તે તું ઉંચા મુખે ગળી જજે, વળી આડી નજરે ક્યાંય જોઇશ નહિ, આકાશ પ્રત્યે જોતો રહેજે.' કુમારે એ વાત કબૂલ કરતાં અને આકાશ સામે જોતાં, યોગીએ આકાશભણી દિવ્ય ઔષધિની પિંડી ઉછાળી. તે અનુક્રમે આકાશ થકી એકદમ પડતાં, અગ્નિએ સ્પર્શ પામી, દિવ્ય ઔષધિના પ્રભાવથી બળવા લાગી, ત્યારે યોગીએ કહ્યું કે—' આ નક્ષત્ર આવે છે, માટે સાવધાન થઇને તરત ગળી જા.' એમ તેણે કહેતાં કુમારે તે પ્રમાણે કર્યું, અને તે દિવ્ય ઔષધિની પિંડી તે ગળી ગયો. જેથી તરત જ તે નિર્જીવ સુવર્ણપુરૂષ બની ગયો. તેને તથાસ્થિત જોઈ યોગીંદ્રે વિચાર કર્યો કે—' મારૂં સમીહિત સિદ્ધ થયું, હવે એને બીજું કોઈ ન જુવે તેમ જમીનમાં દાટી દઉં, પછી વિલંબે એ લઇશ,' એમ ધારી તેને જમીનમાં દાટી, નિશાની કરી, તે યોગી બીજે કયાં જઇને સુઇ ગયો.

હવે તેજ નગરમાં કોઇ દરિદ્ર રહેતો કે જેને આંધળી અને પાંગળી આઠ કન્યાઓ હતી. વળી જે પીળી આંખવાળી, પીળા કેશવાળી, કાબરચિત્રી, ખર સ્વરવાળી, ચપટી નાસિકાવાળી, સ્થૂળ કુક્ષિ અને ઉદરવાળી એવી તે કન્યાઓને જોઇ, પેલો દરિદ્ર દરિદ્રપણાથી ચિંતા કરવા લાગ્યો કે—' એ રાંડો મારૂં ભક્ષણ કરવાને મારા ઘરમાં ઉપજી છે. કદાચ મને સ્ત્રીહત્યા લાગે તો ભલે, પણ એ રાંડોને કયાં દાટી દઉં, એમને ખવરાવવાને તો હું અસમર્થ છું.

દુષ્કર્મોએ એ બાળાઓને અંધ અને પાંગળી બનાવી છે અને દુષ્કર્મો એમને નષ્ટ કરે, તેમાં મારો શો દોષ ?' એમ ધારી તે દરિદ્રે તેમને ગાડામાં નાંખી, જ્યાં યોગીએ સુવર્ણ-પુરૂષ દાટેલ છે, ત્યાં પહોંચ્યો. સુવર્ણ-પુરૂષના સ્થાને જ તે દૈવયોગે ખોદવા લાગ્યો, એટલે તે તરત પ્રગટ થયો. તેને જોતાં દરિદ્રીને ભય, વિસ્મય અને હર્ષ થયો. તે વિચારવા લાગ્યો કે—' આ શું આશ્ચર્ય ? આ હું શું જોઉં છું ? મારાં પૂર્વાર્જિત પુણ્ય કેવાં છે, તે તો હું બરાબર જાણું છું. હું અભાગીને ભોજન કે વસ્ત્રાદિકનું સુખ મળવાનું નથી; પરંતુ આ અંધ અને પાંગળી પુત્રીઓનાં શુભ કર્મયોગે એ સુવર્ણપુરૂષ પ્રાપ્ત થયો છે, માટે કન્યાઓ સાથે એ ઘરે લઇ જાઉં. ' એમ ધારી તે દરિદ્ર સુવર્ણપુરૂષને જમીનમાંથી કહાડી, ગાડામાં નાખી હર્ષ પામતો પોતાના ઘરે લઇ ગયો. તેને એકાંતમાં મૂકી, તેણે તેની આંગળી કાપતાં, તરત બીજી નવી નીકળી. આથી તે દરિદ્ર અત્યંત હર્ષ પામ્યો. પછી સુવર્ણ-અંગુલીના ખંડ વેચી, તેણે વસ્તુઓ લીધી અને તે ભોજન, વસ્ત્રાદિકવડે ભારે સુખી થયો. એ પ્રમાણે સુવર્ણ-પુરૂષનાં અંગ કાપી રોજ વેચતાં, તે નગરીમાં ધનાઢ્ય અને બહોળા કુટુંબવાળો થયો. તેણે એકદા વિચાર કર્યો કે—' પુત્રીઓના પુણ્યે એ સુવર્ણપુરૂષ મને સાંપડેલ છે, માટે એના અંગેજ સાંકળવડે પુત્રીઓને દૃઢ બાંધી રાખું. ' એમ ધારી તેના હાથે પગે બાંધી તે દરિદ્રે સાતે પુત્રીઓને ભલામણ કરી કે—' એ જ્યારે જવા માંડે, ત્યારે તમે એને આદરથી પકડી રાખીને તેને કહેજો કે લાંબે કાળે તને અમે જોયો છે, તો હવે ક્યાં જાય છે ? તને અમે કદી મૂકનાર નથી, તુંજ અમારૂં ભક્ષ્ય છે. ' એમ સમજાવીને, તેણે બધી પુત્રીઓને ત્યાં જ બાંધી રાખી, તે ત્યાં ખાતી, રમતી અને સુતી. સુખને લીધે તેઓ શરીરે ભારે પુષ્ટ બની ગઇ.

એવામાં શૂરસેન રાજપુત્ર જોવામાં ન આવતાં, તેના પરિજને ભૂભીમ રાજાને જણાવ્યું, જેથી તેણે રાજપુરૂષો મોકલીને શોધ કરાવી, પણ તેનો કયાં પત્તો ન મળ્યો, ત્યારે તેણે દાંડી પીટાવી, છતાં કોઇએ ખાતમી ન આપી.

હવે બીજા દિવસની રાતે પેલો યોગી ઉતાવળે સુવર્ણપુરૂષના સ્થાને આવતાં, જોયું તો ત્યાં કંઇજ ન હતું. એટલે—'હા ! હું હણાયો.' એમ આક્રંદ કરતો યોગી તરત મૂર્છા પામ્યો. પછી સાવધાન થતાં તે ચિંતવવા લાગ્યો કે—'કોઈ નગરવાસી એ મારો સુવર્ણપુરૂષ લઈ ગયો છે, તો એ રાજાની સ્હાય વિના પામી ન શકાય, માટે પોતાની શક્તિએ કુમારનું કૃત્રિમ રૂપ બનાવી રાજાને બતાવું, કે જેથી તેને જોતાં સંતુષ્ટ થયેલ રાજા મને સુવર્ણપુરૂષ અપાવે, એમ ધારી યોગીએ તે વાગતી દાંડીનો સ્પર્શ કર્યો અને જઇને કોમળ વચનથી રાજાને જણાવ્યું કે—'જો તું મને પોતાનું વચન સોગંદપૂર્વક આપે અને મારૂં કામ કરે, તો હું તને કુમાર બતાવું.' રાજા બોલ્યો—'હે યોગિન્ ! મારે તારૂં કામ અવશ્ય કરવું, એવું તને વચન આપું છું. પણ પ્રાણપ્રિય કુમાર તું મને કયાંથી પણ સત્વર બતાવ.' ત્યારે યોગીએ કહ્યું—'હે રાજન્ ! મેં સાધેલ સુવર્ણપુરૂષ મારા સ્થાનથી જીવિતની જેમ કોઇ લઈ ગયો છે. તે શોધી મને અપાવ. તે આજ તારા તસ્કર-વ્યાપ્ત નગરમાં છે.' આથી રાજાએ તરત નગરમાં તેને શોધાવ્યો, પરંતુ તે કનકપુરૂષનો પત્તો ન મળ્યો. એટલે ખેંચી લાવનાર પુરૂષને રાજાએ આદેશ કરતાં, તેણે સુવર્ણપુરૂષને ખેંચવા એક મંડળ રચ્યું. વળી આટોપ–આડંબરથી યથાવિધિ મંત્રો ઉચ્ચારતાં, તેણે સ્થિર મને હોમવાની ઘણી વસ્તુઓ અગ્નિકુંડમાં નાખી. તેવામાં તે સુવર્ણપુરૂષ પેલા દરિદ્રના ઘરથી ચાલ્યો, પણ તેની પુત્રીઓએ આક્રોશથી તેને હાથે પગે મજબૂત પકડી રાખ્યો. ત્યારે તે

કન્યાઓ સહિત મંત્રવડે આકર્ષાઇને રાજાના દેખતાં તરત મંડળમાં અવાજ કરતો પડ્યો. તેવામાં ઉંચેથી પ્રલાપ કરીને તે કન્યાઓ કહેવા લાગી કે—' લાંબે કાળે જોવામાં આવ્યો છે, હવે ક્યાં જાય છે? તને અમે કદિ મૂકનાર નથી, કારણ કે તારા વિના અમારે ભોજન નથી.' એમ તેમનાં વચન સાંભળતાં, પોતાને કષ્ટ થવાની બીકથી અને તેમની તેવી મૂર્ત્તિ જોઈ, રાજાએ તે બાળાઓને વ્યંતરી માની લીધી. એટલે ભયથી અન્યત્ર ભાગતાં રાજા વ્યાકુળ થતો કહેવા લાગ્યો કે—' અરે! એ વ્યંતરીઓ લાગે છે, માટે સત્વર ભાગો.' આ વખતે તે બાળાઓનો પિતા કોઇની સાથે બહાર આવેલ, તેણે એ વાતો સાંભળતાં ચિંતવ્યું કે—' તે એજ સુવર્ણપુરૂષ અને તેની સાથે મારી પુત્રીઓને માંત્રિકે આકર્ષી છે,' એમ ધારી તે દરિદ્રે રાજાને કહ્યું કે—' હે રાજન્! તમે જો એ બાળાઓને સત્તા આપો અને મને એક ગામ આપો અને ત્યાં મને પ્રમાણ—મુખ્ય કરો, તો એમને હું પાછી વાળું.' એમ તેના કહેતાં રાજાએ સત્તાપૂર્વક તરત એક ગામ આપ્યું. પછી રાતે તે દરિદ્ર પોતાની પુત્રીઓને લઇ રાજાએ આપેલ ગામમાં જઇ, તે ગામનું આધિપત્ય ભોગવવા લાગ્યો.

એવામાં રાજા તે સુવર્ણપુરૂષને સ્થિર જોઇ, સુતસ્નેહ તજીને તે તેનો લોભી બન્યો, એટલે પેલા યોગીને રૂબરૂ ન બોલાવતાં પ્રતીહાર મોકલી કહેવરાવ્યું કે—' તે સુવર્ણપુરૂષ ક્યાં હાથ ન લાગ્યો.' આથી રાજાને સુવર્ણપુરૂષનો લોભી જાણી, પોતાની શક્તિથી કુમારને બનાવી, યોગીએ રાજાને કહેવરાવ્યું કે—' હે તાત! એવું ક્યાં હોય કે પિતા સુવર્ણના લોભે પુત્રને તજે. મને જોગણીએ માંસ હોમવાની ઇચ્છાથી અપહર્યો, તેણીની પાસેથી એ યોગી મને છોડાવીને અહીં લાવ્યો. બાળપણાથી હું તમને પ્રાણપ્રિય છું, તો હે તાત! વિલક્ષ બનેલ મને ફરી યોગીના લઇ જતાં

તમે કેમ ઉપેક્ષા કરો છો ? આ સુવર્ણપુરૂષ એ યોગીને જ આપી દ્યો, કે જેથી એ યોગી મને મૂકીને ગમે ત્યાં ચાલ્યો જાય. હે તાત ! તમે લોભી ન બનો; કારણ કે પિતા એવો ન હોય, આ સુવર્ણપુરૂષ એને આપો અને તમે પ્રતિજ્ઞાભ્રષ્ટ ન થાઓ.' ત્યાં રાજાને વિચાર થયો કે—' સુવર્ણપુરૂષ દુર્લભ છે, પુત્રો તો ઘણા છે.' એવા લોભે રાજા મૌન રહી, તેણે પુત્રનું વચન સાંભળ્યું-માન્યું નહિ. એમ યોગીનો ઉપાય નિષ્ફળ જતાં, તેણે કૃત્રિમ કુમારને પોતાની સાથે ચલાવતાં તે વનપર્વત પ્રત્યે ગયો. રાજાના ભયથી તે કુમારની પાછળ કોઇ ગયું નહિ, પણ કુલીનપણાને લીધે તેની કાંતા મદનમંજરી પાછળ ગઇ અને માર્ગે પરિશ્રમથી ખેદ પામતાં પણ પાછળ પાછળ ચાલતાં તેણે પોતાના પતિને પૂછ્યું કે—' હજી કેટલું ચાલવાનું છે ?' પણ કૃત્રિમ કુમારે તેણીને જવાબ ન આપ્યો. પછી પર્વતની તળેટીમાં જતાં યોગીએ કુમારને સંહરી લેતાં, અને મદનમંજરીએ ત્યાં કુમારને ન જોતાં એક તે યોગીને જોઇને તે વારંવાર રોવા લાગી, ત્યારે લુબ્ધ બનેલ યોગી તેને કહેવા લાગ્યો કે— ' કુમારે તને મને સોંપી છે અને તે તો કયાંક ચાલ્યો ગયો, માટે તું હવે મને પતિ માની લે.' એમ સાંભળી, મદનમંજરીએ યોગીની કપટકળા જાણી ' હા ! હું હણાઈ, હવે કોને શરણે જાઉં ?' એમ ખેદ કરતાં તે ચિંતવવા લાગી કે—' આ સ્થાનથકી યોગી અન્યત્ર જશે કે નહિ ?' ત્યાં યોગી તેણીને મૂકી પર્વતપર ફળાહાર લેવા ગયો. એવામાં ત્યાં ભમતાં, પર્વતપર કાયોત્સર્ગે રહેલા અને સાક્ષાત્ જાણે ધર્મની મૂર્ત્તિ હોય તેવા એક સાધુને તેણે જોયા. એટલે તે વિચારવા લાગી કે—' સારૂં થયું કે સાધુનો સમાગમ થયો. એમના પ્રભાવથી મારા શીલનું બરાબર રક્ષણ થશે. એમ ધારી મદનમંજરી મુનિ પાસે જઇ, ભાવથી

નમી, શરીર નમાવતાં તેણે મૌનપણે પોતે મુનિની સાક્ષીએ સામાયિક લીધું. પછી પરમેષ્ઠિ–નમસ્કારનું સ્મરણ કરતાં નિશ્ચલ મનથી તે ત્યાં જ સાધુની પાસે બેસી રહી. પોતાના કર્મપરિણામ તથા ભવસ્થિતિ વિચારતાં તે જિનોક્ત સિદ્ધાંતના તત્ત્વ–સ્મરણરૂપ સુધામાં ઓતપ્રોત બની. એવામાં પેલો યોગી પર્વતમાંથી ફળો લઇ આવ્યો અને ત્યાં તપાસતાં, તેને જોઇને કોમળ વચનથી તે કહેવા લાગ્યો કે—' હે તન્વી ! આ અમૃત સમાન ફળો લાવ્યો છું, તે લે અને ખા કે જેથી તને શાંતિ થાય. ' યોગીએ એ પ્રમાણે કહ્યા છતાં તે બોલી નહિ, તેમ દૃષ્ટિથી તેના પ્રત્યે તેણે અંધ અને મૂક ગાડરની જેમ જોયું પણ નહિ, પરંતુ તે સમાધિસ્થ રહી. આથી તે યોગી કોપાયમાન થતાં ક્ષણભર તેને ક્ષોભ પમાડવા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગ કરવા લાગ્યો, જે ઉપસર્ગોથી તે જરા પણ ડગી નહિ. જેથી વિલક્ષ થયેલ યોગી ચિંતા ખડકીને બેઠો. તેવામાં કોઇ વ્યંતરે તે યોગીને કહ્યું કે—' અરે ! એ સતીને તું શીલથી ભ્રષ્ટ કરી શકે તેમ નથી. ' એમ વ્યંતરની વાણી સાંભળતાં યોગી ભયાતુર થઇ, મદનમંજરીને નમીને ક્યાંક ચાલ્યો ગયો. પછી ભવ પ્રત્યે વિરક્ત મદનમંજરીને તે વ્યંતર તરત સાધ્વી પાસે લઇ ગયો. ત્યાં તેણે દીક્ષા લીધી અને યથાર્થ વ્રત પાળી, બ્રહ્મવ્રત સંભાળતાં કેવળજ્ઞાન પામીને તે મોક્ષે ગઇ. એમ મદનમંજરીનું બ્રહ્મવ્રત સાંભળી આલોક અને પરલોકના સુખાભિલાષી ભવ્યોએ એ વ્રત અવશ્ય પાળવું.

## પરિગ્રહ પરિમાણ ઉપર ધર્મમતિની કથા.

—૦—

ધન, ધાન્ય, સુવર્ણ, રૂપ્ય, ક્ષેત્ર, કુપ્ય, સામાન્ય વસ્તુ, દ્વિપદ અને ચતુષ્પદ–એ નવવિધ બાહ્ય પરિગ્રહ અને રાગ, દ્વેષ, ચાર કષાય, શોક, હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, વેદ, મિથ્યાત્વ–એ ચૌદ આંતર પરિગ્રહો કહેવાય. બાહ્ય પરિગ્રહથી પ્રાયે આંતર પરિગ્રહ, વર્ષાકાલમાં વીંછી, સર્પ પ્રમુખના ઉપદ્રવની જેમ વિસ્તાર પામે. વૈરાગ્યાદિ વૃક્ષો પ્રતિષ્ઠા પામ્યા હોય, છતાં પરિગ્રહરૂપ મહાબલિષ્ઠ પવન તેમને નિર્મૂળ ઉખેડી નાખે છે. પરિગ્રહમાં રહીને જે મોક્ષને ઇચ્છે છે, તે લોહની નાવમાં બેસી સમુદ્ર તરવાને ઇચ્છે છે. બાહ્ય પરિગ્રહો પ્રાણીઓને ધર્મધ્વંસના કારણ છે અને તેનાથી ઉત્પન્ન થયેલ અંતર પરિગ્રહ પણ કાષ્ઠને અગ્નિની જેમ ધર્મધ્વંસ કરે છે. બાહ્ય પરિગ્રહોને જે સંકોચવાને સમર્થ નથી, તે નિર્બળ આંતર પરિગ્રહની સેનાને કેમ જીતી શકે ? જો ધર્મ, સુખ કે મુક્તિ–સામ્રાજ્યની ઇચ્છા હોય, તો પરિગ્રહની આશાને વશ કરો. જેણે આશા તજી, નિરાશાનો સ્વીકાર કર્યો છે, તેજ પંડિત, પ્રાજ્ઞ, પાપભીરૂ અને તપોધન છે. જેમણે જગતને સંમોહ પમાડનાર આશારૂપ નાગણને જીતી છે, તે ધન્ય, પુણ્યવંત અને કલેશ–સાગરને તરેલા છે. સંતોષામૃતે જેઓ સુખી અને સ્વતંત્ર છે, તે પરાધીન અને અસંતોષીને સુખ કયાંથી ? પરિગ્રહ–પ્રમાણ કરતાં બધાં વ્રતની આરાધના થાય અને **ધર્મ**મતિની જેમ તેજ સુખાસ્વાદનો અનુભવી થાય. તે વૃત્તાંત આ પ્રમાણે છેઃ—

કુમુદ સમાન **કુમુદ્વતી** નામે નગરી કે રાજાના મૃદુ કરથી લાલિત થતાં જે લક્ષ્મીને ધારણ કરતી હતી. ત્યાં **રણશુર** નામે વિજયી રાજા કે જેણે રણાંગણમાં ધનુષ્ય નમાવતાં પ્રતિપક્ષી

રાજાઓને પણ સાથે જ નમાવ્યા. તે રાજાને **ધર્મમતિ** નામે સુજ્ઞ પુત્ર હતો. એકદા પ્રજાજન સહિત રાજા સભામાં બેઠો હતો, ત્યારે દ્વારપાલને તેણે પૂછયું કે—'નગરમાં કોઇ જ્ઞાની છે ?' તેણે કહ્યું—'દર્શનીઓ છે.' એટલે રાજાએ તેમને બોલાવતાં, તેઓ આવીને સભામાં બેઠા. ત્યાં રાજાએ આદરથી પૂછયું કે—'ત્રિકાલ-જ્ઞાનના વિષયમાં તમે બોલો કે જેમાં મને વિશ્વાસ આવે.' ત્યારે એક કુશળ બ્રાહ્મણ બોલ્યો કે—'હે રાજન્ ! એક ધનાઢય શેઠની ભાર્યા સાંજે મરણ પામશે, મારા જ્ઞાનમાં એવો મને પ્રત્યય લાગે છે; પછી રાજાએ બૌદ્ધને પૂછયું કે—'આ બ્રાહ્મણ બોલ્યો તે સત્ય છે કે કેમ ?' બૌદ્ધ બોલ્યો—'હે ભૂપ ! એ વાત કેવળ મિથ્યા છે. તે વણિક્પ્રિયા હજી વીશ વર્ષ જીવશે.' એમ પરસ્પર વિરૂદ્ધ વાણી સાંભળતાં રાજા બોલ્યો—'એમાં કોની વાણી સાચી છે, તે જૈનાચાર્યોને પૂછો.' એટલે રાજાના ઉપરોધથી અવધિજ્ઞાનનો ઉપયોગ દઇનેયથાર્થ સ્વરૂપ જાણી આચાર્યોએ રાજાને કહ્યું કે—'હે ભૂપાલ ! એ બંનેનું વચન સત્ય થવાનું.' એમ અતિ વિરૂદ્ધ સાંભળી રાજા બહુ આશ્ચર્ય પામ્યો. પછી તે બંનેને વિસર્જી, રાજાએ ધનાઢ્ય શેઠને કહ્યું કે—'તું ઘરે જા અને પુરૂષોને સાવધાન રાખી રાહ જો. વળી બરાબર સાવધાન થઈ, યત્નપૂર્વક જુઓ કે વિધાતા એમનાં વચનમાં કોનું વચન સત્ય કરે છે.' એમ રાજાએ કહેતાં શેઠ ઘરે ગયો અને બધી વાત તેણે પોતાની સ્ત્રીને કહી સંભળાવી એટલે સાંજે પોતાનું મરણ સાંભળતાં તે ધૈર્ય ધરી, પુણ્ય અને કીર્ત્તિ માટે યથેચ્છાએ દાન દેવા લાગી. હવે ધનાઢ્ય શેઠે લગ્નવેળા જોવા માટે સાંજે લોકોને પોતાના મકાનની ઉપર બેસાર્યા. બીજા લોકોને બહાર કહાડી, હાથમાં શસ્ત્ર લઇ, ભાર્યાની રક્ષા કરવા બીજાને આવવા ન દેતાં પોતે એકલો ઉભો રહ્યો.

એવામાં કોઇ ગામમાં કોઇ ગ્રામ્ય બાળક એક ખેડુના ખેત-

રની રખવાલી કરે છે, તેણે પોતાને સુવા–બેસવા માટે ક્ષેત્ર પાસે તરણાનું બે માળનું ઘર બનાવેલ તેમાં તે સુતો હતો, તેવામાં અકસ્માત્ નદીનું પૂર આવતાં, તે સુતેલા બાળક સહિત તૃણગૃહ ખેંચાતાં, નદીના પ્રવાહમાં પડયું અને વેગથી તરતું ચાલ્યું. તે મોટા પૂરમાં બીજા પણ ઘણા જીવો ખેંચાયા. તે બુડતાં સર્પ બિલાડા વિગેરે જીવિતની આશાએ તે તૃણગૃહ જોઇ, તરત આવીને તેમાં ભરાયા તે અન્યોન્ય વિરોધી છતાં તે વખતે મરણના ભયથી પોતાની ચપળતા તજી, સંકોચી સંકોચીને રહેવા લાગ્યા. તેમને ચોતરફ ભરાયલા જોઈ, ચપળ ગ્રામ્ય બાળકે સર્પ અને બીલાડાની પૂંછડી અન્યોન્ય બાંધી દીધી. ત્યાં પુંછડી મજબુત બંધાતાં પીડા પામેલ સર્પે પાછા ફરી, ફણાના આટોપથી તે બાળકને ડંખ માર્યો એટલે ભયાકુળ થતાં તેણે સર્પનું મુખ મજબુત પકડતાં તેમાં મણિ જોતાં, તેણે મુખ ફાડીને તે પોતાના હાથમાં લઇ એના અભિષેકનું પાણી પીતાં વિષ ટળે એમ ધારી, ઘરમાં રહેલ ઘડામાં તેણે પાણી નાંખ્યું અને મણિ નાખી હલાવતાં, તે પાણી તેણે પીધું, જેથી ગ્રામ્ય બાળક તરત નિર્વિષ બન્યો અને તે જીતશાળી માનવા લાગ્યો. પછી તેણે ત્યાં રહેલા સર્પોને પકડી પકડીને ઘડામાં નાખ્યા અને તેનું મુખ વસ્ત્રવતી મજબુત બાંધી દીધું. તેવામાં તૃણગૃહ તરતું તરતું કયાં નદીના ઉતારમાં અટકયું અને તે કુમુદ્વતી નગરીની પાસે લાગતાં તે ગ્રામ્ય બાળક ઉતર્યો. તે નદીના આરે કોઇ પનીહારી આવી, બે ઘડા ભરી, કોતરના માર્ગે પાછી ફરી. તેવામાં ચપળતાથી તે ગ્રામ્ય બાળકે પેલો ઘડો બહારથી પાણીવતી ધોયો, જેથી તેનું મુખબંધન ઢીલું પડયું, ત્યાં પોતે કોતર–ઉંચી ભૂમિપર બેઠેલ હતો તેણે લક્ષ્યમાં ન આવે તેમ પનીહારીનો ભારે ઘડો ઉતારી લઘુલાઘવી કળાએ કરી હળવેથી તે સર્પનો ઘડો તેણીના માથે મૂકી દીધો. તે પનીહારી એ વાત ન જાણતાં કષ્ટથી કાંઠે આવી, સીધે

રસ્તે નગરી ભણી ચાલતી થઈ. એટલે પેલો બાળક પણ તેની પાછળ પાછળ દૂરથી ચાલતો ચિંતવવા લાગ્યો કે—' સર્પો કરડશે તો જીવાડનાર હું બેઠો છું. એવામાં પનીહારીને યાદ આવ્યું કે—' મારે હજી બે ઘડા ધનાઢ્ય શેઠના ઘરે આપવાના છે, માટે આ બે ઘડા ત્યાં લઇ જાઉં.' એમ ધારી તે શેઠના ઘરે ગઇ, પણ દ્વાર દીધેલ હોવાથી બહાર રહીને તે મોટેથી બોલાવવા લાગી.

હવે અહીં ધનાઢયે સાંજ સુધી રાખેલા પુરૂષોને મૂકતાં તે તાળી દેતાં કહેવા લાગ્યા કે—' સૂર્ય તો અસ્ત થઈ ગયો.' એટલે શ્રેષ્ઠી-ભાર્યા ચિંતવવા લાગી કે—' હવે મને મરણ નથી, મૃત્યુનો કાલ પૂર્ણ થયો.' એમ ધારી તે મનમાં મરણથી નિર્ભય થઇ. તેવામાં પનીહારી મોટેથી વારંવાર બોલાવતી, જેથી જરા કોપ બતાવતાં શ્રેષ્ઠિભાર્યા તેનો ઉપરનો ઘડો ઉતારવા ગઇ, ત્યાં દ્વાર ખોલી આ-ક્રોશ કરતી તેણીએ ઘડાને કાંઠે હાથ નાખ્યો અને ગરણું સમજીને તે વસ્ત્રબંધ છોડી નાખ્યો. એમ હાથ કંઇક નીચે જતાં બધા સર્પો અલગ અલગ તેની આંગળીએ લાગ્યા અને ક્ષુધાંધની જેમ પરા-વર્તન—પાછા વળી વળીને અત્યંત તેણીને કરડવા લાગ્યા. પછી તેણે હાથ બહાર ખેંચી કહાડતાં તે બધા હાથે વળગીને બહાર આવ્યા. તેમને જોઇ, વિષાક્રાંત થયેલ તે મૂર્છિત થઇને પડી ગઇ. તેવામાં શેઠ તથા બીજા લોકો રોતા રોતા દોડયા, તેમના ભયથી સર્પો ભાગીને બીલોમાં પેસી ગયા. વળી ભયને લીધે તે પનીહારી પણ નગરી મૂકીને ભાગી ગઇ ત્યારે ગ્રામ્ય બાળક બાળપણાએ કયાં મઠમાં જઇને સૂતો. આ વખતે શ્રેષ્ઠીએ તરતજ તે માંત્રિકોને બતાવી તેમણે વિષ ટાળવા ઘણા મંત્ર—ઔષધના પ્રયોગ અજમાવ્યા પણ તેના અંગે વિષ અધિકાધિક પ્રસરતું ગયું, અને રાત્રિના ત્રણ પહોર થતાં તે તદ્દન બેભાન થઈ, એટલે માંત્રિકો ચાલ્યા ગયા. શ્રેષ્ઠીએ રાજાને જણાવ્યું કે—' હે નાથ ! મારી સ્ત્રી સર્પ કરડતાં

મરણ પામી છે.' ત્યારે રાજા વિચારવા લાગ્યો કે—'અહો! પ્રથમ દૈવજ્ઞની વાણી સાચી થઇ. બૌદ્ધ અને જૈનોનું વચન કેમ મિથ્યા થયું?' પછી રાજાએ બૌદ્ધ અને જૈનોને બોલાવ્યા અને તેમને શ્રેષ્ઠિભાર્યાનું મરણ કહી સંભળાવ્યું. ત્યાં બૌદ્ધ બોલ્યો—'હે રાજન્! મેં વાયુ–સંચારથી જે જોયું, તે કહ્યું. છતાં તે મૃત તુલ્ય હશે, તો પણ દૈવયોગે જીવતી થશે.' આથી રાજાએ વિષ ટાળવા ઘણા માંત્રિકો મોકલ્યા, પણ શ્રેષ્ઠિપત્ની સ્વસ્થ થઇ ઉઠી નહિ ત્યારે તેનો સંસ્કાર કરવા શિબિકામાં બેસારી, પાછળ ઘણા સ્વજનોએ આક્રંદ કરતાં, નગરીના મધ્ય ભાગે થઇ મસાણ ભણી જતાં તેને જોઈ, ગ્રામ્ય બાળકે 'એને મેં મરણ નીપજાવ્યું' એમ ભારે પશ્ચાત્તાપ કર્યો છતાં તેને વિચાર થયો કે—'ઠીક છે, હું મણિ–જળથી એને તરત જીવાડીશ.' એમ નિશ્ચય કરી, તે સત્વર મઠમાંથી બહાર આવ્યો, અને ચંદન–અગરૂની ચિતામાં તે શ્રેષ્ઠિભાર્યાને બાળવા સ્વજનો તૈયાર થયા, તેવામાં એ બાળક આવી પહોંચ્યો અને બોલ્યો કે—'અરે! જીવતી સ્ત્રીને બાળવાનું પાપ તમે ન કરો. એને જીવાડનાર મારા પ્રત્યે તમે જરા કૃપાથી જુઓ.' એમ તેની વાણી સાંભળતાં સ્વજનો બેસી રહ્યા. ત્યાં ક્ષણવારમાં મણિ પાણીમાં હલાવી તે જળ તેણે શેઠની પત્નીના મુખમાં નાંખ્યું અને તેણીના શરીરે છાંટતાં તે જાણે સૂતી હોય તેમ વિષમૂર્છા દૂર થતાં તરત ઉભી થઇ. પછી માંગલિક વાદ્યો વાગ્યાં તથા સ્વજનોની સ્ત્રીઓ મંગલ ગાતી નાચવા લાગી. તે બધા રાજમાર્ગે પાછા ફર્યા અને શ્રેષ્ઠિએ ઉત્સવપૂર્વક તે બાળકને ભારે દ્રવ્ય આપી સત્કાર કર્યો. તેવામાં રાજાએ શ્રેષ્ઠિપત્નીની વાત સાંભળતાં વિચાર કર્યો કે 'અહો! આ તો ત્રણે જ્યોતિર્વાદી સત્ય ઠર્યા,' આથી રાજાએ સંતુષ્ટ થઈ બૌદ્ધ અને બ્રાહ્મણને ધન–દાન આપ્યું અને જૈનાચાર્યને આપતાં, તેમણે મૃદુ વચનથી જણાવ્યું કે—'હે રાજન્! અમે

અકિંચનપણે વ્રતધારી હોવાથી ધન, ભાર્યા, જમીન, કે ગૃહાદિકના ત્યાગી છીએ તો એ પરિગ્રહના કારણરૂપ ધનથી સર્યું. અમે તો પ્રાસુક ભિક્ષા, વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણ લેનારા છીએ.' ત્યારે રાજા બોલ્યો—'મને અનુગ્રહ માટે કાંઇ આદેશ કરો.' આચાર્યે કહ્યું—'હે રાજન્! તું સ્વાર્થ સાધ, પણ એ આદેશ સામાન્ય નથી.' રાજાએ પૂછ્યું—'તો એનો ભાવાર્થ શો સમજવો?' આચાર્ય બોલ્યા—'હે રાજન્! યથાર્થ સ્વાર્થ સાંભળ. આર્યદેશમાં મનુષ્ય જન્મ પામી, અરિહંતની વાણી પ્રમાણે સમકિતથી વિભૂષિત દયાધર્મને આરાધવો. હે રાજન્! એ સ્વાર્થ, મનુષ્યજન્મમાં દુષ્પ્રાપ્ય છે, માટે આ લોક અને પરલોકના સુખ નિમિત્તે સતત્ પ્રયત્ન કરો.' એમ સાંભળતાં, સ્વભાવથી જ સુલભબોધિ રાજાએ જૈનાચાર્યને ગુરૂ માની સમકિત સ્વીકાર્યું. એટલે બીજા પણ રાજલોકો અને પ્રજાજનો સૂરિના ઉપદેશથી જૈનધર્મ આરાધવા તત્પર થયા. વળી રાજાના પ્રાણપ્રિય પુત્ર ધર્મમતિએ પણ ગુરૂ પાસે પરિગ્રહ-પરિમાણનું વ્રત લીધું. પછી આચાર્યને વિસર્જી રાજા ધર્મમાં તત્પર થયો, ધર્મમતિ કુમાર પણ કિંચિત્ પરિગ્રહધારી બન્યો. હવે આયુઃ પૂર્ણ થતાં ધર્મના પ્રભાવથી રાજા સ્વર્ગે ગયો. એટલે પ્રધાનોએ રાજપદ માટે ધર્મમતિને વિનંતી કરી ત્યારે તેણે વિચાર કર્યો કે—'રાજ્ય સ્વીકારતાં મોટો પરિગ્રહ વધી પડશે.' એમ ધારી પરિગ્રહ-નિયમને ધરનાર કુમારે રાજ્ય ન લીધું. તે રાજ્યત્યાગી છતાં લોકમાં ઇંદ્રની જેમ માનનીય બન્યો. બુદ્ધિમાન્ અને પ્રતાપી તે ધર્મમાં શ્લાઘા પામ્યો. એમ પરિગ્રહનો સ્નેહ તોડી, ગૃહસ્થવ્રત પાળી કુમાર પ્રાંતે આયુઃ ખલાસ થતાં સ્વર્ગમાં ઇંદ્ર થયો. એ રીતે સ્વલ્પ પરિગ્રહી ધર્મમતિ જેમ ઇંદ્રત્વ પામ્યો તેમ અન્ય ભવ્યો પણ નિષ્પરિગ્રહી બનો.

## દિશાપરિમાણ વ્રત વિવેચનઃ—

તેમજ દશે દિશાની મર્યાદા કરતાં તેનું ઉલ્લંઘન ન કરવું, એ દિગ્વિરતિ નામે પ્રથમ ગુણવ્રત છે. તપ્ત લોઢાના ગોળા સમાન ગૃહસ્થોને એ વ્રત શ્રેષ્ઠ છે કે જેનાથી ત્રસ સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ થાય છે. બધી દિશાઓમાં જવાની જે સુજ્ઞ મર્યાદા કરે તેને સ્વર્ગાદિકમાં નિરવધિ સંપદાઓ પ્રાપ્ત થાય. તો એ સદ્વ્રત ગૃહસ્થોને માટે યાવજ્જીવ અથવા ચાતુર્માસાદિકના નિયમથી અલ્પકાલીન પણ હોય.

## ભોગોપભોગ વ્રત વિવેચનઃ—

ભોગોપભોગમાં જે નિયમ કરવો, તે ભોગોપભોગ નામે બીજું ગુણવ્રત. જે અન્ન, પુષ્પમાળા પ્રમુખ એક વાર ભોગવાય તે ભોગ અને સ્ત્રી પ્રમુખ વારંવાર ભોગવાય તે ઉપભોગ ગણાય. મદિરા, માંસ, માખણ, મધ એ ચાર મહાવિગય, કાળો ઉંબરો, ધોળો ઉંબરો, વડ, પીંપળ અને પીંપળી, અનંતકાય, અજાણ્યા ફળ, રાત્રિભોજન, કાચો ગોરસ–કાચાં દુધ, દહીંમાં દ્વિદળ–કઠોળ ભેળવવું, નીલકુલસહિત અથવા કુગેલ અન્ન, ત્રણ દિવસ ઉપરાંતનું દહીં તથા કોહાઇ ગયેલ અન્ન–એ બધાનું વર્જન કરવું.

## અનર્થ દંડવ્રતનું વિવેચનઃ—

આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, પાપવ્યાપાર, હિંસાના ઉપકરણ આપવાં, પ્રમાદ–આચરણ, પોતાના નિમિત્તથી ભિન્ન તે અનર્થદંડ ગણાય. તેનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત.

## સામાયિક વ્રત વિવેચનઃ—

આર્ત્ત–રૌદ્રધ્યાનના ત્યાગથી અને સર્વ સાવદ્ય કર્મને તજી એક મુહૂર્ત્ત સમતામાં રહેવું તે સામાયિક કહેવાય. એ સામાયિક

વ્રતથી ગૃહસ્થ પણ યતિ ગણાય, માટે મનશુદ્ધિથી સામાયિક નિત્ય આચરવું, કે જેથી આત્મા સમતામાં રહી, પંચેંદ્રિય–શત્રુને જીતતાં, મનને સ્થિર કરી, અનુક્રમે આત્મા આત્મ–દર્શન પામે. એક મુહૂર્ત્ત કરેલ સામાયિકવડે શ્રાવક અનેક કર્મો તોડી મોક્ષ પણ પામે, તો સ્વર્ગનું શું કહેવું ?

**દેશાવકાશિક વ્રત વિવેચનઃ—**

દિગ્વ્રતમાં તેનો સંક્ષેપ કરતાં દિવસે કે રાત્રે જે નિયમ કરવો, તે દેશાવકાશિક વ્રત. દિગ્વ્રત લીધા છતાં ફરી તેનો સદા સંક્ષેપ કરવાથી પ્રાણીઓને અભયદાન મળે છે.

**પૌષધવ્રત વિવેચનઃ—**

અષ્ટમી કે પાક્ષિક પર્વના દિવસે કે રાતે ઉપવાસપૂર્વક બ્રહ્મચર્ય પાળતાં, સ્નાન તજતાં, અને પાપ–વ્યાપારનો ત્યાગ કરતાં, ધર્મને પોષણ આપે તે પૌષધવ્રત કે જે ચતુર્વિધ અને દેશથી કે સર્વથી આચરતાં અવશ્ય અગણિત પુણ્ય વધારે છે. પૌષધવ્રત લેતાં કર્મસંચય અવશ્ય ક્ષીણ થાય છે. ગરૂડ પાસે આવતાં ભુજંગો ક્યાં ભાગવા જ માંડે છે. તે ભવ્યો ધન્ય છે કે જેઓ ભાવથી પૌષધ આદરે છે. કારણ કે તેથી કર્મ નષ્ટ થતાં શાશ્વત સુખ પમાય છે.

**અતિથિ સંવિભાગ વ્રત વિવેચનઃ—**

ચતુર્વિધ આહાર, પાત્ર, વસ્ત્ર, વસતિ પ્રમુખનું અતિથિ સાધુને જે દાન આપવું તે અતિથિ–સંવિભાગવ્રત કહેવાય. અન્નાદિકનું દાન તે અવષ્ટંભકારી છે–ઉપકારી છે. કહેલ છે. ધર્મોપકારથી બાહ્ય હોય, તેમને સુવર્ણાદિકનું દાન તે અવષ્ટંભકારી નથી. શ્રાવક અવસરે સર્વ પ્રકારે શુદ્ધ દાન આપતાં અવિચ્છિન્ન ભવોમાં સુભોગ પામી, છેવટે તે મોક્ષને પામે છે. એ ચાર શિક્ષાવ્રતો શ્રાવકે નિત્ય આચરવાના છે. એવો શાસ્ત્રોપદેશ છે.

**તત્ત્વો અધિકારઃ—**

વળી શ્રાવકોએ સાત તત્ત્વો સમજવાનાં છે કે જેથી ધર્મમાં સૂક્ષ્મ ક્રિયાનું સ્વરૂપ સમજાય. જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત તત્ત્વો સમજી લ્યો. તેમાં જીવ મુક્ત અને સંસારી એમ બે પ્રકારના, તેમજ બધા અનાદિ અને જ્ઞાન, દર્શનના લક્ષણયુક્ત છે. મુક્ત જીવો સ્વભાવથી જ એકસરખા, જન્માદિ ક્લેશરહિત, અનંત દર્શન, જ્ઞાન, વીર્ય અને આનંદમય છે. સંસારી જીવો સ્થાવર અને ત્રસ તેમજ તે પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે બે ભેદે કહેલા છે. પર્યાપ્તત્વના કારણરૂપ આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન, એમ છ પ્રર્યાપ્તિ બતાવેલ છે. તે એકેંદ્રિય, વિકલેંદ્રિય અને પંચેંદ્રિય પ્રાણીઓને અનુક્રમે ચાર, પાંચ અને છ પર્યાપ્ત્તિ હોય છે. પૃથ્વીકાય, અપૂકાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચ સ્થાવર અને એકેંદ્રિય. તેમાં પ્રથમના ચાર સૂક્ષ્મ અને બાદર હોય છે. વનસ્પતિકાય પ્રત્યેક અને સાધારણ એમ બે ભેદે છે. તેમાં પ્રથમના પ્રત્યેક જીવ બાદર અને બીજા સાધારણ તે સૂક્ષ્મ અને બાદર હોય છે. ત્રસ તે બેઇંદ્રિય, ત્રેઇંદિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય એમ ચતુર્વિધ હોય છે. તેમાં પંચેંદ્રિય સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે ભેદે છે. શિક્ષા, ઉપદેશ અને આલાપને જે જાણે તથા મન–પ્રાણને પ્રવર્ત્તાવે તે સંજ્ઞી અને તે કરતાં વિપરીત તે અસંજ્ઞી જાણવા. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયો અને અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ તેના વિષયો છે. કૃમિ, શંખ, ગંડોલા, જળો, છીપ, અળસીયા, પૂરા, કોડા તથા વિવિધ કરમીયા તે બેઇંદ્રિય જાણવા. જૂ, માંકણ, લીખ, મંકોડા, ઇત્યાદિ ત્રેઇંદ્રિય સમજવા. પતંગ, મક્ષિકા, ડાંસ, ભ્રમર, કંસારી પ્રમુખ ચઉરિંદ્રિય કહેવાય. અને બાકીના જળચર, સ્થલચર અને

ખેચર તિર્યંચ, નારક, માનવ અને દેવ બધા પંચેંદ્રિય સમજવા. મન, ભાષા, કાય એ ત્રણ બળ અને પાંચ ઇંદ્રિયો તેમજ આયુષ્ય અને શ્વાસોશ્વાસ એ દશ પ્રાણ ગણાય છે. બધા જીવોમાં દેહ, આયુ, શ્વાસોશ્વાસ અને ઇંદ્રિય એ ચાર હોય, વિકલેંદ્રિય અને અસંજ્ઞીને તે ઉપરાંત ભાષા એટલે પાંચ અને સંજ્ઞીને છએ પર્યાપ્તિ હોય. દેવો અને નારક ઔપપાતિક ગણાય, તથા ગર્ભજ તે જરાયુજન્ય, પોતજન્ય તથા અંડજન્ય સમજવા અને બાકીના સંમૂર્છિમ જાણવા. સંમૂર્છિમ અને નારક પાપાત્માઓ બધા નપુંસક, દેવો સ્ત્રી, પુરૂષવેદી, તથા બીજા બધામાં ત્રણ વેદ હોય છે. બધા જીવો વ્યવહારી અને અવ્યવહારી એમ બે ભેદે હોય. તેમાં સૂક્ષ્મ નિગોદ અવ્યવહારી અને બીજા વ્યવહારી સમજવા. સચિત્ત, સંવૃત્ત અને શીત, તેમજ એ ત્રણથી વિપરીત કે એ ત્રણે મિશ્રિત એવા આંતર ભેદોથી જીવોની યોનિ નવ પ્રકારે છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય એ દરેકની સાત સાત લાખ યોનિ, પ્રત્યેક અને સાધારણ વનસ્પતિની અનુક્રમે દશલાખ અને ચૌદ લાખ, વિકલેંદ્રિયની છ લાખ, મનુષ્યમાં ચૌદલાખ, નારક, તિર્યંચ અને દેવોમાં ચાર ચાર લાખ—એમ બધા જીવોની ચોરાશી લાખ યોનિ કહેલ છે કે જે માત્ર જ્ઞાનવડે દૃશ્ય છે. એકેંદ્રિય સૂક્ષ્મ અને બાદર, પંચેંદ્રિય સંજ્ઞી અને અસંજ્ઞી તેમજ વિકલેંદ્રિયો એ બધા પર્યાપ્તા અને અપર્યાપ્તા હોય. એમ જીવોના મેં ચૌદ સ્થાન કહી બતાવ્યાં. તે બરાબર સમજી—જાણીને તેની પ્રગટ રક્ષા કરો કે જેથી પુણ્ય વધે. ઇતિ **જીવતત્ત્વ.**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલાસ્તિકાય—એ જીવની સાથે પાંચ દ્રવ્યો કહ્યા છે. કાલ દ્રવ્ય નથી. તેમાં કાલ વિના બધા પ્રદેશના સમૂહાત્મક તથા જીવ વિના

બધા અજીવ અને અકર્ત્તા માનેલ છે. કાલ વિના બધા અસ્તિકાયયુકત અને પુદ્ગલ વિના બધા અરૂપી છે. વળી તે બધા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક છે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણરૂપે પુદ્ગલ હોય. તેમાં સ્કંધપણે બે પ્રકાર અને તેમાં અબદ્ધ સ્કંધ તે પરમાણુ કહેલ છે. તેમાં બદ્ધ સ્કંધો તે ગંધમય, સૂક્ષ્મ, સ્થૂલાદિ આકૃતિવાળા તથા અંધકાર, આતપ, ઉદ્યોત અને છાયાત્મક પણ હોય છે. તેમજ કર્મ, કાયા, મન, ભાષા, શ્વાસોશ્વાસ, સુખ, દુઃખ, જીવિત, મરણ અને પુષ્ટતા—એ બધાં પુદ્ગલોના પરિણામે જ થવા પામે છે. પૂર્વે કહેલાં પ્રત્યેક દ્રવ્ય એક એક છે. તેમાં ધર્મ, અધર્મ અને આકાશ તે અમૂર્ત્ત, નિષ્ક્રિય અને સદા સ્થિર છે. એક જીવ અસંખ્યાત પ્રદેશાત્મક છે. ધર્મ અને અધર્મ લોકાકાશને વ્યાપીને રહેલા છે. પોતે જવાને પ્રવર્ત્તમાન આત્મા અને પુદ્ગલને સર્વ પ્રકારે જળજંતુને જળની જેમ ધર્માસ્તિકાય સ્હાય કરે છે. પોતાની મેળે સ્થિતિભાવને પામતા જીવ અને પુદ્ગલોને પથિકને છાયાની જેમ જે સ્હાયકારી થાય તે અધર્માસ્તિકાય. પોતાને વિષે રહેલ, સર્વવ્યાપક તથા જીવ અને પુદ્ગલોને અવકાશ આપનાર લોકાલોકમાં સ્થિતિ કરી રહેલ અને અનંત પ્રદેશી તે આકાશ. લોકાકાશના પ્રદેશપર રહેલા, કાલના ભિન્ન ભિન્ન અંશો કે જેમનાથી પદાર્થોમાં પરિવર્ત્તન થાય છે, તે મુખ્ય કાલ કહેવાય છે. વળી જ્યોતિષશાસ્ત્રમાં જેનું સમય, આવલિ, મુહૂર્ત્ત વિગેરે પ્રમાણ કહેવાય છે, તે કાલવેદી–જિનેશ્વરોએ વ્યાવહારિક કાલ માનેલ છે. તેમજ નવા અને જીર્ણરૂપે જે પદાર્થો જગતમાં પ્રવર્તે છે, તે કાલનો પ્રભાવ છે. વર્ત્તમાન તે અતીતપણાને અને ભાવિ તે વર્ત્તમાનપણાને પામતાં જે પદાર્થો કહેવામાં કે ગણવામાં આવે છે તે કાલની ક્રીડા છે. **અજીવતત્ત્વ.**

મન, વચન અને કાયાના યોગે જે કર્મ બંધાય તે આશ્રવ. તેમાં શુભ નો હેતુ તે શુભ આશ્રવ અને અશુભનો હેતુ તે અશુભ આશ્રવ. **આશ્રવતત્ત્વ.**

બધા આશ્રવોનો નિરોધ તે સંવર અને ભવહેતુ કર્મોનું અંશથી વિખેરાવું તે નિર્જરા. **સંવર અને નિર્જરાતત્ત્વ.**

સકષાયપણે જીવ જે કર્મ–પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે બંધ કે જે જીવને સદા પરતંત્ર બનાવનાર છે, તે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ એમ ચાર પ્રકારે છે. પ્રકૃતિ તે સ્વભાવ અને તે જ્ઞાનાવરણ પ્રમુખભેદે આઠ પ્રકારે છે. જઘન્ય કે ઉત્કૃષ્ટપણે કર્મોનું કાલમાન તે સ્થિતિ. અનુભાગ તે વિપાકે ઉદય થયા કર્મોનું ભોગવવું તે અનુભાગબંધ અને કર્મના દલીઆંનો બંધ કરવો તે પ્રદેશબંધ કહીયે. મિથ્યાદૃષ્ટિ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના હેતુ છે. **બંધતત્ત્વ.**

બંધહેતુના અભાવે ઘાતિકર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રગટતાં છેવટે શેષ કર્મોનો ક્ષય તે મોક્ષ. સુરાસુર–નરેંદ્રોનું જે ત્રણે ભુવનમાં સુખ છે, તે મોક્ષના સુખ આગળ અનંતમે ભાગે પણ નથી. સ્વસ્વભાવજન્ય, ઇંદ્રિયાતીત જે સુખ, તે એ મોક્ષમાં શાશ્વત સુખ છે, અને તે માટેજ ચતુર્વર્ગમાં મોક્ષ પુરૂષાર્થ મુખ્ય ગણાવેલ છે." **મોક્ષતત્ત્વ.**

એ પ્રમાણે ચંદ્રપ્રભાસ નામના ક્ષેત્રમાં રહેલા **શ્રી ચંદ્રપ્રભભગવંતે** બાર પર્ષદામાં ધર્મ પ્રકાશ્યો. પછી અન્યત્ર જીવોને પ્રતિબોધ પમાડવા, મનુષ્યો અને સુરાસુરોથી પરવરેલા સ્વામી ત્યાંથી ચાલ્યા. સર્વ અતિશયવડે સંપૂર્ણ તથા સર્વ દેવોવડે પરવરેલા ભગવંતે, આકાશમાં ચંદ્રની જેમ વસુધાપર અન્યત્ર વિહાર

કર્યો. અઢી લાખ સાધુ, ત્રણ લાખ ને એંશી હજાર સાધ્વીઓ, બે હજાર ચૌદપૂર્વી, આઠ હજાર અવધિજ્ઞાની, આઠ હજાર મનઃપર્યાય જ્ઞાની, દશ હજાર કેવળજ્ઞાની, વૈક્રિયલબ્ધિવાળા ચૌદ હજાર મુનિ, સાત હજારને છસો વાદલબ્ધિધારી, અઢીલાખ શ્રાવક અને નવ હજારે ન્યૂન પાંચ લાખ શ્રાવિકા એ પ્રમાણે પ્રભુને પરિવાર થયો. એટલે ત્રણ માસ ને ચોવીશ પૂર્વાંગે ન્યૂન એકલાખ પૂર્વ વિચરી, કેવળજ્ઞાની સ્વામી સંમેતશિખરપર ગયા. ત્યાં પોતાનો મોક્ષકાલ જાણી, એક હજાર મુનિઓ સહિત ભગવંતે અનશન કર્યું અને એક માસ થતાં, આસન કંપવાથી અવધિજ્ઞાને જાણી, તરતજ ચોસઠ ઇંદ્રો પ્રભુ પાસે આવ્યા. ત્યાં પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક પ્રણામ કરી, જાણે ચિત્રમાં આળેખેલા હોય તેમ ભારે ખેદથી જિન આગળ બેઠા. ત્યારે શ્રાવણ માસની કૃષ્ણ સપ્તમીએ શ્રવણ નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં શ્રી ચંદ્રપ્રભસ્વામી નિષ્કંપ–સ્થિર મને રહ્યા તથા પર્યંકાસને બેસી, તેમણે બાદર મન, વચન અને કાયાના યોગનો નિરોધ કર્યો. સૂક્ષ્મ કાયયોગવડે બાદરકાયયોગ અને સૂક્ષ્મ મન–વચનના યોગને રૂંધી, સૂક્ષ્મ–ક્રિયા અનિવૃત્તિ નામે શુકલધ્યાનના ત્રીજે પાયે વર્ત્તતાં, અનુક્રમે પ્રભુએ સૂક્ષ્મ કાયયોગને સાધ્યો. પછી સમુચ્છિન્ન—ક્રિયા નામે ચોથે પાયે વર્ત્તતાં પાંચ હ્રસ્વોચ્ચાર–પ્રમાણકાલ ચૌદમું ગુણસ્થાન ફરસીને સર્વ દુઃખથી મુક્ત થઈ, કેવળ–જ્ઞાની, કેવળદર્શની, ક્ષીણકર્મી, નિષ્ઠિતાર્થી, અનંતવીર્ય અને સુખ—સમૃદ્ધિયુક્ત, બંધાભાવે એરંડબીજની જેમ ઉર્ધ્વગામી એવા ભગવંત સ્વભાવે ઋજુ–સરલ ગતિએ લોકાગ્રે–મોક્ષે ગયા. તેમજ બીજા અનશનધારી સાધુઓ પણ બધા યોગ રૂંધીને, સ્વામીની જેમ પરમપદને પામ્યા. સ્વામીના નિર્વાણ–સમયે, સદા સુખથી રહિત એવા નારક જીવો પણ ક્ષણભર સુખ પામ્યા. તે વખતે ઇંદ્રે મોટેથી આક્રંદ કરતાં, તેની પાછળ બીજા દેવો પણ આક્રંદ કરવા લાગ્યા. પછી ઇંદ્ર મોહ તજી, તે તે

ગુણોને યાદ કરતાં ગર્ભથી મોક્ષપર્યંતના જિનગુણને પ્રમોદથી વર્ણવવા લાગ્યો—'હે નાથ! તમે ગર્ભમાં અવતરતાં ભવ્યો ગર્ભમાં અવતરશે નહિ, તમે જન્મતાં હવે દુષ્કર્મો કયાં પણ જન્મ નહિ પામે. તમારો જન્મોત્સવ થતાં હવે કષાયોનો ઉત્સવ નહિ થાય, તમે વૃદ્ધિ પામતાં, સંસારની વૃદ્ધિ નષ્ટ થઇ, તમે તમારૂં કૌમાર વિકાસ—વિલાસ પામતાં, કુમાર—કાર્ત્તિકસ્વામીના રૂપ અને ગુણ શું માત્ર? તમે રાજ્યને ધારણ કરતાં અન્ય કોઇ રાજ્ય—કર્ત્તા ન હતો. તમે વિશેષથી દાન દેતાં, સંસારમાં દાન બીજે કયાં પ્રશંસા ન પામ્યું. તમે લક્ષ્મીને તજી, પણ લક્ષ્મીએ તમને તજ્યા નથી. હે દેવ! તમે પોતાના શિરે કેશનો લોચ કર્યો, જેથી કર્મોને બહુ પીડા થઈ, તમે વિરત—સંયમી થતાં, પાપે અમે બધાને તજી દીધા. તમારી છદ્માવસ્થાએ બધાં નરકોને બાંધી દીધાં. તમારા સર્વ કર્મ-બંધ તૂટતાં લોકો ઉત્તમ ગતિને પામે છે. તત્ત્વદર્શી તમને કેવળ-જ્ઞાન પ્રગટતાં અન્ય લોકો સુખી થયા. તમે સંસારથી મુક્ત થતાં સિદ્ધિને વાંછિત સિદ્ધિ થઇ, અને તમે અનંત સુખને ભોગવતાં સંસારના અંગોને પુષ્ટિ મળી! એ પ્રમાણે અદ્ભુત ગુણવડે ગરિષ્ઠ અષ્ટમ જિનેશ્વરને ઇંદ્રની જેમ જે પ્રાણીઓ નમતા નથી, તે સુકૃતને પામતા નથી. હવે ઇંદ્રના આદેશથી તરતજ દેવતાઓ નંદનવનમાંથી બાવનાચંદનના કાષ્ઠ લાવ્યા. પછી ઇંદ્રે આજ્ઞા કરતાં તેમણે પૂર્વ દિશાએ સ્વામીને માટે બાવનાચંદને ગોળાકાર ચિતા રચી, અને અન્ય સાધુઓ માટે તેમણે પશ્ચિમ દિશામાં ચોરસ ચિતા રચી. એટલે ઇંદ્રે ક્ષીરસાગરના જળે સ્વામીના અંગને ન્હવરાવી, ચંદનરસે લિપ્ત કરી અને વસ્ત્રોએ વાસિત કર્યું, તેમજ બીજા દેવોએ તે પ્રમાણે મુનિઓના શરીરોને સ્નાનાદિ કર્યાં, ત્યારે ઇંદ્રે ભગવંતનું શરીર રત્નશિબિકામાં પધરાવ્યું અને દેવોએ અન્ય મુનિઓનાં શરીર બીજી શિબિકામાં પધરાવ્યાં. ઇંદ્રે પોતે શોક

કરતાં, સ્વામીની શિબિકા ઉપાડી અને અન્ય દેવોએ અન્ય મુનિઓની શિબિકા ધારણ કરી. આ વખતે દેવ—દેવીઓ સત્વર સંગીત, નૃત્ય અને રાસડા કરવા લાગ્યા. પછી ઇંદ્રે સ્વામીનું શરીર પ્રાચી—પૂર્વ દિશાની ચિતામાં સ્થાપન કર્યું અને અન્ય દેવોએ સાધુઓનાં શરીર સ્થાપ્યાં. એટલે ઇંદ્રે આજ્ઞા કરતાં અગ્નિકુમાર દેવોએ અગ્નિ પ્રગટાવ્યો, વાયુકુમારોએ પવન પ્રગટાવી અગ્નિને અધિક પ્રજ્વલિત કર્યો. ત્યારે અસ્થિ વિના ધાતુઓ બળી જતાં મેઘકુમારોએ ક્ષીરસાગરના જળથી ચિતા બુઝાવી. ત્યાં પ્રતિમાની જેમ પોતાના વિમાનમાં પૂજવાને પુરંદરે પ્રભુની ઉપરની જમણી દાઢા ગ્રહણ કરી, ઈશાનેંદ્રે ઉપરની ડાબી દાઢા, ' ચમરેંદ્રે નીચેની જમણી અને બલીંદ્રે નીચેની ડાબી દાઢા ગ્રહણ કરી, તેમજ બીજા ઇંદ્રો અને દેવોએ પ્રભુના દાંત અને અસ્થિ લીધાં. પછી **નંદીશ્વર દ્વીપે** શાશ્વતી પ્રતિમાનો મહોત્સવ કરતાં દેવો સહિત ઇંદ્રો પોતપોતાને સ્થાને ગયા.

શ્રીચંદ્રપ્રભસ્વામી કૌમારાવસ્થામાં અઢી લાખ પૂર્વ અને સાડા છ લાખ પૂર્વ તથા ચોવીશ પૂર્વાંગ રાજ્યસ્થિતિમાં રહ્યા. તેમજ ચોવીશ પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વ સંયમપર્યાયમાં રહ્યા. એમ દશ લાખ પૂર્વનું ભગવંતનું આયુ સમજવું. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી નવસેં કોટિ સાગરોપમ વીતતાં **શ્રી ચંદ્રપ્રભસ્વામી મોક્ષે** ગયા.

**શ્રી દેવેંદ્રાચાર્ય—વિરચિત શ્રી ચંદ્રપ્રભસ્વામીના ચરિત્રમાં ત્રણભવના વર્ણનરૂપ બીજો પરિચ્છેદ સમાપ્ત થયો.**

**સંપૂર્ણ.**

# શુદ્ધિપત્રક.

| પૃષ્ટ. | લીંટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૪ | ૨૧ | તૃષ્ણાકૃાંત | તૃષ્ણાકાંત |
| ૧૫ | ૧૮ | સ્વેચ્છારી | સ્વેચ્છાચારી |
| ૩૯ | ૩ | કલવરથી | કલરવથી |
| ૪૩ | ૧ | અગલ | અલગ |
| ૫૭ | ૧૯ | શાસ્ત્રનુસારે | શાસ્ત્રાનુસારે |
| ૬૯ | ૧૩ | દરભ– | દર્ભ– |
| ૬૯ | ૧૮ | મૃથ્યા– | મિથ્યા– |
| ૭૧ | ૧૪ | દુષ્ફર | દુષ્કર |
| ૭૨ | ૨૪ | સામર્થ | સમર્થ |
| ૯૦ | ૩ | આવે | આપે |
| ૯૧ | ૩ | શસ્ત્રકમમાં | શસ્ત્રકામમાં |
| ૧૦૫ | ૨૧ | ઠીકછો | ઠીક છે, |
| ૧૧૮ | ૨ | તેમતે | તેમને |
| ૧૨૪ | ૨૫ | પુણ્યથી | પુણ્યથી |
| ૧૫૧ | ૧૨ | કુડમાં | કુંડમાં |
| ૧૭૩ | ૩ | ભ્રગુ પાત | ભૃગુપાત |
| ૧૭૭ | ૨ | યાવનવડે | યૌવનવડે |
| ૧૮૫ | ૧૫ | પુરષને | પુરૂષને |
| ૧૯૨ | ૨૩ | જઇને | જોઇને |
| ૨૧૫ | ૧૭ | યુવનોને | યુવાનોને |

| | | | |
|---|---|---|---|
| ૨૧૭ | ૧૭ | લાનેને | લાને |
| ૨૧૮ | ૨૩ | અદેશ | આદેશ. |
| ૨૨૮ | ૭ | વર્ણાયુક્ત | વર્ણયુક્ત |
| ૨૩૫ | ૯ | અચ્ચુતેંદ્રને | અચ્યુતેંદ્રને |
| ૨૩૮ | ૧૨ | અગિગૃઢ | અતિગૂઢ |
| ૨૬૧ | ૨૧ | લીધા | લીધે |
| ૨૬૩ | ૬ | હું | મને |
| ૨૭૫ | ૧૬ | અન્થા | અન્યથા |
| ૨૭૫ | ૨૫ | ઓળવામાં | ઓળખવામાં |
| ૨૮૫ | ૧૬ | મતે | મને |
| ૨૯૦ | ૨૧ | તમારીશું | તમારી બુદ્ધિ શું |
| ૨૯૫ | ૨૬ | તરજશૂલપીડાથી | તરતજ શૂલપીડાથી |
| ૨૯૭ | ૨૨ | હાય | હાસ્ય. |
| ૨૯૭ | ૨૩ | હયા | હસ્યા |
| ૩૧૧ | ૧૬ | ઘર્મો | ધર્મો |
| ૩૩૪ | ૧૭ | મને | મારા |




## સારી લાઇબ્રેરી

## કેમ થઇ શકે ?

**(આ સભાના લાઇફમેમ્બર થવાથી)**

ત્રીશ વર્ષમાં લાઇફ મેમ્બરોને અ ારા તરફથી પ્રસિદ્ધ થયેલા સો ઉપરાંત ગ્રં[illegible]ા ભેટ મળતાં તેઓ સારી લાઇબ્રેરી કરી શક્યા છે. આ લાભ કોઇ પણ જૈન શ્રીમાને કે સંસ્થાએ ભૂલવાનો નથી. રીપોર્ટ અને સૂચિપત્ર મંગાવી ખાત્રી કરો. લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા**

**ભાવનગર.**

(કાઠીયાવાડ)